॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

ॐ

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા - ૨૪

મૂળ અક્ષરમૂર્તિ યોગિવર્ય સદ્‌ગુરુવર્ય સ્વામી શ્રીગોપાળાનંદમુનિ પ્રણીતમ્

# श्रीमद् भगवद्गीता भाष्यम्

(ગુજરાતી ભાષાંતર)



-: પ્રસિદ્ધ કર્તા :-

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
આયોજીત
200
શ્રી લક્ષ્મીનારાયણ દેવ
વડતાલધામ
संवत १८८१ से २०८१
દ્વિશતાબ્દી
મહોત્સવ 7 to 15 Nov. 2024

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૨૪

મૂળ અક્ષરમૂર્તિ યોગિવર્ય સદ્‌ગુરુવર્ય
સ્વામી શ્રીગોપાળાનંદમુનિ પ્રણીતમ્

# श्रीमद्भगवद्गीता भाष्यम्

કોરૂ પેજ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

वडतालधाम श्रीलक्ष्मीनारायणदेव द्विशताब्दी ग्रंथमाळा-२४

**મૂળ અક્ષરમૂર્તિ યોગિવર્ય સદ્‌ગુરુવર્ય**

**સ્વામી શ્રીગોપાળાનંદમુનિ પ્રણીતમ્**

# श्रीमद्भगवद्गीता भाष्यम्

**: ગુજરાતી ભાષાંતર કર્તા :**

**સ.ગુ. શાસ્ત્રી સ્વા. કૃષ્ણસ્વરૂપદાસજી**

ગુરુ : પુ. સ્વા. શ્રી ભક્તિજીવનદાસજી

ગુરુ : સ્વા. શુન્યાતીતાનંદજી ગુરુ : સ્વામી નિત્યાનંદમુનિ

**: સંપાદક :**

**શાસ્ત્રી રામદાસ સ્વામી**

(વેદાંતાચર્ય, એમ.એ. ફિલોસોફી)

દક્ષિણ વિભાગ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના સનાતન ધર્મ માર્તણ્ડ

**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની

આજ્ઞાથી

**: પ્રસિદ્ધ કર્તા :**

શ્રી વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

**મુખ્ય કોઠારીશ્રી ડો. શાસ્ત્રી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી**

**(Ph.D., D.Litt.)**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૨૪

**મૂળ અક્ષરમૂર્તિ યોગિવર્ય સદ્‌ગુરુવર્ય સ્વામી શ્રીગોપાળાનંદમુનિ પ્રણીતમ્**

**श्रीमद्भगवद्गीता भाष्यम्**

**પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ,

મુ. વડતાલ, તા. નડિયાદ, જી. ખેડા.

ફોન : (0268) 2589728, 2589776. (મો.) 7203092605

**E-mail :** vadtaldhamvikas@gmail.com, **Web :** www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ :** વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ
સં. ૨૦૮૧, તા. ૭ થી ૧૫ નવેમ્બર-૨૦૨૪

**આવૃત્તિ :** તૃતીય (૩)

**પ્રત :** ૧૦૦૦

**કુલ પ્રત :** ૩૫૦૦

**પડતર કિંમત :** ₹૧૭૫/-

**સૌજન્યને આભારી સેવા મૂલ્ય :** ₹ ૧૦૦/-

**પ્રાપ્તિસ્થાન :** શ્રીહરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર, વડતાલધામ
ફોન નં. +૯૧ ૭૨૦૩૦૯૨૬૨૦

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ

ફોન નં. (079) 40086686, (મો.) 9879606686

**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejiarts.org



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ

सर्वावतारधर्तारं भुक्तिमुक्तिप्रदायकम् । वन्देऽहं स्वेष्टदेवं तं हरिकृष्णं मनोहरम् ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપદેશ આપતા શ્રી કૃષ્ણ ભગવાન



यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

# ભાષ્ય રચયિતા અ.મૂ. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી




योऽसावष्टाङ्गयोगे जनिसमसमयं पूर्वसंस्कारभूम्ना

सिद्धिं प्राप्तो भवाब्धिप्रभवति मनुजो यस्य तर्तुं प्रसादात् ।

यस्त्रय्यन्तप्रसिद्धं भजति हि सहजानन्दपादारविन्दं

गोपालानन्दनामा स जयतु सततं योगिवर्याग्रगण्यः ॥

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥



**सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री**

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी

संस्थान : वडताल – पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. १००/२५५०

ता. २०-१० २०२२

## **આશીર્વાદપત્ર**

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

गीता शास्त्रं इदं पुण्यं यः पठेत् प्रयतः पुमान् ।
विष्णोः पादं अवाप्नोति भयशोकादि वर्जितः ॥ (गीता महात्म्यम्)

જે આ શ્રીમદ્ ભગવદ્ ગીતાજીનું પઠન કરશે તે ભગવાન વિષ્ણુમાં ચરણારવિંદમાં આશ્રય પ્રાપ્ત કરશે. અને ભય શોક અને ચિંતાઓથી વિમુક્ત થશે. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં અતિ પ્રિય શાસ્ત્રોમાં જેને **અધ્યાત્મ શાસ્ત્ર** તરીકે ઉપાધી આપી છે એવા **"શ્રીમદ્ ભગવદ્ ગીતા"**માં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના પ્રિય શિષ્ય અર્જુનને જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, પુરુષોત્તમયોગ વગેરે જેવા જ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. તેથી આ શાસ્ત્ર મુમુક્ષુઓ માટે દિવાદાંડી રૂપ છે. આ ગ્રંથના અતિગુઢ રહસ્યોને પ્રકાશિત કરવા અનેક સુપ્રસિદ્ધ વિદ્વાનોએ સુપ્રયાસ કર્યો છે. તેમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન મૂળ અક્ષરમૂર્તિ યોગીરાજ સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીએ સુલભ અને **સરળ ભાષ્યની** રચના કરી છે. જે મુમુક્ષો માટે આશિર્વાદાત્મક રૂપ છે. આ સર્વોત્તમ ગ્રંથનો મુમુક્ષો લાભ લઈ શકે તેવા શુભ આશયથી વડતાલના મૂર્ધન્ય સંત **શાસ્ત્રી શ્રી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી ગુ.શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી**એ ગુજરાતી સરળ ભાષામાં ભાષાંતર કરેલ છે.

આ ગ્રંથની **તૃતીય આવૃત્તિ**નું પ્રકાશન વડતાલ સંસ્થાન્ દ્વારા **શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ**માં કરવામાં આવી રહ્યું છે. જે ખરેખર અભિનંદનીય કાર્ય છે.

શ્રીજી મહારાજને પ્રિય એવું અધ્યાત્મ શાસ્ત્ર **"શ્રીમદ્ ભગવત્ ગીતા"**નું પઠન કરનાર દરેક મુમુક્ષુઓ ભગવદાભિમુખ થાય અને આધ્યાત્મિક જ્ઞાનનું પોષણ થાય એવી વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં પ્રાર્થના.

શ્રી રાકેશપ્રસાદ
આચાર્ય મહારાજશ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवरेश्वर धामवासिन् ॥
हारिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिप्रणमाम्यहं त्वाम् ॥

## સમર્પણમ્



**સદ્ગુરુ શાસ્ત્રી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી - મેતપુરવાળા**

જેમણે વડતાલ ગાદીના આચાર્ય મહારાજશ્રી પાસે,
શ્રીગોપાળાનંદ સ્વામીની પરંપરામાં સંતદીક્ષા ગ્રહણ કરી,
જેમણે પોતાની દીર્ઘદ્રષ્ટિથી વડતાલ સંસ્થામાં બાળધૂન મંડળો શરૂ કરાવ્યા.
જેમણે લાખો નિત્ય પૂજાપેટીઓ આપી,
જેમણે બાળકો-યુવાનો માટે પ્રશ્નોત્તરાત્મક
જ્ઞાનમાળા જેવા પાયાના પુસ્તકો આપ્યા.
જેમણે મેતપુર જેવા અનેક ગામોમાં મંદિર નિર્માણ એવં
અનેક મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા.
જેમના મંડળના માધ્યમે આજે પણ વડતાલ સંસ્થાના
સ્થાવર જંગમ વારસાનું જતન થઈ રહ્યું છે.
એવા વડતાલના મહાન વિદ્વાન સંતરત્ન પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
**સદ્ગુરુ શાસ્ત્રી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી - મેતપુરવાળા**ના
કરકમળમાં, વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળાનું,
આ ગ્રંથપુષ્પ અર્પણ કરીએ છીએ.

**કોઠારી સાધુ દેવપ્રકાશદાસ**
**ચેરમેનશ્રી, વડતાલધામ**

**શાસ્ત્રી સાધુ સંતવલ્લભદાસ**
**મુખ્ય કોઠારીશ્રી, વડતાલધામ**

# નમ્ર નિવેદનમ્

આજ આનંદ થઈ રહ્યો છે કે, ૨૦૦ વર્ષ પૂર્વે જે શ્રી સ્વામિનારાયણ ભગવાનની સાથે હતા, તેમના જીવન અને ઉપદેશનાં દ્રષ્ટા-શ્રોતા હતા એવા બહુશ્રુત વિદ્વત્પુરુષોનો પુરુષાર્થ ગ્રંથના રૂપમા પ્રકાશિત થઈ રહ્યો છે. શ્રુતિઓનો સાર ''ઉપનિષદ્'' ઉપનિષદોનો સાર ''બ્રહ્મસુત્ર'' અને બંનેના મંથનના અંતે પ્રાપ્ત કરેલ નવનિત સ્વરૂપ ''શ્રી ભગવદ્ ગીતા.'' આ તમામ શાસ્ત્રોનો અર્ક છે, એ વિબુધ પુરુષોનું વિધાન છે. કોઈ પણ પ્રકારના વ્યવધાન વિના સિદ્ધાંતનું સ્થાપન કરવાનું કૌશલ્ય નંદ સંતો પાસે હતું. ઈષ્ટદેવ અને ગુરુ, એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના સાક્ષાદનુગ્રહના પ્રતાપે, તેમના સિદ્ધાંતો જેમની કલમે લખાયા છે એવા મહામુનિ મુક્તાનંદજી અને મહાયોગી ગોપાલાનંદજીના નામથી કોણ અપરિચિત છે ? જો આપણે શ્રદ્ધા અને વિશ્વાસ સાથે અધ્યાત્મ પંથે ઉર્ધ્વગતિ કરી રહ્યા છીએ તો આપણા જીવનનું સૌભાગ્ય છે કે, શાસ્ત્રાર્ક સ્વરૂપ આ શાસ્ત્ર વિના ઈશકૃપાએ મળી ગયું છે.

નવનિત સ્વરૂપ આ શાસ્ત્ર ભક્તિ પરિષ્કૃત જ્ઞાનીઓ માટે જ છે. શિષ્ટ છતાં શુષ્ક પુરુષોએ વૃથા બૌદ્ધિક વ્યાયામ કરવો નહિ. કારણ કે, બુદ્ધિજીવીઓ દલીલબાજીમાં પાવરફુલ હોય છે. તર્કની ધાર બતાવીને તમારી વાતને અસત્ય સાબિત કરી શકે છે. જે પરમાત્માએ આપેલ પ્રતિભાનો પ્રયોગ બીજાને અલ્પજ્ઞ-અજ્ઞાની-ક્ષતિગ્રસ્ત અને પોતાને સર્વશ્રેષ્ઠ સાબિત કરવા જ કરતા હોય, જે પોતાની જીતનાં અહંને પોષવા જ તર્ક આપતા હોય, તેવા પંડિતમાંની જ્ઞાનીઓથી ભક્તોએ ઉચિત અંતર રાખ્યું છે અને આજે પણ રાખવું જોઈએ. અસ્તુ. ઉત્તરમીમાંસાના યથાર્થ અનુષ્ઠાનથી સંપ્રાપ્ત અમલ નિર્લમાન્તઃકરણવાન જીજ્ઞાસુઓના હૃદયકમળમાં આ જ્ઞાનામૃતનો દીપ જ્ઞાનકૌમુદી પ્રસારિત કરે છે.

શ્રી સ્વામિનારાયણીય સંતોએ કાગજ પર લખેલું વાંચી વિચારીને નવુ સાહિત્ય નથી લખ્યું. એમણે તો અંતઃપ્રવિષ્ટ શાસ્તાનો બાહ્યાભ્યંતર સાક્ષાત્કાર હતો. ઊભયથા સાક્ષાત્કારી સંતોએ શ્રુતિ-સ્મૃતિની સાથે સાથે વચનામૃત અને શિક્ષાપત્રીનો અર્ક આ ભાષ્યોમાં ભર્યો છે. ગ્રંથકર્તા સ્વમત લેખન માટે સ્વતંત્ર હોય છે પરંતુ ભાષ્યકાર કે ટીકાકાર એવા સ્વતંત્ર નથી હોતા. એમને તો તલવારની ધાર પર ચાલવા જેવું કઠિન કામ કરવાનું હોય છે. ગ્રંથકર્તાના તાત્પર્યને સરળ રીતે પ્રગટ કરવાનું હોય છે. તેમાં જેટલી સફળતા મળે છે તેટલું ભાષ્ય કે ટીકા વધુ ઉત્તમ કૃતિ બની રહે છે.

સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમના સાનિધ્ય અને સાક્ષાત્કારના પ્રભાવથી પ્રસ્તુત પુસ્તકોમાં પ્રમાદાદિ દોષોનો અભાવ સ્વાભાવિક છે. સ્વમત પ્રસ્થાપનની ઉત્કટ એષણામાં વિદ્વાનો એ વાત વિસરી જાય છે કે, પ્રતિપક્ષની વાત પણ શાસ્ત્ર પ્રતિપાદિત

છે. ભગવાન સ્વામિનારાયણ આ વાતને નજર સમક્ષ રાખીને સ્વમત પ્રગટ કરે છે. ગઢડા પ્રથમ પ્રકરણમાં ૪૧/૪૨ માં વચનામૃતનો અભ્યાસ કરવાથી આ વાત સમજી શકાય છે. તેઓ શ્રુતિઓના શાસ્ત્રવિરુદ્ધ અર્થ કરે છે અને શાસ્ત્ર વિરુદ્ધવાદનું ખંડન પણ કરે છે. કોઈ પણ વાત વ્યાસસિદ્ધાંત પરિપોષક હોય છે અને જ્ઞાની એવં અલ્પજ્ઞાની ઊભયવર્ગને સામાન્યરૂપે ઉપકારી હોય છે. સાધક અને સિદ્ધ, આ બંનેને નિત્ય સેવનીય હોય છે.

આ જ પ્રક્રિયા નંદસંતોએ સ્વકૃત ભાષ્ય ટીકા ગ્રંથોમાં પણ જાળવી રાખી છે. ટૂંકમાં કહેવુ હોય તો એમ કહી શકાય કે, नामूतं लिख्यते किंचित्, न च मूलमपुपेक्ष्यते॥ આ મલ્લિનાથકૃત વચન ગોપાળાનંદ સ્વામી - મુક્તાનંદ સ્વામી વગેરેના ગ્રંથોમાં દ્રષ્ટિગોચર થાય છે. મૂલથી છૂટી પડી ગયેલી શાખાનું જીવન લાંબુ નથી હોતું.

પ્રસ્તુત ભાષ્ય ગ્રંથોમાં ભારતીય તત્ત્વદર્શનને વધુ ઉંચાઈ આપતુ ઉંડાણ છે. કિનારે બેસીને છીછરા પાણીમાં છબછબીયા કરનારને મોતી નથી મળતા, એ તો મરજીવા થાઈને મઝધારમાં ઝુકાવવું પડે છે ત્યારે મોતી હાથમાં આવે છે. આજ આપણું સૌભાગ્ય એ છે કે, આ શાસ્ત્રરત્ન આપણા ઘેર હાથમાં પહોંચી રહ્યું છે. પરંતુ આ રત્નોની ઓળખ તો આપણે જ કરવી પડશે. જો આપ ભાષ્યનું અધ્યયન, મનન, નિદિધ્યાસ કરી રહ્યા છે તો भेदव्यपदेशाच्चान्यः १/१/२२, उभयेऽपि हि भेदेनैनमधीयते १/२/२१, मुक्तोपसृप्यव्यपदेशाच्च १/३/२, अवस्थितेरिति काशकृत्स्न १/४/२२, परिणामादिति १/४/२७, तदनन्यत्वं आरंभणशब्दादिभ्यः २/१/१५, अधिकं तुं भेदनिर्देशात् २/१/२२, अस्मादिवच्च तदनुपपत्तिः २/१/२३, मायामात्रं तु कात्त्र्येनाऽनभिव्सक्तस्वरूपत्वात् ३/२/३, फलमत उपपत्तेः ३/२/३७, आनंदादयः प्रधानस्य ३/३/११, न स्थानतोऽपि परस्य उभयलिंगं सर्वत्र हि ३/२/११, आत्मेति तूपगच्छन्ति ग्राह्यन्ति च ४/१/३, सम्मद्याऽऽविर्भावः स्वेन शब्दात् ४/४/१, भोगमात्रसाम्यलिंगाच्च ४/४/२१ વગેરે સૂત્રો વિશેષ ઉંડાણથી સમજવા પ્રયત્ન કરજો. પ્રસ્તુત દર્શનની પ્રાસંગિકતા નજરે ચડ્યા વિના નહિ રહે.

જો ઉપનિષદ્ ભાષ્ય ભણી રહ્યા છો તો 'ब्रह्मविदाप्नोति परम्''

(तै.उ.आ. अ-१, मं.१)

'तमेव विद्वानमृत इह भवति' (म.ना.उ. अ.१, मं.२)

'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय'' (श्वे.उ. अ.३, मं.८) इति,

'पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टस्ततस्तेनामृतत्त्वम्' (श्वे.उ. अ.१, मं.६) इति,

'आत्मानमरणि कृत्वा प्रणवं चोत्तरारणिम् । ध्याननिर्मथनादेव पाशं दहति पण्डितः' इति, 'ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः' (श्वे.उ. अ.२, मं.१५) इति,

'भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।

सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥' (भ.गी. अ.५, श्लो.२९) इति,
'यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविदे' (भ.गी. अ.१५, श्लो.१९) इति,
'जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥' (भ.गी. अ.४, श्लो.९) इति,
'तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥'' (भ.गी. अ.१२, श्लो.७) इति,
'मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥' (भ.गी. अ.१४, श्लो.२६)

इत्यादि श्रुतिस्मृत्युक्तानुसारेण प्राप्या परमसुखरूपा आदौ सञ्जातजिज्ञासस्य पश्चाद्धरिज्ञानभक्तिरूपोपासनेन ब्रह्मभावं प्राप्तस्यास्याधिकारिणोऽनाद्यविद्याकृतगुणरूप-बन्धननिवर्तनपूर्विका 'सर्वज्ञः सर्वविद्यस्यैष महिमा भुवि । दिव्ये ब्रह्मपुरे ह्येष स व्योमन्यात्मा प्रतिष्ठितः ॥' (मुं.उ. मुं.२, खं.२, मं.७) इति, 'एतत्सत्यं ब्रह्मपुरम्' (छां.उ.) इति,

આ શ્રુતિ-સ્મૃતિ વચનો તેનું ભાષ્ય વિશેષ ધ્યાન પૂર્વક વાંચજો. આ એ વાક્યો છે જે, સૃષ્ટિકર્તા - એક અને અદ્વિતીય એવા, ભગવદુપાસન તરફ આકર્ષિત કરે છે.

દાર્શનિક ક્ષેત્રમા આત્મા પરમાત્માના જ્ઞાન સૌથી પ્રમુખ ગણાય છે. ભાષ્યકારની રજુઆતનું કૌશલ્ય मम साधर्म्यमागताः २/१४, ममैवांशः जीवलोके ७/१५, द्वाविमौ पुरुषौ... प्रथित पुरुषोत्तमः १६/१८/१५ श्लोकत्रयम् માં નજરે પડે છે. કર્મ ત્યાગનું સ્વરૂપ સમજવા માટે त्याज्यं दोषवदित्येके ४/१८ નો વિશેષ અભ્યાસ કરવા માટે આગ્રહ કરુ છું.

શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞા અને આશીર્વાદથી વડતાલ બોર્ડ કમિટીના ત્યાગી-ગૃહી તમામ સભ્યો દ્વારા આજે જ્યારે સમગ્ર સત્સંગમાં **''શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલમાં સં. ૨૦૮૧''** નો સોનેરી અવસર આવી રહ્યો છે ત્યારે આ મહામહોત્સવમાં ઉપક્રમે સાહિત્યની અનેક શ્રૃંખલાઓ પ્રકાશિત થઈ રહી છે, એમાં આ **મૂળ અક્ષરમૂર્તિ યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી** દ્વારા રચિત **''શ્રીમદ્ ભગવદ્‌ગીતા ભાષ્ય'' ચોવીસ (૨૪) માં પુષ્પરૂપે** પ્રકાશિત કરવાનું નિરધાર્યુ છે. તો કાર્યમાં જેઓએ તન, મન, ધનથી સેવા કરી છે, તે સર્વનું ભગવાન શ્રી હરિ મંગળ વિસ્તારો. એજ પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

**ચેરમેનશ્રી**
પ.પૂ. કો. દેવપ્રકાશદાસજી સ્વામી
વડતાલધામ

**મુખ્ય કોઠારીશ્રી**
શા. સંતવલ્લભદાસજી સ્વામી
વડતાલધામ

## પ્રથમ આવૃત્તિ વેળાએ...

युद्धे सम्यक्प्रवृत्ते गुरूजनसहितं बन्धुवर्गं तु दृष्ट्वा
पापाद्भीतं प्रपन्नं पुरूतरकरुणास्नेहसंविग्नचित्तम् ।
पार्थं त्रय्यन्तदोहां निजरतिपरमां प्राह गीतां पुरा यः
सर्वाविर्भावहेतुं प्रकटहरिमहं धर्मपुत्रं तमीडे ॥
स्वधर्माद्यङ्गसंसाध्यभक्त्येकगोचरोऽस्म्यहम् ।
गीतायां यः स्वयम्प्राह तस्मिन् प्रेमास्तु मे दृढम् ॥
गीताभाष्यं कृतं येन भगवद्भावबोधकम् ।
गोपालानन्दमुनये तस्मै सद्गुरवे नमः ॥

પરસ્પરના યુદ્ધસૂચક શંખનાદો થવા લાગ્યા અને યુદ્ધ પ્રવર્તવાની પૂર્ણ તૈયારી થઈ ત્યારે ભીષ્માદિક ગુરુજનોએ સહિત દુર્યોધનાદિક બંધુવર્ગને જોઈને જ પાપ થકી અતિ ભય પામેલો અને ''शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्'' હું તમારો શિષ્ય છું. અને તમારો પ્રપન્ન-શરણાગત છું. માટે મને હિતનું શિક્ષણ કહો !'' એમ ભગવાનને સર્વથા પ્રપન્ન થયેલો અને વડીલો તેમજ બંધુઓ તરફની અતિશય કરુણા અને સ્નેહ-લાગણીને લીધે અતિ ઉદ્વિગ્ન ચિત્તવાળો એવા પૃથાપુત્ર નિજસખા અર્જુનને વેદત્રયીના સારસંદોહરૂપ અને પોતાની ભક્તિ એજ પ્રધાન પ્રતિપાદ્ય વિષય જેમાં છે. એવી આ સ્વયંપ્રોક્ત ગીતા જે ભગવાન શ્રીકૃષ્ણે પૂર્વે કહી હતી અને તેજ આ લોકમાં ધર્મદેવના પુત્રરુપે પ્રગટ થયેલા અને સર્વ આવિર્ભાવ-અવતારોના કારણભુત અવતારી એવા મારા ઈષ્ટદેવ પ્રત્યક્ષ શ્રીહરિને હું વંદન કરું છું.

સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ આદિક અંગોથી સર્વ પ્રકારે સુસાધ્ય એવી અને ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક કરવામાં આવતી એવી એક પરા-પ્રેમલક્ષણા ભક્તિથી જ હું ગોચર-સાક્ષાત્ થાઉં છું. એમ જે ભગવાન શ્રીકૃષ્ણે પૂર્વે ગીતામાં સ્વયં-સ્વમુખે જ કહ્યું હતું, તે આ પ્રગટ શ્રીહરિકૃષ્ણ નામે પ્રસિદ્ધ અવતારી પરમાત્મસ્વરૂપમાં મારે અતિ દૃઢ-અવિચળ પ્રેમ થાઓ ! એમ મારી નમ્ર પ્રાર્થના છે.

આવા ભકતવત્સલ પરમ ગુરુ ભગવાન શ્રીકૃષ્ણના અભિપ્રાયને જણાવનારું ગીતા શાસ્ત્રનું ભાષ્ય જેમણે રચ્યું છે એવા તે પરમ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદમુનિને મારા નમસ્કાર છે.

# श्रीमद्भगवद्गीता

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા એ ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મની સાક્ષાત્ અલૌકિક જ્ઞાનામૃતપૂર્ણ રસને વહેવરાવનારી દિવ્ય વાણી છે. અને તે વાણી પરમભક્તાગ્રેસર અને એ જ્ઞાન-રસના પૂર્ણ અધિકારી જીજ્ઞાસુ-પાત્રભૂત અર્જુનની સમક્ષ પરમ આપ્તભાવે પ્રકાશ કરેલી છે. અને તે પણ સામાન્યપણે સુખ-શાંતિના સમયમાં કાળનિર્ગમન કરવા માટે કરવામાં આવતી ગોષ્ટી જેવી આ જ્ઞાનગોષ્ટી નથી.

પરંતુ જ્યારે પાંડવ-કૌરવોની સેનાઓ બન્ને બાજુએ પોતપોતાનાં તીક્ષ્ણ આયુધોનો ખડખડાટ કરતી એકબીજાનો સંહારજ કરી નાખવાના દૃઢ નિશ્ચય પર આવીને તૈયાર થઈ ગઈ હતી. અને યુદ્ધના સૂચક પરસ્પર ભયંકર શંખનાદો પણ થઈ રહ્યા હતા. અને પરસ્પર બાણ છુટવાની જ તૈયારી હતી આવા કટો-કટીના સમયમાં અર્જુનના મનમાં એમ થઈ આવ્યું કે, આ યુદ્ધમાં દુર્યોધનની સહાયમાં કોણ કોણ આવ્યા છે. તે મારે જોવા તો ખરા ! એમ ધારીને ''**सेनयोरूभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत !**'' એમ કહીને ભગવાન પાસે પોતાનો રથ બન્ને સેનાઓના મધ્યે આગળ કરાવ્યો. અને ત્યાં ભીષ્મપિતા દ્રોણ-ગુરૂ વિગેરે પોતાના પૂજ્ય વડીલોને, તેમજ બીજા પણ અનેક સ્વજનોને, યુદ્ધમાં મરવાને માટેજ તૈયાર થયેલા જોઈને તે બંધુઓ અને વડીલો તરફના સ્નેહ અને પૂજ્યભાવને લીધે અર્જુનનું હૈયું એકદમ ભરાઈ આવ્યું. અને યુદ્ધમાં થનારો ભયંકર વિનાશ તેને આબેહુબ દેખાવા લાગ્યો, આ બધું અર્જુનના સ્મૃતિ પટમાં ચિતરાઈ ગયું. અને તેથી જ તે તો એકદમ ગભરાઈ જ ગયો. અને મૂર્છા જેવી અવસ્થા થઈ ગઈ. અને એ પ્રમાણે વાત વિચારીને છેવટે ભગવાનને સંભળાવી દીધું કે, ''**न योत्स्य इति गोविन्दमुक्त्वा तूर्ष्णीं बभूव ह**'' આ યુદ્ધમાં આપણે લડનારા નથી. આ બધો સંહાર કરીને મારે શું કરવું છે ? એમ કહીને ધનુષબાણ તુરત જ હેઠાં મુકી દઈને સ્તબ્ધ જેવો નિઃશબ્દ થઈ ગયો. તે સંજયે ધૃતરાષ્ટ્રને કહી બતાવ્યું કે, ''**एवमुक्तवार्जुनः सङ्‌ख्ये रथोपस्थ उपाविशत् । विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः**'' ॥ ''હે રાજન્ ! યુદ્ધ વખતે જ અર્જુન આ પ્રમાણે કહીને શોકથી ઉદ્વિગ્ન ચિત્તવાળો થઈને બાણે સહિત ધનુષ નીચે મુકી દઈને રથના ઉપળામાં બેસી ગયો.''

જ્યારે આ પ્રમાણે અર્જુન સર્વથા હિંમત હારી ગયો. અને રડુ-રડુ થઈ ગયો. ત્યારે ભગવાને આવો એકવખતનો તેનો મોહ જોઈને અર્જુન જેવા ભડવીરને આમ નપુંસકતા દાખવવી એ તો રાજકુળને કલંક સમાન છે. એટલું જ નહિ, પણ પરલોકના

સુખ-માર્ગમાં પણ કંટક સમાન છે. અને આ લોકમાં પણ અપકીર્તિનોજ ઢગલો માથે વ્હોરવા સમાન છે. એમ ભગવાને—''कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ?। अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन !'' ''અલ્યા હે અર્જુન ! તને આવા વિષમ-કટોકટીના વખતે આ મૂર્ખાઈ ભરેલું ખરાબ કર્મ ક્યાંથી સૂઝી આવ્યું ? આવું કામ તો અનાર્ય માણસોએ કરવા જેવું છે. સ્વર્ગ પ્રાપ્તિમાં પણ વિરોધી છે. અને આ લોકમાંય અપકીર્તિનેજ કરનારૂં છે. આ શ્લોકથી તેને સમજાવવાનો આરંભ કરીને પોતાની દિવ્ય વાણીનો પ્રવાહ પ્રસરાવ્યો.''

પૂર્વના યામુનાચાર્ય પણ આ ગીતાની ઉત્પત્તિ-સ્થિતિ આ પ્રમાણે બતાવે છે. ''अस्थानस्नेहकारूण्यधर्माधर्मधियाकुलम् । पार्थं प्रपन्नमुद्दिश्य शास्त्रावतरणं कृतम् ''સમય વિનાના કવખતે થઈ આવેલા સ્નેહ અને કારુણ્યને લીધે પોતાના ખરા ક્ષાત્ર ધર્મમાં જ અધર્મબુદ્ધિ થવાથી આકુળ-વ્યાકુળ બની જઈને ભગવાનને- ''शिष्यस्तेऽहं शाधि ! मां त्वां प्रपन्नम्'' 'હું આપનો શિષ્ય છું. અને તમારો પ્રપન્ન-શરણાગત છું. માટે મને આપ ખરી વાત સમજાવો ?'' આમ પ્રપન્ન થયેલા અર્જુનને ઉદ્દેશીને-નિમિત્ત કરીને આ ગીતાશાસ્ત્રનું અવતરણ કરેલું છે.''

## : ગીતા—મહિમા :

ગીતાનો મહિમા અતિ અપાર-અપરિમિત છે. એ મહિમા કેવો અને કેટલો છે તેને યથાર્થ વર્ણન કરવાને કોણ શક્તિમાન છે ? શેષ શારદા અને બ્રહ્માદિક દેવો પણ એ ગીતાના મહિમાનો પાર પામી શકે એમ નથી. તો પછી અતિ અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો તો પાર પામી શકે જ કેમ ? અનેક પુરાણોમાં ખુદ વ્યાસમુનિએ તેમજ બીજાઓએ પણ અનેક પ્રકારે ગીતાનો મહિમા ગાયો છે. અને એ ગીતાનો મહિમા કહેતાં કહેતાં તેને માટે— ''सर्ववेदमयी गीता'' ''सर्वशास्त्रमयी गीता'' ''सच्छास्त्रसाररुपेयम्'' ''सच्छास्त्रसारसन्दोहा'' ''सद्यो मुक्तिप्रदायिनी'' ''સર્વ વેદના રહસ્યાર્થ રૂપ રસથી ભરેલી આ ગીતા છે.'' સર્વ શાસ્ત્રનો સાર સાર ગ્રહણ કરીને આ ગીતા રચેલી છે. ''સઘળાં સચ્છાસ્ત્રોનો પરમ રહસ્યપૂર્ણ રસ-રસમાત્ર જ આ ગીતામાં સંગ્રહેલો છે.'' ''સકળ સચ્છાસ્ત્રોનો સાર સંદોહ કરીને આ ગીતા ભગવાને અર્જુનને પાન કરાવેલી છે.'' ''આ ગીતા તુરતજ શ્રવણ માત્રથી જ મુક્તિ આપનારી છે.'' આવાં આવાં અનેક સત્યાર્થપૂર્ણ વચનો આગળના મહાપુરુષોએ ઉચ્ચારેલાં છે. માટે નિઃસંદેહ આ ગીતાનો મહિમા અતિ અપાર અને અલૌકિક છે.

વળી વરાહપુરાણમાં રહેલા-ગીતામાહાત્મ્યમાં પોતાનું-વરાહ-ભગવાનનું જ વચન છે કે- ''गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम्'' ''गीता मे परमा विद्या

ब्रह्मरुपा न संशयः'' ''હે ધરાદેવી ! હું ગીતાના આશ્રયે-જ્યાં ગીતાનો વાસ થાય ત્યાં રહું છું. કેમકે ગીતા એ મારું પરમ-સર્વોત્કૃષ્ટ ઘર-નિવાસસ્થાન છે.'' ''આ ગીતા તો મારી-મને પ્રાપ્ત કરવામાં ઉપકારક પરમ-સર્વશ્રેષ્ઠ બ્રહ્મવિદ્યા છે. અને મને-બ્રહ્મને પ્રાપ્ત કરાવનારી છે. માટે એ પણ બ્રહ્મરૂપ જ છે. એમાં કશો સંદેહ નથી.'' આવો આવો ગીતાનો મોટો-મહિમા ભગવાને પોતે જ પોતાને મુખે ગાયો છે.

વળી ભગવાન સ્વયં વેદવ્યાસે પણ કહ્યું છે. ''गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रसंग्रहैः । या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता'' ॥ ''આ ગીતાને જ સારી રીતે ગાવી જોઈએ. પછી અન્ય શાસ્ત્રોના સંગ્રહની કે વિસ્તારની જરૂર જ શી છે ? કેમ કે જે આ ગીતા પોતે પદ્‌મનાભ ભગવાન શ્રીહરિના મુખકમળથી નીસરેલી છે.'' આ શ્લોકમાં અન્ય શાસ્ત્રોની નિરપેક્ષતા બતાવવાપૂર્વક આ ગીતાશાસ્ત્રની એકની જ સાપેક્ષતા અને સર્વાર્થપૂર્ણતા બતાવી છે. અને બીજાં શાસ્ત્રો બીજા ઋષિમુનિઓનાં પોતપોતાના અનુભવ પ્રમાણે બનાવેલાં છે. અને આ ગીતા તો સ્વયં ભગવાન શ્રીહરિનાજ મુખકમળ થકી નીસરેલી છે. એટલે કે ભગવાને પોતે નિજભક્તના વાત્સલ્યવિવશપણાને લીધે પરમ પ્રેમપૂર્વક સકળ શાસ્ત્રાર્થના પરમ સારરુપ પરમ હિત બુદ્ધિથી અને તે પણ તેના ''शिष्यस्तेऽहं शाधि ! मां त्वां प्रपन्नम्'' ''હું તમારો શિષ્ય-શિક્ષાનો પાત્ર છું. અને અનન્યગતિક થઈને તમને જ શરણ પામેલો છું. માટે મને ખરી વાત સમજાવો !'' એવા સર્વથા પ્રપન્ન ભાવને જોઈને ખરા અર્થરુપે ઉપદેશ કરીને સમજાવેલી છે. માટે સકળ વેદાદિક સચ્છાસ્ત્રના પરમ સારરુપ આ ભગવદ્‌ગીતા છે. તેથી આ શાસ્ત્રનો જેટલો મહિમા આપણે ન સમજીએ અને ન ગાઈએ તેટલો ઓછો જ છે.

હવે આ જગતમાં આવા સર્વશ્રેષ્ઠ ગીતારુપ અમૃતના આસ્વાદનને માટે કોણ એવો નિર્ભાગ્યો હોય ? કે જેને સ્પૃહા ન થાય ? અર્થાત્ સહુ કોઈ જ્ઞાનરસિક સજ્જન તો આ ગીતારસમાં જરૂર લોભાય જ.

વળી જેને કાંઈક શ્રીહરિદત્ત બુદ્ધિના પ્રભાવથી વ્યાખ્યાન કરવાની કુશળતા હોય તો તે પણ જરૂર આ ગીતાશાસ્ત્રનું વ્યાખ્યાન કરવા પોતાનું બુદ્ધિબળ અજમાવે જ. અને યથામતિ ગીતાના અર્થને તેમજ રહસ્યને પણ પ્રકાશમાં લાવવા પોતાનો ઉત્સાહ પૂરો કરે.

પૂર્વે થયેલા મોટા મોટા તત્ત્વદર્શી આચાર્યો, કે જેમણે આ ભૂમંડળમાં પોતપોતાની સમય-શક્તિ પ્રમાણે અને મતિ-માન્યતા પ્રમાણે તેમના નામે સંપ્રદાયો પ્રવર્તાવ્યા છે. અને ભગવાન બાદરાયણ મુનિએ ઉપનિષદોનો તત્ત્વાર્થ સંપૂર્ણ વિચારીને બ્રહ્મસૂત્ર

રચીને તે ઉપનિષદોના જ અર્થનો પ્રકાશ કરેલો છે. તે બ્રહ્મસૂત્ર અને ઉપનિષદો તથા આ ભગવદ્ગીતા એમ એ ત્રણેયને પ્રસ્થાનત્રયી એવા નામે પ્રસિદ્ધ કહેવામાં અને માનવામાં આવે છે. આ પ્રસ્થાનત્રયીના મજબુત ટેકાઓ પોતપોતાના સંપ્રદાયોને અનુકૂળ અર્થ કરી બતાવીને તે તે આચાર્યોએ ગોઠવેલા છે. અને પ્રસ્થાનત્રયીમાં પ્રતિપાદ્ય અર્થ અમારા જ મતને સર્વાંશે અનુકૂળ છે. એમ સાબીત કરવા એ ત્રણેયના ઉપર મોટાં મોટાં ભાષ્યો અને ટીકાઓ પણ રચ્યાં-રચાવ્યાં છે.

આ પ્રસ્થાનત્રયીની ગોઠવણી એવી છે કે વેદના-સાર-શિરોભૂત ઉપનિષદોમાં બ્રહ્મવિચાર કરેલો હોવાથી એ ઉપનિષદોના મહત્ત્વપૂર્ણ અર્થને સંપૂર્ણ વિચારીને એ અર્થને સંક્ષેપમાં બતાવવા માટે વ્યાસમુનિએ બ્રહ્મસૂત્રની રચના કરી છે અને તેમાં ઉપનિષદોનાજ ગૂઢાર્થના ઉકેલ અનુક્રમે બતાવ્યા છે. માટે ઉપનિષદોનું જ બીજું સ્વરુપ એ બ્રહ્મસૂત્ર છે. આ બ્રહ્મસૂત્રો બ્રહ્મને-પરબ્રહ્મ પરમાત્માને પ્રતિપાદન કરનારાં હોવાથી બ્રહ્મસૂત્રો એમ કહેવાય છે. માટે શરીરી એવા પરમાત્માને પ્રતિપાદન કરે છે માટે એ શારીરિક સૂત્ર એમ કહેવાય છે. અને એના રચનારા સ્વયં વ્યાસમુનિ છે માટે વ્યાસસૂત્ર એમ પણ કહેવાય છે.

અને આ ભગવદ્ગીતા તો ઉપનિષદોનો જ સાર છે. એમ સ્વયં વ્યાસમુનિ જ કહે છે- ''**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः । पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत्**'' ''સઘળાં ઉપનિષદો એ ગાયો છે. અને સ્વયં ગોપાળનંદન-દોહન કરવામાં સહજ-સિદ્ધ ગુણસંપન્ન એવા ભગવાન શ્રીકૃષ્ણ તો દોહન કરનારા છે. અને પૃથાપુત્ર અર્જુન તો વત્સને સ્થાને પ્રથમ રસ ગ્રહણ કરનારા ભગવદ્વાત્સલ્યના પરમ પાત્રભૂત છે. અને તે પછીના સારી નિપુણ બુદ્ધિવાળા જનો એ ગીતામૃતના ભોક્તા-રસાસ્વાદન કરનારા છે. અને આ ગીતારુપ અમૃત તો એ ઉપનિષદરુપ ગાયોનું દૂધ છે. અને તે મહાઅમૃત બીજા અમૃતની પેઠે ક્ષણિક આનંદ અને તૃપ્તિ કરનારું નહિ, પણ આત્યંતિકી મુક્તિરૂપ શાશ્વત શાન્તિને આપનારૂં પરમ અમૃત છે.'' એમ આ ગીતા પણ ઉપનિષદોનું જ સારભુત દોહન હોવાથી એનું બીજું સ્વરૂપ જ છે. અને તેથી જ એ ગીતાના અધ્યાયની સમાપ્તિમાં - ''**इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायाम्**'' એમ ઉપનિષદ્ અને બ્રહ્મવિદ્યા એવાં બે વિશેષણો જોડીને ગીતાનું ઉપનિષદ્ અને બ્રહ્મવિદ્યાની સાથે એકતારૂપ સમાનપણું સિદ્ધ કરી આપે છે.

આ પ્રમાણે ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતા, એ ત્રણેયને **प्रस्थान** તત્ત્વનિર્ણય કરવાનું પ્રકૃષ્ટ સ્થાન એમ માનવામાં આવે છે. અને પૂર્વે થયેલા ઘણા-ખરા મોટા મોટા આચાર્યોએ આ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો રચેલાં છે. અને વળી-

આ ગીતા ઉપર તો પ્રાચીન અને અર્વાચીન તેમજ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય એવા ઘણા ૭૭વિદ્વાનોએ અનેક વ્યાખ્યાઓ પોતપોતાની સમય-શક્તિ પ્રમાણે અને મતિ-માન્યતા પ્રમાણે રચી છે. અને તે જગતમાં અનેક મત-મતાંતરોમાં અને દેશ-દેશાંતરોમાં પણ પ્રસિદ્ધ જોવા-જાણવામાં આવે છે.

તેમાં કેટલાક આધુનિક લેખકોએ તો વ્યાસમુનિ વિરચિત બ્રહ્મસૂત્રના માર્ગનો પણ વિચાર નહિ કરતાં, તેમજ ઉપનિષદોના માર્ગને કે સિદ્ધાંતને પણ નહિજ વિચારતાં અને વળી પૂર્વના મોટા મોટા આચાર્યોએ એ બ્રહ્મસૂત્ર અને ઉપનિષદોની સાથે આ ગીતાની કરેલી એકવાક્યતાને કે એકાર્થતાને પણ લક્ષ્યમાં નહિ લેતાં, કેવળ પોતાની જ મતિ-માન્યતા પ્રમાણે આ ગીતાનું વ્યાખ્યાન કરેલું છે, અને હાલમાં કેટલાય કરે છે. અને આવા બધા સ્વતંત્ર વિચારથી લખનારાઓ હાલમાં મોટા વિચારકો પણ મનાય છે.

પરંતુ જ્યાં સુધી એ લેખકો કે વિચારકો બ્રહ્મસૂત્ર અને ઉપનિષદોનો સંપૂર્ણ વિચાર કરીને તેના અર્થનો નિર્ણય કર્યા સિવાય એકલી ગીતા ઉપર ગમે તેટલા તરંગી વિચારો દોડાવે તોય તે પ્રસ્થાનત્રયીના સંપૂર્ણ વિચારકો તો ન જ કહેવાય. અને પૂર્વાચાર્યોની પદ્ધતિ પ્રમાણે એ પ્રસ્થાનત્રયીના પરસ્પરના મેળ વિનાનો કેવળ સ્વમતિકલ્પિત નિર્ણય સર્વમાન્ય પણ ન જ ગણાય. માટે એ નવા આધુનિક લેખકોએ ગીતાનો અર્થ વિચારવાના સમયે બ્રહ્મસૂત્ર અને ઉપનિષદોને પોતાની દૃષ્ટિ આગળ ખડાં રાખવાં જ જોઈએ. અને તોજ એ ખરા વિમર્શક કહેવાય.

આ બાબતમાં અધિક કહેવાથી શો વિશેષ છે ? કેમકે જેને જેને પોતાના શ્રેયઃસાધનની ઈચ્છા હોય તેવા સહુ કોઈ આ પરમ પાવન ગીતામૃતનું સેવન કરે જ એ સ્વાભાવિક અને સમજાય તેવું છે વ્યવહાર માર્ગમાં રહેલા પ્રવૃત્તિ માર્ગને અનુસરનારા વ્યવહાર કાર્યમાં કુશળ પુરુષો પણ આ ગીતામૃતનો આસ્વાદ લેતાં લેતાં પોતાના કર્મયોગને અકર્મતારૂપે પરિણમવા પ્રયત્ન કરે છે. અને તેથી જ હાલના જમાનામાં કર્મમાર્ગમાં પડેલા ઘણાય સજ્જનો ગીતા-પુસ્તકને **''पुस्तकं हस्तभूषणम्''** એમ શોભારૂપ માનીને પણ અખંડ હાથમાં રાખતા જોવામાં આવે છે. અને ગીતાના અખંડ અભ્યાસથી કેટલાક તો મોંઢે પણ ગીતાના શ્લોક બોલીને પોતાના જ્ઞાનનો પરિચય કરાવે છે. અને એમ ગીતાભ્યાસ કરતાં કરતાં એમનો કર્મમાર્ગ જ્ઞાનરૂપતાને પામીને અંતે અકર્મતામાં પરિણમે તો તેમાં આપણાથી ના પણ કેમ કહી શકાય ? આ ગીતામૃત જ એવું છે કે સહુ કોઈ એનું સેવન કરી શકે. અને અર્થની અતિ ગંભીરતા હોવા છતાં ભાષા અને શૈલી સરલ અને સરસ હોવાથી સહુ-કોઈને સુગમ પણ છે

જ. અને ગીતામૃતના પ્રવાહના વહનમાત્રથી જ વાચકવર્ગને અત્યુત્તમ જ્ઞાનમય આનંદને આપનારું હોવાથી સર્વ સંતાપ માત્રને સર્વથા શમાવનારું પણ છે. તો આવા સહજ આનંદને પમાડનારા ગીતારૂપ અમૃતને પોતાના શ્રેયની ઇચ્છાવાળો કયો પુરુષ ન સેવે ? સહુ-કોઈ સેવે જ.

પરંતુ આવી અતિ ગહન ગીતાના આશયને પ્રકાશમાં લાવવા પ્રયત્ન કરનારાઓ ગમે તેટલા બુદ્ધિમાન અને ચતુર હોય તો પણ પ્રાચીન આચાર્યોએ જે જે અતિ પ્રૌઢ વિચારોથી ભરપૂર વ્યાખ્યાનો લખેલાં છે. તેનું ઉલ્લંઘન કરીને તેથી વધારે સારો અર્થ બતાવી શકાય એમ છે જ નહિ. એટલું જ નહિ પરંતુ તેમના જેવો પણ અર્થ વ્યવસ્થિત રીતે બતાવી શકાય એમ પણ નથી જ.

જો કે વસ્તુસ્થિતિ આ પ્રમાણે જ છે. અને તે તે આચાર્યોએ પોતપોતાના મત-માન્યતા પ્રમાણે સઘળો અર્થ બતાવ્યો છે. છતાં પણ આ ગીતામૃતનો સ્વાદ જ એવો છે, કે તે સ્વાદને અનુભવીને પોતાની વાણીને સફળ કરવા કયો સજ્જન ન આકર્ષાય? માટે અમારો પણ આ અલ્પ પ્રયાસ પ્રાંશુપ્રાપ્ય ફળપ્રાપ્તિને માટે વામનપ્રવૃત્તિ જેવો હાસ્યાસ્પદ હોવા છતાં એ ગીતામૃતના આસ્વાદન માટે વાણી તેમાં આપોઆપ જ પ્રવૃત્ત થાય છે. અને તે બુદ્ધિના અંકુશથી રોકવા છતાં પણ પોતાની ચપળતા પ્રકાશ કરે છે. એ ગીતામૃતનો જ મહિમા છે.

આ ભૂમંડળમાં ધર્મના સંસ્થાપન માટે અવતરેલા ભગવાન શ્રીકૃષ્ણે ધર્મ-અધર્મના વિવેકને ચૂકીને વિચાર-વમળમાં ગોથાં ખાતા અર્જુનને તેનો ખરો ધર્મ સમજાવવા માટે આ ગીતાનો સ્વમુખથી આવિર્ભાવ કરેલો છે. અર્જુનને વિવેક ચૂકવામાં મોટો હેતુ તો સ્વજનો તરફનો અને ભીષ્માદિક વડીલો તરફનો ઉભરાતો પૂજ્યભાવ ભરેલો સ્નેહ અને કારુણ્ય એ બન્નના સંયોગથી થઈ આવેલો શોકાતિશય જ છે. અને એજ મુખ્ય હેતુ ગીતાના આવિર્ભાવ પૂર્વના યામુનાચાર્ય વિગેરેએ જણાવેલો છે.

હવે આ ગીતામાં ભગવાને ઉપદેશેલા અર્થનો વિમર્શ કરતાં એમ જણાવે છે કે- ''कर्मयोगो ज्ञानयोगो भक्तियोग इति त्रयम् । क्रमान्नि: श्रेयसद्वारं शास्त्रेऽस्मिन् प्रतिपाद्यते'' ।। કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ એમ એ ત્રણ અનુક્રમે આત્યંતિક મોક્ષના દ્વારભૂત કહો કે હેતભૂત કહો પણ એ ત્રણેય આ શાસ્ત્રમાં પ્રતિપાદન કરવામાં આવ્યા છે.

અહીંયાં કોઈને એમ શંકા થાય ખરી કે અર્જુન આ વખતે ક્યાં મોક્ષાર્થી થઈને ઉભો હતો ? કે જેથી ભગવાને તેને મોક્ષના દ્વારભૂત આ ત્રણેય યોગનો ઉપદેશ કર્યો છે.

પરંતુ ખરી રીતે જોતાં અર્જુન પાપથી તો ખરે-ખરી રીતે ભય પામીજ ગયો હતો. અને તેથીજ તો એણે એમ કહ્યું કે–

"પાપમેવાશ્રયેદસ્માન્ હત્વૈતાનાततायिनः ।
अहो बत ! महत्पापं कर्तु व्यवसिता वयम् ॥
तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान् स्वबान्धवान्" ॥

"આ આતતાયીઓને મારીને તો અમને પાપ જ લાગે, અરેરે અમે આવું મોટું પાપ કરવાના નિશ્ચય ઉપર આવી ગયા. માટે અમારા બાંધવો ધૃતરાષ્ટ્રના છોકરાઓને અમે હણવાને યોગ્ય નથી જ. અર્થાત્ અમે નહિ જ મારીએ." આમ કવખતે ભમી ગયેલા અર્જુનને ઠેકાણે લાવીને યુદ્ધમાં પ્રવર્તાવવા જ ભગવાને કર્મયોગનો ઉપદેશ કરવાનો આદર કરી દીધો. નહિ તો એને પાપથી થઈ આવેલો ભય શમે એમ હતું જ નહિ. પાપની અતિ શંકાથી પણ ભય તો લાગે જ. કદાચ એમ માનો કે ક્ષત્રિયોને યુદ્ધ કરવું એ ધર્મ છે. તો પણ ધર્મને નિમિત્તે યુદ્ધ કરવું અને સામાને મારવું એ પાપનું શંકાસ્થાન તો છે જ. ક્ષત્રિયોને યુદ્ધ કરવાની આજ્ઞા છે. માટે આજ્ઞા હોવાથી પાપ નથી એમ માને, તો આજ્ઞાવચન તો બન્ને પ્રકારનાં છે. માટે પુણ્ય-પાપ એ બન્નેય સરખી રીતે જ લાગે. અને વળી જેનું હૃદય દયાથી દ્રવતું હોય તો તેને વેદાજ્ઞાથી પણ પ્રત્યક્ષ દેખાતા માનવસંહારમાં પ્રવર્તવાનું હૃદયમાં કબુલજ કેમ થાય ? એમ ધારીને ભગવાને જે માર્ગમાં પાપ નથી તેવો કર્મયોગરૂપ માર્ગ અનુસરવાનું સમજાવ્યું. કે માણસ માત્ર દરેક કર્મના ફળમાં કામનાથી જ ફસાય છે. અને "આનો કર્તા હું છું" "મને આ કામ કરવાથી પુણ્ય થશે, કે આનાથી પાપ થશે." એવી એવી કામનાઓના અભિમાનથી તે તે કર્મથી પુણ્ય-પાપ લાગે છે. માટે–

"त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्ता निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित् करोति सः ॥"

"કર્મના ફળમાં આસક્તિ અને કર્મના કર્તાપણાનું અભિમાન છોડી દઈને નિત્ય તૃપ્ત અને નિરાશ્રય થઈને કર્મમાં પૂરેપૂરો પ્રવર્તેલો જણાતો હોય તો પણ તે કાંઈજ કરતો નથી."

હવે કર્મમાં અને કર્મના ફળમાં આસક્તિ પણ સ્વ સ્વરૂપના અજ્ઞાનથી જ થાય છે. આત્મસ્વરૂપને યથાવસ્થિત નહિ સમજનારાઓને જ ફળકામના છૂટતી નથી. અને એવા અવિદ્વાનો-અજ્ઞાનીઓ જ ઈચ્છાઓથી ભરપૂર અને સ્વર્ગાદિકને જ મુખ્ય ફળરૂપે માનનારા જન્મ, કર્મ અને અનેક પ્રકારનાં ફળ ભોગવાવનારી અને ઉપરથી વર્ણન કરતી વખતે બહુ જ સુંદર નવા ખીલેલાં પુષ્પ સમાન આપાતરમ્ય લાગતી

ભાષાઓ બોલે છે. અને જે જ્ઞાનસ્વરૂપ આત્મતત્ત્વને જાણે છે. તેઓને તો કામનાયે શામાં હોય ? અને કોઈ ઉપર દ્વેષ પણ શેનો હય ? એ તો ગુણમય શરીરના સંસર્ગથી પ્રારબ્ધયોગે પ્રાપ્ત થયેલા ક્ષત્રિયના કે બ્રાહ્મણના પોતપોતાના કર્મમાં પ્રવર્તવા છતાં પણ "ગુણો જ ગુણોમાં વર્તીને ગુણનાં કાર્ય કર્યા કરે છે." આમ ધારતાં ધારતાં લાભ-અલાભમાં અને સુખ-દુઃખમાં પણ સમાન વર્તનારો થઈ જાય છે.

આવા જ્ઞાનપ્રધાન બુદ્ધિયોગ પામેલા પુરુષને પોતપોતાનાં સ્વભાવપ્રાપ્ત કર્મ કરતાં છતાં પણ પુણ્યનો કે પાપનો પ્રસંગ જ રહેતો નથી. અર્થાત્ એવાને કર્મ લાગતું જ નથી. આ સઘળો અર્થ ભગવાને નીચેના શ્લોકથી બતાવ્યો છે–

"योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ! ।
सिद्धयसिद्धयोः समो भूत्वा समत्वं योग उच्यते ॥
दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ! ।
बुद्धौ शरणमन्विच्छ ! कृपणाः फलहेतवः ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व ! योगः कर्मसु कौशलम् ॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्वस्व ! नैवं पापमवाप्स्यसि" ॥

"સિદ્ધિ-અસિદ્ધિમાં સમત્વરૂપ યોગમાં રહીને હે ધનંજય ! સંગ-આસક્તિ છોડી દઈને સ્વભાવ પ્રાપ્ત કર્મ કર ! અને સિદ્ધિ–અસિદ્ધિમાં સમભાવ રાખવો એ જ યોગ કહેવાય છે. હે ધનંજય ! બુદ્ધિયોગ કરતાં કર્મ તો ઘણું જ અવર-કનિષ્ઠ ઉતરતું છે. માટે તું બુદ્ધિમાં શરણ-સ્થિરતા રાખ ! ફળમાં હેતુભૂત કર્મ તો કૃપણ-અતિ દીન-હીન છે. આ લોકમાં બુદ્ધિયોગ પામેલો જન સુકૃત-દુષ્કૃત એ બન્નેનો ત્યાગ-નિવારણ કરી શકે છે. માટે તું બુદ્ધિયોગને માટે જ પ્રયત્ન કર ! બુદ્ધિયોગ એ જ કર્મમાં કુશળતા છે. સુખ-દુઃખ એ બન્નેને સમાન કરીને-ગણીને, તેમજ લાભ-અલાભ અને જય-પરાજય એ સર્વને સરખાં જ સમજીને પછી તું યુદ્ધને માટે તૈયાર થા ! અને એમ કરવાથી તને પાપ લાગશે જ નહિ."

તો આ રીતે સ્વધર્મભૂત યુદ્ધમાં પણ પાપની અતિશંકા લાવીને ભય પામનારા અર્જુનને એ પાપ થકી ભય નિવારણ કરવા માટે ઉપદેશેલો આ કર્મયોગ ખરેખર મોક્ષના દ્વારભૂત થાય છે જ. અને એ કારણથી જ મોક્ષાર્થી-મુમુક્ષુજનો જ્ઞાનયોગની સિદ્ધિ માટે કર્મયોગને જ પ્રથમ સ્વીકારે છે. અને કર્મયોગ દ્વારા જ્ઞાનયોગ અને તે દ્વારા પરંપરાએ ભક્તિયોગ અને તેનાથી આત્યંતિક મોક્ષને પામે છે. એમ સર્વમાં

મૂળભૂત-પ્રધાન કારણભૂત કર્મયોગ જ છે. માટે પ્રથમ કર્મયોગનો જ ઉપદેશ કરેલો છે.

અને જ્ઞાનયોગનો ઉપદેશ ભગવાને અર્જુનને કર્યો છે. તે પણ કર્મયોગના શેષપણે જ બંધ બેસતો આવે છે. કેમકે પુણ્ય-પાપનો સંબંધ પોતાને ન લાગે એમ ઈચ્છનારાએ કર્મ કરવા છતાં પણ ન કરનારની માફક જ રહેવું જોઈએ, ત્યારે એવી નિર્બન્ધ સ્થિતિ જ્ઞાનયોગ સિવાય કેવી રીતે હોઈ શકે ? અને ગીતા તો સ્પષ્ટ કહે છે-

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥
कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ।
यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः'' ॥

કર્મના સંબંધમાં પણ ઘણું જાણવા જેવું છે. તેમજ વિકર્મના સંબંધમાં પણ ઘણું સમજવાનું છે. અને અકર્મ-વ્યાપારશૂન્યતાના સમ્બન્ધમાં પણ ઘણું જ જાણવાનું છે. કેમ કે કર્મની ગતિ અતિ ગહન-દુર્જ્ઞેય અને વિચિત્રતા ભરેલી છે. અને વળી કર્મમાં અકર્મ-જ્ઞાનને જે જુએ છે-જાણે છે. અને અકર્મમાં-કર્મશૂન્યતામાં જે કર્મ જુએ છે-જાણે છે. એ માણસ જ સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન છે. અને એજ યોગ્ય-મોક્ષને યોગ્ય ખરો સમજુ છે. અને સઘળાં કર્મ કરનારો પણ એજ છે. જેને સર્વ સમારંભો ઈચ્છાપૂર્વકના સંકલ્પ સિવાય જ હોય છે. અને જ્ઞાનાગ્નિથી-બુદ્ધિયોગથી સર્વકર્મોને જે બાળી દે છે-નિષ્ફળ કરે છે. એને જ ડાહ્યા-સમજુ માણસો પંડિત કહે છે.''

આ કામ-સંકલ્પનો સર્વથા વિરામ થવો એ તો આત્મતત્ત્વને યથાર્થ જાણનારા જ્ઞાનીજનોને જ થાય છે. ''આ હું કરું છું'' ''આ મારું છે.'' આવી આવી વિપરીત ભાવનાઓથી જ કામ-સંકલ્પની પરંપરાઓ અવિરતપણે ચાલ્યા જ કરે છે. અને તેથી જ— ''अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते'' દેહાત્મભાવની દઢતારૂપ અહંપણાને લીધે અતિ મૂઢ મતિવાળો માણસ 'હું જ કર્તા છું.' એમ માને છે. અને એવા મૂઢ અજ્ઞ જનોને કામ-સંકલ્પનો વિરામ થવાનો સંભવ પણ હોતો નથી. અને જે ''હું કાંઈ કરનારો નથી.'' ''અને મારું કાંઈ છે પણ નહિ.'' આવી જ્ઞાનપ્રધાન નિર્મમત્ત્વ ભાવના રાખનારને કોઈ ઈચ્છાય રહેતી નથી. અને કોઈ સંકલ્પ પણ ઉઠતો નથી. કારણ કે ''હું અને આ સઘળું ય વિશ્વ બ્રહ્માત્મક જ છે.'' એવી બ્રહ્મ-ભાવના અખંડ રાખનારને વિપરીત ભાવનાનો પ્રસંગ જ ક્યાંથી હોઈ શકે ? એવાને તો- ''ब्रह्मार्पणं

ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्'' એમ આખરે સર્વ કર્મ બ્રહ્માત્મકજ બ્રહ્મસમર્પણરૂપ જ થઈ જાય છે. અને એજ ખરી રીતે કર્મયોગનું ફળ છે. માટે અર્જુનનો ભય ટાળવા માટે કર્મયોગના ફળરૂપે જે આ જ્ઞાનયોગનો ઉપદેશ કરેલો છે. તે સર્વથા યુક્ત જ છે. અને મુમુક્ષુ-સમજુ જનો તો પોત-પોતાના અધિકાર પ્રમાણે જ્ઞાનયોગ અને તેમાં ઉપયોગી કર્મયોગને યથાયોગ્ય ગ્રહણ કરીને તેનું બરોબર અનુષ્ઠાન કરે છે. અને એમ કર્મયોગ, જ્ઞાનયોગ અને એ બન્નેના ફળરૂપ ભક્તિયોગને આખરે સિદ્ધ કરીને ભગવતપદને પામે છે.

અને આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી આ ગીતામાં ભગવાને કરેલો ભક્તિયોગનો સદુપદેશ પણ કર્મયોગના ફળરૂપે બરોબર બંધબેસતો આવે છે.

કેવી રીતે આ બધુંય બંધબેસતું આવે છે તે હવે વિગતવાર કહી સમજાવવા પ્રયત્ન કરાય છે.

કર્મયોગનું આચરણ કરનાર કર્મયોગી પુરુષે પ્રથમ તો જે જે સાહજિક કર્મ કરવામાં આવે તેમાં પણ અકર્તાપણાની ભાવનાનું અનુસંધાન રાખવું જોઈએ. તે અનુસંધાનમાં બે પ્રકાર આ ગીતામાં ભગવાને ઉપદેશેલા જોવામાં આવે છે.

તેમાં એક તો એ કે-

''न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते'' ।।
''प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते'' ।।
''इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ।
नैव किञ्चित् करोमीति युक्तो मन्येत तत्त्ववित्'' ।।
''गुणा गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते'' ।
प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानकर्तारं स पश्यति'' ।।

“સર્વનિયંતા પ્રભુ શ્રીહરિ આ સઘળા લોકનાં કર્મ અને તે કર્મનું કર્તૃત્વ તેને પોતે સર્જતા નથી. તેમ કર્મફળના સંયોગને પણ નથી જ જોડી આપતા, ત્યારે આ સઘળું બને છે કેમ ? તો કે એ કર્મનો સ્વભાવ જ એવો છે, કે કર્મ થયા પછી આગળ ફળરૂપે પરિણમવા ભગવત્સંકલ્પના બળથી જ પ્રવર્ત્યા કરે છે. પ્રકૃતિના ગુણોથી કરાયેલાં સઘળાં કર્મને અહંકારથી વિમૂઢ બુદ્ધિનો માણસ “હું જ કર્તા છું.” એમ માની બેસે છે. પ્રકૃતિનાં સર્જ્યાં અને પ્રકૃતિએ પ્રેરાયેલાં ઈન્દ્રિયોજ ઈન્દ્રિયોના અર્થોમાં-વિષયોમાં

પ્રવર્તે છે. એમ ધારતાં ધારતાં તત્ત્વવેત્તા યુક્ત-જ્ઞાનીજન "હું કાંઈ કરતો નથી." એમ જ માને છે. ગુણો-ગુણોનાં કાર્યભૂત ઇન્દ્રિયો, ગુણોમાં-ગુણોના કાર્યભૂત વિષયોમાં પ્રવર્તે છે. એમ પોતે માનીને તેમાં આસક્ત થતો નથી.

આ પ્રમાણે સહજ પ્રવર્તતાં કર્મમાં અકર્તૃત્વનું અનુસંધાન રાખીને કર્મ કરવા છતાં પણ તે કર્મનાં કર્તૃત્વનું અને તેના ફળનું અનુસંધાન નહિ રાખીને તેના અભિમાનનો ત્યાગ કરીને તટસ્થ વૃત્તિનો અભ્યાસ કરવો. એમ કરતાં કરતાં "આ સઘળું ગુણવૈચિત્ર્યનું જ પરિણામ છે. અને હું તો એ સર્વથી ન્યારો નિર્લેપ છું" એવી દશા પ્રાપ્ત થાય અને ઉત્તરોત્તર શ્રેયઃસાધનમાં પ્રવર્તે.

બીજો પ્રકાર એવો છે કે—

"मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्धयस्व ! विगतज्वरः" ॥
"यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय ! तत्कुरुष्व ! मदर्पणम्" ॥
"ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा" ॥
तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर ! युद्धय ! च" ॥
"मन्मना भव ! मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः" ॥
"मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च" ॥
"मत्कर्मकृन्मत्परमो भद्भक्तः सङ्गवर्जितः !
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव !" ॥
"ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः" ।
"मय्येव मन आद्यत्स्व ! मयि बुद्धिं निवेशय !"
"अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ! ॥
मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि" ।
"मय्यर्पितमनोबाुद्धिर्यो भद्भक्तः स मे प्रियः" ॥

"આત્મસ્વરૂપમાં એકાગ્ર કરેલા ચિત્તથી સઘળાં કર્મ મારામાં જ સમર્પણ કરી દઈને કોઈ ફળમા પણ આશા નહિ રાખતાં નિર્મમત્વ થઈને શોક-મોહનો ત્યાગ કરીને યુદ્ધ કરવામાં જોડાઈ જા ?" "તું જે કાંઈ કરે છે. જે કાંઈ ખાવાનો વ્યાપાર કરે

છે. જે હોમે છે. દાન કરે છે. અને હે કૌન્તેય ! જે તપ આદિક કરે છે. તે સઘળુંય મારામાં અર્પણ બુદ્ધિ રાખીને જ કર !'' ''જે પુરૂષ સઘળાં કર્મ બ્રહ્મમાં-પરમેશ્વરમાં જ અર્પણ કરીને કર્તૃત્વ-ભોકતૃત્વ વિગેરે સંગ-આસક્તિ છોડી દઈને જ કરે છે. તો તે પુરૂષ કમળનું પત્ર જેમ જળમાં રહેવા છતાં જળથી લેપાતું-ડૂબતું નથી તેમ પાપથી લેપાતો જ નથી.'' ''માટે જ સર્વ કાળમાં મારું અવિરત સ્મરણ કર્યા કર ! અને યુદ્ધ પણ કર !'' ''મારામાં જ મન રાખનારો થા ! મારોજ ભક્ત-ઉપાસક થા ! મારું જ પૂજન કરનારો થા ! મને જ નમસ્કાર કર ! અને આ પ્રમાણે તારા મનને મારામાં જ જોડીને-એકાગ્ર કરીને મત્પરાયણ થઈને અન્તે મને જ પામીશ.'' ''મારા ભક્તો મારામાં જ ચિત્તવાળા થઈને મારામાં જ જેમણે પ્રાણ સુદ્ધાં અર્પણ કર્યા છે. અને પરસ્પર મારા સ્વરૂપનો જ બોધ કરતા કરતા અને નિત્ય-નિરંતર મારૂં જ કથા-કીર્તન કરતા કરતા રાજી રહે છે. અને આનંદ કરે છે.'' ''મારા સંબંધવાળાં જ કર્મ કરનારો, હું જ જેને સર્વ ક્રિયામાં પ્રધાન છું. સર્વમાં સંગ-આસક્તિએ વર્જીત અને સર્વ ભૂત-પ્રાણી માત્રમાં નિર્વૈર-અજાતશત્રુ એવો જે મારો ભક્ત તે હે પાંડવ ! મને જ પામે છે.'' ''જે જનો તો સર્વ કર્મ મારામાં જ સમર્પણ કરીને મત્પરાયણ વર્તનારા છે.'' ''મારામાં જ મન એકાગ્ર કરીને સ્થિર રાખ ! અને બુદ્ધિને પણ મારામાં જ પરોવી દે !'' ''આવો અભ્યાસ કરવામાં પણ જો તું અસમર્થ હોય તો મારા સંબંધવાળાં જ કર્મ કરવામાં પરોવાઈ જા ! કેમકે સર્વ કર્મ મારે માટે જ કરતાં કરતાં પણ તું સિદ્ધિને પામી જઈશ.'' ''મારામાં જ મન અને બુદ્ધિ આદિકને એકાગ્ર રાખનારો જે મારો ભક્ત તેજ મને પ્રિય છે.''

આવાં આવાં ઘણાંક વાક્યો પ્રમાણે સર્વેશ્વર, સર્વનિયન્તા, સર્વના અંતર્યામી અને સર્વના શરીરી-ધારક સ્વામી એવા ભગવાન્ શ્રીહરિમાંજ મુખ્યત્વે કર્તૃત્વને અર્પણ કરીને ''હું તો કાંઈ કરતો જ નથી. તે ભગવાન જ મારા નિયંતા—સ્વામી છે. અને મારા આત્મા પણ એજ છે. માટે એજ સઘળું કરાવે છે.'' એમ ભગવાનમાં જ કર્તૃત્વ ધારીને કર્મ કરવું. અને આ પ્રમાણે જ્યારે કર્તૃત્વનો ભાર છોડી દે છે. ત્યારે ''સર્વ કર્મથી સમારાધ્ય તો એક ભગવાન જ છે.'' એમ સર્વ કર્મની ઈશ્વરાર્પણ બુદ્ધિથી જ ફળાસકિત આદિકનો સંકલ્પ પણ સર્વથા શમી જાય છે. અને જ્યારે ભગવાનને સર્વનિયંતા અને સર્વના અંતર્યામી આત્મા જાણે છે. ત્યારે ''મારા આત્મા અને અંતર્યામી અને મારા શરીરી-સ્વામી પણ એ જ છે.'' એમ દૃઢ નિશ્ચય થવાથી પોતાના આત્મામાં સ્વતંત્રતાની ભ્રમણા દૂર થઈ જાય છે. અને સર્વથા સ્વતંત્ર તો એક ભગવાન જ છે. એમ દૃઢ પ્રતીતિ થવાથી કર્તૃત્વ-ભોકતૃત્વની પણ આપોઆપ નિવૃત્તિ થઈ જાય

છે. અને- ''शुभाशुभ फलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः'' આવી ભગવાનની પ્રતિજ્ઞા પ્રમાણે સારાં-નરસાં ફળ આપનારાં સઘળાં કર્મબંધનોથી છૂટી જાય છે.

હવે આ જે બીજો પ્રકાર કહ્યો તે પરમેશ્વર શ્રીહરિમાં જેને દઢ ભક્તિ હોય છે. તેને જ પ્રાપ્ત થાય છે. માટે આ ગીતામાં કર્મયોગના ઉપદેશ પ્રસંગે પોતાના અનન્ય એકાંતિક ભક્તવર્ય પૃથાપુત્ર અર્જુનના પ્રત્યે જે ભક્તિયોગનો ઉપદેશ કર્યો છે. તે યથાર્થ બંધ બેસતો જ છે. પણ-''કર્મયોગના પ્રસંગે ભક્તિયોગની શી જરૂર હતી ? કે અહીંયાં તેનો ઉપદેશ ભગવાને કર્યો છે.'' એવી શંકાને લેશ પણ અવકાશ નથી. અને વળી આ જગતમાં જે મુમુક્ષુ-મોક્ષાર્થી ડાહ્યા જનો છે તે તો આ ગીતામાં ભક્તિયોગને જ પ્રધાનપણે ઉપદેશેલો દેખે છે. અને માને છે. અને કર્મયોગ તેમજ જ્ઞાનયોગને તો તે ભક્તિયોગના શેષરૂપે અંગ તરીકે ઉપકારક માને છે. માટે આ ગીતામાં ભગવાને મુખ્યત્વે ભક્તિયોગનો જ ઉપદેશ કર્યો છે. અને તેમાં ઉપકારક હોવાથી તેના અંગરૂપે કર્મયોગ અને જ્ઞાનયોગનો ઉપદેશ કરવામાં આવ્યો છે. એમ કોઈ માને તો તે સર્વથા યુક્ત જ છે. પણ એમાં લવ-લેશ શંકાનો અવકાશ જ નથી.

વળી વસ્તુતાએ આ સઘળાનો તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ તો આ સઘળું શંકા-સમાધાન ઉપલક દૃષ્ટિએ જોનારને માટે જ છે. કેમકે આ જગતમાં પ્રવર્તેલાં સઘળાં શાસ્ત્રો કોઈ એક વ્યક્તિને માટે જ છે. એમ તો છે જ નહિ. જુદા-જુદા સમયે ભિન્ન ભિન્ન અધિકારીઓને ઉદ્દેશીને અનેક પ્રકારના દાખલા-દલીલો અને તાત્ત્વિક-કાલ્પનિક ઐતિહાસિક કથાપ્રસંગોથી પણ પ્રાચીન મહર્ષિ વ્યાસાદિકોએ આ સંસારના બદ્ધ પ્રાણીઓને સંસૃતિ-ચક્રમાંથી છૂટવાને માટે સઘળાં શાસ્ત્રોની રચના કરી છે. અને આ સંસારમાં રહેલા મનુષ્યો પ્રાચીન કર્મના વશપણાને લીધે અનેક પ્રકારના અધિકારિવર્ગમાં વહેંચાઈ ગયેલા છે. કે જેનું વર્ગીકરણ કરવું પણ અતિ કઠિન છે. માટે ''त्रैगुण्यविषया वेदाः'' એમ ત્રિગુણ—પ્રકૃતિના વશમાં પડેલા સઘળા પ્રાણીઓને સરખો અધિકાર નહિ હોવાથી કોઈ પણ શાસ્ત્ર કે વ્યવહાર માર્ગ એક જ વિષયનું કે વસ્તુનું પ્રતિપાદન કરે તો તે સઘળાને માટે તો અધૂરું જ નીવડે. માટે વેદો પણ અનેક પ્રકારની વાતો અધિકાર-ભેદથી કહે છે. એમ તેની વિવિધતા અને વિષમતાનું શમન કરવા માટે કહેવામાં આવે છે.

એ જ પ્રમાણે પરમ કારુણિક ભગવાન શ્રીકૃષ્ણે લડાઈના મેદાનમાં આવીને ભીષ્માદિક વડીલોને સામા જોઈને અને વળી સામા-સામી યુદ્ધના સૂચક શંખનાદો થઈ રહ્યા હતા તે વખતે કેવળ દયાના અને સ્નેહના વશપણાને લીધેજ યુદ્ધથી તેમજ સઘળા રાજ્યાદિકથી પણ સર્વથા નિવૃત્તિ પામેલા ધર્મભીરૂ અર્જુનને પ્રોત્સાહન આપવાના

નિમિત્તે આ અમૂલ્ય સર્વશ્રેષ્ઠ શાસ્ત્રનો વિસ્તાર કર્યો છે. કે જે શાસ્ત્ર આ દુનિયામાં જે કોઈ પોતાનું શ્રેય ઈચ્છતો હોય તે સઘળાઓએ પોતપોતાના અધિકારાનુસાર સર્વથા સંસેવન કરવા યોગ્ય છે. આવા સર્વસેવ્ય સર્વશ્રેષ્ઠ શાસ્ત્રમાં જેને જે જે વસ્તુઓ જોઈતી હોય તે સઘળી મળી આવે એમ છે. માટે અધિકારપરત્વે વિચાર કરતાં આ ગીતાશાસ્ત્રમાં કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ અને સર્વશ્રેષ્ઠ અને સર્વસુલભ એવો પ્રપત્તિયોગ પણ ભગવાને નિરૂપણ કર્યો છે. આ દૃષ્ટિએ જોતાં આ ગીતાશાસ્ત્રના સંબંધમાં શંકાય શી ? અને સમાધાને ય શું ? એ બધુંય વિચારની પદ્ધતિએ બુદ્ધિવાદ કરનારાઓને આપાતમધુર લાગે એવું છે. માટે જેને જે રીતે આ શાસ્ત્ર વિચારવું હોય તે રીતે વિચારીને સ્વાભિમતાર્થ બતાવી શકે છે.

ભગવાન વેદવ્યાસ મુનિએ આ દુનિયામાં જેનો જોટો ન મળે એવો અદ્‌ભુત અર્થથી ભરેલો ભારત નામે પ્રસિદ્ધ ઈતિહાસરૂપ એક મહાગ્રંથ રચ્યો છે. અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારેય પુરુષાર્થથી ભરેલો હોવાથી મુક્ત, મુમુક્ષુ, વિષયી અને પામર, એવા હરેક માણસે સંસેવન કરવા યોગ્ય સર્વોપયોગી એ ગ્રંથ છે. આ ગ્રંથની રચનામાં ભારતી લડાઈનું વર્ણન કરવાના પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણ અને ભક્ત અર્જુન એ બેના સંવાદની રચના ગોઠવીને તે દ્વારા મોક્ષાર્થી મુમુક્ષુજનોને પરમહિત કરનારો સુગમ મોક્ષમાર્ગ સઘળા મનુષ્યોને સમજાવવાના અભિપ્રાયથી આ મહાભારતમાં આ મહામૂલા ગ્રન્થની રચના કરીને આત્યંતિકી મુક્તિમાં હેતુભૂત બ્રહ્મોપાસનની અનેક વિદ્યાઓથી ભરેલા ઉપનિષદોના પરમ સારસંદોહરૂપ અર્થ સમજાવ્યો છે. અને આ મોક્ષમાર્ગ બતાવવાના પ્રયોજનરૂપ અર્થની સિદ્ધિ આ ગ્રંથને માટે માનવામાં આવે છે. માટે આ ગ્રંથ રચવામાં ગ્રંથકારની પ્રવૃત્તિ શા માટે અને એમનો અભિપ્રાય શો છે. એ બધું સ્પષ્ટ જ છે.

વળી આ ગીતાનું ખરુ તાત્પર્ય શેમાં હશે એમ વિચારનારા કેટલાક વિચારકોનું એમ માનવું થાય છે કે, કર્મયોગમાં જ આ ગીતાનું ખરું રહસ્ય છે. કારણ કે– **''कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः'' ''कर्मण्येवाधिकारस्ते'' ''न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते'' ''नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः। शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः'' ॥ सहजं कर्म कौन्तेय ! सदोषमपि न त्यजेत्''** । ''પૂર્વેના જનકાદિક રાજાઓ કર્મ કરવાથી જ સંસિદ્ધિને પામી ગયેલા છે.'' ''કર્મમાં જ તારો અધિકાર છે.'' ''કર્મનો આરંભ નહિ કરવાથી નૈષ્કર્મ્ય-જ્ઞાનસિદ્ધિને પણ પુરુષ નથી પામતો'' ''તને અવશ્ય લાગેલાં કર્મ તો કર્યા જ કર ! અકર્મ-કર્મ છોડી દઈને આળસુ રહેવા કરતાં કર્મ કરવું એ ઘણું જ સારું છે. અને એમ મુદ્દલ કર્મ

જ છોડી દેવાથી તો તારે શરીરનિર્વાહ પણ નહિ સિદ્ધ થાય.'' ''હે કૌન્તેય ! સહજ-સ્વભાવ પ્રાપ્ત કર્મ તો સદોષ-ન્યૂન ગુણવાળું હોય તોય તેને તજવું ન જોઈએ.''

આવાં આવાં વચન પ્રમાણે જોતાં કર્મની કેટલી અવશ્ય જરૂર છે. એ સમજાય એવું છે. આ ઉપરથી આ ગીતાનું તાત્પર્ય કર્મ-માર્ગમાં જ છે. અને આખી ગીતા કહીને પણ આખરે અર્જુનને યુદ્ધ કરવા રૂપ કર્મમાં જ જોડ્યો. માટે એ વાત બરોબર એમ જ છે, એમ તેઓ કહી શકે પણ ખરા. અને યુદ્ધ-કર્મથી નિવૃત્તિ પામેલા અર્જુનને કર્મમાર્ગમાં પ્રવર્તાવવા તો ભગવાને ઉપદેશનો આરંભ કર્યો. માટે ભગવાન શ્રીકૃષ્ણ પોતે પૃથાપુત્ર અર્જુનને કર્મમાં પ્રવર્તાવવા માટે જ આ સઘળો ઉપદેશ કરવા પ્રવર્ત્યા હતા. આ હકીકત ઉપલક દૃષ્ટિએ જોનારને તો સત્ય જ લાગે, પરંતુ ભગવાને અહીંયાં કરેલી કર્મમાર્ગના ઉપદેશની પ્રવૃત્તિ જે જ્ઞાનયોગ વિગેરેના ઉપદેશથી જ સફળ થાય છે, તે જ્ઞાનયોગના માર્ગમાં આ ગીતાનું તાત્પર્ય નથી એમ કોણ કહી શકે એમ છે ? અને ઉપદેશ તો આ ગીતામાં એકલા કર્મયોગનો જ કર્યો છે. અને બીજાનો નથી કર્યો. એમ તો છે જ નહિ. પણ કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ અને ભગવત્પ્રપત્તિયોગ આ સર્વનો અનુક્રમે કલ્યાણના માર્ગરૂપે ઉપદેશ કરેલો છે. પણ અર્જુન કર્મયોગમાં જ અધિકારવાળો હતો. અને- ''**कर्मण्येवाधिकारस्ते**'' એમ ભગવાને કહ્યું પણ હતું, તેથી પોતાના અધિકાર પ્રમાણે અર્જુન કર્મયોગમાં જ પ્રવર્ત્યો. અને તેથી ભગવાનને ઉપદેશ કરવાનો હેતુ પણ સફળ થયો. માટે એ ઉપરથી આ ગીતાશાસ્ત્રમાં ઉપદેશેલા મોક્ષના સિધા અને સહેલાં સાધનભૂત ભક્તિયોગ અને પ્રપત્તિયોગ વિગેરેમાં તાત્પર્ય નથી એમ કોણ ગીતાના તાત્પર્યને અટકાવે એમ છે. ગીતામાં તો મોક્ષને જ આપનારા સઘળા વિષયો અનુક્રમે ઉપદેશેલા છે. તેમાં જેનો જેમાં અધિકાર તે તેને ગ્રહણ કરે.

અહીંયાં એક શંકા સહજ થાય એમ છે કે પૃથાના પુત્ર અર્જુન જેવા અનેક ગુણોનો ભંડાર સમાને ભગવાને આવા આવા જ્ઞાન, ભક્તિ અને પ્રપત્તિ, જેવા પરમ રહસ્યરૂપ અને કેવળ મોક્ષને જ આપનારા ઉપદેશો કર્યા તોય અર્જુનને કેવળ કર્મ માર્ગમાં જ પ્રવર્તાવવા સમર્થ થયા. પણ મોક્ષમાર્ગે કેમ ન લઈ ગયા ? અને ભક્તિમાર્ગમાં પ્રવર્તાવીને તેને માળા ફેરવતો કેમ ન કર્યો ?

આના સમાધાનમાં તો તેનો અધિકાર જ્ઞાનયોગાદિકમાં નહોતો માટે તે તેમાં ન પ્રવર્ત્યો. જેમ એક જ વૃક્ષનું સેવન કોઈક છાયામાત્રને માટે જ કરે છે. કોઈક તેના પાંદડાનો ઉપયોગ કરે છે. કોઈક તેનું પુષ્પનો ઉપયોગ કરે છે. કોઈક તેનું ફળ અનુભવે છે. તો શું એક જ વૃક્ષ ભિન્ન ભિન્ન ફળાર્થીઓને તેના તેના અધિકાર અને ઉપયોગ પ્રમાણે તે સઘળાને નથી તૃપ્ત કરતું ? કરે જ છે. અને વળી પ્રથમ એ કહેવાઈ

પણ ગયું છે કે જ્ઞાનયોગ વિગેરેનો ઉપદેશ ભગવાને અર્જુનના પ્રત્યે કર્મયોગના શેષપણે-ફળરૂપે કરેલો છે. એ વાત બરોબર બંધબેસતી લાગે છે. અને જે મોક્ષાર્થીઓ છે તે તો પોત-પોતાના અધિકાર પ્રમાણે જ્ઞાનયોગ-ભક્તિયોગ અને પ્રપત્તિયોગ એમાંથી ગમે તે એકનું અનુષ્ઠાન કરે છે. અને એમાં જ ગીતાના સઘળું તાત્પર્ય સમજે છે.

કદાચ વિવાદની શાંતિ ખાતર ઉપરની ચર્ચા જવા દઈએ તો પણ સામાન્ય રીતે આ ગીતાનું તાત્પર્ય પાપથી લાગતા ભયની લાગણી નિવારણ કરવામાં છે. એ તો સ્પષ્ટ કહી શકાય એવું જ છે. અને છે પણ એમજ કે બંધુહનનના પાપથી થઈ આવેલા ભયને લીધે વ્યાકુલ બની ગયેલા અર્જુનના પ્રત્યે એ પાપ-ભય ટાળવા માટે આ ઉપદેશનો આરંભ ભગવાને કરેલો છે.અને છેવટમાં કહ્યું પણ એજ કે- ''**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः**'' ''હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું શોક ન કરીશ, ગભરાઈશ નહિ.'' માટે આ ગીતામાં પાપ કે પુણ્ય જે ઉપાય આચરવાથી બંધન કરવા સમર્થ ન થાય તેવો ઉપાય કર્મ, જ્ઞાન અને ભક્તિ, એ બધોય કેવી રીતે આચરવો એ આ ગીતામાં બતાવેલું છે. અને એ બધાય ઉપાયો આચરવામાં જે બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે. એનું નામ યોગ છે. અને તે કર્મ કરવામાંય બુદ્ધિની જરૂર છે. જ્ઞાનમાં પણ બુદ્ધિની સહાયની જરૂર છે. ભક્તિમાં પણ બુદ્ધિ અતિ ઉપયોગી વસ્તુ છે. માટે એ બધાને **કર્મયોગ, જ્ઞાનયોગ** અને **ભક્તિયોગ** એવાં નામ આપેલાં છે. કર્મ તો પ્રાણીમાત્ર કરે છે. જ્ઞાન પણ માણસ માત્રનામાં હોય છે. અને ભક્તિ પણ અધિકાર પ્રમાણે સહુ કરે છે જ. પરંતુ તે કર્મ કેવી રીતે કરવું અને કેમ કરીએ તો જ એ કર્મ આપણને ઉત્તમ ફળ આપીને આખરે નિર્બન્ધ સ્થિતિને આપનારું થાય. એ જ પ્રમાણે જ્ઞાન પણ માણસનામાં એવું હોવું જોઈએ કે જે જ્ઞાન આખરે સર્વ કર્મનાં બંધનથી છૂટા કરીને સર્વોચ્ચ સ્થિતિને પમાડનારું થાય. તેમજ ભક્તિ પણ એવી કરવી જોઈએ કે જેમાં જ્ઞાન-બુદ્ધિની પૂર્ણ મદદ હોય અને આખરે આત્યંતિકી મુક્તિને જ આપનારી થાય. એવી નિર્મળ નિષ્કામ ભક્તિ કરવી જોઈએ. એમ આ કર્માદિકમાં જે બુદ્ધિપૂર્વકની યુક્તિ ગ્રહણ કરાય છે, એનું જ નામ યોગ છે. અને તેથી જ કર્માદિક દરેકનું નામ પણ **કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ** અને **પ્રપત્તિયોગ** એમ યોગ શબ્દ સાથેનું જ સર્વ સ્થળે કહેવામાં આવ્યું છે. અને આ કર્મયોગાદિક બધાય એકજ રસ્તાને પામીને આત્યંતિક મોક્ષને આપનારા થાય છે. અને એ તો ખરું જ કે કર્મયોગને આશરેલો માણસ પછી જ્ઞાનયોગને પામે છે. અને જ્ઞાનયોગ પામેલો જ ભક્તિ-યોગમાં અધિકારી થાય છે. અને એજ આખરે- ''**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज !**'' ''**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**'' આ ભગવદ્વાક્ય પ્રમાણે સર્વ કર્મ-

ધર્મ છોડી દઈને અર્થાત્ ધર્મ-કર્મના બળને છોડી દઈને એક ભગવાનના આશ્રયે જ વળગી રહે છે. અને એવા અનન્ય ભક્તો જ એ દુસ્તર માયાને સહજે તરી જાય છે. આ વાર્તાને ભગવાને અહીંયાં જ કહી છે એટલું જ નહિ, પરંતુ ભાગવતમાં પણ પોતાના પરમ પ્રેમપાત્ર અનન્ય ભક્તરાજ ઉદ્ધવજીને પણ કહી છે- ''आज्ञायैवं गुणान् दोषान् मयादिष्टानपि स्वकान् । धर्मान् सन्त्यज्य यः सर्वान् मां भजेत स सत्तमः ॥ ज्ञात्वाज्ञात्वाथ ये वै मां यावान् यश्चास्मि यादृशः । भजन्त्यनन्यभावेन ते मे भक्ततमा मताः'' ॥ ''મેં આ ઉપદેશેલા ગુણદોષરૂપ એવાય પણ પોતાના સઘળા ધર્મોને સર્વથા ત્યાગ કરીને જે મારો અનન્ય આશ્રિત થઈને મને જ ભજે છે. તે પુરુષ સર્વ સાધુ-ભક્તોમાં અતિ ઉત્તમ એકાંતિક ભક્ત છે. તેમજ વળી જે મનુષ્યો મને હું જેવડો-વિભુસ્વરૂપ છું. સર્વથી પર નિયંતા જે હું છું. અને હું જેવા ગુણ વિભૂતિ ઐશ્વર્યવાળો છું. એમ જાણીને-સમજીને અનન્ય ભાવ-ભક્તિથી મને ભજે છે, તે પુરુષો જ મારા ભક્તોમાં અતિ ઉત્તમ ભક્તો મેં માનેલા છે.'' આ પ્રમાણે જોતાં તો કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ એ સર્વનું પરિણામ અને ફળ તો એક ભગવત્પ્રપન્ન થવું અને સર્વ કર્મ-ધર્મ વિગેરે બધું ય ભગવાનને જ અનન્ય ભાવથી સમર્પણ કરી દેવું એમ જ નિશ્ચિત થાય છે.

વળી આ બધા ઉપરાંત વિશેષપણે કરીને જો ખાસ આ ગીતાશાસ્ત્રનું તાત્પર્ય વિચારવામાં આવે, તો પરમ પુરુષાર્થને જ સિદ્ધ કરવામાં અને તેના સાધનભૂત પ્રપત્તિ માર્ગમાં જ છે. અને તે પરમ પુરુષાર્થ તે બીજો નહિ પણ સાક્ષાત્ પરંબ્રહ્મ આનંદમયમૂર્તિ ભગવાન શ્રીહરિ જ છે. કારણ કે એ જ સર્વેશ્વર છે. અને એ જ સર્વાંતરાત્મા છે. અને સર્વના અંતર્યામી અને સર્વના સ્વામી શ્રીનારાયણ સહજ-આનંદમયમૂર્તિ શ્રી સહજાનંદસ્વરૂપ છે.

હવે ભગવાન પરબ્રહ્મની પરમપુરુષાર્થતા અને આનંદમયતા એ સઘળું આનંદવલ્લી આદિક ઉપનિષદોમાં સ્પષ્ટપણે કહેલું છે. અને એજ સર્વેશ્વર અને સર્વના સ્વામી શ્રીનારાયણ છે. એમ કહેલું છે- ''सत्यं ज्ञानमनन्तं ब्रह्म'' ''तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्मा आनन्दमयः'' ''रसो वै सः'' ''आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कदाचन'' ''आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते'' ઇત્યાદિક ઘણાંક વચનો છે. તેમજ આ ગીતામાં તો– ''परं ब्रह्म परं धाम'' ''त्वमादिदेवः पुरुषः पुराणः'' ''अहमात्मा गुडाकेश ! सर्वभूताशयस्थिता'' ''अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा'' ''यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम्'' ''अहं सर्वस्य प्रभवो मत्तः सर्व प्रवर्तते'' ''ब्रह्मभूतः प्रसन्नात्मा ! ! ! ! ! मद्भक्तिं लभते पराम्''

"भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि यादृशः" ઈત્યાદિક વચનોથી પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણે પોતે જ પોતાને મુખે પોતાનું પરબ્રહ્મપણું કહ્યું છે, અને આદિ દેવ અને પુરાણ પુરુષ પોતે જ છે. પ્રાણીમાત્રના હૃદયપ્રવેશમાં રહેલા સર્વનિયામક અંતર્યામી પરમ આત્મા પોતે જ છે. સકળ જગતના કારણ અને પ્રલયસ્થાન પોતે જ છે. જે અસમ્મૂઢ-જ્ઞાની પુરુષ મને આ પ્રમાણે પરાત્પર પુરુષોત્તમ જાણે છે. હું જ સર્વનો કારણ છું. અને આ સઘળું વિશ્વ મારા થકીજ પ્રવર્તે છે. બ્રહ્મભૂત પ્રસન્ન ચિત્તવાળો પરમ જ્ઞાની જ મારી પરા ભક્તિનો અધિકારી છે. હું જેવડો અને જેવો છું તેવો તો મને મારામાં ભક્તિ હોય તોજ જાણી શકાય છે. આવું આવું અનેક વચનોથી પ્રતિપાદન કરે છે.

હવે ગીતાર્થ સંગ્રહમાં યામુનાચાર્યનું વચન છે કે, "**स्वधर्मज्ञानवैराग्यसाध्यभक्त्येकगोचरः । नारायणः परम्ब्रह्म गीताशास्त्रे समीरितः**" "સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધનોથી સાધ્ય એવી પરા-પ્રેમલક્ષણા ભક્તિથી જ એક ગોચર-ઉપાસના દ્વારા સાક્ષાત્-અનુભવમાં આવનારા એવા શ્રીનારાયણ પરંબ્રહ્મ ભગવાન પુરુષોત્તમ આ ગીતાશાસ્ત્રમાં પ્રતિપાદન કરવામાં આવ્યા છે." આ શ્લોકમાં સ્વધર્મ વિગેરે સાધનોથી સાધ્ય ભક્તિ જે કહી છે તે ભક્તિ ઉપનિષદોમાં– "**ब्रह्मविदाप्नोति परम**" "**तमेव विदित्वातिमृत्युमेति**" "**सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद**" "**ओमित्येवात्मानं ध्यायथ**" "**निचाय्य तं मृत्युमुखात्प्रमुच्यते**" "**आत्मानमेव लोकमुपासीत**" "**आत्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः**" "**सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः**"। "બ્રહ્મ-પરબ્રહ્મ પરમાત્માને જે જાણે છે. તેજ પર-પરમાત્માને પામે છે." "તે પરમાત્માને જ જાણીને જ ઉપાસના કરીને જ મૃત્યુરૂપ સંસારને તરી જઈને તેથી પાર રહેલા તે પરમાત્માને પામે છે." "સત્યસ્વરૂપ, જ્ઞાનરૂપ અને સ્વરૂપ, ગુણ અને વિભૂત્યાદિકથી અંતવર્જીત એવા બ્રહ્મ-પરબ્રહ્મને જે જાણે છે-ઉપાસે છે." "ૐ એ મંત્રથી આત્માનું-પરમાત્માનું ધ્યાન-ઉપાસન કરો." "તે પરમાત્માને જ અખંડ ચિંતવવાથી મૃત્યુના મુખરૂપ સંસારથી મુકાય છે." "પ્રકાશમય તે પરમાત્માને જ ઉપાસના કરો. !" આત્મા-પરમાત્મા જ નિશ્ચે દેખવા યોગ્ય-સાક્ષાત્ કરવા યોગ્ય છે. તેમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસ-સતત અનુસ્મરણનો અભ્યાસ, એ સાધનો મુખ્યત્વે હેતુભૂત છે. માટે કહે છે શ્રવણ કરવા, મનન કરવા અને અખંડ સંભારવા" "તે પરમાત્મા જ ધ્યાન-ઉપાસન દ્વારા શોધી કાઢવા યોગ્ય છે. અને એજ વિશેષપણે જાણવા યોગ્ય છે." ઈત્યાદિક વચનોથી વેદન, ઉપાસન અને નિદિધ્યાસરૂપ અખંડ સ્મરણ એવા એવા શબ્દોથી પ્રતિપાદન કરવામાં આવે છે. અને બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્યકાર

રામાનુજાચાર્ય કરતાંય અતિ પ્રાચીન વૃત્તિકાર બોધાયન મુનિએ પણ- ''वेदनमुपासनं स्यात्तद्विषये श्रवणात्'' ''ઉપનિષદોમાં જ્યાં જ્યાં મોક્ષના સાધનપણે- ''ब्रह्मवित् ब्रह्मैव भवति'' ઇત્યાદિક વચનોથી કહેલું જે વેદન તે ઉપાસન જ છે એમ જાણવું, કેમ કે પરમાત્માની ઉપાસનાના વિષયમાં જ વેદન આદિક શબ્દોનું શ્રવણ સ્પષ્ટપણે થાય છે માટે'' અને આ વેદન આદિક શબ્દોથી ઉપનિષદોમાં શ્રવણ થતું ઉપાસન તે– ''ध्रुवानुस्मृतिः, स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः'' ઇત્યાદિક વચનોથી કહેલી પરમાત્માના સ્વરૂપની તૈલધારા-વદવિચ્છિન્ન સ્મૃતિ પરંપરારૂપ જે અચળ-અખંડ સ્મૃતિ એ જ જાણવું. તે પ્રમાણે જ જોવામાં આવે છે. અને બીજાં અનેક વચનો પણ એજ અર્થને કહેનારાં નક્કી કરેલાં છે માટે. આ સઘળો અર્થ– ''उपासनं स्यात् धृवानुस्मृतिर्दर्शनान्निर्वचनाच्च'' આ સૂત્રવૃત્તિથી બોધાયનમુનિએ સ્પષ્ટતાથી કહેલો છે. અને સ્વયં ભગવાન પણ આ ગીતામાં કહે છે– ''तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् । ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते'' ''મારામાં સતત-અખંડ જોડાઈ રહેલા અને પ્રીતિપૂર્વક મને જ ભજનારા આવા મારા ભક્તોને હું તેવો બુદ્ધિયોગ આપું છું કે જેનાથી તેઓ મને જ પામે છે.'' આ શ્લોકમાં ભગવાને પોતાની પ્રાપ્તિમાં પોતાનું સતત સ્મરણ અને પ્રીતિપૂર્વક પોતાનું ભજન એ જ મુખ્ય કારણ છે. અને તેઓના ઉપર જ ભગવાન બુદ્ધિયોગ આપવારૂપ અનુગ્રહ કરીને ઠેઠ પોતાને પામવા સુધીનો માર્ગ સરલ કરી આપે છે. એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

અને વળી ''श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः એ આદિક વાક્યોથી કહેવામાં આવેલું શ્રવણાદિક સાધન તે પણ કેવળ નીરસ નહિ, પરંતુ ભગવત્સ્વરૂપમાં પરમ પ્રેમપૂર્વક અને પ્રેમરૂપ કહીએ તો પણ ચાલે એવું કેવળ પ્રેમપ્રધાન એ શ્રવણાદિક હોવું જોઈએ. અને ''प्रेमपूर्वमनुध्यानं भक्तिरित्युच्यते बुधैः'' ''પ્રેમપૂર્વક અનુ-અખંડ ધ્યાન-સ્મરણ એજ ડાહ્યા માણસોએ ભક્તિ એવા નામથી કહેલી છે.'' એમ આ શ્લોકમાં પણ પ્રેમપૂર્વક અનુધ્યાનને જ ભક્તિ એવા નામે કહેલી છે. અને તેથી જ શ્રુતિ પોતે જ એ કેવળ શ્રવણાદિકનો નિષેધ કરીને પરમ પ્રેમરૂપ જ એ શ્રવણાદિક હોવું જોઈએ એમ વિધાન કરે છે.

''नायमात्मा प्रवचनेन लभ्यो, न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्'' ॥

''આ આત્મા–સર્વાંતરાત્મા પરમાત્મા કેવળ પ્રવચન કરવાથી જ નથી મળતા, તેમ કેવળ બુદ્ધિથી કે બહુ શાસ્ત્રશ્રવણ કરવાથી પણ નથી જ મળતા. પરંતુ એ પરમાત્મા જ પોતે જેને વરે છે. તેનાથી જ એ પરમાત્મા પ્રાપ્ત કરી શકાય છે. અને એને જ એ

પરમાત્મા પોતાની તનુ-મૂર્તિ આપે છે-પ્રકાશે છે. સાક્ષાત્ અનુભવ કરાવે છે.'' આમાં મુદ્દો એક જ સમજવાનો છે કે, પરમાત્મા ઈચ્છે કોને ? તો કે જે તેના ઉપર પરમ પ્રેમ કરે તેને જ. માટે ભગવાન ઉપર પરમ પ્રેમવાળો ઉપાસક ભક્ત જ શ્રવણાદિક સાધનો પ્રેમપૂર્વક કરે છે. અને એવો જ્ઞાની-સમજુ પ્રેમી ભક્ત જ ભગવાનને વ્હાલો છે અને ભગવાન પણ એવા જ્ઞાની ભક્તને જ અત્યંત વ્હાલા હોય છે. તે સ્વયં ભગવાન જ કહે છે- ''प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः'' માટે ઉપનિષદોમાં વેદન, ધ્યાન, ઉપાસન અને પ્રેમપૂર્વક શ્રવણાદિક કરવું એવા એવા શબ્દોથી પરમાત્મસ્વરૂપમાં ભક્તિ એજ આત્યંતિક શ્રેયઃપ્રાપ્તિમાં મુખ્ય ઉપાય અગર સાધન છે એમ પ્રતિપાદન કરેલું છે. અને ''भक्त्या मामभिजानाति'' ''भक्त्या त्वनन्यया शक्यः'' ''नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते'' ''ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते'' ''मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु !'' ''स सर्वविद्भजति मां सर्वभावेन भारत !'' ''ब्रह्मभूतः !!!! मद्भक्तिं लभते पराम्'' ઈત્યાદિક અનેક વચનોથી આ ગીતામાં તો નરી ભક્તિ જ ભરી છે. અને ભક્તિ એજ આખરનું પરમ નિઃશ્રેયસનું સાધન છે. એમ પ્રતિપાદન કરીને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે જ સ્વમુખે અર્જુનને સમજાવ્યું છે. અને બ્રહ્મસૂત્ર પણ ઉપનિષદોનો જ સાર સમજાવવા માટે સ્વયં વ્યાસમુનિએ રચેલાં છે. તો ઉપનિષત્ પ્રતિપાદ્ય જે ઉપાસન-વેદન વિગેરે શબ્દોથી કહેવાતી ભક્તિ એજ બ્રહ્મસૂત્રોનો પણ મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે. માટે બ્રહ્મસૂત્ર પણ પરમાત્મભક્તિને જ મુખ્યત્વે પ્રતિપાદન કરે છે.

માટે આ પ્રમાણે પ્રસ્થાનત્રયીમાં જુદાં જુદાં અનેક સાધનો અધિકારિભેદથી બતાવ્યાં હોય તો પણ આખરે સર્વ સાધનનું પર્યવસાન અને ફળ તે પરમાત્મસ્વરૂપમાં પરા ભક્તિ એજ છે. એમ એ ત્રણેય પ્રસ્થાનત્રયી મહાપ્રબંધોમાં ભગવાન વ્યાસમુનિએ પોતે જ પ્રતિપાદન કર્યું છે.

હવે આ મુક્તિના સ્વરૂપ સંબંધી નિર્ણયમાં તેમજ મુક્તિના સાધન નિરૂપણની બાબતમાં પણ નિત્યવિજ્ઞાનવાદી કેવળાદ્વૈત મતના શ્રી શંકરાચાર્યના અનુયાયીઓ વિગેરે પોતાનું કાંઈક જુદું જ મંતવ્ય રજુ કરે છે. તેઓ એમ માને છે કે-

''જીવાત્માઓને અવિદ્યાની નિવૃત્તિ થાય એજ આત્યંતિકી મુક્તિ છે. અને એ અવિદ્યાની નિવૃત્તિ ''अहं ब्रह्मास्मि'' વિગેરે વાક્યશ્રવણથી ઉદય પામતી વિદ્યારૂપ-વિજ્ઞાનથી થાય છે. આ વિદ્યા એટલે નિત્ય-શુદ્ધ-બુદ્ધ મુક્તસ્વભાવ એવા અદ્વિતીય નિર્વિશેષ જ્ઞપ્તિમાત્ર બ્રહ્માત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય એજ છે. અને એવી આત્મસાક્ષાત્કારરૂપ વિદ્યા આત્મસ્વરૂપના ઉપાસનથી જ ઉદય પામે છે. અને તે

ઉપાસન પણ- ''त्वं वै अहमस्मि भगवो देवते ! अहं वै त्वमसि भगवो देवते !'' ''હે સમર્થ દેવતા તું તે હું જ છું. હે સમર્થ દેવતા હું તે તુ જ છે.'' આવું અભેદ-ભાવનાપ્રધાન ''सोऽहमस्मि'' ''તે બ્રહ્મ હું છું.'' એ પ્રકારે જ કરવું જોઈએ. અને એમ અભેદ ભાવનાથી આત્મબ્રહ્મોપાસન કરતાં કરતાં ચિરકાળથી અનુસ્યૂત વર્તતી ભેદવાસનારૂપ અવિદ્યાની નિવૃત્તિ થઈ જાય છે. અને એ અવિદ્યાની નિવૃત્તિપૂર્વક સર્વસંકલ્પ શૂન્યતારૂપ નિર્વિશેષ બ્રહ્મસ્થિતિ એ જ મુક્તિ છે.

અને ભક્તિ જે ઈશ્વરને વિષે કરવામાં આવે છે. તે ઈશ્વર તો સગુણ હોવાથી નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરવામાં અને ઉપાસનાની વહેલી સિદ્ધિ થવામાં ઉપકારમાત્ર છે. પણ અંતિમ ધ્યેય કે પ્રાપ્ય એ નથી. અને કર્મ છે તે પણ ગીતાના કહેવા પ્રમાણે કામના-કલંક સિવાયનું અને કર્તૃત્વ ભોકતૃત્વ વિગેરે છોડી દઈને નિષ્કામ ભાવે કરવામાં આવે તો ચિત્તશુદ્ધિ દ્વારા આત્મોપાસન કરાવીને બ્રહ્માનુભવરૂપ સાક્ષાત્ કૈવલ્યમુક્તિ અનુભવવામાં ઉપકારક થાય છે. તો આ રીતે આત્યન્તિક શ્રેયનું સાધનભૂત કર્મ પૃથાપુત્ર અર્જુન કે જે ધર્મમાં અધર્મની બુદ્ધિ થઈ આવવાથી ખરી વસ્તુસ્થિતિને ભૂલી જઈને વ્યાકુળ બની ગયેલો હતો તેને ભગવાન ઉપદેશ કરે છે. અને જ્યારે જ્ઞાનની પરમ સિદ્ધિ થઈ જાય ત્યારે તો એ મુક્તિ અવસ્થામાં કોઈને કાંઈ પ્રાપ્ય પણ નથી તેમ પ્રાપ્ય થકી જુદો પ્રાપ્તા પણ નથી. કોઈ ઈશ્વરેય નથી અને બ્રહ્મ સિવાય કોઈ પૃથક્તત્ત્વ નથી. તેથી કોઈ ઇશિતવ્ય-નિયમમાં રાખવા યોગ્ય અગર નિયમમાં રહેનાર પણ કોઈ નથી. અને આ ગંધર્વ નગરમાં ખરી રીતે જોઈએ તો પ્રાપ્યેય કોણ છે ? અને પ્રાપ્ત કરાવનાર સાધન પણ કોણ છે ? અને પ્રાપ્તા પણ કોણ છે ?''

આવી એ કેવલાદ્વૈતી બ્રહ્મવાદીઓની માન્યતા છે. અને ખરી રીતે એ અદ્વૈતવાદીઓને બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુ જ માન્ય નહિ હોવાથી અને બ્રહ્મ સિવાય બધું જ મિથ્યા હોવાથી એમને તો પ્રાપ્ય, પ્રાપક અને પ્રાપ્તા એ બધું જ મિથ્યા જ છે. અને આ મિથ્યા જગતમાં રહીને એમનું આવું બોલવું તે પણ મિથ્યાજ છે. એટલે તત્ત્વનિર્ણયને માટેબોલવાનું તો એમને સંભવતું જ નથી. કારણ કે- અવસ્તુભૂત ગન્ધર્વનગર સમાન મિથ્યા જગતમાં રહીને મિથ્યાભૂત બોલનારાઓના મિથ્યાભૂત વચનોથી નિશ્ચિત થતા મિથ્યાભૂત નિર્ણયથી કયો ડાહ્યો બુદ્ધિમાન માણસ સત્યસ્વરૂપ પરમાત્મનિર્ણયને અંગીકાર કરવા પ્રવર્તે ?

હવે ઉપરના વિષયમાં આપણે એટલું તો અભિનંદન સાથે માની શકીએ કે- નિઃશ્રેયસના પ્રથમ સોપાનભૂત અગર દ્વારભૂત કર્મનો ઉપદેશ પૃથાપુત્ર અર્જુનને ધર્મમાં અધર્મબુદ્ધિથવાથી થઈ આવેલો ભય ટાળતાં ભગવાને કરેલો છે. પરંતુ જ્ઞાતૃ-જ્ઞેય અને

ઉપાસ્ય-ઉપાસક એ વિગેરે સઘળા ભેદમાત્રને નિષેધ કરનારા કેવળ જ્ઞાનનો જ ઉપદેશ ભગવાને કર્યો છે. એમ જે કહેવું તે તો એ મિથ્યાવાદીઓની મિથ્યા કલ્પનામાત્ર જ છે. પણ ભગવાન શ્રીકૃષ્ણનો એ અભિપ્રાય નથી. એ દીવા જેવું સ્વયંપ્રકાશ છે. કેમકે ભગવાને તો આ ગીતામાં આત્મા-પરમાત્માનો ભેદજ ચોખ્ખા શબ્દોથી ઉપદેશેલો છે- જુઓ ?

"द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।।
उत्तमः पुरुषस्तवन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ।।
यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ।।"

"લોકમાં પ્રસિદ્ધ આ બે પુરૂષ છે. એક તો ક્ષર-પુરુષ અને બીજો અક્ષર-પુરુષ, તેમાં ક્ષર શબ્દથી સંસૃતિમાં કર્મબંધનથી સપડાયેલા જીવાત્મવર્ગરૂપ સર્વ પ્રાણીઓ કહેલા છે. અને જે કૂટસ્થ-કર્મબન્ધનથી રહિત-ગુણાતીત સ્થિતિને પામેલો મુક્તસમૂહ છે તે અક્ષર શબ્દથી કહેવાય છે. અને એ બન્નેથી સ્વરૂપ, સ્વભાવ, વિભૂતિ અને ગુણ-ઐશ્વર્ય આદિકથી સર્વોત્કૃષ્ટ ઉત્તમ પુરુષ તો જુદા જ છે. અને તે પરમાત્મા એવા શબ્દથી કહેવામાં આવે છે. અને જે સઘળા વિશ્વમાં અંતર્યામિપણે પ્રવેશ કરીને સર્વના નિયંતા અને નિર્વિકાર થકા એ વિશ્વને ધારણ કરે છે. આ પ્રમાણે જે કારણથી હું ક્ષરપુરુષને અતિક્રમણ કરીને રહેલો છું અને "अक्षरात्परतः परः" એમ અક્ષર થકી પણ હું સર્વોત્તમ છું. માટે જ સર્વ શાસ્ત્રોમાં અને વેદોમાં પણ હું મારા અસાધારણ પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ છું."

હવે આવા સ્પષ્ટ ભેદને પણ અદ્વૈતવાદીઓ "વ્યાવહારિક દશાને અનુસરીને આ કહેલું છે. પણ પારમાર્થિક દશામાં તો કાંઈ જ જુદું નથી." એમ કદાચ કહેવાની હિંમત કરે, પણ આ ગીતામાં જોઈએ તો આથી બીજો કયો એવો પારમાર્થિક તત્ત્વોપદેશ ભગવાને કરેલો છે ? કે જેની અપેક્ષાએ આ ઉપદેશને કેવળ વ્યવહાર માર્ગને અનુસરીને કરેલો છે. એમ માનવાને આપણને કારણ મળે. માટે આ ભગવાને કહેલો આત્મભેદ અને આત્મવર્ગથી પરમાત્મભેદ તે સત્ય જ છે.

અને આ ગીતામાં તો ભગવાને સ્વમુખે જ એવા દૃઢ નિશ્ચયાત્મક શબ્દો ઉચ્ચાર્યા છે કે જેમાં શંકાનો લેશ પણ કોઈને ન જ રહે.

''ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते'' ॥
''इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्'' ॥
''पुरुषः स परः पार्थ ! भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम्'' ॥

આવાં આવાં દૃઢ નિશ્ચયાત્મક વચનો કહીને તે જ્ઞાન-વિજ્ઞાનના નિરૂપણમાં પોતે સ્પષ્ટ કહે છે કે, આ જડ-ચેતનરૂપ બન્ને મારી જ પરા-અપરા પ્રકૃતિ છે. અને એ સર્વનો ધારક, નિયામક, ઉત્પાદક, પોષક અને સર્વનો નિયંતા સ્વામી-શેષી હું જ છું. અને એ સઘળું જગત મારે જ આધીન છે. વળી એ સઘળું વિશ્વ મારે આધારે છે, પણ હું એના આધારે નથી. એમ પોતાની અલૌકિક શક્તિ કહીને પોતાનું જ નિરુપાધિક સર્વેશ્વરપણું અને પુરુષોત્તમપણું પ્રતિપાદન કર્યું છે. પણ કોઈ સ્થળે આ સઘળા વિશ્વનું મિથ્યાત્વ, કે જીવ-બ્રહ્મનું એકત્વ એવું કશું કહેવામાં આવ્યું જ નથી. વળી ધાર્ય-ધારક ભાવમાં દૃષ્ટાંત દીધું તે પણ સૂત્રમાં મણિઓની પેઠે આ બધું મારામાં છે. પણ નહિ કે તંતુઓમાં પટની માફક તાદાત્મ્યરૂપથી છે. તેમ એવું પણ દૃષ્ટાંત નથી દીધું કે, ''**मय्यध्यस्तमिदं सर्वं शुक्त्यादौ रजतादिवत्**'' માટે એ જગન્મિથ્યાત્વવાદ માનનારા અદ્વૈતીઓની સમજણ આ ગીતાની સાથે તો સમ્મત નથી જ થતી.

અને આ ગીતાનાં ઉપર બતાવ્યાં એ વિગરે વાક્યો જોતાં તો જે જ્ઞાન ભગવાને ઉપદેશ્યું છે. તેમાં પણ કયાંય જગતનું અવિદ્યાથી કલ્પિતપણું તેમ મિથ્યાપણું પણ જણાતું નથી. તેમ નિર્વિશેષ અદ્વિતીય આત્મસ્વરૂપનું પ્રતિપાદન પણ જણાતું નથી.

પણ આ ગીતામાં તો સર્વત્ર દૃષ્ટિ ફેરવતાં એ જ અર્થ ખુલ્લો જણાય છે કે, પોતાની પ્રકૃતિભૂત માયા દ્વારા જ જગતનો પોતા થકી સમુદ્ભવ, પ્રલય વખતે પોતાનામાં જ વિલય-ભાવ અને આ સંસૃતિના બંધનથી છૂટીને પરમ પદ પામવા રૂપ પરમ નિઃશ્રેયસનું મુખ્ય સાધન પણ ભગવાનનો ભક્તિયોગ જ છે. અને બીજાં બધાં સાધનો ગૌણ છે. અને પરાભક્તિમાં ઉપકારક છે. અને ધર્માદિક સઘળાં સાધન મોક્ષમાં સદ્વારક કારણભૂત છે. અને ભક્તિ તો સાક્ષાત્ સાધનભૂત છે. અને આખરે સાધ્ય પણ એજ છે.

વળી તેરમા અધ્યાયમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો નિર્ણય અને વિભાગ પ્રતિપાદન કરવામાં આવ્યો છે. ત્યાં પણ આ પાંચ ભૌતિક દેહરૂપ ક્ષેત્રનું અને એ ક્ષેત્રનાં આરંભક પૃથિવ્યાદિક પંચ મહાભૂત અને એનું કારણભૂત પ્રધાન આ સર્વનું અવિદ્યાથી જ કેવળ ભાસમાન થવાપણું, તેમજ કાલ્પનિકપણું પણ કહેવામાં આવ્યું નથી. કે જેથી આપણે

એ સઘળા જગતને મિથ્યા અગર અપારમાર્થિક માનીએ. અને આ વર્ણનમાં ''क्षेत्रज्ञं चापि मां विद्धि !'' એ વાક્યથી પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું બ્રહ્મની સાથે તાદાત્મ્ય-ઐક્ય નથી કહ્યું પણ જેમ જડ-ક્ષેત્ર મારા શરીરભૂત હોઈને મારેજ આધીન વર્તનારું છે. એ જ પ્રમાણે ક્ષેત્રજ્ઞ-જીવાત્મા પણ મારેજ આધીન વર્તનારો અને જેની સ્થિતિ-સત્તા પણ મારે જ આધીન છે. એવો મારા શરીરભૂત હોઈને મારો શેષભૂત છે. એમ સઘળા જડ-ચેતનાત્મક વિશ્વનું બ્રહ્માત્મકપણું જ જણાવે છે. અને લોકમાં જે—'' હું કર્તા છું.'' ''હું ભોક્તા છું.'' એમ જે સ્વતંત્ર આત્મભાવની ભ્રમણા જીવને થાય છે. તે ટાળવા માટે આ પ્રમાણે કહેલું છે. અને माम्-मदात्मकम् એવો અર્થ ભાષ્યકાર-રામાનુજાચાર્યે અને આ પ્રસ્તુત ભાષ્યકાર-ગોપાળાનંદ સ્વામીએ પણ કરેલો છે.

અને આત્મા સ્વતંત્ર છે. એવો ભ્રમ તો દેહથી આત્માને જુદો માનનારા જ્ઞાની-ડાહ્યા માણસોને પણ હોય છે. અને કણાદ વિગેરે મહર્ષિઓ પણ આ માન્યતામાં સાથ આપે છે. માટે આવી ભ્રમણા અવશ્ય ટાળવી જ જોઈએ એવા અભિપ્રાયથી ભગવાન કહે છે કે-''એ ક્ષેત્રજ્ઞ-જીવાત્મા પણ મદાત્મક જ છે. પણ સ્વતંત્ર નથી.''

હવે ભગવાનને જો જીવ-બ્રહ્મની અનન્યતા જ કહેવાની ઇચ્છા હોય તો જેમ જીવાત્માની સાથે અનન્યતા કહી તેમ જડ-ક્ષેત્રની સાથે પણ કેમ ન કહે ? અને જો જડ-અજડની અનન્યતા ન ઘટે એમ કહો તો શું બ્રહ્મથી જુદું જડ-વસ્તુ સત્યભૂત છે? કે જે જડ ક્ષેત્રની સાથે અજડ-બ્રહ્મની અનન્યતા-એકતા ન ઘટે એમ કહો છો.

હવે આ ગીતામાં કર્મયોગથી સિદ્ધ થતો જ્ઞાનયોગ અને તેથી સિદ્ધ થતો ભક્તિયોગ એનું જ આત્યંતિકી મુક્તિમાં સર્વોત્કૃષ્ટ સાક્ષાત્ સાધનપણુ તે તે પ્રસંગે ભગવાને ચોખ્ખા શબ્દોથી જ નિરૂપણ કર્યું છે—

''अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।।
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ।।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ।
अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।
मन्मना भव ! मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! ।।
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! ।।

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ! ॥
ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ॥
श्रद्धाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ।
मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ॥
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ।
भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि यादृशः ॥
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।
मन्मना भव ! मद्भक्तो मद्याजी मां नमस्कुरु ? ॥
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।''

"જે જનો મારા અનન્ય આશ્રિત થઈને મારૂં જ ચિંતવન કરતા કરતા મારી ઉપાસના કરે છે. તો તેવા નિત્ય-નિરંતર મારામાં જ સર્વથા જોડાઈ ગયેલા મત્પરાયણ જનોનું યોગ-ક્ષેમ બન્નને હું જ વહન કરું છું.-ઉપાડી લઉં છું. જે મનુષ્ય મને પત્ર, પુષ્પ, ફળ કે જળમાત્ર પણ ભક્તિથી—સ્નેહપૂર્વક અર્પણ કરે છે. તો તેવા મારામાં સાવધાનપણે અવિચ્છિન્ન ચિત્ત રાખનારા તે ભક્તનું ભક્તિથી આપેલું પત્રાદિક હું અંગીકાર કરું છું. જે મારા ભક્તો મને ભક્તિથી-સ્નેહપૂર્વક ભજે છે તો તે ભક્તો મારામાં જ અખંડ રહે છે. અને હું પણ તે ભક્તોમાં જ અખંડ રહું છું. મર ગમે તેવો અતિ દુરાચારી હોય પણ જો મને અનન્ય ભાવવાળો થઈને ભજે છે. તો તે ખરો સાધુજ-પોતાનું મોક્ષ-કાર્ય સાધનારો અને ઘણો જ સારો છે એમ માનવો. કારણ કે, તે હવેથી ઘણા જ સારા-ઉત્કૃષ્ટ નિશ્ચય ઉપર આવી ગયેલો છે માટે. મારામાં જ મન રાખનારો થા ! મારો ભક્ત થા ! મારું જ પૂજન કરનારો થા ! અને મને જ નમસ્કાર કર ! હે અર્જુન ! હું આવી રીતે તો અનન્ય ભક્તિથી જ જાણવાને, જોવાને અને મારામાં તત્ત્વથી પ્રવેશ કરવાને માટે પણ શક્ય થાઉં છું. હે પાંડુપુત્ર અર્જુન ! મારા સંબંધવાળાં કર્મ કરનારો, દરેક કાર્યોમાં મને જ પરમ મુખ્ય માનનારો, મારામાં જ ભક્તિવાળો, સંગ-આસક્તિ વિનાનો અને સર્વ ભૂત-પ્રાણીમાત્રમાં નિર્વૈર—વૈરશૂન્ય થયેલો, આવો જે હોય તેજ મને પામે છે. જે જનો તો સર્વ કર્મને મારામાં જ સમર્પણ

કરી દઈને મત્પરાયણ થઈને અનન્ય-એકાંતિક યોગથી મારું જ ધ્યાન કરતાં મને ઉપાસે છે. તો તેવા જનોનો મૃત્યુની પરંપરારૂપ સંસાર સાગર થકી હું જ સમુદ્ધાર કરું છું. જે જનો તો ધર્મથી પૂર્ણ ભરેલા આ મેં કહેલા અમૃતરૂપ વચન પ્રમાણે મારું ઉપાસન કરે છે. અને મારામાં શ્રદ્ધાવાળા મત્પરાયણ વર્તનારા એવા જે મારા ભક્તો છે. તે મને અત્યંત વ્હાલામાં વ્હાલા છે. જે માણસ મને અવ્યભિચાર-એકાંતિક ભક્તિયોગથી સેવે છે-ઉપાસે છે. તે માણસ જ આ સત્ત્વાદિક ત્રણ ગુણોને સર્વથા ઉલ્લંઘન કરી જઈને બ્રહ્મરૂપ થવાને માટે યોગ્ય થાય છે. હું જેવડો, અને જેવા પ્રકારનો છું, તેવો તો મને એક ભક્તિથી જ જાણે છે. અને ભક્તિથી જ મને તત્ત્વથી-યથાર્થ જાણીને તે પછી મારામાં પ્રવેશ કરે છે. અર્થાત્ મને સાક્ષાત્ પામે છે. મારામાં જ મન રાખનારો થા ? મારો જ ભક્ત થા ? મારું જ યજન-પૂજન કરનારો થા ! અને મને જ નમસ્કાર કર ? અને એમ કરવાથી તું મને જ પામીશ, એમ તારી આગળ હું સત્ય પ્રતિજ્ઞા કરીને કહું છું. કેમ કે, તું મને અતિ પ્રિય-મિત્ર છું માટે !''

આ વચનોમાં ભક્તિ જ મુખ્ય સાધન બતાવ્યું છે. અને ભગવાન ભક્તિથી જ વશ્ય થાય છે. અને પ્રાપ્ય પણ એજ છે. અને તે પણ એકલી ભક્તિથી જ થાય છે. અને એ ભક્તિ સિવાયનાં બીજાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધનો ભક્તિમાં ઉપકારક હોવાથી તે ગૌણ-અંગભૂત છે. અને ભક્તિ જ સર્વ સાધનોમાં મુખ્ય-અંગી છે. એમ સ્પષ્ટ કહેલું છે.

વળી જેઓને-અવિદ્યાનું કાર્ય સંસૃતિ તે નિવૃત્તિ પામી ગયેલી છે. તેવા મુક્તાત્માઓને પ્રાપ્ય એવું સ્થાનવિશેષ પણ એક છે. એમ ભગવાન કહે છે- ''**द्वन्द्वैर्विमुक्ताः सुख-दुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत्**'' ॥ સુખ-દુઃખ, શોક-મોહ, એવાં એવાં નામવાળાં દ્વંદ્વોથી તેમજ સર્વ વિકારોથી જેઓ સર્વથા મુક્ત થઈ ગયેલા હોય છે. એવા એ અમૂઢ-જ્ઞાની મુક્તો જ તે અવ્યય-અવિનાશી ધામને પામે છે. વળી એ ધામ પણ ''**न तद्भ सयते सूर्यो न शशाङ्को न पावकः । यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम**'' ॥ ''એ ધામને સૂર્ય નથી પ્રકાશ કરી શકતો, કે નથી ચંદ્રમા પ્રકાશ કરી શકતો કે પાવક-અગ્નિ પણ પ્રકાશ નથી જ કરી શકતો. અને વળી જે ધામને પામીને પામ્યા પછી કોઈ વખતે પાછું સંસૃતિમંડળમાં આવવાનું હોતું જ નથી. એવું તે મારૂં અલૌકિક અપ્રાકૃત અખંડ અવિનાશી ધામ છે.'' આવું સર્વોત્કૃષ્ટ છે. એમ ભગવાને પોતે જ કહેલું છે.

આ ઉપરથી આપણને એ તો સ્પષ્ટ સમજાય છે કે અદ્વૈતીઓ માને છે તે પ્રમાણે ''બ્રહ્મને જ અવિદ્યાના સંસર્ગથી જીવ-ભાવ આવે છે, અને એજ સંસારી બની જાય

છે. અને જ્યારે એને આત્મસ્વરૂપનું જ્ઞાન-ભાન થાય છે ત્યારે અવિદ્યાની નિવૃત્તિ થાય છે. અને એ અવિદ્યારૂપ આવરણની નિવૃત્તિ થવાથી એને "अहं ब्रह्मास्मि" એવો અનુભવ થાય છે. અને એ બ્રહ્માનુભવ એ જ મુક્તિ છે. આ મુક્તિદશામાં બ્રહ્મ એ જ એક સત્ય હોવાથી તે સમયમાં કોઈ પ્રાપ્ય નથી તેમ પ્રાપક કે પ્રાપ્તા એવો વિભાગ પણ નથી." આવો વાદ કે આવો સિદ્ધાંત ગીતાને તો માન્ય નથી જ. અને ખરી રીતે જોઈએ તો અદ્વૈતવાદનો ગંધ પણ ગીતામાં નથી જ. અને જો હોય તો ભગવાન શ્રીકૃષ્ણ કે જે સાક્ષાત્ સર્વજ્ઞ પરબ્રહ્મ છે તે પોતે જ ઉપદેષ્ટા છે. અને પરમ ભક્તરાજ નરાવતાર અર્જુન જેવો તો એ ઉપદેશનો શ્રોતા છે. આ બેના સંવાદમાં એ વાત છાની રહે જ કેમ? ભગવાન સ્પષ્ટપણે ના કહી દે કે– "मय्यध्यस्तमिदं सर्वं शुक्त्यादौ रजतादिवत्" "હે અર્જુન ! આ સઘળું જગત મિથ્યા છે. અને મારામાં કેવળ અધ્યાસરૂપે જ છે. જેમ છીપોલી આદિકમાં રૂપું આદિક જણાય છે. પણ તે સત્ય નથી. મિથ્યા જ-અભાસમાત્ર જ છે. તેમ" પણ એમ તો કહેતા નથી. અને સૂત્ર-મણિગણનું દૃષ્ટાંત ઘટાવે છે. આવું આવું ઘણું કહી શકાય એમ છે. પણ વિસ્તાર ભયથી અને પિષ્ટપેષણ જેવું થયા કરે તેથી આ બાબત આટલેથી જ પતાવવામાં આવે એ વધારે ઈષ્ટ છે.

હવે આ ગીતાના અઢારેય અધ્યાયોના સારાર્થને સંગ્રહ-સંક્ષેપ કરીને નિરુપણ કરવામાં આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે છે. જેમ ભગવાનના ચરણ-કમળમાંથી નીસરેલી ભગવતી ગંગા-લહરી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ, એ ત્રણ લોકમાં ત્રણ પ્રવાહરૂપે જેમ વહે છે, તેજ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના મુખકમળમાંથી નીસરેલી સાક્ષાત્ આ ભગવતી ગીતારૂપ અમૃત-લહરી પણ આ લોકમાં ત્રણ ષટ્કના ભેદથી ત્રણ વિભાગથી માનવામાં આવે છે.

તેમાં પ્રથમ ષટ્કમાં – "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन" "कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादय:" ઈત્યાદિક વચનોથી કર્મયોગ અને "बहवो ज्ञानतपसा पूता मद्भावमागता:" "सर्व कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते" यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव !" "सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि" "न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते" 'ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति" ઈત્યાદિક વચનોથી જ્ઞાનયોગ પ્રતિપાદન કર્યો છે. કે જે એ બન્ને યોગનું ફળ આત્મસાક્ષાત્કાર થાય છે, એમ પ્રતિપાદન કરવામાં અને માનવામાં આવે છે.

અને મધ્યમ ષટ્કમાં તે કર્મયોગ અને જ્ઞાનયોગ એ બન્નેથી સિદ્ધ થતો ભક્તિયોગ કે જે એ બન્ને યોગના ફળરૂપે માનેલો છે. તે પ્રતિપાદન કરવામાં આવ્યો છે.

અને ત્રીજા ષટ્કમાં તો તે કર્મયોગ અને જ્ઞાનયોગ એ બન્નયનું જ ફરીથી વિશોધન-વિશુદ્ધિ દર્શાવવા પૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. અને એ બન્ને યોગના શેષપણે—અંગરૂપે પરમેશ્વરનું સ્વરૂપ-સ્વભાવાદિક અને તે પરમેશ્વરની વિભૂતિ આદિકનું નિરુપણ કર્યું છે. તેમજ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞરૂપ જીવાત્મા-પરમાત્માનું વિવેચનાદિક વિગતવાર કહી સમજાવ્યું છે. આમ ત્રણ ષટ્કનો વિભાગ સમજવો.

હવે અધ્યાયવાર સારાર્થનો સંગ્રહ કહી બતાવે છે.

તેમાં પ્રથમ- ''धर्मक्षेत्रे कुरुक्षेत्रे'' એ શ્લોકથી આરંભ કરીને ''तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत !'' એ શ્લોક સુધીના વાક્યસંદર્ભથી ગીતાશાસ્ત્રનું અવતરણ આ લોકમાં તેનું પ્રકાશ કરવું તે કહેલું છે. આમાં પ્રથમાધ્યાયનો સંક્ષેપ કહેવાઈ જાય છે.

બીજા અધ્યાયમાં – અર્જુનને ભીષ્મ દ્રોણાદિકને સામા યુદ્ધમાં આવેલા જોઈને સમય વિનાના ઉભરાઈ આવેલા સ્નેહને લીધે અને અતિ કારુણ્યને લીધે થઈ આવેલા વિષાદને ટાળવા માટે અને મોહની નિવૃત્તિ કરવા માટે અર્જુનને ભગવાને પ્રથમ ''न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः'' એ શ્લોકથી આરંભીને ''देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत !'' એ શ્લોક સુધીના ગ્રંથથી આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન સમજાવ્યું છે. અને અર્જુનને ક્ષત્રિય જાતિનો યુદ્ધ કરવું એ સહજ—સ્વાભાવિક સ્વધર્મ હોવા છતાં પણ તેમાં તેને અધર્મબુદ્ધિ ઉત્પન્ન થઈ આવી તે અધર્મ બુદ્ધિરૂપ ભ્રમને ટાળવા પોતાના ખરા સ્વધર્મરૂપ કર્તવ્ય કર્મમાં અભિમાનનો ત્યાગ અને ફળાનુસંધાનનો ત્યાગ રાખવો એ રૂપ બુદ્ધિ—યોગને ''स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि'' એ શ્લોકથી આરંભીને ''सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ । ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि'' ॥ એ શ્લોક સુધીના ગ્રંથસંદર્ભથી સમજાવીને ખરો કર્મયોગ સમજાવ્યો છે. જે બુદ્ધિ-યોગ સમજાયાથી કર્મની પુણ્ય-પાપરૂપતા નિવૃત્ત થઈ જાય છે. અને એ કર્મજ જ્ઞાનરૂપ થઈને તે દ્વારા ભગવત્પ્રસન્નતામાં હેતુભૂત બની જાય છે. અને એજ કર્મયોગ આત્મસ્વરૂપના જ્ઞાનથી ભરપૂર હોવાથી અનુક્રમે ભગવત્સ્વરૂપમાં સ્થિરપ્રજ્ઞતારૂપ અવિચળ ભક્તિયોગને સાધનારો થઈ રહે છે. એમ સમજાવ્યું છે.

ત્રીજા અધ્યાયમાં – ''ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ! ++++ ''तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम्'' ॥ આ બે શ્લોકથી-''કર્મ કરતાં બુદ્ધિ-જ્ઞાન ચઢીયાતું હોય તો મને આવા યુદ્ધ જેવા મહાઘોર કર્મમાં શા માટે નાખો છો ? તમારા ભેળસેળીઆ જેવા વચનથી મારી બુદ્ધિમાં આપ મોહ ઉપજાવવા જેવી સ્થિતિ કરો છો, માટે આપ મને જેનાથી મારું શ્રેય થાય એવું એક નિશ્ચિત કરીને કહો !''

આવો અર્જુનનો પ્રશ્ન ઉદ્‌ભાવીને કર્મ સારું ? કે જ્ઞાન સારું ? એવી વિકલ્પરૂપ શંકાનો ઉઠાવ કરીને તેના ઉત્તરમાં ભગવાને કર્મયોગનું અનુષ્ઠાન કેવી રીતે કરવું તેનો પ્રકાર ઉપપાદન કરતાં કહ્યું છે કે કર્મ કરવામાં જેમ કામનાઓનો ફળેચ્છાઓનો ત્યાગ કરવો જરૂરી છે. તેજ પ્રમાણે કર્મના કર્તાપણાનો પણ ત્યાગ કરવાની અતિ આવશ્યકતા છે. અને કેવળ કર્મમાં આવો જે બુદ્ધિયોગ ભેળવવો એનું જ નામ કર્મયોગ છે. એ જ કર્મયોગ ગમે તો સત્ત્વાદિક ગુણોમાં કર્તૃત્વાનુસંધાન રાખીને કરો, અથવા સર્વેશ્વર પરમાત્મામાં રાખીને કરો પણ એ બે માંથી એકમાં અનુસંધાન રાખવું એનું જ નામ કર્મયોગ છે. અને વળી તેમાંય ગુણમાં અનુસંધાન રાખવા કરતાં સર્વનિયંતા પરમેશ્વરમાં સર્વ કર્મ અર્પણ કરવાનું અનુસંધાન રાખવું એ સર્વોત્કૃષ્ટ સાધન છે. અને **''सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते''** એમ જે કહ્યું છે. તે પણ આવું પરમાત્મસ્વરૂપમાં કર્મ અર્પણ કરવું એમ જ સમજવાનું છે અને એજ ભક્તિ છે. અને **''सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज !''** આ શ્લોકથી સર્વ ધર્મ-કર્મના પરિત્યાગ પૂર્વક એટલે કે ભગવદર્પણ કરવા પૂર્વક ભગવાનને જ સર્વથા અનુસરી જવું એનું જ નામ ખરો પ્રપન્ન ભાવ છે. અને એવી જે પ્રપત્તિ-શરણાગતિ એજ આ ગીતાનું અંતિમ ધ્યેય અને સર્વ શાસ્ત્રનું પરમ રહસ્ય છે. એમ કહ્યું છે. અને પોતે જ્ઞાનયોગમાં પ્રવર્તવાને માટે પૂરેપૂરો અધિકારી હોય તો પણ તેણે લોકસંગ્રહને માટે પણ યથાર્થપણે કર્મયોગનું અનુષ્ઠાન કરવું જ જોઈએ. એમ ભગવાને પોતે પોતાના દૃષ્ટાંતથી વિગતવાર કહી બતાવ્યું છે. અને જો હું કર્મમાર્ગમાં બરોબર ન પ્રવર્તતું, તો મારૂં જોઈને આ સઘળો લોકસમૂહ પણ મારે જ માર્ગે ચાલીને અંતે ખરાબ થઈ જાય. માટે જે જે વર્ગમાં જે મોટેરો હોય તેના આચરણ પ્રમાણે જ બીજા માણસો આચરણ કરે છે. તેથી તે મોટેરાઓએ સર્વ ધર્મ—કર્મનું અનુષ્ઠાન યથાર્થ રીતે આચરવું જ જોઈએ, કર્મના ફળની ઈચ્છાવાળાને તો કર્મ લાગેલું જ છે. પણ ફળની ઈચ્છા ન હોય તો પણ લોકસંગ્રહને માટે પણ કર્મ તો કરવું જ જોઈએ. પૂર્વે જનકાદિક જ્ઞાનીઓએ પણ કર્મ છોડ્યું નથી જ. એટલું જ નહિ. પણ તે બધાય કર્મથી જ સંસિદ્ધિ પામ્યા છે. એમ ગીતાનું તો કહેવું છે. અને છેવટની અર્જુનની એક શંકા એવી છે કે જ્યારે જ્ઞાનીને ફળની ઈચ્છા નથી તેવાને અગર તો કંટાળીને પણ જે કર્મ કરવા નથી ઈચ્છતો તેવાને પણ બળાત્કારથી જ જેમ એમ કર્મ કરવા કોણ પ્રેરે છે ? તેના ઉત્તરમાં ભગવાને સર્વથી બળવાન રજોગુણમાંથી થયેલા કામ ક્રોધન જ કર્મમાં નાખનાર વૈરી કહ્યા છે. અને જ્ઞાનીના જ્ઞાનને પણ એ ઘેરો ઘાલનાર છે. અને જ્ઞાન-વિજ્ઞાનનો નાશક અતિ બળવત્તર વિરોધી શત્રુ છે. અને ઈંદ્રિયોથી પર અને બળવાન મન છે. મનથી પર અને બળવાન

બુદ્ધિ છે. અને કામ તો બુદ્ધિને પણ દબાવનારો મહાબળિષ્ઠ છે. એમ સર્વથી બળવાન એ કામને કહીને અંતે પ્રથમ કહેવા પ્રમાણે નિષ્કામ ભાવે અને ભગવદર્પણ બુદ્ધિથી કરેલાં કર્મથી અતિ શુદ્ધ નિર્વિકાર બનેલા પોતાના આત્માથી એટલે બુદ્ધિથી મનને વશમાં કરીને એ મનમાંથી થયેલા કામને હે મહાબાહો ! તું નાશ કરી નાખ ! એમ કહ્યું છે.

ચોથા અધ્યાયમાં – ભગવાને આ ગીતામાં કહેલા કર્મયોગનું વિવસ્વાન અને મનુ વિગેરે પૂર્વે થયેલા ઘણાક પુરાતન પુરુષોએ આચરણ કરેલું હોવાથી આ ગીતામાં પ્રથમ જ કહેવામાં આવ્યો છે એમ નથી. પણ એ તો ઘણો જ પ્રાચીન માર્ગ છે. એમ કહ્યું છે. અને આ પ્રસંગે જ અર્જુનને પ્રશ્ન ઉઠવાથી પોતાના વખતો-વખત અવતાર ધારવાના હેતુને અને અવતાર ધારવાના પ્રકારને અને અવતાર ધારણ કરતી વખતે પણ પોતાની દિવ્યતા જાણનારને પણ અપુનરાવૃત્તિ કહેવાપૂર્વક પોતાના પરસ્વરૂપની પ્રાપ્તિ કહી છે. પછી કર્મયોગની અંદર જ્ઞાન રહેલું છે. માટે કર્મયોગ ઉપરથી બીજાં સકામ કર્મ જેવો જ જણાય છે તો પણ તે જ્ઞાનરૂપ જ છે. એમ કહ્યું છે. અને તેમાં પણ જ્ઞાનાંશનું શ્રેષ્ઠપણું બતાવ્યું છે. અને તે પછી કર્મના અવાંતર ઘણાક ભેદો કહેવામાં આવ્યા છે.

આ અધ્યાયમાં ભગવાનના પૃથ્વી ઉપર થતાં અવતારોનું વાસ્તવિકપણે યથાર્થ નિરુપણ કરવામાં આવ્યું છે. તે તરફ વિશેષપણે ખાસ દૃષ્ટિ આપવી. પોતાના દિવ્ય અક્ષર ધામમાંથી ભગવાન આ ભૂમંડળમાં અવતાર ધારણ કરે છે. તે કાંઈ ઈન્દ્રજાળની ક્રિયા જેવું મિથ્યા કે ખોટું નથી, પરંતુ- ''**जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः। त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन !**'' ''મારાં જન્મ અને કર્મ તેને દિવ્ય-અલૌકિક છે, એમ જે તાત્ત્વિક-ખરી રીતે જાણે છે-સમજે છે; તો તે પણ દેહનો ત્યાગ કરીને પુર્નજન્મને નથી પામતો એટલું જ નહિ પણ હે અર્જુન ! તેવો જ્ઞાની તો મને જ પામે છે.'' એમ સર્વથા દિવ્ય અને બીજાઓના અભક્તોના સમજવામાં ન આવે એવું અલૌકિક અને સત્ય છે અને અવતાર ધારીને રહેલા હોય ત્યારે તેમાં પણ સર્વજ્ઞત્વાદિક અનંત કલ્યાણ ગુણોથી ભરપૂર હોય છે. પણ એ ગુણોથી રહિત નથી હોતા. એ ગુણોનો પ્રકાશ કરવો અગર ન કરવો, અગર ક્યાં ક્યારે કેવી રીતે કોની આગળ શા માટે કરવો ? એ સઘળું ભગવાનની પોતાની જ ઈચ્છા ઉપર અવલંબીને રહે છે. અને વળી ભગવાનને અવતાર ધારવામાં નિમિત્ત પણ મુખ્યત્વે સ્વેચ્છા જ હોય છે. પણ બદ્ધ જીવાત્માઓની પેઠે કર્મ નિમિત્ત નથી. તેમાંય વળી સાધુપરિત્રાણ અસુરવિનાશન અને એકાંતિક ધર્મનું સંસ્થાપન એ જ નિમિત્ત મુખ્યત્વે કરીને હોય

છે. અને અવાંતર- ''एककार्यार्थमागत्य कोटि कार्य करोति वै'' એક કાર્યને માટે આવીને પણ બીજાં કરોડો કામ ભગવાન કરે છે જ. વળી ભગવાન અવતાર ધારે છે. ત્યારે તે ધારેલો દેહ પણ પંચભૂતાત્મક ગુણમય નથી હોતો, પણ દિવ્ય-અપ્રાકૃત જ હોય છે. માટે અહીંયાં અવતાર ધારીને રહેલા ભગવાનની મૂર્તિ અને અક્ષરધામમાં રહેલી ભગવાનની મૂર્તિ એ બેમાં ભેદ જ નથી. સ્વરૂપ, સ્વભાવ, ગુણ વિભૂતિ અને ઐશ્વર્ય વિગેરેમાં એક લેશ પણ વૈષમ્ય-ન્યૂનાધિક ભાવ અગર ભિન્નતા નથી જ. આ બાબત ભગવાન શ્રી હરિએ સત્સંગિજીવનમાં ''स्वरुपाद्वैत'' નામના પ્ર. ૩ અ. ૨૯મા માં મુનિવર મુક્તાનંદ મહામુનિને ઘણી જ વિગતવાર સ્પષ્ટતાથી કહી છે.

પાંચમા અધ્યાયમાં – જ્ઞાનયોગથી જે સાધ્ય છે તે કર્મયોગથી પણ સાધ્ય જ છે. એમ ''यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते । एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति'' ''જે સ્થાન-પ્રાપ્તિ સાંખ્યનિષ્ઠાવાળા જ્ઞાનયોગનું આચરણ કરનારાઓએ પમાય છે. તે કર્મયોગ કરનારાઓએ પણ મેળવાય છે જ. એમ સાંખ્ય અને કર્મયોગ એ બન્નેને જે એક જ એકસરખું જ ફળ આપનારા એમ જે જુએ છે-જાણે છે. તેજ ખરું જુએ છે–જાણે છે.'' એ વિગેરે શ્લોકોથી કહેલું છે. વળી જ્ઞાનયોગમાં નિષ્ઠા રાખનારની અપેક્ષાએ કર્મયોગમાં નિષ્ઠા રાખનારને ફળ પ્રાપ્તિમાં શીઘ્રતા રહેલી છે. તેમ કર્મયોગ સુખેથી સાધી શકાય એવો સુગમ માર્ગ છે. અને તે ઉપરાંત કર્મ કરવામાં આવતું હોય તો પણ તેમાં અભિમાન ત્યાગથી અકર્તાપણાનું અનુસંધાન કેવી રીતે રાખવું તે પણ ''ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः'' ''કર્મમાત્ર ભગવાનને વિષે અર્પણ કરીને ફળાસકિત છોડી દઈને જે કર્મ કર્યા કરે છે. તે પાપથી લેપાતો નથી.'' એ વિગેરે શ્લોકથી કહેલું છે. અને આત્મજ્ઞાન દૃઢ થયા પછી તેમાં સ્થિતિભેદથી પડતા અવાંતર ભેદો પણ કહ્યા છે.

છઠ્ઠા અધ્યાયમાં – આત્મસ્વરૂપને જોવા-અનુભવવા ઈચ્છતો મુમુક્ષુ કે જે પરમાત્મદર્શનને પગથીએ અનુક્રમે ચઢવા ઈચ્છે છે તેવા સાધકને શમદમાદિક સાધનસંપત્તિ સિદ્ધ કરતા પહેલાં તેમાં સહાય કરનાર કર્મયોગનું જ સાધનપણું કહેલું છે. અને કર્મયોગની સંપત્તિ સિદ્ધ થયા પછી જ જ્ઞાનનિષ્ઠાની પરાકાષ્ઠાએ પહોંચવાના અવાન્તર માર્ગરૂપ યોગાભ્યાસમાં અધિકાર પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે. તે પછી ચાર પ્રકારની યોગપરિપાકની અવસ્થાઓ બતાવી છે. અને તેમાં સાધનભૂત અભ્યાસ અને વૈરાગ્યાદિક અવાંતર સાધનો બતાવ્યાં છે. યોગમાર્ગથી ભ્રષ્ટ થયેલાને કાળે કરીને જન્માંતરે પણ યોગફળની સિદ્ધિ બતાવી છે. અને સર્વ યોગ કરતાં પરમાત્મસ્વરૂપમાં

ભક્તિયોગનું સર્વશ્રેષ્ઠપણું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અને એવા ભક્તિયોગમાં જ ગીતાનું તાત્પર્ય છે. એમ પણ સમજાય છે.

સાતમા અધ્યાયમાં – પ્રથમ-જ્ઞાન-વિજ્ઞાન એ બન્નેને યથાર્થ કહેવાની પ્રતિજ્ઞા કરીને અને એ ઉપરાંત બીજું કાંઈ જાણવા યોગ્ય બાકી જ રહેતું નથી એમ કહીને પરમ પુરૂષ પરમાત્માની ઉપાસ્યતા કહી છે. ઉપાસના કરવા યોગ્ય તે પરબ્રહ્મનું સઘળા ચિત્-અચિત્ પદાર્થ-માત્રનું શેષિત્વ-સ્વામિત્વ, સર્વ જગતનું કારણત્વ, સર્વાધારતા, પરમાત્મા સર્વના શરીરી હોવાથી સર્વ વસ્તુમાત્ર તેનાજ પ્રકારભૂત અપૃથક્સિદ્ધ ધર્મરૂપે છે. માટે એ ધર્મભૂત પદાર્થના વાચક સર્વ શબ્દોથી એ પરમાત્મા જ વાચ્ય છે. પરમાત્માનું જ સર્વનિયંતાપણું, સર્વ કલ્યાણ ગુણગુણોથી ભરપૂર હોવાથી સર્વ થકી સર્વોત્કૃષ્ટપણું, ભગવાનની અસાધારણ શક્તિરૂપ માયાના સત્ત્વાદિક ગુણમય ભાવોથી જ તે પરમાત્મ સ્વરૂપનું તિરોહિતપણું-બીજાઓને યથાવસ્થિત ઓળખવા સમજવામાં ન આવવાપણું અને એ ભગવાનની જ એક-અનન્ય શરણાગતિથી તે માયાનું નિવૃત્ત થવાપણું, પૂર્વ સુકૃતના તારતમ્ય ભાવને લીધે ભગવાનનો આશ્રય કરવામાં વિવિધ વિચિત્રતાને લીધે આર્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી, અને જ્ઞાની એવા ભેદથી ભક્તોમાં ચાર પ્રકારના ભેદ કહ્યા છે. અને એ ચારમાં ભગવાનની એકની જ પ્રાપ્તિની ઈચ્છાવાળા ભગવાનના એકાંતિક ભક્તરાજ જ્ઞાની ભક્તનું શ્રેષ્ઠપણું કહ્યું છે.

આઠમા અધ્યાયમાં – ઐશ્વર્યાર્થી ભક્તોને, અક્ષરના યથાર્થ સ્વરૂપને સમજવામાં નિષ્ઠાવાળા અક્ષર ભક્તોને, તેમજ ભગવાનમાં નિષ્ઠાવાળા ભગવદ્ભક્તોને જાણવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય ભેદો જે સાતમા અધ્યાયને અંતે કહેવા આરંભ્યા છે, તેનો જ વિસ્તાર ઘણું કરીને પ્રતિપાદન કરવામાં આવ્યો છે. અર્થાત્ સાતમા અધ્યાયનો વિગતવાર વિસ્તારરૂપે જ આઠમો અધ્યાય છે એમ કહીએ તો પણ ચાલે.

નવમા અધ્યાયમાં – ભગવત્સાક્ષાત્કારમાં સાક્ષાત્ સાધનભૂત અને સાધનમાત્રના અંતિમ ફળરૂપ ભક્તિયોગનો પ્રકર્ષ કહ્યો છે. ભજનીયસ્વરૂપ ભગવાનનો-સર્વમાં વ્યાપકપણું, સર્વના પરમ આધારરૂપે રહેલા હલવાથી સર્વાધારપણું, સર્વમાં અંતર્યામિપણે રહેવાપણું અને સર્વના કારણપણે રહેવાપણું, એ વિગેરે અસાધારણ મહિમા કહ્યો છે. અને ભગવાન સર્વેશ્વર જ્યારે જ્યારે આ ભૂમંડળમાં અવતરે છે. ત્યારે ત્યારે પોતે સર્વ શક્તિમાન હોવા છતાં પણ માનુષ્યાદિક સજાતીય ભાવ-પૂરે પૂરો જણાવીને કોઈ પ્રકારનું અંતર નહિ રાખતાં સર્વથા સર્વ સુલભપણે વર્તવારૂપ ભગવાનનો પર ભાવ કહ્યો છે. અને પછી ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્તોને ભક્તિયોગ

વિશેષપણે સાધન સામગ્રીએ સહિત અતિ સ્પષ્ટતાપૂર્વક કહી બતાવ્યો છે. આ અધ્યાયમાં ભક્તિયોગ જ પ્રધાનપણે વર્ણન કરેલો છે એમ કહીએ તો પણ ચાલે.

દશમા અધ્યાયમાં – પાછલા અધ્યાયોમાં કહેલો જ ભગવાનનો કલ્યાણગુણયોગ ફરીથી વિસ્તારથી વ્યાખ્યાન કરેલો છે. અને આ કહ્યા એવા ભક્તિયોગની ઉત્પત્તિનેમાટે અને ઉત્પન્ન થયેલા ભક્તિયોગની ઉત્તરોત્તર વૃદ્ધિ થવાને માટે બુદ્ધિ આદિક સઘળા ભાવ-પદાર્થોની ભગવાન થકીજ ઉત્પત્તિ થાય છે. તેમજ ભૃગુઆદિક સાત મહર્ષિઓની તથા બ્રહ્મા અને સાવર્ણિ વિગેરે ચાર-ચૌદ મનુઓની પણ ભગવાન થકી જ ઉત્પત્તિ થાય છે. એમ કહ્યું છે. એ પછી અર્જુનના પૂછવાથી ભગવાનના ગુણ ચિંતવનની અનુકૂળતા માટે ભગવાનની મુખ્ય મુખ્ય વિભૂતિઓ વિશેષપણે કરીને વર્ણન કરવામાં આવી છે. અને તેથી જ વિભૂતિયોગ એવું આ અધ્યાયનું નામ છે.

અગીયારમા અધ્યાયમાં – ભગવાનના અનુગ્રહથી પ્રાપ્ત થયેલા દિવ્ય–અમાયિક ચક્ષુથી અર્જુને અનુભવેલો ભગવાનના ઈશ્વર-વિરાટ સ્વરૂપનો સાક્ષાત્કાર વિગેરેનો પ્રકાર વર્ણન કર્યો છે. અને તત્ત્વે કરીને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન સંપાદન કરવું, તે ભગવાનનો સાક્ષાત્કાર કરવો ત્યાં સુધીની જ્ઞાનપ્રાપ્તિમાં ભગવાનની એકાંતિકી ભક્તિનું જ સાધનપણું "**भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! । ज्ञातु द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप !**" આ શ્લોકથી યથાર્થ નિરૂપણ કર્યું છે.

બારમા અધ્યાયમાં – અક્ષરની ઉપાસના અને ભગવાનની ઉપાસના મધ્યે ભક્તિરૂપ જે ભગવદ્દુપાસના તેનું જ શ્રેષ્ઠપણું કહ્યું છે. અને અક્ષરની ઉપાસના કરનારાને ઘણો જ કલેશ અનુભવવો પડે છે.

કેમ કે આકાશ જેવા અવ્યક્ત અક્ષરની ઉપાસના કરવી અને આ ભૂતાકાશને જીભે કરીને સો વરસ સુધી ચાટ્યા કરવું એ બન્ને સરખું જ છે. માટે અક્ષરની ઉપાસનામાં કલેશ સિવાય બીજું શું હોય ? તે કહે છે કે "**क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम्**" "અવ્યક્ત અક્ષરમાં ચિત્ત પરોવનારાઓને તો અત્યંત કલેશ સિવાય બીજું કશુંય છે જ નહિ." એમ વિગતવાર નિરુપણ કર્યું છે.

તે પછી નિરતિશય પ્રેમપૂર્વક કરવામાં આવતું પરાનુરાગરૂપ ભગવદ્ધયાન કરવામાં અસમર્થ પુરુષને ભગવાનના કલ્યાણકારી ગુણોના અખંડ સ્મરણપૂર્વક તે ધ્યાનનો અભ્યાસ કરવાનો કહ્યો છે. તે ધ્યાનાભ્યાસ કરવામાંય જે અસમર્થ હોય તેને પ્રેમપૂર્વક ભગવત્પરાયણ જ સર્વ કર્મ કરવાનું કહ્યું છે. તેમાંય અસમર્થ હોય તેને સ્વસ્વરૂપના અવલોકનમાં સાધનભૂત શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાનનો અભ્યાસ કરવો

એમ કહ્યું છે. તેમાંય અસમર્થ હોય તેને આત્માનું યથાર્થ જ્ઞાન જેમાં રહેલું છે. અને ફળનો ત્યાગ કરવા પૂર્વક કર્મનું આચરણ કરવું તે રૂપ કર્મયોગમાં દઢ નિષ્ઠા રાખીને વર્તવું એમ કહ્યું છે. અને તે ઉપરાંત પોતાના ભક્તોનાં લક્ષણો કહેવાપૂર્વક પોતાનો ભક્ત જ પોતાને અતિ પ્રિય છે. એમ ભગવાને વારંવાર કહ્યું છે.

તેરમા અધ્યાયમાં – ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો વિભાગ, ક્ષેત્રના સ્વરૂપનું વિવેચન, ક્ષેત્રજ્ઞ-જીવાત્માની પણ ભગવદાત્મકતા, આ સંસારના બંધનથી મુકત થવાને માટે જ્ઞાતવ્ય-જાણવા યોગ્ય તત્ત્વનું અને જ્ઞાન-જ્ઞેયના વિભાગનું વિસ્તારપૂર્વક વિવેચન પ્રકૃતિ-માયા અને પુરુષ-જીવાત્મા એ બન્નેની અનાદિતા, તે બન્નેના સંસર્ગમાં હેતુ-કારણ અને તે બન્નેના વિવેકના અનુસંધાનનો પ્રકાર પણ વિગતવાર કહેવામાં આવ્યો છે.

ચૌદમા અધ્યાયમાં – દેવ-મનુષ્યાદિક વિવિધ વિચિત્ર ભૂત-પ્રાણીરૂપે વિવિધ પ્રકારે વર્તતા ગુણમય પ્રધાનમાં પ્રાણીઓનાં કર્મ પ્રમાણે જીવનરૂપ બીજને યોજવામાં ભગવાનની જ પ્રધાનતા, પોત-પોતાનાં કર્મ પ્રમાણે પ્રકૃતિથી સર્જાયેલા જીવાત્માઓને સત્ત્વાદિક ગુણોના સંબંધથી કેવી રીતે બંધપણુ છે. તેનો પ્રકાર-વિવેચન, મરણ સમયમાં સત્ત્વાદિક ગુણોના અનુક્રમે ઉદ્ભવ-વૃદ્ધિ અને અભિભવહ્રાસ તેના ભેદ પ્રમાણે જન્માંતરમાં થનારી ગતિનો ભેદ અને એ ત્રણ ગુણથી અતીત થયેલા ગુણાતીત પુરુષનું લક્ષણ-વર્તન તે પણ કહેવામાં આવ્યું છે.

પંદરમા અધ્યાયમાં – જીવાત્માઓને બંધનમાં નાખનારો, સત્ત્વાદિક ગુણમય-ગુણપ્રધાન, અતિ ઉંડા દઢ ચોટેલાં મૂળવાળા અને અશ્વત્થ-પીપળાના વૃક્ષની પેઠે નીચેને ઉપર સર્વત્ર પ્રસરેલા એવા આ સંસારરૂપ વૃક્ષની અસંગ-વૈરાગ્યરૂપ તીક્ષ્ણ શસ્ત્રથી છેદવામાં શક્યતા કહી છે. જ્યાં ગયા પછી અગર જેને પામ્યા પછી આ સંસૃતિમંડળમાં આવવાનું હોતું નથી એવા કોઈ પરમ સર્વશ્રેષ્ઠ અલૌકિક પરમ પદની શોધ કરવી અને તે પરમ પદનું સ્વરૂપ-લક્ષણ મહિમા વિગેરે અને ક્ષર-અક્ષર એ બન્ને પ્રકારના પુરૂષો થકી ભગવાનની અત્યંત વિલક્ષણતા એટલું જ નહિ, પરંતુ એ બન્ને થકી અતિ ઉત્તમતા હોવાથી ભગવાનનું પુરુષોત્તમપણું પ્રતિપાદન કર્યું છે.

સોળમા અધ્યાયમાં – દૈવી અને આસુરી એ બન્ને સંપદ્‌નો વિભાગ કહ્યો છે. અને તેમાં ''दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता'' એમ દૈવી સંપદ્‌ની બંધવિમોચકતા અને આસુરી સંપદ્‌ની અધોગતિમાં હેતુતા કહી છે.

સત્તરમા અધ્યાયમાં – સત્ત્વાદિક ગુણોના ભેદથી શ્રદ્ધા, યજ્ઞ, તપ અને દાનાદિકની સાત્ત્વિકાદિક ભેદરૂપે ત્રિવિધતા વિગતવાર કહી છે. તેમજ આહારનું પણ ત્રિવિધપણું કહ્યું છે. અને વેદવિહિત કર્મનું પણ નિર્દેશ કરીને ત્રિવિધપણું કહ્યું છે.

અઢારમા અધ્યાયમાં – આત્યંતિક શ્રેયના સાધનપણે તે તે ઠેકાણે કહેલા ત્યાગનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. અને તે ત્યાગની નિઃશ્રેયસના સાધનપણે કહેલા સંન્યાસની સાથે એકાર્થતા-એકરૂપતા જ કહેલી છે. અર્થાત્ એ ત્યાગ અને-સંન્યાસ બન્ને એક જ છે. સર્વ કર્મની સિદ્ધિમાં સાધનપણે કહેલાં અધિષ્ઠાનાદિક પદાર્થોમાં દૈવ શબ્દથી કહેવામાં આવેલા પરમાત્માનું પ્રાધાન્ય કહેવામાં આવ્યું છે. કરવામાં આવતાં કર્મોમાં પરમાત્માને વિષે જ કર્તાપણાના અનુસંધાનના જ્ઞાનનું, કર્મનું અને કર્તાનું ગુણભેદથી ત્રિવિધપણું કહ્યું છે. તેમજ બુદ્ધિ અને ધૃતિનું પણ ત્રિવિધપણું કહ્યું છે. બ્રાહ્મણાદિક વર્ણોના નિયત કરેલા ગુણભેદ પ્રમાણે સ્વભાવભેદને અનુરૂપ શમ-દમાદિક ગુણરૂપ કર્મનો ભેદ કહેવામાં આવ્યો છે. અને પોતાના સહજ સ્વભાવથી કરાતાં કર્મોથી ઈશ્વરની આરાધના કરનારાઓને ઇચ્છિત ફળની સિદ્ધિ થાય છે તે પછી સત્ત્વગુણની ઉપાદેયતા અને તેનાથીજ જ્ઞાન-નિષ્ઠાની સિદ્ધિ થાય છે એમ કહ્યું છે. અને છેવટમાં આ સમગ્ર ગીતાશાસ્ત્રના પરમ રહસ્યરૂપ ભક્તિયોગની ભગવત્પ્રાપ્તિમાં સાધનતા કહી છે. અને સર્વ શાસ્ત્ર માત્રના સારરૂપ ભગવત્ શરણાગતિનો ''**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज !**'' આ વાક્યથી ઉપદેશ કર્યો છે. અને પ્રપત્તિ એ જ ભગવાનની માયાને તરવાનો પરમ ઉપાય છે એમ તો ભગવાને પ્રથમથી જ- ''**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**'' એ વાક્યથી ઉપદેશ કરેલો છે. અને એ જ સર્વ શાસ્ત્રનો અને આ ગીતા શાસ્ત્રનો પણ પરમ સારભૂત ઉપદેશ માનેલો છે.

હવે આ શરણાગતિ અગર પ્રપત્તિ શબ્દથી કહેવામાં આવતું ભગવાનની પ્રસન્નતાનું સાધન તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

આ સંસારમાં અવિરતપણે બળતા અધ્યાત્માદિક ત્રણ તાપોના આઘાતને સહન નહિ કરી શકતાં, પરમ અમૃતમય મૂર્તિ પુરાણ પુરુષ ભગવાન શ્રીનારાયણરૂપ પરમ આનંદના મહાસાગરને જોઈને તેમાં ડૂબકી ખાવા દોડી જવા માટે ચોતરફ માર્ગની શોધા-શોધ કરતાં, દૂરથી પરમેશ્વરના સ્વરૂપમાં ચિત્તનું પ્રણિધાન કરવારુપ, અનેક મુમુક્ષુ જનોએ સેવેલા મહામાર્ગને જોઈને, પરંતુ તેમાં તો કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગના ઘુંચવણીવાળા લાંબા લાંબા મોટા મોટા વિભાગોવાળા માર્ગોના ફાંટા જોઈને અને તેમાં પણ એકબીજાનું પૂર્વાપર સાપેક્ષ અનુસંધાન રાખવાનું હોવાથી અતિ ગહન મોટાં મોટાં વિઘ્નોવાળા એ માર્ગમાં પોતાનો અધિકાર નથી એમ માનીને એ માર્ગથી નિવૃત્તિ પામતાં, પછી સર્વ પ્રાણીમાત્રના હૃદયમાં અખંડ વસી રહેલા પોતાની પાસે જ જણાતા. આશ્રય કરવા માત્રની સાથે જ સર્વ સંતાપ માત્રને એકદમ સર્વથા

હરનારા, ઘાટી છાયાવાળા મહાવૃક્ષની પેઠેજ સન્નિધિમાત્રથી જ મહાશાંતિ કરનારા, અમૃતમય પરમ પ્રાપ્યસ્વરૂપ પોતે જ હોવાથી અંતિમ પ્રાપ્યરૂપ એવા પરમાત્માને જોઈ-જાણીને અને તેમની સેવા કરવી એ તો પોતાને સ્વભાવ પ્રાપ્ત સહજ સિદ્ધ હોવાથી તેમાં રસિકતા પ્રાપ્ત થવાના પૂર્વ ભાગ્યવિશેષથી જેમને રૂચિ થયેલી છે અને તેથી જ પોતાના સ્વામીની આજ્ઞાનું અનુવર્તન કરવાના જ એક સ્વભાવવાળા હોવાથી તે ભગવાનને ગમતું ન હોય તેનાથી સર્વથા નિવૃત્ત થયેલા અને ભગવાનના ગમતામાં વર્તવાના સંકલ્પપૂર્વક પ્રવર્તેલા અને મહાવિશ્વાસપૂર્વક પોતાના સ્વામી, સર્વજ્ઞ, સર્વશક્તિસંપન્ન, સત્યસંકલ્પ, અને વાત્સલ્યાદિક સકળ કલ્યાણ ગુણોના સમૂહથી પરિપૂર્ણ ભરેલા સાગરસમા પરમ પુરુષ ભગવાન વાસુદેવને શરણે વર્તનારા એવા અનેક મુમુક્ષુ શરણાગતોએ સેવેલો અને પોતાને પણ અનુરૂપ થઈ શકે એવો એ પ્રપત્તિ માર્ગ જોઈ-જાણીને, પછી પોતાના મનના માન્યા સઘળા આરંભો જેણે છોડી દીધા છે. અને બન્ને બાજુએ ભડકાબંધ સળગતા કાષ્ઠની મધ્યે આવેલા કીડાની માફક-જન્મ-મૃત્યુની મધ્યે તરફડીયાં મારતો અને અત્યંત ભયભીત બની ગયેલો હોઈને મહા ઉદારમૂર્તિ પોતાના સ્વામી શ્રીમન્નારાયણ ભગવાનના વાત્સલ્યાદિક મહાગુણોને સંભારતો થકો વત્સ જેમ પોતાની માતાના તરફ નિઃશંકપણે દોડી જાય છે એમ એ શરણાગત-મુમુક્ષુ પણ ભગવાનને શરણે દોડી જાય છે. તેવા શરણાગતનો મુક્તિને માટે જે આ પ્રસિદ્ધ માર્ગ છે. તેને શાસ્ત્રમાં તે તે ઠેકાણે પ્રપત્તિ એવા નામથી પ્રતિપાદન કરવામાં આવે છે.

આ પ્રપત્તિનો ખરો અર્થ એ છે કે, "આ સંસૃતિમંડળમાં પોતાની રક્ષા કરે એવી કોઈ પણ ગતિને નહિ મેળવનાર માણસ વાત્સલ્યાદિક મહાગુણગણોના મહાસાગરસમા અતિ ઉદાર સ્વભાવના પુરુષોત્તમ ભગવાનની સમીપમાં જઈને– "त्वमेवोपायभूतो मे भव !" "તમે જ મને ઉપાય રૂપ થાઓ !" આવી જે દીનતાપૂર્વક ગદ્‌ગદ થઈને પ્રાર્થના કરવી એનું જ નામ પ્રપત્તિ છે. અને એ જ શરણાગતિ એવા શબ્દથી પણ કહેવાય છે. આ અર્થને કહેનારું આ પ્રમાણે પ્રમાણ-વચન છે.

"अनन्यसाध्ये स्वाभीष्टे महाविश्वासपूर्वकम् ।
तदेकोपायतायाच्ञा प्रपत्तिः शरणागतिः" ।

એક બીજું વચન પણ આજ અર્થને કહેનારૂં આ પ્રમાણેનું છે.

"अहमस्म्यपराधानामालयोऽकिञ्चनोऽगतिः ।
त्वमेवोपायभूतो मे भवेति प्रार्थनामतिः ।।
शरणागतिरित्युक्ता सा देवेऽस्मिन् प्रयुज्यताम्" ।

અભિપ્રાય એ છે કે અમુક પ્રકારની અંતઃકરણના ભાવપૂર્વકની પ્રાર્થના એ જ પ્રપત્તિ છે. આવી પ્રાર્થના એટલે''હું સમર્થ છું, તે આ મારૂં કાર્ય હું મારા સામર્થ્યથી જ સિદ્ધ કરીશ. એવા સ્વતંત્રપણાના અભિમાનથી પોતાને માથે આરોપેલા ભારને ત્યાગ કરીને પોતાનું અકિંચનપણું અનુસંધાન કરીને ''તમેજ મારે ઉપાયભૂત થાઓ !'' એવી પ્રાર્થના કરવાપૂર્વક ''तदयं तव पादपद्मयोरहमद्यैव मया समर्पितः'' ''આ શરીરાદિકમાં ભિન્ન ભિન્ન ભાવના પ્રમાણે મનાતો જે કોઈ આત્મા પદાર્થ છે. તે આપના ચરણકમળમાં મેં સમર્પણ કરી દીધો છે.'' આવી રીતે પરસ્વરૂપ પરમાત્માને વિષે અર્પણ કરવો. અને આ પ્રમાણે જ વસ્તુસ્થિતિ હોવાથી શરણાગતિનું સ્વરૂપ નિરૂપણ કરવા પ્રવર્તેલાં વચનોમાં આત્મનિક્ષેપ પણ ગણનામાં લીધેલો છે. અને મુખ્યત્વે એ આત્મનિક્ષેપ એજ શરણાગતિ છે. અને એ આત્મનિક્ષેપ તે અંગી છે. અને તેનાં અવાંતર બીજાં પાંચ અંગ વર્ણન કરેલાં છે. આ પાંચ અંગ સાથે છઠ્ઠો અંગી-આત્મનિક્ષેપ એ જ મુખ્ય શરણાગતિ છે.

જાુઓ આ વચન એમજ કહે છે– ''आत्मात्मीयभरन्यासो ह्यात्मनिक्षेप उच्यते''।

આ શ્લોકમાં આત્મા અને આત્મીય વસ્તુમાત્રના ભારનો ન્યાસ ભગવાનને વિષે જ કરી દેવો. એ આત્મનિક્ષેપ કહેવાય છે. અને એ આત્મનિક્ષેપ પર્યાય વાચક શબ્દ જેનો છે. એવો ન્યાસ એ પાંચ અંગે સંયુક્ત છે. માટે તે પોતાના પાંચ અંગોથી આવૃત-યુક્ત એવી પ્રપત્તિ ભગવાનને વિષે કરવી. તે કહે છે-

''निक्षेपापरपर्यायो न्यासः पञ्चाङ्गसंयुतः ।
प्रपत्तिं तां प्रयुञ्जीत स्वाङ्गैः पञ्चभिरावृताम्'' ॥

આ વચનથી એ આત્મનિક્ષેપ રૂપ પ્રપત્તિને બીજાં પાંચ ત્તિંતર અંગનો સંબંધ– વિભાગ જણાય છે. એ પાંચ અંગ તે આ પ્રમાણે છે– ''आनुकूल्यस्य सङ्कल्पः प्रातिकूल्यस्य वर्जनम् । रक्षिष्यतीति विश्वासो गोमृत्ववरणं तथा ॥ आत्मनिक्षेपकार्पण्ये षड्विधा शरणागतिः'' ભગવાનને ઉપાયપણે જ જ્યારે આશર્યો ત્યારે તો પોતાને બીજી ગતિ જ નહિ હોવાથી પોતાના શરણ્ય ભગવાનને અનુકૂળ વર્તવું તેથી બીજું અનુકૂળ એને હોય જ નહિ. જેને શરણે રહ્યો તેની સેવામાં સર્વથા પ્રીતિમાન અને અનુકૂળ રહેવું જ જોઈએ. એ શરણાગતનું મુખ્ય લક્ષણ છે. માટે અનુકૂળ વર્તવાનો દૃઢ સંકલ્પ એ એક અંગ છે.

બીજું અંગ-પ્રતિકૂળ વર્તવાનું છોડી દેવું. એટલે કે-ભગવાનને જે ગમતું ન હોય તેનાથી નિવૃત્તિ પામવું. ભગવાનને શરણ પામનારા શરણાગત જનોએ ભગવાનની આજ્ઞારૂપ શાસ્ત્રમાં નિષેધ કરેલા નિયમો પ્રમાણે તેનાથી નિવૃત્ત થવું જોઈએ. અને

વિહિત ધર્મોમાં યથાયોગ્ય કૈંકર્ય-વૃત્તિએ યુક્ત વર્તવું જોઈએ. નહિ તો આજ્ઞા-અનુવૃત્તિમાં ફેર પડવાથી પ્રપત્તિનો જ ભંગ થઈ જાય, અર્થાત્-એ પ્રપન્ન જ ન કહેવાય. માટે પ્રાતિકૂલ્યનું વર્જન એ બીજું અંગ છે.

ત્રીજું અંગ-એ ભગવાન મારી રક્ષા કરશે જ એવો મહાવિશ્વાસ છે. એક તરફ પોતાનું અતિશય પાપ જોતાં અને બીજી તરફ પોતાને ઇચ્છિત પરમ પુરુષાર્થનું ગૌરવ જોતાં સ્વાભાવિક જ એમ શંકા થાય કે-''એ ભગવાન મારા જેવા પાપના પહાડ જેવા અપરાધીની રક્ષા કેમ કરે ?'' અને આવી અતિ શંકા રાખે તો ઉપાયથી ચલાયમાન થઈ જાય. માટે ભગવાનનો મહાવિશ્વાસ અવશ્ય જોઈએ કે, ''આ મારા સમર્થ સ્વામી પરમ વત્સલ પરમ ઉદાર પરમેશ્વર મારી રક્ષા કરશે જ.'' આવો પરમેશ્વરનો જે મહાવિશ્વાસ એ પ્રપત્તિમાં અવશ્ય જરૂરી હોવાથી એનું ત્રીજું અંગ માનેલું છે.

ચોથું અંગ-ગોપ્તૃત્વવરણ છે. જે-''તમેજ મારે ઉપાયભૂત થાઓ !'' આવી પ્રાર્થના કરવી એ છે. ભગવાન પરમ પુરૂષ પરમાત્મા પોતે પરમ ઉદાર છે. અને ઘણું જ આપી દે એવા છે. તો પણ જો આ શરણાગત ચેતન ભગવાનની પ્રાર્થના ન કરે તો એ પરમેશ્વર સ્વયંમેવ કેવી રીતે ઉપાયભૂત થઈને પરમ પુરુષાર્થ આપે ? અને ભગવાનનો તો એવો સંકલ્પ છે કે, જે જે માણસ સાક્ષાત્ અથવા પરંપરાએ પણ જે જે વસ્તુની માગણી કરે, તે તે આપવાને માટે પોતે તૈયાર જ છે. અને દાતાનો સ્વભાવ પણ એવો હોય એ સમુચિત છે, કે યાચક જે માગે તેજ આપવું જોઈએ. કેમકે, વગડામાં રહેનારી જંગલી ભીલડી-સ્ત્રી ગુંજાની માળાઓથી જેવી ખુશી થાય, તેવી મહામૂલ્યવાળાં રાજા-મહારાજાઓને ધારણ કરવા યોગ્ય રત્નોથી પણ નહિ જ થાય. માટે જેને જે ઇચ્છિત અને યોગ્ય હોય એ જ આપવું જોઈએ. એમ દાતાઓનો સ્વભાવ છે. અને જો એમ ન કરે તો દાતાની અનભિજ્ઞતા ગણાય. માટે ભગવાનની આગળ સ્વરક્ષાની પ્રાર્થના કરવી જ જોઈએ. અને નહિ તો લોકમર્યાદાનો પણ ભંગ થાય. માટે જ ભગવાન રક્ષાની અપેક્ષા હોવાની પણ વાટ જુએ છે. માટે ગોપ્તૃત્વવરણ-રક્ષા કરવાની પ્રાર્થના કરવી એ ચોથું અંગ છે.

પાંચમું અંગ-આત્મનિક્ષેપ છે. એનું વિવેચન પ્રથમ થઈ ગયું છે.

હવે-છઠ્ઠું અંગ કાર્પણ્ય-દૈન્ય છે. જેને અકિંચનતા કહે છે. એટલે કે જ્યાં સુધી ભગવાન સિવાય બીજા ઉપાયોમાં એને ઉપાય બુદ્ધિ રહે છે. ત્યાં સુધી એને ભગવાનરૂપ ઉપાયની સિદ્ધિ જ થતી નથી.

આ પ્રપત્તિ માર્ગ તો અકિંચનોનો જ છે. માટે એમાં પોતાનું સર્વસ્વ બળ સર્વથા હારી જઈને એક ભગવાનનું જ બળ રાખે તોજ એ ખરો પ્રપન્ન કહેવાય. અને એને

તો- ''वासुदेवः सर्वमिति'' ''त्वमेव सर्व मम देवदेव !'' આ વચનો પ્રમાણે સર્વ કંઈ ભગવાન જ હોય છે.

હવે અહીંયાં- ''षड्विधा शरणागतिः'' એમ શબ્દ હોવાથી શરણાગતિ છ પ્રકારની છે. એમ નથી સમજવાનું પણ આનુકૂલ્યસંકલ્પ વિગેરે પાંચ અંગે યુક્ત આત્મનિક્ષેપ રૂપ એક જ શરણાગતિ છે. અને તેથી જ આ પ્રમાણેનું વચન પણ છે.

''कृतानुकूल्यसंकल्पः प्रातिकूल्यं विवर्जयन् ।
विश्वासशाली कृपणः प्रार्थयन् रक्षणं प्रति ।।
आत्मानं निक्षिपति यत् विप्रदेवस्य पादयोः, सा प्रपत्तिः'' ।।

ભગવાનને સર્વથા અનુકૂળ વર્તવાનો દૃઢ સંકલ્પ જેણે કરેલો છે. ભગવાનને પ્રતિકૂળ જણાતી હર કોઈ પ્રકારની સ્થિતિ, સ્વભાવ કે વસ્તુ એ સર્વનો પરિત્યાગ કરતો, ભગવાનમાં દૃઢ મહાવિશ્વાસ પામેલો, કૃપણ-સર્વથા દીન આધીન ગરીબ થઈને ભગવાનને વશ વર્તનારો, અને સ્વરક્ષણ માટે ભગવાનની જ પ્રાર્થના કરનારો, આ પ્રમાણે વર્તતો થકો પોતાના આત્માને—આત્મા—આત્મીય આદિક સર્વસ્વને વિપ્રદેવ ભગવાનના પાદારવિંદમાં જે સર્વથા અર્પણ કરી દેવું. એનું નામ પ્રપત્તિ છે એમ જાણવું. આ વચનમાં ''एवम्भूतः सन्नात्मानं निक्षिपति यत् सा प्रपत्तिः'' આવો નિર્દેશ હોવાથી અંગ-અંગીભાવ સ્પષ્ટ જણાય છે. આ સઘળો અર્થ યામુનાચાર્ય વિરચિત-સ્તોત્રમાં એકજ શ્લોકથી આપણને સ્પષ્ટ સમજાય એમ વર્ણન કરેલો છે.

''वपुरादिषु योऽपि कोऽपि वा गुणतोऽसानि यथातथाविधः ।
तदयं तव पादपद्मरहमद्यैव मया समर्पितः'' ।।

''કેટલાક આ જગત્‌માં તો શરીરને જ આત્મા માને છે. કેટલાક ઈન્દ્રિયોને જ આત્મા માને છે. કેટલાક બુદ્ધિને આત્મા માને છે. ત્યારે કેટલાક ચેતન-જીવાત્માને આત્મા માને છે, અસ્તુ. આ ઉપર કહેવા પ્રમાણે આ શરીર આદિકમાં જે કોઈ આત્મા-વસ્તુ હોય, અને વળી ગુણે કરીને-ગુણથી પણ હું જેવો-તેવો પાપી, અધમ, કે અવગુણ-અપરાધનો ભંડાર હોઉં, તે આ અહમ્-અર્થથી કહેવાતો મારો આત્મા આપના ચરણકમળમાં મેં હમણાં જ સર્વથા સમર્પણ કરી દીધો છે. અર્થાત્ આપનો જ કિંકર-આધીન વર્તનારો છે. પણ એમાં હું કે મારું કાંઈ છે જ નહિ.''

આ પ્રપત્તિના સંબંધમાં શાસ્ત્રમાં અનેક પ્રકારે અનેક સ્થળે બહુ-બહુ વિસ્તારથી પૂર્વના ભક્તિમાર્ગના પ્રવર્તક આચાર્યો-તેમજ પરમ ભક્ત મહાપુરુષોએ વિવેચન કરેલું છે. તેમાંથી આ તો મહાસાગરમાં ચકલીના ચંચુપ્રવેશની માફક સહજસિદ્ધ અતિઅલ્પ માનવમતિના મહા પ્રયાસથી અત્યલ્પ કહેવા પ્રયત્ન કરેલો છે. માટે આ

પ્રપત્તિ માર્ગનું સ્વરૂપ વિસ્તારથી યથાવસ્થિત જાણવાની ઇચ્છાવાળા સુજ્ઞજનોએ શિક્ષાપત્રીભાષ્યમાં આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજે તથા ભક્તિસૂત્રભાષ્યની ટીકામાં સદ્‌ગુરુ સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજીએ વિસ્તારથી વિવેચન કરેલું છે. તો તે ગ્રંથોમાંથી જાણી લેવું.

હવે આ ગીતાનું આ ભાષ્ય પરમપૂજ્ય સદ્‌ગુરુવર્ય શ્રી ગોપાળાનંદસ્વામીએ સ્વાભિમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતાનુસારે આ સંપ્રદાયમાં શ્રીજીએ અતિ પ્રમાણભૂત માનેલા વેદાદદિક આઠ ગ્રંથો પૈકીનો એક અતિ મહત્ત્વનો ગ્રંથ હોવાથી ભાષ્ય રચેલું છે. આ ભાષ્યમાં સ્વામીએ શ્રી મદ્રામાનુજાચાર્યજીએ જેવી રીતે વિશિષ્ટાદ્વૈત વાદને સિદ્ધ કરવા તદનુસારે ભાષ્ય રચ્યું છે. તેજ પ્રમાણે આ ભાષ્ય પણ એજ પદ્ધતિએ રચવામાં આવ્યું છે. તેમાં ભાષ્યકર્તા સ્વામીએ ક્યાંઈક ક્યાંઈક સ્વાભિમત અર્થ પ્રકાશ કરવા કેટલાક અર્થોમાં ફેરફાર અથવા પ્રકારાંતરે ભાવ વર્ણન કર્યો હોય તો તે વાચકોએ યથાયોગ્ય સમજી લેવો. પણ એવા વર્ણનભેદથી સિદ્ધાંતમાં તો લવ-લેશ ભેદ છે જ નહિ. એ નિશ્ચિતપણે જાણવું અને તેથી જ આ ભાષ્ય અને ટીકા વડતાલ સંસ્કૃત પાઠશાળાના પ્રધાન પંડિત વિદ્વત્શિરોમણિ એમ્બાર શ્રી કૃષ્ણમાચાર્યજી પાસે શોધાવી-સુધરાવીને જ યથાયોગ્ય ભાષાંતર સાથે છપાવવામાં આવ્યું છે. અને આ ભાષાંતર કરતી વખતે પણ એમની વખતો વખત સલાહ-સૂચના પ્રમાણે જ સુધારો વધારો કરવામાં સંપૂર્ણ સાવધાનતા રાખીને કાળજીપૂર્વક આ ભાષાંતર કરેલું છે. ભાષાંતરની ભાષાની સરળતા અને સુગમતા પણ અનેક સુજ્ઞ સંત-ભક્તોની સૂચનાને માન આપીને સહુ-કોઈને સહેલાઈથી સમજી શકાય એવું સાદી ભાષામાં કરવા ખાસ ધ્યાન રાખ્યું છે. અને તે અમારો અલ્પમતિનો પ્રયાસ કેટલે અંશે સફળ થયો છે. તે તો વાચકોની વાચન શક્તિને આભારી છે. એટલે વાચકોના સંતોષથી જ એની સફળતાનું પ્રમાણ કલ્પી શકાય.

આ ગીતાભાષ્યની ''गीतागूढार्थदीपिका'' નામે, સંસ્કૃત ટીકા સદ્‌ગુરુ શ્રી શુકાનંદસ્વામીએ પોતે જ સ્વામીના અભિપ્રાયને યથાર્થ સાંભળવા અને સમજવા પ્રમાણે રચેલી છે. અને તેમનો અનુભવ પણ તેમણે વર્ણન કરેલો છે. અને તેના નામ પ્રમાણે ગીતાના ગૂઢ અર્થને યથાર્થ ઉકેલવામાં અને પ્રકાશ કરવામાં દીપિકાને તુલ્ય સર્વથા સમર્થ છે જ. અને તે કેવી ગંભીરાર્થ પૂર્ણ અને સરસ સરલ ભાષામાં છે. તે તો સંસ્કૃત ભાષાના અભિજ્ઞ જનોને જ યથાર્થ સમજાય એવું છે. એટલે તેને માટે વાગ્વ્યાપાર વિસ્તારવો તે અસ્થાને છે, તે તો સ્વાનુભવથી જ સ્વાનુભૂત થશે.

આ ગીતા પુસ્તક શ્રી સયાજીવિજય પ્રેસમાં પ્રથમનાં બે પુસ્તકોની પેઠે જ ઉત્તમોત્તમ ચોપન રતલી કાગળ ઉપર જ છાપવામાં આવ્યું છે. અને છાપવાના કામમાં પણ પ્રેસના વ્યવસ્થાપકોએ તેમજ અમોએ પણ સમય સમય પ્રમાણે પાસે રહીને જેમ બને તેમ સારું કામ થાય તેને માટે પૂરતી કાળજી રાખી છે. આ પુસ્તકના કાગળો અને છાપકામ કેટલું સુંદર અને સરસ છે તે તો સુપ્રેક્ષકોને સ્વપ્રેક્ષાથી જ પ્રત્યક્ષ થશે.

આ ગ્રંથ છાપવાનો આરંભ કર્યે લગભગ આજે સાડા ચાર વર્ષ જેટલો મોટો સમય થઈ ગયો છે. આ પુસ્તકના છાપકામ દરમિયાન પ્રેસમાં ઘણાં અગત્યનાં કાર્યો આવી પડવાથી કેટલાક વખત પ્રેસ તરફથી ઢીલ થઈ છે, તેમજ કયારેક અમારે પણ એવાં જ અણધાર્યાં કાર્યોનો પ્રસંગ આવી પડવાથી અમારા તરફથી પણ ઢીલ થયેલી છે. તે અમારે કબૂલ કરવું જ જોઈએ. પરંતુ આખરે ભગવાન શ્રીહરિની ઈચ્છા પ્રમાણે આ પુસ્તક તૈયાર કરીને અમો સત્સંગને ચરણે સમર્પણ કરવા ભાગ્યશાળી થયા છીએ. એ આનંદની વાત છે.

આ કાર્યમાં થયેલી ઢીલને માટે સત્સંગના નેતાઓ તેમજ સુજ્ઞ સંત-સત્સંગીઓ વિગેરે પણ અમને ક્ષમા આપશે એમ અમો અંતઃકરણથી ઈચ્છીએ છીએ.

આ પુસ્તકમાં ભાષ્યપ્રબંધના પ્રણેતા સમર્થ સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીનો ફોટો એક ગીતાભાષ્ય શ્રીહરિને સમર્પણ કરતો શ્રીહરિ સાથેનો તથા બીજો સ્વામી એકલાનો એમ બે ફોટા મુક્યા છે. તથા સત્સંગના વિદ્યમાન ધુરંધર નેતા સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી ૧૦૮ આનંદપ્રસાદજી મહારાજશ્રીનો ફોટો મુક્યો છે. અને એક અર્જુનને ગીતોપદેશ કરતા શ્રીકૃષ્ણ રથમાં બેઠેલાનો ફોટો મુક્યો છે.

અમારે દીલગીરી સાથે જાહેર કરવું પડે છે કે અમોએ આ પુસ્તકમાં મુકવા માટે ગોરખપુર ગીતા પ્રેસમાં છાપેલા ફોટા મંગાવ્યા પણ તેઓ અમને એ છાપેલા ફોટા તૈયાર આપી શક્યા નહિ, તેથી અમો આ પુસ્તકમાં બીજા વધારે ફોટા મુકી શક્યા નથી.

આ પુસ્તક છપાવવાના કાર્યમાં હરહંમેશ અમારી સાથે રહીને અમને સલાહ-સૂચના આપીને તન-મનથી અમૂલ્ય સહાય કરનારા અમારા પરમ સ્નેહી પુરાણી શ્રી હરિકૃષ્ણદાસજીનો અમો હૃદયથી તેમનો સદાને માટે ઉપકાર સાથે આભાર માનીએ છીએ.

તે ઉપરાંત આ પુસ્તકના કાર્યમાં અમને જેમણે જેમણે જેટલા જેટલા અંશમાં સહાય સલાહ આપી હોય તે સર્વનો ઉપકાર માનીને તેમના તરફ આભારની લાગણી જાહેર કરીએ છીએ.

**— સાધુ કૃષ્ણસ્વરૂપદાસ, વડતાલધામ**

जयतु भगवान् श्रीस्वामिनारायणः ।

# गीताभाष्यप्रणेता मूल अक्षरमूर्ति श्रीगोपालानन्दस्वामीनुं

## जीवन-चरित्र

त्र्यन्ताद्येकवेद्यं परमखनिलयं नैककोट्यण्डनाथम्
हृत्पद्मे योगशुद्धे भजति हि सततं स्वामिनारायणं यः ।
गीताभाष्यप्रणेता सकलशुभगुणः सर्वसद्वृन्दवन्द्यो
गोपालानन्दनामा स जयति सहजानन्दशिष्याग्रगण्यः ॥१॥
भगवत्सहजानन्दपादपद्माश्रितं सदा ।
गोपालानन्दनामानं योगिराजमहं श्रये ॥२॥

વેદત્રયીના શિરોમણિસમાન સારભૂત બ્રહ્મવિદ્યા આદિક શાસ્ત્રોથી જ જે એક જાણવા-સમજવા યોગ્ય છે. પરમ આકાશ અક્ષરબ્રહ્મ ધામમાં જે અખંડ વિરાજમાન રહે છે. અને જે અનેક કોટિ બ્રહ્માંડોના નાથ-સ્વામી છે. આવા પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને યોગસિદ્ધિથી સર્વથા શુદ્ધ થયેલા પોતાના હૃદયકમળમાં જે અખંડ ભજે છે. જે પોતે આ ભગવદ્ગીતાના ભાષ્યના પ્રણેતા-રચનારા છે. સાધુતા આદિક તેમજ જ્ઞાન-વૈરાગ્યાદિક સઘળા શુભ ગુણો જેમાં અખંડ વાસ કરી રહેલા છે. સકળ સાધુ જનોનાં વૃન્દોએ જે નિરંતર વંદન-પૂજન અને સેવન કરવા યોગ્ય છે. અને શ્રીસહજાનંદસ્વામી ભગવાનના સકળ શિષ્યોમાં જે અગ્રગણ્ય-સર્વશ્રેષ્ઠ અને સર્વમાન્ય છે. આવા તે શ્રી ગોપાળાનંદસ્વામી નામે પ્રસિદ્ધ મુનિરાજ આ લોકમાં જયકારી વર્તે છે. ॥૧॥

સર્વાવતારી ભગવાન શ્રી સહજાનંદસ્વામીના ચરણકમળને અખંડ આશરેલા એવા શ્રી ગોપાળાનંદસ્વામી નામે પ્રસિદ્ધ યોગિરાજને હું સદાય આશરું છું-અનુસરું છું. ॥૨॥

### -: જન્મસ્થાન-માતા-પિતા :-

આ ભારત ભૂમિના મધ્ય પ્રદેશમાં ઈડર રાજ્ય પ્રદેશમાં એક ટોલડા નામે પ્રસિદ્ધ ગામ છે. તે ગામ ઈડરના ગઢથી પૂર્વ દિશામાં આશરે પંદરેક ગાઉ દૂર આવેલું છે. જે ગામમાં અદ્યાપિ આ ચરિત્રમાં વર્ણવેલા યોગિરાજના આવિર્ભાવથી પવિત્રતા

અને ખ્યાતિને પામેલું બ્રાહ્મણકુળ દિવસે દિવસે વૃદ્ધિને જ પામતું રહે છે. અને વળી જે ગામ પણ આ યોગિરાજના આવિર્ભાવથી પવિત્રતાને પામીને પ્રસિદ્ધ થયેલું છે. આ યોગિરાજના પિતા માધ્યન્દિની શાખાના અને ઔદિચ્ય કુળને દીપાવનારા-મુક્તાહારના અલંકારસમાન અન્વર્થ મોતીરામ નામે પ્રસિદ્ધ હતા. અને કુશળાદેવી નામે પ્રસિદ્ધ એમનાં માતા હતાં.

**-: જન્મસમય અને નામકરણ :-**

સંવત્ ૧૮૩૭ના માઘ માસની શુકલા અષ્ટમીએ સકળ વિશ્વને પ્રકાશ આપનારા ભગવાન ભાસ્વાન્ ઉદય પામ્યે સતે સકળ આશ્રિત જનોના આન્તર તમને હરનારા અને જ્ઞાન-પ્રકાશને આપનારા અપર ભાનુજ હોયને શું ? એમ પોતે પ્રગટ થયા હતા. આ મહાપુરુષનું નામ સકળ પુરુષાર્થને સાધવામાં અને પ્રગટ ભગવાનને પ્રસન્ન કરવામાં કુશળતાને સૂચવનારૂં અન્વર્થ નામ કુશળ ભટ્ટ (ખુશાલ ભટ્ટ) એવું હતું.

**-: વિદ્યાભ્યાસ :-**

જન્મથી આરંભીને આઠમે વર્ષે પિતાએ યજ્ઞોપવીત સંસ્કાર કર્યા પછી વેદાદિક સચ્છાસ્ત્રોને ભણ્યા હતાં ચાર વર્ષ પર્યંત પોતાને ઘેરજ રહીને પોતાના પિતા પાસે જ વેદનો અભ્યાસ કરતા થકા રહ્યા હતા. ત્યાર પછી સઘળાં વેદનાં અંગભૂત શિક્ષા–વ્યાકરણાદિક શાસ્ત્રોને ગુરુ થકી ભણવાને માટે પંદરેક ગાઉ ઉપર આવેલા ગામમાં વસતા અને વેદ વેદાંગ વિગેરે સકળ શાસ્ત્રમાં નિપુણ એવા કોઈક વિદ્વાન બ્રાહ્મણની પાસે જઈને શબ્દાનુશાસન વિગેરે શાસ્ત્રોને ભણવાનો આરંભ કરીને અલ્પ સમયમાં જ પૂર્વ સંસ્કારથી જન્મસિદ્ધ અપ્રતિમ પ્રતિભાને લીધે સકળ શાસ્ત્રમાં સંપૂર્ણ જ્ઞાન પામી ગયા હતા. આ મહાનુભાવ મહાપુરુષને ગુરુ થકી વિદ્યાભ્યાસ કરવો એ તો નિમિત્ત માત્ર જ હતું. કેમકે આ તો પોતે પૂર્વના સંસ્કારથી જ જન્મથી આરંભીને યોગૈશ્વર્ય સંપન્ન હતા. અને ભગવાન પરબ્રહ્મને વિષે અપૂર્વ પરા ભક્તિ તો એમને જન્મસિદ્ધ જ હતી. અને શમ-દમાદિક સકળ બ્રાહ્મણગુણો પણ જન્મસિદ્ધ જ હતા.

**-: ભગવદ્‌ભક્તિનો વિકાસ :-**

આ પ્રમાણે વિદ્યા સંપાદન કરીને પોતાના ઘર પ્રત્યે આવીને પછી વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપતાં સર્વથા ચિત્તવૃત્તિ શાંત રાખીને ભગવદ્‌ભક્તિરૂપ અમૃત એજ એક જીવન જેમને છે. એવા થકા કેટલોક સમય આ પ્રમાણે રહ્યા. પછી બાલ્યાવસ્થામાં

જ પ્રાપ્ત થયેલા સત્સંગને લીધે પ્રગટ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને વિષે ઉદય પામેલી ભક્તિ તે દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ પામવા લાગી. અને પછી તો આ સંસારના અધ્યાત્માદિક ત્રણેય તાપોથી અતિ ઉદ્વેગ પામ્યા હોયને શું ? એમ અખંડ ભગવદ્ ભજનામાં જ પરમ આનંદને માનતા થકા હૃદય કમળમાં અખંડ રહેલા ભગવાન શ્રીસ્વામિનારાયણ-પુરુષોત્તમના અખંડ-અવિરત ધ્યાનમાં જ એક અવિચળ દૃઢ નિષ્ઠાવાળા થઈને આ પૃથ્વી ઉપર એક મોટા યોગીન્દ્ર તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. અને આ મહાપુરુષે પછી અનેક પ્રસંગે અનેક પ્રકારે પોતાના યોગૈશ્વર્યથી અનેક જનોને અલૌકિક સામર્થ્યનો અનુભવ કરાવ્યો હતો. કોઈ એક વખતે અનાવૃષ્ટિને લીધે અત્યંત પીડા પામતી પ્રજાઓએ પ્રાર્થના કરવાથી તે પ્રજાઓનું કષ્ટ જોઈ-જાણીને અતિ દયાથી એમનું હૃદય ઉભરાઈ આવ્યું. અને એક ક્ષણ-વાર અંતર્દ્રષ્ટિ કરીને હૃદયારવિંદમાં આવિર્ભાવ પામેલા ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રાર્થના કરીને તેમના સંકલ્પથી પોતે ગાજ—વીજના કડાકા—ભડાકા સાથે અવિરત ત્રણ દિવસ લાગટ વૃષ્ટિ કરાવી કષ્ટ પામતી પ્રજાઓને શાંત કરી હતી. આ પ્રમાણે સુખી થયેલી પ્રજાઓએ તેમના પાદકમળમાં વારંવાર નમસ્કાર કરી કરીને એમનાં અતિશય જ વખાણ કરવાપૂર્વક એમનો અતિ મહિમા જાણ્યો હતો. અને અતિ આનંદ પામીને સર્વ પ્રજાઓ પોત-પોતાને ઘેર ગઈ હતી.

### -: વિદ્યાદાન—ભજનપ્રવૃત્તિ :-

હવે આ યોગિરાજ પોતાની પાસે જુદી જુદી વિદ્યાઓ ભણવા માટે આવતા વિદ્યાર્થીઓને પણ પોતાના સદુપદેશથી આ અસાર સંસાર ઉપરથી પ્રીતિ તજાવીને પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનું ભજન કરાવતા. અને પોતે પણ તે વિદ્યાર્થીઓની સાથે ભગવાનને વિષે પ્રેમવશ થઈને ક્યારેક ક્યારેક ભગવાનના ભજનની ધુન્ય મચાવતા. વળી ક્યારેક અષ્ટાંગ યોગની અનેક કળાઓ સાધતાં તે દ્વારા ભગવાનના સ્વરૂપમાં તલ્લીન બની જઈને કોઈ અલૌકિક આનંદનો અનુભવ કરતા કરાવતા હતા.

### -: સંસારત્યાગ :-

વળી કોઈક વખતે વાડાશીનોરના વિપ્ર કાશીરામ અને મુરલીધર નામે બે ગૃહસ્થ સત્સંગીઓ પાસેથી શ્રી સ્વામિનારાયણ ભગવાન આ ભૂતળમાં પ્રગટ થયા છે. એવી વાત સાંભળીને આ મહાપુરુષનું ચિત્ત પ્રગટ પ્રભુને મળવા માટે અતિ

આતુર બની ગયું હતું. અને પછી તો એજ ઘટના રાત્રિ-દિવસ અંતરમાં સ્ફુર્યા કરતી હતી કે ''આ ગૃહસંસારનો ત્યાગ કરીને ક્યારે એ પ્રગટ પ્રભુ શ્રીસ્વામિનારાયણનાં સાક્ષાત્ દર્શન કરું. અને આ જીવન એમને ચરણે અર્પણ કરી દઉં'' આવા સમયમાં જ અચાનક એક વિપ્ર તેમની પાસે આવ્યો. અને તેની સાથે વાર્તાલાપ કરતાં તેનો પરિચય થયો. અને તે આવેલા વિપ્રે કાઠીઆવાડ તરફ જવાની ઈચ્છા વ્યક્ત કરી. આ મહાપુરુષને પણ એજ ઈચ્છા હતી તેથી તેનો સારો સંઘાત જાણીને પ્રગટ પ્રભુનાં દર્શનની અનિવાર્ય આતુરતાથી સઘળા ગૃહ-સંસારનો અને કુટુંબ પરિવારનો પણ ત્યાગ કરી દઈને એ વિપ્રની સાથે જ એકદમ ચાલી જ નીસર્યા. માર્ગમાં પેલા બ્રાહ્મણે ખુશાલ ભટ્ટની બહુ જ સંભાળ રાખીને સારી રીતે સેવા-ચાકરી કરતાં કરતાં જેતલપુરના સીમાડા સુધી રાયણનાં વૃક્ષો નજીક પહોંચાડીને એ બ્રાહ્મણ અદૃશ્ય થઈ ગયો. આ બનાવ જોઈને ખુશાલ ભટ્ટ અતિશય આશ્ચર્ય પામ્યા. અને પછી ત્યાંથી ચાલીને ગામમાં આવતાં જ ખબર પડી કે શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ તો અહીં જ વિરાજે છે. એમ ખબર પડતાં જ આ ખુશાલ ભટ્ટના આનંદનો પાર જ ન રહ્યો. અને ''ભગવાન જ મારી ઉપર મહાકૃપા કરીને મને અહીં પહોંચાડવા આવ્યા હતા.'' એમ માનીને એકદમ પ્રગટ પ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણકમળ સમીપે જ પહોંચી જઈને પોતાના દેહને દંડની માફક ભગવાનના ચરણકમળમાં અર્પણ કરી દઈને સાષ્ટાંગ પ્રણામ કરીને મહા આનંદના સાગરમાં ડૂબકાં ખાતા અને જેમના અંતરમાં ભક્તિરસ ઉભરાઈ આવ્યો છે. એવા થકા ભગવાનનાં ચરણકમળને પોતાને મસ્તકે ધારીને પોતાના આત્માને કૃતકૃત્ય માનતા થકા પોતાનો ઘણા વખતનો મનોરથ આજે સફળ થયો એમ માનીને નિરવધિક આનંદને પામ્યા.

### -: પ્રગટ ભગવાનનો મેળાપ :-

ભગવાન શ્રીહરિએ પણ પોતાની પાસે આવેલા પોતાના સહજ સિદ્ધ ભક્તિવાળા આ ખુશાલ ભટ્ટને જોઈને ''આ તો અમારા પરમ એકાંતિક સેવક અપાર મહિમાવાળા મહામુક્ત યોગિરાજ છે.'' એમ અતિ વખાણ કરીને પૂછયું કે કેમ આવવું થયું ? ત્યારે યોગિરાજ ખુશાલભટ્ટ કહેવા લાગ્યા કે, હે ભગવન્ ! આ લોકમાં આપનાં દર્શન સિવાય બીજું શું પ્રયોજન મારા જેવા ભક્તોને હોય ? મારે તો આપનાં દર્શન એ જ અત્રે આવવાનું પરમ પ્રયોજન છે. અને એ સિવાય મારે બીજા પદાર્થમાં તો લવ-લેશ પણ સ્પૃહા કે ઈચ્છા નથી જ. અને પરબ્રહ્મની પ્રાપ્તિમાં પરમ ઉપાયભૂત અને પરમ

ઉપકારક પરા બ્રહ્મવિદ્યા તે તો આપની પાસે જ છે. અને મારું મન અખંડ એ બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરવા આતુર વર્તે છે. તો આપનાં સાક્ષાત્ દર્શન અને એ સાક્ષાત્ દર્શનમાં ઉપકારક એવી પરા વિદ્યા સંપાદન કરવી એ જ મારે મોટામાં મોટું પરમ પ્રયોજન છે. તે આપનાં સાક્ષાત્ દર્શન મને આજે થયાં તેથી મારા આનંદનો પાર નથી. અને હવે હું આપની પાસે જ અખંડ આપની સેવામાં રહેવા ઈચ્છું છું, તો આપ મારા ઉપર અનુગ્રહ કરીને મને આપની સેવામાં રાખો એ મારી પ્રાર્થના છે. માટે કૃપા કરીને આપ એ મારી પ્રાર્થના સ્વીકારીને મારો મનોરથ આજે પૂર્ણ કરો ! આવાં આવાં વિનયપૂર્ણ એ ખુશાલ ભટ્ટનાં વચનો સાંભળીને અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિ ભગવાને તેમને પોતાની પાસે પોતાની અખંડ સેવામાં રાખ્યા.

### -: વડોદરામાં ચમત્કારદર્શન :-

એમ કરતાં કોઈક વખતે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી ખુશાલભટ્ટ વડોદરા પુર પ્રત્યે ગયા. ત્યાં ઘણાક સત્સંગી જનો ભગવત્પરાયણ વર્તનારા અને પરમ એકાંતિક ભાવે પ્રગટ ભગવાન શ્રીહરિને ભજનારા રહેતા હતા. તે વડોદરામાં વાસ કરી રહેલા સદાશિવ નામે એક બ્રાહ્મણ ભક્તરાજ હતા. તેમણે એ યોગિરાજ ખુશાલભટ્ટને પ્રાર્થના કરીને કહ્યું કે, ''આપ જ્યાં સુધી આ નગરમાં વાસ કરો ત્યાં સુધી મારે ઘેર દરરોજ આવીને મેં યથાશક્તિ આપેલું ભોજન અંગીકાર કરવા મારા ઉપર અનુગ્રહ કરો !'' આવી તે વિપ્રની પ્રાર્થના સાંભળીને એક માસ પર્યંત ત્યાં રહ્યા ત્યાં સુધી દરરોજ એ વિપ્રને ઘેર જ ભોજન કરતા. ત્યાં એક આશ્ચર્ય બન્યું કે જ્યારે જ્યારે એ યોગિરાજ પેલા સદાશિવને ઘેર જમવા માટે પધારે ત્યારે ત્યારે ભગવાન શ્રીહરિ પણ સાથે જ જમવા પધારતા એ સદાશિવના જોવામાં આવતા. અને હમેશાં એ ખુશાલભટ્ટની સાથે જ એ શ્રીહરિ પણ પ્રત્યક્ષપણે જમતા જોવામાં આવતા. અને એ ભગવાનને અર્પણ કરેલું ભક્ષ્ય-ભોજ્યાદિક ભોજન ઓછું થતું પ્રત્યક્ષપણે એ બ્રાહ્મણના જોવામાં આવતું. આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ યોગિરાજના પ્રેમને વશ થઈને અખંડ એમની સાથે જ પોતે વર્તતા હતા. અને નિજભક્તોના મનોરથો વખતો વખત પૂર્ણ કરતા હતા.

### -: ભાગવતી દીક્ષાગ્રહણ :-

આ પ્રમાણે ભગવદેક પરાયણ વર્તતા એવા એ યોગિરાજની પરમ એકાંતિક સ્થિતિ જોઈને અને સકળ સાધુ ગુણોના ભંડારસમા એ મહાપુરુષને જાણીને ભગવાન શ્રીસ્વામિનારાયણે એમને પોતે ભાગવતી દીક્ષા આપીને ગોપાળાનંદસ્વામી એવું નામ

ધારણ કરાવ્યું. એ પછી એ યોગિરાજની મહત્તા અને ખ્યાતિ ગોપાળાનંદસ્વામી એ નામથી જ સર્વત્ર વૃદ્ધિ પામવા લાગી. અને ભગવાને એમને પોતાના સંતમંડળમાં સદ્‌ગુરૂ પદે સ્થાપ્યા.

**-: સત્સંગપ્રચાર :-**

અને એ ગોપાળાનંદ મહામુનિ પછી પોતાના ઘણાક શિષ્યોથી વીંટાયા થકા ભગવાન શ્રીહરિની આજ્ઞાથી ઘણા દેશોમાં સદુપદેશ કરવા વિચરવા લાગ્યા. અને ત્યાં ત્યાં અનેક મુમુક્ષુ જનોને પોતાના ઉપદેશથી ભગવત્સન્મુખ કરતા થકા પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનો સર્વોપરિ મહિમા સર્વત્ર પ્રસારવા લાગ્યા. અને આ ભારત-ભૂમિમાં પરમ એકાંતિક ભાગવત ધર્મની પ્રવૃત્તિ કરવા અવિરત પ્રયાસ કરતા કટિબદ્ધ થઈને પોતાના સાધુમંડળે સહિત સર્વત્ર વિચરવા લાગ્યા. એમ કરતાં એક વખત ગોપાળાનંદ સ્વામી પોતાના સઘળા શિષ્યમંડળે સહિત એકાંતિક ભાગવત ધર્મનો પ્રચાર કરવા અને પ્રગટ ભગવાનનો અપાર મહિમા વિસ્તારવા વડોદરા પુર પ્રત્યે પધાર્યા. સ્વામી પધાર્યાની વાત સાંભળીને સઘળા હરિભક્તો એકદમ સ્વામીનાં દર્શન અને સેવન-પૂજન કરવા દોડી આવ્યા. સ્વામી પધાર્યાને બીજે દિવસે જ ભગવાનનો જન્માષ્ટમીનો મહોત્સવ હતો. સઘળા હરિભક્તોએ પ્રાર્થના કરેલા સ્વામીએ એ જન્માષ્ટમીનો મહોત્સવ અતિ આદરપૂર્વક વિશેષપણે કરીને સહુ કોઈ જોનારને પરમ આશ્ચર્ય ઉપજાવે એવો કરવાનો સંકલ્પ કરીને સુંદર હીંડોળો બંધાવીને તેમાં ભગવાન શ્રીહરિની અર્ચા મૂર્તિ સ્થાપન કરીને પોતાના હૃદય કમળમાં સદા સંન્નિધિ પામેલા પોતાના અંતર્યામી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને સ્મરણ કરીને પરમ ભક્તિપૂર્વક હીંડોળામાં ઝુંલાવવા પોતે જ સ્વામી ઉભા રહ્યા, ત્યારે તેજ સમયે ભગવાન પોતાના દિવ્ય સ્વરૂપે આવીને સર્વ જનને નયનગોચર થાય એમ સ્વામીએ કરેલા દોળોચ્છવને અંગીકાર કરીને પોતાનો પ્રગટ ભાવ જણાવીને સર્વ મનુષ્યોને અતિ આશ્ચર્ય ઉપજાવ્યું. એમ ભગવાન શ્રીહરિએ સ્વામીની ભક્તિને વશ થઈને પોતાનો પ્રગટ ભાવ જણાવીને સર્વને મહા આશ્ચર્ય ઉપજાવ્યું હતું.

**-: ચમત્કાર દર્શન :-**

વળી એક વખત આ દેશમાં અનાવૃષ્ટિને લીધે સર્વ લોકો બહુ પીડા પામવા લાગ્યા. ત્યારે સર્વ ભક્ત લોકોએ આ મહાપુરુષની પ્રાર્થના કરવાથી પોતાના યોગ સામર્થ્યથી ત્રણ દિવસ સુધી અવિચ્છિન્ન વૃષ્ટિ વરસાવીને સર્વ લોકોને અતિ આનંદ પમાડ્યો હતો.

## -: ભાવનગરથી પુસ્તક લાવ્યા :-

વળી કોઈક વખતે ભગવાન શ્રીહરિએ ભાવનગરમાં ભારતનું પુસ્તક એક બ્રાહ્મણને ઘેર હતું તે લેવા માટે આ ગોપાળાનંદસ્વામીને મોકલ્યા. સ્વામી પણ ભગવાન શ્રીહરિની આજ્ઞા મસ્તકે ચઢાવીને તુરત જ ભાવનગર ગયા. ત્યાં જઈને તે વિપ્રને ઘેર જઈને તે બ્રાહ્મણની પાસે ભારતના પુસ્તકની માગણી કરી. તે અજાણ્યા બ્રાહ્મણે આ યોગિરાજનો મહિમા નહિ જાણતાં તિરસ્કાર વચનો બોલીને ઘણો જ અનાદર કર્યો. માન-અપમાન જેમને સમાન જ છે. એવા આ મહાપુરુષ તો તે બ્રાહ્મણે તિરસ્કાર કર્યો તો પણ તેને વારંવાર વિનયથી સાંત્વનાનાં વચન કહીને પછી તે પુસ્તકને માટે "તારે જે કાંઈ ધનાદિક વસ્તુ જોઈતી હોય તે તું અમારી પાસેથી સુખેથી માગી લે ! અને તેનું મૂલ્ય લઈને તે પુસ્તક તું અમને આપ" એમ ઘણોક સમજાવ્યો. પણ એ મહાનુભાવનો અનુભવ નહિ જાણનાર અજ્ઞાની બ્રાહ્મણે "આ કોઈ સાધારણ માણસ હશે" એમ માનીને તે સ્વામીનું વચન નહિ ગણકારીને પોતે દરરોજ કરતો હતો એમ પોતાની દેવ-પ્રતિમાની પૂજા કરવા લાગ્યો. આ પ્રમાણે થવાથી સ્વામીએ મનમાં વિચાર્યું કે આ કોઈ ઉપાયથી માને એમ નથી. આને તો ચમત્કારથી જ નમસ્કાર કરાવવો જોઈએ. એમ ધારીને સ્વામી પોતે પોતાના હૃદય કમળમાં અખંડ વિરાજી રહેલા ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા. સ્વામી જ્યાં મૂર્તિમાં એકાગ્ર થયા કે તુરત જ એ બ્રાહ્મણે પૂજા કરવા આગળ સ્થાપેલી બાળકૃષ્ણની મૂર્તિ તે બ્રાહ્મણથી અવળી થઈને સ્વામીને સન્મુખ મુખ રાખીને બેઠેલી જોવામાં આવી. આમ થવાથી ગભરાઈ ગયેલા બ્રાહ્મણે કેમ આ મૂર્તિ આમ મારાથી વિમુખ-અવળી થઈને બેઠી. કદાચ મેં ગભરાટમાં આમ અવળે મુખે બેસારી તો નહિ હોય ? એમ શંકા પામીને તે પ્રતિમાને ફેરવીને પોતાને સન્મુખ બેસારી. ત્યારે પછી તુરત જ એ મૂર્તિ પ્રથમની પેઠે સ્વામીને સન્મુખ થઈ ગઈ, આમ બે ત્રણ વખત કર્યું તો પણ સ્વામીને સન્મુખ મૂર્તિ ફરી જતી જોઈને ગભરાઈ ગયેલો તે બ્રાહ્મણ એકદમ પૂજાના આસનથી ઉઠીને સમર્થસદ્‌ગુરૂ શ્રીગોપાળાનંદસ્વામીના ચરણકમળને પકડીને "હે સમર્થ મુને ! મારી ઉપર આપ પ્રસન્ન થાઓ ! મેં આપનો અપાર મહિમા નહિ જાણતાં આપનો બહુ જ અપરાધ કર્યો છે. હું હવે આપનો દાસ છું. આ ભારતનું પુસ્તક તો શું ? પણ મારું જે કાંઈ સર્વસ્વ છે, તે આપનું જ છે. આપને જે ઈચ્છિત હોય તે ગ્રહણ કરો. અને આપ મારા ઉપર પ્રસન્ન થાઓ !" એમ કહીને તુરત જ ભારતનું પુસ્તક સ્વામીને અર્પણ કર્યું. સ્વામી પણ તે બ્રાહ્મણના ઉપર

બહુજ પ્રસન્ન થઈને તેણે આપેલું મહાભારતનું પુસ્તક લઈને ભગવાન શ્રીહરિની પાસે દુર્ગપુરમાં આવ્યા. અને સભામાં શ્રીહરિને ભાવનગરમાં બનેલી સવિસ્તર હકીકત કહીને એ પુસ્તક અર્પણ કર્યું. આ પ્રમાણે એ પુસ્તક બીજા કોઈથી લાવી શકાય એમ હતું જ નહિ. તે પુસ્તક લાવીને સ્વામીએ શ્રીજીને અર્પણ કર્યું તે જોઈને શ્રીહરિ ભગવાને અતિશય પ્રસન્ન થઈને સ્વામીને મસ્તકે પોતાનો અનુગ્રહપૂર્ણ દેવદુર્લભ હસ્ત મુક્યો અને ખુબ પ્રેમથી ભેટ્યા.

**-: સત્સંગમાં પર્યટન :-**

તે પછી સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી પોતાના શિષ્યમંડળે સહિત અનેક ગામ અને પુરમાં વિચરીને સત્સંગમા મહિમાની વાર્તાઓ કરીને અનેક મુમુક્ષુ જનોને પ્રગટ ભગવાનની ભક્તિ કરાવીને સાક્ષાત્ અક્ષર ધામના અધિકારી કર્યા હતા. કેટલાક યોગના જીજ્ઞાસુ જનોને યોગાભ્યાસ કરાવીને યોગસિદ્ધિવાળા કરી મુક્યા હતા. કેટલાકને સમાધિનિષ્ઠ પણ કર્યા હતા. અને કેટલાકને પરમ એકાન્તિક કરીને પર-સ્થિતિવાળા પણ કર્યા હતા.

**-: વડોદરામાં સત્સંગપ્રચાર :-**

ગોપાળાનંદસ્વામી વડોદરા શહેરમાં ઘણી વખત જતા અને રહેતા, ત્યારે ત્યાં અનેક પ્રસંગે પોતાનું ઘણુંક ઐશ્વર્ય જણાવેલું અનાવૃષ્ટિના કષ્ટ ભરેલા સમયમાં ઘણા દીન જનોની પ્રાર્થના સાંભળીને સ્વામીએ ઈષ્ટદેવ શ્રીહરિનું ભજન-ધુન્ય કરાવીને વૃષ્ટિ કરેલી. વળી કોઈ વખતે મરકી આદિક રોગના ઉપદ્રવની પણ શાંતિ કરીને લોકોને પરમ સુખી કર્યા હતા. વળી કોઈ પ્રસંગે વિષ્ણુયાગમાં સ્વામીએ પોતે આહૂતિ આપીને ઈષ્ટદેવ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી સર્વ જનને શ્રીયજ્ઞ નારાયણનાં દર્શન કરાવ્યાં હતાં. એવા ઘણાક ચમત્કાર બતાવેલા અને તે દ્વારા હજારો મુમુક્ષુ જનોને પ્રગટ ભગવાનના આશ્રિત કરેલા.

**-: બન્ને દેશના મધ્યસ્થ સ્થાપ્યા :-**

વડતાલમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના બન્ને ભત્રીજાઓ પાંડે શ્રી રઘુવીરજીને તથા પાંડે શ્રી અયોધ્યાપ્રસાદજીને પોતાના સકળ આશ્રિત જનોના ધર્મરક્ષણાર્થે વડતાલની અને અમદાવાદની શ્રી લક્ષ્મીનારાયણ દેવની અને શ્રી નરનારાયણ દેવની એમ અનુક્રમે બે ગાદીઓ ઉપર જ્યારે સ્થાપન કર્યા. ત્યારે વડતાલમાં શ્રીરઘુવીરજી મહારાજની પાસે સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદસ્વામીને સર્વ

સંતમંડળમાં પ્રમુખ સ્થાપ્યા હતા. અને અમદાવાદમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની પાસે સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદસ્વામીને સર્વ સંતમંડળમાં પ્રમુખ સ્થાપ્યા હતા. અને બન્ને દેશના આચાર્યના મધ્યસ્થ તરીકે સત્સંગમાં બન્ને દેશમાં રહેવા ફરવાની આજ્ઞા સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદસ્વામીને કરી હતી. અને બન્ને દેશમાં રહીને બન્ને આચાર્યની સંમતિ પ્રમાણે આખા સત્સંગની સંભાળ રાખવાની ભલામણ કરી હતી. અને તે પ્રમાણે જ સ્વામીએ પણ પોતાના જીવિત પર્યંત શ્રીજી સ્થાપિત સંપ્રદાયનું યથાર્થ હિત સાચવીને સંપ્રદાયનું ગૌરવ વધારવામાં અને શ્રીહરિ અભિમત શ્રીમદુદ્ધવસંપ્રદાયમાં મનાતા તત્ત્વપ્રતિપાદક ગ્રંથો રચવા-રચાવવા વિગેરેનો સતત પ્રયત્ન કરીને અને પોતાના સહવાસ-સમાગમથી અનેક સંત-હરિજનોને પારમૈકાંતિક ધર્મ-નિયમમાં સુદૃઢ સ્થાપન કરી-કરાવીને આ સંપ્રદાયની સર્વાંગ વિવિધ સેવાઓ કરવામાં જ સતત ઉત્સુક રહીને સત્સંગને સર્વોત્કૃષ્ટ સ્થિતિએ પહોંચાડ્યો હતો. અને આ સંપ્રદાયનો સર્વત્ર વિજય પ્રસરાવ્યો હતો.

### -: વચનામૃતોનો સંગ્રહ :-

શ્રીજીનાં વચનામૃતોનો સંગ્રહ કરનાર ચાર સદ્‌ગુરુઓમાં શ્રીગોપાળાનંદસ્વામી પણ એક અગ્રેસર સદ્‌ગુરુ હતા. વચનામૃતોનો સંગ્રહ કરનાર મુખ્ય સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદસ્વામી હતા. તેથી તેનું સંશોધન કરતી વખતે શુકાનંદસ્વામી વખતો-વખત જેમ નિત્યાનંદ સ્વામીને પૂછીને જ કરતા. તેમ ગોપાળાનંદસ્વામીને પણ વખતો વખત અભિપ્રાય પૂછીને જ લખતા. અને શ્રીજી સ્વધામ પધાર્યા પછી બન્ને સદ્‌ગુરુઓ ઘણું ખરું વડતાલમાં જ રહેતા ત્યારે શુકસ્વામી વડતાલમાં ગોપાળાનંદ સ્વામીની પાસે રહેતા. તેથી વચનામૃત વિગેરે ગ્રંથો લખતી શોધતી વખતે બન્ને સદ્‌ગુરૂઓને વખતો વખત અભિપ્રાય પૂછીને જ લખતા અને વચનામૃતોના માર્મિક શબ્દોના અભિપ્રાય સ્વામી વખતો વખત શુકમુનિને સમજાવતા. ત્યારે શુકમુનિના મનમાં પણ એમજ થતું કે આ શબ્દો તો આજે જ સમજાયા.

### -: હનુમત્પ્રતિષ્ઠા :-

કાઠીઆવાડમાં સારંગપુર નામે પ્રસિદ્ધ પુર છે. ત્યાં જીવાખાચરના પુત્ર વાઘા ખાચરની પ્રાર્થનાથી અને બીજા પણ ઘણાક ભક્તજનોની પ્રાર્થનાથી શ્રીરામભક્ત ભક્તરક્ષક હનુમાનજીની મૂર્તિ સ્થાપવાનો સંકલ્પ કરીને શુભ લગ્નમુહૂર્ત જોઈને મંદિરનો આરંભ કરાવીને મંદિર તૈયાર થયે હનુમાનજીની પ્રતિમા વિધિપૂર્વક સ્થાપન

કરીને તે પ્રતિમા સામી સ્થિરદષ્ટિ કરીને સ્વામીએ પોતાના યોગૈશ્વર્યથી તેમાં હનુમાનજીનું સાક્ષાત્ આવાહન કર્યું અને તેજ ક્ષણે વાયુપુત્ર હનુમાનજી પોતે આવીને તે પોતાની પ્રતિમામાં પ્રવેશ કરીને અટ્ટહાસ કરીને પોતાનો સાક્ષાત્ નિવાસ છે. એમ સહુને દઢ નિશ્ચય કરાવ્યો હતો. એ હનુમાનજીનો પ્રતાપ અદ્યાપિ પણ હજારો લોકો પોતે અનુભવે છે. અને કેટલાકની તો દૂરથી પણ માનતા માનવાથી કામનાઓ પૂર્ણ કરે છે. ગમે તેવું ભૂત-પ્રેતાદિક હોય તો પણ એ હનુમાનજીના સ્મરણ માત્રથી જ દૂર થઈ જાય છે. આવો પ્રતાપ એ મહાપુરુષે પોતાના સંકલ્પ માત્રથી હનુમાનજીમાં મુક્યો છે.

## -: સ્વામીનું શિષ્યમંડળ :-

સ્વામીના ત્યાગી શિષ્યોમાં સ-પુરૂષાનંદસ્વામી, સમાધિવાળા કેશવદાસજી, અમદાવાદ દેશમાં સ્વામી નિર્ગુણદાસજી, વિગેરે અગ્રેસર હતા. અને ગૃહસ્થ શિષ્યોમાં નારૂપંતનાના, નાથજી ભક્ત, સદાશિવરામ, બોટાદના શિવલાલભાઈ અને સુન્દરીયાણાના હીમરાજ શાહ, એ વિગેરે અનેક ગામોમાં અનેક શિષ્યો હતા. અને તે શિષ્યો પણ અતિ સમર્થ ઉપદેશક અને ઐશ્વર્યવાન હતા.

## -: સ્વામીએ રચેલા ગ્રન્થો :-

(૧) ધર્મદેવપૂજાવિધિ.
(૨) ભતિદેવીપૂજાવિધિ.
(૩) વિષ્ણુયાગપદ્ધતિ.
(૪) વિવેકદીપ.
(૫) ભક્તિસિદ્ધિ
(૬) ભાગવત્ એકાદશસ્કન્ધની શ્રીકૃષ્ણાભિપ્રાયબોધિની ટીકા.
(૭) વેદસ્તુતિવ્યાખ્યા-શ્રુત્યર્થદીપિકા.
(૮) વેદસ્તુતિ ટીકા-અન્વયાર્થ પ્રકાશિકા.
(૯) ભાગવત-દ્વિ-સ્કં-વ્યાખ્યા-શુકાભિ-પ્રાયબોધિની.
(૧૦) ભાગવત-દશમસ્કંધ-વ્યાખ્યા-નિગૂઢાર્થ- પ્રકાશિકા.
(૧૧) ભગવદ્ગીતાભાષ્યમ્
(૧૨) બ્રહ્મસૂત્રદીપિકા.
(૧૩) હરિભક્તનામરત્નાવલી.
(૧૪) પુરાણોક્ત શ્રીકૃષ્ણપૂજા.
(૧૫) હનુમત્પૂજાવિધિ.
(૧૬) દશોપનિષદ્ ભાષ્ય

આવા આવા અનેક ગ્રંથો સ્વામીએ રચ્યા-રચાવ્યા છે.

### -: સ્વામીનાં શારીરિક સ્મરણો :-

સ્વામી શરીરે ગૌરવર્ણ હતા. અને તેમનું યોગાભ્યાસને સૂચવતું કૃશ અને ઉન્નત સ્વરૂપ જોઈને જ મનુષ્યોને સહજ પૂજ્યભાવ ઉત્પન્ન થતો અને અણીયાળી નમતી નાસિકા પણ ઘણી જ મનોહર લાગતી. સ્વામીના ભુજદંડ પણ જાનુ પર્યંત પ્રલંબ હોઈને મહાભાગ્યને સૂચવનારા હતા. આમ એમનાં શારીરિક સ્મરણો પણ અલૌકિક અને મનોહર હતાં.

### -: સ્વામીનો અક્ષરવાસ :-

સ્વામી એક વખત ઉમરેઠના સત્સંગીઓના આગ્રહને વશ થઈને ત્યાં પધાર્યા હતા. ત્યાં કેટલોક સમય રહ્યા પછી એક દિવસ સ્વામીને શરીરમાં સહેજ જ્વરાવેશ જણાયો. સ્વામીને પરમ પાવન વડતાલમાં જ અક્ષરવાસ કરવાની ઈચ્છા હોવાથી તુરત જ બીજે દિવસે પોતાના શિષ્યમંડળે સહિત વડતાલ પધાર્યા. ત્યાં સર્વ પરમહંસો વર્ણીઓ, પાર્ષદો વિગેરે જનોએ વીંટાયા થકા સ્વામી ભગવાન શ્રીહરિના ધ્યાનપરાયણ થયા. આસપાસ બેઠેલા ભક્તજનો ભગવત્સ્મરણ કરવા લાગ્યા. તેજ સમયમાં અક્ષરધામાધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત મુક્તસમૂહથી વીંટાયા થકા સર્વ જનોને જોતાં જ સ્વામીને પોતાનું સાક્ષાત્ દર્શન આપીને તુરત જ પોતાની સાથે દિવ્ય વિમાનમાં બેસારીને પોતાના અક્ષર ધામ પ્રત્યે લઈ ગયા.

આ પ્રમાણે સ્વામી આ લોકમાં ૭૧ વરસ બે માસ અને ૧૭ દિવસ રહીને અનંત મુમુક્ષુ જનોને ભગવત્સન્મુખ કરતા અને આ સર્વશ્રેષ્ઠ ઉદ્ધવ સંપ્રદાયની અવિરત સેવા કરતા થકા આ લોકમાં વિચરીને આ ક્ષણિક ભૌતિક શરીરનો પરિત્યાગ કરીને અનંત શક્તિસંપન્ન ભગવાન શ્રીહરિની અખંડ સેવામાં પહોંચી ગયા.

સ્વામીશ્રીના જીવનમાં અનેક અદ્ભુત પ્રસંગો બનેલા છે. તે સર્વનું યથાર્થ વર્ણન કરવું અશક્ય હોવાથી સંક્ષેપમાં જ. આટલું જીવનવૃત્તાંત યથામતિ જણાવીને સ્વામીશ્રીના સ્મરણ-વંદન સાથે વિરામ પામતો સત્સંગનો સેવક

**— સાધુ કૃષ્ણસ્વરૂપદાસ**
**વડતાલધામ**

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

**મહાભારતમાંથી સમુદ્ધાર કરેલો–**

**શ્રીમદ્‌ભગવદ્ ગીતાનો પૂર્વકથા-પ્રસંગનો પ્રાસ્તાવિક–**

## કથાસંબંધ

જે મહાપ્રતાપી રાજા ભરતના નામથી આ દેશ ભારત વર્ષ કહેવાય છે. તેના કુળના પહેલા પુરુષનું નામ રાજા યયાતિ હતું. રાજા યયાતિના જયેષ્ઠ પુત્રનું નામ યદુ હતું. તેના ઉપર કોઈ કારણને લીધે રાજા યયાતિ અપ્રસન્ન થયા હતા, તેથી તેમને તથા તેમના પુત્રોને તેમણે રાજ્યાધિકારી ન બનાવ્યા; જો કે તેમના વંશમાં ભોજ, વૃષ્ણિ અને અંધક, વિગેરે વીર પુરુષોએ જન્મ લઈને પોતાના વંશનો મહિમા વધાર્યો હતો. વળી ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પણ એજ વંશમાં અવતાર ધારણ કરીને એ વંશની કીર્તિ અને મહિમા પહેલાં કરતાં ઘણો વધાર્યો હતો.

યયાતિના સૌથી નાના પુત્રનું નામ પુરુ હતું. તે હંમેશાં રાજાને પ્રસન્ન રાખતો. તેથી યયાતિએ તેને પોતાનું રાજ્ય સોંપ્યું. આ પુરૂ વંશમાં રાજા ભરત ઉત્પન્ન થયા. અને તેમના નામથી આ દેશનું નામ ભારત વર્ષ પડ્યું. ભરત પછી એ વંશમાં રાજા કુરુ ઉત્પન્ન થયા જેના નામ ઉપરથી એ વંશનું નામ કૌરવ પડ્યું.

દ્વાપર યુગના અંતમાં કુરુ વંશના શિરોમણિ રાજા શંતનુનો જન્મ થયો. શંતનુના પિતાનું નામ પ્રતીપ હતું. તેમણે પોતાની જીંદગીમાં જ શંતનુને ગાદી ઉપર બેસાડ્યા. અને સારો ઉપદેશ આપી પોતે રાજ્ય પદ છોડી વનમાં ચાલ્યા ગયા.

એક વખત રાજા શંતનુ શિકાર કરીને પાછા ફરતા હતા. ત્યારે રસ્તામાં ગંગા નદીના કિનારા ઉપર એક સુંદર સ્ત્રીને ઉભેલી તેમણે જોઈ, તેના ઉપર તે મોહિત થઈ ગયા. અને તેની સાથે એવી પ્રતિજ્ઞા કરીને પરણ્યા કે જો હું કોઈ પણ કાર્યમાં તને રોકું અથવા તિરસ્કાર કરું તો તે શંતનુને તત્કાળ છોડીને ચાલી જાય. તે સ્ત્રીએ પોતાનું નામ ગંગા બતાવ્યું. ગંગાજીને આઠ પુત્રો થયા. પરંતુ સાતને જન્મતાં જ તેમને ગંગા નદીના પ્રવાહમાં વહેવડાવી દીધા. જ્યારે આઠમા પુત્રને ગંગામાં નાખવા જવા લાગ્યાં ત્યારે રાજા શન્તનુએ તેમને રોક્યાં અને કહ્યું, હે પુત્રઘાતિનિ ! તમે કોણ છો? શા માટે આવું કર્મ કરો છો ? આવી નિષ્ઠુરતા કરવી યોગ્ય નથી. આ બાળકને હું ગંગામાં નહિ નાખવા દઉં. ગંગાજીએ ઉત્તર આપ્યો : હે પુત્રની ઈચ્છાવાળા રાજા ! આપના કહેવાથી હું આ પુત્રનો નાશ તો નહિ કરૂં. પરંતુ-આપની પ્રતિજ્ઞા પ્રમાણે હવે હું આપની પાસે નહિ રહું. અત્યારથી જ ચાલી જાઉં છું. અને આ પુત્રને લાલન પાલનથી

મોટો કરી આપને પાછો આપી જઈશ. આ રીતે ગંગાજીના ચાલ્યા જવાથી રાજા શન્તનુને ઘણું દુઃખ થયું. પરંતુ પુત્રના જીવવાથી અને પછીથી તે પાછો મળવાથી સંતોષ થયો. આ પુત્રનું નામ તેની માતાએ દેવવ્રત પાડ્યું હતું. પુત્ર પાછો આવ્યો. એટલે રાજાએ તેને પોતાનો યુવરાજ બનાવ્યો. ત્યાર પછી એક દિવસ રાજા શંતનુ યમુના નદીને કિનારે ફરવા ગયા હતા. ત્યાં તેમણે એક સત્યવતી નામની માછીની કન્યા જોઈ. તેના અદ્‌ભુત રૂપ અને લાવણ્યથી રાજા એટલો મુગ્ધ થઈ ગયો કે તરત જ તેણે તેના પિતા પાસે જઈ તેની સાથે લગ્ન કરવાની પોતાની ઈચ્છા પ્રગટ કરી.

માછીએ કહ્યું જો તમે સત્યવતીના જ પુત્રને યુવરાજ બનાવો. અને રાજ્યનો અધિકારી બનાવો. તો જ હું સંમતિ આપી શકું. સત્યવતી ઉપર રાજા ઘણા આસક્ત થયા હતા, છતાં પણ આવી ભારે પ્રતિજ્ઞા સાંભળીને શોકાતુર થઈને રાજધાનીમાં પાછા આવ્યા. કારણ કે પોતાના પ્રિયપુત્ર દેવવ્રતનો અધિકાર નષ્ટ કરવાની તેમની જરા પણ ઈચ્છા નહોતી. પોતાની આવી શોકાતુર સ્થિતિ જોઈને દેવવ્રતને ચિંતા થઈ. અને તેમણે પિતાના શોકનું કારણ પૂછયું. પરંતુ રાજાએ સાચી હકીકત ન કહેતાં વાત છુપાવી રાખી. દેવવ્રતે એક વૃદ્ધ મંત્રી પાસેથી બધી વાત સાંભળી અને તુરત જ તેઓ માછીની પાસે ગયા. અને તેની સામે પ્રતિજ્ઞા કરી કે "હું રાજ્ય ઉપરનો મારો અધિકાર છોડું છું. તમારી કન્યા સત્યવતીથી જે પુત્ર ઉત્પન્ન થશે, તેજ રાજ્યનો માલિક છે. માટે તમે ડરશો નહિ." આ સાંભળીને માછી બોલ્યો : હું જાણું છું કે તમે તો તમારી પ્રતિજ્ઞા પૂરે પૂરી પાળશો. પરંતુ તમારી પાછળ તમારા કોઈ વંશ જ ન પાળે તો તેનું શું ? તેથી તેજ વખતે બધા ક્ષત્રિયોની સમક્ષ દેવવ્રતે પ્રતિજ્ઞા કરી કે, "આજથી મરણ પર્યંત હું મનસા, વાચા, કર્મણા બ્રહ્મચારી રહીશ."

આ વચન સાંભળીને માછીએ સત્યવતીનું લગ્ન રાજા શંતનુ સાથે કરવાનો સ્વીકાર કર્યો. અને સત્યવતીને દેવવ્રતને સુપ્રત કરી. દેવવ્રત તેને પોતાના પિતા પાસે લઈ આવ્યા. અને તેમને પ્રસન્ન કર્યાં. પિતાએ પ્રસન્ન થઈને દેવવ્રતને ઈચ્છા મૃત્યુનું વરદાન આપ્યું. આ પ્રમાણે જ્યારે દેવવ્રતે પોતાના સ્વાર્થનો પિતાને ખાતર ત્યાગ કર્યો ત્યારે દેવતાઓએ આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ કરી અને "ભીષ્મોઽયમ્" આવી આકાશવાણી થઈ ત્યારથી તેમનું નામ ભીષ્મ પડ્યું.

સત્યવતીને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એ બે પુત્રો થયા. ત્યાર પછી થોડે દિવસે રાજા શંતનુનો સ્વર્ગવાસ થયો, માતાની સલાહ માનીને ભીષ્મે ચિત્રાંગદને ગાદી ઉપર બેસાર્યો. પરંતુ થોડા દિવસ પછી એક ગંધર્વ સાથે ચિત્રાંગદને લડાઈ થઈ અને તેમાં તે માર્યો ગયો. તેથી તેના નાના ભાઈ વિચિત્રવીર્યને ગાદીએ બેસાર્યો. તે

ભીષ્મની સલાહ પ્રમાણે રાજકારભાર કરવા લાગ્યો. ભીષ્મે તેને કાશીરાજાની પુત્રી અંબિકા અને અંબાલિકા સાથે પરણાવ્યો. સાત વર્ષ સુધી રાજ્ય ચલાવીને તે ક્ષય રોગથી મૃત્યુ પામ્યો. ત્યારે સત્યવતી ઘણી આકુળ વ્યાકુળ બની ગઈ અને ભીષ્મને કહેવા લાગી. મારા બન્ને પુત્રો વારસ મુક્યા વગર પરલોક ગયા, હવે રાજ્યનો ભાર તથા વંશ-વૃદ્ધિ તમારા હાથમાં છે. તેથી નિયોગ દ્વારા તમે આ કન્યાઓથી સંતાન ઉત્પન્ન કરો ! અથવા સ્વયં રાજ્યાધિકારી બનીને વિવાહ કરીને ભારતવંશની રક્ષા કરો! પણ ભીષ્મે પોતાની પ્રતિજ્ઞા ભંગ ન કરી. અને સત્યવતીને કહ્યું : હે સત્યવતી! સત્ય અને ધર્મનો આ રીતે ત્યાગ ન કરવો જોઈએ. પાંચ મહાભૂત પોતાનો શબ્દ, રૂપ, રસ અને ગંધ વિગેરે ગુણોનો ત્યાગ કરે, સૂર્ય પોતાના તેજને અને ચંદ્ર પોતાની શીતળતાને છોડી દે, તો પણ હું કદાપિ મારા સત્યવ્રતથી વિચલિત થઈશ નહિ. સાક્ષાત્ ત્રૈલોક્યના રાજ્યને અથવા દેવતાઓના આધિપત્યને અથવા તેનાથી વિશેષ કંઈ પણ હોય તો તે છોડવા હું તૈયાર છું, પણ સત્ય છોડવા તૈયાર નથી. આ સાંભળી સત્યવતી બોલી : હે પુત્ર ! આજ સુધી મેં એક વાત તમારાથી છુપાવી રાખી હતી. તે આજ કહું છું : એક વાર તમારા પિતાનો વિવાહ મારી સાથે થયો, તે પહેલાં હું યમુનામાં નાવ ચલાવતી હતી. ત્યારે પરાશરમુનિ આવ્યા તેમને મેં વગર પૈસે પાર ઉતાર્યા હતા તેથી તેમણે પ્રસન્ન થઈને મને એક પુત્ર આપ્યો. અને મારા શરીરમાંથી માછલીનો દુર્ગંધ નીકળતો હતો તેને બદલે સરસ સુગંધ પણ તેમણે મને આપ્યો. આ પ્રમાણે ટાપુ ઉપર મને પુત્ર આપ્યો માટે એનું નામ દ્વૈપાયન પાડ્યું. તમારા એ મહા વિદ્વાન ભાઈએ ચારે વેદના ભાગ પાડ્યા માટે તેને વેદ વ્યાસ પણ કહે છે. તેણે મારી પાસેથી જતી વખતે મને કહ્યું હતું, હે માતા ! જો તમને કાંઈ સંકટ પડે તો મારું સ્મરણ કરજો ! માટે આ વિપત્તિ વખતે તેમનું સ્મરણ કરવું જોઈએ, જ્યારે ભીષ્મે પણ એમાં સંમતિ આપી. ત્યારે સત્યવતીએ તેમનું સ્મરણ કર્યું અને તે તરત જ તેમની સામે ખડા થયા. માતાની દુઃખની વાત સાંભળીને તેમણે વિચિત્રવીર્યની સ્ત્રીઓને પુત્ર આપવાનું કબુલ કર્યું. વ્યાસ ભગવાનનું રૂપ ભયંકર અને કાળું હતું તેથી જ્યારે મોટી સ્ત્રી તેની પાસે ગઈ ત્યારે ગભરાઈ ગઈ અને તેણે પોતાની આંખો બંધ કરી દીધી. તેથી તેને એક આંધળો પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ ધૃતરાષ્ટ્ર પાડ્યું, ત્યાર પછી બીજી સ્ત્રીને તેની સેવા માટે મોકલી તેનું મોં બીકને લીધે પીળું પડી ગયું. તેથી તેને પીળા રંગ વાળો પુત્ર ઉત્પન્ન થયો તેથી તેનું નામ પાંડુ પાડ્યું. બેમાંથી એક પણ પુત્ર સર્વાંગ સુંદર ન હોવાને લીધે, સત્યવતીને સંતોષ થયો નહિ. તેથી તેમણે એક દાસીને સારાં કપડાં તથા આભૂષણ પહેરાવીને મોકલી તેણે વ્યાસદેવની સેવા કરી તેથી તેને સુંદર પુત્ર ઉત્પન્ન થયો. તેનું

નામ વિદુર પાડ્યું. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર રાજભુવનમાં ભાઈઓની માફક ઉછરવા લાગ્યા. ભીષ્મપિતામહે તે ત્રણે પુત્રોને પાળી પોષીને મોટા કર્યા. જાત કર્માદિ સંસ્કાર કર્યા. યુવાન થયા ત્યારે તેમને અસ્ત્ર–શસ્ત્રાદિ વિદ્યા ભણાવી કુશળ બનાવ્યા. ધનુર્વિદ્યામાં પાંડુ પ્રખ્યાત થયા. બળમાં ધૃતરાષ્ટ્ર પ્રથમ નંબરે આવ્યા. અને રાજનીતિમાં વિદુર ઉત્તમ નીવડ્યા. આ જોઈ સર્વના આનંદનો પાર રહ્યો નહિ. ત્રણે બાળકો જ્યારે મોટા થયા, ત્યારે ભીષ્મે તેમને રાજ્ય સોંપવાનો વિચાર કર્યો અને ધૃતરાષ્ટ્ર આંધળા હતા. વિદુર દાસીપુત્ર હતા. તેથી પાંડુને ગાદીએ બેસાડ્યા. ગંધાર દેશના રાજા સુબલની કન્યા ગાંધારી સાથે ધૃતરાષ્ટ્રનો વિવાહ થયો. એક યદુવંશી રાજા શૂરસેનની પુત્રી પૃથા અથવા કુંતી સાથે તથા મદ્ર દેશની રાજકન્યા માદ્રી સાથે પાંડુનો અને રાજા દેવકની પરમ સુંદર કન્યા પાર્શ્વી સાથે વિદુરનો વિવાહ થયો.

નાનપણમાં કુંતીને દુર્વાસા મુનિ તરફથી એક મહા મંત્ર મળ્યો હતો. જેનું ફળ એ હતું કે જ્યારે એ મંત્રનો ઉચ્ચાર કરી ને કોઈ પણ દેવનું સ્મરણ કરે. ત્યારે તે દેવતા તેની સામે ઉપસ્થિત થાય અને એક પુત્ર આપે. આ મંત્રનો ઉચ્ચાર અજમાયશ કરવા માટે કુંતીએ પોતાની અવિવાહિત અવસ્થામાં કર્યો અને સૂર્ય દેવતાનું સ્મરણ કર્યું, જેથી તેમણે કવચ અને કુંડળ ધારણ કરેલો એક પુત્ર આપ્યો. તે પુત્રને નદીમાં ફેંકી દીધો. અને કુરૂરાજાના સારથિ અધિરથે તેને નદીમાંથી કાઢી પાળી-પોષી મોટો કર્યો. અને તેનું નામ વસુસેન રાખ્યું.

પાંડુ રાજાએ એક વખત મુનિકુમારને મૃગ જાણીને બાણ માર્યું. અને ઘાયલ કર્યો. તે પાપનું પ્રાયશ્ચિત કરવા માટે તેઓ પોતાની રાણીઓ સાથે વનમાં તપ કરવા ગયા. ત્યાં કુંતીએ મંત્રોચ્ચાર કરી પાંચ પુત્રો મેળવ્યા. ત્રણ પોતાના ઉદરથી અને બે માદ્રીના ઉદરથી, ધર્મરાજા પાસેથી યુધિષ્ઠિર, વાયુ પાસેથી ભીમ અને ઈંદ્ર પાસેથી અર્જુન. એમ ત્રણ પુત્રો કુંતીએ ઉત્પન્ન કર્યા. અને અશ્વિનીકુમારો પાસેથી નકુળ અને સહદેવ માદ્રીએ મેળવ્યા. આ પ્રમાણે રાજા પાંડુને પાંચ પુત્રો થયા.

એકવાર ભગવાન વેદ વ્યાસ ફરતા ફરતા રાજધાનીમાં આવ્યા. ગાંધારીએ તેમની સારી સેવા કરી તેથી પ્રસન્ન થઈને તેમણે તેને "સો પુત્રો થશે" એમ વરદાન આપ્યું. તેટલામાં જ યુધિષ્ઠિરના જન્મની વાત હસ્તિનાપુર પહોંચી. તેથી ગાંધારીને ઘણો અફસોસ થયો, કારણ કે મોટા હોવાને લીધે તે રાજગાદીના માલિક થવાના અધિકારી બન્યા હતા. પછી ગાન્ધારીને સો પુત્ર તથા એક કન્યા ઉત્પન્ન થઈ, તે ઉપરાંત ધૃતરાષ્ટ્રને એક દાસી હતી. તેનાથી યુયુત્સુ નામનો એક પુત્ર ઉત્પન્ન થયો.

પાંડુના પાંચ પુત્રો તથા ધૃતરાષ્ટ્રના સો પુત્રો ભેગા રમવા લાગ્યા. પાંડવો વનમાં ઉછર્યા હતા. અને કૌરવો રાજમહેલમાં ઉછર્યા હતા. તેથી બધી રમતગમતમાં પાંડવો જીતતા હતા. બધા પાંડવોમાં ભીમસેન બળવાન હતો. તે કૌરવોને સામસામે અથડાવતો, પાણીમાં ડૂબાડી દેતો અને એવાં ઘણાં ઘણાં દુઃખ દેતો તેથી નાનપણથી જ કૌરવો અને પાંડવો વચ્ચે મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થવા લાગી. આખરે દુર્યોધને ભીમસેનને કોઈ રીતે મારી નાખવાનો વિચાર કર્યો. ગંગા કિનારે બધા રમવા ગયા. ત્યાં જમણમાં ભીમસેનને ઝેરના લાડુ ખવડાવ્યા, તેથી તે અચેત થઈને ગંગામાં પડ્યો. તેને નહિ જોવાથી તેની તપાસ થવા લાગી, કુંતાજીના શોકનો પાર રહ્યો નહિ, પરંતુ વિદુરજીએ બધાંને શાંત પાડ્યાં. ભીમ ગંગાજીમાં પડ્યો તે સીધો પાતાળમાં પહોંચ્યો. ત્યાં નાગલોકોએ તેને ખૂબ દંશ કર્યા તેથી તેના શરીરનું ઝેર ઉતરી ગયું. નાગ લોકો તેને વાસુકી પાસે લઈ ગયા, વાસુકીએ તેને ઓળખ્યો અને તેનો આદર-સત્કાર કરી તેને એક અમૃત-પૂર્ણ વાસણમાંથી દવા પાઈ જેથી તેનું શરીર બીલકુલ નિરોગી થઈ ગયું. ત્યાર પછી તે પાછો હસ્તિનાપુર આવ્યો, બધા વડિલોને પ્રણામ કર્યા અને આનંદથી રહેવા લાગ્યો.

એકવાર રાજા શંતનુ શિકાર કરવા ગયા હતા. ત્યારે રસ્તામાં એક પુત્ર તથા પુત્રી પડેલાં જોયાં, તેમને તે પોતાને ત્યાં લઈ આવ્યા અને પાલન-પોષણ કરવા લાગ્યા. એ બન્ને મહર્ષિ શરદ્વાનનાં સંતાન હતાં. પાછળથી તે મહાત્મા આવ્યા અને પુત્ર કૃપને ઉત્તમ રીતે વિદ્યા ભણાવી અને છેવટે તે કૃપ આચાર્ય પદવી પામ્યા. તેમની બહેન કૃપીનો વિવાહ દ્રોણાચાર્ય સાથે થયો હતો.

કૃપાચાર્ય પાસે પાંડવ તથા કૌરવ અસ્ત્ર શસ્ત્ર-વિદ્યા શીખ્યા હતા. ત્યાર પછી દ્રોણાચાર્ય આવ્યા. એટલે ભીષ્મપિતામહે તેમની પાસે રાજકુમારોને મુક્યા. અને વિદ્યા ભણાવવા માંડી. તેમની સાથે સારથીથી પળાયેલો વસુસેન પણ વિદ્યા ભણતો હતો તેનું નામ કર્ણ પડ્યું. બધા રાજકુમારોમાં અર્જુન સૌથી ઉત્તમ ધનુર્ધર થયો. ફક્ત કર્ણજ એની બરા-બરી કરી શકતો હતો. બાકી બધા રાજકુમારો એનાથી ઓછી યોગ્યતાવાળા હતા.

દ્રોણાચાર્યની ખ્યાતિ સાંભળીને ઘણા બહારના રાજકુમારો પણ વિદ્યા ભણવા આવવા લાગ્યા. તેમાં નિષાદના રાજાનો પુત્ર એકલવ્ય પણ હતો. પણ દ્રોણાચાર્યે તેને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યો નહિ તેથી તે નીરાશ થઈને પાછો ગયો. પરંતુ વનમાં જઈને તેણે દ્રોણાચાર્યની મૂર્તિ બનાવીને તેની સામે અભ્યાસ કરવા માંડ્યો. શ્રદ્ધા, અભ્યાસ અને મન લગાડીને વિદ્યા ભણવાથી, તે ધનુર્વિદ્યામાં પારંગત થયો.આ વાતની ખબર પડવાથી દ્રોણાચાર્ય વનમાં ગયા અને તેની પરીક્ષા કરી. તો માલમ

પડ્યું કે બધા રાજકુમારોથી એકલવ્ય ઉત્તમ હતો. આથી દ્રોણાચાર્યે તેની પાસે ગુરુદક્ષિણા માગી. હે નિષાદપુત્ર ! જો તું મારો શિષ્ય જ હોય, તો તારા જમણા હાથનો અંગુઠો મને ગુરૂદક્ષિણા તરીકે આપ. એકલવ્યે ઘણા આનંદથી ગુરુદક્ષિણા આપી. આ રીતે અંગુઠો આપવા છતાં પણ એકલવ્ય ધનુર્વિદ્યામાં અર્જુન કરતાં ચઢીયાતો હતો.

ઉપર પ્રમાણે અર્જુને ધનુર્વિદ્યામાં, તેમજ ભીમ તથા દુર્યોધને ગદા ચલાવવામાં નિપુણતા મેળવી. યુધિષ્ઠિરે રથ ઉપર બેસી યુદ્ધ કરવાનો સારો અભ્યાસ કર્યો અને નકુળ અને સહદેવે તલવાર ચલાવવામાં સૌથી વધારે યોગ્યતા મેળવી.

એક દિવસ દ્રોણાચાર્યે પોતાના શિષ્યોનું પ્રાવીણ્ય દેખાડવા માટે શહેર બહાર એક રંગભૂમિ બનાવી. અને ત્યાં બધા રાજકુમારોએ પોત-પોતાની પ્રવીણતા દેખાડી. જ્યારે અર્જુન સર્વ રાજકુમારોમાંથી શ્રેષ્ઠ નંબરે આવ્યો, ત્યારે ત્યાં ઉભેલા સઘળા લોકોએ આનંદથી જયની ગર્જના કરી. તે દુર્યોધનાદિક કૌરવોથી ખમી શકાયું નહિ. તેથી દુર્યોધને કર્ણને તેના સામો મોકલ્યો. કર્ણે અર્જુનના કરેલા બધા ધનુષના ઘા કરી બતાવ્યા. આથી દુર્યોધન ઘણો પ્રસન્ન થયો. અર્જુને કર્ણને પૂછયું કે, તું વગર બોલાવ્યો કેમ આવ્યો ? ત્યારે કર્ણે કહ્યું કે'' રંગભૂમિ બધા માટે સરખી છે. અને દરેક યોદ્ધાને તેમાં ભાગ લેવાનો અધિકાર છે. અને જો તારે એકલાને અધિકાર લેવો હોય તો બાણથી કે બાહુબળથી અધિકાર સાબીત કર.'' આ ઉપરથી બન્નેએ દ્વંદ્વ-યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ કૃપાચાર્ય બોલ્યા કે, ''જે જાતે રાજા નથી. અથવા જેનો જન્મ રાજકુળમાં થયો નથી. તે રાજકુમાર સાથે યુદ્ધ કરવા લાયક નથી. એવો યુદ્ધનો નિયમ છે. તેથી આ બે વચ્ચે યુદ્ધ થઈ શકે નહિ.'' આ સાંભળી દુર્યોધને કહ્યું કે, ''રાજાઓની યોગ્યતા જન્મ, શૌર્ય, અને સેનાપતિત્વથી સમજાય છે. મારા ધારવા પ્રમાણે તો વીરની સાથે યુદ્ધ કરવા ન ઈચ્છતો હોય તો હું કર્ણને અત્યારથી જ અંગ દેશનો રાજા બનાવું છું. અને તેજ વખતે તેને રાજ્યાભિષેક કરવામાં આવ્યો.'' કર્ણે પણ સોગન લીધા કે-''હું દુર્યોધનનો સાથ નહિ છોડું.'' આ પ્રમાણે યુદ્ધ કરવાની તૈયારી ચાલતી હતી તેટલામાં કર્ણના પાલક પિતા અધિરથે કર્ણને રોક્યો. અને સૂર્યાસ્ત પણ થઈ ગયો.

બધા શિષ્યોનું અધ્યયન પૂર્ણ થયું, ત્યારે દ્રોણાચાર્યે તેમની પાસેથી ગુરુદક્ષિણા માગી. કે તમે બધા પાંચાલ દેશના રાજા દ્રુપદને યુદ્ધમાં હરાવીને પકડી લાવો ! કારણ કે તેણે અમારું અપમાન કર્યુ છે. આ પ્રમાણે આજ્ઞા મળવાથી પ્રથમ કૌરવો ત્યાં ગયા પણ યુદ્ધમાં તેને હરાવી શકાયા નહિ. પછી પાંડવો ગયા તેમણે તેને હરાવ્યો અને કેદી તરીકે પકડી લાવ્યા. દ્રોણાચાર્યે તેને અર્ધું રાજ્ય પાછું આપ્યું અને વિદાય કર્યો. આ

અપમાનથી રાજા દ્રુપદ દ્રોણને મારે એવો પુત્ર ઉત્પન્ન થાય તે માટે પુત્રેષ્ટિ યજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો. અને તેથી તેને ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર તથા કૃષ્ણા નામની કન્યા થઈ તે પુત્રે દ્રોણને યુદ્ધમાં માર્યા હતા. કાશીરાજાની પુત્રી અંબાએ ભીષ્મને મારવા માટે જન્મ લીધો તેનું નામ શિખંડી પડ્યું.

ધનુર્વિદ્યામાં પાંડવોની કીર્તિ સાંભળીને ધૃતરાષ્ટ્રને સંદેહ થયો કે હવે મારા પુત્રોને રાજ્ય મળશે નહિ, તેથી કોઈ રીતે તેમનો નાશ કરવાનું ઇચ્છવા લાગ્યો. અને દુર્યોધન પણ તેની સાથે સંમત થયો. ત્યાર પછી ધૃતરાષ્ટ્રે પાંડવોને બોલાવીને કહ્યું કે ‘હે પુત્રો ! વારણાવૃત નગરમાં એક મોટો મહાદેવનો ઉચ્છવ છે. અને બધા લોકો ત્યાંની શોભાનાં વખાણ કરે છે. માટે તમારે તે જોવા જવાની ઇચ્છા હોય તો જાઓ!” પાંડવો જવા માટે તૈયાર થયા. ધૃતરાષ્ટ્રે પોતાના પુરોચન નામના એક માણસને મોકલી ત્યાં પાંડવોને બાળી નાખવા માટે એક લાખનો મહેલ બનાવ્યો. અને તેમાં તેમને ઉતારો આપવાનું ઠરાવ્યું. પાંડવો જ્યારે ત્યાં આવ્યા, ત્યારે નક્કી કર્યા પ્રમાણે તેમને ત્યાં ઉતારો આપ્યો. અને રાતમાં મકાન બાળી નાખવામાં આવ્યું. ઈશ્વરકૃપાયે પાંચ પાંડવો, તથા કુંતાજી તો બચી ગયાં. પણ મહેલ બાંધનાર પુરોચન તથા એક ભીલડી અને તેના પાંચ પુત્રો બળી ગયા. લોકોએ જ્યારે તેમની લાશો જોઈ. ત્યારે એમ માન્યું કે પાંડવો અને કુંતાજી બળી ગયાં. અને રાજા ધૃતરાષ્ટ્રે તેમની ઉત્તર ક્રિયા પણ કરી નાખી. પાંડવોએ દુર્યોધનથી ડરીને વેષ બદલીને જંગલનો રસ્તો લીધો. રસ્તામાં એક હિડંબ નામનો રાક્ષસ મળ્યો તેને ભીમે મારી નાખ્યો અને તેની બહેન હિડંબા સાથે તેણે પોતાના ભાઈઓની સલાહથી લગ્ન કર્યું, તેનાથી હિડંબાને એક બહાદૂર પુત્ર થયો, તેનું નામ ઘટોત્કચ પાડ્યું. ત્યાર પછી ભીમે એક બક નામના રાક્ષસને પણ મારી નાખ્યો.

આ પ્રમાણે ફરતા ફરતા પાંડવો કોઈ એક ચંદ્ર નગરીમાં આવ્યા અને એક બ્રાહ્મણને ત્યાં તેમણે સાંભળ્યું કે દ્રુપદ રાજાની પુત્રીનો સ્વયંવર છે. તેથી તે બ્રાહ્મણોનો વેષ લઈ પાંચાલ ગયા અને જ્યારે રાજા દ્રુપદની મત્સ્યવેધન કરવાની પ્રતિજ્ઞા કોઈ પૂરી ન કરી શકયું ત્યારે અર્જુને મત્સ્યવેધ કર્યો. પરંતુ રાજાઓ તેમની સામે લડવા આવ્યા કારણ કે ક્ષત્રિય સિવાય બીજાને તે કન્યા પરણવાનો અધિકાર નથી એમ તે માનતા હતા. શ્રીકૃષ્ણ ભગવાન પણ ત્યાં આવ્યા હતા તેમણે રાજાઓને સમજાવ્યા અને પાંડવોની ઓળખાણ આપી.

આ પ્રમાણે દ્રૌપદીને લઈને પાંડવો ઘેર આવ્યા. બહારથી ભીમે કહ્યું કે, "માતાજી! આજ અમે એક સુંદર વસ્તુ લાવ્યા છીએ. કુંતાજીએ વગર જોયે કે જાણ્યે કહ્યું કે, ભાઈ જે લાવ્યા હોય તે પાંચે ભોગવો." આ ઉપરથી દ્રૌપદીએ પાંચે ભાઈઓ સાથે લગ્ન કર્યાં. ત્યાર પછી પાંડવોને અર્ધું રાજ્ય આપી કૌરવોથી છુટા કર્યા અને તેમણે પોતાની રાજધાની ઈંદ્રપ્રસ્થમાં કરી. દ્રૌપદીનો વિવાહ થયા પછી પાંડવોએ એવો નિશ્ચય કર્યો કે, જે વખતે દ્રૌપદી એક ભાઈની સાથે હોય ત્યારે બીજા ભાઈએ ત્યાં જવું નહિ. એક વખત યુધિષ્ઠિર અને દ્રૌપદી આયુધાગારમાં બેઠાં હતાં અને તે વખતે કોઈ એક બ્રાહ્મણની ગાયો ચોર ચોરી જતા હતા તેથી અર્જુનને આયુધાગારમાં ધનુષ લેવા જવાની ફરજ પડી. અર્જુન ગયો અને ગાયો છોડાવી. પણ નિયમભંગના પ્રાયશ્ચિત્ત બદલ તેમને બાર વરસ બ્રહ્મચારી રહેવાનું અને વનવાસ કરવાનું નક્કી થયું. અર્જુનને આ વનવાસના વખતમાં બધાં તીર્થોની યાત્રા કરી.તે ઉપરાંત મણિપુરના રાજાની કન્યા ચિત્રાંગદા તથા શ્રીકૃષ્ણચંદ્રની બહેન સુભદ્રા સાથે લગ્ન કર્યું.

દ્રૌપદીથી પાંચે ભાઈઓને એક એક એમ પાંચ પુત્રો થયા. અને સુભદ્રાથી અર્જુનને અભિમન્યુ નામનો મહાપરાક્રમી પુત્ર ઉત્પન્ન થયો.

એક વખત અર્જુન તથા શ્રી કૃષ્ણ યમુના નદીને કિનારે બેઠા બેઠા વાતો કરતા હતા, તેવામાં અગ્નિ માણસનું રૂપ લઈને ત્યાં આવ્યો. અને કહેવા લાગ્યો કે, મારી ઈચ્છા ખાંડવ વનનું ભક્ષણ કરવાની છે. માટે તમે હથિયાર લઈને બેસો. અને પ્રાણીઓને નાશી જતાં રોકો અને ઈંદ્રને વરસાદ વરસાવતાં પણ રોકો ! અર્જુને કહ્યું કે, અમે તમારા કહેવા પ્રમાણે કરવા તૈયાર છીએ. પણ અમારી પાસે એવું ધનુષ અને રથ નથી. તેમજ શ્રીકૃષ્ણ ભગવાન પાસે પણ કંઈ નથી. આ સાંભળી અગ્નિએ વરુણ પાસેથી ગાંડીવ નામનું ધનુષ, હંમેશાં ભરેલો રહે એવો ભાથો અને વાનરના ચિહ્નવાળો અભંગ રથ અર્જુનને લાવી આપ્યો. અને શ્રીકૃષ્ણ ભગવાનને સુદર્શન ચક્ર આપ્યું અને કહ્યું કે આ ચક્ર શત્રુને મારીને પાછું તમારા હાથમાં આવી જશે.

આ પ્રમાણે હથિયાર મળવાથી અગ્નિને ખાંડવ વનનો ભક્ષ્ય કરવામાં મદદ કરી તેથી ઈન્દ્ર સાથે યુદ્ધ થયું તેમાં ઈન્દ્ર ઘણો પ્રસન્ન થયો અને વરદાન આપ્યું કે મહાદેવને પ્રસન્ન કરવાથી તને દિવ્ય અસ્ત્ર પ્રાપ્ત થશે. અને શ્રીકૃષ્ણને કહ્યું કે તમારી બન્નેની મૈત્રી અખંડ રહેશે. ખાંડવ વનમાંથી મય-નામનો એક દાનવ જીવતો નીકળ્યો તેણે યુધિષ્ઠિર માટે એક ઉત્તમ સભાગ્રહ બનાવ્યું. ત્યાર પછી યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો. યજ્ઞ કરતાં પહેલાં રાજા જરાસંઘને મારીને તેને ત્યાં જે રાજાઓ કેદ હતા તેમને

છોડાવ્યા, પછી ચારે દિશાઓમાં જઈ રાજાઓને નમાવ્યા અને તે પછી રાજસૂયયજ્ઞનો આરંભ કર્યો. આ યજ્ઞમાં દેશ દેશના રાજાઓ બ્રાહ્મણો અને કૌરવો પણ ત્યાં આવ્યા. યજ્ઞના આરંભમાં યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા કરી તેથી શિશુપાળે શ્રીકૃષ્ણનું અપમાન કર્યું અને તેથી જ શ્રીકૃષ્ણે તેનો વધ કર્યો અને યજ્ઞનું કાર્ય નિર્વિઘ્ન સમાપ્ત કર્યું. આ પ્રમાણે યુધિષ્ઠિરે સાર્વભૌમ પદ પ્રાપ્ત કર્યું.

યજ્ઞ પૂરો થયા પછી રાજાઓ પોતપોતાના દેશમાં ચાલ્યા ગયા, પરંતુ કૌરવો ત્યાં રહ્યા હતા. એક વખત દુર્યોધન તથા તેના મામા શકુની સભાગ્રહ જોવા ગયા, પાંડવોની આ પ્રમાણે રિદ્ધિ-સિદ્ધિ સંપત્તિ, કીર્તિ અને વૈભવ જોઈને દુર્યોધન મનમાં બળી ગયો. અને પોતાના મામાને કહેવા લાગ્યો કે, જો આ બધી સંપત્તિ મને ન મળે, તો હું આત્મહત્યા કરીશ. એના મામાએ કહ્યું કે, યુધિષ્ઠિરને જુગાર રમવાનો બહુ શોખ છે. માટે જો તે જુગારમાં ફસાઈ જાય તો આપણે તેને હરાવી બધી સંપત્તિ લઈ શકીએ તેમ છે. ત્યાર પછી હસ્તિનાપુરમાં જુગાર રમવાનું યુધિષ્ઠિર સાથે નક્કી થયું અને પાંચે ભાઈઓ તથા દ્રૌપદી હસ્તિનાપુર આવ્યાં. ત્યાં રાજસભામાં બધા વડિલો સમક્ષ જુગારના દાવા માંડ્યા તેમાં યુધિષ્ઠિર હાર્યા અને સઘળી સંપત્તિ ગુમાવી. પછી બીજા દાવમાં ચાર ભાઈ તથા પોતે જાતે તથા દ્રૌપદી ગુમાવ્યાં. દુઃશાસને દ્રૌપદીની ભરી સભામાં આબરુ લેવા પ્રયત્ન કર્યો, પરંતુ પરમાત્માએ સહાય કરી અને ભરી સભામાં દ્રૌપદીની લાજ રાખી, વાત વધી પડી અને ભીમ તથા અર્જુન યુદ્ધ કરવાને તૈયાર થયા. આખરે એ પ્રમાણે નક્કી થયું કે તે પાંચે ભાઈઓ તથા દ્રૌપદી બાર વરસ વનમાં રહે અને તેરમે વરસ કોઈ પણ જગ્યાએ છુપા રહે. પણ જો અજ્ઞાત વાસમાં પકડાઈ જાય, તો ફરીથી બાર વરસ વનવાસ ભોગવે.

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુળ અને દ્રૌપદીએ વનનાં વસ્ત્ર પહેર્યાં અને ચાલી નીકળ્યાં. તેમની સાથે કેટલાક બ્રાહ્મણો પણ શહેર છોડી ચાલ્યા ગયા. યુધિષ્ઠિરને આ બધા બ્રાહ્મણો સાથે આવવાથી ચિંતા થવા લાગી કે આ બ્રાહ્મણોને ખાવાને માટે વસ્તુઓ ક્યાંથી આવશે. પરંતુ ધૌમ્ય ઋષિએ ધર્મરાજાને સૂર્યની ઉપાસના કરવાની સલાહ આપી અને તે પ્રમાણે કરવાથી સૂર્યદેવે તેમને અક્ષયપાત્ર આપ્યું. અને કહ્યું કે જ્યાં સુધી દ્રૌપદી આ પાત્રમાંથી જમશે નહિ ત્યાં સુધી ખુટશે નહિ.

આ પ્રમાણે બધાં વનમાં રહેવા લાગ્યાં, કોઈ કોઈ વાર તેમને વ્યાસમુનિ તથા શ્રીકૃષ્ણ ભગવાન દર્શન આપ્યા કરતા હતા. અર્જુને આ અરસામાં ભગવાન શંકરની ઉપાસના કરીને પાશુપત અસ્ત્ર મેળવ્યું તથા સ્વર્ગમાં જઈ ઈંદ્ર પાસેથી વજ્ર મેળવ્યું.

આ રીતે અગીયાર વર્ષ વીતી ગયાં, બારમા વર્ષના આરંભમાં દુર્યોધન પોતાનો વૈભવ દેખાડવા માટે પોતાની સ્ત્રીઓ તથા મંત્રીઓ સાથે વનમાં ગયો ત્યાં તેને ચિત્રસેન ગંધર્વ સાથે યુદ્ધ થયું તેમાં દુર્યોધન હાર્યો અને કર્ણ નાશી ગયો અને બધી સ્ત્રીઓ સાથે દુર્યોધન કેદ પકડાયો. દુર્યોધનનો મંત્રી ધર્મરાજા પાસે આવ્યો અને તેમની સહાયતાથી દુર્યોધન છૂટ્યો. આ રીતે પોતાનું અપમાન થવાથી દુર્યોધનને વધારે ગુસ્સો આવ્યો અને તે આત્મહત્યા કરવા તૈયાર થયો, પરંતુ કર્ણે તેને સમજાવ્યો અને કહ્યું કે હું અર્જુનનો વધ કરીશ ત્યારે તે ખુશ થયો.

આ દરમ્યાન ઇંદ્ર રાજાએ કપટથી કર્ણનાં કવચ માગી લીધાં અને તેના બદલામાં એક અમોઘ શક્તિ આપી અને કહ્યું કે જ્યારે પ્રાણ જવાની તૈયારી હોય ત્યારે જ આ શક્તિનો ઉપયોગ કરજે અને એક વાર ઉપયોગ થયા પછી આ શક્તિ મારી પાસે આવી જશે, ત્યાર પછી દુર્યોધને દુર્વાસા ઋષિને પ્રસન્ન કર્યા અને પાંડવોનું મહત્વ હરણ કરવા મોકલ્યા પરંતુ તે જાતે જ ભયભીત થઈને પાછા ફર્યા.

કૌરવોના સમજાવવાથી રાજા જયદ્રથ પાંડવોના આશ્રમમાં ગયો અને દ્રૌપદી ઉપર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પાંડવોએ તેની સેનાને નસાડી મુકી અને તેને કેદ કર્યો, પરંતુ યુધિષ્ઠિરે ક્ષમા આપી છોડી મુક્યો. આવી રીતે દુઃખો ભોગવતાં ભોગવતાં તેમણે બારમું વર્ષ પસાર કર્યું.

હવે અજ્ઞાત વાસ કરવા પાંડવોએ વિરાટનગર પસંદ કર્યું. ધર્મરાજાએ બ્રાહ્મણનો વેષ લીધો. અર્જુને સ્ત્રીનો વેષ લીધો. ભીમસેને રસોઈઆનો વેષ લીધો. નકુળે ઘોડાના રક્ષક તરીકે અને સહદેવે ગાયોના અનુભવી તરીકે પોતપોતાને ઓળખાવ્યા. અને દ્રૌપદીએ દાસી તરીકે પોતાને જણાવી અને બધાં વિરાટ રાજાને ત્યાં નોકર રહ્યાં. ધર્મરાજા મંત્રી બન્યા, અર્જુનને સ્ત્રીઓને સંગીત શીખવાડવા માટે રોકવામાં આવ્યો, ભીમને રસોઈ ખાતાનો ઉપરી બનાવ્યો. નકુળ ઘોડશાળાનો ઉપરી બન્યો અને સહદેવ ગોવાળનો મુખી બન્યો. અને દ્રૌપદીને રાણીએ પોતાની પાસે દાસી તરીકે રાખી. યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુળ, તથા સહદેવે અને દ્રૌપદીએ અનુક્રમે-કંક, બૃહન્નલા, વલ્લભ, અશ્વપાળ, ગોવાળ અને સૈરન્ધ્રી નામ ધારણ કર્યાં. અને પોતપોતાનાં કામ કરવા લાગ્યાં. વરસ પૂરુ થવામાં થોડા દિવસો બાકી હતા તેવામાં સૈરન્ધ્રી ઉપર બળાત્કાર કરવા પ્રયત્ન કરતાં ભીમે રાણીના ભાઈ કીચકને મારી નાખ્યો. વળી રાજા સુશર્મા અને કૌરવોએ વિરાટ નગર ઉપર એકદમ હુમલો કર્યો. ભીમ સુશર્માને હરાવી વિરાટ રાજાને કેદ પકડેલા હતા તે છોડાવી લાવ્યો અને બૃહન્નલાએ ઉત્તરના સારથી બનીને કૌરવોના સૈન્યને પરાસ્ત કર્યું. આજ સુધી રાજા વિરાટને ખબર નહોતી

કે આ લોક પાંડવો છે. યુદ્ધને ત્રીજે દિવસે અજ્ઞાત વાસની અવધી પૂરી થઈ એટલે દરેક જણે પોતપોતાનાં કપડાં પહેર્યાં અને પોતાનો પરિચય કરાવ્યો. રાજા વિરાટે પોતાની પુત્રી ઉત્તરાને અર્જુનના પુત્ર અભિમન્યુ સાથે પરણાવી અને બધા સગાવ્હાલા મિત્રો અને સંબંધીઓ ભેગા થઈ વિચાર કરવા લાગ્યા કે હવે રાજ્ય લેવા માટે શું કરવું ? કારણ કે કૌરવના કામ ઉપરથી તો રાજ્ય વગર લડાઈએ પાછું સોંપે એમ જણાતું નહોતું. આખરે એ નિશ્ચય થયો કે-દૂત મોકલીને રાજ્ય માગવું. જો તે ન આપે તો યુદ્ધ કરીને લેવું. આ નિશ્ચય કરીને રાજા દ્રુપદને દૂત તરીકે મોકલવામાં આવ્યા.

અને બીજા બધા રાજાઓને લડવામાં મદદ કરવાને માટે આમંત્રણ મોકલવામાં આવ્યાં. કૃષ્ણજીને લેવા માટે અર્જુનજી જાતે ગયા. આ બધી વાતની દુર્યોધનને ખબર પડી, તેથી તે પણ જાતે શ્રીકૃષ્ણની પાસે દ્વારકા ગયો. બન્ને જણ એક સાથે આવ્યા ને રાજભુવનમાં પણ એક સાથે પેઠા. શ્રીકૃષ્ણ તે વખતે સુતેલા હતા. અર્જુન તેમના પગ તરફ અને દુર્યોધન તેમના માથા તરફ બેઠો. ભગવાન જ્યારે જાગ્યા ત્યારે પ્રથમ તેમણે અર્જુનને અને પછી દુર્યોધનને જોયા અને કુશળ પૂછયું. પ્રથમ અર્જુનને આવવાનું કારણ પૂછયું. અર્જુનને અથ ઈતિ વાત કહી અને પોતાના પક્ષમાં આવવા પ્રાર્થના કરી. દુર્યોધને પણ બધી વાત કહી અને પોતાના પક્ષમાં આવવાનું કહ્યું. શ્રીકૃષ્ણ બોલ્યા : તમે બન્ને મારી પાસે આવ્યા છો માટે મારે બન્નેને સહાય કરવી જોઈએ. હું યુદ્ધમાં હથિયાર નહિ પકડું, વળી હું યુદ્ધમાં લડાઈ નહિ કરું. હવે એક તરફ હું એકલો છું અને બીજી તરફ મારી બધી સેના છે. તમારા બન્નેમાં અર્જુન નાનો છે. માટે એ માગે કે કઈ વસ્તુ તેને જોઈએ છીએ. અર્જુને સહર્ષ એકલા કૃષ્ણને જ માગ્યા અને દુર્યોધનના તરફ બધી સેના રહી. અર્જુને ભગવાનને પોતાના સારથી બનવાની વિનંતિ કરી અને તેમણે તે સ્વીકારી.

આ પ્રમાણે બન્ને તરફ તૈયરી થઈ, તેમાં કૌરવો તરફ અગીયાર અક્ષૌહિણી અને પાંડવો તરફ સાત અક્ષૌહિણી સેના ભેગી થઈ.

દ્રુપદનો પુરોહિત સંધિના દૂત તરીકે કૌરવોની સભામાં પહોંચ્યો, ત્યાં તેણે સારી રીતે બધાને સમજાવ્યા, તેથી કૌરવો તરફથી સંજયને પાંડવો પાસે મોકલવામાં આવ્યો અને કહેવરાવ્યું કે યુદ્ધથી પાંડવો તેમજ કૌરવોને ફાયદો નથી. માટે યુદ્ધ ન કરવું જોઈએ. સંજય પાંડવોની પાસે ગયો અને ધર્મરાજાને સમજાવ્યા ત્યારે ધર્મરાજાએ કહ્યું કે, “હે સંજય ! જો કૌરવો અમને અમારું રાજ્ય સોંપતા હોય તો અમારે લડવાની જરા પણ આવશ્યકતા નથી. અરે ! જો દુર્યોધન રાજ્ય આપવા ન ઈચ્છતો હોય તો ભલે, અમને પાંચ ભાઈઓને પાંચ ગામ આપે તો પણ અમે સંતોષ માનીશું. આથી

વિશેષ શું કહી શકાય ? તમે અમારા તરફથી દુર્યોધનને કહેજો કે, લોભ ઘણી ખરાબ વસ્તુ છે. અને મોટાં મોટાં રાજ્યો લોભથી જ નાશ પામ્યા છે. માટે લોભ છોડી અમારું રાજ્ય અમને પાછું સોંપે, અને જો તેમ કરવાની મરજી ન હોય તો યુદ્ધ કરવા તૈયાર થાય.

''પિતામહ ભીષ્મને પ્રણામ કરીને કહેજો કે, તમે કુરૂ વંશની વૃદ્ધિ અને કીર્તિ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે. તો આ વખતે યોગ્ય શિખામણ આપી વંશની રક્ષા કરો.''

આ પ્રમાણે દરેક વડીલોને ધર્મરાજાએ યુદ્ધમાંથી કુરૂ વંશને બચાવી લેવાનો સંદેશો મોકલ્યો અને ફક્ત પાંચ ગામ મળવાથી પોતે સંતોષ માની બેસી રહેશે એમ કહેવરાવ્યું.

ધર્મરાજાની સાથે ઉપર પ્રમાણે વાતચીત કરી સંજય હસ્તિનાપુર ગયો અને ભરી સભામાં પાંડવોનો સંદેશો સંભળાવ્યો, ભીષ્મ, દ્રોણ, કૃપ વિગેરેએ કૌરવોને સંધિ કરવા માટે ખૂબ સમજાવ્યા. પણ દુર્યોધને તે માન્યું નહિ અને તે ક્રોધમાં આવી જઈ પોતાના પિતા જે ઉપર પ્રમાણે ઉપદેશ આપવામાં સામેલ હતા તેમને કહેવા લાગ્યો, હે પિતા ! આપ શા માટે વ્યર્થ શોક કરો છો ? આપણે આપણા શત્રુઓથી કઈ રીતે નિર્બળ છીએ. જેથી આપણે હારી જઈશું. જુઓ તો ખરા ? અમારી સેના, અમારું બળ, અમારું પરાક્રમ વિગેરે જોઈને ધર્મરાજા એટલા બધા ડરી ગયા છે કે તે પાંચ ગામ પણ લેવા તૈયાર છે. કર્ણે પણ દુર્યોધનની વાતને ટેકો આપ્યો. ભીષ્મ પિતામહે કર્ણને ખૂબ ધમકાવ્યો અને બધાને સમજાવ્યા પણ તેમનું કહેવું કોઈએ માન્યું નહિ. વિદુર વિગેરે વડીલોનુ કહેવું પણ વ્યર્થ ગયું અને દુર્યોધન પોતાની વાત ઉપર મક્કમ રહ્યો.

જ્યારે આ સમાચાર યુધિષ્ઠિરે સાંભળ્યા ત્યારે તેમણે શ્રીકૃષ્ણને કહ્યું કે હે કેશવ ! આપ જુઓ છો કે યુદ્ધ ન થાય તેને માટે અમે આટલાં આટલાં દુઃખો વેઠ્યાં, છેવટે પાંચ ગામ લેવા તૈયાર થયા. પરંતુ દુર્યોધન માનતો નથી માટે હવે આપ સલાહ આપો કે અમારે હવે શું કરવું ?

આ વાત સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા : હે યુધિષ્ઠિર ! મારી ઇચ્છા છે કે યુદ્ધ કરતા પહેલાં હું જાતે દુર્યોધન પાસે તેના દરબારમાં જઉં અને બન્ને પક્ષના હિત માટે પ્રયત્ન કરું. પછી તેઓ સાત્યકીને સાથે લઈને કૌરવોની સભામાં ગયા અને ગંભીર સ્વરે ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહેવા લાગ્યા : એ ભરતવંશ શિરોમણી ! મારી સમજ પ્રમાણે તો આપે

જ કૌરવો અને પાંડવો વચ્ચે સંધિ કરાવીને વીરોનો નાશ થતો અટકાવવો જોઈએ. જે કંઈ જાણવા જેવું છે તે આપ જાણો છો. વિદ્યા, કળા અને બધા ગુણોમાં આપનું કુળ બીજાઓ કરતાં ઉંચુ છે. અને તે કુળના આપ રાજા છો. આપ આ બાબતોમાં છોકરાઓને વશમાં નહિ રાખો અને બેદરકારી બતાવશો તો પરિણામ ઘણું ભયંકર આવશે. આપને યાદ હશે કે આપના પુત્રોએ પાંડવોને કેવાં કેવાં દુઃખ આપ્યાં છે. છતાં પણ તેઓ ક્ષમા આપવા તૈયાર છે. માટે તેમનું અર્ધું રાજ્ય સોંપી સંધિ કરો ! વિના કારણ અગણિત વીરોનો નાશ કરાવશો નહિ આપના પુત્રો લોભ અને ક્રોધથી નિરંકુશ બની ગયા છે, તેમને કબજામાં રાખો ! પાંડવો જેટલા યુદ્ધ કરવા તૈયાર છે. તેટલા જ અથવા તેથી પણ વધારે સંધિ કરવા તૈયાર છે. માટે બન્ને વાતમાંથી જે વાત આપને સુગમ અને હિતકારી લાગે તે પ્રમાણે કરો.

શ્રીકૃષ્ણનું ગંભીર વચન સાંભળીને બધા શાંત થઈ ગયા, પરંતુ કોઈની સ્પષ્ટ કહેવાની હિંમત ચાલી નહિ. કેટલાક ઋષિઓએ દુર્યોધનને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેમને અપમાન સહન કરવું પડ્યું. શ્રીકૃષ્ણે દુર્યોધનને કહ્યું, હે દુર્યોધન ! તમે જે રીતે વર્તો છો તે તમારા કુળને શોભાસ્પદ નથી, તમારો આ વ્યવહાર અનર્થ કરનારો છે. પાંડવો સાથે સંધિ કરવાની તમારા બધા વડીલોની ઇચ્છા છે. અને તમારે તેમની ઇચ્છા પ્રમાણે વર્તવું જોઈએ. યુદ્ધ કરી એક બીજાનો વિનાશ કરવાથી શો ફાયદો છે ? તમે જે લોકો ઉપર વિશ્વાસ કરી પાંડવોને હરાવવાની આશા રાખો છો. તે લોકો પાંડવોની બરાબરી કરી શકે તેમ નથી. અને જો તમને ગમતું હોય તો તમે તમારા પક્ષમાંથી કોઈ એક યોદ્ધાને અર્જુન સાથે યુદ્ધ કરવા તૈયાર કરો ! અને તેનું જે પરિણામ આવે તે પ્રમાણે યુદ્ધમાં બીજા પક્ષોની હારજીત ગણાય એમ આપણે નક્કી કરીએ. અને એમ કરવા ઇચ્છા ન હોય તો પછી તેમનો ભાગ તેમને આપી દો. અને નિશ્ચિતપણે રાજ્ય કરો.

કૃષ્ણજીના સંભાષણ પછી ભીષ્મે, વિદુરે તથા ધૃતરાષ્ટ્રે દુર્યોધનને ખૂબ સમજાવ્યો પણ તેણે કોઈનું કહેવું માન્યું નહિ, ત્યારે દ્રોણગુરુ તેને સમજાવા લાગ્યા કે, હે દુર્યોધન! હજુ વખત છે, હજુ સુધી અર્જુને ગાંડીવ ધનુષ ચઢાવ્યું નથી. હજુ તેણે પોતાનાં બખ્તર પહેર્યાં નથી, હજુ તે રથમાં બેઠો નથી. અને હજુ સુધી ધૌમ્ય ઋષિએ તમને હરાવવા માટે યજ્ઞ કરવાનો આરંભ કર્યો નથી, માટે તું ચેત ! અને તેનો ભાગ આપી દે ! યુદ્ધમાં તેનો વિજય થશે અને તું હારીશ.

ઉપરના કથનથી દુર્યોધન ઉપર જરા પણ અસર પડી નહિ, પરંતુ તેણે ગુસ્સાથી કૃષ્ણને કહેવા માંડ્યું : હે કૃષ્ણ ! તમારે અમારા જેવા સાથે રીતસર વાત કરવી જોઈએ. તમને અમારી નિંદા કરવાનો શો અધિકાર છે ? તમે નક્કી સમજો કે અમારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી પાંડવોને કંઈ પણ મળવાનું નથી. વિશેષ તો શું ? પણ સોયની અણિ જેટલી પૃથ્વી પણ પાંડવોને આપવા હું તૈયાર નથી. ભલે અમારા કુરૂકુળનો અને દુનિયાનાં ક્ષત્રિયોનો નાશ થાય તેની મને જરા પણ ચિંતા નથી. હું વીરને લાયક શય્યા ઉપર સુવાની ઈચ્છા રાખુ છું.

આ સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા : હે દુર્યોધન ! જ્યારે તારી ઈચ્છા જ વીરની શય્યા ઉપર સુવાની છે. તો તે પુરી થશે. તેં નાનપણથી જ પાંડવો સાથે દુશ્મનાવટ બાંધી છે. તું તારા વડીલોની, ઋષિઓની અને મારી પણ શિખામણ નથી માનતો. તેથી જણાય છે કે તારું આવી બન્યું છે. ખેર ! તારી મરજી, પણ યાદ રાખજે ! જ્યારે રણભૂમિમાંથી પાંડવોથી ઘાયલ થઈને નાસતો ફરીશ ત્યારે આ તારા શબ્દો ભૂલી જવાશે અને અમારી શિખામણો યાદ આવશે.

શ્રીકૃષ્ણનાં આવાં વાક્યો સાંભળી દુર્યોધન સભામાંથી ચાલ્યો ગયો. પછી શ્રીકૃષ્ણે ભીષ્મ દ્રોણાદિ મહાત્માઓને ઉદ્દેશીને કહેવા માંડ્યું હે મહાત્માજનો ! તમે વડિલોએ નાનપણથી જ દુર્યોધનને કાબુમાં ન રાખ્યો. તેનું આ પરિણામ છે. હવે ફક્ત મને તો એકજ ઉપાય આ વંશની રક્ષાનો દેખાયો છે. તે એ કે આપ જો દુર્યોધનનો પક્ષ છોડી દો તો કૌરવોનો નાશ થતો બચી જાય.

આ સાંભળી ધૃતરાષ્ટ્ર ગભરાયા અને વિદુરજીને કહેવા લાગ્યા કે તમે અંતઃપુરમાં જાઓ. અને ગાંધારીને લઈ આવો ! વખતે  દુર્યોધન તેની માતાના કહેવાથી સમજી જાય.

વિદુરજી ગાંધારીને સભામાં લઈ આવ્યા અને ધૃતરાષ્ટ્રે તેને બધી વાત કહી સંભળાવી. ત્યારે ગાંધારીએ દુર્યોધનને કહ્યું.

હે દુર્યોધન ! કામ અને ક્રોધને વશ થવાથી તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે, તેથી તું ગુરુજનોનો કલ્યાણકારી ઉપદેશ સાંભળતો નથી તો પણ હે પુત્ર ! જ્યારે તું તારી અધર્મ બુદ્ધિને જીતી શકતો નથી તો રાજ્ય શી રીતે જીતવાનો છે ? તેં જે અન્યાય પાંડવો સાથે આજ સુધી કર્યો છે. તેનું પ્રાયશ્ચિત રાજ્ય આપીને કરી નાખ. તું સમજતો હોઈશ કે ભીષ્મ, દ્રોણ, કૃપ, વિદુર વિગેરે તારા પક્ષમાં છે, તેથી એ ધર્માત્મા પુરુષો તારા તરફથી યુદ્ધ કરશે. પણ તેમનું અંતઃકરણ તો પાંડવો તરફ રહેશે. તેમણે તારું

અન્ન ખાધું છે. એટલે તેમનાં શરીર ઉપર તારો અધિકાર છે. પણ મન ઉપર નથી. માટે હે પુત્ર ! સંધિ કરીને બધાની રક્ષા કરો ! અને સુખપૂર્વક રહો.

આનો કાંઈપણ ઉત્તર આપ્યા વગર દુર્યોધન ચાલ્યો ગયો. અને કર્ણ, દુઃશાસન તથા શકુની સાથે મળીને કૃષ્ણને કેદ કરવાની યુક્તિ રચવા લાગ્યો. આ વાતની સાત્યકિને ખબર પડવાથી તેણે કૃષ્ણના કાનમાં કહી. શ્રીકૃષ્ણે સભામાં જાહેર કરી દીધું કે દુર્યોધન મને કેદ કરવાની યુક્તિ કરે છે. પરંતુ હું દૂત છું, નહિ તો દુર્યોધનને જરૂર સજા કરત. ફરીથી બધાએ દુર્યોધનને ખૂબ સમજાવ્યો. પણ તેણે માન્યું નહિ. છેવટે શ્રીકૃષ્ણ પોતાના રથ ઉપર બેઠા અને કહ્યું હે સભાસદો ! હું સન્ધિ કરવા માટે આવ્યો હતો, પરંતુ દુર્ભાગ્યવશાત્ સંધિ થઈ નહિ, હવે યુદ્ધ સિવાય બીજો માર્ગ નથી. આ પ્રમાણે કહી તેમણે પોતાનો રથ આગળ ચલાવ્યો. રસ્તામાં કર્ણને પોતાના પક્ષમાં લાવવા તેમણે પ્રયત્ન કર્યો, પરંતુ કર્ણે માન્યું નહિ. ત્યારે તેમણે કર્ણ સંગાથે સંદેશો કહેવરાવ્યો કે આ માસ યુદ્ધ કરવા માટે ઉત્તમ છે, માટે આજથી સાતમે દિવસે અમાવાસ્યા છે, તે દિવસે યુદ્ધનો આરંભ થશે. આ સાંભળી કર્ણ શ્રીકૃષ્ણને નમસ્કાર કરી વિદાય થયો.

ભગવાન શ્રીકૃષ્ણ શાંતિ સ્થાપન કરવામાં નિષ્ફળ થવાથી ઉપલવ્ય નગરમાં પાંડવોને આવી મળ્યાં અને યુદ્ધની તૈયારી કરવા લાગ્યા. દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, કાશિરાજ, સાત્યકી, ચેકિતાન અને ભીમ એ સાત યોદ્ધાઓ સાત અક્ષૌહિણીસેનાના અધિપતિઓ બન્યા અને તે બધાનો સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નને નિમવામાં આવ્યો. કૌરવોની અગીયાર અક્ષૌહિણી સેના પણ કુરૂક્ષેત્રમાં આવી ઉભી રહી હતી. કૃપ, શલ્ય, દ્રોણ, જયદ્રથ, કર્ણ, ભૂરિષેણ, કૃતવર્મા, અશ્વત્થામા, ભૂરિશ્રવા, શકુનિ અને બાલ્હિક એ અગીયાર યોદ્ધાઓ તેના સેનાનાયક બન્યા અને મુખ્ય સેનાપતિનું પદ ભીષ્મપિતામહને સોંપવામાં આવ્યું.

આ પ્રમાણે તૈયાર થયા પછી આ લોહી-તરસી ભૂમિ ઉપર બન્ને પક્ષની સેનાઓ આવી પહોંચી. પાંડવોની સેનાનું મોઢું પૂર્વ તરફ અને કૌરવોની સેનાનું મોઢું પશ્ચિમ તરફ હતું. મેદાન ગોળ મંડળાકાર હતું અને તેનો અર્ધો ભાગ પાંડવોના કબજામાં અને અર્ધો ભાગ કૌરવોના કબજામાં હતો. યુદ્ધનાં જનાવરોના અવાજથી, યોદ્ધાઓનાં હથિયારોના ખડખડાટથી, ભેરી, નગારાં, શંખ, વિગેરેના ધ્વનિથી કુરૂક્ષેત્ર ગાજી ઉઠ્યું. યુદ્ધ આરંભ થયા પહેલાં ધર્મરાજા પોતાનાં હથિયાર છોડી કૌરવોની સેનામાં ગયા તેમની પાછળ તેમના બધા ભાઈઓ તથા શ્રીકૃષ્ણજી પણ ગયા. ધર્મરાજા સીધા ભીષ્મપિતામહ પાસે ગયા. અને નમન કરીને યુદ્ધ કરવાની આજ્ઞા માગી.

ભીષ્મપિતામહે તેમને આશિર્વાદ સાથે યુદ્ધ કરવાની રજા આપી. એ જ પ્રમાણે દ્રોણાચાર્ય તથા કૃપાચાર્યની આજ્ઞા મળી.

વ્યાસજીએ જ્યારે સાંભળ્યું કે બન્ને પક્ષની સેના યુદ્ધ કરવા તૈયાર ઉભી છે. ત્યારે તે ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા અને બોલ્યા, હે ધૃતરાષ્ટ્ર ! જો તારી ઈચ્છા યુદ્ધ જોવાની હોય, તો હું તને દિવ્ય ચક્ષુ આપું. ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું, મહારાજ ! આખી જીંદગી આંધળા રહી હવે હું મારો પોતાનો સર્વ નાશ જોવા માટે ચક્ષુ મેળવું એ ઠીક નહિ, પરંતુ મારી ઈચ્છા બધો યુદ્ધનો ચિતાર સાંભળવાની છે. ત્યારે વ્યાસજીએ તેના સારથી સંજયને દિવ્ય દૃષ્ટિ આપીને કહ્યું કે, હે સંજય ! યુદ્ધમાં જે કંઈ થશે ગુપ્ત યા પ્રગટ, દિવસમાં કે રાતમાં, તે તારાથી છૂપું રહેશે નહિ. વળી તે જોવામાં કોઈ પણ અસ્ત્ર-શસ્ત્ર અડચણ નાખી શકશે નહિ અને તને થાક પણ લાગશે નહિ. આ પ્રમાણે સંજયને યુદ્ધ વૃત્તાંત સંભળાવવાનું કામ સોંપી વ્યાસજી ચાલ્યા ગયા.

આ પ્રમાણે વ્યાસદેવ જ્યારે ધૃતરાષ્ટ્રની ઈચ્છા પ્રમાણે સંજયને દિવ્ય દૃષ્ટિ આપીને તથા તેની સહાયથી યુદ્ધની તમામ વાતો સાંભળવાનું અને જોવાનું વરદાન આપી ચાલ્યા ગયા. અને પછી જ્યારે યુદ્ધ થવા લાગ્યું, ત્યારે પુત્ર સ્નેહથી મોહિત થયેલા ધૃતરાષ્ટ્ર રાજાએ સંજયને પૂછ્યું.

વ્યાસમુનિકૃત મહાભારતમાંથી સમુદ્ધાર કરેલો આટલો સારાર્થ જાણવાથી વાચકોને ભારતી લડાઈનું સ્વરૂપ અને પરિણામ તેમજ તે લડાઈના પ્રસંગે યુધિષ્ઠિરાદિક સાત્ત્વિક પ્રકૃતિના મનુષ્ય પાત્રોનું અને દુર્યોધનાદિક રાજસ-તામસ પ્રકૃતિના મનુષ્ય પાત્રોનું તારતમ્ય અથવા સારા-નરસાપણું સમજવામાં આવે છે.

અને આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની ઉત્પત્તિ ક્યાં ક્યારે અને કેવા સંયોગોમાં થયેલી છે. તથા અર્જુન જેવા ભડવીરને પણ એક તરફ રાજ્યલાભ અને બીજી તરફ બંધુહનન તેમજ ભીષ્માદિક વડીલોનું હનન તે તેને કેવા અણધાર્યા કઢંગા સંયોગમાં મુકી દે છે. અને તે બન્ને પસંદગીમાં પોતે ભિક્ષાન્ન ખાઈને પણ જીવવું એ વધારે શ્રેયસ્કર માને છે. પણ માનવસંહારને શ્રેયસ્કર માનતો નથી. તેવા પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણે આ અમૂલ્ય કર્મયોગાદિકનો ઉપદેશ કરેલો છે. અને આખરે પરમ નિઃશ્રેયસનો ઉપાય પોતાની શરણાગતિ જ બતાવી છે. માટે આપણો અધિકાર પણ એ શરણાગતિમાં જ છે, એમ માનીને વિરામ પામતો એ શરણાગતવત્સલ પ્રભુ શ્રીહરિનો અનન્ય-શરણાગત સેવક

**— સાધુ કૃષ્ણસ્વરૂપદાસ**

**વડતાલધામ**

# अनुक्रमणिका सूचि




| अध्याय | योगनाम | क्रमांक |
|---|---|---|
| १. | अर्जुनविषादयोग | ०१ |
| २. | सांख्ययोग | २१ |
| ३. | कर्मयोग | ६६ |
| ४. | ज्ञानकर्मसंन्यासयोग | ९७ |
| ५. | कर्मसंन्यासयोग | १२६ |
| ६. | आत्मसंयमयोग | १४५ |
| ७. | ज्ञानविज्ञानयोग | १७३ |
| ८. | अक्षरब्रह्मयोग | १९३ |
| ९. | राजविद्याराजगुह्ययोग | २१३ |
| १०. | विभूतियोग | २३४ |
| ११. | विश्वरूपदर्शनयोग | २५६ |
| १२. | भक्तियोग | २८६ |
| १३. | क्षेत्र-क्षेत्रज्ञविभागयोग | २९७ |
| १४. | गुणत्रयविभागयोग | ३२१ |
| १५. | पुरुषोत्तमयोग | ३३८ |
| १६. | दैवासुरसम्पद्विभागयोग | ३५५ |
| १७. | श्रद्धात्रयविभागयोग | ३६९ |
| १८. | मोक्षसंन्यासयोग | ३८४ |

श्रीस्वामिनारायणो विजयतेतराम् ।

# श्लोकानुक्रमसूचिका-


| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| ( अ ) | | | |
| अकीर्तिं चापि भूतानि | २ | ३४ | ४२ |
| अग्निर्ज्योतिरहः शुक्लः | ८ | २४ | २०९ |
| अच्छेद्योऽयमदाह्योऽयम् | २ | २४ | ३६ |
| अजोऽपि सन्नव्ययात्मा | ४ | ६ | १०१ |
| अत्र शूरा महेष्वासाः | १ | ४ | ०२ |
| अथ केन प्रयुक्तोऽयम् ? | ३ | ३६ | ९२ |
| अथ चित्तं समाधातुम् | १२ | ९ | २९० |
| अथ चेत्त्वमिमं धर्म्यम् | २ | ३३ | ४२ |
| अथ चैनं नित्यजातम् | २ | २६ | ३७ |
| अथवा बहुनैतेन किं | १० | ४२ | २५५ |
| अथवा योगिनामेव | ६ | ४२ | १६९ |
| अथ व्यवस्थितान् | १ | २० | ०९ |
| अथैतदप्यशक्तोऽसि | १२ | ११ | २९२ |
| अदृष्टपूर्वं हृषितोऽस्मि | ११ | ४५ | २७९ |
| अदेशकाले यद्दानम् | १७ | २२ | ३८० |
| अद्वेष्टा सर्वभूतानाम् | १२ | १३ | २९३ |
| अधर्मं धर्ममिति या | १८ | ३२ | ४०१ |
| अधर्माभिभवात् कृष्ण ! | १ | ४० | १७ |
| अधश्चोर्ध्वं प्रसृता | १५ | २ | ३३९ |
| अधिभूतं क्षरो भावः | ८ | ४ | १९५ |
| अधियज्ञः कथं कोऽत्र | ८ | २ | १९३ |
| अधिष्ठानं तथा कर्ता | १८ | १४ | ३९१ |
| अध्यात्मज्ञाननित्यत्वम् | १३ | ११ | ३०४ |
| अध्येष्यते च य इमम् | १८ | ७० | ४२३ |
| अनपेक्षः शुचिर्दक्षः | १२ | १६ | २९४ |
| अनन्तविजयं राजा | १ | १६ | ०७ |
| अनन्तश्चास्मि नागानाम् | १० | २९ | २४९ |
| अनन्यचेताः सततम् | ८ | १४ | २०१ |
| अनन्याश्चिन्तयतो माम् | ९ | २२ | २२६ |
| अनादित्वान्निर्गुणत्त्वात् | १३ | ३१ | ३१८ |
| अनादिमध्यान्तमनन्तवीर्य | ११ | १९ | २६५ |
| अनाश्रितः कर्मफलम् | ६ | १ | १४५ |
| अनिष्टमिष्टं मिश्रं च | १८ | १२ | ३८९ |
| अनुद्वेगकरं वाक्यम् | १७ | १५ | ३७७ |
| अनुबन्धं क्षयं हिंसाम् | १८ | २५ | ३९७ |
| अनेकचित्तविभ्रान्ताः | १६ | १६ | ३६४ |
| अनेकबाहूदरवक्त्रनेत्रम् | ११ | १६ | २६३ |
| अनेकवक्त्रनयनम् | ११ | १० | २६० |
| अन्तकाले च मामेव | ८ | ५ | १९६ |
| अन्तवत्तु फलं तेषाम् | ७ | २३ | १८८ |
| अन्तवन्त इमे देहाः | २ | १८ | ३२ |
| अन्नाद्भवन्ति भूतानि | ३ | १४ | ७७ |
| अन्ये च बहवः शूराः | १ | ९ | ०४ |
| अन्ये त्वेवमजानन्तः | १३ | २५ | ३१४ |
| अपरं भवतो जन्म | ४ | ४ | ९९ |
| अपरे नीयताहाराः | ४ | ३० | ११८ |
| अपरेयमितस्त्वन्याम् | ७ | ५ | १७६ |
| अपर्याप्तं तदस्माकम् | १ | १० | ०५ |
| अपाने जुह्वति प्राणम् | ४ | २९ | ११८ |
| अपि चेदसि पापेभ्यः | ४ | ३६ | १२२ |
| अपि चेत्सुदुराचारः | ९ | ३० | २३२ |
| अप्रकाशोऽप्रवृत्तिश्च | १४ | १३ | ३२९ |
| अफलाकाङ्क्षिभिर्यज्ञः | १७ | ११ | ३७५ |
| अभयं सत्त्वसंशुद्धिः | १६ | १ | ३५५ |
| अभिसन्धाय तु फलम् | १७ | १२ | ३७५ |
| अभ्यासयोगयुक्तेन | ८ | ८ | १९८ |
| अभ्यासेऽप्यसमर्थोऽसि | १२ | १० | २९१ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| अमानित्वमदभ्भित्वम् | १३ | ७ | ३०२ |
| अमी सर्वे धृतराष्ट्रस्य | ११ | २६ | २६९ |
| अमी हि त्वां सुरसङ्घाः | ११ | २१ | २६६ |
| अयतिः श्रद्धयोपेतः | ६ | ३७ | १६७ |
| अयनेषु च सर्वेषु | १ | ११ | ०६ |
| अयुक्तः प्राकृतः स्तब्धः | १८ | २८ | ३९८ |
| अवजानन्ति मां मूढाः | ९ | ११ | २२० |
| अवाच्यवादांश्च बहून् | २ | ३६ | ४३ |
| अविनाशि तु तद्विद्धि ! | २ | १७ | ३२ |
| अविभक्तं च भूतेषु | १३ | १६ | ३०८ |
| अव्यक्तं व्यक्तिमापन्नम् | ७ | २४ | १८९ |
| अव्यक्तादीनि भूतानि | २ | २८ | ३८ |
| अव्यक्ताद्व्यक्तयः सर्वाः | ८ | १८ | २०६ |
| अव्यक्तोऽक्षर इत्युक्तः | ८ | २१ | २०७ |
| अशा२स्त्रविहितं धोरम् | १७ | ५ | ३७२ |
| अशोच्यानन्वशोचस्त्वम् | २ | ११ | २६ |
| अश्रद्दधानाः पुरुषाः | ९ | ३ | २१४ |
| अश्रद्धया हुतं दत्तम् | १७ | २८ | ३८३ |
| अश्वत्थः सर्ववृक्षाणाम् | १० | २६ | २४३ |
| असक्तबुद्धिः सर्वत्र | १८ | ४९ | ४१० |
| असत्यमप्रतिष्ठं ते | १६ | ८ | ३६० |
| असक्तिरनमिष्वङ्गः | १३ | ९ | ३०३ |
| असंयतात्मना योगः | ६ | ३६ | १६६ |
| असंशयं महाबाहो ! | ६ | ३५ | १६५ |
| असौ मया हतः शत्रुः | १६ | १४ | ३६२ |
| अस्माकं तु विशिष्टा | १ | ७ | ०४ |
| अहमात्मा गुडाकेश ! | १० | २० | २४६ |
| अहङ्कारं वलं दर्पम् | १६ | १८ | ३६५ |
| अहं क्रतुरहं यज्ञः | ९ | १६ | २२३ |
| अहं वैश्वानरो भूत्वा | १५ | १४ | ३४८ |
| अहं सर्वस्य प्रभवः | १० | ८ | २३९ |
| अहं हि सर्वयज्ञानाम् | ९ | २४ | २२८ |
| अहिंसा सत्यमक्रोधः | १६ | २ | ३५६ |
| अहिंसा समता तुष्टिः | १० | ५ | २३७ |
| अहो बत महत्पापम् | १ | ४५ | १९ |
| अक्षरं ब्रह्म परमम् | ८ | ३ | १९४ |
| अक्षराणामकारोऽस्मि | १० | ३३ | २५१ |
| अज्ञश्चाश्रद्दधानश्च | ४ | ४० | १२४ |
| ( आ ) | | | |
| आख्याहि मे को भवान् | ११ | ३१ | २७१ |
| आचार्याः पितरः पुत्राः | १ | ३४ | १४ |
| आढयोऽभिजनवानस्मि | १६ | १५ | ३६३ |
| आत्मसम्भाविताः स्तब्धाः | १६ | १७ | ३६५ |
| आत्मौपम्येन सर्वत्र | ६ | ३२ | १६४ |
| आदित्यानामहं विष्णुः | १० | २१ | २४६ |
| आपूर्यमाणमचलप्रतिष्ठम् | २ | ७० | ६४ |
| आब्रह्मभूवनाल्लोकाः | ८ | १६ | २०४ |
| आयुधानामहं वज्रम् | १० | २८ | २४९ |
| आयुः सत्त्वबलारोग्यम् | १७ | ८ | ३७३ |
| आरुरुक्षोर्मुनेर्योगम् | ६ | ३ | १४७ |
| आवृतं ज्ञानमेतेन | ३ | ३९ | ९४ |
| आशापाशशतैर्बद्धाः | १६ | १२ | ३६२ |
| आश्चर्यवत्पश्यति कश्चित् | २ | २९ | ३९ |
| आसुरीं योनिमापन्नां | १६ | २० | ३६६ |
| आहारस्त्वपि सर्वस्य | १७ | ७ | ३७३ |
| आहुस्त्वामृषयः सर्वे | १० | १३ | २४१ |
| ( इ ) | | | |
| इच्छाद्वेषसमुत्थेनं | ७ | २७ | १९१ |
| इच्छा द्वेषः सुखं दुःखम् | १३ | ६ | ३०२ |
| इति गुह्यतमं शास्त्रम् | १५ | २० | ३५४ |
| इति ते ज्ञानमाख्यातम् | १८ | ६३ | ४१८ |
| इति क्षेत्रं तथा ज्ञानम् | १३ | १८ | ३०९ |
| इत्यर्जुनं वासुदेवस्त | ११ | ५० | २८२ |
| इत्यहं वासुदेवस्य | १८ | ७४ | ४२५ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| इदमद्य मया लब्धम् | १६ | १३ | ३६३ |
| इदं तु ते गुह्यतमम् | ९ | १ | २१३ |
| इदं ते नातपस्तकाय | १८ | ६७ | ४२१ |
| इदं शरीरं कौन्तेय ! | १३ | १ | २९७ |
| इदं ज्ञानमुपाश्रित्य | १४ | २ | ३२१ |
| इन्द्रि यस्येन्द्रियस्यार्थे | ३ | ३४ | ९१ |
| इन्द्रियाणि पराण्याहुः | ३ | ४२ | ९६ |
| इन्द्रियाणि मनो बुद्धिः | ३ | ४० | ९४ |
| इन्द्रियाणां हि चरताम् | २ | ६७ | ६२ |
| इन्द्रियार्थेषु वैराग्यम् | १३ | ८ | ३०३ |
| इमं विवस्वते योगम् | ४ | १ | ९७ |
| इष्टान् भोगान् हि वो देवाः | ३ | १२ | ७५ |
| इहैकस्थं जगकृत्स्नम् | ११ | ७ | २५९ |
| इहैव तैर्जितः सर्गो | ५ | १९ | १३९ |
| ( ई ) | | | |
| ईश्वरः सर्वभूतानाम् | १८ | ६१ | ४१७ |
| ( उ ) | | | |
| उच्चैःश्रवसमश्वानाम् | १० | २७ | २४८ |
| उत्क्रामन्तं स्थितं वापि | १५ | १० | ३४६ |
| उत्तमः पुरुषस्त्वन्यः | १५ | १७ | ३५२ |
| उत्सन्न कुलधर्माणाम् | १ | ४४ | १९ |
| उत्सीदेयुरिमे लोकाः | ३ | २४ | ८३ |
| उदाराः सर्व एवैते | ७ | १८ | १८५ |
| उदासीनवदासीनम् | १४ | २३ | ३३४ |
| उद्धरेदात्मनात्मानम् | ६ | ५ | १४८ |
| उपद्रष्टानुमन्ता च | १३ | २२ | ३१२ |
| ( ऊ ) | | | |
| ऊर्ध्वमूलमधः शाखम् | १५ | १ | ३३८ |
| ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थां | १४ | १८ | ३३१ |
| ( ऋ ) | | | |
| ऋषिभिर्बहुधा गीतम् | १३ | ४ | ३०० |
| ( ए ) | | | |
| एत्तच्छुत्वा वचनं केशवस्य | ११ | ३५ | २७३ |
| एतद्योनीनि भूतानि | ७ | ६ | १७७ |
| एतन्मे संशयं कृष्ण ! | ६ | ३९ | १६८ |
| एतान्न हन्तुमिच्छामि | १ | ३५ | १४ |
| एतान्यपि तु कर्माणि | १८ | ६ | ३८६ |
| एतां दृष्टिमवष्टभ्य | १६ | ९ | ३६१ |
| एतां विभूतिं योगं च | १० | ७ | २३८ |
| एतैर्विमुक्तः कौन्तेय ! | १६ | २२ | ३६७ |
| एवमेतद्यथात्थ त्वम् | ११ | ३ | २५७ |
| एवमुक्तवा ततो राजन् | ११ | ९ | २६० |
| एवमुक्तो हृषीकेशो | १ | २४ | १० |
| एवमुक्तवार्जुनः संखख्यये | १ | ४७ | २० |
| एवमुक्त्वा हृषीकेशम् | २ | ९ | २६ |
| एवम्परम्पराप्राप्तम् | ४ | २ | ९७ |
| एवम्प्रवर्तितं चक्रम् | ३ | १६ | ७८ |
| एवम्बहुविधा यज्ञाः | ४ | ३२ | ११९ |
| एवम्बुद्धेः परं बुद्ध्वा | ३ | ४३ | ९६ |
| एवं सततयुक्ता ये | १२ | १ | २८६ |
| एवं ज्ञात्वा कृतं कर्म | ४ | १५ | १०९ |
| एषा तेऽभिहिता सांख्ये | २ | ३९ | ४५ |
| एषा ब्राह्मी स्थितिः पार्थ ! | २ | ७२ | ६० |
| ( ओ ) | | | |
| ओमित्येकाक्षरं ब्रह्म | ८ | १३ | २०० |
| ॐ तत्सदिति निर्देशो | १७ | २३ | ३८१ |
| ( क ) | | | |
| कच्चिदेतच्छ्रुतं पार्थ ! | १८ | ७२ | ४२४ |
| कच्चिन्नोभयविभ्रष्टः | ६ | ३८ | १६७ |
| कट्वम्ललवणात्युष्ण | १७ | ९ | ३७४ |
| कथं न ज्ञेयमस्माभिः ? | १ | ३९ | १६ |
| कथं भीष्ममहं संख्ये ? | २ | ४ | २२ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| कथं विद्यामहं योगिन् ! | १० | १७ | २४४ |
| कर्मजं बुद्धियुक्ता हि | २ | ५१ | ५४ |
| कर्मण सुकृतस्याहुः | १४ | १६ | ३३० |
| कर्मणैव हि संसिद्धिम् | ३ | २० | ८१ |
| कर्मणो ह्यपि बोद्धव्यम् | ४ | १७ | ११० |
| कर्मण्यकर्म यः पश्येत् | ४ | १८ | १११ |
| कर्मण्येवाधिकारस्ते | २ | ४७ | ५१ |
| कर्म ब्रह्मोद्भवं विद्धि ! | ३ | १५ | ७७ |
| कर्मेन्द्रियाणि संयम्य | ३ | ६ | ७० |
| कर्षयन्तः शरीरस्थम् | १७ | ६ | ३७२ |
| कविं पुराणमनुशासि | ८ | ९ | १९८ |
| करुमाच्च ते न नमेरन् ? | ११ | ३७ | २७४ |
| काङ्क्षन्तः कर्मणां सिद्धिम् | ४ | १२ | १०६ |
| काम एष क्रोध एषः | ३ | ३७ | ९३ |
| कामक्रोधवियुक्तानाम् | ५ | २६ | १४३ |
| काममाश्रित्य दुष्पूरम् | १६ | १० | ३६१ |
| कामात्मानः स्वर्गपराः | २ | ४३ | ४७ |
| कामैस्तैस्तैर्हृज्ञानाः | ७ | २० | १८७ |
| काम्यानां कर्मणां न्यासम् | १८ | २ | ३८५ |
| कायेन मनसा बुद्ध्या | ५ | ११ | १३३ |
| कार्पण्यदोषोपहतस्वभावः | २ | ७ | २४ |
| कार्यकारणकर्तृत्वे | १३ | २० | ३११ |
| कार्यमित्येव यत्कर्म | १८ | ९ | ३८८ |
| कालोऽस्मि लोकक्षयकृत् | ११ | ३२ | २७२ |
| काश्यश्च परमेष्वासः | १ | १७ | ०७ |
| किं कर्म किमकर्मेति | ४ | १६ | ११० |
| किं तद्ब्रह्म किमध्यात्मम् | ८ | १ | १९३ |
| किम्पुनर्ब्राह्मणाः पुण्याः | ९ | ३३ | २३३ |
| किरीटिनं गदिनं चक्र ह | ११ | ४६ | २८० |
| किरीटिनं गदिनं चक्रिणम् | ११ | १७ | २६४ |
| कुतस्त्वा ? कश्मलमिदम् | २ | २ | २१ |
| कुलक्षये प्रणश्यन्ति | १ | ४० | १७ |
| कृपया परयाविष्टम् | १ | २८ | १२ |
| कृषिगोरक्ष्यवाणिज्यम् | १८ | ४४ | ४०७ |
| कैर्लिङ्गैस्त्रीन् गुणानेतान् | १४ | २१ | ३३३ |
| क्रोधाद्भवति सम्मोहः | २ | ६३ | ६० |
| क्लेशोऽधिकतरस्तेषाम् | १२ | ५ | २८८ |
| क्लैब्यं मास्मगमः पार्थ ! | २ | ३ | २२ |
| (ग) | | | |
| गतसङ्गस्य मुक्तस्य | ४ | २३ | ११४ |
| गतिर्भर्ता प्रभुः साक्षी | ९ | १८ | २२४ |
| गाण्डीवं स्त्रंसते हस्तात् | १ | ३० | १२ |
| गामाविश्य च भूतानि | १५ | १३ | ३४७ |
| गुणानेतानतीत्य त्रीन् | १४ | २० | ३३३ |
| गुरुनहत्वा हि महानुभावान् | २ | ५ | २३ |
| (च) | | | |
| चच्चलं हि मनः कृष्ण ! | ६ | ३४ | १६५ |
| चतुर्विधा भजन्ते माम् | ७ | १६ | १८४ |
| चातुर्वर्ण्यं मया सृष्टम् | ४ | १३ | १०७ |
| चिन्तामपरिमेयां च | १६ | ११ | ३६२ |
| चेतसा सर्वकर्माणि | १८ | ५७ | ४१५ |
| (ज) | | | |
| जन्म कर्म च मे दिव्यम् | ४ | ९ | १०४ |
| जरामरणमोक्षाय | ७ | २९ | १९२ |
| जातस्य हि ध्रुवो मृत्यु : | २ | २७ | ३८ |
| जितात्मनः प्रशान्तस्य | ६ | ७ | १४९ |
| ज्यायसी चेत्कर्मणस्ते | ३ | १ | ६६ |
| ज्योतिषामपि तज्ज्योतिः | १३ | १७ | ३०९ |
| (त) | | | |
| तच्च संस्मृत्य संस्मृत्य | १८ | ७७ | ४२७ |
| ततः पदं तत्परिमार्गित | १५ | ४ | ३४० |
| ततः शङ्खाश्च भेर्यश्च | १ | १३ | ०६ |
| ततः श्वेतैर्हयैर्युक्ते | १ | १४ | १५ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| ततः स विस्मयाविष्टो | ११ | १४ | २६२ |
| तत्त्ववित्तु महाबाहो ! | ३ | २८ | ८० |
| तत्र तं बुद्धिसंयोगम् | ६ | ४३ | १७० |
| तत्र सत्त्वं निर्मलत्त्वात् | १४ | ६ | ३२५ |
| तत्रापश्यत् स्थितान् | १ | २६ | ११ |
| तत्रैकस्थं जगत्कृत्स्नम् | ११ | १३ | २६२ |
| तत्रैकाग्रं मनः कृत्वा | ६ | १२ | १५३ |
| तत्रैवं सति कर्तारम् | १८ | १६ | ३९२ |
| तत्क्षेत्रं यच्च यादृक्च | १३ | ३ | २९९ |
| तदित्यनभिसन्धाय | १७ | २५ | ३८२ |
| तद्बुद्धयस्तदात्मानः | ५ | १७ | १३७ |
| तद्विद्धि ! प्रणिपातेन | ४ | ३४ | १२० |
| तं तथा कृपयाविष्टम् | २ | १ | २१ |
| तपस्विभ्योऽधिको योगी | ६ | ४६ | १७२ |
| तपाम्यहमहं वर्षम् | ९ | १९ | २२४ |
| तमस्त्वज्ञानजं विद्धि ! | १४ | ८ | ३२६ |
| तमुवाच हृषीकेशः | २ | १० | २६ |
| तमेव शरण गच्छ ! | १८ | ६२ | ४१८ |
| तं विद्यादुःखसंयोग | ६ | २३ | १५८ |
| तस्माच्छास्त्रं प्रमाणं ते | १६ | २४ | ३६८ |
| तस्मात्त्वमिन्‍ रयाण्यादौ | ३ | ४१ | ९५ |
| तस्मात्त्वमुत्तिष्ठ ! यशो | ११ | ३३ | २७२ |
| तस्मात् प्रणम्य प्रणिधाय | ११ | ४४ | २७९ |
| तस्मात् सर्वेषु कालेषु | ८ | ७ | १९७ |
| तस्मादसक्तः सततम् | ३ | १९ | ८० |
| तस्मादज्ञानसम्भूतम् | ४ | ४२ | १२५ |
| तस्मादोमित्युदाहृत्य | १७ | २४ | ३८१ |
| तस्माद्यस्य महाबाहो | २ | ६८ | ६२ |
| तस्मान्नार्हा वयं हन्तुम् | १ | ३७ | १६ |
| तस्य सज्जनयन् हर्षम् | १ | १२ | ०६ |
| तानहं द्विषतः क्रूरान् | १६ | १९ | ३६६ |
| तानि सर्वाणि संयम्य | २ | ६१ | ५९ |
| तुल्यनिन्दास्तुतिर्मौनी | १२ | १९ | २९५ |
| तेजः क्षमा धृतिः शौचम् | १६ | ३ | ३५७ |
| ते तं भुक्त्वा स्वर्गलोकम् | ९ | २१ | २२५ |
| तेषामहं समुद्धर्ता | १२ | ७ | २८९ |
| तेषामेवानुकम्पार्थम् | १० | ११ | २४० |
| तेषां सततयुक्तानाम् | १० | १० | २४० |
| तेषां ज्ञानी नित्ययुक्तः | ७ | १७ | १८५ |
| त्यक्त वा कर्मफलासङ्गम् | ४ | २० | ११२ |
| त्याज्यं दोषवदित्येके | १८ | ३ | ३८५ |
| त्रिभिर्गुणमयैर्भावैः | ७ | १३ | १८१ |
| त्रिविधं नरकस्येदम् | १६ | २१ | ३६७ |
| त्रिविधा भवति श्रद्धा | १७ | २ | ३७० |
| त्रैगुण्यविषयो वेदाः | २ | ४५ | ४९ |
| त्रैविद्या मां सोमपा : | ९ | २० | २२५ |
| त्वमक्षरं परमं वेदितव्यम् | ११ | १८ | २६५ |
| त्वमादिदेवः पुरुषः | ११ | ३८ | २७५ |
| **( द )** | | | |
| दण्डो दमयतामस्मि | १० | ३८ | २५३ |
| दम्भो दर्पोऽभिमानश्च | १६ | ४ | ३५७ |
| दंष्ट्राकरालानि च ते | ११ | २५ | २६८ |
| दातव्यमिति यदानम् | १७ | २० | ३७९ |
| दिवि सूर्यसहस्त्रस्य | ११ | १२ | २६१ |
| दिव्यमाल्याम्बरधरम् | ११ | ११ | २६१ |
| दुःखमित्येव यत्कर्म | १८ | ८ | ३८७ |
| दुःखेष्वनुद्विग्नमनाः | २ | ५६ | ५७ |
| दूरेण ह्यवरं कर्म | २ | ४९ | ५२ |
| दृष्ट्वा तु पाण्डवानीकम् | १ | २ | ०२ |
| दृष्ट्वेदं मानुषं रुपम् | ११ | ५१ | २८३ |
| दृष्ट्वेमं स्वजनं कृष्ण ! | १ | २७ | १२ |
| देवद्विजगुरुप्राज्ञपूजनम् | १७ | १४ | ३७६ |
| देवान् भावयतानेन | ३ | ११ | ७४ |
| देहिनोऽस्मिन् यथा देहे | २ | १३ | २९ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| देही नित्यमवध्योऽयम् | २ | ३० | ४० |
| देवमेवापरे यज्ञम् | ४ | २५ | ११५ |
| दैवी सम्पद्विमोक्षाय | १६ | ५ | ३५८ |
| दैवी ह्येषा गुणमयी | ७ | १४ | १८२ |
| दोषैरेतैः कुलघ्नानाम् | १ | ४३ | १८ |
| द्यावापृथिव्योरिदमन्तरं | ११ | २० | २६६ |
| द्यूतं छलयतामस्मि | १० | ३६ | २५२ |
| द्रव्ययज्ञास्तपोयज्ञाः | ४ | २८ | ११७ |
| द्रुपदो द्रोपदेयाश्च | १ | १८ | ०७ |
| द्रोण च भीष्मं च जय | ११ | ३४ | २७३ |
| द्वाविमौ पुरुषौ लोके | १५ | १६ | ३४९ |
| द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् | १६ | ६ | ३५९ |
| (ध) | | | |
| धर्मक्षेत्रे कूरुक्षेत्रे | १ | १ | ०१ |
| धूमेनाव्रियते वह्नि | ३ | ३८ | ९३ |
| धूमोः रात्रिस्तथा कृष्णः | ८ | २५ | २१० |
| धृत्या यया धारयते | १८ | ३३ | ४०१ |
| धृष्टकेतुश्चेकितानः | १ | ५ | ०२ |
| ध्यानेनात्मनि पश्यन्तः | १३ | २४ | ३१४ |
| ध्यायतो विषयान् पूंसः | २ | ६२ | ६० |
| (न) | | | |
| न कर्तृत्वं न कर्माणि | ५ | १४ | १३५ |
| न कर्मणामनारम्भात् | ३ | ४ | ६९ |
| न काङ्क्षे विजयं कृष्ण ! | १ | ३२ | १३ |
| न च तस्मान्मनुष्येषु | १८ | ६९ | ४२२ |
| न च मत्स्थानि भूतानि | ९ | ५ | २१६ |
| न च मां तानि कर्माणि | ९ | ९ | २१९ |
| न चैतद्विद्मः कतरन्नो | २ | ६ | २४ |
| न जायते म्रियते वा | २ | २० | ३३ |
| न तदस्ति पृथिव्यां वा | १८ | ४० | ४०५ |
| न तद्भासयते सूर्यो | १५ | ६ | ३४२ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| न तु मां शक्यसे द्रष्टुम | ११ | ८ | २५९ |
| न त्वेवाहं जातु नासम् | २ | १२ | २९ |
| न द्वेष्टय कुशलं कर्म | १८ | १० | ३८८ |
| न प्रहृष्येत् प्रियं प्राप्य | ५ | २० | १३९ |
| न बुद्धिमेदं जनयेत् | ३ | २६ | ८४ |
| नभःस्पृशं दीप्तमनेक | ११ | २४ | २६८ |
| न मां कर्माणि लिम्पन्ति | ४ | १४ | १०८ |
| न मां दुष्कृतिनो मूढाः | ७ | १५ | १८३ |
| न मे पार्थास्ति कर्तव्यम् | ३ | २२ | ८२ |
| न मे विदुः सुरगणाः | १० | २ | २३६ |
| न रुपमस्येह तथो | १५ | ३ | ३४० |
| न वेदयज्ञाध्ययनैर्न | ११ | ४८ | २८१ |
| नष्टो मोहः स्मृतिर्लब्धा | १८ | ७३ | ४२४ |
| न हि कश्चित्क्षणमपि | ३ | ५ | ७० |
| नहि देहभृता शक्यम् | १८ | ११ | ३८९ |
| नहि प्रपश्यामि ममाप | २ | ८ | २५ |
| नहि ज्ञानेन सद्दशम् | ४ | ३८ | १२३ |
| नात्यश्नतस्तु योगोऽस्ति | ६ | १६ | १५५ |
| नादत्ते कस्यचित् पापम् | ५ | १५ | १३६ |
| नान्तोऽस्ति मम दिव्यानाम् | १० | ४० | २५४ |
| नान्यं गुणेभ्यः कर्तारम् | १४ | १९ | ३३२ |
| नासतो विद्यते भावः | २ | १६ | ३१ |
| नास्ति बुद्धिरयुक्तस्य | २ | ६६ | ६२ |
| नाहं वेदैर्न तपसा | ११ | ५३ | २८४ |
| निमित्तानि च पश्यामि | १ | ३१ | १३ |
| नियतस्य तु सन्यासः | १८ | ७ | ३८७ |
| नियतं कुरु कर्म त्वम् | ३ | ८ | ७१ |
| नियंत सङ्गरहितम् | १८ | २३ | ३९५ |
| निराशीर्यतचित्तात्मा | ४ | २१ | ११३ |
| निर्मानमोहा जितसङ्ग | १५ | ५ | ३४१ |
| निश्चयं श्रृणु मे तत्र | १८ | ४ | ३८६ |
| निहत्य धार्तराष्ट्रान्नः | १ | ३६ | १५ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| नेहाभिक्रमनाशोऽस्ति | २ | ४० | ४६ |
| नैते सृती पार्थ ! जानन् | ८ | २७ | २११ |
| नैनं छिन्दन्ति शस्त्राणि | २ | २३ | ३६ |
| नैव किञ्चित्करोमीति | ५ | ८ | १३१ |
| नैच तस्य कृतेनार्थः | ३ | १८ | ७९ |
| (प) | | | |
| पञ्चतानि महाबाहो ! | १८ | १३ | ३९० |
| पत्रं पुष्पं फलं तोयम् | ९ | २६ | २२९ |
| परं ब्रह्म परं धाम | १० | १२ | २४१ |
| परं भूयः प्रवक्ष्यामि | १४ | १ | ३२१ |
| परस्तस्मात्तु भावोऽन्यः | ८ | २० | २०७ |
| परित्राणाय साधूनाम् | ४ | ८ | १०४ |
| पवनः पवतामस्मि | १० | ३१ | २५० |
| पश्य मे पार्थ ! रुपाणि | ११ | ६ | २५९ |
| पश्यामि देवांस्तव देव ! | ११ | १५ | २६३ |
| पश्यैतां पाण्डुपुत्राणाम् | १ | ३ | ०२ |
| पाञ्चजन्यं हृषीकेशो | १ | १५ | ०७ |
| पार्थ ! नैवेह नामुत्र | ६ | ४० | १६८ |
| पितासि लोकस्य च | ११ | ४३ | २७८ |
| पिताहमस्य जगतो | ९ | १७ | २२३ |
| पुण्यो गन्धः पृथिव्यां च | ७ | ९ | १७९ |
| पुरुषः प्रकृतिस्थो हि | १३ | २१ | ३१२ |
| पुरुषः स परः पार्थ ! | ८ | २२ | २०८ |
| पुरोधसां च मुख्यं माम् | १० | २४ | २४७ |
| पूर्वाम्यासेन तेनैव | ६ | ४४ | १७० |
| पृथकत्वेन तु यज्ज्ञानम् | १८ | २१ | ३९४ |
| प्रकाशं च प्रवृतिं च | १४ | २२ | ३३४ |
| प्रकृतिं पुरुषं चैव | १३ | १९ | ३१० |
| प्रकृतिं स्वामवष्टम्य | ९ | ८ | २१८ |
| प्रकृतेः क्रियमाणानि | ३ | २७ | ८५ |
| प्रकृतेर्गुणसम्मूढाः | ३ | २९ | ८६ |
| प्रकृत्यैव च कर्माणि | १३ | २९ | ३१७ |
| प्रजहाति यदा कामान् | २ | ५५ | ५६ |
| प्रयत्नाद्यतमानस्तु | ६ | ४५ | १७१ |
| प्रयाणकाले मनसा | ८ | १० | १९९ |
| प्रलपन्विसृजन्गृह्णन् | ५ | ९ | १३२ |
| प्रवृत्तिं च निवृतिं | १६ | ७ | ३५९ |
| प्रवृतिं च निवृतिं च | १८ | ३० | ३९९ |
| प्रशान्तमनसं ह्येनम् | ६ | २७ | १६० |
| प्रशान्तात्मा विगतभीः | ६ | १४ | १५४ |
| प्रसादे सर्वदुःखानाम् | २ | ६५ | ६१ |
| प्रह्लादश्चास्मि दैत्यानाम् | १० | ३० | २४९ |
| प्राप्य पुण्यकृतांल्लोकान् | ६ | ४१ | १६९ |
| (ब) | | | |
| बन्धुरात्मात्मनस्तस्य | ६ | ६ | १४९ |
| बलं बलवतामस्मि | ७ | ११ | १८० |
| बहिरन्तश्च भूतानाम् | १३ | १५ | ३०८ |
| बहूनि मे व्यतीतानि | ४ | ५ | १०० |
| बहूनां जन्मनामन् | ७ | १९ | १८६ |
| बाह्यस्पर्शेष्वसक्तात्मा | ५ | २१ | १४० |
| बीजं मां सर्वभूतानाम् | ७ | १० | १७९ |
| बुद्धियुक्तो जहातीह | २ | ५० | ५३ |
| बुद्धिर्ज्ञानमसम्मोहः | १० | ४ | २३७ |
| बुद्धेर्भेदं धृतेश्चैव | १८ | २९ | ३९९ |
| बुद्धया विशुद्धया युक्तः | १८ | ५१ | ४११ |
| बृहत्साम तथा साम्नाम् | १० | ३५ | २५२ |
| ब्रह्मणो हि प्रतिष्ठाहम् | १४ | २७ | ३३७ |
| ब्रह्मण्याधाय कर्माणि | ५ | १० | १३२ |
| ब्रह्मभूतः प्रसन्नात्मा | १८ | ५४ | ४१३ |
| ब्रह्मार्पणं ब्रह्म हविः | ४ | २४ | ११५ |
| ब्राह्मणक्षत्रियविशाम् | १८ | ४१ | ४०५ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| ( भ ) | | | |
| भक्त्या त्वनन्यया शक्यः | ११ | ५४ | २८५ |
| भक्त्या मामभिजानाति | १८ | ५५ | ४१३ |
| भयाद्रणादुपरतम् | २ | ३५ | ४३ |
| भवाप्ययौ हि भूतानाम् | ११ | २ | २५७ |
| भवान् भीष्मश्च कर्णश्च | १ | ८ | ०४ |
| भीष्मद्रोणप्रमुखतः | १ | २५ | ११ |
| भूतग्रामः स एवायम् | ८ | १९ | २०६ |
| भूमिरापोऽनलो वायुः | ७ | ४ | १७६ |
| भूय एव महाबाहो | १० | १ | २३५ |
| भोक्तारं यज्ञतपसाम् | ५ | २९ | १४४ |
| भोगैश्वर्यप्रसक्तानाम् | २ | ४४ | ४७ |
| ( म ) | | | |
| मच्चितः सर्वदुर्गाणि | १८ | ५८ | ४१५ |
| मच्चित्ता मद्गनतप्राणाः | १० | ९ | २३९ |
| मत्कर्मकृन्मत्परमः | ११ | ५५ | २८५ |
| मत्तः परतरं नान्यत् | ७ | ७ | १७८ |
| मदनुग्रहाय परमम् | ११ | १ | २५६ |
| मनःप्रसादः सौम्यत्वम् | १७ | १६ | ३७७ |
| मनुष्याणां सहस्रेषु | ७ | ३ | १७६ |
| मन्मना भव मद्भक्तः | ९ | ३४ | २३४ |
| मन्मना भव मम्द्क्तो | १८ | ६५ | ४२० |
| मन्यसे यदि तच्छक्यम् | ११ | ४ | २५७ |
| मम योनिर्महद्ब्रह्म | १४ | ३ | ३२३ |
| ममैवांशो जीवलोके | १५ | ७ | ३४४ |
| मया ततमिदं सर्वम् | ९ | ४ | २१५ |
| मयाध्यक्षेण प्रकृतिः | ९ | १० | २२० |
| मया प्रसन्नेन तवार्जुनेदम् | ११ | ४७ | २८१ |
| मयि चानन्ययोगेन | १३ | १० | ३०४ |
| मयि सर्वाणि कर्माणि | ३ | ३० | ८७ |
| मय्यावेश्य मनो ये माम् | १२ | २ | २८७ |
| मय्यासक्तमनाः पार्थ! | ७ | १ | १७३ |
| मच्येव मन आधत्स्व ! | १२ | ८ | २९० |
| महर्षयः सप्त पूर्वे | १० | ६ | २३८ |
| महर्षीणां भृगुरहम् | १० | २५ | २४८ |
| महात्मानस्तु मां पार्थ ! | ९ | १३ | २२१ |
| महाभूतान्यहङ्कारो | १३ | ५ | ३०२ |
| मां च योऽव्यभिचारेण | १४ | २६ | ३३६ |
| मा ते व्यथा मा च | ११ | ४९ | २८२ |
| मात्रास्पर्शास्तु कौन्तेय ! | २ | १४ | ३० |
| मानापमानयोस्तुल्यः | १४ | २५ | ३३५ |
| मामुपेत्य पुनर्जन्म | ८ | १५ | २०२ |
| मां हि पार्थ ! व्यपाश्रित्य | ९ | ३२ | २३३ |
| मुक्तसङ्गोऽनहंवादी | १८ | २६ | ३१५ |
| मूढग्राहेणात्मनो यत् | १७ | १९ | ३७९ |
| मृत्युं सर्वहरश्चाहम् | १० | ३४ | २५१ |
| मोघाशा मोधकर्माण- | ९ | १२ | २२० |
| ( य ) | | | |
| य इदं परमं गुह्यम् | १८ | ६८ | ४२२ |
| य एनं वेत्ति हन्तारम् | २ | १९ | ३३ |
| य एवं वेत्ति पुरुषम् | १३ | २३ | ३१३ |
| यच्चापि सर्वभूतानाम् | १० | ३९ | २५३ |
| यच्चावहासार्थमसत्कृ | ११ | ४२ | २७७ |
| यजन्ते सात्त्विका देवान् | १७ | ४ | ३७१ |
| यज्ज्ञात्वा न पुनर्मोहम् | ४ | ३५ | १२१ |
| यततो ह्यपि कौन्तेय ! | २ | ६० | ५९ |
| यतन्तो योगिनश्चैनं | १५ | ११ | ३४६ |
| यतः प्रवृत्तिर्भूतानाम् | १८ | ४६ | ४०८ |
| यतेन्द्रियमनोबुद्धिः | ५ | २८ | १४३ |
| यतो यतो निश्चरति | ६ | २६ | १६० |
| यत्करोषि यदश्नासि | ९ | २७ | २३० |
| यत्तदग्रे विषमिव | १८ | ३७ | ४०३ |
| यत्तु कामेप्सुना कर्म | १८ | २४ | ३९६ |
| यत्तु कृत्स्नवदेकस्मिन् | १८ | २२ | ३९५ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| यत्तु प्रत्युपकारार्थम् | १७ | २१ | ३८० |
| यत्र काले त्वनावृत्तिम् | ८ | २३ | २०९ |
| यत्र योगेश्वरः कृष्णः | १८ | ७८ | ४२७ |
| यत्रोपरमते चित्तम् | ६ | २० | १५७ |
| यत्साङ्ख्यैः प्राप्यते | ५ | ५ | १२९ |
| यथाकाशस्थितो नित्यम् | ९ | ६ | २१७ |
| यथादीपो निवातस्थो | ६ | १९ | १५६ |
| यथा नदीनां बहवो | ११ | २८ | २७० |
| यथा प्रकाशयत्येकः | १३ | ३३ | ३१९ |
| यथा प्रदीप्तं ज्वलनम् | ११ | २९ | २७० |
| यथा सर्वगतं सौक्ष्म्यात् | १३ | ३२ | ३१८ |
| यथैधांसि समिद्धोऽग्नि | ४ | ३७ | १२२ |
| यदग्रे चानुबन्धे च | १८ | ३९ | ४०४ |
| यदहङ्कारमाश्रित्य | १८ | ५९ | ४१६ |
| यदक्षरं वेदविदो बदन्ति | ८ | ११ | १९९ |
| यदा ते मोहकलिलम् | २ | ५२ | ५४ |
| यदादित्यगतं तेजो | १५ | १२ | ३४७ |
| यदा भूतपृथग्भावम् | १३ | ३० | ३१७ |
| यदा यदा हि धर्मस्य | ४ | ७ | १०३ |
| या विनियतं चित्तम् | ६ | १८ | १५६ |
| यदा सत्त्वे प्रवृद्धे तु | १४ | १४ | ३२९ |
| यदा संहरते चायं | २ | ५८ | ५८ |
| यदा हि नेन्द्रियार्थेषु | ६ | ४ | १४८ |
| यदि मामप्रतीकारम् | १ | ४६ | २० |
| यदि ह्यहं न वर्तेयं | ३ | २३ | ८३ |
| यदृच्छया चोपपन्नम् | २ | ३२ | ४१ |
| यदृच्छालाभसन्तुष्टः | ४ | २२ | ११३ |
| यद्यप्येते न पश्यन्ति | १ | ३८ | १६ |
| यद्यदाचरति श्रेष्ठः | ३ | २१ | ८१ |
| यद्यद्विभूतिमत्सत्त्वम् | १० | ४१ | २५४ |
| यं यं वापि स्मरन्भावम् | ८ | ६ | १९७ |
| यं लब्ध्वा चापरं लाभम् | ६ | २२ | १५८ |
| यं सन्न्यासमिति प्राहुः | ६ | २ | १४५ |
| यं हि न व्यथयन्त्येते | २ | १५ | ३१ |
| यया तु धर्मकामार्थान् | १८ | ३४ | ४०१ |
| यया धर्ममधर्मं च | १८ | ३१ | ४०० |
| यया स्वप्नं भयं शोकं | १८ | ३५ | ४०२ |
| यः शास्त्रविधिमुत्सृज्य | १६ | २३ | ३६८ |
| यस्त्वात्मरतिरेव स्यात् | ३ | १७ | ७९ |
| यस्त्विन्द्रियाणि मनसा | ३ | ७ | ७१ |
| यस्मात्क्षरमतीतोऽहम् | १५ | १८ | ३५३ |
| यस्मान्नोद्विजते लोको | १२ | १५ | २९४ |
| यस्य नाहंकृतो भावो | १८ | १७ | ३९२ |
| यस्य सर्वे समारम्भां | ४ | १९ | ११२ |
| यस्सर्वत्रानामिस्नेहः | २ | ५७ | ५७ |
| यज्ञदानतपः कर्म न | १८ | ५ | ३८६ |
| यज्ञशिष्टामृतभुजो | ४ | ३१ | ११९ |
| यज्ञशिष्टाशिनः सन्तो | ३ | १३ | ७६ |
| यज्ञार्थात्कर्मणो ऽन्यत्र | ३ | ९ | ७३ |
| यज्ञे तपसि दाने च | १७ | २७ | ३८३ |
| यातयामं गतरसं | १७ | १० | ३७४ |
| या निशा सर्वभूतानां | २ | ६९ | ६४ |
| यान्ति देवव्रता देवान् | ९ | २५ | २२८ |
| यामिमां पुष्पतां बाचं | २ | ४२ | ४७ |
| यावत्सञ्जायते किञ्चित् | १३ | २६ | ३१५ |
| यावदेतान्निरीक्षेऽहं | १ | २२ | ०९ |
| यावानर्थ उदपाने | २ | ४६ | ४९ |
| युक्तः कर्मफलं त्यक्त्वा | ५ | १२ | १३३ |
| युक्ताहारविहारस्य | ६ | १७ | १५५ |
| युञ्जन्नेवं सदात्मानम् | ६ | १५ | १५४ |
| युञ्जन्नेवं सादात्मानम् | ६ | २८ | १६१ |
| युधामन्युश्च विक्रान्त | १ | ६ | ०३ |
| ये चैव सात्त्विका भावा | ७ | १२ | १८० |
| ये तु धर्म्यामृतमिदं | १२ | २० | २९६ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| ये तु सर्वाणि कर्माणि | १२ | ६ | २८९ |
| ये त्वक्षरमनिर्देश्यं | १२ | ३ | २८७ |
| ये त्वेतदभ्यसूयन्तो | ३ | ३२ | ८९ |
| येऽप्यन्यदेवता भक्ता | ९ | २३ | २२७ |
| ये मे मतमिदं नित्य | ३ | ३१ | ८८ |
| ये यथा मां प्रपद्यन्ते | ४ | ११ | १०६ |
| ये शास्त्रविधिमुत्सृज्य | १७ | १ | ३६९ |
| येषां त्वन्तगतं पापं | ७ | २८ | १९१ |
| येषामर्थे काङ्क्षितं नो | १ | ३३ | १३ |
| ये हि संस्पर्शजा भोगा | ५ | २२ | १४० |
| योगयुक्तो विशुद्धात्मा | ५ | ७ | १३१ |
| योगसन्न्यस्तकर्माणम् | ४ | ४१ | १२५ |
| योगस्थः कुरु कर्माणी | २ | ४८ | ५२ |
| योगिनामपि सर्वेषाम् | ६ | ४७ | १७२ |
| योगी युञ्जीत सततम् | ६ | १० | १५१ |
| योत्स्यमानानवेक्षेऽहं | १ | २३ | ०९ |
| यो न हृष्यति न द्वेष्टि | १२ | १७ | २९५ |
| योऽन्तः सुखोऽन्तराराम | ५ | २४ | १४२ |
| यो मामजमनादिं च | १० | ३ | २३६ |
| यो मां पश्यति सर्वत्र | ६ | ३० | १६२ |
| यो मामेवमसम्मूढो | १५ | १९ | ३५३ |
| योऽयं योगरुत्वया प्रोक्तः | ६ | ३३ | १६४ |
| यो यो यां यां तनुं भक्तः | ७ | २१ | १८७ |
| (र) | | | |
| रजसि प्रलयं गत्वा | १४ | १५ | ३३० |
| रजस्तमश्चाभिभूय | १४ | १० | ३२७ |
| रजो रागात्मकं विद्धि ! | १४ | ७ | ३२६ |
| रसोऽहमप्सु कौन्तेय ! | ७ | ८ | १७९ |
| रागद्वेषवियुक्तैस्तु | २ | ६४ | ६१ |
| रागी कर्मफलप्रेप्सुः | १८ | २७ | ३९८ |
| राजन् संस्मृत्य संस्मृत्य | १८ | ७६ | ४२६ |
| राजविद्या राजगुह्यम् | ९ | २ | २१४ |
| रुद्राणां शङ्करश्चास्मि | १० | २३ | २४७ |
| रुद्रादित्या वसवो ये च | ११ | २२ | २६७ |
| रुपं महत्ते बहुवक्त्र | ११ | २३ | २६७ |
| (ल) | | | |
| लभन्ते ब्रह्मनिर्वाणम् | ५ | २५ | १४२ |
| लेलिह्यसे ग्रसमानः | ११ | ३० | २७१ |
| लोकेऽस्मिन् द्विधा | ३ | ३ | ६८ |
| लोभः प्रवृत्तिरारम्भः | १४ | १२ | ३२८ |
| (व) | | | |
| वक्त्राणि ते त्वरमाणा | ११ | २७ | २६९ |
| वक्तु मर्हस्यशेषेण | १० | १६ | २४४ |
| वायुर्यमोऽग्निर्वरुणः | ११ | ३९ | २७६ |
| वासांसि जीर्णानी यथा | २ | २२ | ३५ |
| विद्याविनयसम्पन्ने | ५ | १८ | १३८ |
| विधिहीनमसृष्टान्नम् | १७ | १३ | ३७६ |
| विविक्तसेवी लघ्वाशी | १८ | ५२ | ४११ |
| विषया विनिवर्तन्ते | २ | ५९ | ५८ |
| विषयेन्द्रियसंयोगात् | १८ | ३८ | ४०३ |
| विस्तरेणात्मनो योगम् | १० | १८ | २४४ |
| विहाय कामान् यः स | २ | ७१ | ६५ |
| वीतरागमयक्रोधा | ४ | १० | १०५ |
| वृष्णीनां वासुदेवोऽस्मि | १० | ३७ | २५२ |
| वेदानां सामवेदोऽस्मि | १० | २२ | २४६ |
| वेदाविनाशिनं नित्यं | २ | २१ | ३४ |
| वेदाहं समतीतानि | ७ | २६ | १९० |
| वेदेषु यज्ञेषु तपस्सु | ८ | २८ | २१२ |
| व्यवसायात्मिका बुद्धि | २ | ४१ | ४६ |
| व्यामिश्रेणेव वाक्येन | ३ | २ | ६७ |
| व्यासप्रसादाच्छ्रुतवान् | १८ | ७५ | ४२६ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| (श) | | | |
| शक्नोतीहैव यः सोढुं | ५ | २३ | १४१ |
| शनैः शनैरुपरमेत् | ६ | २५ | १५९ |
| शमो दमस्तपःशौचम् | १८ | ४२ | ४०६ |
| शरीरवाऴङ्मनोभिर्य | १८ | १५ | ३९१ |
| शरीरं यदवाप्नोति | १५ | ८ | ३४५ |
| शुक्लकृष्णे गर्ता ह्येते | ८ | २६ | २११ |
| शुचौ देशे प्रतिष्ठाप्य | ६ | ११ | १५२ |
| शुभाशुभफलैरेवं | ९ | २८ | २३० |
| शोर्य तेजो धृतिर्दाक्ष्यं | १८ | ४३ | ४०७ |
| श्रद्धया परया तप्तं | १७ | १७ | ३७८ |
| श्रद्धावाननसूर्यश्च | १८ | ७१ | ४२३ |
| श्रद्धावाननसूयश्च | ४ | ३९ | १२३ |
| श्रुतिविप्रतिपन्ना ते | २ | ५३ | ५५ |
| श्रेयान् द्रव्यमयात् | ४ | ३३ | १२० |
| श्रेयान् स्वधर्मो विगुणः | ३ | ३५ | ९१ |
| श्रेयान् स्वधर्मो विगुणः | १८ | ४७ | ४०९ |
| श्रेयो हि शानमभ्यासात् | १२ | १२ | २९२ |
| श्रोत्रं चक्षुः स्पर्शनं च | १५ | ९ | ३४५ |
| श्रोत्रादीनीन्द्रियाण्यन्ये | ४ | २६ | ११६ |
| श्वशुरान् सुहृदश्चैव | १ | २७ | १२ |
| (स) | | | |
| स एवायं मया तेऽद्य | ४ | ६ | ९९ |
| सङ्करो नरकायैव | १ | ४२ | १८ |
| सङ्कल्पप्रभवान् कामान् | ६ | २४ | १५९ |
| सक्ताः कर्मण्यविद्वांसो | ३ | २५ | ८४ |
| सखेति मत्वा प्रसभं | ११ | ४१ | २७७ |
| स धोषो धार्तराष्ट्राणां | १ | १९ | ०८ |
| सततं कीर्तयन्तो मां | ९ | १४ | २२२ |
| स तया श्रद्धया युक्त | ७ | २२ | १८७ |
| सत्कारमान पूजार्थं | १७ | १८ | ३७८ |
| सत्त्वात्सञ्जायते ज्ञानं | १४ | १७ | ३३१ |
| सत्त्वानुरुपा सर्वस्य | १७ | ३ | ३७१ |
| सत्त्व रजस्तम इति | १४ | ५ | ३२४ |
| सत्त्वं सुखे सञ्जयति | १४ | ९ | ३२७ |
| सद्भावे साधुभावे च | १७ | २६ | ३८२ |
| सद्दशं चेष्टते स्वस्याः | ३ | ३३ | ९० |
| सन्तुष्टः सततं योगी | १२ | १४ | २९३ |
| सन्नियम्येन्द्रियग्रामं | १२ | ४ | २८८ |
| सन्नयासः कर्मयोगश्च | ५ | २ | १२७ |
| सन्नयासं कर्मणां कृष्ण ! | ५ | १ | १२६ |
| सन्नयासस्तु माहोबाहो ! | ५ | ६ | १३० |
| सन्नयासस्य महाबाहो ! | १८ | १ | ३८४ |
| समदुःखसुखः स्वस्थः | १४ | २४ | ३३५ |
| समः शत्रौ च मित्रे च | १२ | १८ | २९५ |
| समं कायशिरोग्रीवं | ६ | १३ | १५३ |
| समं पश्यन् हि सर्वत्र | १३ | २८ | ३१६ |
| समं सर्वेषुं भूतेषु | १३ | २७ | ३१५ |
| समोऽहं सर्वभूतेषु | ९ | २९ | २३१ |
| सर्गाणामादिरन्तश्च | १० | ३२ | २५० |
| सर्वकर्माणि मनसा | ५ | १३ | १३४ |
| सर्वकर्माण्यपि सदा | १८ | ५६ | ४१२ |
| सर्वगुह्यतमं भूयः | १८ | ६४ | ४१९ |
| सर्वतः पाणिपादं तत् | १३ | १३ | ३०६ |
| सर्वद्वाराणि संयम्य | ८ | १२ | २०० |
| सर्वद्वारेषु देहेऽस्मिन् | १४ | ११ | ३२८ |
| सर्वधर्मान् परित्यज्य | १८ | ६६ | ४२१ |
| सर्वभूतस्थमात्मानं | ६ | २९ | १६९ |
| सर्वभूतस्थितं यो माम् | ६ | ३१ | १६३ |
| सर्वभूतानी कौन्तेय ! | ९ | ७ | २१७ |
| सर्वभूतेषु येनैकम् | १८ | २० | ३९४ |
| सर्वमेतद्दतं मन्ये | १० | १४ | २४३ |
| सर्वयोनिषु कौन्तेय ! | १४ | ४ | ३२४ |

| श्लोक | अ. | श्लोक | पे.नं. |
|---|---|---|---|
| सर्वस्य चाहं हृदि स | १५ | १५ | ३४८ |
| सर्वेन्द्रियगुणाभासम् | १३ | १४ | ३०७ |
| सर्वाणीन्द्रिय कर्माणि | ४ | २७ | ११७ |
| सहजं कर्म कौन्तेय ! | १८ | ४८ | ४१० |
| सहयज्ञां प्रजाः सृष्ट्वा | ३ | १० | ७३ |
| सहस्त्रयुगपर्यन्त | ८ | १७ | २०३ |
| सांख्ययोगौ पृथग्वालाः | ५ | ४ | १२९ |
| साधिभूताधिदैवं मां | ७ | ३० | १९२ |
| सिद्धिं प्राप्तो यथा ब्रह्म | १८ | ५० | ४११ |
| सीदन्ति मम गात्राणि | १ | २९ | १२ |
| सुखं त्विदानीं त्रिविधं | १८ | ३६ | ४०२ |
| सुखदुःखे समे कृत्वा | २ | ३८ | ४४ |
| सुखमात्यन्तिकं यत्तद् | ६ | २१ | १५७ |
| सुदुर्दर्शमिदं रुपं | ११ | ५२ | २८४ |
| सुहृन्मित्रार्युदासीन | ६ | ९ | १५१ |
| स्थाने हृषीकेश ! तव | ११ | ३६ | २७४ |
| स्थितप्रज्ञस्य का भाषा ? | २ | ५४ | ५५ |
| स्पर्शान्कृत्वा बहिर्बा | ५ | २७ | १४३ |
| स्वधर्ममपि चावेक्ष्य | २ | ३१ | ४० |
| स्वभावजेन कौन्तेय ! | १८ | ६० | ४१६ |
| स्वयमेवात्मनात्मानम् | १० | १५ | २४३ |
| स्वे स्वे कर्मण्यभिरतः | १८ | ४५ | ४०८ |
| ( ह ) | | | |
| हतो वा प्राप्स्यसि स्वर्गं | २ | ३७ | ४४ |
| हन्त ते कथयिष्यामि | १० | १९ | २४५ |
| हृषीकेशं तदा वाक्यम् | १ | २१ | ०९ |
| ( क्ष ) | | | |
| क्षिप्रं भवति धर्मात्मा | ९ | ३१ | २३२ |
| क्षेत्रक्षेत्रज्ञयोरेव | १३ | ३४ | ३२० |
| क्षेत्रज्ञं चापि मां विद्धि ! | १३ | २ | २९८ |
| ( ज्ञ ) | | | |
| ज्ञानं कर्म च ज्ञाता च | १८ | १९ | ३९३ |
| ज्ञानं ज्ञेयं परिज्ञाता | १८ | १८ | ३९३ |
| ज्ञानं तेऽहं सविज्ञान | ७ | २ | १७५ |
| ज्ञानयज्ञेन चाप्यन्ये | ९ | १५ | २२३ |
| ज्ञानविज्ञानतृप्तामा | ६ | ८ | १५० |
| ज्ञानेन तु तदज्ञानम् | ५ | १६ | १३७ |
| ज्ञेयः स नित्यसन्न्यासी | ५ | ३ | १२८ |
| ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि | १३ | १२ | ३०५ |


**श्लोकानुक्रमः समाप्तः**



॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

ॐ

# श्रीमद्भगवद्गीता भाष्यम्

## મૂળ અક્ષરમૂર્તિ યોગિવર્ય સદ્‌ગુરુવર્ય
## સ્વામી શ્રીગોપાળાનંદમુનિ પ્રણીતમ્

### अथ प्रथमोऽध्यायः

धृतराष्ट्र उवाच

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ! ॥१॥

**-: શ્લોકાર્થ :-**

ધૃતરાષ્ટ્ર રાજા સંજયને પૂછે છે. હે સંજય ! ધર્મના ક્ષેત્રભૂત કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવાની ઇચ્છાથી ભેગા થયેલા મારા પુત્રો વિગેરે, તેમ જ પાંડવોએ શું કર્યું ? ॥૧॥

**-: ભાષ્યાર્થ :-**

કૌરવ અને પાંડવોની યુદ્ધકથા જાણવા માટે જનમેજય રાજાએ પૂછેલા વૈશમ્પાયનમુનિ કૌરવ-પાંડવોની યુદ્ધકથા કહે છે. તેમાં ધૃતરાષ્ટ્ર અને સંજયનો સંવાદ "ધૃતરાષ્ટ્ર બોલ્યા" એ વિગેરે વાક્યોથી પ્રસ્તાવનારુપે આરંભ કરે છે.

હે સંજય ! યુદ્ધ કરવાને ઇચ્છતા, માટે જ ધર્મક્ષેત્રમાં - ધર્મનું દેવતાઓનું પૂજન કરવાનું ક્ષેત્ર-ભૂમિ, એટલે કે દેવોનું યજનસ્થાન, તેવા પ્રસિદ્ધ કુરુક્ષેત્રમાં તે બાબતમાં જાબાલશ્રુતિ - "તે પછીનું કુરુક્ષેત્ર, કે જે દેવોનું દેવયજનરુપ અને સર્વ ભૂતોનું બ્રહ્મસદન છે." આ પ્રમાણે કહે છે. તેમજ શતપથની શ્રુતિ પણ "કુરુક્ષેત્ર દેવોનું યજનસ્થાન છે." એમ કહે છે. ભેગા મળેલા-થયેલા, એવા મારા પુત્રો દુર્યોધનાદિક, સ્નેહભાવ જણાવનારો આ નિર્દેશ છે. તેમજ-પાંડવો-પાંડુના પુત્રો પણ, આ નિર્દેશ અપ્રીતિ સૂચવનારો છે. શું કરતા હતા ? શું કર્યું ? ॥૧॥

सञ्जय उवाच

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसङ्गम्य राजा वचनमब्रवीत् ॥२॥
पश्यैतां पाण्डुपुत्राणामाचार्य ! महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥३॥

-: શ્લોકાર્થ :-

સંજય કહે છે. તે સમયમાં રાજા-દુર્યોધન વ્યૂહ-રચનાથી ગોઠવાયેલી પાંડવોની સેનાને જોઈને જ આચાર્ય-દ્રોણ ગુરુની પાસે જઈને વચન બોલવા લાગ્યો ॥૨॥

હે આચાર્ય ! આપના બુદ્ધિમાન શિષ્ય-દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહરચનાથી ગોઠવેલી પાંડુપુત્રોની આ મોટી સેનાને આપ જુઓ ? નીહાળો ?? ॥૩॥

-: ભાષ્યાર્થ :-

સંજય કહે છે. પાંડવોનું અનીક-મોટું સૈન્ય, તે ગોઠવેલું- ધૃષ્ટદ્યુમ્નાદિક યુદ્ધનિપુણ યોદ્ધાઓએ શકટવ્યૂહાદિક વ્યૂહરચનાથી-યુદ્ધ કરી શકાય એવી રચનાથી સજ્જ કરેલું, તેને જોઈને, તે સમયે યુદ્ધ કરવાની તૈયારીના સમયમાંજ, આચાર્યને - ધનુર્વિદ્યાના ઉપદેષ્ટા દ્રોણ નામે પ્રસિદ્ધ ગુરુને, મળીને પાસે જઈને, રાજા દુર્યોધન, આગળ કહેવા પ્રમાણે વચન બોલવા લાગ્યો. ॥૨॥

હે આચાર્ય ! આ અતિશય સમીપમાં વર્તતી, એટલે કે તમારા જેવા અતિ બળવાન મોટા સમર્થ યોદ્ધાઓને પણ તિરસ્કાર-અનાદર કરીને નિર્ભયપણે અતિ નિકટ-પ્રદેશમાં સજ્જ થઈને ઉભેલી એવી, પાંડુપુત્રોની મોટી-શત્રુઓએ જીતવાને અશક્ય હોવાથી અતિ ઉત્કૃષ્ટ-બળવાન, ચમૂ-સેના જુઓ ? તે કેવી ગોઠવેલી છે? તો કે તમારો શિષ્ય મહાબુદ્ધિમાન-શકટવ્યૂહાદિક રચનાઓ રચવામાં અતિ નિપુણ એવો દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન, તેણે ગોઠવેલી-વિવિધ-વ્યૂહરચનાથી સજ્જ કરીને ઉભી રાખેલી છે ॥૩॥

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥४॥
धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित् कुन्तिभोजश्च शैब्यश्च नरपुङ्गवः ॥५॥

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रा द्रौपदेयाश्च सर्व एव महारथाः ।।६।।

-: શ્લોકાર્થ :-

આ સેનામાં મોટાં મોટાં ધનુષ ધારનારા અને રણ-સંગ્રામમાં ભીમ અને અર્જુન જેવા મહારથી યુયુધાન-સાત્યકિ, વિરાટ અને દ્રુપદરાજા, અને મહાસામર્થ્યવાન ધૃષ્ટકેતુ, ચેકિતાન અને કાશિરાજ, તેમજ-નરશ્રેષ્ઠ એવો પુરૂજીત, કુન્તિભોજ અને શૈબ્ય નામે પ્રસિદ્ધ રાજા, વળી-શૂરવીર યુધામન્યુ, પરાક્રમી ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીના પુત્રો પ્રતિવિન્ધ્યાદિક પાંચ, તેમજ-બીજા પણ પાંડય રાજા વિગેરે ઘણાક છે. અને આ બધાય મહારથીઓજ છે. ।।૪-૬।।

-: ભાષ્યાર્થ :-

તમારે યુદ્ધમાં - યુદ્ધ પ્રસંગે સાવધાન વર્તવું એમ જણાવતો થકા પર પક્ષમાં રહેલા મોટા શૂરવીરોને નામ દઈને કહી બતાવે છે. અત્ર- આ સેનામાં, મોટાં મોટાં ધનુષવાળા અને યુદ્ધમાં- રણસંગ્રામમાં તો ભીમ અને અર્જુન જેવા મહાયોદ્ધા એવા શૂરવીરો છે. તે શૂરવીરોને નામથી કહી બતાવે છે . યુદ્ધ કરવાના સ્વભાવવાળો સાત્યકિ, વિરાટ અને દ્રુપદ, આ ત્રણેય મહારથીઓ છે.

ધૃષ્ટકેતુ, ચેકિતાન અને કાશીરાજ, આ ત્રણેય રાજાઓ છે, તે અતી વીર્યવાન-પરાક્રમી છે. પુરૂજીત, કુંતિભોજ અને શૈબ્ય, એ ત્રણેય પુરુષોમાં અતિ શ્રેષ્ઠ-સમર્થ એવા બળીયા યોદ્ધાઓ છે.

મહાપરાક્રમી યુધામન્યુ નામે એક પ્રસિદ્ધ રાજા છે. મહાબળીઓ એવો બીજો નામે રાજા છે. ઉપરનાં વિશેષણો દરેકને જુદાં જુદાં સમજવાં, અથવા ઉપર કહેલા સર્વ રાજાઓને સર્વ વિશેષણો ભેગાં કરીને દરેકને જોડવાં, એટલે કે દરેક યોદ્ધો સર્વ વિશેષણોથી વિશિષ્ટ છે એમ સમજવું. સૌભદ્ર-સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, દ્રૌપદીના પુત્રો-દ્રૌપદીને વિષે પાંડવોથી ઉત્પન્ન થયેલા પ્રતિ-વિન્ધ્યાદિક પાંચ પુત્રો. અને ચકોર છે માટે બીજા પાંડય રાજા વિગેરે પણ જાણી લેવા. આ બધાય મહારથીઓજ છે, પરંતુ કોઈ એક પણ ન્યૂન-ઓછો નથી.

મહારથી વિગેરેનાં લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યાં છે, 'જે એક જ યોદ્ધો પોતે દશ હજાર ધનુર્ધારીઓની સાથે યુદ્ધ કરે અને શસ્ત્રમાં તેમજ શાસ્ત્રમાં

પણ જે પોતે પ્રવીણ હોય તે મહારથ એ પ્રમાણે કહેલો છે. અને જે તો અસંખ્યાત ધનુર્ધારીઓની સાથે પોતે એકલો યુદ્ધ કરે તે તો અતિરથ એ પ્રમાણે કહેલો છે. એકનીજ સાથે જે યુદ્ધ કરી શકે તે રથી કહેવાય અને તેથી ન્યૂન હોય તે અર્ધરથ માનેલો છે.'' ॥૪-૬॥

अस्माकं तु विशिष्टा ये तान्निबोध ! द्विजोत्तम ! ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान् ब्रवीमि ते ॥७॥

-: શ્લોકાર્થ :-

હે દ્વિજોત્તમ-આચાર્ય ! હવે-આપણા સૈન્યમાં જે મુખ્ય મુખ્ય યોદ્ધાઓ છે, તેઓને આપ જાણી લ્યો ? અને તે મારી સેનાના નાયકો તમારી જાણને માટે તમોને કહી બતાવું છું. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

(હવે સ્વપક્ષના મુખ્ય યોદ્ધાઓ કહી બતાવે છે.)

હે દ્વિજોત્તમ ! - દ્રોણગુરુ ! હવે આપણા પક્ષમાં જે જે વિશિષ્ટ અતિ ઉત્કૃષ્ટ યોદ્ધાઓ છે તેઓને ધ્યાન દઈને સાંભળો ! અને વળી જે મારા સૈન્યના નાયકો-મુખ્ય મુખ્ય નેતાઓ છે, તેઓને પણ જાણવાને માટે એટલે કે તેઓ અસંખ્યાત છે, માટે તેમાંથી નામથી ઓળખવાને માટે ધ્યાનમાં આવવા સારું તમને કહી બતાવું છું. ॥૭॥

भवान् भीष्मश्च कर्णश्च कृपश्च समितिञ्जयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥८॥
अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥९॥

-: શ્લોકાર્થ :-

એક તો આપ-દ્રોણગુરુ, બીજા-ભિષ્મપિતા, તથા કર્ણ અને યુદ્ધમાં જય મેળવનારા આ કૃપાચાર્ય, તથા અશ્વત્થામા, વિકર્ણ, તેમજ-સોમદત્તનો પુત્ર જયદ્રથ. ॥૮॥

અને આ સિવાયના બીજા પણ શલ્ય અને કૃતવર્માદિક શૂરવીરો છે, કે જેઓ મારે માટે પોતાના જીવનનો પણ ત્યાગ કરનારા છે. અને તે સઘળા

અનેક શસ્ત્ર અને પ્રહાર કરવાનાં સાધનોવાળા છે, તેમજ-તે સઘળા યુદ્ધ કરવામાં અતિ નિપુણતાવાળા છે. ॥૯॥

**-: ભાષ્યાર્થ :-**

તે બન્ને પ્રકારના વિશિષ્ટ નાયકોમાં પ્રથમ શ્રેષ્ઠ યોદ્ધાઓને ''તમો વિગેરે'' એ આદિક વચનોથી પ્રકાશ જાહેર કરે છે. ''સમિતિંજય'' આવું જે વિશેષણ છે, એ વિશેષણ દ્રોણાદિક ચારેયનું છે, અથવા કૃપાચાર્ય એકલાનું જાણવું. તે પછી ''અશ્વત્થામા'' એ વિગેરે વાક્યોથી મુખ્ય નાયકોને કહે છે. સૌમદત્તિ - સોમદત્તનો પુત્ર જયદ્રથ, ''જયદ્રથ'' એવો કોઈક-કોઈક પુસ્તકમાં પાઠ છે. જયદ્રથ-સિન્ધુરાજ (સિંદુદેશનો રાજા.) ॥૮॥

બીજાય પણ શલ્ય અને કૃતવર્મા આદિક ઘણાક શૂરવીરો છે. તે બધા કેવા છે ? તો કે મદર્થે- મારા પ્રયોજન માટે પોતાના જીવિતનો પણ ત્યાગ કરનારા છે. અને નાના પ્રકારનાં શસ્ત્રો અને પ્રહરણો-મારવાનાં સાધનો જેમની પાસે છે એવા. અને તે બધાય યુદ્ધવિશારદ-યુદ્ધ કરવામાં અતિશય કુશળ-નિપુણતાવાળા છે. ॥૯॥

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
प्रर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥

**-: શ્લોકાર્થ :-**

ભીષ્મપિતાથી રક્ષા કરાયેલું આપણું સૈન્ય તો અપર્યાપ્ત-ઘણુંજ ઓછું લાગે છે. અને ભીમથી રક્ષા કરાયેલું આ એમનું-શત્રુઓનું સૈન્ય તો જય મેળવવામાં સંપૂર્ણ સમર્થ જણાય છે. ॥૧૦॥

**-: ભાષ્યાર્થ :-**

તે પૂર્વે કહેલા વિશિષ્ટ-દ્રોણાદિક મહાયોદ્ધાઓ અને મુખ્ય નાયકોએ પણ સહિત એવું અને ભીષ્મપિતામહે અભિરક્ષણ કરેલું એવુંય પણ આપણું બળ-સૈન્ય તે અપર્યાપ્ત છે. તેમના સૈન્ય સાથે યુદ્ધ કરવામાં પર્યાપ્ત-પહોંચી વળે એટલું સમર્થ નથી જણાતું. અને એમનું- અમારા શત્રુઓનું આ સૈન્ય તો ભીમે અભિરક્ષણ કરેલું હોવાથી પર્યાપ્ત પહોંચી વળે તેવું સમર્થ જણાય છે. દુર્યોધનને કહેવાનો અભિપ્રાય એ છે કે, પિતામહ ભીષ્મને ઉભયપક્ષપાતિપણું હોવાથી આપણું સૈન્ય શત્રુસૈન્યને જીતવામાં અસમર્થ છે. અને વૃકોદર-ભીમને તો એક સ્વપક્ષમાંજ વર્તવાપણું હોવાથી તેમનું સૈન્ય તો સમર્થ જ છે. ॥૧૦॥

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥११॥

-: શ્લોકાર્થ :-

માટે તમે બધાય સર્વ વ્યૂહરચનાઓના પ્રવેશમાર્ગમાં યથાયોગ્ય-વિભાગ પ્રમાણે સાવધાન ઉભા રહીને ચોતરફથી એક ભીષ્મ-પિતાનું જ સર્વ પ્રકારે રક્ષણ કરો ? ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

હવે પછી શું કરવું તે ખાસ કર્તવ્ય જણાવે છે.

અયનોમાં - સૈન્યવ્યૂહોને ફરવાના માર્ગોમાં, યોગ્ય વિભાગમાં વહેંચાયેલાં અને પોત-પોતાના યુદ્ધસ્થળને નહિ છોડતાં સાવધાનપણે રહ્યા થકા તમે બધાય, યુદ્ધમાં અભિનિવેશને લીધે આગળ, અડખે-પડખે કે પાછળ પણ નહિ જોતા એવા ભીષ્મપિતા-સેનાપતિનુંજ રક્ષણ કરો. રક્ષણ કરવામાંજ તત્પર રહો, સેનાપતિ-ભીષ્મપિતાના રક્ષણથી જ આપણું સર્વનું રક્ષણ થશે એમ અભિપ્રાય છે. ॥૧૧॥

तस्य सञ्जनयन् हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥१२॥

-: શ્લોકાર્થ :-

તે સમયમાં મહાપ્રતાપી કુરુવૃદ્ધ ભીષ્મપિતામહે તે દુર્યોધનને હર્ષ ઉપજાવતાં સિંહનાદ જેવી ઉચ્ચ-સ્વરથી ભયંકર ગર્જના કરીને પછી પોતાનો શંખ વજાડ્યો. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

તે પછી પોતાને વિષે આશંકા પામતા દુર્યોધનને હર્ષ ઉપજાવતા થકા, એટલે કે પોતામા સમ્ભાવના કરાતી આશંકાને ટાળતા થકા, એ અભિપ્રાય છે. કુરુવૃદ્ધ મહાપ્રતાપી ભીષ્મ-પિતામહે, ઉચ્ચ સ્વરથી પ્રથમ જેવો મહાભયંકર શબ્દ-ગર્જના કરીને, તે પછી શંખનાદ કર્યો એમ અર્થ છે. ॥૧૨॥

ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥१३॥

-: શ્લોકાર્થ :-

તે પછી તુરતજ બીજા યોદ્ધાઓએ પોતપોતાના શંખ, ભેરીઓ, મૃદંગ, નગારાં, તેમજ રણશીંગા વિગેરે એકદમ વજાડ્યાં અને તે શબ્દ અતિશય મહાન ભયંકર થયો. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

હવે સેનાપતિ શન્તનુના પુત્ર ભીષ્મપિતાનો આ પ્રમાણે યુદ્ધમાં ઉત્સાહ જાણીને સર્વત્ર સૈન્યમાં સંગ્રામોત્સાહ ઉત્પન્ન થયો એમ ''તત શઙ્ખાઃ'' એ વિગેરે વાક્યથી કહે છે.

તે પછી ગંગાપુત્ર સેનાપતિ ભીષ્મપિતાની પ્રવૃત્તિ થયા પછી, પણવ, આનક, તેમજ ગોમુખ વિગેરે વાજીંત્રો, સહસા-એકદમજ વાગવા લાગ્યાં અને તેથીજ તે ભેરી આદિકનો શબ્દ ગર્જના અતિશય તુમુલ-મહાભયંકર થયો. ॥૧૩॥

ततः श्वेतेर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥१४॥
पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनञ्जयः ।
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥१५॥
अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥१६॥
काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ! ।
सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मुः पृथक्पृथक् ॥१८॥

-: શ્લોકાર્થ :-

તે પછી શ્વેત અશ્વોથી જોડેલા પોતાના મોટા રથમાં બેઠેલા લક્ષ્મીપતિ ભગવાન શ્રીકૃષ્ણે અને પાંડુપુત્ર અર્જુને પોતાના દિવ્ય શંખ વજાડ્યાં.

તેમાં હૃષીકેશ-ભગવાને પાંચજન્ય શંખ વજાડ્યો, ધનંજય-અર્જુને દેવદત્ત શંખ વજાડ્યો, ભયંકર કર્મ કરનારા વૃકોદરે પોતાનો નામનો મહાશંખ વજાડ્યો, કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાએ અનન્તવિજય નામનો શંખ વજાડ્યો અને નકુલ અને સહદેવે પણ સુઘોષ અને મણિપુષ્પક નામના પોતપોતાના શંખ વજાડ્યા.

મોટા ધનુષને ધારનારો કાશીરાજા, મહારથી શિખંડી રાજા, દ્રુપદનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ રાજા, કોઈથી પરાજય ન કરાય એવો સાત્યકિ, હે પૃથિવીપતિ ધૃતરાષ્ટ્ર રાજન્ ! દ્રુપદ-રાજા, દ્રૌપદીના પુત્રો-પ્રતિવિન્ધ્યાદિક પાંચ અને સુભદ્રાનો પુત્ર મહાબાહુ અભિમન્યુ, એ સર્વે ચોતરફથી પોત-પોતાના જુદા જુદા શંખોને વજાડવા લાગ્યા. ॥૧૪-૧૮॥

**-: ભાષ્યાર્થ :-**

તે પછી શ્વેત અશ્વોએ યુક્ત મોટા રથમાં બેઠેલા માધવ-વાસુદેવ અને પાંડુપુત્ર અર્જુને એ બન્નેએ પોત-પોતાના દિવ્ય-અલૌકિક શંખ વગાડ્યા, તેમાં કૃષ્ણ અને અર્જુનના શંખોને પાંચજન્ય અને દેવદત્ત એમ નામથી નિર્દેશ કરીને કહે છે.

''વગાડયા'' એમ પૂર્વ-શ્લોકમાં રહેલા પદની સાથે અન્વય જાણવો. ભીમ-ભયાનક કર્મ-આચરણ જેનું છે અને વૃક નામનો પ્રસિદ્ધ અગ્નિ જેના ઉદરમાં - જઠરમાં રહેલા છે, તેવા પરાક્રમી પ્રસિદ્ધ ભીમે, પૌડ્ર-નામે પ્રસિદ્ધ પોતાનો માહશંખ વગાડ્યો. કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરે અનન્તવિજય નામનો શંખ, વગાડ્યો એમ પૂર્વ શ્લોક પદની સાથે અન્વય જાણવો. નકુલે સુઘોષ નામનો શંખ અને સહદેવે મણિપુષ્પક નામનો શંખ વગાડ્યો. ઈષુઓ જેનાથી ફેંકી શકાય છે તે ઈષ્વાસ-ધનુષ કહેવાય, પરમ-અતિ ઉત્કૃષ્ટ ધનુષ જેની પાસે છે એવા પરમેશ્વાસ કાશિરાજા અને મહારથી શિખંડી રાજા, અપરાજીત-કોઈથી પણ પરાજય પમાડવાને માટે અશક્ય હોવાથી. અથવા ચાપરાજીત એમ ભેગું-સમસ્ત પદ રાખીને, ચાપથી-ધનુષથી રાજીત-પ્રદીપ્ત અતિ બળિષ્ઠ જણાતા એવો અર્થ કરવો. દ્રૌપદેયો-દ્રૌપદીના પુત્રો પ્રતિવિન્ધ્યાદિક પાંચ, સૌભદ્ર-સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, એ બધાઓએ જુદા જુદા શંખ વજાડ્યા. ॥૧૪-૧૮॥

स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥

**-: શ્લોકાર્થ :-**

એ સર્વ શંખોનો તે-મહા ભયંકર શબ્દ-ગર્જના આકાશ અને પૃથ્વીને અતિશય ગજાવી મુકતો ધૃતરાષ્ટ્રના-તમારા પુત્રોનાં હૃદયને વિદારી નાખવા લાગ્યો. ॥૧૯॥

**-: ભાષ્યાર્થ :-**

હવે તે કૃષ્ણ અને અર્જુન વિગેરેએ કરેલો શંખનાદ દુર્યોધનના સૈન્યમાં સૈન્યમાં રહેલા યોદ્ધાઓને ભય ઉપજાવનારો થયો એમ કહે છે.

તે શંખઘોષ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનાદિક જે સર્વ તમારા પક્ષના છે, તેમના હૃદયને વિદારનારો થયો, એટલે કે આપણો નિશ્ચે જ પરાભવ થશે એમ મનને ક્ષોભ ઉત્પન્ન કરનારો થયો એ ભાવાર્થ છે. વળી તે શબ્દ કેવો થયો ? અને કેમ કરતાં ભય ઉપજાવનારો થયો ? તે કહે છે તે શબ્દ આકાશ અને પૃથ્વીને ગજાવી મુકતો-પ્રતિ શબ્દથી (પ્રચ્છન્દાના શબ્દથી) આકાશમાં અને ભૂમંડળમાં સર્વત્ર વ્યાપી જતો સતો ભય ઉપજાવનારો થયો. ॥૧૯॥

अथ व्यवस्थितान् दृष्ट्वा धार्त्तराष्ट्रान् कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसम्पाते धनुरुद्यम्य पाण्डवः ॥२०॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ! ।

अर्जुन उवाच

सेनयोरुभयोर्भध्ये रथं स्थापय मेऽच्युत ! ॥२१॥

यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन् रणसमुद्यमे ॥२२॥
योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥२३॥

**-: શ્લોકાર્થ :-**

તે પછી યુદ્ધ કરવા માટે વ્યવસ્થાથી ગોઠવાઈને સજ્જ થયેલા ધૃતરાષ્ટ્રના-તમારા પુત્રોને જોઈને પરસ્પર શસ્ત્રસમ્પાત થવા લાગ્યો તે સમયમાં કપિ-હનુમાનજી જેના ધ્વજમાં બેઠેલા છે એવા પાંડુપુત્ર અર્જુન પોતાનું ધનુષ ઉગામીને હે મહીપતિ ધૃતરાષ્ટ્ર ! તે સમયમાં હૃષીકેશ ભગવાનના પ્રત્યે આ પ્રમાણે વાક્ય કહેવા લાગ્યા.

અર્જુન કહે છે-હે અચ્યુત ! બન્ને સેનાઓના મધ્યે મારો રથ લઈ જઈને ઉભો રાખો ! કે જ્યાંથી યુદ્ધ કરવાની ઈચ્છાથી સજ્જ થઈને ઉભા રહેલા એ દુર્યોધનાદિકને હું જોઉં-જોઈ શકું. અને વળી આ રણસંગ્રામમાં મારે કોની કોની

સાથે યુદ્ધ કરવાનું છે, તેવા સઘળા યુદ્ધ કરવા ઇચ્છનારાઓને પણ હું જોઉં, કે જેઓ દુર્બુદ્ધિ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું યુદ્ધમાંજ પ્રિય કરવાને ઇચ્છતા થકા અહીં આ રણભૂમિમાં આવેલા છે. ॥૨૦-૨૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - તે પછી અર્જુનનો યુદ્ધોદ્યોગ અથ ઇત્યાદિક શ્લોકથી કહે છે.

અથ-શંખનાદ કર્યા પછી, કપિધ્વજ-કપિ-હનુમાનજી જેની ધ્વજામાં બેઠેલા છે એવો પાંડુપુત્ર અર્જુન, યુદ્ધ કરવાને માટે વ્યવસ્થાપૂર્વક ગોઠવાઈ ગયેલા ધૃતરાષ્ટ્રના પક્ષતાને જોઈને, શસ્ત્રસમ્પાત થવા લાગ્યો ત્યારે પોતાનું ગાંડીવ ધનુષ ઉગામીને, હે રાજન્ - ધૃતરાષ્ટ્ર ! તે સમયમાં હૃષીકેશ ભગવાનના પ્રત્યે આગળ કહેવા પ્રમાણે વચન કહેવા લાગ્યો. હે અચ્યુત ! સજ્જ થઈને ગોઠવાયેલી બન્ને સેનાઓના મધ્યે મારો રથ ઉભો રાખો. ॥૨૦-૨૧॥

રથ ક્યાં ઉભો રાખું ? કેમ કે મધ્યભાગ તો ઘણો છે, એમ ભગવાનના પૂછવાથી અર્જુન કહે છે

યુદ્ધ કરવાની ઇચ્છા જેમને છે અને તેથીજ રણભૂમિમાં સ્થિર થઈને દૃઢતાથી ઉભા રહેલા એ ભીષ્માદિકને જે પ્રદેશમાં જઈને હું જોવાને શક્તિમાન થાઉં, તે પ્રદેશમાં રથ ઉભો રાખો એ અર્થ છે.

તું તો યુદ્ધ કરનારો છે, પણ નહિ કે યુદ્ધ જોવા આવેલો છે, માટે તારે એ ભીષ્માદિકને જોવામાત્રથી શો વિશેષ છે ? એમ ભગવાનની આશંકા સમજીને કહે છે.

આ રણસમુદ્યમમાં મારે કોની કોની સાથે યુદ્ધ કરવાનું છે ? એ જાણવું એજ રથસ્થાપનનું પ્રયોજન છે, પરંતુ નહિ કે યુદ્ધ જોવું એ પ્રયોજન છે. એ અભિપ્રાય છે. ॥૨૨॥

દુર્બુદ્ધિ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું યુદ્ધમાં પ્રિય કરવાની ઇચ્છાવાળા-એટલે કે યુદ્ધમાંજ પ્રિય કરવાને ઇચ્છતા, પરંતુ-નહિ કે દુર્યોધનની દુર્બુદ્ધિ ટાળવા વિગેરેમાં ઇચ્છાવાળા, માટે જે એ રાજાઓ અહીં ભેગા થયેલા છે, તે યુદ્ધ કરવા ઇચ્છે છે, તો તેમને હું જોઉં. કારણ કે, તેઓ કાંઈ સન્ધિ કરવા નથી ઇચ્છતા, માટે યુદ્ધ કરવા સારુ તેમને જોઈ લેવા એજ સર્વથા સમુચિત છે એ અભિપ્રાય છે. ॥૨૩॥

सञ्जय उवाच

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ! ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ ! पश्यैतान् समवेतान् कुरूनिति ॥२५॥

-: શ્લોકાર્થ :-

સંજય કહે છે. હે ભારત ! ભરતકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર ! ગુડાકેશ-નિદ્રાને જીતનારા અર્જુને આ પ્રમાણે કહેલા હૃષીકેશ ભગવાને અર્જુનના ઉત્તમ રથને બન્ને સેનાઓના મધ્યે ભીષ્મ-દ્રોણાદિક તેમજ સર્વ રાજાઓની સમક્ષમાં ઉભો રાખીને હે પાર્થ ! યુદ્ધ કરવા ભેગા થયેલા આ કૌરવોને તેમજ તેના પક્ષ રાખનારને પણ જો, એમ કહ્યું. ॥૨૪-૨૫॥

-: ભાષ્યાર્થ :-

તે પછી ધૃતરાષ્ટ્રના પ્રત્યે સંજય કહેવા લાગ્યો.

હે ભારત ! ભરતવંશોત્પન્ન ધૃતરાષ્ટ્ર ! નિદ્રાને સર્વથા જીતેલા અર્જુને આ પ્રમાણે કહેલા-હૃષીકેશ-સર્વ જનનાં ઇન્દ્રિયોના ઇશ નિયંતા શ્રીકૃષ્ણ ભગવાને, બન્ને સેનાઓનાં મધ્યે ભીષ્મ-દ્રોણની સન્મુખ, તેમજ-સર્વ મહીપાળ-રાજાઓની સન્મુખ, ઉત્તમરથ-અગ્નિએ આપેલો સર્વોત્તમ રથ સ્થાપન કરીને, હે પાર્થ !- પૃથાના પુત્ર અર્જુન ! યુદ્ધ માટે ભેગા થયેલા આ સર્વ કુરુઓને-કુરુકુળનાને તેમજ તેના પક્ષમાં આવેલા સઘળાઓને જો, એમ કહ્યું ॥૨૪-૨૫॥

तत्रापश्यत् स्थितान् पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान् मातुलान्भ्रातॄन् पुत्रान्पौत्रान् सखींस्तथा ॥२६॥

-: શ્લોકાર્થ :-

પૃથાના પુત્ર અર્જુને તે રણભૂમિમાં આવીને બન્ને સેનાઓમાં ઉભા રહેલા પિતાઓને-કાકાઓને, પિતામહોને-દાદાઓને, આચાર્યોને, મામાઓને, ભાઈઓને, પૌત્રોને-પુત્રોના પુત્રોને, સખાઓને, તેમજ સાળાઓ તથા સર્વ સુહૃદોને પણ જોયા. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

તેમાં બન્નેય સેનાઓમાં રહેલાઓને પૃથાના પુત્ર અર્જુને જોયા એમ અન્વય છે.

હવે તેમાંથી યુદ્ધ કરવા તૈયાર થયેલા પરસૈનિકોને કહી બતાવે છે.

અર્જુને ભૂરિશ્રવા વિગેરે કાકાઓને જોયા, ભીષ્મ અને સોમદત્ત વિગેરે પિતામહોને-દાદાઓને જોયા, દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય વિગેરે આચાર્યોને જોયા,

શલ્ય અને શકુનિ વિગેરે મામાઓને જોયા, દુર્યોધનાદિક ભાઈઓને જોયા, લક્ષ્મણ વિગેરે પુત્રોને જોયા, પૌત્રોને-લક્ષ્મણ વિગેરેનાં પુત્રોને જોયા, અશ્વત્થામા અને જયદ્રથાદિક સરખી અવસ્થાના પોતાના સખાઓને પણ જોયા. ॥૨૬॥

श्वशुरान् सुहृदयश्चैव सेनयोरुभयोरपि ।
तान् समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान् ॥२७॥
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ।

अर्जुन उवाच

दृष्ट्वेमं स्वजनं कृष्ण ! युयुत्सुं समुपस्थितम् ॥२८॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥२९॥
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥३०॥

**-: શ્લોકાર્થ :-**

કુંતીનો પુત્ર અર્જુન યુદ્ધ માટે તૈયાર થઈને ઉભા રહેલા તે સઘળા સગા-સંબંધીઓને ચોતરફથી જોઈને અતિશય કૃપાથી આવિષ્ટ થઈને ખેદ પામતો પામતો આ પ્રમાણે કહેવા લાગ્યો.

અર્જુન કહે છે. હે કૃષ્ણ ! યુદ્ધ કરવા ઈચ્છતા આ સમીપમાં ઉભા રહેલા મારા સ્વજનોને જોઈને મારાં ગાત્ર-અવયવો શિથિલ થઈ જાય છે. અને મારું મુખ પણ સુકાઈ જાય છે. મારા શરીરમાં કંપારો થઈ આવે છે. અને રોમહર્ષ-રુંવાડાં ઉભાં થઈ આવે છે. આ મારું ગાંડીવ ધનુષ હાથમાંથી પડી જાય છે અને મારી ચામડી પણ બળું બળું થાય છે. અને હું ઉભો રહેવાને પણ શક્તિમાન નથી અને મારું મન તો જાણે ભમતું હોયને શું ? એમ જણાય છે. ॥૨૭-૩૦॥

**-: ભાષ્યાર્થ :-**

સુહૃદો-કૃતવર્મા અને ભગવત્તાદિક મિત્રોને જોયા, સુહૃદો એટલે જેટલા પોતાને ઉપકાર કરનારા તે સર્વે જાણવા. એજ પ્રમાણે પોતાના સૈન્યમાં પણ જાણી લેવું. ॥૨૭॥

આ પ્રમાણે જોઈને કુંતીપુત્ર અર્જુન પરસ્પર યુદ્ધ કરવા સજ્જ થઈને ઊભા, રહેલા પોતાના સઘળા બંધુઓને ચોતરફથી જોઈને પરમ-અતિશય કૃપાથી સર્વથા આવિષ્ટ-વ્યાપ્ત થઈને આ પ્રમાણે વાક્ય કહેવા લાગ્યો. ॥૨૮॥

તે અર્જુનુવાક્ય જ ''दृष्ट्वेवमम्'' - એ વાક્યથી આરંભીને ''यदि माम्'' એ સુધીના શ્લોકોથી કહે છે.

હે કૃષ્ણ ! યુદ્ધ કરવાને ઇચ્છતા એવા સમીપમાં ઉભા રહેલા આ મારા સ્વજનોને મારા સંબંધી જનસમૂહને જોઈને મારાં ગાત્ર-શરીરના અવયવો, શિથિલભાવને પામી જાય છે અને મારું મુખ પણ સુકાઈ જાય છે. ॥૨૯॥

મારા શરીરમાં થરથરાટ છુટે છે અને રોમહર્ષ-રોમાંચ થઈ આવે છે, તેમજ પુલકિતાંગતા પણ થઈ જાય છે. ગાંડીવ ધનુષ હાથમાંથી નીચે પડી જાય છે. મારી ત્વચા પણ સર્વથા બળવાજ લાગી છે, તેમજ મારાથી હવે સ્થિર રહી શકાતું નથી. અને મારું મન તો જાણે કે ભમે જ છે- સર્વથા ચળાયમાન થઈ ગયું હોય તેવું અસ્થિર જણાય છે. ॥૩૦॥

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ! ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥३१॥

-: શ્લોકાર્થ :-

હે કેશવ ! શકનો પણ હું વિપરીતજ દેખું છું અને આ મારા સંબંધીજનોને યુદ્ધમાં મારી નાખીને પછીથી પણ હું મારું શ્રેય નથી જોતો. ॥૩૧॥

-: ભાષ્યાર્થ :-

વળી નિમિત્ત શકુન પણ વિપરીત-વિપરીત પરિણામને જ સૂચવનારાં દેખવામાં આવે છે, હે કેશવ ! યુદ્ધમાં સ્વજનોને મારીને પછી શ્રેય આ લોકમાં તેમજ પરલોકમાં પણ ક્ષેમ થાય તેમ મને દેખાતું નથી. ॥૩૧॥

न काङ्क्षे विजयं कृष्ण ! न च राज्यं सुखानि च ।
किं नो राज्येन ? गोविन्द ! किं भोगैर्जीवितेन वा ? ॥३२॥
येषामर्थे काङ्क्षितं नो राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥३३॥

-: શ્લોકાર્થ :-

હે કૃષ્ણ ! હું આ યુદ્ધ કરીને વિજય નથી ઇચ્છતો, તેમજ-રાજ્ય કે રાજ્યનાં સુખોને પણ નથીજ ઇચ્છતો. હે ગોવિંદ ! અમને રાજ્ય મળે તોય

શું? અથવા ભોગ-વિલાસોથી કે જીવનથી પણ શું ? કારણ કે જેમને માટે અમારે રાજ્ય, રાજ્યના ભોગો તથા રાજ્યનાં સુખો ઈચ્છિત છે, તે આ સઘળા તો પોતાના પ્રાણ અને ધન-સર્વસ્વનો ત્યાગ કરીને યુદ્ધમાં સામા આવીને ઉભા છે. ॥૩૨-૩૩॥

**-: भाष्यार्थ :-**

હે કૃષ્ણ ! ત્રૈલોક્યનું સમાકર્ષણ કરવામાં પણ સમર્થ પ્રભુ ! વિજય-શત્રુઓનો પરાજય કરવા રૂપ વિજય અને તેમાંથી મળતું રાજ્ય કે સુખ તે પણ હું નથી ઈચ્છતો. હે ગોવિંદ ! અમારે રાજ્યથી સઘળા બંધુજનો સિવાયનું રાજ્ય મળવાથી પણ શું ? તેમજ સઘળા વૈભવોથી પણ શું ? કેમ કે, ભોગ એટલે તો બંધુજનોની સાથે રહીને સુખાનુભવ કરવો એજ છે, તો પછી તે બંધુઓ જ મરી ગયા પછી શો ભોગ ? એ અભિપ્રાય છે. વળી જીવવાથી પણ શુ વિશેષ છે ? એટલે કે જીવનારાઓને તમને તો સુખ થાય ને ? તો કે બંધુઓ સિવાયના મૃતપ્રાય અમારા જીવનથી પણ શું ? એ અભિપ્રાય છે. ॥૩૨॥

''**येषामर्थे**'' એ દોઢ શ્લોકથી કહેલો અર્થજ વિસ્તારથી કહે છે.

જેમને માટે અમારે રાજ્યની આકાંક્ષા છે, તેમજ-ભોગ અને સુખ પણ જેમને માટે અમો ઈચ્છીએ છીએ. તેજ આ સઘળા પોતાના પ્રાણ, જીવવાની ઈચ્છા, તેમજ ધનાદિક પણ તજી દઈને યુદ્ધમાં આવીને ઉભા છે, માટે અમારે રાજ્ય અને સુખ-સમ્પત્તિ વગેરેથી શું પ્રયોજન છે ? એ અભિપ્રાય છે. ॥૩૩॥

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा ॥३४॥

**-: श्लोकार्थ :-**

આચાર્યો, પિતાઓ-કાકાઓ, પુત્રો, તથા પિતામહો-દાદાઓ, મામાઓ, શ્વશુરો-સસરાઓ, પૌત્રો-પુત્રોના પુત્રો, સાળાઓ તથા બીજા પણ સઘળા સંબંધીઓ, એ સઘળા ઉભેલા છે. ॥૩૪॥

**-: भाष्यार्थ :-**

સામા પક્ષના યોદ્ધાઓને કહી બતાવે છે - આચાર્યો, પિતાઓ અને પુત્રાદિક સુસ્પષ્ટ-દેખીતા જ પ્રસિદ્ધ છે. ॥૩૪॥

एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ! ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किन्नु महीकृते ? ॥३५॥

-: શ્લોકાર્થ :-

હે મધુસૂદન ! તેઓ મને મારે તો પણ હું એમને મારવા નથી ઇચ્છતો, ત્રિલોકીના રાજ્ય માટેય નહિ, તો પછી પૃથ્વી માટે તો હું મારુંજ કેમ ? ॥૩૫॥

-: ભાષ્યાર્થ :-

નનુ (શંકા,) જો એમને તું નહિ મારે, તો તેઓ તો તને રાજ્યના લોભે કરીને મારશે જ, માટે તુંજ તેમને મારીને રાજ્ય કરને ? તો તેના સમાધાનમાં કહે છે.

હે મધુસૂદન ! અમને મારનારા એવાય એ દુર્યોધનાદિકને ત્રિલોકીના રાજ્યની પ્રાપ્તિ માટે પણ હું મારવાને નથી ઇચ્છતો, તો પછી પૃથ્વી માટે તો કહેવું જ શું ? એટલે કે કેવળ પૃથ્વીના રાજ્યની પ્રાપ્તિ માટે શું હું તેમને મારું? ન જ મારું એ અર્થ છે. ॥૩૫॥

निहत्य धार्त्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ! ।
पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः ॥३६॥

-: શ્લોકાર્થ :-

વળી-ધૃતરાષ્ટ્રના છોકરાઓને મારી નાખીને અમને શું પ્રીતિ થવાની હતી ? માટે હે જનાર્દન ! આતતાયી એવાય પણ એ કૌરવોને મારીને અમને કેવળ પાપ જ લાગે. ॥૩૬॥

-: ભાષ્યાર્થ :-

અને વળી-ધૃતરાષ્ટ્ર-પક્ષમાં રહેલા ભીષ્મ-દુર્યોધનાદિક અમારા સમીપ-સંબંધીઓને મારી નાખીને જીવનારા અમને શો આનંદ થાય ? કોઈ પ્રકારે શાંતિ નજ થાય એ અર્થ છે. હે જનાર્દન ! આતતાયી એવાય પણ આ દુર્યોધનાદિક અમારા ભાઈઓને મારીને અમને કેવળ પાપજ લાગે, પરંતુ - તે પાપ સિવાય બીજું કાંઈ પણ ફળ નજ થાય એ અર્થ છે !

આતતાયીઓ સ્મૃતિમાં-ધર્મશાસ્ત્રમાં કહેલા છે. ‘‘અગ્નિ મુકનારો, ઝેર આપનારો, શસ્ત્ર હાથમાં લઈને મારવા આવેલો, સર્વસ્વ લઈ લેનારો, ક્ષેત્ર લઈ

લેનારો અને સ્ત્રીનું અપહરણ કરનારો, આ છ પ્રકારના માણસો આતતાયી કહેલા છે.'' ॥૩૬॥

तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान् स्वबान्धवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम ? माधव ! ॥३७॥

-: શ્લોકાર્થ :-

માટે અમારા બાંધવો એવા ધૃતરાષ્ટ્રના છોકરાઓને કે પક્ષનાઓને પણ મારવાને માટે અમે યોગ્ય નથી, કેમ કે, હે માધવ ! સ્વજનોને મારીને અમે કેમ સુખીયા થઈએ ? (ન જ થઈએ.) ॥૩૭॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે ધર્મશાસ્ત્રમાં કહેલા સંબંધીઓનો વધ કરવાથી થતા પાપના પ્રસંગરૂપ હેતુને લીધે અમારા બાંધવો એવા ધૃતરાષ્ટ્રના છોકરાઓને હણવાને અમે યોગ્ય નથી જ. કેમ કે, હે માધવ ! સ્વજનોને મારીને અમે કેમ સુખીયા થઈએ? નિશ્ચે ન જ થઈએ એ અર્થ છે. ॥૩૭॥

यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥३८॥

कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निर्वर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ! ॥३९॥

-: શ્લોકાર્થ :-

જો કે લોભથી ભ્રષ્ટચિત્ત થઇ ગયેલા એ કૌરવો કુળના ક્ષયથી થતો દોષ-પાપ, તેમજ-મિત્રદ્રોહમાં રહેલું પાપ નથી દેખતા, તો પણ હે જનાર્દન ! કુળક્ષયકૃત દોષને જોનારા અમોએ આ પાપથી નિવૃત્તિ પામવા માટે કેમ ન સમજવું જોઈએ ? સમજવુ જ જોઈએ. ॥૩૮-૩૯॥

-: ભાષ્યાર્થ :-

બન્ને પક્ષોના મધ્યે પ્રતિપક્ષીઓને બંધુવધમાં થતાં દોષને નહિ દેખવાપણું અને પોતાને તે બંધુવધમાં થતા દોષને દેખવાપણું, એમ પરસ્પરનું વૈલક્ષણ્ય બતાવતાં અર્જુન કહે છે.

હે જનાર્દન પ્રભુ ! રાજ્યલોભે કરીને વિવેકહીન ભ્રષ્ટચિત્ત બની ગયેલા આ અમારા સમીપ-સંબંધીઓ, જો કે કુળક્ષયકૃત દોષને, તેમજ મિત્રદ્રોહથી થતા પાતકને પણ નથી દેખતા; તો પણ કુળક્ષયકૃત દોષને સમ્યક્-પ્રકારે જાણનારા અમોએ તો આ પાપ થકી નિવૃત્ત થવાને કેમ ન જાણવું જોઈએ ? અર્થાત્ જાણીને પાપનિવૃત્તિમાંજ મન કરવું, જોડવું જોઈએ. એ અભિપ્રાય છે. ॥૩૮-૩૯॥

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥४०॥

**-: શ્લોકાર્થ :-**

કુળનો ક્ષય થવાથી સનાતન-પરંપરાગત શાશ્વત ધર્મો નાશ પામી જાય છે. અને ધર્મ નષ્ટ થવાથી સમગ્ર કુળ નાશ પામી જાય છે. અને વળી-અધર્મ સર્વ પ્રકારે પરાભવ પમાડે છે. ॥૪૦॥

**-: ભાષ્યાર્થ :-**

એ જ પાપ વિસ્તારથી કહી સમજાવે છે.

કુળનો ક્ષય થવાથી સનાતન-પ્રાચીન પરંપરાગત, કુળધર્મો-ક્ષત્રિયકુળમાં પરંપરાથી પ્રાપ્ત થતા ધર્મો નાશજ પામી જાય છે. અને ધર્મોનો નાશ થવાથી બાકીનું સમગ્ર-સપિણ્ડકુળ નષ્ટપ્રાય થઈ જાય છે. એ અભિપ્રાય છે. એટલું-જ નહિ પણ ખેદની વાત તો એ છે કે અધર્મ એ લોકોનો પરાભવ કરીને ચોતરફથી સર્વથા આવરી-ઘેરી લે છે, એ જ એનો ખરો અર્થ છે. ॥૪૦॥

अधर्माभिभवात्कृष्ण ! प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय ! जायते वर्णसङ्करः ॥४१॥

**-: શ્લોકાર્થ :-**

હે કૃષ્ણ ! અધર્મથી પરાભવ થવાથી કુળવતી સ્ત્રીઓ દૂષિત બની જાય છે. અને હે વૃષ્ણિકુળનંદન ! સ્ત્રીઓ દૂષિત-ભ્રષ્ટ થવાથી પ્રજા વર્ણશંકર થાય છે. ॥૪૧॥

**-: ભાષ્યાર્થ :-**

વળી હે કૃષ્ણ ! કુળમાં અધર્મને લીધે થયેલા પરાભવથી કુળવતી સ્ત્રીઓ અતિ દૂષિત બની જાય છે. અને હે વૃષ્ણિકુળનંદન ! સ્ત્રીઓ દૂષિત-દુષ્ટ થવાથી વર્ણશંકરભાવ-વર્ણમાં વિપરીતપણું થઈ જાય છે. ॥૪૧॥

सङ्करो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रिया ॥४२॥

-: શ્લોકાર્થ :-

વર્ણશંકર પ્રજા કુળનો નાશ કરનારાઓને તેમજ બાકીના સમગ્ર કુળને પણ નરકમાંજ નાખનારી થાય છે. અને એમના મરીને ગયેલા પિતૃઓ પણ પાછળથી પિંડદાન અને તર્પણાદિક ક્રિયાઓ લુપ્ત થવાથી અધોગતિને જ પામે છે. ॥૪૨॥

-: ભાષ્યાર્થ :-

તે પછી શું થાય ? એ બાબત કહી બતાવે છે.

વર્ણશંકર પ્રજાઓ કુળને હણનારાઓને રાજ્યના લોભથી કુળને જે હણનારા છે તેમને, તેમજ-હણતાં બાકી રહેલા સમગ્ર કુળને પણ નરકને માટે જ, એટલે કે -નરકમાં પાડવાને માટેજ થાય છે. વળી કેવળ કુળ હણનારાઓને અથવા તો સમગ્ર કુળને જ નરકમાં પડવાનું થાય છે એમ નહિ, પણ બીજાઓને પણ થાય છે એમ કહે છે લુપ્ત થઈ ગઈ છે પિણ્ડોદક-ક્રિયાઓ જેમની, એવા એમના પિતૃઓ પણ પડે છે, એટલે કે શ્રાદ્ધાકિ ક્રિયાઓ કરનારા સુપુત્રોનો અભાવ હોવાથી મરીને ગયેલા પિતૃપિતામહાદિકને નરકમાં પડવાનું થાય છે, અથવા તો સ્વર્ગ થકી પતન થાય છે, એ અર્થ છે. ॥૪૨॥

दोषैरेतैः कुलघ्नां वर्णसङ्करकारकैः ।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥४३॥

-: શ્લોકાર્થ :-

વર્ણશંકરતાને પમાડનારા કુળઘાતી પુરુષોના એ મહાદોષથી શાશ્વત-સનાતન જાતિધર્મો અને પરંપરાગત કુળધર્મો પણ સઘળા નાશ કરી નખાય છે. ॥૪૩॥

-: ભાષ્યાર્થ :-

પૂર્વોક્ત દોષને દૃઢ કરતા થકા બે શ્લોકથી કહે છે.

વર્ણશંકરતા કરનારા કુળઘ્ન પુરુષોના આ કહ્યા એ મહાદોષોથી શાશ્વત-સનાતન, જાતિધર્મો ક્ષત્રિયાદિક વર્ણના ધર્મો, તેમજ કુળધર્મો-કુળપરંપરાથી ચાલતા આવેલા પોતાના અસાધારણ ધર્મો, એ સઘળા નાશ કરી નખાય છે. ॥૪૩॥

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ! ।
नरकेऽनियतं वासो भवतीत्यनुशुश्रुम ।।૪૪।।

-: ભાષ્યાર્થ :-

હે જનાર્દન ! ઉનષ્ટ થઇ ગયા છે કુળધર્મ જેમના; એવા મનુષ્યોનો નરકમાં નિયત-અખંડ વાસ થાય છે એમ અમે આચાર્યોના મુખથી સાંભળ્યું છે. ॥૪૪॥

-: ભાષ્યાર્થ :-

હે જનાર્દન ! નાશ પામી ગયા છે કુળ-જાતિના ધર્મો જેમના એવા મનુષ્યોનો પ્રેતભાવને નિવૃત્તિ પમાડનારી ક્રિયાઓ કરનારાઓના અભાવથી નરકમાં નિરંતર-અખંડ વાસ થાય છે જ એમ અમે સાંભળ્યું છે. એટલે કે આચાર્યોના મુખથી સ્મૃતિવચન સાંભળ્યું છે, પરંતુ નહિ કે અમારા તર્કથી કલ્પીએ છીએ.

જુઓ ! સ્મૃતિવચન "પ્રાયશ્ચિત્ત નહિ કરનારા અને કેવળ પાપમાં જ પ્રવર્તનારા, તેમજ પાપનો પશ્ચાત્તાપ પણ નહિ કરનારા એવા માણસો કષ્ટમય અતિ ભયંકર નરકોને પામે છે." ॥૪૪॥

अहो ? बत ? महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ।।૪૫।।

-: શ્લોકાર્થ :-

અહો ! ખેદની વાત છે, કે-અરેરે અમે આવું મોટું પાપ કરવાના નિશ્ચય ઉપર આવી ગયા કે, જે રાજ્યસુખના લોભે કરીને સ્વજનોને હણવાને માટે તૈયાર થઈ ગયા. ॥૪૫॥

-: ભાષ્યાર્થ :-

ધર્મશાસ્ત્રમાં કહેલા દોષના ભયથી, દયાથી, તેમજ બંધુઓ ઉપરના સ્નેહને લીધે, બંધુજનના હનન માટે કરેલા ઉદ્યોગમાં ખેદ પામતો અર્જુન કહે છે -

રાજ્યસુખના લોભે કરીને પોતાના સંબંધી-જનસમૂહને હણવા અમે જે તૈયાર થયા છીએ, તે એ મોટું પાપ કરવાને માટે અમે નિશ્ચય ઉપર આવી ગયા છીએ. અહો ! એ બહુજ દુઃખરૂપ છે. એ અર્થ છે. ॥૪૫॥

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥४६॥

-: શ્લોકાર્થ :-

માટે શસ્ત્ર હાથમાં લઈને તૈયાર થયેલા ધૃતરાષ્ટ્રના છોકરાઓ શસ્ત્રરહિત અને પોતાનો બચાવ પણ નહિ કરતો એવો મને રણમાં જો મારી નાખે, તો તે મારું અતિશય કલ્યાણ થાય. ॥૪૬॥

-: ભાષ્યાર્થ :-

બંધુઓનો વધ કરવા કરતાં પોતાનું મરણ થવા દેવું એજ સારું છે, એમ કહેતો સતો અર્જુન કહે છે -

મારો વધ કરવા સારું જેમણે શસ્ત્ર હાથમાં લીધેલાં છે, એવા ધૃતરાષ્ટ્રના છોકરાઓ, શસ્ત્ર રહિત થઈ ગયેલો અને તેથી જ શસ્ત્રનો પ્રતિઘાત પણ નહિ કરતો એવો મને જો રણમાં મારી નાખે, તો તે મારું મરણજ-મારું અતિશય ક્ષેમ કરનારું થાય. ॥૪૬॥

सञ्जय उवाच

एवमुक्त्वार्जुनः सङ्ख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४७॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे ऽअर्जुनविषादयोगो नाम प्रथमोऽध्यायः ॥१॥

-: શ્લોકાર્થ :-

સંજય કહે છે. શોકથી અતિ ઉદ્વિગ્ન ચિત્તવાળો અર્જુન યુદ્ધ સમયમાંજ આ પ્રમાણે કહીને બાણ સહિત ધનુષ છોડી દઈને રથના એક ભાગમાં બેસી ગયો. ॥૪૭॥

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અર્જુનવિષાદયોગો નામ પ્રથમોડધ્યાયઃ ॥૧॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે અર્જુનનો વિષાદ વર્ણન કરીને ફરીથી સંજય કહેવા લાગ્યો.

સંજય કહે છે. શોકથી-ધર્મ-અધર્મનો નિર્ણયશૂન્ય બુદ્ધિની આકુળતારૂપ શોકથી, અતિ ઉદ્વિગ્ન-અતિશય દુઃખી થયું છે મન જેનું એવો અર્જુન યુદ્ધમાં-યુદ્ધ

સમયમાંજ આ પ્રમાણે કહીને બાણે સહિત ધનુષને છોડી દઈને રથ ઉપર એક ભાગમાં ઉદાસ થઈને બેસી ગયો. ॥૪૭॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચરપરભક્તિસમારાધ્યભગવત્સહજાનન્દ*
*સ્વામિશિષ્યાગ્રગણ્યસદ્ગુરુવર્ય શ્રી ગોપાળાનન્દમુનિવિરચિતે*
*શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે પ્રથમોઽધ્યાયઃ ॥૧॥*

# अथ द्वितीयाऽध्यायः

सञ्जय उवाच

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥१॥

**-: શ્લોકાર્થ :-**

સંજય કહે છે. પૂર્વે કહેવા પ્રમાણે પરમ કૃપાથી આવિષ્ટ થયેલા, અશ્રુઓથી પૂર્ણ આકુળ-વ્યાકુળ નેત્રોવાળા અને અતિશય ખેદ કરતા તે અર્જુન પ્રત્યે મધુસૂદન ભગવાન આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. ॥૧॥

**-: ભાષ્યાર્થ :-**

ફરીથી સંજય કહેવા લાગ્યો.

કૃપાથી આવિષ્ટ-વ્યાપ્ત થઈ ગયેલો, અશ્રુઓથી ભરાઈ આવેલાં આકુળ-વ્યાકુળ નેત્ર જેનાં થઈ ગયાં છે અને પૂર્વે કહેવા પ્રમાણે અતિશય ખેદ કરતો, એવા તે અર્જુન પ્રત્યે મધુસૂદન ભગવાન આગળ કહેવા પ્રમાણે વાક્ય બોલવા લાગ્યા ॥૧॥

श्री भगवानुवाच

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥२॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે. હે અર્જુન ! આર્ય પુરુષોએ કદી નહિ જ સેવેલું, સ્વર્ગપ્રાપ્તિમાં પણ વિરોધી અને આ લોકમાં પણ અપકીર્તિ કરનારું, એવું આ કશ્મળ મનનો મોહ આવા વિષમ સમયમાં તને ક્યાંથી પ્રાપ્ત થયું ? થઈ આવ્યું ? ॥૨॥

-: ભાષ્યાર્થ :-

હે અર્જુન ! આ ધર્મના મિષથી ખેદ કરનારું, કશ્મળ-મોહ, વિષમ સમયમાં અઘટિત રીતે, તને સારાસારના વિવેક સમજનારને, શા હેતુથી પ્રાપ્ત થઈ આવ્યું?

નનુ-શંકા, ધર્મ-અધર્મના વિવેકથી પ્રાપ્ત થયું, તો તેના પ્રત્યુત્તરમાં કહે છે. અનાર્ય મૂર્ખજનોએ સેવેલું અને તેથીજ આ લોક-પરલોકમાં સઘળા અર્થની હાનિ કરનારું એટલે કે સ્વર્ગપ્રાપ્તિમાં પણ વિરોધી, તેમજ આ લોક-પરલોકમાં કીર્તિનું પણ વિરોધી એવું આ તારું મોહરૂપ અજ્ઞાન છે. ॥૨॥

क्लैब्यं मा स्म गमः पार्थ ! नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप ! ॥३॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ !- પૃથાના પુત્ર અર્જુન ! તું આમ નપુંસકભાવને ન પામી જા ? આ તારે વિષે નથી ઘટતું, માટે હે શત્રુતાપન ! ક્ષુદ્ર હૃદયદૌર્બલ્યને છોડી દઈને તું યુદ્ધ માટે ઉભો થા ?-સાવધાન થા ? ॥૩॥

-: ભાષ્યાર્થ :-

વળી-ભગવાન આક્ષેપ કરીને સમજાવે છે. હે પૃથાના પુત્ર ! તું આમ નપુંસગભાવને ન પામી જા ? કેમ કે, રૂદ્ર સાથે યુદ્ધ કરનારા તારે વિષે આવું દીનપણું નથી ઘટતું. માટે હે પરંતપ ! તુચ્છતા કરનારું હૃદયનું દુર્બળપણું છોડી દઈને ઉઠ, સંગ્રામ કરવા માટે ઉદ્યમ કર ? એ અર્થ છે. ॥૩॥

अर्जुन उवाच

कथं भीष्ममहं सङ्ख्ये द्रोणं च मधुसूदन ! ।
इषुभिः प्रतियोत्स्यामि ? पूजार्हावरिसूदन ! ॥४॥

-: શ્લોકાર્થ :-

અર્જુન કહે છે. હે મધુસૂદન ! ભીષ્મપિતામહને અને દ્રોણગુરુને યુદ્ધમાં બાણોથી કેવી રીતે હું પ્રહાર કરી શકું ? કેમ કે તેઓ તો મારે પરમ પૂજ્ય છે. ॥૪॥

**-: ભાષ્યાર્થ :-**

"આતતાયીને આવતો જોઈને વિચાર નહિ કરતાં મારીજ નાખવો, કારણ કે, આતતાયીનો વધ કરવામાં મારનારને કોઈ દોષ લાગતો જ નથી." આવું અર્થશાસ્ત્રનું વચન, તેમજ "પોતાને ઉપદેશ કરનાર આચાર્યને, માતાને, પિતાને તથા ગુરુને તેમજ બ્રાહ્મણોને, ગાયોને તથા સર્વ તપસ્વીઓને, ક્યારેય હણવા નહિ." ઈત્યાદિક ધર્મશાસ્ત્રનું વચન, આ બન્ને વચનોનો વિરોધ આવે ત્યારે - "અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર બળવાન છે, એમ નિર્ણય છે." માટે એ રીતે ધર્મશાસ્ત્રનું પ્રાબલ્ય વિચારીને અર્થશાસ્ત્રને અનુસરનારા ભગવદ્વાક્ય કરતાં ધર્મશાસ્ત્રને પ્રબળ માનીને અર્જુન કહે છે.

હે મધુસૂદન ! હું ભીષ્મ-પિતામહને, તથા દ્રોણ-ગુરુને, યુદ્ધમાં બાણોથી કેમ મારી શકીશ ? અર્થાત્ મારાથી કેમ પ્રહાર કરાય ? કોઈ રીતે પણ ન જ કરાય. હે અરિસૂદન ! કારણ કે એ બન્ને તો મારે પુષ્પાદિકથી પૂજન કરવા યોગ્ય છે. ॥૪॥

**गुरूनहत्वा हि महानुभावान् श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।**
**हत्वार्थकामांस्तु गुरूनिहैव भूञ्जीय भोगान् रुधिरप्रदिग्धान् ॥५॥**

**-: શ્લોકાર્થ :-**

માટે મહાનુભાવ ગુરુઓને નહિ હણતાં આ લોકમાં ભિક્ષાથી મેળવેલું અન્ન ખાવું એજ અતિ શ્રેયસ્કર છે, કેમ કે, અર્થલુબ્ધ ગુરુઓને મારી નાખીને તો તેમના જ રૂધિરથી ખરડાયેલા ભોગો આ લોકમાં અમારે ભોગવવાના. ॥૫॥

**-: ભાષ્યાર્થ :-**

રાજ્યપ્રાપ્તિને માટે ગુરુ આદિકનું હનનરૂપ મહાપાપ નહિ કરતાં, ભિક્ષાનું અન્ન ખાવું એ શ્રેષ્ઠ છે એમ કહે છે.

મહાનુભાવ-મહાસમર્થ એવા ગુરુઓને-દ્રોણાદિકને નહિ મારતાં-મહાપાપરૂપ કલ્યાણમાં વિરોધી ગુરુહનન નહિ કરતાં, આ લોકમાં ભિક્ષાથી પ્રાપ્ત થયેલું અન્ન, શત્રુઓએ હરી લીધું છે રાજ્ય જેમનું એવા અમને રાજાઓને નિષિદ્ધ છે તો પણ એ ખાવાને માટે બહુજ સારું - અતિશય વખાણવા લાયક સર્વથા યોગ્ય છે, એજ ખરું છે.

પરંતુ તે ગુરુઓ વિગેરેનો નાશ કરીને પ્રાપ્ત કરેલું રાજ્ય પણ સારું નથી એ મારો અભિપ્રાય છે.

વળી વિષયભોગની કામનાવાળાએ ગુરુઓને મારીને તો તેમનાજ રૂધિરથી ખરડાયેલા તેમણે ભોગવેલા ભોગોને હું તેમણે ભોગવેલાં સ્થાનોમાં બેસીને કેવી રીતે ભોગવું ? ઉપભોગ કરું ? કોઈ પણ રીતે તે મારાથી ભોગવવાને યોગ્ય નથીજ એ અર્થ છે. ॥૫॥

**न चैतद्विद्मः कतरन्नो गरीयो ? यद्वा जयेम यदि वा नो जयेयुः ।**
**यानेव हत्वा न जिजीविषाम स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥६॥**

**-: શ્લોકાર્થ :-**

વળી એ પણ અમે જાણતા નથી કે-આ બેમાંથી અમારે માટે કયું શ્રેષ્ઠ છે? અથવા તો અમે એમને જીતેએ, કે તેઓ અમને જીતે. વળી-તેમ છતાં જ જેમને જ મારીને અમે જીવવાની પણ ઇચ્છા નથી રાખતા, તે ધૃતરાષ્ટ્રના છોકરાઓ તો યુદ્ધમાં સામા આવીને ઉભા છે. ॥૬॥

**-: ભાષ્યાર્થ :-**

વળી-ફરીથી પણ શ્રીકૃષ્ણના વચનનું અતિ ગૌરવ જાણીને પોતે કરેલા નિશ્ચયમાં સંશય કરતો થકો અર્જુન કહે છે આ બેમાં એટલે કે-યુદ્ધ કરવું અથવા ભિક્ષાનું અન્ન માગી ખાવું, આ બેના મધ્યે અમારે માટે શું ભૈક્ષ્યભોજન અથવા તો યુદ્ધ, એ બેમાંથી શું શ્રેષ્ઠતર-વધારે સારું છે એ અમે નથી જાણતા.

અથવા બીજા પક્ષમાં, અમે આ દુર્યોધનાદિકને જીતીએ જીતીશું ? કે - અથવા એ દુર્યોધનાદિક અમને જીતે-જીતશે ? એ પણ અમે નથી જાણતા.

વળી-અમારે તો એમને જીતીએ તો પણ મરણ જ છે એમ કહે છે -

જેઓને જ મારીને અમે જીવવા નથી ઇચ્છતા, અર્થાત જીવવાની ઇચ્છાવાળાજ નથી થતા, તેજ ધૃતરાષ્ટ્રના છોકરાઓ વિગેરે યુદ્ધ કરવા માટે સામા આવીને ઉભા રહેલા છે. ॥૬॥

**कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वा धर्मसम्मूढचेताः ।**
**यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि ! तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥७॥**

**-: શ્લોકાર્થ :-**

દીનતાને લીધે મારો સ્વભાવ પલટાઈ ગયો છે, તેથી ધર્મનિર્ણયની બાબતમાં સર્વથા મૂઢચિત્ત બની ગયેલો હું તમને પૂછું છું કે-મારું જે નિશ્ચિત શ્રેય હોય તે મને સમજાવો ! હું તમારો શિષ્ય છું, માટે તમને શરણે આવેલો હું તે મને બોધ કરો ! ॥૭॥

-: ભાષ્યાર્થ :-

કાર્પણ્ય-દયા અને સ્નેહને લીધે થતો દીનભાવ, તથા દોષ-ગુરુઓ અને દાદાઓ વિગેરેને મારવામાં થતું પાપ, આ બે વડે કરીને વિપરીત ભાવને પામ્યો છે યુદ્ધ કરવામાં ઉત્સાહ વિગેરે રૂપ સ્વભાવ જેનો અને તેથીજ ક્ષત્રિયના પરમ ધર્મમાં અતિશય-સર્વથા મૂઢ બની ગયું છે ચિત્ત-અન્તઃકરણ જેનું, એટલે કે ધર્મ-અધર્મના જ્ઞાનમાં સન્દેહવાળું જેનું અન્તઃકરણ બની ગયું છે એવો થકો, એ અર્થ છે. હું તમને નિજભક્તો ઉપર કરૂણા કરનારા અને આશ્રિતોના ઉપર વાત્સલ્યના ઉભરાતા સાગરસમા એવા તમને પૂછું છું, માટે મારું જે-જે કૃત્ય કરવાથીશ્રેય થાય તે કૃત્ય નિશ્ચિત જેમ હોય તેમ કહો. ! અથવા નિશ્ચિત કરીને કહો !

નનુ (શંકા) ભગવાન કહે છે - શાથી હું કહું ? તો કે, તમારો હું શિષ્ય-શિક્ષા કરવાને યોગ્ય છું, માટે તમોને શરણે પામેલા એવા સન્દિગ્ધ ચિત્તવાળા મને ઉપદેશરૂપ શિક્ષા કરો. ॥૭॥

न हि प्रपश्यामि ममापनुद्याद् यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।
अवाप्य भूमावसपत्नमृद्धं राज्यं सुराणामपि चाधिपत्यम् ॥८॥

-: શ્લોકાર્થ :-

પૃથ્વી ઉપરનું શત્રુરહિત અને સમૃદ્ધિવાળું સમગ્ર રાજ્ય પામીને, અથવા તો દેવોનું સ્વામિત્વ પામીને પણ ઇન્દ્રિયોને સર્વથા શોષણ કરનારો મારો શોક નાશ કરે એવું કોઈપણ વસ્તુ અગર સાધન મારા જોવામાં નથીજ આવતું. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

નનુ (શંકા) તું યુદ્ધ કર ! તેમાં જો તું મરીશ તો સ્વર્ગને પામીશ, અથવા-જય પામીશ તો સામ્રાજ્ય મળશે.

તેના પ્રત્યુત્તરમાં અર્જુન કહે છે.

પૃથ્વીને વિષે શત્રુઓથી રહિત, સમૃદ્ધિવાળું ચક્રવર્તિ રાજ્ય પામીને પણ, તેમજ સર્વ દેવોના આધિપત્યરૂપ દેવેન્દ્રપદને પામીને પણ, મારાં સર્વ ઇન્દ્રિયોને સર્વથા શોષણ કરનારો મારો શોક જે ટાળે તે વસ્તુને હું નિશ્ચિત-ખરેખર નથીજ જોતો ॥૮॥

सञ्जय उवाच

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परन्तप ! ।
न योत्स्य इति गोविन्दमुक्त्वा तूर्ष्णीं बभूव ह ॥९॥

-: શ્લોકાર્થ :-

સંજય કહે છે. આ પ્રમાણે ગુડાકેશ-અર્જુન હૃષીકેશ-ભગવાનને કહીને હે પરંતપ ! "હું યુદ્ધ નહિજ કરું" એમ છેવટમાં ગોવિંદ ભગવાનને કહી દઈને પછી મૌન જ બની ગયો. ॥૯॥

-: ભાષ્યાર્થ :-

ગુડાકેશ-અર્જુન, સર્વનાં-પ્રાણીમાત્રનાં ઈન્દ્રિયોના પ્રવર્તક હૃષીકેશ ભગવાન પ્રત્યે આ પ્રમાણે કહીને, હે પરંતપ ! - શત્રુતાપન ! "હું યુદ્ધ નહિ જ કરું"એમ ગોવિંદ ભગવાનને કહીને પોતે મૌન થઈ ગયો. ॥૯॥

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ! ।
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥१०॥

-: શ્લોકાર્થ :-

હે ભારત ! ધૃતરાષ્ટ્ર ! બન્ને સેનાઓના મધ્યેજ આ પ્રમાણે ખેદ પામતા તે અર્જુન પ્રત્યે હૃષીકેશ-ભગવાન હસતા હસતા જ જેમ એમ કહેવા લાગ્યા. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

ધૃતરાષ્ટ્ર પૂછે છે. તે પછી શું થયું ? તેના પ્રત્યુત્તરમાં કહે છે.

હે ભારત ! - ભરતકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર ! હૃષીકેશ ભગવાન હસતા હસતા જ બન્ને સેનાઓના મધ્યે ખેદ કરતા અર્જુન પ્રત્યે આગળ કહેવા પ્રમાણે, "નહિ શોક કરવા લાયકનો તું શોક કરે છે." એ શ્લોકથી આરંભીને "હું તને સર્વ પાપથી મુકાવીશ તું શોક ન કર." ત્યાં સુધીનું વચન કહેવા લાગ્યા.॥૧૦॥

श्रीभगवानुवाच

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥११॥

-: શ્લોકાર્થ :-

નહિ શોક કરવા લાયકનો તું અનુશોક કરે છે, અને વળી બુદ્ધિવાદની વાતો બોલે છે. કેમ કે-પંડિતો-જ્ઞાનીજનો મરેલાઓનો તેમજ જીવતાઓનો પણ, અથવા દેહનો કે આત્માનો પણ અનુશોક કરતાજ નથી. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

અવશ્ય કરવા યોગ્ય કર્મયોગનું જ્ઞાન, માહાત્મ્યજ્ઞાને સહિત મારા ભક્તિયોગનું જ્ઞાન, તેમજ-જીવાત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન, તે વિના આ અર્જુનનો મોહ અજ્ઞાન નહિજ શમે એમ વિચારીને પ્રથમ કર્મયોગાદિકમાં ઉપયોગી આત્મજ્ઞાનનો ઉપદેશ કરતા થકાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

ક્ષાત્ર ધર્મની અપેક્ષાએ - ક્ષાત્રધર્મને લીધે પોતે યુદ્ધમાં હણવામાં આવેલા માટે જ શોક કરવાને અયોગ્ય એવા ભીષ્મદ્રોણાદિકનો તું અનુશોક કરે છે.

અભિપ્રાય એ છે કે દેહાભિમાન અશૂરવીર જનોએ તેમનો શોક કરવો જોઈએ- ઘટે. પરંતુ નહિ કે આત્મજ્ઞાની એવા શૂર ક્ષત્રિયોએ, માટે તારે તો તે કોઈ રીતે શોક કરવા લાયક છેજ નહિ !

વળી-પ્રજ્ઞાવાદનાં વચનો બોલે છે, એટલે કે દેહાભિમાની જીવોની બુદ્ધિને અવલંબીને ''હે કૃષ્ણ ! યુદ્ધ કરવાની ઈચ્છાથી સમીપમાં ઉભેલા આ મારા સ્વજનોને જોઈને'' એ તથા ''અહો ? અરે ? મત-ખેદની વાત છે કે આવું મોટું પાપ કરવાના નિશ્ચય ઉપર અમે આવી ગયા.'' એ આદિક બુદ્ધિથી કલ્પિત વાદ-વચનોને તું બોલે છે.

આવું વચન પૃથ્વીનો ભાર હરવારૂપ મારો અભિપ્રાય જાણનારા તને કોઈ રીતે ઉચિત નથી એ અભિપ્રાય છે.

ખરું છે કે, પંડિતો-જ્ઞાનીજનો ગતપ્રાણ થઈ ગયેલા સ્વજનોને, તેમજ ગતપ્રાણ નહિ થયેલા-જીવતા સ્વજનોને દુઃખ પામતા જોઈને પણ અનુશોક નથીજ કરતા.

અથવા ગતપ્રાણ એટલે દેહ અને અગતપ્રાણ એટલે જીવાત્માઓ એ બન્નેનો પંડિતો-સમ્યક્ જ્ઞાનવાળા જનો અનુશોક કરતાં જ નથી. એટલે કે વિનાશી-સ્વભાવ હોવાથી દેહ પણ શોક કરવા યોગ્ય નથીજ, તેમજ અવિનાશી-સ્વભાવ હોવાથી આત્મા પણ શોક કરવા યોગ્ય નથી જ. માટે તારે એમનો શોક કરવો એ સર્વથા વૃથાજ છે. એ અભિપ્રાય છે. ॥૧૧॥

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥

-: શ્લોકાર્થ :-

હું ક્યારેય ન હતો એમ નહિ, તું પણ કયારેય ન હતો એમ નહિ, તેમજ આ બધા રાજાઓ પણ ન હતા એમ નહિ. અર્થાત્ હું, તું અને આ સઘળા પણ પૂર્વે હતા જ.

વળી આપણે બધાય હવે પછીના સમયમાં પણ નહિ હોઈએ એમ તો નહિ જ, અર્થાત્ હોઇશું જ. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

તેમાં પહેલાં જીવાત્માઓનું નિત્યત્વ-અવિનાશીપણું હોવાથી તેઓ ક્યારેય પણ શોક કરવા લાયક નથી એમ કહી સમજાવે છે.

હું તો ક્યારેય- સૃષ્ટિથી પહેલાં પણ, ન હતો એમ નહિ, એટલે કે ક્ષર-અક્ષર એ સર્વનો સ્વામી અને સર્ગાદિકનો કર્તા એવો હું ક્યારેય ન હતો એમ તો નહિ જ, અર્થાત્ હતો જ. આ પ્રમાણે ભગવાનનું જે કહેવું તે જીવાત્માઓનું નિત્યત્વ કહેવામાં દૃષ્ટાંત માટે છે. તું પણ કયારેય - સૃષ્ટિથી પહેલાં પણ ન હતો એમ નહિ. તેમજ આ સઘળા રાજાઓ પણ કયારેય સૃષ્ટિથી પહેલાં પણ ન હતા એમ તો નહિ જ. વળી આપણે બધાય આ વર્તમાનકાળ પછી કયારેય પ્રલય દશામાં પણ નહિ કે આપણે નહિ જ હોઇએ.

જેમ સર્વેશ્વર એવો જે હું તે મારા ભક્ત - સાધુઓના પરિત્રાણ - રક્ષણ માટે હાલ સમયમાં દિવ્ય રૂપથી સર્વ મનુષ્યોની નયનવિષયતાને પામેલાની મારી એટલા - માત્રથીજ પૂર્વે કોઇ સમયમાં પણ ન હોવાની સમ્ભાવના નથી, તેજ પ્રમાણે તારે અને રાજાઓ વિગેરેને પણ દ્રશ્યમાન - વર્તમાન દેહયોગના અભાવસમયમાં પણ પોત-પોતાના કર્મ પ્રમાણે દેહયોગનો પૂર્વે પણ અવશ્ય -ભાવ હતો.

કેમ કે, સંસાર પ્રવાહનું અનાદિપણું હોવાથી સૃષ્ટિથી પહેલાં પણ જીવો બધા વાસનાથી મલિનભાવવાળા અને પ્રકૃતિમાં વિલીન થયેલા તેમને સર્ગના આદિભાગમાં.

-: ભાષ્યાર્થ :-

પોતપોતાના કર્મ પ્રમાણે સંસૃતિ થતી હોવાથી પહેલાં પણ તેમનો સદ્‌ભાવ હોવાપણું સિદ્ધ થાય છે જ માટે.

જેમ મારો હાલ સમયમાં જ જેમ, એમ સાધુજનોના પરિત્રાણ માટે ભવિષ્યમાં પણ મારો પ્રાદુર્ભાવ થવાનો જ. અને એ રીતે પ્રલયાદિકનો કર્તા અને મુક્ત પુરુષોને દિવ્ય બ્રહ્મધામમાં પ્રાપ્યસ્વરૂપે રહેલા એવા મારા, આનાથી પછી અત્યાર પછી કોઈ પણ સમયમાં અસદ્ભાવની સમ્ભાવના છેજ નહિ. એજ પ્રમાણે તારે અને આ રાજાઓ વિગેરેને પણ પોત-પોતાના કર્મ પ્રમાણે બીજા-નવા નવા દેહના યોગથી સંસૃતિમાં ફરનારાઓને પ્રલય-સમયમાં પણ અસદ્ભાવની સંભાવના નથી જ. કારણ કે, સંસૃતિમાં કારણભૂત કર્મરૂપ મળલેપનો નાશ નહિ થયેલો માટે, તેમજ ભાવિ-સર્ગમાં પણ બીજરૂપે પણ વર્તતો હોવાથી.

વળી મુક્તિદશામાં પણ આત્માઓનો સ્વરૂપથી નાશ નહિ થતો હોવાથી ક્યારેય પણ ભવિષ્યમાં પણ નહિ હોઈએ એમ નહિજ. કેમ કે-અક્ષર-બ્રહ્મધામમાં સ્વસ્વરૂપથી જ રહેવાનું છે માટે. તે વાત શ્રુતિમાં સ્પષ્ટ શ્રવણ થાય છે. ''પર જ્યોતિઃસ્વરૂપ પરમાત્માને પામીને સ્વસ્વરૂપથી સિદ્ધ-મુક્ત થઈને વર્તે છે.'' ''તે મુક્તાત્મા ઈચ્છા પ્રમાણે એકરૂપે થાય છે, વળી ક્યારેક ત્રણ પ્રકારે પણ વર્તે છે.'' સ્મૃતિમાં ગીતામાં પણ એમજ કહે છે. ''આ મેં કહેલાં જ્ઞાનને સિદ્ધ કરીને મારા સાધર્મ્ય-સમાન ભાવને પામેલા મુક્તાત્માઓ સર્ગ-સમયમાં ઉત્પન્નેય થતા નથી અને પ્રલય-સમયમાં કોઈ વ્યથાને પણ પામતા નથી.'' આમ કહેવાથી ત્રિકાળાબાધ્ય ભેદપારમાર્થ્ય પણ નક્કી જ છે એમ જણાવાય છે.

આ બાબતમાં વિશેષ વિચાર શ્રીમદ્રામાનુજાચાર્યવિરચિત - ગીતાભાષ્યમાંથી જાણી લેવો. ॥૧૨॥

देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ।।१३।।

-: શ્લોકાર્થ :-

દેહી-જીવાત્માને આ દેહમાં જ જેમ કુમારાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા, અનુક્રમે બદલાયા કરે છે, તેજ પ્રમાણે આગળ બીજા-બીજા દેહની પ્રાપ્તિ પણ થાય છે. માટે એમ જાણીને ધીર પુરુષ તેમાં મોહ નથી પામતો. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

દેહનો પરિણામી સ્વભાવ છે અને જીવાત્માઓનો કર્મ પ્રમાણે બીજા-બીજા દેહ સાથે જોડાવું એજ એક લક્ષણ જેનું છે એવો સંસૃતિ પામવારૂપ સ્વભાવ છે, એમ કહેતાં-કહેવાપૂર્વક અને બન્નેમાં જ્ઞાનીને નિર્મોહિપણું કહી બતાવે છે.

દેહધારી ક્ષેત્રજ્ઞ-જીવાત્માને આ દેહમાં-સ્વકર્માનુસારે ઈશ્વરે આપેલા સ્થૂળ શરીરમાં, જેમ-કૌમાર-બાલ્યાવસ્થા, યૌવન-યુવાવસ્થા અને જરા-વૃદ્ધાવસ્થા, એ ત્રણ અવસ્થાઓ સ્વાભાવિકપણે વર્તે છે, તેજ પ્રમાણે બીજા-બીજા દેહોની પ્રાપ્તિ થયાજ કરે છે. તેમાં બીજા દેહની પ્રાપ્તિમાં, ધીર પુરુષ મોહ નથી પામતો, એટલે કે-આત્મજ્ઞાનને લીધે ધૈર્યવાન પુરુષ "હું મરી જઈશ" એવો મોહ નથી જ પામતો કેમકે આત્માને મરણ છે જ નહિ.

અહીંયાં એક દેહધારીની વાત કહેવાથી સર્વ દેહધારીઓનું એજ પ્રમાણે જાણી લેવું. ॥૧૩॥

मात्रास्पर्शास्तु कौन्तेय ! शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व ! भारत ! ॥१४॥

**-: શ્લોકાર્થ :-**

હે કુંતીપુત્ર-અર્જુન ! શબ્દાદિક વિષયોના સ્પર્શો તો શીત-ઉષ્ણ, સારા-નરસા હોઈને સુખ-દુઃખને આપનારા છે. અને તેય આગમન-ગમન સ્વભાવના હોવાથી અસ્થિર-નાશવંત છે, માટે હે ભારત ! તેને તું સહન કર. ॥૧૪॥

**-: ભાષ્યાર્થ :-**

નનુ-શંકા, ક્ષેત્રજ્ઞોનું અવિનાશિપણું હોય, તો પણ ક્ષત્રિયોના ધર્મમાં કહેલાં યુદ્ધાદિક શાસ્ત્રીય કર્મ કરવામાં - કરતી વખતે શસ્ત્રાદિકના ઘાતથી થયેલું દુઃખ તો થવાનું જ થાય જ.

એ શંકા, સમાધાનમાં કહે છે - હે કુંતીપુત્ર - અર્જુન ! શીત-ઉષ્ણરૂપ હોઈને-હોવાથી સુખ-દુઃખ આપનારા, એટલે કે, શીત-ઉષ્ણાદિક સારા નરસા વિષયોનું ગ્રહણ કરવું એ રૂપ સુખ દુઃખને આપનારા, તેમજ આવવા-જવાના સ્વભાવવાળા, માટે જ અનિત્ય-અસ્થિર એવા માત્રાસ્પર્શો- સારા નરસા શબ્દાદિક વિષયોના સ્પર્શો-ઈન્દ્રિયો સાથેના સંશ્લેષો તો છે. તેને હે ભારત ! સહન કર? એટલે કે - ફળાનુસન્ધાન છોડી દઈને જ્યાં સુધી યુદ્ધાદિક શાસ્ત્રીય કર્મની સમાપ્તિ થાય ત્યાં સુધી ધૈર્ય રાખીને શીત-ઉષ્ણ, કોમળ-કઠોર એવા તે વિષયોને સહન કર. એ અર્થ છે. ॥૧૪॥

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ! ।
समदुःखसुखं धीरं सोऽमृतत्त्वाय कल्पते ॥१५॥

-: શ્લોકાર્થ :-

હે પુરુષશ્રેષ્ઠ અર્જુન ! સુખ-દુઃખ જેને સમાન થઇ ગયાં છે, એવા જે ધીર—આત્મદર્શી પુરુષને એ વિષયો વ્યથા-ઉદ્વેગ નથી પમાડતા તે પુરુષ અમૃતત્વ-મુક્તિને માટે કલ્પાય છે, યોગ્ય થાય છે. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

તેનું સહન કરવાથી શું ફળ ? એ શંકાના સમાધાનમાં કહે છે -

હે પુરુષશ્રેષ્ઠ ! આ વિષયના સંસર્ગો, સુખ-દુઃખ જેને સમાન થઈ ગયાં છે, એટલે કે, સ્વધર્મનું પાલન કરતાં વચ્ચે વચ્ચે આવેલાં પ્રારબ્ધ-કર્મજન્ય અવર્જનીય દુઃખને પણ સુખની પેઠેજ અનુભવ કરતો અને તેથી જ ધૈર્યશાલી એવા જે પુરુષને વ્યથા નથી ઉપજાવતા, તે ધીર પુરુષ અમૃતત્વ-મોક્ષ પામવાને માટે લાયક થાય છે. એ અર્થ છે. ॥૧૫॥

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६॥

-: શ્લોકાર્થ :-

અસત્-પદાર્થનો સદ્ભાવ નથી અને સત્-વસ્તુનો અસદ્ભાવ નથી. આ સત્-અસત્ એ બન્નેનો પણ ખરો સાર-નિર્ણય તો તત્ત્વદર્શી મહાત્માઓએ જાણેલો છે. ॥૧૬॥

-: ભાષ્યાર્થ :-

હવે તે તિતિક્ષામાં સાધનભૂત સત્-અસત્નો વિવેક બતાવે છે -

અસત્નો - બ્રહ્માથી લઈને સ્થાવર પર્યંતના દેહધારીઓના દેહવર્ગનો, અથવા તો સુખ-દુઃખાદિકનો, ભાવ-સદ્ભાવ-સત્યતા છેજ નહિ, કારણ કે- પરિણામપણું છે માટે. અને સત્નો આત્મવર્ગનો, અભાવ-અસત્યતા નથીજ. કારણ કે પરિણામ પામવાપણું નથી માટે. વસ્તુની યથાર્થતાને જોવાના સ્વભાવવાળા તત્ત્વદર્શી મહાત્માઓએ પરિણામી અને અપરિણામી એવાં એ સત્ અને અસત્ બન્ને વસ્તુનો પણ અન્ય-યથાર્થ નિર્ણય તાત્ત્વિક દ્રષ્ટિએ જોયેલો જ છે. - જાણેલો જ છે. ॥૧૬॥

अविनाशि तु तद्विद्धि ! येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित् कर्तुमर्हति ।।१७।।

-: શ્લોકાર્થ :-

તે સત્-વસ્તુ આત્મતત્ત્વ તો અવિનાશી છે એમ તું જાણ ? કે જેનાથી આ સઘળું વિશ્વ અથવા આ આખું શરીર વ્યાપ્ત છે. અને એ વિકારશૂન્ય આત્મતત્ત્વનો વિનાશ કરવા કોઈ પણ સમર્થ નથી. ।।૧૭।।

-: ભાષ્યાર્થ :-

ક્ષેત્રજ્ઞ-જીવાત્માના સ્વરૂપ-સ્વભાવનું નિરૂપણ કરતાં નવ શ્લોકથી કહે છે -

જે ચેતન વસ્તુથી આ સઘળું- પ્રત્યક્ષપણે જોવામાં આવતું સમગ્ર અચેતન વ્યાપેલું છે, દરેક શરીરમાં એક એક જીવાત્માની પૃથક્પણે વ્યાપ્તિ છે, એ અભિપ્રાય છે. તે ચેતન વસ્તુના સમૂહને તો અવિનાશી-નાશરહિત છે એમ જાણ.

તેમાં કારણ કહે છે - વ્યય- વિકારશૂન્ય આ આત્માનો - અચેતનવર્ગમાં વ્યાપકપણાને લીધે અત્યંત સૂક્ષ્મતા હોવાથી નાશ થવાને અયોગ્ય એવા જીવાત્માનો કોઈ પણ પદાર્થ વિનાશ કરવાને યોગ્ય-સમર્થ થતોજ નથી, માટે એનો શોક ન કરવો એ અર્થ છે. ।।૧૭।।

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व ! भारत ! ।।१८।।

-: શ્લોકાર્થ :-

નિત્ય-નિરંતર સદ્ભાવવાળો, નાશ નહિ પામનારો અને અપ્રમેય-સર્વ પ્રમાણોથી પણ નિર્ણય ન કરી શકાય એવા શરીરધારી આત્માના આ-ભૂત ભવિષ્યમાં થનારા દેહો રુંતવાળા-નાશવંત છે, માટે હે ભારત ! અર્જુન ! એ બધાનો શોક મુકીને તું યુદ્ધ કર. ? ।।૧૮।।

-: ભાષ્યાર્થ :-

નિત્ય સિદ્ધ આત્મસ્વરૂપનું નિરૂપણ કરવાથી - કરીને, હવે દેહોનું સાન્તત્વ-વિનાશીપણું કહે છે.

નાશ નહિ પામનાર- એટલે કે- નાશ થવાને યોગ્યજ નહિ. અપ્રમેય-ચક્ષુ આદિક ઈન્દ્રિયોરૂપ સાધનોથી રૂપ આદિક વિષયોની પેઠે સાક્ષાત્-પ્રત્યક્ષ કરવાને - થવાને યોગ્ય નહિ, એવા નિત્યસ્વરૂપ શરીરીના દરેક શરીરમાં ભિન્ન ભિન્ન

રહેલા જીવાત્માના, આ ચક્ષુ આદિક સાધનોથી સાક્ષાત્- પ્રત્યક્ષ કરવા યોગ્ય દેહો- શરીરો, અન્ત-વિનાશ પામવાના સ્વભાવવાળાજ કહેલા છે. ભારત ! તેથી એટલે કે દેહ અને આત્માનો વિનાશી અને અવિનાશીપણારૂપ ધર્મ-સ્વભાવ જ છે માટે, તું યુદ્ધ કર ? પણ શોક તો કરીશજ નહિ. એ અભિપ્રાય છે. ॥૧૮॥

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥१९॥

-: શ્લોકાર્થ :-

જે આ આત્માને હણનારો એમ જાણે છે,-તેમજ જે એને બીજાથી હણાયેલો માને છે. તે બન્ને કાંઇ સમજતા જ નથી. કેમ કે-આ આત્મા કોઈને હણતોય નથી, તેમ બીજા કોઈથી પોતે હણાતો પણ નથી. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

વળી બીજું- જે પુરુષ એ આત્માને - જીવાત્માને, હણનારો - બીજા આત્માઓનો હિંસક એ પ્રમાણે જાણે છે, તેમજ વળી - જે પુરુષ એ આત્માને હણાયેલો - બીજાઓએ નાશ કરી નાખેલો એ પ્રમાણે માને છે, તો તે બન્ને- જીવાત્માને હન્તિ ધાતુના કર્તાપણે તેમજ - કર્મપણે જાણનારા, કંઈ જાણતા જ નથી.

ત્યારે આત્માને કેમ-કેવા પ્રકારથી જાણવો ? તેના ઉત્તરમાં કહે છે - આ આત્મા બીજાઓને નથી તો હણતો, કે - નથી તો બીજા આત્માઓથી પોતે હણાતો. એટલે - હનન ક્રિયાનો કર્તાય એ આત્મા થતો નથી એ કર્મ પણ થતો નથી એ અર્થ છે.

ત્યારે - ''સર્વ ભૂતની હિંસા ન કરવી.'' ''બ્રાહ્મણને ન હણવો.'' એ કેમ સમજવું ? તો કે શાસ્ત્રોમાં હન્તિ-ધાતુ શરીરનો વિયોગ કરવો એ અર્થનેજ કહેનારો છે, પણ સાક્ષાત્ આત્માનુંજ હનન થાય છે એમ કહેનારો નથી. ॥૧૯॥

न जायते म्रियते वा कदाचित् नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥२०॥

-: શ્લોકાર્થ :-

આ—જીવાત્મા કદી ઉત્પન્ન થતો નથી, તેમજ-તે ક્યારેય મરતો પણ નથી તેમ સૃષ્ટિ-સમયમાં ઉત્પન્ન થઈને પાછો પ્રલય સમયમાં નહિ હોય એમ પણ

નહિ. કેમ કે-આ આત્મા અજ, નિત્ય સદાય, એક રૂપ અને પુરાતન છે. અને તેથીજ તો શરીર હણાતાં પણ એ હણાતો નથી. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

પૂર્વ શ્લોકમાં કહેલા હેતુઓથી વિશિષ્ટતા હોવાથી જન્મ-મરણાદિક દેહના ભાવો-ધર્મો આત્મામાં નથીજ એમ કહે છે.

ઉત્પન્ન નથી થતો વર્તમાન-સમયમાં દેહના ઉપજવાની સાથે આત્મા ઉત્પન્ન નથી થતો તેમજ નથી મરતો. દેહનો નાશ થવાની સાથે જીવાત્માનો નાશ નથી થતો. અર્થાત્ ચાલુ પરિસ્થિતિમાં સર્વ-પ્રાણીઓએ અનુભવાતાં જન્મ-મરણાદિક ક્યારેય પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને નથી પરાભવ કરતાં.

વળી આ આત્મા સૃષ્ટિના આદિ સમયમાં જાણ્યે કે ઉત્પન્ન થઈને પાછો ફરીથી કલ્પને અન્તે નહિ હોય, એટલે કે મરી જશે એમ ન જાણવું. કેમ કે - કલ્પના આરંભમાં અને કલ્પના અંતમાં પણ હિરણ્યગર્ભ વિગેરે સર્વ પ્રાણીઓએ અનુભવાતું જન્મ-મરણ આત્માને નથી પરાભવ કરતું એમ જાણવું એ અભિપ્રાયર્થ છે.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી અજ-જન્મરહિત, અને તેથીજ નિત્ય-ધ્રુવ, અર્થાત્ સર્વકાળમાં એકરૂપેજ રહેનારો, શાશ્વત-સદાય એવોને એવો એકરૂપેજ રહેનારો-અપરિણામી, અને એથી જ પુરાણ પૂર્વે પણ નવોજ, એટલે કે આત્મદર્શી પુરુષોએ નિત્ય અને નિત્ય અપૂર્વની પેઠેજ સદાય નવોને નવોજ અનુભવ કરવામાં આવતો એ અર્થ છે. માટે આ આત્મા શરીરનો નાશ થયે પણ નથી નાશ પામતો. ॥૨૦॥

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरूषः पार्थ ! कं घातयति हन्ति कम् ॥२१॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! એ આત્માને જે પુરુષ અજ, અવ્યય, નિત્ય-સિદ્ધ અને અવિનાશી જાણે છે, તો તે પુરુષ કોને કેવી રીતે હણે છે ? અથવા તો હણાવે છે ? ॥૨૧॥

**-: ભાષ્યાર્થ :-**

પૂર્વ શ્લોકમાં કહેલું જ દ્રઢ કરી આપે છે.

જે પુરુષ અજ-ઉત્પત્તિશૂન્ય અને અવ્યય વ્યય-વિકાર નહિ પામનારો, એટલે કે- સર્વ પ્રકારના હ્રાસશૂન્ય, એવા અવિનાશી નિત્યસ્વરૂપ એ આત્માને જાણે છે, તે પુરુષ હે પાર્થ ! દેવાદિક શરીરમાં રહેલા જીવાત્માઓમાંથી કોઈ પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને કેવી રીતે હણે છે ? નથીજ હણતો. અને વળી કોને કેવી રીતે હણાવે છે ? નથીજ હણાવતો.

અભિપ્રાય એ છે કે, અજ - અવ્યય વિગેરે લક્ષણોથી લક્ષિત થતા આત્માની હનન-ક્રિયામાં સ્વતંત્ર-કર્તાપણે કે પ્રયોજક-કર્તાપણે પણ કોઈ સંભવતો જ સમર્થ થઈ શકતો જ નથી. ॥૨૧॥

**वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।**
**तथा शरीराणि विहाय जीर्णा - न्यन्यानि संयाति नवानि देही ॥२२॥**

**-: શ્લોકાર્થ :-**

જેમ માણસ પોતે જુનાં વસ્ત્રોને ત્યાગ કરી દઈને બીજાં નવાં ધારણ કરે છે, તેજ પ્રમાણે દેહી-જીવાત્મા જીર્ણ થયેલાં ચાલુ શરીરોનો ત્યાગ કરી બીજાં નવાં નવાં શરીરોમાં પ્રવેશ કરે છે. ॥૨૨॥

**-: ભાષ્યાર્થ :-**

આત્માઓનું અવિનાશીપણું હોવા છતાં પણ અનેક-વિવિધ સુકૃતોનાં સાધન-ભૂત શરીરોનો નાશ થવામાં તો શોકનું નિમિત્ત-કારણ છેજને ? એમ આશંકા ઉઠાવીને કહે છે.

માણસ જીર્ણ-જર્જરિત થઈ ગયેલાં જુનાં વસ્ત્રોનો ત્યાગ કરીને જેમ બીજાં નવાં સારાં વસ્ત્રો-ગ્રહણ-ધારણ કરે છે, તેજ પ્રમાણે દેહધારી-જીવાત્મા જીર્ણ-પ્રારબ્ધ-ભોગને અન્તે ત્યાગ કરવાને લાયક શરીરોનો ત્યાગ કરીને બીજાં નવાં સુન્દર શરીરોને સમ્યક્ પ્રકારે પામે છે.

રહસ્યાર્થ એ છે કે - યુદ્ધાદિક શાસ્ત્રીય-શાસ્ત્રવિહિત કર્મમાં રહીને-જોડાઈને દેહનો ત્યાગ કરતા ક્ષત્રિયાદિકોને સારા-ઉત્તમ દેહને પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી છે માટે

શરીરત્યાગમાં તો હર્ષનું જ નિમિત્ત છે, પરંતુ- નહિ કે શોકનું, તેથી કોઈ રીતે શોક તો કરવો જ નહિ. ॥૨૨॥

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारूतः ॥२३॥

**-: શ્લોકાર્થ :-**

એ આત્માને શસ્ત્રો છેદતાં નથી, એ આત્માને અગ્નિ બાળતો નથી, એને જળ પણ કહોવરાવતાં નથી, તેમ વાયુ પણ એને સુકવતો નથી. ॥૨૩॥

**-: ભાષ્યાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહેલું ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું અવિનાશીપણું બીજાં લક્ષણોથી દૃઢ કરી આપે છે.

શસ્ત્રો-તલવાર ખડ્ગ આદિક આયુધો અતિ તીક્ષ્ણ ધારવાળાં હોય તો પણ એ જીવાત્માને છેદન-વિદારણ નથી કરી શકતાં. પાવક-અગ્નિ અતિશય બાળી દેવાના સ્વભાવવાળો છે તો પણ એ આત્માને નથી બાળી શકતો. આપ-જળ પણ ભીનાશ કરીને એ આત્માને નથી કહોવરાવી શકતાં. તેમજ-મારૂત-વાયુ અતિ વેગવાન બળિષ્ઠ હોવા છતાં પણ એ આત્માને નથી શોષણ કરી શકતો, અર્થાત્ રસરહિત-શુષ્ક કરવાને શક્તિમાન થતો નથી. ॥૨૩॥

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥

**-: શ્લોકાર્થ :-**

આ આત્મા છેદી શકાય નહિ, બાળી શકાય નહિ, કહોવરાવી શકાય નહિ, તેમ સુકાવી શકાય નહિ એવો છે. વળી-એ આત્મા નિત્ય, સર્વ શરીરમાં પ્રવેશ કરનારો, સ્થિર સ્વભાવનો, અચળ અને સદાય એકરૂપે રહેવાવાળો છે. ॥૨૪॥

**-: ભાષ્યાર્થ :-**

હવે ઉપર કહેલાં શસ્ત્રાદિક તે આત્માને નાશ નથી કરી શકતાં તેમાં કારણ કહે છે.

જે કારણથી આ આત્મા અછેદ્ય છે, તેથીજ એને તલવાર વિગેરે શસ્ત્રો નથી છેદતાં એ પ્રમાણે બાકીનાં ત્રણ વાક્યોની યોજના જાણી લેવી.

હવે જેથી આ આત્મા છેદ્ય-ભેદ્ય-દાહ્ય, વિગેરે વિશેષણોને યોગ્ય નથી, એ હેતુથી જ એ આત્મા નિત્ય, સર્વગત-દરેક યોનિમાં પોત-પોતાના કર્મ પ્રમાણે ગતિ કરવાના સ્વભાવવાળો, સ્થાણુ સ્થિર-સ્વભાવનો, અચળ-સ્વરૂપથી કોઈ પ્રકારે ફેરફાર નહિ પામનારો અને સનાતન-અનાદિસિદ્ધ એટલે કે કોઈ પણ સમયમાં કોઈએ પણ ઉત્પન્ન કરેલો કે બનાવેલો નહિ એ અભિપ્રાય છે. ॥૨૪॥

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥

**-: શ્લોકાર્થ :-**

એ આત્મા ઈન્દ્રિયોથી ન જણાય એવો, અંતઃકરણથી ન વિચારાય એવો અને શસ્ત્રાદિકથી વિકાર ન પમાડાય એવો કહેવાય છે, માટે એ આત્માને એવો જાણી-સમજીને તારે એનો અનુશોક કરવો યોગ્ય નથી. ॥૨૫॥

**-: ભાષ્યાર્થ :-**

અવ્યક્ત-ચક્ષુઆદિક સાધનોથી, છેદી-ભેદી શકાય એવાં પાર્થિવ પદાર્થોની પેઠે જે વ્યક્ત નથી કરી શકાતો, અર્થાત્ પ્રત્યક્ષપણે સાક્ષાત્ નથી કરી શકાતો. આવો એ આત્મા કહેવામાં આવે છે. છેદવા-ભેદવા યોગ્ય સ્થૂળ પદાર્થોની પેઠે ચિન્તવનમાં-વિચારમાં આવે એવો નથી, અર્થાત્ એ અન્તઃકરણોથી પણ કરણ-કલેવરોના પ્રમાણ કરનારા-પ્રમાતારૂપેજ ચિન્તવન કરી શકાય એવો છે, એમ શ્રી કૃષ્ણચંદ્ર-પરમાત્માનો અભિપ્રાય છે.

વળી- આ આત્મા અવિકારી-વિકાર પામવાને યોગ્ય નહિ એવો અપરિણામી સ્વભાવનો છે. માટે એ આત્માને આવા સ્વભાવનો જાણીને તું એનો શોક કરવાને યોગ્ય નથી, અર્થાત્ તું શોક કરીશજ નહિ. ॥૨૫॥

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो ! नैवं शोचितुमर्हसि ॥२६॥

**-: ભાષ્યાર્થ :-**

હવે એ આત્માને તું શરીરના જન્મ સાથે સદાય જન્મ પામનારો એવો માનતો હોય, અથવા તો શરીરના મરણ સાથે સદાય મરણ પામનારો એવો માનતો હોય, તો પણ હે મહાબાહુ-અર્જુન ! તારે એનો શોક કરવો યોગ્ય નથી. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

ઉક્ત આત્મલક્ષણોથી તે આત્માનું અશોચ્યત્વ કહીને, હવે આત્માને દેહરૂપ માનીને-માને તો પણ શોક કરવો ઘટતો નથી એમ કહે છે.

અહીંયાં અથ-શબ્દ પક્ષાન્તરમાં જાણવો અને ચકાર અપિ અર્થમાં લેવો. મેં કહેલા દુર્બોધ આત્માસ્વરૂપના નિરૂપણનું તારાથી બરોબર અવધારણ ન થયું હોય તો પક્ષાન્તરમાં પણ, એટલે કે એ આત્માને નિત્યજાત દેહ ઉત્પન્ન થવાની સાથે નિશ્ચે ઉત્પન્ન થનારોજ, તેમજ દેહ મરણ પામતાંની સાથે નિશ્ચે મરણ પામનારોજ, એવો તું માનતો હોય તો પણ. । હે મહાબાહો ! મોટી ભુજાવાળા હે પુરુષશ્રેષ્ઠ ! આવું સંબોધન-વિશેષણ માર્મિક ઉપહાસથી કહેવામાં આવ્યું છે. તું આ પ્રમાણે "ભીષ્મપિતામહને હું યુદ્ધમાં કેમ મારું ?" ઇત્યાદિક કહેવા પ્રમાણે શોક કરવાને યોગ્ય નથી જ. ॥૨૬॥

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥

-: શ્લોકાર્થ :-

કારણ કે જન્મ પામેલાનો મૃત્યુ નિશ્ચેજ છે અને મરેલાનો જન્મ પણ નિશ્ચેજ છે, માટે અપરિહાર્ય-અવશ્ય બનવાના અર્થમાં તું શોક કરવાને યોગ્ય નથી. ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

તે પૂર્વોક્ત વાતનેજ દૃઢ કરી આપે છે.

પોતે કરેલાં શુભ-અશુભ કર્મ પ્રમાણે ઉત્પન્ન થયેલા મનુષ્યનો પોતાના પ્રારબ્ધ કર્મને અંતે ધ્રુવ-અત્યાવશ્યક નિશ્ચેજ મૃત્યુ છે જ. તેમજ મરેલાનો જન્મ-પોતે કરેલાં કર્મોથી જ દેવાદિક સ્થાવરાન્ત પ્રાણીઓમાં ઉત્પત્તિ પણ ધ્રુવ-નિશ્ચેજ છે. માટે આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી, અપરિહાર્ય પરિહાર કરવાને અશક્ય, એવા જન્મ-મૃત્યુરૂપ અર્થને વિષે તું આ પ્રમાણે સઘળું જાણનારો, શોક કરવાને યોગ્ય નથી. ॥૨૭॥

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८॥

-: શ્લોકાર્થ :-

હે ભારત ! અર્જુન ! સર્વભૂત-પ્રાણીમાત્ર આદિભાગમાં અવ્યક્તરૂપેજ હોય છે, ફક્ત વચલી અવસ્થામાં વ્યક્ત થઈને આખરે પાછાં અવ્યક્તમાંજ લય પામનારાં છે, તો પછી તેમાં શો શોક કરવો ? ॥૨૮॥

-: ભાષ્યાર્થ :-

દેવાદિકથી લઈને સ્થાવર સુધીના પ્રાણીઓમાં જન્મ-મૃત્યુ વિગેરે વિકારોનું અવશ્યભાવિપણું કહેવાપૂર્વક તે અર્જુનનો શોક ટાળતાં કહે છે.

હે ભારત ! - અર્જુન ! દેવ-મનુષ્યાદિક ભૂત-પ્રાણીમાત્ર, અવ્યક્તાદિ-અવ્યક્ત જોવા- જાણવામાં ન આવે એવો આદિભાગ-ઉત્પત્તિસ્થાનરૂપ પૂર્વાવસ્થા જેમની છે, વ્યક્ત-સમ્યક્ પ્રકારે દેખવામાં આવતું છે મધ્ય અવસ્થાન-સ્થિતિવર્તન જેમનું અને આખરે અવ્યક્ત જોવા-જાણવામાં ન આવે એવું નિધન -નાશ પામવું જેમનું છે એવાં છે. તો આ કહ્યું એવી સ્થિતિ સ્વભાવનાં તે પ્રાણીમાત્રમાં તારે શી ચિન્તા? કે શોક ? એટલે કે તારે - ક્યા દુઃખને લીધે આ બધો શોકપ્રલાપ કરવો પડે છે. અર્થાત્ કંઈ પણ શોક કે ચિંતા કરવાની જરૂર જ નથી એ અભિપ્રાય છે. ॥૨૮॥

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः श्रृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥२९॥

-: શ્લોકાર્થ :-

એ આત્માને કોઈક આશ્ચર્ય જેવો જ જુએ છે, તેમજ વળી બીજો કોઈક તો એને આશ્ચર્ય જેવોજ કહી બતાવે છે. વળી-બીજો સાંભળનારો પણ એને આશ્ચર્યની પેઠેજ શ્રવણ કરે છે. આ પ્રમાણે શ્રવણાદિક કરીને પણ એને ખરી રીતે તો કોઈ જાણતો નથી. ॥૨૯॥

-: ભાષ્યાર્થ :-

દેહ અને આત્માનો વિવેક કરનારાઓમાં પણ આત્મસ્વરૂપના યાથાર્થ્યને જોનારા, કહેનારા અને સાંભળનારાઓની તો દુર્લભતા જ છે, એમ કહે છે.

જીવાત્મસ્વરૂપના અને પરમાત્માના મારા સ્વરૂપના - યથાર્થ ભાવને સાક્ષાત્ જોનારા ગુરુએ ઉપદેશ કરેલા અધ્યાત્મશાસ્ત્રના અભ્યાસથી દેહ અને આત્માનો વિવેક કરનારાઓમાં વિવેકપૂર્વક જાણનારાઓમાં પણ, કોઈક જ આત્મસાક્ષાત્કારના

સાધનામાં કુશળ પુરુષ જ, પૂર્વના મહાપુણ્યપ્રભાવથી મારી આજ્ઞાને અનુસરવાના સ્વભાવવાળો એવો થતો પ્રકૃતિજન્ય વસ્તુઓથી ભિન્નપણે આશ્ચર્ય જેવા અદ્‌ભુત-અલૌકિક વસ્તુની પેઠે જ રહેલા, એ આત્માને જુએ છે. તેવાજ પ્રકારનો બીજો આત્મદર્શી પુરુષ પોતે દેખવા પ્રમાણેજ એ આત્માને તેજ પ્રકારે બીજાને કહી બતાવે છે. વળી- બીજો કોઈ વિનષ્ટ થઈ ગયાં છે આત્મશ્રવણમાં વિરોધી કર્મમાત્ર જેનાં એવો પુરુષ આશ્ચર્યવત્ રહેલા એ આત્માને યથાર્થપણે શ્રવણ કરે છે.

વળી બીજો કોઈક તો - નથી નાશ પામ્યાં આત્મવેદનમાં વિરોધી કર્મ જેનાં એવો હોવાથી પોતે એ આત્માને શ્રવણ કરવા છતાં પણ નથી જ જાણતો માટે એ આત્માના યથાર્થ દૃષ્ટા, વક્તા અને શ્રોતાઓ સર્વથા દુર્લભજ છે. એ અભિપ્રાયાર્થ છે. ॥૨૯॥

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ! ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥३०॥

**-: શ્લોકાર્થ :-**

વળી હે ભારત ! અર્જુન ! સર્વના દેહમાં રહેલો આ દેહી-જીવાત્મા સદાય અવધ્ય જ છે,માટે સર્વ ભૂત-પ્રાણીમાત્ર તારે શોક કરવા યોગ્ય નથી. ॥૩૦॥

**-: ભાષ્યાર્થ :-**

હવે આત્મસ્વરૂપના નિરૂપણનો ઉપસંહાર કરતાં કહે છે

સર્વના - બ્રહ્માથી લઈને સ્થાવર સુધીના દેહધારીઓના દેહમાં રહેનારો આ દેહી-જીવાત્મા નિશ્ચેજ સદાય અવધ્ય-વધને યોગ્ય નથીજ એમ જાણવો. અને તેથીજ સર્વભૂત પ્રાણીમાત્રને-અચેતન પદાર્થની સાથે તેનાથી વિશિષ્ટભાવે વર્તનારાં ચેતનવૃન્દોને ઉદ્દેશીને તું શોક કરવાને યોગ્ય નથી. કારણ કે, અચેતનવિશિષ્ટ જીવાત્માઓના સર્વ દેહોની ક્ષરસ્વભાવતાને લીધે, તેમજ તે જીવાત્માઓની સ્વરૂપથી અક્ષરસ્વભાવતાને લીધે જ તે બન્નેનો શોક કરવો તે અજ્ઞાનમૂળક જ છે, અર્થાત્ અજ્ઞાનને લીધેજ શોક થાય છે. ॥૩૦॥

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते ॥३१॥

-: શ્લોકાર્થ :-

વળી તારે સ્વધર્મનો પણ વિચાર કરીને આ યુદ્ધમાંથી ચલાયમાન થવું યોગ્ય નથી, કારણ કે ધર્મપ્રાપ્ત યુદ્ધ કરતાં બીજું કોઈ પણ શ્રેય-શ્રેષ્ઠ કર્મ ક્ષત્રિયોને માટે છેજ નહિ. ॥૩૧॥

-: ભાષ્યાર્થ :-

"મારા શરીરમાં કંપારો થઈ આવે છે." એમ જે અર્જુને વચન કહ્યું હતું, તેનું નિરાકરણ- સમાધાન કરતાં કહે છે.

**चकार** અહીંયાં સમુચ્ચય - અર્થમાં લેવાનો છે, એટલે કે દેહ અને આત્માનું વિનાશિત્વ અને અવિનાશિત્વ કહેવાની સાથે યુદ્ધની પણ ધર્મરૂપતા કહેવી એ રૂપ ચમુચ્ચય અર્થમાં જાણવો.

હે અર્જુન ! તું "શૌર્ય, તેજ, ધૃતિ, દક્ષતા, યુદ્ધ સમયમાં નાશી ન જવું, દાન અને ઈશ્વરભાવ, આ બધાં ક્ષત્રિયનાં સ્વાભાવિક - સહજસિદ્ધ કર્મ-ધર્મ છે." ઈત્યાદિક જે તારો ધર્મ-ક્ષત્રિયધર્મ, તેને પણ જોઈને-વિચારીને, યુદ્ધમાં સામા આવેલા અને હથીયાર હાથમાં લઈને મારનારાઓને હણવામાં તારે કંપવું ન જોઈએ, અર્થાત્ પાપ થશે એવી ભ્રાંતિથી યુદ્ધથી નિવૃત્તિ પામવું એ તને શોભતું નથી.

કારણ કે ધર્મથી વિરૂદ્ધ નહિ અર્થાત્ ધર્મરૂપ જ એવા યુદ્ધ કરતાં, બીજું ભિક્ષાટનરૂપ બ્રાહ્મણોનું વર્તન, ક્ષત્રિયને-ક્ષાત્રપ્રકૃતિના પુરુષોને શ્રેય કરનારું છે જ નહિં. અભિપ્રાય એ છે કે, બ્રાહ્મણ પ્રકૃતિના મનુષ્યોને સર્વત્ર-પ્રાણીમાત્રમાં અહિંસા-ધર્મજ યોગ્ય છે અને ક્ષાત્રપ્રકૃત્તિના મનુષ્યોને તો યુદ્ધ સિવાયના બીજા પ્રસંગમાં અહિંસા-ધર્મ યુક્ત છે. ॥૩૧॥

यदृच्छया चोपपंन्न स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ ! लभन्ते युद्धमीदृशम् ॥३२॥

-: શ્લોકાર્થ :-

દૈવ ઈચ્છાથી અનાયાસેજ પ્રાપ્ત થયેલું, ખુલ્લા બારણાના સ્વર્ગદ્વાર જેવું, આવું ધર્મયુદ્ધ તો હે પૃથાના પુત્ર અર્જુન ! તારા જેવા સુખી - ભાગ્યશાળી ક્ષત્રિયોજ પામે છે. ॥૩૨॥

-: ભાષ્યાર્થ :-

પુણ્યશાળી ક્ષત્રિયોને અનાયાસે જ પ્રાપ્ત થયેલું ધર્મથી અવિરૂદ્ધ જ - ધર્મરૂપ જ, એવું યુદ્ધ કરવું એ અતિશય ઉત્કૃષ્ટ-સર્વશ્રેષ્ઠ કર્મ છે એમ કહે છે.

હે પાર્થ ! સુખીઆ પુણ્યશાળી ક્ષાત્ર ધર્મને અનુસરનારા ક્ષત્રિયો, આવરણ સિવાયનું અર્થાત્ રોકાણ સિવાયનું જ, સુરલોકના દરવાજા રૂપ, દૈવઈચ્છાથી અનાયાસે જ પ્રાપ્ત થયેલું, આવું- ધર્મ્ય-ધર્મથી અવિરૂદ્ધ યુદ્ધ પામે છે.

અથવા આ લોકમાં જે ક્ષત્રિયો પૂર્વે કહેલાં વિશેષણોવાળું ધર્મયુદ્ધ પામે છે, તેજ ખરા સુખીઆ થાય છે. ॥૩૨॥

अथ चेत्त्वमिमं धर्म्यं सङ्ग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥३३॥

**-: શ્લોકાર્થ :-**

માટે હવે જો તું આ ધર્મયુદ્ધ નહિ કરું તો તેથી સ્વધર્મનો અને કીર્તિનો નાશ કરીને કેવળ પાપનેજ પામીશ. ॥૩૩॥

**-: ભાષ્યાર્થ :-**

વળી જો તું ધર્મરૂપે પ્રાપ્ત થયેલું આ યુદ્ધ નહિ કરું, તો તે યુદ્ધ નહિ કરવાને લીધે સ્વધર્મ અને કીર્તિ-શૂરવીર તરીકેની વિખ્યાતિને ખોઈ નાખીને કેવળ ધર્મત્યાગ રૂપ પાપજ પામીશ, પણ તે સિવાય બીજું કાંઈ તું નહિ પામું. ॥૩૩॥

अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
सम्भावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥३४॥

**-: શ્લોકાર્થ :-**

વળી મનુષ્યો તારી ઘણા લાંબા કાળ સુધી અપકીર્તિ ગાયા કરશે. અને સર્વ સન્માનનીય પ્રતિષ્ઠિત પુરુષને અપકીર્તિ એ તો મરણ કરતાં પણ અધિક દુઃખદાયી છે. ॥૩૪॥

**-: ભાષ્યાર્થ :-**

અને વળી ઉપરાંત મનુષ્યો વિગેરે પણ તારી ઘણા લાંબા કાળ સુધી "પૃથાનો પુત્ર અર્જુન શૂરવીર થઈને યુદ્ધમાંથી તો પલાયન કરી ગયો." એવી અપકીર્તિ ગાયા કરશે. તો તારા જેવા સંભાવિતને- એટલે કે મહારથ તરીકે વિખ્યાતિ પામેલા પુરુષને આ લોકમાં અપકીર્તિ તો મરણ કરતાંય અધિક દુઃખદાયી થાય છે. અર્થાત્ તેવા પુરુષને અપકીર્તિ કરતાં મરણ એ જ શ્રેયસ્કર છે. સહુ - કરતાં સારું છે. ॥૩૪॥

भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥३५॥

-: શ્લોકાર્થ :-

અને આ બધા મહારથીઓ તને ભયથીજ યુદ્ધમાંથી પાછો હઠી ગયો એમ માનશે. અને એમ થવાથી જેમની આગળ તારું બહુ માન છે તેમની આગળ તારી બહુજ હલકાઈ થઈ જશે. ॥૩૫॥

-: ભાષ્યાર્થ :-

"સ્વજનો તરફના સ્નેહને લીધે અને દયાને લીધેજ હું તો યુદ્ધથી વિરામ પામેલો છું, નહિ તો રણસંગ્રામમાં અતિ શૂરવીર એવો હું તે મારી અપકીર્તિ કેમ થશે ?" એમ અર્જુનની શંકા ઉઠાવીને પોતે જ કહે છે.

સામાશત્રુ સૈન્યમાં રહેલા મોટા મહારથીઓ, "ભયથીજ-બીકનો માર્યોજ યુદ્ધમાંથી વિરામ પામી ગયો" એમજ તને માનશે. એટલે કે ભયને લીધેજ યુદ્ધમાંથી નિવૃત્ત થઈ ગયો એમજ માનશે એ અભિપ્રાય છે. માટે જે દુર્યોધનાદિક શૂરવીરોનોજ તું બહુમાન પામેલો યોદ્ધો છું, એટલે કે "શૌર્ય-ધૈર્યાદિક ગુણોથી આ આપણો શૂરવીર શત્રુ છે." એમ તું બહુ સન્માન પામેલો થઈને, તેમની જ આગળ તું એકદમ હલકો-અનાદરનો પાત્ર થઈ જઈશ. ॥૩૫॥

अवाच्यवादांश्च बहून् वदिष्यन्ति तवाहिताः ।
निन्दन्तस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ? ॥३६॥

-: શ્લોકાર્થ :-

તેમજ તારા શત્રુઓ તારા સામર્થ્યને નિંદતાં તારે માટે ન બોલાય તેવા બહુજ ખરાબ શબ્દો બોલશે, તો તેથી બીજું કયું મોટું દુઃખ છે ? ॥૩૬॥

-: ભાષ્યાર્થ :-

અને એ રીતે હલકાઈ પામેલા તને તારા શત્રુઓ નિંદશે. એમ ભાવી વૃતાંત કહીને સમજાવે છે.

તારું અહિત કરનારા તારા શત્રુઓ શંકરનો પરાભવ કરવો એ આદિક જે તારું અસાધરણ-અદ્વિતીય સામર્થ્ય છે તેને નિંદતા એટલે કે "અસાધારણ પરાક્રમવાળા અમારી આગળ એ ઉભો રહેવાને શી રીતે યોગ્ય-સમર્થ થાય ? અમારાથી બીજે એનું પરાક્રમ ચાલે." એમ તિરસ્કાર ભરી કુત્સિત વાણીથી બોલતા

અનેક પ્રકારના-મોઢેથી જેનું ઉચ્ચારણ કરવું પણ ખરાબ લાગે એવા ન બોલવાના ખરાબ શબ્દો તારે માટે બોલશેજ એમ તું ખાતરીથી જાણ ! તો એવી નિન્દા થાય તે કરતાં બીજું ક્યું અધિક દુઃખ કહેવાય ? બીજું કોઈ પણ એવું દુઃખ નથીજ. એ કહેવાનો અભિપ્રાય છે. ॥૩૬॥

हतो वा प्राप्स्यसि स्वर्ग जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ ! कौन्तेय ! युद्धाय कृतनिश्चयः ॥३७॥

-: શ્લોકાર્થ :-

તેમ છતાં આ યુદ્ધમાં જો તું હણાયો તો સ્વર્ગ-સુખ પામીશ અને જીતીને તો પૃથ્વીનું સામ્રાજ્ય ભોગવવાનું છે જ. માટે હે કુંતીપુત્ર-અર્જુન ! તું યુદ્ધ માટે કૃતનિશ્ચય થઈ ઉઠ !-સાવધાન થઈ જા ? ॥૩૭॥

-: ભાષ્યાર્થ :-

યુદ્ધ નહિ કરવાથી લોકમાં અપકીર્તિ થશે અને શત્રુઓને ઉપહાસ - મશ્કરી કરવાનું થશે. એમ બન્ને પ્રકારથી થનારું નુકશાન કહીને, હવે - યુદ્ધ કરવામાં બન્ને પ્રકારે શ્રેય - સારું જ છે. એમ કહી સમજાવે છે.

મારી આજ્ઞાથી કરેલા ધર્મયુદ્ધમાં શત્રુઓથી જો તું હણાઈશ તો સ્વર્ગલોકને પામીશ. અથવા તો બીજા પક્ષમાં એટલે કે - શત્રુઓનો પરાજય કરીને જો તું જય પામીશ તો પૃથ્વીને - સાર્વભૌમ રાજ્યને ભોગવીશ. માટે આમ બન્ને પ્રકારે શ્રેયો-લાભ થવાનો જ છે. માટે હે કુંતીપુત્ર- અર્જુન ! યુદ્ધ કરવાને માટે કૃતનિશ્ચય થઈને ઉભો થા, તૈયાર થઈ જા ! ॥૩૭॥

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥३८॥

-: શ્લોકાર્થ :-

અને સુખ-દુઃખ સમાન કરીને-માનીને, તેમજ-લાભ-અલાભ, જય-પરાજય, એ બધામાં સમતા રાખીને તે પછીજ યુદ્ધ માટે જોડાઈ જા ! એમ કરવાથી તને પાપ નહિ લાગે. ॥૩૮॥

-: ભાષ્યાર્થ :-

પાપથી ભય પામેલા પુરુષે યુદ્ધાદિક શાસ્ત્રવિહિત કર્મ કરવાના સમારંભ સમયમાં કર્મ કરવાનો યુક્તિપ્રકાર કહી બતાવે છે.

તું પ્રથમ જન્મ-મરણાદિક સમગ્ર દેહસ્વભાવથી રહિત એવા નિત્ય-આત્મ-સ્વરૂપના જ્ઞાનથી શોક-મોહાદિક ટાળી નાખીને, સુખ-દુઃખને પણ, એટલે કે - પોતાના-પ્રારબ્ધાનુસારે પ્રાપ્ત થાત સારા-નરસા વિષયોના ભોગ-સંબંધથી પ્રાપ્ત થતો. અવર્જનીય આનંદ અને અવર્જનીય વ્યથા-પીડા, એ બન્નેને પણ સમાન કરીને, તેમજ લાભ-અલાભને તથા જય-પરાજયને પણ સમાન કરીને, વળી, સ્વર્ગાદિક ફળની આકાંશા પણ નહિ રાખતાં યુદ્ધ કરવા માટે તત્પર-તૈયાર થઈ જા ! આ પ્રમાણે - સમભાવ રાખીને યુદ્ધાદિક શાસ્ત્રવિહિત કર્મ કરતાં તું કોઈ પ્રકારનું પાપ નહિ પામું. ॥૩૮॥

**एषा तेऽभिहिता साङ्ख्ये बुद्धिर्योगे त्विमां श्रृणु ! ।**
**बुद्ध्या युक्तो यया पार्थ ! कर्मबन्धं प्रहास्यसि ॥३९॥**

**-: શ્લોકાર્થ :-**

હે પાર્થ ! આ તને સાંખ્યયોગમાં વર્તવાની બુદ્ધિ કહી, હવે-યોગમાં-કર્મયોગમાં તો આ કહું છું તે બુદ્ધિ સાંભળ ? જે બુદ્ધિએ યુક્ત વર્તવાથી કર્મથી થતા બંધને તું સર્વ પ્રકારથી ટાળી શકીશ. ॥૩૯॥

**-: ભાષ્યાર્થ :-**

"નહિ શોક કરવા લાયકનો તું અનુશોક કરે છે." એ વિગેરે શ્લોકોથી આત્મસ્વરૂપનું જ્ઞાન અને યુદ્ધ કરવામાં પ્રોત્સાહન વિગેરે કહી-સમજાવીને,

હવે આત્મપ્રાપ્તિમાં સાધનભૂત અને ફળની આકાંક્ષા પણ જેમાં રાખવામાં નથી આવતી તેમજ બુદ્ધિયોગને લીધે બંધનને પણ નહિ કરનારો એવો કર્મ-યોગ કહી બતાવે છે.

સમ્યક્ પ્રકારે જેનાથી વસ્તુનો પ્રકાશ-જાણવાપણું થાય છે, તે સંખ્યા બુદ્ધિ કહેવાય અને તેનાથી જાણવામાં આવતું આત્મસ્વરૂપ તે સાંખ્ય કહેવાય. તે સાંખ્યમાં- બુદ્ધિગમ્ય-આત્મતત્ત્વમાં, આ- આત્મસ્વરૂપના નિરૂપણરૂપ બુદ્ધિ તને મેં કહી બતાવી. અર્થાત્ આત્મસ્વરૂપને જણાવનારું જ્ઞાન મેં તને કહી બતાવ્યું. એ અર્થ છે.

અને હવે તો યોગમાં- મોક્ષના સાધનભૂત કર્મયોગમાં, આની આગળ કહેવામાં આવતી, બુદ્ધિ-જ્ઞાન તેને સાંભળ ! હે પૃથાના પુત્ર અર્જુન ! જે બુદ્ધિએ યુક્ત વર્તતો તું કર્મથી બંધનરૂપે પ્રાપ્ત થતા આ જન્મ-મૃત્યુની અવિરત પરંપરા રૂપ સંસારને સર્વ પ્રકારે ત્યાગ કરી શકીશ, ત્યાગ કરીશ જ. ॥૩૯॥

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥४०॥

-: શ્લોકાર્થ :-

આ બુદ્ધિયુક્ત કર્મયોગમાં આરંભેલાનો નાશ નથી થતો, તેમ અપૂર્ણ રહેવામાં પ્રત્યવાય પણ નથી લાગતો. આ ધર્મનું સ્વલ્પ આચરણ પણ મોટા ભયથી રક્ષા કરે છે. ॥૪૦॥

-: ભાષ્યાર્થ :-

હવે કહેવા આરંભેલા બુદ્ધિયોગનું ઉત્કૃષ્ટત્વ પ્રતિપાદન કરે છે.

આ કર્મયોગમાં અભિક્રમનાશ-કર્મથી પ્રારંભ કરાતું જે ફળ તે અભિક્રમ અને તેનો જે નાશ - નિષ્ફળતા તે નથી. એટલે કે આરંભ કરી દીધા પછી પરિસમાપ્ત નહિ થયેલા શાસ્ત્રીય કર્મમાં મધ્યે વિચ્છેદ થાય તો પણ વિપરીત ફળ થતું નથી, તેમ કરેલા કર્મની નિષ્ફળતા પણ થતી નથી. એ અભિપ્રાય છે.

તેમજ - આ કર્મયોગમાં પ્રત્યવાય-આરંભ કર્યા પછી મધ્યે વિચ્છિન્ન થયેલા શાસ્ત્રીય કર્મનો દોષ પણ નથી લાગતો, અર્થાત્ કર્મયોગ સિવાય બીજા કર્મમાં તો પ્રત્યવાય લાગે છે જ.

માટે આ સ્વસ્વરૂપાનુસન્ધાનપૂર્વક પૂર્વે થયેલા મુમુક્ષુજનોએ મારી પ્રસન્નતા માટે અનુષ્ઠાન કરેલા કર્મયોગ નામે ધર્મનો અતિ અલ્પ જેટલો ભાગ પણ મહાભાવ-જન્મ-મરણ રૂપ જે મોટો ત્રાસ તેના થકી રક્ષણ કરે છે. ॥૪૦॥

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरूनन्दन ।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥४१॥

-: શ્લોકાર્થ :-

હે કુરુનંદન ! આ કર્મયોગરૂપ શ્રેયોમાર્ગમાં નિશ્ચયાત્મક એકજ-એક પ્રકારનીજ બુદ્ધિ છે. અને વિવિધ કર્મના ફળભેદને લીધે અનન્ત પ્રકારે વહેંચાયેલી બહુ શાખાવાળી બુદ્ધિઓ તો અનિશ્ચિત શ્રેયોમાર્ગવાળાઓનીજ છે. ॥૪૧॥

-: ભાષ્યાર્થ :-

શાસ્ત્રીય કર્મ કરનારા મનુષ્યોની બે પ્રકારની બુદ્ધિ છે, એક- કામ્ય કર્મ કરવાની ઈચ્છારૂપ અને બીજી-નિષ્કામ કર્મ કરવાની ઈચ્છારૂપ, તેમાં કર્મયોગનું શ્રેષ્ઠત્વ જણાવવા માટે તે બન્નેનું તારતમ્ય કહી બતાવે છે.

આ લોકમાં મુમુક્ષુજનોએ કરેલા સમગ્ર શાસ્ત્રીય કર્મમાં મુમુક્ષુજનોની, વ્યવસાયાત્મિકા- આત્મસ્વરૂપના અને મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાનના નિશ્ચયપૂર્વકની, બુદ્ધિ એકજ છે. કારણ કે - કર્મમાં નિષ્કામભાવનાને લીધે એક મોક્ષરૂપ ફળને જ સિદ્ધ કરવાપણું છે માટે.

હવે - **व्यवसायात्मिका** એ શબ્દનો સમાસ સાથે અર્થ કરી બતાવે છે - સકળ હેય -વસ્તુથી વિસજાતીય એવા આત્મામાં- સ્વસ્વરૂપમાં, તેમજ - સર્વાન્તરાત્મામાં શ્રીહરિ એવા મારે વિષે, વ્યવસાય-નિશ્ચય જે બુદ્ધિમાં છે, તે વ્યવસાયાત્મિકા બુદ્ધિ જાણવી । ''राजदन्तादिषु परम् '' એ સૂત્રથી પૂર્વ-પ્રયોગને યોગ્ય આત્મ શબ્દનો પરનિપાત કરેલો છે. એમ કેટલાક- વૈયાકરણો માને છે.

હે કુરુનંદન ! અવ્યવસાયીઓની, એટલે કે આત્મસ્વરૂપના નિશ્ચય વિનાના એવા સકામ કર્મ કરનારા દેહાભિમાનીઓની તો બુદ્ધિઓ અનંત અને બહુ શાખાવાળી - અનેક સાંસારિક પદાર્થોની પ્રાપ્તિના નિશ્ચયરૂપ ભિન્ન ભિન્ન શાખારૂપે વહેંચાઈ ગયેલી છે. કારણ કે - કર્મમાં સકામ- ભાવના હોવાથી, સ્વર્ગ, પુત્ર, પશુ અને રાજ્યાદિક, એવાં અનેક પ્રકારનાં ફળને સિદ્ધ કરવાપણું છે માટે. ॥૪૧॥

**यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।**
**वेदवादरताः पार्थ ! नान्यदस्तीति वादिनः ॥૪૨॥**
**कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।**
**क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥૪૩॥**
**भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।**
**व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥૪૪॥**

**-: શ્લોકાર્થ :-**

વેદમાં કહેલા ફળવાદમાંજ સર્વસ્વ માનનારા અને તે સિવાયનું બીજું કોઈ અધિક સુખ છેજ નહિ એમ બોલનારા, વિષયોમાંજ આસક્ત ચિત્તવાળા અને તેથીજ સ્વર્ગનેજ પરમ સાધ્ય માનનારા, એવા અવિદ્વાન્-મૂર્ખજનો જન્મ-કર્મની પરંપરા રૂપ ફળને જ આપનારી અને ભોગ-ઐશ્વર્યને ઉદ્દેશીને પ્રવર્તેલી એવી કર્મકલાપના બહોળા વિસ્તારવાળી જે આ પુષ્પિતા-ફળ વિનાનાં કેવળ પુષ્પમાત્રની જ શોભાની માફક આપાતરમ્ય જણાતી મોહક વાણી બોલે છે. એવા ભોગ-ઐશ્વર્યમાં અત્યંત આસક્ત થયેલા અને તે વિષયાસક્તિને લીધેજ

જેમની બુદ્ધિ વિષયો તરફ હરાઈ-ખેંચાઈ ગઈ છે. તે પુરુષોની બુદ્ધિ સમાધિમાં એક નિશ્ચયવાળી થઈને સ્થિરતા પામતી નથી. ॥૪૨-૪૪॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - સ્વર્ગાદિક ફળમાં આસક્તિ રાખનારાઓની નિન્દા-ગૌણતા કહેવાપૂર્વક કનિષ્ઠતા ત્રણ શ્લોકથી કહી બતાવે છે.

હે પૃથાપુત્ર - અર્જુન ! **वेदवादरताः**- વેદોમાં જે સ્વર્ગાદિક ફળવાદો કહેલા છે, તેમાં અતિ આસક્ત થઈને રચ્યા-પચ્યા રહેનારા. અને એથીજ સ્વર્ગાદિકમાં રહેલા સુખ કરતાં ઉત્કૃષ્ટ બીજું કોઈ પરમાત્મસુખ કે આત્મસુખ છેજ નહિ એમજ બોલવાના સ્વભાવવાળા અને એથીજ વિષયોમાં અતિ આસક્ત મનવાળા અને એથીજ સ્વર્ગ એજ પરમ ઉત્કૃષ્ટ પુરુષાર્થ છે એમ માનનારા, માટે જ અવિપશ્ચિત-અવિદ્વાનો, એટલે કે સર્વોત્કૃષ્ટ મારા સુખનું જ્ઞાનજ જેમને થયેલું નથી એવા જ.

આવા પુરુષો અનેક પ્રકારના ભોગો અને ઐશ્વર્યની ગતિ-પ્રાપ્તિમાં પ્રાપકભૂત-ઉપાય-ભૂત એવા ક્રિયાઓના અવાન્તર અનેક ભેદ અને બહુ જ વિસ્તારો જેમાં છે એવી. અથવા ભોગ અને ઐશ્વર્યની ગતિ પ્રત્યે-ઉદ્દેશીને પ્રવર્તતી એવી. એમ અન્વય કરવો.

વળી સ્વર્ગના સુખરૂપ ફળને અંતે ફરીથી પાછા જન્મ-કર્મરૂપ ફળને એટલે કે જન્મ અને જન્મ પામીને તેમાં કરાતાં કર્મ અને તે કરેલા કર્મનાં ફળ, એ બધાંને પરંપરાએ ભોગવાવનારી, આવી આ સ્વર્ગાદિક પ્રાકૃત-માયિક તુચ્છ સુખનું અવબોધન કરનારી. અને ખીલેલા પલાશવૃક્ષની માફક જ આપાતરમણીય ફક્ત દેખવામાં જ સુંદર લાગતી અને એ સુન્દર દેખાતાં પુષ્પ એજ ફળને ઠેકાણે જેમાં રહેલા છે, અર્થાત્ ઉપરથી ફળની મોટી મોટી આશાઓ બતાવીને ફસાવનારી એવી જે વાણી તેને પ્રકર્ષથી બોલે છે. ॥૪૨-૪૩॥

વળી ભોગ અને ઐશ્વર્યમાં અતિ આસક્ત થયેલા માટે જ તે આસક્તિને લીધે ભોગ, ઐશ્વર્ય અને તેની પ્રાપ્તિનાં સાધન, તેનું જ નિરૂપણ કરનારી વાણીથી જેમનું ચિત્ત-અંતઃકરણ આત્મમનનથી તેમજ મારા સ્વરૂપના મનનથી પણ ભોગ-ઐશ્વર્ય તરફ ખેંચાઈ ગયું છે, એવા તે પુરુષોને સમાધિમાં સર્વ વસ્તુઓનું જ્ઞાન જેમાં એકત્ર કરાય છે એ સમાધિ અન્તઃકરણ, તેમાં પ્રથમ કહી બતાવેલા નિશ્ચયરૂપ બુદ્ધિ-જ્ઞાન ઉપયોગી થતી નથી.

માટે આત્મસ્વરૂપના અને પરમાત્મસ્વરૂના નિશ્ચયપૂર્વક મોક્ષના સાધનભૂત કર્મ સંબંધી પુરેપુરા જ્ઞાનવાળા મુમુક્ષુજનોએ સ્વર્ગાદિક ફળ આપનારાં કામ્ય કર્મોમાં ક્યારેય પણ આસક્તિ નજ કરવી એ અભિપ્રાય છે. ॥૪૪॥

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन! ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥४५॥

-: શ્લોકાર્થ :-

હે અર્જુન ! વેદો સઘળા ત્રિગુણમય સંસારને ઉદ્દેશીને પ્રવર્તેલા છે, માટે તું તો ત્રિગુણ-મિશ્રિત ભાવથી રહિત થઈ જા ! અને અખંડપણે સદાય સત્ત્વ-ગુણમાં રહેનારો જ્ઞાની થઈને સુખ-દુઃખ, શોક-મોહ, વિગેરે રાજસ-તામસ ભાવોથી રહિત થા ! અને યોગ-ક્ષેમની પણ ચિંતાથી રહિત થઈ જા ! ॥૪૫॥

-: ભાષ્યાર્થ :-

અથવા તો આત્મા, પરમાત્મા અને તેની પ્રાપ્તિનાં સાધન, એ સિવાયના પદાર્થમાત્રના યોગ-ક્ષેમથી અતિક્રાન્ત થઈને આત્મવાન્ થા ! આત્મા-પરમાત્માના અભિમાનવાળો થા ! એટલે કે હું આત્મા છું, પણ દેહ નહિ, એવા અભિમાનવાળો, તેમજ હું પરમાત્માનો દાસ છું, અને તે મારા સ્વામી ઉપાસ્યસ્વરૂપ છે. માટે તેમનો હું શિષ્ય તેમના આજ્ઞાવચનમાં વર્તવાને યોગ્ય છું. એમ પરમાત્માના અભિમાનવાળો થા ॥૪૫॥

यावानर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके ।
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥४६॥

-: શ્લોકાર્થ :-

ચોતરફ ઉછળતા ખૂબ જળથી છલો-છલ ભરેલા મોટા જળાશયમાં પણ સ્નાન-પાનાદિક કરવામાં જેટલું પ્રયોજન મનાય છે, તેટલુંજ પ્રયોજન કે ફળ બ્રહ્મ જાણનાર વિજ્ઞાનસંપન્ન મનુષ્યને સર્વ વેદોમાં રહેલું છે. ॥૪૬॥

-: ભાષ્યાર્થ :-

નનુ (શંકા) એમ જો હોય તો જન્મમૃત્યુ આપનારાં અને અત્યન્ત ન્યૂન તેમજ પ્રાકૃત-તુચ્છ ફળ આપનારાં કર્મો સંસૃતિમાં પડેલા જીવાત્માઓને સર્વથા સુખ આપવાને માટેજ પ્રવર્તેલા કૃપાળુ વેદો કેમ ઉપદેશ કરે છે ?

એ શંકાના, સમાધાનમાં કહે છે - માયાના ત્રણેય ગુણો પ્રચુર-મિશ્રભાવથી જેમાં પ્રધાન વર્તે છે, એવા ત્રિગુણ પ્રકૃતિના પુરુષો-જીવાત્માઓ તે જેમનો વિષય-ઉપદેશના પાત્ર છે, એવા વેદો છે. અર્થાત્ તે તે દેવતાઓનું ઉપાસન કરવાથી તેને તેને અનુરૂપ સ્વર્ગાદિક ફળનું અવબોધન કરે છે. અને તેમ ન કરે તો અનુપાયમાં ઉપાય-બુદ્ધિની ભ્રાન્તિથી તે જીવાત્માઓ શ્રેયોમાર્ગથી ભ્રષ્ટ જ થાય એ અભિપ્રાય છે.

હે અર્જુન ! માટે મુમુક્ષ એવો તું તો તમોગુણ, રજોગુણ અને મલિન સત્ત્વગુણ, એ ત્રણેયના મિશ્ર સંબંધથી રહિત થઈ જા. । અથવા તો એ ત્રણેય ગુણના સંબંધથી અતીત થઈ જા. એટલે કે કેવળ શુદ્ધ સત્ત્વગુણનેજ વધાર ! પણ નહિ કે મલિન સત્ત્વગુણને પણ એ અર્થ છે.

વળી-નિર્દ્વન્દ્વ-શીત-ઉષ્ણ, સુખ-દુ:ખ, એ આદિક સાંસારિક દ્વન્દ્વ-જોડલાંથી પણ રહિત થા ! અર્થાત્ વખતો વખત તેને સહન કર !

અને નિત્ય-નિરંતર સત્ત્વગુણમાં વર્તનારો થા ! એટલે કે-નિરંતર અધિક વૃદ્ધિ પામતો અને રજોગુણ તમોગુણથી ક્યારેય પણ પરાભવ નહિ પામતો, એવો જે સત્ત્વગુણ તેમાં વર્તનારો થા ! અર્થાત્ સત્ત્વગુણ એજ એક પ્રધાન જેને વર્તે છે એવો થઈ જા ! એજ કહેવાનું છે.

અથવા નિત્ય-નિરંતર વૃદ્ધિ પામતો છે સત્ત્વગુણ જેમને એવા શુદ્ધ સત્ત્વગુણયુક્ત અન્તઃકરણવાળા સાધુઓ, તેમાં રેહનારો થા ! એટલે કે તેવા સાધુજનોના સમાગમથી તેમના સ્વભાવ જેવો તારો સ્વભાવ કર ! એ અભિપ્રાય છે.

"આ બધું કેવી રીતે હું કરી શકું ?" તો તેના ઉત્તરમાં કહે છે.

આત્મસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ અને તેની પ્રાપ્તિનાં સાધન, આ સિવાયના પદાર્થ માત્રના યોગ-લાભ અને ક્ષેમ-પાલન એ બન્નેયથી રહિત થઈ જા ! ।

નનુ-શંકા, "વેદમાંથી મારે શું ગ્રહણ કરવું ?" એમ અર્જુનની શંકા ઉઠાવીને કહે છે.

જળની અભિલાષાવાળા પુરુષો જેમ ચોતરફથી સંપૂર્ણ પાણીથી ભરેલા મોટા ધરામાં, અથવા તો પાણી જેમાંથી પી શકાય છે એવાં વાવ, કૂવા આદિક થોડા પાણીવાળાં જળસ્થાનમાં પણ, અથવા વિશેષ્ય-વિશેષણભાવ રાખીને, સંપૂર્ણ પાણીથી ભરેલાં એવાં જળસ્થાનમાં, એવો અર્થ કરવો. જેટલોજ અર્થ હોય છે જેટલા જ જળનું પ્રયોજન હોય છે, તે માણસે તેટલું ગ્રહણ કરાય છે, પણ નહિ કે સમગ્ર પાણી ગ્રહણ કરાય છે.

તેજ પ્રમાણે વિજ્ઞાનસંપન્ન - આત્મા-પરમાત્માના સ્વપરૂને યથાર્થ જાણનારા, બ્રાહ્મણને-બ્રહ્મનો-ભગવાનનો જે અભિલાષુક હોય તે બ્રાહ્મણ, તેવા બ્રહ્મવિદ્-મુમુક્ષુને. સર્વ વેદોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેયમાં નિષ્ઠાવાળા જનોને તેની પ્રાપ્તિમાં ઉપાયભૂત નાના પ્રકારના ભિન્ન ભિન્ન દેવતાઓની ઉપાસનાના વિધિને અવબોધન કરનારા સમસ્ત વેદોમાં, તેટલોજ અર્થ - પ્રયોજન છે. અર્થાત્ અમૃતત્ત્વરૂપ મુક્તિની પ્રાપ્તિમાં જેટલું સાધનભૂત હોય તેટલું જ ગ્રહણ કરવું. પણ નહિ કે - સ્વર્ગાદિક ફળના સાધનભૂત કામ્ય કર્મનું પણ ગ્રહણ કરવું, એ અભિપ્રાય છે. ॥૪૬॥

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥४७॥

-: શ્લોકાર્થ :-

તારે કર્મમાં જ કર્મ કરવામાંજ અધિકાર છે, પરંતુ ફળોમાં ક્યારેય પણ અધિકાર નથી. માટે અભિમાનને લીધે કર્મના ફળમાં તું કારણભૂત ન થા ! તેમ કર્મ ન કરવામાં-છોડી દેવામાં પણ તને ઇચ્છા અગર આસક્તિ ન થાઓ ! ॥૪૭॥

-: ભાષ્યાર્થ :-

હવે મુમુક્ષુઓને વેદમાં કહેલાં કર્મની કર્તવ્યતાનો પ્રકાર બે શ્લોકથી કહે છે.

મુમુક્ષુ એવા તારે વેદવિહિત-નિત્ય અને નૈમિત્તિક વિગેરે કર્મ કરવામાંજ અધિકાર છે, પણ તે કર્મના ફળમાં તો તારે ક્યારેય પણ અધિકાર છે જ નહિ.

તારે મારા આરાધનરૂપે શાસ્ત્રીય કર્મજ કરવાં, પણ તેના ફળની ઇચ્છા તો કરવીજ નહિ એ અર્થ છે. તેમજ કર્મના ફળમાં હેતુ-કારણ, અર્થાત્ફળને ઉત્પન્ન કરનારો ન થા ! મોક્ષની ઇચ્છાવાળા મુમુક્ષુ તારે "હું અકર્તા છું." એવું અનુસંધાન રાખીનેજ શાસ્ત્રીય કર્મ કરવાં એ અભિપ્રાય છે.

ગુણને લીધેજ કર્તાપણું હોવાથી આત્માનું અકર્તૃત્વ આગળ કહેવામાં આવશે. વળી તારે અકર્મમાં એટલે કર્મ નહિ કરવામાં પણ આસંગ-આસક્તિ ન થવી જોઈએ. "હું યુદ્ધ નહિ કરું" એમ જે તેં કહ્યું હતું, તેમાં તારે આસક્તિ-દૃઢાગ્રહ ન જ થાઓ ! એ અર્થ છે. ॥૪૭॥

योगस्थः कुरु ! कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ! ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥४८॥

-: શ્લોકાર્થ :-

હે ધનંજય ! સિદ્ધિ-અસિદ્ધિ રૂપ લાભ-અલાભમાં સમાન ભાવ રાખીને, સંગ-ઈચ્છા કે આસક્તિ છોડી દઈને યોગમાં વર્તવાપૂર્વક દરેક કર્મ કરો ! અહીંયાં સિદ્ધિ-અસિદ્ધિમાં સમતા રાખવી-માનવી એજ યોગ કહેલો છે. ॥૪૮॥

-: ભાષ્યાર્થ :-

તેજ વાત ઉપપાદન કરી બતાવે છે.

હે ધનંજય ! સંગ-પોતે કરેલાં શાસ્ત્રીય કર્મના ફળોમાં આસક્તિ ત્યાગ કરી દઈને, તું સમત્વરૂપ યોગમાં રહીને જ સંગ્રામાદિક કર્મો કર !

હવે ''યોગમાં રહીને'' એમ જે કહ્યું તેનું વિવરણ કરે છે.

સિદ્ધિ-અસિદ્ધિમાં- યુદ્ધાદિક કર્મ કરતાં તેમાં અંતર્ગત રહેલા જય-પરાજયમાં, તેમજ લાભ-અલાભમાં આવી સિદ્ધિ-અસિદ્ધિમાં સમાન સ્થિતિવાળો થઈને તે યુદ્ધાદિક કર્મો કર ! એમ વાક્યયોજના કરવી. આવું જે આ સિદ્ધિ-અસિદ્ધિમાં સમત્વ એજ યોગ છે. - અહીંયાં યોગ શબ્દથી કહેવામાં આવ્યું છે. ॥૪૮॥

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ! ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥४९॥

-: શ્લોકાર્થ :-

હે ધનંજય ! બુદ્ધિયોગ કરતાં કેવળ કર્મ ઘણુંજ હલકું-તુચ્છ છે. માટે તું બુદ્ધિમાં-સમતારૂપ બુદ્ધિયોગમાં સ્થિરતા પામવાની ઈચ્છા રાખ ! કેમ કે-ફળમાં હેતુભૂત થઈને કર્મ કરનારા મનુષ્યો તો કૃપણ-કંગાલ-જેવા જ છે. ॥૪૯॥

-: ભાષ્યાર્થ :-

હવે- કામ્ય કર્મો કરતાં નિષ્કામ- કર્મયોગનું શ્રેષ્ઠપણું ત્રણ શ્લોકથી પ્રતિપાદન કરે છે

હે ધનંજય ! બુદ્ધિયોગ કરતાં - બુદ્ધિ-આત્મા-પરમાત્માના સ્વરૂપાનુસન્ધાનરૂપ જ્ઞાને યુક્ત, તેમજ-ઉપર કહેલા સમત્વના અધ્યવસાયે યુક્ત, એવો જે કર્મયોગ તે રૂપ બુદ્ધિયોગ કરતાં, અર્થાત્ તેની અપેક્ષાએ, કર્મફળના અનુસંધાને સહિત

અગ્નિહોત્રાદિક કર્મ દૂરથી-અતિશય વિપ્રકર્ષથીજ, અવર-અત્યંત નિકૃષ્ટ-ઉતરતું છે. તાત્પર્ય એ છે કે એ બેમાં નિષ્કામ અને સકામ કર્મમાં ઉત્કૃષ્ટત્વ અને અપકૃષ્ટત્વ એ રૂપ મોટું-અતિશય વૈષમ્ય-ઉચ્ચ-નીચ ભાવ છે.

માટે બુદ્ધિમાં-કર્મયોગમાં અંતર્ગત રહેલા જ્ઞાનરૂપ બુદ્ધિયોગમાં, શરણ-આશ્રય-નિવાસસ્થાનને તું ઇચ્છ ! એટલે કે તે બુદ્ધિયોગમાંજ સ્થિરપણે તું રહે ! અને ફળમાં હેતુ થનારા, અર્થાત્ કર્મફળને ઉત્પાદન કરનારા પુરુષો તો કૃપણ--રંક જેવા જ છે. એટલે કે - જે મનુષ્યો ફળાસક્તિથી કર્મ કરે છે, તે તો વારંવાર જન્મ-મૃત્યુરૂપ સંસૃતિને જ પામવાની ટેવવાળા થઈ જાય છે, એ અભિપ્રાય છે. ॥૪૯॥

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥५०॥

**-: શ્લોકાર્થ :-**

બુદ્ધિયોગમાં સ્થિરતા પામેલો પુરુષ આ લોકમાંજ સુકૃત અને દુષ્કૃત એ બન્નેનો ત્યાગ કરી દે છે, માટે તું પણ યોગને માટે-બુદ્ધિયોગમાં સ્થિરતા પામવાને માટે પ્રયત્ન કર. કારણ કે બુદ્ધિયોગ એજ કર્મ કરવામાં ચતુરાઈ-ડહાપણ છે. ॥૫૦॥

**-: ભાષ્યાર્થ :-**

ફરીથી એજ વાત કહી બતાવે છે.

આ માનવ જન્મમાં જ, બુદ્ધિયુક્ત-કર્મયોગમાં અન્તર્ગત રહેલા જ્ઞાને યુક્ત પુરુષ, સુકૃત અને દુષ્કૃત કે જે પુણ્ય-પાપરૂપ હોઈને પ્રાણીઓને જન્મ મરણમાં હેતુભૂત અને અનાદિ-કાળથી ક્ષેત્રજ્ઞ-જીવાત્મામાં સંલગ્ન થઈને રહેલાં છે, એવાં અનેક પ્રકારનાં એ બન્નેને-પુણ્ય અને પાપ તેને ત્યાગ કરે છે. તેથી તું યોગને માટે કર્મ-યોગમાં અંતર્ગત જે બુદ્ધિયોગ કહેવામાં આવ્યો છે તેને માટે પ્રયત્ન કર ! અર્થાત્ તત્પર થા ! એ અભિપ્રાય છે.

નનુ-શંકા, તે બુદ્ધિયોગમાં શાથી આટલો બધો આદર-આગ્રહ ? તેના સમાધાનમાં કહે છે - યોગ એજ કર્મમાં કુશળતા છે. બન્ધન કરનારાં એવાંય પણ એ કર્મને ભગવદારાધનારૂપે કલ્પવાથી મોક્ષપ્રધાનતા સમ્પાદન કરવાનુંચાતુર્ય એજ યોગ શબ્દથી અહીંયાં કહેવામાં આવે છે. એટલે કે એજ કર્મ કરવામાં ચાતુર્ય છે. એ અભિપ્રાય છે. ॥૫૦॥

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥५१॥

-: શ્લોકાર્થ :-

સમત્વરૂપ બુદ્ધિયોગ પામેલા મહાજ્ઞાની પુરુષો કર્મથી થતા ફળનો ત્યાગ કરીને-ત્યાગ કરવાથી જન્મ વિગેરે વિકારોથી વિનિર્મુક્ત થઈને સર્વ ઉપદ્રવથી રહિત પરમ પદને-ભગવદ્ધામને પામે છે. ॥૫૧॥

-: ભાષ્યાર્થ :-

હવે - તેનું ફળ પણ કહી બતાવે છે.

બુદ્ધિયુક્ત પુરુષો- કર્મમાં અન્તર્ગત રહેલું આત્મા-પરમાત્માના અનુસન્ધાનનરૂપ જ્ઞાન તેણે યુક્ત-સચ્છાસ્ત્રસિદ્ધ અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળા મનુષ્યો સર્વ ઐશ્વર્યસમ્પન્ન મારે વિષે શાસ્ત્રીય કર્મનું સમર્પણ કરવાથી કર્મથી ઉત્પન્ન થનારા ફળનો ત્યાગ કરીને જન્મ-મરણરૂપ બંધનથી વિનિર્મુક્ત થઈને અનામય-સર્વ ઉપદ્રવથી રહિત મારા પરમ પદરૂપ સ્થાનને નિશ્ચેજ પામે છે.

જુઓ ! શ્રુતિ પણ કહે છે - "વિષ્ણુ-ભગવાનના તે પરમ પદને સૂરિ-જ્ઞાની મુક્તાત્માઓ સદાય દેખે છે."॥૫૧॥

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥५२॥

-: શ્લોકાર્થ :-

જ્યારે તારી બુદ્ધિ આત્મા-અનાત્માના અવિવેકરૂપ મોહથી-અજ્ઞાનથી થતી કલુષતાને સર્વથા તરી જશે ત્યારેજ સાંભળવાલાયક અને સાંભળેલાં એ સર્વનો તને વૈરાગ્ય–ઉદાસીનતા આવશે. ॥૫૨॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, આ બુદ્ધિયોગથી મોક્ષ કેમ-કેવી રીતે થાય ? એના સમાધાનમાં કહે છે.

તારી- પૂર્વોક્ત પ્રકારથી વર્તન કરવાના સ્વભાવસમ્પન્ન થયેલો અને તેવા વર્તનથી અંતઃકરણ પણ જેનું સર્વથા શુદ્ધ થયેલું છે, એવો તું તે તારી બુદ્ધિ જ્યારે મોહકલિલ-મોહ-આત્મજ્ઞાનથી રહિતપણાને લીધે દેહ અને દેહના સંબંધવાળાં

પદાર્થોમાં અહં-મમત્ત્વરૂપ જે વિપરીત જ્ઞાન, તે રૂપજ જે કલિલ-મલિનભાવ, તેને વિશેષપણે કરીને સર્વથા તરી જશે. ત્યારે સાંભળવા યોગ્ય સર્વ શાસ્ત્રો અને તે શાસ્ત્રોમાંથી સાધને સહિત જે જે ફળ સાંભળેલાં છે, તે સર્વનો તને નિર્વેદ-વૈરાગ્ય-કંટાળો પ્રાપ્ત થશે. અને તેવા નિર્વેદની પ્રાપ્તિ થવાથી તને યથાવસ્થિત આત્મજ્ઞાન થઈ આવશે. ''ધર્મથી જ્ઞાન પ્રગટ થાય છે, જ્ઞાનથી વૈરાગ્ય સંભવે છે. અને પરમ વૈરાગ્યથી પરમાર્થ વસ્તુ-પરમાત્મસ્વરૂપનો પ્રકાશ કરનારું પરમ-સર્વોત્કૃષ્ટ જ્ઞાન પ્રાપ્ત થાય છે.'' આવું સ્મૃતિવચન છે માટે. ॥૫૨॥

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ।।५३।।

**-: શ્લોકાર્થ :-**

વિવિધ અભિપ્રાયનાં શાસ્ત્રવાક્યોના શ્રવણથી વિવિધ પ્રકારે ભેદાઈ ગયેલી તારી અસ્થિર બુદ્ધિ જ્યારે નિશ્ચળ થઈને સમાધિમાં સ્થિરતા પામશે ત્યારેજ તું સમત્વરૂપ બુદ્ધિયોગને પામીશ. ॥૫૩॥

**-: ભાષ્યાર્થ :-**

શ્રુતિવિપ્રતિપન્ના-આત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ, તથા મોક્ષનાં સાધનભૂત એવાં મારી આરધનારૂપ કરેલાં સ્વ સ્વ-વર્ણ આશ્રમને ઉચિત કર્મના અમો આદિકની પાસેથી કરેલા શ્રવણથી તે સર્વનું યથાવસ્થિત જ્ઞાન પામેલી અને એ હેતુથી જ અચળા-દેશકાળાદિકથી વિપરીત ભાવ નહિ પામેલી એવી તારી બુદ્ધિ, નિઃસંગપણે મારા આરાધનરૂપ કર્મ કરવાવડે સર્વથા શુદ્ધ કરેલા સમાધિમાં અન્તઃકરણમાં જ્યારે નિશ્ચળ થઈને રહેશે, અર્થાત્ સર્વથા સ્થિર થશે, ત્યારે તું યોગને પામીશ એટલે કે આત્મતત્ત્વના અવલોકનને પામીશ. અર્થાત્ શાસ્ત્ર શ્રવણોત્પન્ન આત્મજ્ઞાનયુક્ત કર્મયોગ સ્થિરબુદ્ધિરૂપ જ્ઞાનની દઢતારૂપ સ્થિતિને ઉત્પન્ન કરે છે.

અભિપ્રાય એ છે કે - જ્ઞાનની દઢ સ્થિતિરૂપ સ્થિર બુદ્ધિ યોગરૂપ આત્મસાક્ષાત્કારને સિદ્ધ કરી આપે છે. ॥૫૩॥

अर्जुन उवाच

स्थितप्रज्ञस्य का भाषा ? समाधिस्थस्य केशव ! ।
स्थितधीः किं प्रभाषेत ? किमासीत ? व्रजेत किम् ? ।।५४।।

-: શ્લોકાર્થ :-

અર્જુન પૂછે છે. હે કેશવ ! સમાધિનિષ્ઠ સ્થિતપ્રજ્ઞ પુરુષની ભાષા-બોલી કેવી હોય છે ? અથવા-એને કેવા શબ્દોથી કહેવામાં-બોલાવવામાં આવે છે ? સ્થિતપ્રજ્ઞ પુરુષ શું બોલે છે ? એ કેમ બેસે છે ? અને કેમ હરે-ફરે છે ? એ મને કહો ! ॥૫૪॥

-: ભાષ્યાર્થ :-

સ્થિર બુદ્ધિવાળા પુરુષનાં લક્ષણો જાણવાને ઇચ્છતો અર્જુન પૂછે છે.

હે કેશવ ! અતિ સ્થિરતા પામી છે પ્રજ્ઞા-બુદ્ધિ જેની અને ચિત્તની એકાગ્રતાથી પરમાત્મસ્વરૂપમાં અથવા આત્મસ્વરૂપમાં સદાય સ્થિર વર્તનારા એવા સમાધિસ્થ સ્થિતપ્રજ્ઞ પુરુષને ક્યા શબ્દોથી કહેવામાં બોલાવવામાં આવે છે ? ભાષા એટલે ઓળખવાનું લક્ષણ, અર્થાત્ ક્યા લક્ષણથી સમાધિસ્થ સ્થિતપ્રજ્ઞ પુરુષ જાણવામાં ઓળખવામાંઆવે છે એ અર્થ છે. સ્થિતપ્રજ્ઞ પુરુષ કેવું અને કેમ ભાષણ-વાગ્વ્યવહાર કરે છે ? તે કેમ બેસે છે ?અને તે ગમન- હરવું ફરવું પણ કેમ, કેવી રીતે કરે છે ? ॥૫૪॥

श्री भगवानुवाच

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥५५॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે- હે પાર્થ ! સાધક જયારે મનમાં રહેલા સર્વ કામ-વિષયેચ્છાઓનો ત્યાગ કરે છે અને પરમેશ્વરમાં જ અથવા આત્મસ્વરૂપમાં જ શુદ્ધ ભાવથી જોડેલા મનથી સંતુષ્ટ રહે છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ॥૫૫॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે પૂછેલા શ્રીભગવાન તે સ્થિતપ્રજ્ઞનાં સમગ્ર લક્ષણો કહે છે.

હે પાર્થ ! આત્મામાં જ - ક્ષર અક્ષરથી પર, નિરવધિક આનંદમય અને સર્વના અન્તરાત્મા, એવા પરમાત્માના સ્વપરૂપમાંજ, અથવા- ગુણત્રયના સંબંધથી રહિત સર્વથા શુદ્ધ જીવાત્માના સ્વરૂપમાં જ. આત્માથી- આત્માનોજ એક-અનન્ય આશ્રય હોવાથી સર્વ વિકારોથી રહિતપણાને લીધે સર્વથા શુદ્ધ મનથી, તુષ્ટ-સંતોષે

યુક્ત થકો, તે આત્મા સિવાયના મનમાં રહેલા સર્વ કામોને-પ્રાકૃત શબ્દાદિક વાસનારૂપે વર્તતા વિષયોને પણ જ્યારે સર્વથા ત્યાગ કરી દે છે, ત્યારે એ પુરુષ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. આવા લક્ષણથી આ ઉત્કૃષ્ટ સ્થિતપ્રજ્ઞ કહેવામાં આવ્યો છે એમ અભિપ્રાય છે. ॥૫૫॥

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥५६॥

**-: શ્લોકાર્થ :-**

દુઃખના પ્રસંગોમાં જેનું ચિત્ત ઉદ્વેગ નથી પામતું અને સુખમાં પણ જેને સ્પૃહા ટળી ગઈ છે, અને તેથીજ રાગ, ભય અને ક્રોધ વિગેરે માનસિક વિકારોથી જે રહિત થયેલો છે. એવો મનનશીલ પુરુષ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ॥૫૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે તેથી અર્વાચીન-ઉતરતી સ્થિતિ પામેલા સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કહે છે.

દુઃખોમાં આધ્યાત્મિકાદિક ત્રિવિધ કષ્ટો પ્રાપ્ત થાય એ સ્થિતિમાં પણ, જેનું મન કંઈ પણ ઉદ્વેગ-ક્ષોભ પામતું નથી, તેમજ સુખોમાં- સ્ત્રીધનાદિક તેમજ અન્ન - પાનાદિક સુખસાધનોમાં પણ સ્પૃહા જેને સર્વથા નિવૃત્ત થયેલી છે. અને તેથીજ રાગ, ભય અને ક્રોધાદિક પણ જેના થકી નિવૃત્ત થઈ ગયેલા છે. એવાં લક્ષણવાળો મનનશીલ મુનિ પુરુષ પણ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ॥૫૬॥

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥

**-: શ્લોકાર્થ :-**

જે સર્વત્ર સર્વથા નિઃસ્નેહ થયેલો છે. અને તે તે શુભ-અશુભ વસ્તુ પ્રાપ્ત થતાં, નથી અભિનંદન કરતો, કે નથી દ્વેષ કરતો, તે પુરુષની પણ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર થઈ એમ જાણવું. ॥૫૭॥

**-: ભાષ્યાર્થ :-**

તેથી પણ ઉતરતી સ્થિતિના સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કહે છે.

જે પુરુષ દેહમાં અને દેહના સંબંધવાળાં મમતાસ્પદ પદાર્થોમાં પણ સર્વથા સ્નેહરહિત થઈને તે તે શુભ-અશુભ પદાર્થ પામીને નથી અભિનંદન કરતો કે નથી

દ્વેષ કરતો, એટલે કે - પ્રિય પદાર્થના સંયોગને પામીને તેની પ્રશંસા કરવા નથી મંડી પડતો, તેમજ - પ્રિય પદાર્થનો વિયોગ કે અપ્રિય પદાર્થનો સંયોગ પામીને તેની નિંદા પણ નથીજ કરતો, તે પુરુષની પ્રજ્ઞા-બુદ્ધિ સ્થિરતા પામેલી છે. માટે તે પણ સ્થિતપ્રજ્ઞ જાણવો એ અર્થ છે. ॥૫૭॥

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५८॥

-: શ્લોકાર્થ :-

આ સાધક યોગી જ્યારે પોતાનાં ઇન્દ્રિયોને કૂર્મ-કાચબો જેમ પોતાના અવયવોને સર્વથા સંકેલી લે છે, એજ પ્રમાણે તે તે ઇન્દ્રિયોના વિષયોથી પાછાં ખેંચીને સ્વવશમાં રાખે છે, ત્યારે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર જાણવી. ॥૫૮॥

-: ભાષ્યાર્થ :-

તેથી પણ અન્ય પ્રકારના સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કહે છે.

આ યોગી ઇન્દ્રિયોના અર્થ જે શબ્દાદિક વિષયો તે થકી સર્વ પ્રકારે કૂર્મ પ્રાણી પોતાનાં અંગોનેજ જેમ એમ જ્યારે પોતાનાં ઇન્દ્રિયોને સંકેલી લે છે, ત્યારે તે પુરુષની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર થઈ એમ જાણવું. અને તે પણ સ્થિતપ્રજ્ઞ જાણવો. ॥૫૮॥

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥५९॥

-: શ્લોકાર્થ :-

જો કે નિરાહાર મનુષ્યના વિષયોઘણું કરીને નિવૃત્ત થાય છે પણ તેમાં રસ-આસક્તિ તો રહે છેજ. અને તે આસક્તિ-વાસના તો પર-પરમાત્મસ્વરૂપનો અથવા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થયે જ નિવૃત્તિ પામે છે. ॥૫૯॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અને તેથી થયેલા ભેદોનું નિરૂપણ કરવાથી અર્જુનના પ્રશ્નોનું સમાધાન કરીને, હવે સ્થિતપ્રજ્ઞતાનું દુર્લભપણું અને તેની પ્રાપ્તિનો પ્રકાર ભગવાન શ્રીકૃષ્ણ કહી બતાવે છે.

નિરાહારને ઈન્દ્રિયોના આહાર જે વિષયોપભોગ તેણે રહિત એવા દેહી-પુરુષને, શબ્દાદિક વિષયો જો કે નિવૃત્તિ પામે છે; પણ રસ જે અવ્યક્ત રાગ તે સિવાય નિવૃત્તિ પામે છે. અર્થાત્ અંદર રસ - આસક્તિ તો રહી જ જાય છે. અને કેવળ બહારથી જ નિવૃત્ત થાય છે એ અર્થ છે. અને એ પ્રમાણે વર્તતા નિરાહાર દેહીનો રસ - આસક્તિ તો પરને સર્વથી પર પરમાત્મસ્વરૂપને જોઈને, અથવા વિષયોથી પર -શ્રેષ્ઠ અથવા દૂર આત્મસ્વરૂપને જોઈને, સાક્ષાત્કાર કરીને- કર્યા પછીજ નિવૃત્તિ પામે છે. ॥૫૯॥

**यततो ह्यपि कौन्तेय ! पुरुषस्य विपश्चितः ।**
**इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥६०॥**

**-: શ્લોકાર્થ :-**

હે કૌન્તેય ! વારંવાર પ્રયત્ન કરતા એવાય પણ વિદ્વાન્ વિવેકશીલ પુરુષના મનને અતિ બળવાન ઈન્દ્રિયો વિષયો તરફ બળાત્કારે ખેંચી જાય છે. ॥૬૦॥

**-: ભાષ્યાર્થ :-**

વળી આત્માવલોકન-આત્મસાક્ષાત્કાર થયા સિવાય વિષયરાગની સમ્યક્ પ્રકારે નિવૃત્તિ થવાપૂર્વક ઈન્દ્રિયોનો જય પણ ન જ થાય એમ કહે છે.

હે કૌન્તેય ! વારંવાર વિષયોમાં દોષદૃષ્ટિ રાખવાપૂર્વક પ્રયત્ન કરનારા વિવેકશીલ વિપશ્ચિત્-જ્ઞાની પુરુષના પણ અંતઃકરણને ક્ષોભ પમાડવાના સ્વભાવવાળાં અતિ બળવાન એટલે કે-અતિ બળવાનપણાને લીધે વિવેક-ધૈર્યને પણ ઉપમર્દન-પરાભવ કરવામાં સમર્થ એવાં ઈન્દ્રિયો બળાત્કારથી મનને વિષયો તરફ ખેંચી જાય છે. ॥૬૦॥

**तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।**
**वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६१॥**

**-: શ્લોકાર્થ :-**

માટે તે સર્વ ઈન્દ્રિયોને સમ્યક્ પ્રકારે નિયમમાં રાખીને બુદ્ધિયોગયુક્ત થઈને મદેકપર વર્તે છે અને તેમ થવાથી જેનાં ઈન્દ્રિયો સ્વવશમાં રહે છે, તે પુરુષની પ્રજ્ઞા મારા સ્વરૂપમાં સ્થિરતા પામેલી જાણવી. ॥૬૧॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, આ રીતે તો ઈન્દ્રિયોનું વશીકરણ આત્મવલોકનને આધીન છે. અને આત્માવલોકન ઈન્દ્રિયોના વશીકરણને આધીન છે. તો એ રીતે અન્યોન્યાશ્રય દોષ આવવાથી સ્થિતપ્રજ્ઞતા દુર્લભ થઈ જાય, અર્થાત્ કોઈની પ્રજ્ઞા સ્થિર થઈ શકેજ નહિ. આ પ્રમાણે આવતી આ શંકાનો પરિહાર કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

મત્પર હું જ એક પર-પ્રધાન મુખ્ય ઉપાયભૂત જેને છું એવો મદેકપર થઈને, તે પોતાનાં સર્વ ઈન્દ્રિયોને મારા ભક્તિરૂપ ક્રિયાયોગમાં સમ્યક્ પ્રકારે નિયમન કરીને, યુક્ત એટલે મારું સ્મરણ કરવામાં સાવધાન અને વશ મનવાળો થઈને વર્તે. આ પ્રમાણે મારો ભક્તિયોગ કરતાં કરતાં જે પુરુષનાં ઈન્દ્રિયો સ્વવશમાંજ આવી જાય છે, અર્થાત્ વિષયમાં સર્વથા રાગરહિતજ થઈ જાય છે. તે પુરુષની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર થઈ એમ જાણવું.

અભિપ્રાય આ છે આ પ્રમાણે કરેલી ભગવદ્દુપાસનાની દ્રઢતાથી પ્રથમ વિષયોમાં રાગની નિવૃત્તિ થાય અને તે વિષયરાગની નિવૃત્તિ થવાથીજ સ્થિતપ્રજ્ઞતા થાય છે. અને તે પછીજ આત્મદર્શન-આત્મસાક્ષાત્કાર થાય છે.

આ બાબત પ્રથમસ્કંધ-ભાગવતમાં- ''શ્રીકૃષ્ણના ચરણકમળની અવિસ્મૃતિ-અખંડ સ્મૃતિ સર્વ અમંગળને નાશ કરી નાખે છે. અને શમને-શાંતિને વિસ્તારે છે. અંતઃકરણની શુદ્ધિ, પરમાત્મસ્વરૂપમાં ભક્તિ અને વિજ્ઞાન, તેમજ વૈરાગ્યે યુક્ત એવું જ્ઞાન પણ પ્રાપ્ત કરાવે છે.'' આ પ્રમાણે કહેવામાં આવી છે. ॥૬૧॥

ध्यायतो विषयान् पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥६२॥
क्रोधाद्भवति सम्मोहः सम्मोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥६३॥

-: શ્લોકાર્થ :-

(હવે-તેમ નહિ કરનારને અનર્થાપત્તિ જણાવે છે.)

પુરુષને વિષયોનું ચિંતવન-સ્મરણ કરતાં તેમાં સંગ-આસક્તિ થઈ આવે છે, આસક્તિમાંથી કામ-આતુરતા થાય છે અને તેમાંથી તે વિષયમાં આડે આવનાર ઉપર ક્રોધ થાય છે. ક્રોધમાંથી સંમોહ-કાર્યાકાર્યના અવિવેકરૂપ ગાઢ

અજ્ઞાન પ્રસરે છે. અને સંમોહથી પછી સ્મૃતિવિભ્રમ, સ્મૃતિભ્રંશથી પછી બુદ્ધિનાશ અને બુદ્ધિનો નાશ થવાથી પુરુષાર્થથી ભ્રષ્ટ થઈને આખરે મોક્ષમાર્ગથી પણ ભ્રષ્ટ થઈ જાય છે. ।।૬૨-૬૩।।

**-: ભાષ્યાર્થ :-**

હવે જે પુરુષ મત્પરાયણ થયા વિના સ્વસામર્થ્યથી ઈન્દ્રિયવર્ગને જીતવાને ઉદ્યુક્ત થાય, તે પુરુષ મોક્ષ પમાડનારા યોગમાર્ગથી ભ્રષ્ટ થાય છે. એમ કહે છે.

ઈન્દ્રિયો જીતવામાં પ્રવૃત્ત થયેલો, પરંતુ મારા પ્રણિધાનથી રહિત હોવાથી અનાદિ વિષયવાસનાને લીધે અનિવાર્ય એવું વિષયસ્મરણ થાય જ. અને એ રીતે શબ્દાદિક વિષયોનું ધ્યાન-ચિન્તવન કરનારા પુરુષને તે વિષયોમાં સંગ-આસક્તિ ઉત્પન્ન થઈ આવે છે. અને આસક્તિથી પછી કામ-ભોગેચ્છા થઈ આવે છે. અને કામ તો આસક્તિની પરિપકવ- છેલ્લી અવસ્થા છે. એટલે કે માણસ જે અવસ્થાને પામીને પછી વિષયભોગ વિના રહીજ શકતો નથી તે અવસ્થા એજ કામ છે. હવે કામથી ક્રોધ થાય છે, અર્થાત્‌કામ-પ્રબળ ઈચ્છા થઈ આવતાં અને સ્વાભિલષિત વિષય પ્રાપ્ત નહિ થતાં પાસે રહેલા મનુષ્યો પ્રત્યેજ પછી ક્રોધ થાય છે. ક્રોધમાંથી સંમોહ-કાર્ય અકાર્યના વિવેકનોજ અભાવ થઈ જાય છે. સંમોહથી સ્મૃતિવિભ્રમ- મોક્ષપ્રાપ્તિને માટે પોતે કરેલા ઈન્દ્રિયજયના સ્મરણનું પણ એને ભાન રહેતું નથી. અને એ પ્રમાણે સ્મૃતિભ્રંશ થવાથી બુદ્ધિનો-આત્મા-અનાત્માના વિવેકરૂપ જ્ઞાનનો પણ નાશ થઈ જાય છે. અને બુદ્ધિનો નાશ થવાથી પોતે નાશ પામે છે. અર્થાત ્મોક્ષપ્રાપ્તિમાં ઉપાયભૂત યોગમાર્ગથી ભ્રષ્ટ થઈને આખરે સંસાર-ગર્તમાં ડૂબી જાય છે. એ અભિપ્રાય છે. તેજ પ્રમાણે દશમસ્કંધમાં કહેવામાં આવ્યું છે. “હે અરવિન્દાક્ષ-ભગવન્ ! પૂર્વે કહ્યા તેથી જે જુદા પોતાને મુક્ત એ પ્રમાણે માનનારા અને તમારે વિષે ભાવ-ભક્તિનો અસ્ત થયેલો હોવાથી અવિશુદ્ધ બુદ્ધિવાલા પુરુષો અતિ મોટા તપ વિગેરે ક્લેશો સહન કરીને કોઈ મોટા પદને પામીને પણ તમારા ચરણોનો આદરપૂર્વક સમાશ્રય નહિ કરેલો હોવાથી તે પોતાના પ્રાપ્ત કરેલા પદથી પડી જાય છે - સંસારગર્તમાં ગોથાં ખાય છે જ.” ।।૬૨-૬૩।।

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ।।६४।।
प्रसादे सर्वदु:खानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ।।६५।।

-: શ્લોકાર્થ :-

(હવે બુદ્ધિ સ્થિર કરવાનો ઉપાય કહે છે.)

વશ વર્તે છે મન જેનું એવો સાધક પુરુષ પ્રિય-અપ્રિય વસ્તુમાં રાગ-દ્વેષથી રહિત માટેજ સ્વવશમાં વર્તનારાં એવાં ઇન્દ્રિયોથી વિષયોનું સેવન કરતાં મનની પ્રસન્નતા-નિર્મળતા પામે છે. અને મનની પ્રસન્નતા-નિર્મળતા પ્રાપ્ત થતાં સર્વ દુઃખની હાનિ એને આપો-આપ થઈ જાય છે અને પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ તુરંત જ પરમાત્મસ્વરૂપમાં સર્વથા સ્થિરતા પામે છે. ॥૬૪-૬૫॥

-: ભાષ્યાર્થ :-

"તે સર્વ ઇન્દ્રિયોને નિયમમાં કરીને" એ શ્લોકમાં કહેલા પ્રકારથી વર્તનારા પુરુષની બુદ્ધિ સ્થિરભાવને પામીને આત્મસુખને અનુભવે છે એમ કહે છે.

વિધેયાત્મા વશમાંજ વર્તે તે વિધેય કહેવાય અને વિધેય વશમાં જ વર્તે એવો આત્મા-મન જેનું છે, એવો પુરુષ પૂર્વોક્ત પ્રકારથી વર્તતો હોવાથીજ રમણીય અરમણીય વિષયોમાં પ્રીતિ-અપ્રીતિથી રહિત નિર્મળ સ્વવશમાં વર્તનારાં ઇન્દ્રિયોથી, પોતાના વર્ણાશ્રમ-ધર્મને અનુકૂળ અને સ્વજીવનયાત્રામાંજ ઉપયોગી યોગ્ય શબ્દાદિક વિષયોને ભોગવતો ચતો પણ. પ્રસાદને-મારા જન્મ-કર્મના સ્મરણથી અન્તઃકરણની પ્રસન્નતાને-સ્વચ્છતાને, અર્થાત્ આત્મસ્વરૂપના સાક્ષાત્કારની યોગ્યતાને સર્વ પ્રકારે પામે છે. સ્વજીવનયાત્રામાં ઉપયોગી વિષયો ભોગમાં પ્રમાણ શ્રીમદ્‌ભાગવત પ્રથમ-સ્કંધમાં કહેલું છે. "ઇન્દ્રિયોની પ્રીતિ કરવી એજ વિષયભોગનો લાભ નથી, પરંતુ જેનાથી જીવનયાત્રા ફક્ત ચાલે એજ લાભ છે. અને જીવનનો લાભ તત્ત્વજીજ્ઞાસા પૂર્ણ કરવી એ છે." વળી આ પ્રમાણે અન્તઃકરણની પ્રસન્નતા-નિર્મળતા થવાથી એ પુરુષને આધ્યાત્મિકાદિક સર્વ દુઃખોની હાનિ-વિનાશ જ થઈ જાય છે. શાથી ? તો કે પ્રસન્ન ચિત્તવાળા અર્થાત્ નિર્મળ થઈ ગયું છે અંતઃકરણ જેનું એવો તે પુરુષની સ્થિરતા પામેલી બુદ્ધિ તુરતજ આત્મસ્વરૂપમાં સર્વ પ્રકારે સ્થિતિ પામે છે. એટલે કે પ્રાકૃત વિષયો થકી પ્રતિલોમભાવને પામીને સ્વાત્મસુખનેજ અનુભવે છે એ અભિપ્રાય છે. ॥૬૪-૬૫॥

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ? ॥६६॥
इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥६७॥

-: શ્લોકાર્થ :-

એજ વાત વ્યતિરેક ભાવથી કહી બતાવે છે.

અયુક્તને-અંતઃકરણ વશ નહિ કરનારને, બુદ્ધિ-સ્થિર બુદ્ધિ થતી નથી. તેમ અયુક્ત પુરુષને પરમાત્મસ્વરૂપમાં ભાવના સ્નેહપૂર્વક મનની સ્થિરતા પણ થતી નથી. માટે ભાવનાશૂન્ય પુરુષને શાંતિ પણ મળતી નથી અને એવા અશાન્તને સુખ તો મળેજ ક્યાંથી ? કેમકે વિષયોમાં સ્વછંદથી ફરનારાં ઇન્દ્રિયોની પાછળ જે પોતાના મનને જવા દે છે, તો તે મન એ પુરુષની બુદ્ધિને વિપરીત વાયુ જળમાં ફરતા વહાણને જ જેમ, એમ અવળે માર્ગે ખેંચી જાય છે. ॥૬૬-૬૭॥

-: ભાષ્યાર્થ :-

હવે-મારી ઉપાસનાએ રહિત મનુષ્યને ભાવનાદિક પણ નથીજ હોતાં એમ કહે છે. અયુક્તને-મારાં જન્મ-કર્માદિકનું સ્મરણ કરવાથી-કરીને જેણે પોતાનું અન્તઃકરણ વશ નથી કર્યું, પણ પોતાની મેળેજ સ્વપ્રયાસથી ઇન્દ્રિયો વશ કરવામાં પ્રવર્તેલા પુરુષને, બુદ્ધિ-સ્થિતપ્રજ્ઞતારૂપ જ્ઞાન ક્યારેય પણ થતું નથી. માટે જ અયુક્ત એવા તે પુરુષને આત્મસ્વરૂપમાં ભાવના પણ નથીજ થતી. અને ભાવનાશૂન્ય માણસને શાંતિ-વિષયોની સ્પૃહાથી થતા દુઃખની શાંતિ પણ પ્રાપ્ત નથી થતી. તો પછી વિષયોની તૃષ્ણામાં તણાતા અશાન્ત પુરુષને અવિનાશી-આત્મસુખ તો ક્યાંથી જ હોય ? ॥૬૬॥

હવે ઇન્દ્રિયદમનમાં પ્રવર્તેલો હોવા છતાં પણ તે જો પ્રમાદ રાખે તો તેના જ્ઞાનનો નાશ થઈ જાય છે એમ કહે છે.

વિષયો તરફ ગમન કરતાં ઇન્દ્રિયોના ગમનને અનુસારે જો પોતાના મનને પણ જવા દે છે, અર્થાત્ પુરુષ પોતાના મનને જો ઇન્દ્રિયોના વર્તન પ્રમાણે પ્રવર્તાવે છે; તો વિપરીત ગતિથી વાતો વાયુ જળમાં ચાલતા નાવને જ જેમ, એમ પુરુષની પરમાત્મસ્વરૂપમાં સ્થિરતા પામેલી બુદ્ધિને પણ વિષયોથી પરાહત કરી નાખે એ નિશ્ચે જ છે. ॥૬૭॥

तस्माद्यस्य महाबाहो ! निगृहीतानी सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६८॥

-: શ્લોકાર્થ :-

માટે હે મહાબાહો ! જેનાં ઇન્દ્રિયો ઇન્દ્રિયોના અર્થરૂપ વિષયો થકી સર્વપ્રકારે નિગ્રહ કરીને સ્વવશમાં રાખેલાં હોય છે તે પુરુષની જ પ્રજ્ઞા પરમાત્મસ્વરૂપમાં સ્થિરતા પામેલી જાણવી. ॥૬૮॥

-: ભાષ્યાર્થ :-

વળી - ઇન્દ્રિયજયથી જ સ્થિતપ્રજ્ઞત્વ છે. એમ કહે છે.

ઇન્દ્રિયોની પાછળ મનને પ્રવર્તાવવાથી સ્થિતપ્રજ્ઞતા નાશ કરે છે. માટે હે મહાબાહો ! જે પુરુષનાં ઇન્દ્રિયો સર્વ ઇન્દ્રિયાર્થ-વિષયો થકી પાછાં વાળીને સ્વાધીન કરેલાં છે તે પુરુષની પ્રજ્ઞા પ્રતિષ્ઠા પામેલી સ્થિર જાણવી એ અર્થ છે. ॥૬૮॥

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥६९॥

-: શ્લોકાર્થ :-

હવે—જ્ઞાની-અજ્ઞાનીનો સ્થિતિભેદ કહી બતાવે છે.

સર્વ ભૂત-પ્રાણીમાત્રની જે રાત્રિ-અજ્ઞાનરૂપ અંધકારસમય છે, તેમાં સંયમી-જ્ઞાની પુરુષ જાગે છે-જાણપણે યુક્ત વર્તે છે. અને જેમાં ભૂત-પ્રાણીમાત્ર જાગે છે-સાવધાન વર્તે છે, તે આત્મદર્શી મનનશીલ સંયમી પુરુષની રાત્રિ છે. ॥૬૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - આત્મદર્શી પુરુષની સ્થિતિ-વર્તનપ્રકાર કહી બતાવે છે.

જે આત્મજ્ઞાનમાં કુશળતારૂપ પ્રજ્ઞા, કે જે આત્મજ્ઞાનથી રહિત એવાં સર્વ ભૂત-પ્રાણીમાત્રને રાત્રિની પેઠે અપ્રકાશમય છે. અર્થાત્ રાત્રિની પેઠે તેઓને આત્મનિષ્ઠાવાળી બુદ્ધિ અપ્રકાશવાળીજ છે. તે આત્મનિષ્ઠારૂપ બુદ્ધિને વિષે ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર સંયમી પુરુષ પ્રસન્નચિત્ત થકો જાગે છે, એટલે કે - આત્માને જોતો-અનુભવ કરતો થકો જ વર્તે છે એ અભિપ્રાય છે.

અને જે શબ્દાદિક-વિષયોમાં પ્રવણતારૂપ બુદ્ધિને વિષે સમગ્ર ભૂત-પ્રાણીમાત્ર જાગે છે જાગરૂક સાવધાન થઈને વર્તે છે, તે પ્રાકૃત-વ્યવહારકુશળતાપ્રધાન બુદ્ધિ આત્માવલોકન કરનારા મુનિને રાત્રિ જેવીજ છે, અર્થાત્ રાત્રિની પેઠે તે સંયમી પુરુષને પ્રાકૃત-વ્યવહારકુશળ પ્રજ્ઞા અપ્રકાશમયજ છે એ અભિપ્રાયાર્થ છે. ॥૬૯॥

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥७०॥

-: શ્લોકાર્થ :-

ચોતરફથી ઘણું પાણી ભરાવા છતાં પણ અતૂટ મર્યાદાવાળા સમુદ્રમાં અનેક નદી-નાળાંનું જળ જેમ આપોઆપ ભરાય છે, તેજ પ્રમાણે સર્વ કામનાઓ-વિષયો આપો-આપ જેમાં પ્રવેશ કરે છે, તે પુરુષ જ શાંતિ પામે છે, પણ વિષયોને જે પોતે ઈચ્છે છે તેને તો શાંતિ મળતીજ નથી. ॥૭૦॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે સ્થિતપ્રજ્ઞતા પામેલો પુરુષ વિષયોથી પરાભૂત થતો નથી એમ કહે છે.

નદી આદિકનાં જળ જેમ-પોતાની મેળે જ પોતાના જળથી ચોતરફ પરિપૂર્ણ રીતે ભરેલા અને પોતાના સ્થાનમાં અવિચળપણે રહેલા સાગરમાં પ્રવેશ કરે છે અને એ રીતે અનેક નદીઓનાં જળ આવે અગર ન આવે પણ સમુદ્ર કદી ન્યુનાધિક ભાવને જેમ કોઈ રીતે પામતો નથી. તેનીજ પેઠે મનુષ્યો જેની સ્વાભાવિકપણે ઈચ્છા કરે છે એવા શબ્દાદિક કામ-વિષયો જેના પ્રત્યે પ્રવેશ કરે છે સમીપે આવીને પ્રાપ્ત થાય છે, તેજ આત્મદર્શી મુનિ પુરુષ શાંતિને આત્મસ્વરૂપમાં સુખને પામે છે અનુભવે છે, પરંતુ તે વિષયમાં ઈચ્છાવાળો રહેતો નથી. અર્થાત્ વિષયો પ્રાપ્ત થાય અગર ન પણ એતો પોતે ક્ષોભે રહિત જ વર્તે છે. ॥૭૦॥

विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ।।७१।।

-: શ્લોકાર્થ :-

માટે જે પુરુષ સર્વ વિષયોને દૂરથી જ ત્યાગ કરીને નિઃસ્પૃહ થકો વિચરે છે અને નિર્મમત્વ થઈને દેહમાંથી પણ જેને અહંભાવ ટળી જાય છે, તેજ પુરુષ ખરી શાંતિને અનુભવે છે. ॥૭૧॥

-: ભાષ્યાર્થ :-

હવે આવી પૂર્ણ શાંતિમાં મુખ્ય હેતુ-કારણ કહી બતાવે છે.

જે પુરુષ કામનામૂલક સર્વ વિષયોનો ત્યાગ કરી દઈને દેહના સુખસાધનોમાં મમતાએ રહિત થઈને, તેમજ આત્મભિન્ન-દેહમાં પણ અહંભાવથી શૂન્ય થઈને, અને તેથીજ સર્વત્ર નિઃસ્પૃહ થકો લોકમાં વિચરે છે, તે પુરુષજ ખરી શાંતિ પામે છે. ॥૭૧॥

एषा ब्राह्मी स्थितिः पार्थ ! नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥७२॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे साङ्ख्ययोगोनाम द्वितीयोऽध्यायः ॥२॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! આ મેં કહી એ બ્રાહ્મી સ્થિતિ જાણ ! આ સ્થિતિ પામીને-પામ્યા પછી કોઈ મોહમાં ફસાતો નથી. વળી - આ સ્થિતિમાં અંતકાળે પણ રહેવાય તોય બ્રહ્મનિર્વાણ-જન્મમૃત્યુથી રહિત સ્થિતિરૂપ કૈવલ્ય મુક્તિ મળે છે. (એવો આ બ્રાહ્મી સ્થિતિનો મહિમા છે.) ॥૭૨॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સાંખ્યયોગો નામ દ્વિતીયોડધ્યાયઃ ॥૨॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે બીજા અધ્યાયથી કહેલા આત્મજ્ઞાનથી, તેમજ-સ્વારાધનરૂપ મોક્ષપ્રદાયક એવા અસંગપૂર્વક શાસ્ત્રીય કર્મના અનુષ્ઠાનથી, પામવા યોગ્ય સ્થિતિને વખાણતા થકા અધ્યાયાર્થનો ઉપસંહાર કરે છે.

હે પાર્થ ! બ્રાહ્મી-બ્રહ્મ-પરબ્રહ્મને પમાડનારી, આ-સ્થિર બુદ્ધિરૂપ, આત્મા-પરમાત્માની પ્રાપ્તિના અનુસંધાને સહિત વેદોક્ત કર્મમાં સ્થિતિ; તે મેં તને કહી બતાવી. આ સ્થિતિ એવી છે, કે કોઈ પણ પુરુષ આ મેં કહેલી બ્રાહ્મી સ્થિતિને પામીને સાંસારિક વિષય-સુખોમાં તો મોહ નથીજ પામતો. અને વળી આ સ્થિતિમાં તો વૃદ્ધાવસ્થારૂપ અંતિમ અવસ્થામાં પણ રહીને બ્રહ્મના સુખનેજ પામે છે. તો કોઈ પૂર્વસંસ્કારી બળવાન પુરુષ બાલ્યાવસ્થાથી આરંભીને આ સ્થિતિમાં વર્તીને બ્રહ્મસુખને પામે તેમાં કહેવુંજ શું ? એ તો પામેજ, એ અભિપ્રાય છે. ॥૭૨॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-*
*ભગવત્સહજાનન્દસ્વામિશિષ્યાગ્રગણ્ય - સદ્ગુરુવર્ય-શ્રીગોપાલનન્દમુનિવિરચિતે*
*શ્રીમદ્ ભગવદ્ગીતાભાષ્યે દ્વિતીયોડધ્યાયઃ સમાપ્તઃ ॥૨॥*

## अथ तृतीयोऽध्यायः

अर्जुन उवाच

ज्यायसी चेत् कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ! ।
तत् किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥१॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન પૂછે છે– હે જનાર્દન-પ્રભુ ! જો તમોએ કર્મ કરતાં બુદ્ધિ એજ શ્રેષ્ઠ માની હોય, તો હે કેશવ ! આવા ઘોર યુદ્ધરૂપ કર્મને વિષે મને શા માટે પ્રેરો છો ? ॥૧॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે બીજા અધ્યાયમાં યથાર્થ આત્મજ્ઞાને સહિત, ક્ષત્રિયોના પરમ ધર્મભૂત એવું યુદ્ધ નામે કર્મ આત્મા-પરમાત્માની પ્રાપ્તિમાં સાધનભૂત છે, એમ નહિ જાણતાં દેહાત્મબુદ્ધિથી મોહ પામતો અને તે મોહથીજ સંગ્રામથી વિરામ પામેલા પૃથાના પુત્ર અર્જુનને તેના મોહની નિવૃત્તિને માટે અવિનાશી એવા આત્માના જ્ઞાનરૂપ સાંખ્યબુદ્ધિ અને આત્મજ્ઞાને યુકત અને ફળાભિસન્ધિથી રહિત ભગવાનની આરાધનારૂપ કર્મ કરવાં તે રૂપ આત્મા-પરમાત્માના અવલોકનમાં સાધનભૂત એવી કર્મયોગ સંબંધી બુદ્ધિ અને એજ સ્થિતપ્રજ્ઞા છે. એમ સ્થિત પ્રજ્ઞતાના ભેદ નિરૂપણ કરવાપૂર્વક વિસ્તારથી નિરૂપણ કરી.

હવે-ત્રીજા અધ્યાયમાં શુદ્ધ જીવાત્મસ્વરૂપની પ્રાપ્તિમાં ઉપાયભૂત અને ભગવાનના એકાંતિક ભક્તિયોગમાં સાધનભૂત એવો આત્મા-પરમાત્માના સ્વરૂપના અનુસન્ધાનપૂર્વક અસંગપણે વિહિત કર્મનું અનુષ્ઠાન કરવું એ રૂપ કર્મયોગ કહેવામાં આવે છે.

ભગવાને કહેલા સાંખ્યયોગ અને કર્મયોગનું પૃથક્-પૃથક્પણે યથાર્થ રીતે અવધારણ નહિ થવાથી ફરીથી અર્જુન પૂછવા લાગ્યો.

અર્જુન પૂછે છે - હે જનાર્દન ! ભક્તજનોએ નિરવધિકાતિશય આનંદમય દિવ્ય સ્વરૂપના દર્શન માટે જેની પ્રાર્થના કરવામાં આવે છે, એવા હે પ્રભુ ! યુદ્ધાદિક કર્મ કરતાં સકળ ઇન્દ્રિયોના નિયમનરૂપ એવી બુદ્ધિ જે જ્ઞાનનિષ્ઠા, તે મોક્ષપ્રાપ્તિનાં સાધનોમાં સર્વ કરતાં શ્રેષ્ઠ છે, એમ જો તમોએ માનેલી હોય, તો પછી હિંસાદિક દોષથી ભરેલા આ યુદ્ધાદિક ઘોર કર્મમાં મને શા માટે જોડો છો? પ્રેરો છો ?

"હે ભારત ! માટે તું યુદ્ધ કર !" એમ કેમ મને પ્રેરો છો ? ॥૧॥

व्यामिश्रेणैव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद ! निश्चित्य येन श्रेयाऽहमाप्नुयाम् ॥२॥

-: શ્લોકાર્થ :-

આવા વ્યામિશ્ર- પરસ્પર વિરૂદ્ધ અર્થવાળા વાક્યથી આપ મારી બુદ્ધિને મોહિત કરતા હો ને શું ? એમ મને લાગે છે, માટે આપ નિશ્ચય કરીને મને એક જ વાત કહો ! કે જેથી હું મારું શ્રેય સાધી શકું. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

વળી ક્યારેક કર્મની શ્લાઘા કરો છો. અને ક્યારેક જ્ઞાનની બહુ મહત્તા જણાવીને જ્ઞાનની શ્લાઘા કરો છો. તો એ પ્રમાણેના સન્દેહ ઉત્પન્ન કરનારા વ્યામિશ્ર વાક્યથી મારી બુદ્ધિને મોહ પમાડતા જ હોયને શું ? એમ મને સ્પષ્ટ જણાય છે.

માટે સર્વ ઇન્દ્રિયોના વ્યાપારની ચેષ્ટાની નિવૃત્તિરૂપ જ્ઞાનયોગ અને તેથી વિરૂદ્ધ કર્મયોગ એ બન્ને જો કે મોક્ષના સાધનભૂત છે, તો પણ એ બેમાંથી જેનાથી એકથી હું મારો પોતાનો મોક્ષ પ્રાપ્ત કરી શકું, તે એક મોક્ષનું સાધન-જ્ઞાનયોગ, અગર તો કર્મયોગ, જે હોય તે નિશ્ચય કરીને આપ મને કહો ! ॥૨॥

श्री भगवानुवाच

लोकेऽस्मिन् द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ! ।
ज्ञानयोगेन साङ्ख्यानां कर्मयोगेन योगिनाम् ॥३॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે. હે નિષ્પાપ-અર્જુન ! આ લોકમાં બે પ્રકારનીજ નિષ્ઠાઓ-જ્ઞાનયોગથી સાંખ્યોની જ્ઞાનીઓની અને કર્મયોગથી યોગીઓની-કર્મયોગીઓની એમ મેં પ્રથમથીજ કહી છે. ॥૩॥

-: ભાષ્યાર્થ :-

શ્રી ભગવાન કહે છે.

હે નિષ્પાપ અર્જુન ! આની પહેલાંના અધ્યાયમાં મેં આ માનવ લોકમાં અર્થાત્ નિર્મળ-અનિર્મળ અન્તઃકરણોને લીધે નાના પ્રકારના અધિકારભેદથી ભરેલા આ નરલોકમાં, એક જ્ઞાનરૂપ અને બીજી કર્મરૂપ એમ બે પ્રકારની નિષ્ઠા-સ્થિતિ, અધિકારભેદથી કહી બતાવી. એટલે કે "તારે કર્મમાંજ અધિકાર છે, ફળમાં ક્યારેય નહિ" એ શ્લોકમાં અને "જ્યારે મનમાં રહેલા સર્વ કામ-ઇચ્છાઓ સર્વથા ત્યાગ કરે છે." એ વિગેરે શ્લોકોમાં કહી છે.

હવે તેને જ કહી બતાવે છે જેનાથી આત્મતત્ત્વ યથાર્થપણે જાણવા-સમજવામાં આવે છે, તે સાંખ્ય-જ્ઞાન શબ્દથી કહેવામાં આવે છે. અને તે સાંખ્ય-જ્ઞાન જેમને

પ્રાપ્ત થયેલું છે, તે સાંખ્ય-પુરુષો કહેવાય છે. એવા સાંખ્ય-સ્થિતપ્રજ્ઞ પુરુષોને, એટલે કે જેઓથી બુદ્ધિ વિષયો તરફ આકર્ષાતી નથી એવા કર્મફળત્યાગી ઉદારચરિત વિરક્ત પુરુષોને જ્ઞાનયોગથી-અભ્યાસ કરાતું અખંડિત આત્મૈકવિષયક જે જ્ઞાન, તે રૂપજ જે યોગ-આત્માવલોકનમાં સાધનરૂપ સ્થિતપ્રજ્ઞતા લક્ષણ જેનું છે, એવો જે જ્ઞાનયોગ તેણે કરીને નિષ્ઠા-સ્થિતિ કહી છે.

અને યોગીઓને ઇન્દ્રિયનિગ્રહની સિદ્ધિ નહિ પામેલા અને કર્માનુષ્ઠાનજ જેમને પ્રધાન છે એવા મુમુક્ષુઓને તો, કર્મયોગથી-આત્મસ્વરૂપનું યથાર્થ વાસ્તવિક સ્વરૂપનું અનુસંધાન રાખવાપૂર્વક અસંગપણે કર્મ કરવાથી કરવાપૂર્વક સ્થિતિ-વર્તન કહેલું છે. આ પ્રમાણે મેં તો સ્પષ્ટ જ કહ્યું છે. પણ મોહ ઉપજાવે એવું વ્યામિશ્ર વાક્ય કહ્યું જ નથી.

અભિપ્રાય એ છે કે ફળાસક્તિથી રહિત-નિરપેક્ષપણે કર્મ કરવારૂપ કર્મયોગથી અંતઃકરણની શુદ્ધિદ્વારા સ્થિતપ્રજ્ઞતા થાય છે અને એ સ્થિતપ્રજ્ઞતા જ સાંખ્યયોગ છે. માટે તેનાથી આત્મસાક્ષાત્કારરૂપ યોગ સિદ્ધ થાય છે. ॥૩॥

न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च सन्न्यसनादेव सिद्धिं समधिगच्छति ।।४।।

**-: શ્લોકાર્થ :-**

વળી કર્મનો આદરજ ન કરે તેથી કાંઈ પુરુષ નૈષ્કર્મ્યને-જ્ઞાનયોગની સિદ્ધિને પામતો નથી, તેમ કર્મ સમૂળગાં છોડી દેવાથી સિદ્ધિને-મોક્ષમાર્ગની સિદ્ધિને નથી જ પામતો. ॥૪॥

**-: ભાષ્યાર્થ :-**

હવે-શાસ્ત્રીય કર્મનો પરિત્યાગ કરવાથી પુરુષ જ્ઞાનમાં સ્થિતિ નથી પામતો એમ કહે છે.

પુરુષ નિત્ય-સંધ્યાવંદન ઈશ્વરપૂજન વિગેરે તથા નૈમિત્તિક-શ્રાદ્ધ વિગેરે શાસ્ત્રવિહિત કર્મનો આરંભ નહિ કરવાથી અર્થાત્ શાસ્ત્રીય કર્મ નહિ કરવાથી સકળ કર્મથી રહિતપણારૂપ જ્ઞાનનિષ્ઠામાં સ્થિરતા પામતો નથી. તેમજ વળી-ઇન્દ્રિયોના વ્યાપારથી વ્યાકુળ ચિત્તવાળો પુરુષ આરંભેલા કર્મનો અંતરીઆળ પરિત્યાગ કરવાથી પણ, ફળની ઇચ્છા પણ જેમાં ન રાખી હોય અને મારી એકાંતિકી ભક્તિમાં સાધનરૂપ એવાય પણ શાસ્ત્રીય કર્મની, સિદ્ધિ-મારી અખંડ અનુસ્મૃતિરૂપ જ્ઞાનયોગમાં સ્થિરતા, તેને પણ નથીજ પામતો.

અથવા સંન્યન એટલે ગૃહત્યાગ કરવારૂપ પ્રવ્રજન જે સંન્યાસ ગ્રહણ કરવો તેથી પણ સિદ્ધિ-સંન્યાસી પુરુષોએ પામવા યોગ્ય જ્ઞાનનિષ્ઠા, તેને નથી પામતો એમ અર્થ કરવો. ॥૪॥

न हि कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥५॥

-: શ્લોકાર્થ :-

કારણ કે કોઈ પણ મનુષ્ય-પ્રાણી ક્યારેય એક ક્ષણ વાર પણ કર્મ કર્યા સિવાયનો રહેતો નથી. પ્રકૃતિના ગુણો સર્વ પ્રાણીઓ પાસે પરવશતામાં રાખીને અવિરતપણે કર્મ કરાવે છે જ. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

એજ વાત કહી બતાવે છે.

આ લોકમાં વર્તતો એવો કોઈ પણ પુરુષ ક્યારેય પણ કર્મ કર્યા વગરનો એક ક્ષણમાત્ર પણ નથીજ રહી શકતો એ નિશ્ચેજ છે.

કેમકે પ્રધાનમાંથી થયેલા એવા પ્રાચીન કર્મને અનુસરનારા સત્ત્વાદિક ગુણોએ સમગ્ર પુરુષોને પરવશપણે રાખીને પોત-પોતાને યોગ્ય કર્મ પ્રત્યે અવશ્યપણે જોડેલા જ છે. અર્થાત્ સત્ત્વાદિક ગુણોજ સર્વ પુરુષોની પાસે પોત-પોતાને યોગ્ય કર્મ કરાવે છે. એ અર્થ છે.

માટે અભિપ્રાય એ છે કે પ્રથમ-કહેલા અસંગપણે કર્માનુષ્ઠાનથી પ્રાચીન અશુભ કર્મસંચયને નાશ કરીને સત્ત્વાદિક ગુણોનાં કાર્યભૂત ઇન્દ્રિયોને વશ કરીને શુદ્ધ-અંતઃકરણ થઈને જ્ઞાનયોગ સિદ્ધ કરવો ॥૫॥

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥६॥

-: શ્લોકાર્થ :-

અને જે કર્મેન્દ્રિયોનો ઉપરથી સંયમ કરીને મનથી જો વિષયોનુંજ સ્મરણ કરતો વર્તે છે, તો તે મૂઢ બુદ્ધિવાળો માણસ મિથ્યાચાર-દાંભિકજ કહેવાય છે. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

જ્ઞાનયોગમાં અધિકાર સિવાય આત્માવલોકન કરવાને માટે શાસ્ત્રવિહિત કર્મથી વિરામ પામનારો પુરુષ મિથ્યા આચારવાળો બની જાય છે એમ કહે છે.

પ્રાચીન અશુભ કર્મસંસ્કારથી થયેલા રાગદ્વેષાદિક દોષથી દૂષિત અન્તઃકરણવાળો જે પુરુષ વાણી અને હસ્તપાદાદિક કર્મેન્દ્રિયોને તેના તેના વ્યાપાર થકી પાછાં વાળી નિયમમાં રાખીને જો વિષયરાગથી રંગાયેલા મનથી ઇન્દ્રિયોના અર્થ જે દેખેલા અને સાંભળેલા શબ્દાદિક વિષયો તેનેજ ચિંતવન કરતો થકો વર્તે છે, પણ નહિ કે આત્મસ્વરૂપને અથવા તો પરમાત્મસ્વરૂપને, તો તે પુરુષ મિથ્યા-દંભપ્રાય આચરણવાળો ઢોંગી કહેવાય છે. ॥૬॥

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ! ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥७॥

-: શ્લોકાર્થ :-

પણ જે ઇન્દ્રિયોને મનથી નિયમમાં રાખીને કર્મેન્દ્રિયોથી કર્મયોગનો આરંભ કરે છે. અને ફળમાં અનાસક્ત રહે છે, તો હે અર્જુન ! તે સર્વથી શ્રેષ્ઠ મનાય છે. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

હવે-ફળાભિસંધિએ રહિત શાસ્ત્રવિહિત કર્મ કરનારા પુરુષની શ્રેષ્ઠતા કહે છે.

હે અર્જુન ! જે માણસ તો સત્સંગ અને સત્‌શાસ્ત્રના સેવનથી પ્રાપ્ત થયેલા વિવેકવાળા મનથી પોતાને કરવા યોગ્ય શાસ્ત્રીય કર્મમાં અને મારે માટે મનાતા કર્મરૂપ ધર્મમાં પોતાનાં સઘળાં ઇન્દ્રિયોને નિગ્રહથી રાખીને, અસક્ત-આત્મા, પરમાત્મા અને તેની પ્રાપ્તિના ઉપાયભૂત ધર્મ-કર્મ અથવા ભક્તિયોગ, એ સિવાયનાં કર્મ કે વસ્તુમાત્રમાં પ્રીતિએ રહિત થકો, કર્મેન્દ્રિયોથી-પોતાની મેળેજ કર્મ કરવામાં ટેવાઈ ગયેલાં હસ્તપાદાદિક ઇન્દ્રિયોથી ફળાભિસન્ધિએ રહિતપણે મારી આરાધના માટે જ કરેલાં કર્મરૂપ કર્મયોગને આરંભે છે - કરવા મંડી જાય છે. આગળ પણ આ બાબત કહેવાશે કે - ''પોતાનાં સ્વાભાવિક કર્મથી જ તે ભગવાનની પૂજા કરીને માણસ સિદ્ધિને પામે છે.'' તો તે પુરુષ વિશેષ થાય છે. અર્થાત્ પોતાની પકૃતિને અનુકૂળ કર્મ કરવામાં અપ્રમાદથી- સાવધાન વર્તવારૂપ કારણને લીધે જ્ઞાનનિષ્ઠ પુરુષ કરતાં પણ તે કર્મયોગી શ્રેષ્ઠ છે. એ અભિપ્રાયાર્થ છે. ॥૭॥

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसीद्धट्येदकर्मणः ॥८॥

-: શ્લોકાર્થ :-

માટે તારું જાતિગુણ પ્રમાણે નિયત થયેલું અવશ્ય વિહિત કર્મ કર ? કારણ કે કર્મ નહિ કરવા કરતાં કર્મ કરવું એ ઘણે દરજ્જે સારું છે. અને એમ જો તું કર્મ છોડી દઈશ, તો તારા શરીરનો નિર્વાહ પણ સિદ્ધ નહિજ થઈ શકે. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

વળી- નિત્યપ્રાપ્ત-સ્વભાવથીજ તને વળગેલાં પોતાની પ્રકૃતિને અનુકૂળ એવાં વર્ણાશ્રમને ઉદ્દેશીને કહેલાં કર્મ તું કર ! કારણ કે કર્મ નહિ કરવા કરતાં કર્મ કરવું એ અતિશય વખાણવા લાયક છે વખાણેલું જ છે.

અથવા તો જ્ઞાનનિષ્ઠા સર્વ ઈન્દ્રિયોના વ્યાપારની નિવૃત્તિરૂપ હોવાથી અને કર્મયોગમાં અધિકારીને પોતાની પ્રકૃતિને અનુકૂળ વિષય નહિ હોવાથી દુઃસાધ્ય છે, માટે એ જ્ઞાનનિષ્ઠા કરતાં કર્મનિષ્ઠા શ્રેષ્ઠ છે, એટલે કે કર્માનુષ્ઠાન સ્વાભાવિક પણે જ અનુકૂળ હોવાથી જ્ઞાનયોગમાં અધિકારીને પણ સત્ત્વાદિક ગુણોનો સંબન્ધ હોવાથી પોતાના ગુણને યોગ્ય શાસ્ત્રીય કર્મ કરવું એજ સર્વથા શ્રેષ્ઠ છે. એ રહસ્યાર્થ છે.

અને વળી-કર્મ નહિ કરનારા તને શરીરનો નિર્વાહ પણ નહિં જ સિદ્ધ થાય. અર્થાત્ યજ્ઞશિષ્ટ શુદ્ધ અન્નના આહારથી દેહનિર્વાહ કર્યા સિવાય આત્મા-પરમાત્માના જ્ઞાનમાં ઉપયોગી સાધનભૂત તારું જીવન પણ નહિજ નભી શકે એ ભાવાર્થ છે. "જીવનનું ફળ તત્ત્વજીજ્ઞાસા એજ છે." એમ ભાગવતમાં પણ વચન છે માટે. ॥૮॥

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय ! मुक्तसङ्गः समाचर ! ॥९॥

-: શ્લોકાર્થ :-

યજ્ઞને માટે કરાતાં કર્મ સિવાયનાં બાકીનાં કર્મ કરવામાંજ આ સઘળો લોક કર્મથી બંધન પામનારો થાય છે. માટે હે કૌન્તેય ! તું ફળમાં આસક્તિ છોડી દઈને કેવળ યજ્ઞને માટેજ કર્મ કરનારો થા ! ॥૯॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, શ્રીમદ્ ભાગવત-પંચમ સ્કંધમાં ઋષભદેવ ભગવાનનું વચન છે કે "જ્યાં સુધી ક્રિયા-કર્મ છે, ત્યાં સુધી આ મન કર્માત્મક-કર્મમય જ રહેવાનું કે જે કર્મમય મનને લીધેજ પ્રાણીઓને શરીરમાં બંધાઈ રહેવું પડે છે."

અને વળી "પ્રાણીઓ કર્મથી જ બન્ધાય છે." એવું સ્મૃતિવચન પણ છે. માટે શાસ્ત્રીય કર્મ પણ જન્મ-મરણમાં હેતુ હોવાથી બંધન કરનારું તો છેજ. એ શંકાના સમાધાનમાં કહે છે -

મારી આરાધના માટે મુમુક્ષુ જનોએ અસંગપણે નિષ્કામભાવથી કરેલી ક્રિયાઓ સિવાયનાં બીજાં - દેહ- દેહાનુબન્ધીઓનું પોષણ કરવા માટે જો કર્મ કરવામાં આવે છે. તો તેથી જ આ લોક કર્મથી બન્ધાયેલો રહે છે. અર્થાત્ એજ કર્મ બંધન કરનારાં થાય છે.

અથવા યજ્ઞ શબ્દથી અહીંયાં વિષ્ણુ જ જાણવા, કેમ કે - "યજ્ઞ એ વિષ્ણુ જ છે." એવું શ્રુતિવચન છે. માટે તે યજ્ઞસ્વરૂપ ભગવાનની ઉપાસના માટે કરેલાં કર્મ સિવાયનાં બીજાં સકામ કર્મમાં ઉદ્યમે યુક્ત વર્તનારો આ લોક કર્મથી બંધન પામનારો થાય છે. પરંતુ નહિ કે પરાત્પર પુરુષોત્તમ એવા મારી ઉપાસનારૂપ કરેલા કર્મથી. માટે હે કુંતીપુત્ર-અર્જુન ! ભગવાનની પ્રસન્નતાને માટેજ સંગફળમાં ઈચ્છા અને કર્મમાં આસક્તિથી રહિત થઈને નિષ્કામભાવથી યોગ અને સ્વાધ્યાયાદિક યજ્ઞોપયોગી કર્મ, તેમજ શ્રવણ-કીર્તનાદિ નવધા ભક્તિરૂપ કર્મ, તેને સમ્યક્પણે સમજીને કર ! તે વાત શ્રીઋષભદેવજીએ ભાગવતમાં કહી છે. "મારા સબંધવાળાં કર્મથી, મારી કથાઓ-કહેવા-સાંભળવાથી, હું પ્રધાન ઉપાસ્યદેવ જેને છું એવા મારા પરમ ભાગવત સંતોનો નિરંતર સમાગમ કરવાથી, તેમજ મારાં ગુણ-ચરિત્રોનું કીર્તન કરવાથી." ॥૯॥

सह यज्ञैः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥१०॥

**-: શ્લોકાર્થ :-**

પૂર્વે સૃષ્ટિ-સમયમાં જ બ્રહ્માએ યજ્ઞોએ સહિત પ્રજાઓને સર્જીને કહ્યું કે, આ યજ્ઞ કરવાથી તમે વૃદ્ધિ પામો ? આ યજ્ઞજ તમારા ઈષ્ટ મનોરથો સિદ્ધ કરશે. ॥૧૦॥

**-: ભાષ્યાર્થ :-**

સર્વ મનુષ્યોને વિષ્ણુયાગાદિક યજ્ઞકર્મની અવશ્ય કર્તવ્યતા અને તેમ નહિ કરનારાઓને દોષ લાગે છે એમ ચાર શ્લોકથી કહે છે.

પ્રજાઓના પતિ બ્રહ્માએ, પૂર્વ-સૃષ્ટિ કરી ત્યારે જ. પ્રવૃત્તિ-માર્ગમાં અને નિવૃત્તિ-ધર્મમાં રહેલા મનુષ્યોએ કરવા યોગ્ય એવા વિષ્ણુયાગ અને જ્ઞાનયજ્ઞ

વિગેરે અનેકવિધ યજ્ઞોએ સહિત જ, પ્રજાઓને ગૃહસ્થાશ્રમમાં અને ત્યાગાશ્રમમાં રહેલા દક્ષનારદાદિક પ્રજાજનોને, સર્જીને તેઓના પ્રત્યે સર્વાન્તરાત્મા એવા મેં શ્રીનારાયણ ભગવાને પ્રેરેલા વેદો કહ્યા-ભણાવ્યા. તે વાત શ્રુતિ પોતે જ કહે છે - "જે પરમેશ્વર પૂર્વે બ્રહ્માને વર્ણાશ્રમ-ધર્મ મર્યાદામાં રહેલા જનોને વિધિપૂર્વક યજ્ઞાદિક કર્મનું અવબોધન કરનારા મેં પ્રેરેલા વેદો પ્રેરે છે." સ્મૃતિ-ભાગવત પણ એજ કહે છે - "જે જગન્નિયન્તા પ્રભુ આદિ-કવિ બ્રહ્માને મનથી વેદો આપે છે, કે જે વેદોમાં મોટા કવિજનો પણ મોહ પામી જાય છે."

હવે-બ્રહ્માએ વેદોથી શું કહ્યું ? એ શંકાના સમાધાનમાં ભગવાન વેદથી કહેલા અર્થને પોતાના વચનથી અનુકરણ કરી કહે છે વર્ણાશ્રમના ધર્મે સહિત યજ્ઞ કરવાથી તમે તમારી વૃદ્ધિ કરો ? પ્રસવ એટલે વૃદ્ધિ અર્થાત્ ધર્મ, અર્થ અને કામ, તેમજ મોક્ષનાં સાધનોમાં પણ તમારી વૃદ્ધિ કરો ? એ અભિપ્રાય છે. અને એ ધર્મે સહિત યજ્ઞ કરવા એજ તમારા ઈષ્ટ કામોને- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વર્ગની સિદ્ધિરૂપ ઈચ્છિત મનોરથોને આપનારો થાઓ ? તેજ પ્રમાણે સ્કન્દપુરાણમાં કહ્યું છે "મરીચિ આદિક પ્રજાપતિઓના પતિ બ્રહ્મા તે પછી સમગ્ર પ્રજાઓને કહેવા લાગ્યા- હવ્ય અને કવ્ય આપવાની ક્રિયા જેમાં મુખ્ય છે એવા યજ્ઞોથી દેવતાઓનું અને પિતૃઓનું તમારે પૂજન કરવું, તમોએ પૂજેલા એ દેવો તમારા મનોરથો સંપૂર્ણ કરશે. અને જે એમને નહિ પૂજે તે તો નક્કી નરકમાંજ જવાના. નારાયણસ્વરૂપ બ્રહ્માએજ આ પ્રમાણે મર્યાદા બાંધેલી છે, માટે સર્વ મનુષ્યોએ દેવસબંધી અને પિતૃસંબંધી કર્મ વિધિપૂર્વક નિરંતર કરવું."॥૧૦॥

देवान् भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ! ॥११॥

-: શ્લોકાર્થ :-

આ યજ્ઞથી તમે દેવોની સંભાવના કરો ! અને તે દેવો તમને સંભાવના કરીને વૃદ્ધિ પમાડો ! એમ પરસ્પર સંભાવના કરતાં તમે સર્વ પ્રજાઓ ઉત્તરોત્તર પરમ શ્રેય પામશો. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

વર્ણાશ્રમ-ધર્મપાલનપૂર્વક આ યજ્ઞકલાપવડે ઈન્દ્રાદિક દેવગણોને તમે આરાધન કરીને સંતુષ્ટ કરો ? આ બાબતમાં પ્રમાણભૂત શ્રુતિ છે.

"ઈન્દ્રાદિક દેવો યજ્ઞથીજ યજ્ઞસ્વરૂપ ભગવાનનું પૂજન કરતા હતા અને તે ભગવત્પૂજનરૂપ યજ્ઞોજ મુખ્યત્વે ધર્મરૂપ મનાતા હતા."

ધર્મે સહિત યજ્ઞ કરવાથી આરાધના કરેલા તે દેવો તમને યજ્ઞ કરનારાઓને સંભાવના કરો ? સારી રીતે વૃદ્ધિ પમાડો ? અર્થાત્ તમારા ઇચ્છિત મનોરથો પૂરા કરો ? કરશે.

આ કહ્યું એ પ્રકારે પરસ્પર એકબીજાને સંભાવના કરતા તમે દેવથી લઈને મનુષ્ય સુધીની સર્વ મારી પ્રજાઓ, સર્વોત્તમ કલ્યાણને પામશો. મનુષ્યો સર્વે ઈન્દ્રાદિક દેવોનું આરાધન કરવાથી આ લોકમાં જીવનના સાધનભૂત અન્નાદિક, તેમજ સ્વર્ગપ્રાપ્તિરૂપ પારલૌકિક સુખસાધન પણ પામશો. અને મનુષ્યોએ આરાધના કરેલા તમે ઈન્દ્રાદિક સઘળા દેવગણો પ્રસન્નતા પામશો. વળી રૂદ્ર, ઈન્દ્ર અને અગ્નિ આદિક દેવતાઓ અને નારદ-સનકાદિક દેવર્ષિ સંતો વાસુદેવાદિક ચતુર્વ્યૂહસ્વરૂપની આરાધના કરવાથી ઈચ્છિત સુખ અને મોક્ષને પણ પામશો. અર્થાત્ તે દેવગણોએ અને સંતગણોએ આરાધના કરેલા તે વાસુદેવાદિક ચતુર્વ્યૂહસ્વરૂપ ભગવાન પ્રસન્નતા પામશે. તેમાં પ્રમાણ "પ્રાકૃત કરણ કલેવરથી રહિત સદા સ્વરાટ્મૂર્તિ તેમજ આ વિશ્વની સઘળી ઉત્પાદક શક્તિઓના ધારક-આધાર છો. અને તમારી માયા-શક્તિને લીધેજ તમારી પ્રેરણા પ્રમાણે આ વિશ્વને સર્જનારા બ્રહ્માદિક દેવો, ખંડીઆ-તાબેદાર રાજાઓ સાર્વભૌમ સત્તાધીશ ચક્રવર્તી રાજાને જ જેમ, એમ તમને બલિદાન-ભેટો આપે છે. અને તમારા અનુગ્રહ પ્રસાદને પામીને તમોએ આપેલાં ફળ સુખને ભોગવે છે. અને જે સ્થાનમાં તમોએ અધિકૃત કરેલા હોય તેમાં સાવધાનપણે રહ્યા થકા તમારાથી ભય પામતા છતાં તમારી આજ્ઞાનું પાલન કરે છે." આ પ્રમાણે છે. ॥૧૧॥

इष्टान् भोगान् हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥१२॥

-: શ્લોકાર્થ :-

યજ્ઞથી પ્રસન્ન થયેલા દેવો તમને ઈચ્છિત ભોગો આપશે. પરંતુ તે દેવોએ આપેલા ભોગોને તેમને આપ્યા સિવાય જે ભોગવે છે તે તો ચોર જ છે. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

યજ્ઞથી પૂજેલા ઈન્દ્રાદિક દેવો તેમની પોત-પોતાની આરાધના કરવાથી પછી તમને-મુમુક્ષુઓને તેમજ ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની સિદ્ધિને ઈચ્છનારા બુભુક્ષુઓને પણ ઈચ્છિત-ઐહિક અને પારલૌકિક એવા ભોગોને આપશે જ.

પરંતુ-તે દેવગણોએ પોતાના બલિદાન માટે આપેલા અન્નાદિક ભોગોને એ દેવતાઓને અર્પણ કર્યા સિવાય જે ભોગવે છે, પોતાના ઉપયોગમાં લે છે, તો તે માણસ તો ચોરજ છે. એમ જાણવું. અર્થાત્ ચોરની માફક તે નરકમાંજ પડશે. એ અભિપ્રાય છે. ॥૧૨॥

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥१३॥

-: શ્લોકાર્થ :-

યજ્ઞ કરતાં અવશેષ રહેલું અન્ન જમનારા સત્પુરુષો સર્વ પાપથી મુકાઈ જાય છે. અને જે પાપી જનો કેવળ પોતાનેજ માટે રાંધે છે, રાંધીને ખાય છે, તે તો કેવળ પાપનુંજ ભક્ષણ કરે છે. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે બ્રહ્માએ કહેલા વચનનો અનુવાદ કરીને તેજ બાબત વિશેષતાએ કરીને સ્વયં ભગવાન પણ વિસ્તારથી કહી સમજાવે છે -

યજ્ઞનું પરમેશ્વરનું શિષ્ટ-નિવેદન કરતાં બાકી રહેલું અન્નાદિક તેનેજ જમવાના સ્વભાવવાળા, અથવા તો પંચ સૂનાના નિવારણ માટે હંમેશાં કરવામાં આવતા પંચ મહાયજ્ઞ વિગેરે યજ્ઞરૂપ કર્મ કરતાં બાકી રહેલા અન્નને જમનારા સત્પુરુષો, આત્મા-પરમાત્માના સ્વરૂપ સંબંધી યથાર્થ જ્ઞાનમાં વિરોધી એવા બાહ્ય-આભ્યન્તર સકળ દોષથી મુકાઈ જાય છે.

અભિપ્રાય એ છે કે યજ્ઞના શેષભૂત અન્નાદિક પવિત્ર વસ્તુઓના આહારથી શરીરનું ધારણ-પોષણ કરનાર પુરુષને અંતઃકરણની શુદ્ધિ થાય છે. અને એ રીતે અંતઃકરણ શુદ્ધ થવાથી આત્મસ્વરૂપમાં અને પરમાત્મસ્વરૂપમાં તૈલધારાવત્ અવિચ્છિન્ન અચળ સ્મૃતિ પ્રાદુર્ભાવ પામે છે."આહારની શુદ્ધિ રાખે તો અંતઃકરણની શુદ્ધિ થાય અને અંતઃકરણની શુદ્ધિ રહે તો અચળ સ્મૃતિપરંપરા રહે" એમ સ્વયં શ્રુતિ પણ કહે છે.

હવે જે માણસો કેવળ પોતાને જ ખાવાની બુદ્ધિથી પોતાનું કલ્પીને અન્ન રાંધે છે પકાવે છે, પણ નહિ કે યજ્ઞ કરવાની બુદ્ધિથી. તો તે દુરાચારી પાપીઓ કેવળ પાપને જ ખાય છે. આહારનું પરિણામ ઉપયોગ પાપમાંજ પર્યવસાન પામતું હોવાથી પાપ જ ખાય છે એમ કહેવાનો અભિપ્રાય છે. ॥૧૩॥

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥१४॥
कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥१५॥

**-: શ્લોકાર્થ :-**

ભૂતપ્રાણીમાત્ર અન્નથીજ ઉત્પન્ન થાય છે. અન્નની ઉત્પત્તિ પર્જન્યથી થાય છે. પર્જન્ય-મેઘ યજ્ઞથી થાય છે. અને તે યજ્ઞ ક્રિયાસાધ્ય હોવાથી કર્મથીજ તેનો સમુદ્ભવસિદ્ધિ છે. કર્મ બ્રહ્મથી કર્તાનું શરીર અને પ્રેરક વેદ એ બન્નેથી સિદ્ધ થાય છે. અને તે બ્રહ્મ અક્ષરસ્વરૂપ પરબ્રહ્મથી ઉદ્ભવેલું છે. માટે સર્વવ્યાપી પરંબ્રહ્મ નિત્ય નિરંતર યજ્ઞમાં પ્રતિષ્ઠા પામેલું જ છે. ॥૧૪-૧૫॥

**-: ભાષ્યાર્થ :-**

આ સંસાર-ચક્ર અવિચ્છિન્ન બરોબર કેમ ચાલે ? એમ તેની પ્રવૃત્તિને વર્ણન કરતાં યજ્ઞ નહિ કરવામાં દોષ જ છે એમ કહી સમજાવે છે.

રેતસ્ અને રૂધિરરૂપે પરિણામ પામેલા ખાધેલા અન્નથી ભૂતો-સજીવ શરીરો ઉત્પન્ન થાય છે. અને તે અન્નનો સંભવ-ઉત્પત્તિ મેઘ વરસવાથી થાય છે. અને પર્જન્ય-મેઘનું વરસવું યજ્ઞ કરવાથી થાય છે. એ વાત મનુસ્મૃતિમાં કહી છે. ‘‘અગ્નિમાં વિધિપૂર્વક હોમેલી આહુતિ આદિત્યને પામે છે. આદિત્યથી વૃષ્ટિ થાય છે. અને વૃષ્ટિ થવાથી અન્ન પાકે છે. અને અન્ન થકી સઘળી પ્રજાઓ ઉપજે છે અને જીવે છે.’’ યજ્ઞ કર્મથી થાય છે, એટલે કે દ્રવ્ય સંપાદન કરનાર પુરુષના ઉદ્યમ રૂપ કર્મથીજ યજ્ઞની સિદ્ધિ થાય છે. ॥૧૪॥

હવે કર્મ બ્રહ્મથી વેદશાસ્ત્રથી પ્રવર્તે છે એમ તું જાણ ! અને બ્રહ્મ જે વેદ તે અક્ષરસ્વરૂપ પરમાત્મા નારાયણ એવો હું તે મારા થકીજ સમુદ્ભવ પામે છે. અક્ષર શબ્દથી નારાયણને કહેવામાં પ્રમાણભૂત શ્રુતિવચન કહી બતાવે છે ‘‘હે ગાર્ગિ ! આ અક્ષરસ્વરૂપ પરમાત્મા શ્રીનારાયણની આજ્ઞામાં સૂર્ય અને ચંદ્રમાં રહેલા છે.’’ અને તે નારાયણ થકી વેદ થયા છે તેમાં પ્રમાણ ‘‘આ મહાભૂત

પરમાત્મા શ્રીનારાયણના નિઃશ્વસિતરૂપ આ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે.'' એવી શ્રુતિ છે. આ પ્રમાણે શ્રી નારાયણ થકી ઉત્પન્ન થયેલા હોવાથી વેદ નામે પ્રસિદ્ધ બ્રહ્મ, સર્વગત છે. સર્વ દેવોની ઉપાસના કરવામાં પ્રમાણભૂત અને ઉપયોગી છે. અર્થાત્ સકળ દેવોની ઉપાસના વેદથીજ પ્રવર્તે છે. અને થાય છે. અને એ હેતુથીજ યજ્ઞક્રિયા-કલાપમાં પણ નિરંતર વેદ-બ્રહ્મ પ્રતિષ્ઠા પામેલું છે. એટલે કે વેદોથીજ યજ્ઞ થાય છે. એ અભિપ્રાયાર્થ છે.

આ શ્લોકનું વ્યાખ્યાન કરતાં પૂજ્યપાદ શ્રીમાન્ લક્ષ્મણાચાર્ય તો આ પ્રમાણે વ્યાખ્યાન કરે છે. ''અહીંયાં બ્રહ્મ શબ્દથી કહેવામાં આવેલું પ્રકૃતિના પરિણામરૂપ શરીર જાણવું. અને એથી અર્થ એવો કરવો કે કર્મ બ્રહ્મથી ઉદ્ભવે છે, એટલે કે, પ્રકૃતિના પરિણામરૂપ શરીરથી ઉદ્ભવેલું કર્મ છે એમ કહેવામાં આવ્યું છે. અને બ્રહ્મ-શરીર અક્ષરથી સમુદ્ભવ પામેલુ ં છે. એ ઠેકાણે અક્ષર શબ્દથી કહેવામાં આવતો જીવાત્મા જાણવો. અન્ન-પાનાદિકથી તૃપ્ત થયેલા અક્ષરસ્વરૂપ જીવાત્માએ અધિષ્ઠાન કરેલું આશરેલું શરીર યજ્ઞરૂપ કર્મ કરવા શક્તિમાન થાય છે. એ રીતે કર્મના સાધનભૂત શરીર અક્ષરથી સમુદ્ભવ પામે છે એમ જાણવું. અને એ હેતુથી સર્વ અધિકારીઓને આશરીને રહેલું શરીર નિત્ય-નિરંતર યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે, અર્થાત્ યજ્ઞનું મૂળ એજ છે એ અર્થ છે.'' ॥૧૫॥

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ ! स जीवति ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

આમ અનાદિ કાળથી આ લોકમાં ભગવાને પ્રવર્તાવેલા ચક્રને જે માણસ નથી અનુસરતો તે પુરુષ પાપરૂપ આયુષ્યવાળો અને ઇન્દ્રિયારામ હોવાથી હે પાર્થ ! આ લોકમાં નિષ્ફળ જીવે છે. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

સૃષ્ટિના આરંભમાં મેં આજ્ઞા કરેલા બ્રહ્માએ પણ આ મેં કહ્યું એ પ્રમાણેજ પૂર્વે પ્રવર્તાવેલું ચક્ર એટલે કે, પ્રથમ વેદમાં કહેલાં કર્મ, તે કર્મથી યજ્ઞ, તેનાથી પર્જન્ય, પર્જન્યથી અન્ન પાકે અને તેનાથી શરીર નીપજે, તે શરીરથી વેદોક્ત કર્મ કરાય અને તેથી પાછો યજ્ઞ થાય એમ પરંપરારૂપ ચક્ર.

શ્રીમદ્રામાનુજાચાર્યના વ્યાખ્યાન પક્ષમાં તો પ્રથમ અન્નથી સજીવ શરીર. અને તે અન્ન પર્જન્યથી, પર્જન્ય યજ્ઞથી, યજ્ઞ પુરુષે કરેલા વેદોક્ત કર્મથી થાય, તે કર્મ સજીવ શરીરથી બને અને તે શરીર પાછું અન્નથી બને એમ ચક્ર છે.

હવે આ ધર્માદિક ચતુર્વર્ગના સાધનમાં પ્રવર્તેલો જે કોઈ કર્મયોગી હોય અથવા જ્ઞાનયોગી હોય, તો પણ તે ચક્રને નથી ચલાવતો, તે હે પાર્થ ! તે પુરુષ પાપ-રૂપ આયુષ્યવાળો છે. અને ઇન્દ્રિયોને આધીન વર્તતો હોવાથી તે નિષ્ફળ જ જીવે છે અર્થાત્ ધર્માદિક ચતુર્વર્ગની સિદ્ધિ-સાધનથી રહિત હોવાના કારણેજ તેનું જીવન મિથ્યા-નકામું જ છે. એ અર્થ છે. ॥૧૬॥

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

અને જે માણસ તો આત્મસ્વરૂપમાં જ પ્રીતિવાળો હોય અને આત્માનંદમાં જ સદાય તૃપ્ત હોય અને આત્માનંદના લાભથીજ સદાય સંતુષ્ટ રહેતો હોય તે પુરુષને કાંઈ કરવાનું હોતું નથી. ॥૧૭॥

**-: ભાષ્યાર્થ :-**

જડભરતની પેઠે પૂર્વ જન્મમાં કરેલાં સુકૃત સાધનોથી ભગવત્પ્રસન્નતાને પામેલા અને શાસ્ત્રવિહિત શમદમાદિક સાધન-સંપત્તિ સિવાય જ આત્મા-પરમાત્માના સાક્ષાત્કારને પામેલા એવા મુક્તાત્માને વેદવિહિત પંચ મહાયજ્ઞાદિ કર્મ ન કરવાપણું હોય એમ કહે છે.

આત્મા પરમાત્માના સ્વરૂપને વિષે જે સહજસિદ્ધ અખંડ અચળ પ્રીતિવાળો હોય અને એથી જ આત્મસ્વરૂપમાં તેમજ પરમાત્મસ્વરૂપમાં જ પૂર્ણ આનંદના અનુભવથી સદાય તૃપ્ત રહેતો હોય, પરંતુ નહિ કે - તે સિવાયનાં ભક્ષ્ય-ભોજ્યાદિક પ્રાકૃત વસ્તુઓથી. વળી જે આત્મ-પરમાત્મસ્વરૂપમાં જ સદા સંતુષ્ટ વર્તતો હોય, પણ નહિ કે તે સિવાયનાં ગ્રામ્ય ગીત- વાદિત્રાદિકમાં. જે પુરુષ તો આવા પ્રકારનો હોય તો તેને આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે સાધન તરીકે કરવા યોગ્ય કાંઈ રહેતું નથી. કેમકે વિના સાધનેજ તેને આત્મા- પરમાત્માનો દર્શનસમાનાકાર સાક્ષાત્કાર થઈ ગયેલો છે માટે એ ભાવાર્થ છે. ॥૧૭॥

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥१८॥

-: શ્લોકાર્થ :-

કેમ કે આ લોકમાં તેને કર્મ કરવાથી કાંઈ અર્થપ્રયોજન નથી હોતું, તેમ ન કરવાથી કાંઈ અનર્થ જેવું પણ નથી હોતું, તેમ તેને તો સર્વ ભૂત-પ્રાણીમાત્રમાં કોઈ જાતનો અર્થસંબંધ પણ હોતો નથી. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

આવા તે મુક્તાત્માને આત્મસાક્ષાત્કારને માટે કરવામાં આવતાં સાધનોથી કાંઈ પ્રયોજન-ફળ નથી, તેમ આત્માવલોકનને માટે કાંઈ સાધન ન કરે તો તેથી આ લોકમાં તેને કોઈ અનર્થ-પ્રત્યવાય પણ નથી, કેમ કે આત્માવલોકન એને આપો આપ વગર સાધનેજ સધાઈ રહેલું છે.

વળી આત્મસ્વરૂપમાંજ એક અનન્ય પ્રીતિવાળા અને સ્વાભાવિકતાએ જ પ્રાકૃત વસ્તુઓમાં વિરક્તભાવ પામેલા તે મુક્તાત્માને પ્રકૃતિજન્ય સમગ્ર પ્રાણીઓમાં અથવા પૃથિવ્યાદિક ભૌતિક વસ્તુઓમાં પણ કોઈ પ્રકારે પ્રયોજન કે સંબંધ હોતો જ નથી, તેથી તેને કાંઈ કર્મ કરવું અગર ન કરવું એ બધુંય સરખું જ છે. ॥૧૮॥

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ! ।
असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पुरुषः ॥१९॥

-: શ્લોકાર્થ :-

માટે તું પણ ફળાસક્તિથી રહિત થઈને તારે કરવા યોગ્ય કર્મ કર્યા કર! અને એમ આસક્તિએ રહિત થકો કર્મ કરતાં કરતાં પુરુષ પોતે પરને-આત્મસ્વરૂપને અથવા પરમાત્મસ્વરૂપને પામે છે. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે સાધન-સંપત્તિ સિવાય પણ આત્માવલોકનને પામેલા અને અતિ ઉત્કૃષ્ટ વિષય વિરક્તિ પામેલા મુક્તાત્માને જ સાધન નહિ કરવાપણું કહ્યું. હવે આત્માવલોકનના સાધનમાં પ્રવર્તેલા જ્ઞાનયોગમાં અધિકારીને પણ સુખેથી થઈ શકે એમ હોવાથી, તેમજ પોતાની પ્રકૃતિને પણ અનુકૂળ હોવાથી, વળી આત્માનુસંધાન તો અંદર ગર્ભિત રહેલુજ હોય છે અને વળી દેહનિર્વાહ કરવામાં પણ અપેક્ષિત હોવાથી, કર્મયોગ એજ આત્માવલોકનના સાધનમાં શ્રેષ્ઠ છે એમ આ શ્લોકથી કહે છે.

ઉપર કહ્યું એમ હોવાથી કર્મમાં કર્તા-ભોક્તાપણાની બુદ્ધિ નહિ રાખતાં વર્ણાશ્રમને ઉચિત અવશ્ય કરવા યોગ્ય કર્મ-ફળાનુસંધાને રહિત એવાં યુદ્ધ, અગ્નિહોત્ર અને સ્વાધ્યાય-પઠન-પાઠન એ વિગેરે ક્રિયાઓ, નિષિદ્ધના ત્યાગપૂર્વક તું નિરંતર સમ્યક્ પ્રકારે આચર ! કેમકે ફળાસક્તિએ રહિત થઈને પુરુષ મારા આરાધનરૂપ શાસ્ત્રીય કર્મ કરતાં કરતાં, સર્વશ્રેષ્ઠ ઉત્તમ આત્મતત્ત્વને અથવા પરમાત્મતત્ત્વને પામે છે, સાક્ષાત્ કરે છે. એ નિશ્ચિત છે. ॥૧૯॥

**कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।**
**लोकसङ्ग्रहमेवापि सम्पश्यन् कर्तुमर्हसि ॥२०॥**

**-: શ્લોકાર્થ :-**

પૂર્વે થયેલા જનકાદિક જ્ઞાનીઓ પણ કર્મથીજ સંપૂર્ણપણે સિદ્ધિને પામી ગયા છે. માટે લોકસંગ્રહને પણ જોતાં-વિચારતાં તારે કર્મ કરવું એજ યોગ્ય-સારું છે. ॥૨૦॥

**-: ભાષ્યાર્થ :-**

પૂર્વે જનકાદિક રાજર્ષિઓ જેઓ જ્ઞાનીઓમાં અગ્રેસર હતા, તે પણ કર્મયોગથીજ આત્મા-પરમાત્માના સાક્ષાત્કારરૂપ સમ્યક્ સિદ્ધિને સિદ્ધ ગતિને પામી ગયા છે.

આ પ્રમાણે કર્મયોગથી જ મોક્ષ પ્રાપ્તિ થાય છે એમ કહીને હવે- જ્ઞાનયોગમાં યોગ્ય અધિકારીએ પણ શાસ્ત્રીય કર્મજ કરવું જોઈએ એમ કહે છે.

લોકસંગ્રહ એટલે કે લોકો પોત-પોતાના ધર્મમાં પ્રવર્તે, અર્થાત્ હું કર્મ કરું તો મારું જોઈને લોકો પણ એજ પ્રમાણે કર્મ કરશે. એમ લોકપ્રવૃત્તિને સમ્યક્ પ્રકારે જોતો તું પણ કર્મજ કરવાને યોગ્ય છે. માટે કર્મયોગરૂપ સાધનથીજ સ્વપ્રાપ્યસ્વરૂપ પરમાત્મસ્વરૂપનું દર્શન સાક્ષાત્કાર કર, એ અભિપ્રાય છે. ॥૨૦॥

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।**
**स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥२१॥**

**-: શ્લોકાર્થ :-**

શ્રેષ્ઠ માણસ જે જેવું-જેવું આચરણ કરે છે, તે જોઈને બીજો સામાન્ય માણસ પણ તેજ-તેવુંજ આચરણ કરે છે. અને તે શ્રેષ્ઠ માણસ જેને પ્રમાણ કરે છે, તેનેજ લોકો પણ અનુસરે છે. ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

તેજ વાતનું સ્પષ્ટીકરણ કરે છે -

સમગ્ર શ્રુતિ-સ્મૃતિઓના અર્થને જાણવાપણે કરીને, તેમજ તેમાં કહેલા સદ્ધર્મના પાલકપણે કરીને પણ વિખ્યાત થયેલો પુરુષ સચ્છાસ્ત્રને અનુકૂળ અથવા પ્રતિકૂળ જેવું જેવું કર્મ કરે છે, તો સઘળું નહિ જાણનારો સામાન્ય માણસ પણ તેવું જ કર્મ આચરવા મંડે છે. અને વળી તે પુરુષ જે જે સારું નરસું શાસ્ત્ર અથવા આચરણ તેને પ્રમાણ કરે છે, પ્રમાણ તરીકે માન્ય કરે છે, તો સામાન્ય લોક પણ તેને જ પ્રમાણ તરીકે સ્વીકારે છે, માટે કર્મના સઘળા સહસ્યને નહિ જાણનારા સામાન્ય મનુષ્યોના સંરક્ષણ સારુ શ્રેષ્ઠપણે વિખ્યાત થયેલા નરપતિ વિગેરે અગ્રેસર જનોએ પોતાને ઉચિત કર્મ સચ્છાસ્ત્ર પ્રમાણે જ કરવું.

અને જો એમ ન કરે તો સઘળું નહિ સમજનાર માણસોને સચ્છાસ્ત્રથી પ્રતિકૂળ વર્તન કરવાથી થયેલો પ્રત્યવાય એ શ્રેષ્ઠ-અગ્રેસર મનુષ્યને ધર્માદિક ચતુર્વર્ગના સાધનથી પાડી નાખે છે એ અભિપ્રાય છે. ॥૨૧॥

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥२२॥

-: શ્લોકાર્થ :-

હે પૃથાપુત્ર-અર્જુન ! મારે આ સમગ્ર ત્રિલોકીમાં કાંઇ કરવા યોગ્ય કર્મ છે જ નહિ, તેમ-કાંઈ નહિ પામેલું પણ નથી, તેમ કાંઈ પામવા જેવું પણ નથી, તો પણ હું કર્મમાં વર્તુ છું જ. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

હવે પોતાના જ વર્તનથી એજ વાતને પ્રતિપાદન કરે છે.

હે પાર્થ ! સંસારગર્તમાં ગોથાં ખાતા અનેક જનના સમુદ્ધરણ માટે દેવ-મનુષ્યાદિક સઘળાને પ્રત્યક્ષપણે વર્તનારો, સ્વાશ્રિત જનોના અનેક જન્મથી ભેગા થયેલા પાપસમૂહને સર્વથા નાશ કરનારો, સર્વનો નિયંતા, સર્વજ્ઞ અને આત્મારામ અને પૂર્ણકામ, એવો હું તે મારે આ સમગ્ર ત્રિલોકીમાં કંઈ પણ કર્તવ્ય-કરવા યોગ્ય કર્મ છે જ નહિ, તેમજ કોઈ કર્મનું ફળ અપ્રાપ્ત છે એમ પણ નથી, તેમ કરેલા કર્મથી પામવા યોગ્ય પણ કંઈ નથી, આ પ્રમાણે છે તો પણ, લોક મારું આચરણ જોઈને અવળે માર્ગે નહિ જતાં સન્માર્ગેજ પ્રવર્તે એમ વિચારીને સચ્છાસ્ત્રવિહિત સત્કર્મમાં જ હું સદાય પ્રવર્તુ છું. ॥૨૨॥

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ ! सर्वशः ।।२३।।
उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
सङ्करस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ।।२४।।

**-: શ્લોકાર્થ :-**

જો કદાચ હું કર્મ કરવામાં સાવધાન થકો ન વર્તું, તો હે પાર્થ ! સર્વ મનુષ્યો મારા માર્ગનેજ અનુસરે.

અને જો હું કર્મ ન કરું, તો આ સઘળા લોકો કર્મમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય અને વર્ણશંકરનો કર્તા પણ હું જ થાઉં અને એમ થવાથી આ સર્વ પ્રજાઓને અવળે માર્ગે પ્રવર્તાવીને નાશ કરનારો હું જ થાઉં. ।।૨૩-૨૪।।

**-: ભાષ્યાર્થ :-**

અને જો હું સકળ વિશ્વની ઉત્પત્તિ આદિકનો કર્તા, સત્યસંકલ્પ અને ધર્મિષ્ઠપણે વિખ્યાતિ પામેલા વસુદેવને ઘેર સકળ વિશ્વના સમુદ્ધરણરૂપ ઉપકારને માટે આવિર્ભાવ પામેલો હું, પ્રમાદથી રહિત થઈને ક્ષત્રિય-ધર્મને સમુચિત શાસ્ત્રીય કર્મમાં ક્યારેય ન પ્રવર્તું, તો હે પાર્થ ! પુરું નહિ સમજનારા એવા સર્વ મનુષ્યો ધર્મિષ્ઠ શૌરિનો પુત્ર હું તે મારા માર્ગને આચરેલા કર્મને અનુસારેજ પ્રવર્તે. એટલે કે, "ધાર્મિકાગ્રેસર વસુદેવના પુત્ર વાસુદેવે જે અનુષ્ઠાન કર્યો એજ ખરો ધર્મ-સન્માર્ગ છે" એમ માનીને તે મારા માર્ગને અનુસરે છે. ।।૨૩।।

તો તેથી શું ? એના સમાધાનમાં કહે છે. વસુદેવના પુત્રરૂપે પ્રસિદ્ધ થયેલો હું કર્મયોગ જો ન કરું અને જ્ઞાનયોગજ કરું, તો કર્મયોગના અધિકારી એવાય પણ, શિષ્ટપણે વર્તનારા મારા માર્ગને અનુસરનારા લોકો, કર્મયોગ નહિ કરવાથી ઉચ્છિન્ન થઈ જાય, અર્થાત્ પોતાના મુક્તિમાર્ગ થકી પડી જાય. એ ભાવાર્થ છે. અને વળી એમ થવાથી કર્મમાં જ અધિકારી એવા તે લોકોના ધર્મસંકરનો-ધર્મના વિપરીતપણાનો કર્તા પણ હું જ થાઉં. અને તેથીજ આ સઘળી પ્રજાઓનો નાશ કરનારો પણ હું જ થાઉં.

હે અર્જુન ! તું પણ ગૃહસ્થોમાં મુખ્ય થઈને જો કર્મયોગ નહિ કરું, તો ઝાઝું નહિ સમજનારા તારા અનુયાયીઓ કે જેઓ મોક્ષધર્મમાં રૂચિવાળા છે, તે પણ કર્મયોગ નહિ કરતાં મોક્ષમાર્ગથી ઉચ્છિન્નજ થઈ જવાના, માટે અગ્રેસરપણે વર્તનારા ડાહ્યા માણસે તો કર્મયોગ જ કરવો જોઈએ એ અભિપ્રાય છે. ।।૨૪।।

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ! ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम् ॥२५॥

-: શ્લોકાર્થ :-

માટે હે ભારત ! અજ્ઞાની માણસો જેમ કર્મમાં આસક્ત થઈને કર્મ કરે છે, તેમ વિદ્વાન્-જ્ઞાની જન લોકોને સન્માર્ગે દોરવાને ઈચ્છતો થકો અનાસક્ત રહીને વિહિત કર્મ કર્યા કરે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

તે વાતને જ દૃઢ કરી આપતાં કહે છે.

આત્મસ્વરૂપના વિષયમાં યથાર્થ તત્ત્વને પૂરું નહિ જાણનારા-સમજનારા અને તેથી જ કર્મમાં 'હું જ સ્વતન્ત્ર કર્તા છું'' એવા અભિમાનથી અભિનિવેશ-દૃઢ આગ્રહ રાખનારા અજ્ઞાની માણસો જેમ સઘળાં કર્મ કરે છે, તેજ પ્રમાણે લોકોને શ્રેયોમાર્ગમાં દોરવાને ઈચ્છતો એવો આત્મા-પરમાત્માનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિનાં સાધનોને પૂરેપૂરાં જાણનારો જ્ઞાની પુરુષ કર્તૃત્વ, ભોક્તૃત્વ, તેમજ અહંમમત્વ ભાવથી પણ રહિત થઈને ફળાસકિતથી પણ રહિત થયો થકો કર્મ કર્યા કરે.

ભાવાર્થ એ છે કે શાસ્ત્રવેત્તા તરીકે અને ધર્મિષ્ઠપણે કરીને લોકમાં પ્રસિદ્ધ થયેલો અને જ્ઞાનયોગમાં અધિકારી હોવા છતાં પણ, કર્મયોગમાં જ અધિકારી અને પોતાના અધિકારને અનુરૂપ અસંગપણે કર્મયોગ આચરવાનું નહિ જાણનારા એવા સામાન્ય અજ્ઞજનોને, કર્તૃત્વ-મમત્વ અને ફળમાં આસક્તિ, એ સર્વથી રહિતપણે વર્તવારૂપ પોતાના આચરણથી મોક્ષના સાધનભૂત કર્મયોગનો બોધ કરતો સતો પોતે કર્મનુ આચરણ કરે. ॥૨૫॥

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान् युक्तः समाचरन् ॥२६॥

-: શ્લોકાર્થ :-

અને કર્મમાં જોડાયેલા અજ્ઞાની જનોને કર્મથી પડી જાય એવો બુદ્ધિભેદ ન ઉપજાવે, પરંતુ પોતે સમજુ હોઈને બુદ્ધિયોગયુક્ત થઈને સર્વ કર્મનું સમ્યક્ રીતે આચરણ કરતો થકો સર્વ લોકોને તે કર્મમાર્ગમાં પ્રીતિ ઉપજાવે. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

હવે તે લોકસંગ્રહના પ્રકારને જ કહી બતાવે છે.

યુક્ત-આત્મા-પરમાત્માના સાક્ષાત્કારના સાધનમાં સાવધાન વર્તનારો, વિદ્વાન્-ઇન્દ્રિયવ્યાપારના વિરામભૂત જ્ઞાનયોગરૂપ મોક્ષસાધનના અનુષ્ઠાનપ્રકારને યથાર્થ જાણતો થકો જાણવાપૂર્વક, નિત્ય-નૈમિત્તિકાદિક કર્મને મારી પ્રસન્નતા માટેજ સમ્યક્ પ્રકારે આચરતો થકો, મોક્ષના સાધનને નહિ જાણનારા અને તેથીજ કર્મને વિષે કર્તૃત્વ-ભોકતૃત્વ વિગેરેના અભિમાનપૂર્વક મમતાથી તેકર્મના ફળમાં આસક્તિ રાખનારા, અર્થાત્ અનાદિ વાસનાના વશપણાને લીધે કર્મ કરવાના જ સ્વભાવવાળા થઈ ગયેલા, એવા જનોને. બુદ્ધિભેદ-અસંગપૂર્વક કર્માનુષ્ઠાન કરવારૂપ મોક્ષસાધન કરતાં, બીજું-ઇન્દ્રિયવ્યાપારની ઉપરતિભૂત જ્ઞાનયોગ રૂપ સાધન મોક્ષને માટે છે. એવો બુદ્ધિભેદ ન ઉત્પન્ન કરે, પણ પોતે કર્મયોગનું આચરણ કરવાપૂર્વક તે અજ્ઞ જનોને તે કર્માનુષ્ઠાનમાં અસંગપણે વર્તવામાં પ્રીતિ ઉત્પન્ન કરે, એ અભિપ્રાયાર્થ છે. ॥૨૬॥

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥२७॥

-: શ્લોકાર્થ :-

પ્રકૃતિના સત્ત્વાદિક ગુણોને લીધેજ સર્વ કર્મો પ્રવર્તે છે એમ નહિ સમજનારો અહંકારને લીધેજ વિમૂઢ બુદ્ધિવાળો પુરુષ એ સર્વ કર્મનો કર્તા હું જ છું એમ માને છે, માનીને બંધાય છે. ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

હવે શાસ્ત્રીય કર્મ કરનારા જ્ઞાની-અજ્ઞાનીના કર્મ-આચરણમાં ભેદ ચાર શ્લોકથી કહી સમજાવે છે.

પ્રકૃતિના ગુણો સત્ત્વાદિક તેને લીધે તે તે સત્ત્વાદિક ગુણયુક્ત બ્રાહ્મણાદિક જાતિને યોગ્ય કર્મ પોતાની અનુકૂળતા પ્રમાણે કરેલાં તેને "તે સઘળાં કર્મનો કર્તા હું જ છું." એમ અહંકારથી -પ્રાકૃત સત્ત્વાદિક ગુણવિશિષ્ટ બ્રાહ્મણાદિક શરીરોમાં "હું બ્રાહ્મણ છું.""હું ક્ષત્રિય છું" એવા અભિમાનથી, વિશેષતાએ કરીને મોહ પામેલો છે આત્મા-ક્ષેત્રજ્ઞ અથવા બુદ્ધિ જેની એવો મૂર્ખ જન માને છે, પણ નહિ કે પ્રકૃતિવિયુક્ત શુદ્ધ ક્ષેત્રજ્ઞ-આત્મસ્વરૂપના અભિમાનવાળો. ॥૨૭॥

तत्त्ववित्तु महाबाहो ! गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते ॥२८॥

-: શ્લોકાર્થ :-

અને હે મહાબાહો ! ગુણ-કર્મના વિભાગના તત્ત્વને જાણનારો જ્ઞાની જન તો પ્રકૃતિના ગુણો-સત્ત્વાદિક, ગુણોમાં-ગુણનાં પરિણામરૂપ કર્મોમાં પ્રવર્તે છે, એમ માનીને તેમાં અભિમાનથી બંધાતો નથી. ॥૨૮॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે અજ્ઞાની જનનું કર્મમાં કર્તાપણાનું અભિમાન કહીને, હવે જ્ઞાનીઓનું કર્મમાં કર્તા પણાના અભિમાનથી રહિતપણું કહે છે.

હે મહાબાહો ! પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ વિગેરેથી વિશિષ્ટ એવા સત્ત્વાદિક ગુણો અને શમદમાદિક તેમજ શૌર્ય-વીર્યાદિક સત્ત્વાદિક ગુણોનાં કાર્યભૂત કર્મો, એ બન્નેના વિભાગમાં. એટલે કે ગુણવિભાગમાં અને કર્મવિભાગમાં યથાર્થપણે પૂરેપુરું જાણનારો પુરુષ, પ્રકાશાદિક ધર્મવિશિષ્ટ એવા સત્ત્વાદિક ગુણો તે તે ગુણોનાં કાર્યભૂત એવાં સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મોને વિષે વર્તે છે, એમ માનીને તેમાં જોડાતો નથી, આસક્ત થતો નથી. એટલે કે- ગુણકૃત કર્મનો કર્તા હું છું એમ નથી માનતો, અર્થાત્ ગુણ પ્રમાણે પ્રવર્તતાં કર્મને વિષે તે તે કર્મના કર્તાપણાના અભિમાને યુક્ત નથી થતો એ અર્થ છે. ॥૨૮॥

प्रकृतेर्गुणसम्मूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान् कृत्स्नविन्न विचालयेत् ॥२९॥

-: શ્લોકાર્થ :-

પ્રકૃતિના ગુણોથી સર્વથા મૂઢ બની ગયેલા માણસો ગુણથી પ્રવર્તતાં કર્મોને વિષે આસક્તિપૂર્વક જોડાય છે, તેવા કર્મનું રહસ્ય નહિ સમજનારા, મંદ-બુદ્ધિના માણસોને, કર્મના તત્ત્વને યથાર્થ જાણનારા જ્ઞાની જન કર્મથી ચળાયમાન ન કરે. ॥૨૯॥

-: ભાષ્યાર્થ :-

બુધ-સમજુ માણસ ગુણમૂળક બ્રાહ્મણાદિક વર્ણના અભિમાન વિગેરેને લીધે કર્મમાં જોડાયેલા જનોને તેમના તેમના અધિકારને અનુસારે મોક્ષસાધનમાં પ્રવર્તાવે, પણ તેમાંથી કોઈ રીતે એ મન્દાધિકારી ખસી જાય એમ તો નજ કરે. એમ કહે છે.

માયાના ગુણો મલિન સત્ત્વાદિક તેણે કરીને આત્મા-અનાત્માના સ્વરૂપને યથાર્થ સમજવારૂપ વિવેકમાં વિપરીત જ્ઞાનરૂપ મોહ પામી ગયેલા અવિવેકી પુરુષો, માયાના સત્ત્વાદિક ગુણોને અનુસારે પ્રવર્તતાં નિત્ય-નૈમિત્તિક એવાં-સંધ્યા-વંદનાદિક કર્મને વિષે તથા શ્રાદ્ધ પ્રાયશ્ચિત્તાદિકને વિષે, અથવા સ્વર્ગસુખ, પુત્ર, પશુ અને રાજ્યાદિક સુખ પમાડનારાં યજ્ઞાદિક કર્મને વિષે બ્રાહ્મણાદિક વર્ણના અભિમાનથી આસક્તિપૂર્વક પ્રવર્તે છે.

તો એવા એ કર્મનું સઘળું તત્ત્વ નહિ જાણનારા અલ્પજ્ઞ અને અતિ અલ્પ ફળરૂપ સ્વર્ગાદિકમાં આસક્ત થયેલા મન્દજનોને, કર્મના રહસ્યને પૂરેપૂરું જાણનારો અને સકળ ચેતન-અચેતન વસ્તુવિશિષ્ટ પરમાત્મતત્ત્વને પણ યથાર્થ જાણનારો વિવેકી જન કર્માનુષ્ઠાનથી ચળાયમાન ન કરે, પણ કર્મફળમાં આસક્તિ છૂટી જાય એમ કર્મયોગને ધીરે ધીરે શીખવાડે એ અભિપ્રાય છે. ।।૨૯।।

मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ।।३०।।

**-: શ્લોકાર્થ :-**

માટે તું પણ સર્વ કર્મ સર્વેશ્વર એવા મારે વિષે અર્પણ કરીને આત્મસ્વરૂપમાં સ્થિરતા પામેલા ચિત્ત વડે નિરાશી અને નિર્મમત્વ થઈને, તેમજ શોક-સંતાપથી પણ રહિત થઈને યુદ્ધ કર ! ।।૩૦।।

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે જ્ઞાની-અજ્ઞાનીનું ગુણથી પ્રવર્તતાં કર્મમાં કર્તૃત્વ અને અકર્તૃત્વ કહીને, હવે સર્વકર્મનું ભગવાનને પોતાને વિષે અર્પણ કરવાથી કર્તૃત્વ, મમત્વ અને ફળત્યાગ. એ વિગેરે કરવાનું કહી બતાવે છે.

આત્માને વિષે મારે પરમાત્માસ્વરૂપને વિષે વર્તે તે અધ્યાત્મ કહેવાય, અને અધ્યાત્મ એવું ચેતસ્ જે જ્ઞાન તે અધ્યાત્મચેતસ્ કહેવાય. અને અધ્યાત્મ ચેતસ્ તેણે યુક્ત, એટલે કે મારા સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિના યથાર્થ જ્ઞાને યુક્ત એવો થકો, આ ભારત-ભૂભાગમાં સર્વ જીવોએ કરેલી સેવા અંગીકાર કરવા માટે મારા અક્ષર ધામ થકી પ્રાદુર્ભાવ પામેલો અને મારા ભક્તજનોએ મને અર્પણ કરેલા ખાદ્ય-પેયાદિક મને આપવા યોગ્ય પદાર્થ કરતાં અસંખ્ય ઘણા મહાફળનો પ્રદાતા એવો જે હું તે મારે વિષે સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર રૂપ સર્વ કર્મો અર્પણ કરીને, એટલે વાણીથી મારાં નામ-ગુણનું કીર્તન કરવું, નેત્રોથી મારું દર્શન

કરવું, પગ વડે મારા દર્શન અર્થે જવું, ત્વચાથી મારો સ્પર્શ કરવો, ઈત્યાદિક પ્રકારથી અંબરીષ રાજાના આચરણની પેઠેજ મારા આરાધનરૂપ કરીને. હવે - અંબરીષરાજાનું આચરણ કેવું હતું તે કહી બતાવે છે - "તે અંબરીષ રાજાએ પોતાનું મન કૃષ્ણ-પરમાત્માના ચરણ-કમળમાં જ રાખ્યું હતું. અને વચન-વાણીને તો વૈકુંઠ ભગવાનના ગુણાનુવાદ કરવામાં જ રાખ્યાં હતાં."

નિરાશી પ્રકૃતિજન્ય માયિક પદાર્થને વિષે, તેમજ-મારા સંબંધ સિવાયના મોક્ષસુખને વિષે પણ, ઈચ્છાએ રહિત થઈને, નિર્મમ-ભગવાનની આજ્ઞાથીજ હું સઘળાં કર્મ કરું છું, પરંતુ તે સિવાય મારે તો કોઈ કર્તવ્ય-કંઈ પણ કરવાનું બાકી છેજ નહિ, એમ સમજીને કર્મને વિષે મમત્વે રહિત થઈને. અને તેથીજ વિગતજ્વર-સંતાપનો હેતુ શોક હોવાથી અહીંયાં શોકજ જ્વર શબ્દથી કહેલો છે, માટે વિશેષપણે કરીને સર્વથા ટળી ગયો છે શોકરૂપ જ્વર જેનો, અર્થાત્ પહેલાં મેં કહેલા પ્રકારથી અકર્તૃત્વાનુસંધાનપૂર્વક શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી નાશ પામી ગયો છે બંધુઓના ભાવિ હનનથી થયેલો શોક તે જેનો, એવો થઈને તું નિઃસંશય થકો યુદ્ધ કર ? ॥૩૦॥

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ।।३१।।

**-: શ્લોકાર્થ :-**

જે મનુષ્યો આ મારા મતને નિરંતર અનુસરીને વર્તે છે, તેમજ-આ મતમાં જે શ્રદ્ધાવાળા છે અને અસૂયા નથી કરતા. તે પણ શુભ-અશુભ કર્મ-બંધનથી મુકાય છે. ॥૩૧॥

**-: ભાષ્યાર્થ :-**

હવે પહેલાં કહેલું કરવામાં મહાફળ કહી બતાવે છે -

જે મનુષ્યો "જે હેતુથી હું ક્ષરને અતિક્રમણ કરીને રહેલો અને સર્વથી પર એવા અક્ષરથી પણ હું શ્રેષ્ઠ સર્વોપરિ છું" "જેની સાથે સામ્ય-સમભાવ અને જેનાથી અતિશય-અધિકતા સર્વથા છેજ નહિ એવા પોતાના અસાધારણ અદ્વિતીય સર્વોપરિ-સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યથી સમ્પન્ન થકા પોતાના બ્રહ્મધામમાં વિહાર કરનારા તમને નમસ્કાર છે." "વાસુદેવ ભગવાન થકી પર-શ્રેષ્ઠ દેવતા કોઈ છેજ નહિ." "તે પરમાત્માને તુલ્યેય કોઈ જોવામાં આવતો નથી. તો પછી તેનાથી અધિક તો જોવામાં આવેજ ક્યાંથી ?" "સર્વથી પર જે અક્ષર તેથી પણ એ પરમાત્મા પર-

શ્રેષ્ઠ સર્વોપરિ છે.'' ''એ પુરુષ-પરમાત્મા થકી પર-શ્રેષ્ઠ કોઈ છે જ નહિ.'' ''અક્ષરને પણ અંદર રહીને નિયમમાં રાખે છે.'' ''ઈશ્વરોના પણ તે પરમ મહેશ્વર છે.'' ઈત્યાદિક શ્રુતિ-સ્મૃતિવચનથી જેનો મહિમા ગાવામાં આવે છે એવો જે હું તે મારું આ ''મારામાં સર્વ કર્મ સમર્પીને'' એ શ્લોકથી કહેલું, તે નિત્ય સનાતન એવા વેદથી ઉપદેશ કરેલું હોવાથી, અથવા તો અનાદિ-પરંપરાએ આવેલું હોવાથી, સદાય મેં માનેલું મને પ્રિય માર્ગભૂત છે. એવા એ મારા મતને-અભિપ્રાયને જાણીને નિરંતર તેમાં પ્રવર્તે છે. તે પુરુષો અનાદિ કાળથી ભેગાં થયેલાં સર્વ કલ્યાણ વિરોધી પાપોથી મુકાઇ જાય છે.

વળી આ મત જાણવામાં તેમજ અનુષ્ઠાન કરવામાં પણ ન આવ્યો હોય તો પણ જે મનુષ્યો તેને જાણવામાં અને અનુષ્ઠાન કરવામાં વિશ્વાસપૂર્વક ત્વરાંવાળા થાય છે, તેમજ વળી-જેઓ આ મતમાં વિશ્વાસપૂર્વક ત્વરાએ રહિત હોય તો પણ આ મત બહુ સારો છે, એમ ગુણગ્રાહી હોઈને તેમાં દોષારોપણ ન કરતા હોય, તો એ બન્ને પ્રકારના પુરુષો-વિશ્વાસપૂર્વકની ત્વરા વડે કરીને તથા દોષનો આવિષ્કાર નહિ કરવા વડે કરીને પણ ક્ષીણ થઈ ગયાં છે પાપ જેમનાં એવા થકા તુરંતજ એ મારા મતને અવલંબીને-આશરીને કલ્યાણવિરોધી પાપ અને વિધ્ન થકી મુકાય છે. ॥૩૧॥

ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान् विद्धि नष्टानचेतसः ॥३२॥

**-: શ્લોકાર્થ :-**

અને જે મનુષ્યો તો અભ્યસૂયા કરતા થકા આ મારા મતને નથી અનુસરતા, તેમને તો સર્વ જ્ઞાનમાં વિમૂઢ ભાવને પામેલા અને વિવેકશૂન્ય હોવાથી મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થયેલા જાણવા. ॥૩૨॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - પોતે કહેલા મતમાં નહિ પ્રવર્તનારા, એ મતમાં શ્રદ્ધા વિનાના અને એમાં અસૂયા કરનારા, એ સર્વની નિંદા કરે છે.

જે મનુષ્યો અચેતનવર્ગ, ચેતનવર્ગ અને મુક્તસમૂહનો પણ પ્રેરક અને સ્વામી એવો હું તે મારા આ આરાધનરૂપ મતને નથી અનુસરતા અર્થાત્ એ મતમાં નથી પ્રવર્તતા, વળી-મહાગુણવાળા આ મારા મતમાં દોષ આરોપણ કરીને

અભ્યસૂયા કરનારા, અને વળી આ મતમાં શ્રદ્ધાએ રહિત થકા ગુણ પણ નથી ગ્રહણ કરતા, એ ત્રણેય પ્રકારના મનુષ્યોને સર્વ-ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય, કાર્ય-અકાર્ય, જીવ, ઈશ્વર પ્રકૃતિ, પુરુષ કાળ, બ્રહ્મ અને પરબ્રહ્મ, એ સર્વનાં સ્વરૂપ સમજવામાં વિમૂઢ બની ગયેલા, વિપરીત જ્ઞાન પામેલા, અથવા તો સર્વથા અજ્ઞાની જ અને એથીજ અચેતસ્-દુષ્ટ ચિત્તવાળા અને તેથીજ ધર્માદિક ચતુર્વર્ગથી પતિત થઈને અતિ ભ્રષ્ટ બની ગયેલા એવા જાણ !

આવી ઉચ્ચ પદવીને પામેલા હોવા છતાં પણ કુંભીપાકાદિક નરકોમાં પડેલા છે એમ એમને જાણવા એ અભિપ્રાય છે. ॥૩૨॥

**સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।**
**પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ? ॥૩૩॥**

**-: શ્લોકાર્થ :-**

આત્મા અનાત્માના વિવેકને પામેલો જ્ઞાની જન પણ પોતાની પ્રકૃતિને અનુરૂપ જ આચરણ કરે છે, માટે ભૂત-પ્રાણીમાત્ર પોત-પોતાની-પ્રકૃતિનેજ અનુસરે છે, માટે શાસ્ત્રકૃત નિગ્રહ શું કરશે ? ॥૩૩॥

**-: ભાષ્યાર્થ :-**

નનુ-શંકા, એમ જો હોય તો જ્ઞાનયોગમાં અને ભક્તિયોગમાં ઈન્દ્રિયોને સમ્યક્ પ્રકારે નિયમમાં કરીને સર્વે જનો કેમ નથી પ્રવર્તતા ? એમ આશંકા ઉઠાવીને કહે છે.

જો જ્ઞાની પણ સકળ પ્રાકૃતવસ્તુથી વિસજાતીય અને સુખરૂપ એવા સ્વસ્વરૂપને, તેમજ તે આત્મસ્વરૂપથી પણ અતિશય ઉત્કૃષ્ટસ્વરૂપ અને નિરવધિકાતિશય આનંદમય એવા પરમાત્મસ્વરૂપને પણ જાણતો-સમજતો હોય તો પણ, પોતની પ્રકૃતિને-પ્રાચીન કર્મજન્ય ધર્મ, અધર્મ, જ્ઞાન અને ઈચ્છાદિક સંસ્કારરૂપ સ્વભાવને, સદૃશ-અનુસરતું-અનુકૂળ જેમ હોય તેમ, કર્મ કરવામાં ચેષ્ટા પ્રવૃત્તિ કરે છે. આ રીતે સર્વ જનો પોત-પોતાની પ્રકૃતિને અનુકૂળ-પ્રકૃતિ પ્રમાણેજ કર્મ કરવામાં વર્તે છે, તો શાસ્ત્રવિહિત નિગ્રહ તે મનુષ્યોમાં શું કરી શકશે ? અર્થાત્ પૂર્વકર્માનુસારે પ્રાપ્ત થયેલા સ્વભાવરૂપ પ્રકૃતિના વશમાં પડી ગયેલા જનોને શાસ્ત્રવિહિત નિયમન-નિગ્રહ પોતાના સ્વભાવને નજ દબાવે એ ભાવાર્થ છે. ॥૩૩॥

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ।।३४।।

-: શ્લોકાર્થ :-

વિષયોમાં રાગ અને દ્વેષ વિભાગપૂર્વક વ્યવસ્થાથી રહેલાજ છે, માટે તે રાગદ્વેષના વશમાં ન સપડાવું, કારણ કે તે રાગ અને દ્વેષ એ બેજ આ પુરુષના કટ્ટા વિરોધી છે. ॥૩૪॥

-: ભાષ્યાર્થ :-

આ રીતે જ્યારે સર્વ મનુષ્યોને પોત-પોતાની પ્રકૃતિને અનુસારે જ વર્તવાપણું છે, તો પછી શાસ્ત્રકૃત નિગ્રહનો ઉપયોગ કેમ કરવો ? તે બે શ્લોકોથી કહે છે.

શ્રોત્રાદિક જ્ઞાનેન્દ્રિયોના સમૂહને, તેમજ-વાગાદિક કર્મેન્દ્રિયોના સમૂહને પણ, ઇન્દ્રિયોના અર્થમાં શબ્દાદિક વિષયવૃન્દમાં તથા વચન વિગેરે વિષયસમૂહમાં પણ, રાગ, અને દ્વેષ, એટલે કે પ્રાકતન-કર્મ સંસ્કારથી થયેલી પોતાને પ્રિય વિષયોમાં પ્રીતિરૂપ રાગ અને પ્રાચીન કર્મ-સંસ્કારથી ઉત્પન્ન થયેલી પોતાને અનિષ્ટ અપ્રિય વિષયોમાં અરૂચિરૂપ દ્વેષ, એ બન્ને સ્વાભાવિકજ રહેલા છે, તો પણ તે રાગ-દ્વેષના વશમાં વર્તનારો પુરુષ ક્યારેય નજ થાય. કારણ કે પોતાના શ્રેયને માટે પ્રયત્ન કરનારા કર્મયોગમાં નિષ્ઠાવાળા તેમજ જ્ઞાનયોગમાં નિષ્ઠાવાળા પુરુષને તે રાગ અને દ્વેષ એ બન્ને મોટામાં મોટા દુર્જય કટ્ટા શત્રુ છે. અને તે આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન નાશ કરનારા-ભૂલાવી દેનારા છે. એ ભાવાર્થ છે. ॥૩૪॥

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।।३५।।

-: શ્લોકાર્થ :-

સારી રીતે અનુષ્ઠાન કરેલા પર ધર્મ કરતાં ન્યૂન ગુણવાળોય સ્વધર્મ શ્રેયને આપનારો છે. માટે સ્વધર્મમાં રહીને મરવું એ સારું છે, પણ પર ધર્મ તો આખરે ભય ઉપજાવનારો થાય છે. ॥૩૫॥

-: ભાષ્યાર્થ :-

સમ્યક્ પ્રકારે અનુષ્ઠાન કરેલા પર ધર્મ કરતાં- પરના- બ્રાહ્મણના અહિંસા પ્રધાન ધર્મ કરતાં, જોકે અહિંસારુપ ગુણથી રહિત છે તો પણ પોતાનો ક્ષત્રિયનો

ધર્મ અતિશય શ્રેષ્ઠ છે. અને યુદ્ધાદિક ક્ષત્રિયધર્મનું પાલન કરતાં તેમાં કદાચ મરણ થાય તો પણ તે ઘણું સારું સ્વર્ગને પમાડનારું શ્રેષ્ઠ કર્મ છે. અને ક્ષાત્ર-સ્વભાવે યુક્ત ક્ષત્રિયને અહિંસાપ્રધાન બ્રાહ્મણધર્મ ઘણા પ્રયાસે કરીને પણ સંપાદન કરવો અશક્ય હોવાથી આખરે ભય ઉપજાવનારો જ થાય છે.

અથવા સારી રીતે સિદ્ધ કરેલા કરતાં- એટલે કે પ્રાચીન વાસનાએ યુક્ત મનુષ્યને અતિ દુષ્કર હોવાથી પરધર્મ-પરનો-પરિપૂર્ણ જ્ઞાનયોગમાં નિષ્ઠા દૃઢ સ્થિતિ પામેલા પુરુષનો ધર્મભૂત એવો જ્ઞાનયોગ જો કે શ્રેષ્ઠ ગુણે યુક્ત છે તો પણ તેના કરતાં, ઇન્દ્રિયવ્યાપારના વિરામરૂપ ગુણથી રહિત હોવા છતાં પણ પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવાથી સુખે કરીને કરી શકાય એવો હોવાથી સ્વધર્મભૂત કર્મયોગ અંદર જ્ઞાન રહેલું હોવાથી બહુ સારો-અતિશય વખાણવા લાયક છે.

સ્વધર્મમાં કર્મયોગમાં પ્રવર્તેલાને આ જન્મમાં કદાચ ભલે તેનું ફળ પ્રાપ્ત ન થાય, તો પણ તેમાં રહીને મરણ થાય તોય સારું છે. કારણ કે, કર્મયોગ વિઘ્નથી રહિત હોવાથી તેમાં જન્માન્તરમાં આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનો સંભવ છે માટે.

અને પરધર્મ-પ્રાચીન વાસનાએ યુક્ત મનુષ્યને ઇન્દ્રિયોનું નિયમન કરવામાં અસાવધાનતા હોવાથી અતિ દુષ્કરતાને લીધે  પરમધર્મભૂતજ્ઞાનયોગ ઇન્દ્રિયોના નિયમનમાં સમ્યક્પણે અસાવધાનતાને લીધે ભયાવહ-દુષ્કરજ થાય છે, એ રહસ્યાર્થ છે. ॥૩૫॥

अर्जुन उवाच

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय ! बलादिव नियोजितः ॥३६॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન પૂછે છે.

હે વૃષ્ણિકુળનંદન ! જ્ઞાનયોગમાં પ્રવર્તેલો આ પુરુષ કોણે પ્રેર્યો થકો ઇચ્છા ન હોય તો પણ જેમ બળાત્કારે પ્રેરાયેલો હોય તેમ પાપ-કર્મનું આચરણ કરે છે ? ॥૩૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે જ્ઞાનયોગમાં પ્રવર્તેલાને જ્ઞાનયોગથી પાડવામાં હેતુ-કારણભૂત કોણ છે ? તેમ પૂછતાં અર્જુન કહેવા લાગ્યો.

અર્જુન પૂછે છે. વૃષ્ણિવંશમાં આવિર્ભાવ પામેલા હે પ્રભુ ! જ્ઞાનયોગની સિદ્ધિને માટે ઇન્દ્રિયોના નિયમનમાં સમ્યક્ પ્રકારે પ્રવૃત્ત થયેલો મુમુક્ષુ પુરુષ, પોતે વિષયો ભોગવવાને ન ઇચ્છતો હોય તો પણ, રાજાએ પ્રેરેલા તાબેદાર નોકરની માફક બળાત્કારે જોડેલો હોય તેમ, કોના પ્રેરવાથી પાપ-રૂપ કર્મ કરવામાં આપો-આપ પ્રવર્તી જાય છે ? ॥૩૬॥

श्री भगवानुवाच

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥३७॥

**-: શ્લોકાર્થ :-**

શ્રીભગવાન કહે છે.

રજોગુણમાંથી સમુદ્ભવ જેનો છે એવો એ કામ અને એજ ક્રોધ મહાભૂખાળવો અને મહાપાપરૂપ છે, માટે એનેજ આ મોક્ષમાર્ગમાં મોટો શત્રુ જાણ ! ॥૩૭॥

**-: ભાષ્યાર્થ :-**

એ પ્રશ્નનો ઉત્તર ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

શ્રી ભગવાન કહે છે. રજોગુણ થકીજ ઉત્પત્તિ જેની છે, (આમ કહેવામાં હેતુ કહી સમજાવે છે.) એટલે કે સત્ત્વગુણની વૃદ્ધિ થવાથી રજોગુણનો ક્ષય થાય છે. અને રજોગુણ નાશ પામતાં કામ નાશ પામી જાય છે. એ અભિપ્રાય છે. અને બહુજ મોટું અશન-વિષયોપભોગરૂપ ખાદ્ય જેનું છે, અર્થાત્ જે કોઈ રીતે પૂરાય એવો નથી. અને જે અતિ ક્રૂર હોવાથી મહાપાપરૂપ છે. એવો આ પ્રાકતન-અનાદિ વાસનાથી ઉત્પન્ન થયેલો કામ-શબ્દાદિક વિષયોમાં અભિલાષ છે. અને એજ કામ તેમાં કોઈ આડે આવવાથી ક્રોધરૂપે પરિણામ પામતો લોકમાં મનુષ્યોના જોવામાં આવે છે. માટે એ કામને મોક્ષના સાધનમાં મોટામાં મોટો શત્રુ છે, એમ જાણ ? ॥૩૭॥

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥३८॥

-: શ્લોકાર્થ :-

ધૂમાડાથી જેમ અગ્નિ આવરણ પામે છે, દર્પણ જેમ મેલથી મલિનતા પામે છે. અને વળી જેમ ઉલ્બથી ગર્ભ આવરણ પામેલો હોય છે, તેજ પ્રમાણે તે કામથી આ પ્રાણીમાત્ર આવરણ પામેલા છે. ।।૩૮।।

-: ભાષ્યાર્થ :-

હવે- તે શત્રુભાવને જ દૃષ્ટાન્તોથી નિરૂપણ કરી બતાવે છે -

અગ્નિની સાથે સહજસિદ્ધ રહેલા ધૂમાડાથી જેમ અગ્નિ આવરણ પામેલો હોય છે, ઢંકાઈ જાય છે. વળી આગંતુક મળથી જેમ દર્પણ અને વળી-ગર્ભના આવરણભૂત ચર્મથી જેમ ગર્ભ ચોતરફથી ઢંકાઈને આવરણ પામેલો હોય છે, આ કહ્યાં એવાં ત્રણ દ્રષ્ટાન્તો પ્રમાણેજ તે કામથી આ સમગ્ર ક્ષેત્રજ્ઞ-જીવસમૂહ આવરણ પામેલો છે. ।।૩૮।।

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय ! दुष्पूरेणानलेन च ।।३९।।

-: શ્લોકાર્થ :-

હે કુંતીપુત્ર-અર્જુન ! પૂરી ન શકાય એવા અને અગ્નિ જેવા અપારભક્ષી આ કામરૂપી નિરંતરના શત્રુએ જ્ઞાનયોગમાં પ્રવર્તેલા જ્ઞાનીનું જ્ઞાન આવરી લીધેલું છે. ।।૩૯।।

-: ભાષ્યાર્થ :-

હવે - કામ એજ જ્ઞાનમાં આવરણભૂત છે એમ કહે છે.

હે કુંતીપુત્ર-અર્જુન ! "કામી પુરુષોનો કામ ઉપભોગથી ક્યારેય શમતોજ નથી." એ આપ્ત વાક્યમાં કહેવા પ્રમાણે વિષયોપભોગથી પૂરવાને માટે અશક્ય પૂરી ન શકાય એવો દુષ્પૂર, અને શોક-સંતાપ પમાડનારો હોવાથી બળતા અગ્નિ જેવા વિષયોપભોગની ઈચ્છારૂપ અને મોક્ષમાર્ગથી પાડવામાં હેતુભૂત હોવાથી અખંડ શત્રુભૂત, એવો આ કામ તેણે જાણવું એજ શીલ-સ્વભાવ જેનો છે એવાં જ્ઞાતાસ્વરૂપ જીવાત્માનું, જ્ઞાન-આત્મા-પરમાત્માનું સ્વરૂપ અને પરમાત્માની ભક્તિ, એ સર્વની સ્મૃતિરૂપ જ્ઞાન, તે સર્વથા આવરી લીધેલું છે. ।।૩૯।।

इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ।।४०।।

-: શ્લોકાર્થ :-

ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ, એ આ કામનું અધિષ્ઠાન-આશ્રયસ્થાન છે. અને એ સાધનોથી એ કામ દેહી-જીવાત્માને જ્ઞાન આવરી લઈને મોહ પમાડે છે. ॥૪૦॥

-: ભાષ્યાર્થ :-

હવે તે કામનું અધિષ્ઠાન- આશ્રયસ્થાન કહે છે.

આ કામનાં ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ, એટલાં અધિષ્ઠાન-આશ્રયસ્થાન કહેવાય છે. એ કામ વિષયોમાં પ્રવણ આતુર ઈન્દ્રિયોરૂપ સાધનોથી, આત્મા-પરમાત્માનું જ્ઞાન અને તે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવનારી ભક્તિની સ્મૃતિરૂપ જ્ઞાન, એને આવરી લઈને દેહધારી મુમુક્ષુ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને સ્વસ્વરૂપને ભૂલાવીને વિપરીત જ્ઞાન ઉત્પન્ન કરે છે. એટલે કે પૂર્વે કહેલું સ્વસ્વરૂપનું જ્ઞાન અને પરમાત્મસ્વરૂપનું સ્મૃતિરૂપ જ્ઞાન ભૂલાવીને વિષયોના સ્મરણરૂપ વિપરીત જ્ઞાનનેજ ઉત્પન્ન કરે છે. ॥૪૦॥

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ! ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥४१॥

-: શ્લોકાર્થ :-

માટે હે ભરતર્ષભ ! તું પ્રથમ એ ઈન્દ્રિયોને નિયમમાં-વશમાં કરીને જ્ઞાન-વિજ્ઞાનને નાશ કરનારા એ મહાપાપરૂપ કામને સમૂળગો નાશ કરી નાખ! ॥૪૧॥

-: ભાષ્યાર્થ :-

આ રીતે મોહ પમાડે છે, માટે તું પોતાનો વર્ણ અને પ્રકૃતિએ સ્વભાવે યુક્ત હોવાથી તેને અનુકૂળ ઈન્દ્રિયોનો વ્યાપાર કરનારો - ઈન્દ્રિયોને ચલાવનારો તું, પ્રથમ-મોક્ષસાધનાના સમારંભ કાળમાંજ, ઈન્દ્રિયોને ઈન્દ્રિયોની ક્રિયાને અનુકૂળ કર્મયોગમાં સ્વાધીનતાપૂર્વક વર્તાવીને, હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ-અર્જુન ! શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશથી થયેલું પરોક્ષ જ્ઞાન અને તેના અવિરત પરિશીલનથી તેના ફળરૂપે નિષ્પન્ન થયેલું અનુભવાત્મક-અપરોક્ષ જ્ઞાન, એ બન્નેના નાશને કરનારો અને એથીજ મહાપાપરૂપ અતિ ઉગ્ર એ કામને મોક્ષસાધનને બગાડી દેનારો શત્રુરૂપ છે એમ જાણીને તેને સર્વ પ્રકારથી નિશ્ચેજ તું નાશજ કર ? ॥૪૧॥

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥४२॥
एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो ! कामरूपं दुरासदम् ॥४३॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगोनाम तृतीयोऽध्यायः ॥३॥

**-: શ્લોકાર્થ :-**

(જ્ઞાનમાં વિરોધીઓમાં પણ એજ પ્રધાન છે એમ કહી બતાવે છે.)

શરીરની અપેક્ષાએ ઇન્દ્રિયો પ્રધાન છે, ઇન્દ્રિયો કરતાં મન પ્રધાન છે. અને મન કરતાં તો બુદ્ધિ પ્રધાન છે. અને જે કામ છે તે તો સર્વથી પર જે બુદ્ધિ તે કરતાંય પર-પ્રધાન છે. ॥૪૨॥

માટે હે મહાબાહો ! એ પ્રમાણે એ કામને બુદ્ધિથી પણ પર-બળવાન જાણીને પોતાના મનને બદ્ધિરૂપી અંકુશથી દબાવીને એ કામરૂપી દુરાસદ શત્રુને સમૂળગો જ નાશ કરી નાખ ! ॥૪૩॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મયોગો નામ તૃતીયોડધ્યાયઃ ॥૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે અતિ બળવાનપણું કહેવા પૂર્વક તેના જયનો ઉપાય બે શ્લોકથી કહે છે.

કામના નિવાસ-સ્થાનભૂત શ્રોત્રાદિક ઇન્દ્રિયો, પૃથ્વી આદિક ભૂતસંઘાતરૂપ સ્થૂળતત્ત્વના સમુદાયરૂપ દેહ થકી પર ઉત્કૃષ્ટ છે, કારણ કે દેહનું ઇન્દ્રિયોને આધીનપણું છે માટે. દેહ ક્ષીણ થઈ જાય છે તો પણ ઇન્દ્રિયોમાં કામ વર્તે છે. ઇન્દ્રિયો કરતાં કામનું ઉત્કૃષ્ટ નિવાસસ્થાન મન છે, કારણ કે, ઇન્દ્રિયોનું મનને આધીન પણું છે માટે. કામ થકી ઇન્દ્રિયો નિવૃત્તિ પમાડ્યે થતે પણ મનમાં કામનો સંભવ છે માટે. અને મન કરતાંય ઉત્કૃષ્ટ કામનું નિવાસસ્થાન બુદ્ધિ છે, કેમ કે, મનનું બુદ્ધિને આધીનપણું છે માટે. કામ થકી મનને પાછું વાળવા છતાં પણ બુદ્ધિમાં અતિ સૂક્ષ્મ રાગરૂપ કામ તો રહેલાજ હોય છે માટે. અને સર્વથી પર ઉત્કૃષ્ટ બુદ્ધિ તેથી પણ જે પર બુદ્ધિને પણ દબાવનારો સૂક્ષ્મપણે ઉત્કૃષ્ટ છે, તેજ કામ છે અર્થાત્ ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓમાં સૂક્ષ્મભાવે કામ વર્તે છે, કેમકે, બુદ્ધિનું

કામને આધીનપણું છે માટે. અને કામજ સદ્‌ગુરુ અને સચ્છાસ્ત્ર થકી પ્રાપ્ત થયેલી સદ્‌બુદ્ધિનું વિપરીતપણુ કરે છે.

વળી પ્રલય સમયમાં બુદ્ધિ આદિક તત્ત્વનો નાશ થયે સતે પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓમાં કારણભાવે કરીને વિષયવાસનારૂપ કામ તો રહે છેજ. અને પ્રલય સમયમાં બુદ્ધિ આદિક કરણથી રહિત અને વિષયવાસનારૂપ કામે સહિત એવા જીવાત્માઓ રહેલા હોય છે, તે પાછા સૃષ્ટિ-સમયમાં જ્યારે કરણ કલેવર પામીને ઉત્પન્ન થાય છે ત્યારે તેમને બુદ્ધિ આદિક કરણોમાં અવર્જનીય કામ સ્થૂળભાવે કરીને ઉદ્‌ભવ પામે છે. માટે કામનું બુદ્ધિથી પરપણું કહેલું છે.

આ પ્રકારે બુદ્ધિથી પર વર્તતા કામને જ્ઞાન વિજ્ઞાનનો નાશક એવો અતિ ઉત્કૃષ્ટ-બળવત્તર શત્રુ જાણીને મારા સ્વરૂપના મહાત્મ્યજ્ઞાનપૂર્વક મારી ભક્તિએ યુક્ત અને પ્રાકૃત માયિક વસ્તુઓમાં દોષદૃષ્ટિએ યુક્ત એવી બુદ્ધિથી પોતાના મનને મારી આરાધનારૂપ ધર્મે સહિત ભક્તિયોગને વિષે અથવા નિષ્કામભાવે કરાતા કર્મયોગને વિષે- સમ્યક્ ભાવથી સ્થાપન કરીને- વર્તાવીને, મોટી ભુજાવાળા હે અર્જુન ! એ કામરૂપ દુરાસદ-દુઃખે કરીને પણ જેને દબાવી શકાતો નથી અને જેની ગતિ પણ કોઈના જાણવામાં ન આવે એવો એ શત્રુરૂપ છે, તેને માર ! - સમૂળગો નાશ કરી નાખ ! ॥૪૨-૪૩॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનન્દસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્ગુરૂવર્ય-શ્રીગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્‌ભગવતદ્ગીતાભાષ્યે તૃતીયોડધ્યાયઃ ॥૩॥*

## अथ चतुर्थोऽध्यायः

श्री भगवानुवाच

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥१॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે. ક્યારેય પણ ક્ષય નહિ પામનારો આ અવિનાશી કર્મયોગનો માર્ગ મેં પૂર્વે સૂર્યદેવને કહ્યો હતો, તે પછી સૂર્યદેવે પોતાના પુત્ર મનુને કહ્યો હતો અને એ મનુએ સ્વપુત્ર ઈક્ષ્વાકુને કહ્યો હતો. ॥૧॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે ત્રીજા અધ્યાયમાં અનાદિ સંચિત કર્મજનિત વાસનારૂપ પ્રકૃતિએ યુક્ત, મોક્ષસાધનામાં પ્રવર્તેલા પુરુષને, સઘળાં ઇન્દ્રિયોના વ્યાપારથી સર્વથા ઉપર પામવારૂપ જ્ઞાનયોગમાં, તેમજ ભગવાન શ્રી નારાયણમુનિ-મહારાજને વિષે સર્વ ઇન્દ્રિયોના વ્યાપારના સમર્પણરૂપ એકાંતિક ભક્તિયોગમાં પણ અકસ્માત્-એકદમ અધિકાર નહિ હોવાથી, જેમાં આત્મા-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનનું અનુસન્ધાન અનુસ્યૂતપણે રહેલું છે એવો અને તે તે કર્મના ફળાભિસન્ધિથી રહિત એવો કર્મયોગ જ કરવો જોઈએ, એમ કહ્યું.

અને વળી જ્ઞાનયોગમાં યોગ્ય-અધિકારીને પણ કર્મના કર્તાપણાનું અનુસન્ધાન સત્ત્વાદિક ગુણોમાંજ રાખીને કર્મયોગ કરવો એજ સારામાં સારો માર્ગ છે. એમ સકારણ કહી બતાવ્યું.

અને લોકમાં અગ્રેસરપણે પ્રસિદ્ધિ પામેલા પુરુષને તો લોકસંગ્રહને માટે પણ કર્મયોગ જ કરવો એ શ્રેષ્ઠ માર્ગ છે એમ પણ કહી બતાવ્યું.

હવે આ ચોથા અધ્યાયમાં તો અર્જુનને પોતે-શ્રીમુખે કહેલા કર્મયોગના અનુષ્ઠાનમાં દ્રઢતા કરાવવાને માટે, મનુ વિગેરેને ઉપદેશેલી યોગકથા, તેમજ તે પ્રસંગે પ્રાપ્ત થતી પોતાની અવતારકથા, પોતાના જન્મ-કર્માદિકને દિવ્યપણે જાણવાનું માહાત્મ્ય, સ્વસ્વરૂપને કર્મથી અલિપ્ત સમજનારાઓને પણ કર્મથી નિર્લેપતા, કર્મ, અકર્મ અને વિકર્મનું સ્વરૂપ, યજ્ઞોના ભેદો, જ્ઞાનયજ્ઞનું શ્રેષ્ઠપણું, જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રકાર અને જ્ઞાનયજ્ઞ કરનારાઓને કર્મથી નિર્બન્ધપણું એ વિગેરે કહેવામાં આવે છે પૂર્વાધ્યાયમાં કહેલા કર્મયોગની કર્તવ્યતાને દ્રઢ કરતા થકા ભગવાન શ્રીકૃષ્ણ ત્રણ શ્લોકથી કહે છે -

મેં આ સર્વ કર્મ મારે વિષે અર્પણ કરવાપૂર્વક કર્મ કરવારૂપ અતિ પ્રાચીન કર્મયોગ પૂર્વે સૂર્યને કહ્યો હતો. તે પછી સૂર્યદેવે શ્રાદ્ધદેવ નામે પોતાના પુત્ર મનુને કહ્યો હતો અને શ્રાદ્ધદેવ-મનુએ ઇક્ષ્વાકુ એ નામના પોતાના પુત્રને કહ્યો હતો. ॥૧॥

एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परन्तप ॥२॥

-: શ્લોકાર્થ :-

આમ પરંપરાથી પ્રાપ્ત થતા આ કર્મયોગને પૂર્વેના સઘળા રજર્ષિઓ જાણતા હતા, પરંતુ ઘણા લાંબા કાળે કરીને તે કર્મયોગનો માર્ગ હે શત્રુતાપન! અર્જુન ! આ લોકમાં નષ્ટપ્રાય થઈ ગયો છે. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

આ કહ્યું એ રીતે પુત્ર-પૌત્રાદિક સંપ્રદાયની પરંપરાએ ચાલતો આવેલો આ કર્મયોગ પૂર્વે ઘણા રાજાઓ જાણતા હતા.

મધ્યે શંકા કરે છે તો તે પછીના થયેલા રાજાઓ કેમ નથી જાણતા ? એના સમાધાનમાં કહે છે, હે શત્રુતાપન-અર્જુન ! આ લોકમાં ઘણાં લાંબા કાળે કરીને તે યોગ નાશ પામી ગયો છે, એટલે કે, શ્રોતાજનોની અલ્પ બુદ્ધિને લીધે પરંપરા તૂટી જવાથી છિન્ન ભિન્ન થઈ ગયો છે. ॥૨॥

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥३॥

-: શ્લોકાર્થ :-

તેજ આ પુરાતન કર્મયોગનો માર્ગ મેં તને આજ હમણાં કહી બતાવ્યો, કારણ કે, તું મારો પરમ ભક્ત અને વળી મારો પ્રિય સખા છું, માટે આ અતિ ઉત્તમ રહસ્યરૂપ કર્મયોગ મેં તને કહ્યો છે, એમ જાણ ! ॥૩॥

-: ભાષ્યાર્થ :-

તેજ આ પુરાતન કર્મયોગ તને મેં હમણાં વિસ્તારથી ઉપપાદન કરીને કહી બતાવ્યો.

આ યોગ મારી આગળ કહેવામાં તમારે શું પ્રયોજન છે ? એમ જો તને શંકા થતી હોય તો કહું છું. તું મારો પરમ પ્રિય ભક્ત સેવક છું, વળી તું મારો સખા-પરમ પ્રિય મિત્ર છું., એ હેતુથી જ આ યોગરૂપ અતિ ઉત્તમ રહસ્ય -વેદમાં કહેલું જ્ઞાન તે મેં તને કહી બતાવ્યું. આ કર્મયોગરૂપ રહસ્ય મારા સિવાય બીજો કોઈ પણ જાણવાને, કે જાણીને કહેવાને માટે પણ શક્તિમાન છેજ નહિ. ॥૩॥

अर्जुन उवाच-
अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥४॥

-: શ્લોકાર્થ :-

અર્જુન પૂછે છે આપનો જન્મ હમણાં વર્તમાન કાળમાં છે અને વિવસ્વાનનો સૂર્યદેવનો જન્મ તો પૂર્વે થયો હતો. તો એ હું કેમ સમજી શકું કે આપેજ પૂર્વે એ કર્મયોગ કહ્યો હતો. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

“મેં પ્રથમ સૂર્યને કહ્યો હતો.” એમ કાળસંખ્યા જોતાં બહુજ દૂર કાળમાં વર્તતું ભગવદ્વચન અસંભવિત લાગવાથી તેમાં શંકા પામતાં અર્જુન પૂછે છે -

તમારો જન્મ-પ્રાદુર્ભાવ હમણાં- બહુ દૂર નહિ એવા મારા જન્મ-સમયની સમીપ સમયમાંજ થયેલો છે. અને સૂર્યનો જન્મ-કશ્યપ થકી અદિતિને વિષે ઉત્પન્ન થવું, તે તો ઘણા યુગકાળની સંખ્યા વડે બહુ દૂર કાળમાં થયેલો હતો, તો એવા અતિ ઘણા પૂર્ણ સમયમાં, હાલ-સમયમાં થયેલા તમે સૂર્યને આ યોગ કહ્યો હતો એવું પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધ તમારું વચન હું કેમ જાણું ? કેવા પ્રકારે મારા જાણવામાં આવે ? ॥૪॥

श्री भगवानुवाच-

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ! ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परन्तप ! ॥५॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે-હે અર્જુન ! મારાં અને તારાં ઘણાંક જન્મ વીતી ગયાં છે, તે સઘળાં જન્મને હું જાણું છું, પણ હે પરંતપ ! તું નથી જાણતો. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

આ અર્જુનના પ્રશ્નનો ઉત્તર કરતાં ભગવાન શ્રીહરિ પોતાના પ્રાદુર્ભાવનું સ્વરૂપ નિરૂપણ કરી સમજાવે છે.

હે અર્જુન ! મારાં ઘણાંક જન્મ વીતી ગયાં, તેમજ - તારાં પણ અનેક જન્મ વીતી ગયાં છે. હે પરંતપ ! સઘળાં તે -તારાં અને મારાં જન્મ તેને હું જ જાણું છું, પણ તું તો તે-મારાં અને તારાં જન્મને નથીજ જાણતો.

આ શ્લોકથી ભગવાને પોતાના અવતારોનું સત્યપણું કહ્યું. તેમજ પોતાને વિષે અખંડ અનુભવાત્મક જ્ઞાન અબાધિત રહેલું છે એમ પણ કહ્યું. આ અર્થમાં પ્રમાણ વચન “જે ભગવાન આ સઘળું વિશ્વ સ્વતઃ - અન્યસહાયનિરપેક્ષ પણેજ સદાય પ્રત્યક્ષપણે એક કાળાવચ્છિન્ન જાણે છે.” “જે ભગવાનનું અનુભવાત્મક જ્ઞાન કાળે કરીને, તેમજ આ વિશ્વનો લય તથા ઉત્પત્તિ આદિક થવાથી પણ તેમજ પોતાથી કે બીજાથી તેમજ માયાના ગુણો સત્ત્વાદિકથી કે બીજા કોઈથી પણ નાશ નથી પામતું.” ઇત્યાદિક ઘણાંક છે. ॥૫॥

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ।।६।।

-: શ્લોકાર્થ :-

કેમ કે હું તો કર્માધીન જન્મથી રહિત, સ્વરૂપ અને સ્વભાવથી પણ વ્યયરહિત-અવિનાશીસ્વરૂપ અને ભૂત પ્રાણીમાત્રનો નિયામક હોવા છતાં પણ મારા પરમ વાત્સલ્યાદિક અસાધારણ સ્વભાવને અનુસરીને મારી પોતાની ઈચ્છાથી જ પ્રગટ થાઉં છું. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, ભગવાનને જન્મ કહેવાથી ભગવાનને વિષે પંચભૂતના પરિણામ રૂપ દેહવાળાપણું, દેહવાળાપણું હોવાથી કર્માધીનપણું, તેમજ પરાધીનતા વિગેરે દોષનો પણ સંભવ આવે. એ શંકાના સમાધાનમાં કહે છે.

કર્મવશ્ય-જન્મરહિત હોવા છતાં પણ, વિકારશૂન્ય અનશ્વર આત્મા-મૂર્તિ-સ્વરૂપ જેનું છે, તથા અક્ષર, પુરુષ કાળ, માયા એ આદિક સર્વ ભૂત-પ્રાણીમાત્રનો નિયામક અને સ્વતંત્ર છું તો પણ, એટલે કે અજત્વ, અવ્યયમૂર્તિત્વ, સર્વનિયંતૃત્વ, સ્વતંત્રત્વ, સર્વવ્યાપકત્વ, એ વિગેરે મારાં અતિ ઉત્કૃષ્ટ-સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યોને નહિ તજતાં જ. મારી પોતાની પ્રકૃતિને એટલે કે સ્વભાવસિદ્ધ અને નિરવધિક અતિશયવાળાં- જ્ઞાન, બળ, ઐશ્વર્ય, વીર્ય શક્તિ, ધૈર્ય અને તેજ, તેમજ અપાર કારૂણ્ય, સૌશીલ્ય, વાત્સલ્ય અને ઔદાર્ય, એ આદિક મારી પોતાની અસાધારણ પ્રકૃતિને સ્વભાવને અનુસરીને હું મારી ઈચ્છાથીજ પ્રાદુર્ભાવ પામું છું.

અભિપ્રાય એ છે કે આ કહી એવી મારી પ્રકૃતિને અંગીકાર કરીને અનુસરીને માયિક ભાવનો લેશ પણ જેમાં નથી જ, તેમજ ક્ષર-અક્ષરાદિક સર્વનું નિયમન કરનારી અને ક્ષર-અક્ષર સર્વથી વિલક્ષણ એવી દિવ્ય મહામનોહર મૂર્તિથી મારો પોતાનો સંકલ્પ એજ હેતુને લીધે દેવ-મનુષ્યાદિકમાં તેને સમાન રૂપથી આકૃતિથી આવિર્ભાવ પામું છું.

આ શ્લોકથી ભગવાન પુરુષોત્તમનો આવિર્ભાવપ્રકાર કહ્યો, અપ્રાકૃત - દિવ્ય વિગ્રહે યુક્તતા કહી અને જન્મનું- આર્વિભાવનું કારણ પણ કહ્યું. અહીંયાં માયાશબ્દ જ્ઞાનપર્યાય, સંકલ્પપર્યાય, તેમજ ઈચ્છાપર્યાયરૂપ અર્થવાળો છે એમ

શ્રીમદ્રામાનુજાચાર્ય પોતે માને છે. વળી-બીજા ગ્રંથોમાં કૃપા આદિકના પર્યાય અર્થમાં પણ માનવામાં આવે છે.

ભગવાનના આવિર્ભાવ પ્રકારમાં પ્રમાણભૂત ''કર્માધીન જન્મ નહિ છતાં બહુ પ્રકારે પ્રગટ થાય છે.'' ''ધીર જ્ઞાનીજનો જ તે ભગવાનના આવિર્ભાવ પ્રકારને યથાર્થ જાણી-સમજી શકે છે.'' ''કમળ સરખાં નેત્રવાળાં અને ચતુર્ભુજસ્વરૂપ એવા તે અદ્‌ભુત આશ્ચર્યકારી બાળકને જોઈને.'' ''માતા-પિતાને જોત-જોતામાંજ તુરતજ પ્રાકૃત-સામાન્ય બાળક જેવા થઈ ગયા.'' ''તેજ આ પુરાતન પુરુષ પરમાત્મા નિશ્ચેજ છે.'' ''અનેક સાધનોથી પણ ન જાણી શકાય એવા પોતાના સ્વરૂપને જણાવવાને અર્થેજ સ્વીકારી છે નરાકૃતિ જેમણે એવા તમને.'' ''તેજ તમે સાક્ષાત્ અધ્યાત્મજ્ઞાનને પ્રકાશ કરનારા વિષ્ણુ-ભગવાન છો.'' ''કર્માધીન જન્મરહિત અજન્મા પરમાત્માનો જન્મ અધર્મ-માર્ગે ચાલનારા અધર્મીઓના નાશ માટે છે. અને કર્તાપણાના અભિમાને રહિત અકર્તા પરમેશ્વરને કર્મ કરવાં તે મનુષ્યોને શીખવાડવાને માટે જ છે. અને એમ જો ન હોય તો ગુણકાર્યથી પર વર્તનારા પરમાત્મા કર્મતંત્ર એવા દેહયોગને યોગ્ય કેમ ગણાય ? ન જ ગણાય'' એ આદિક શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ વિગેરેનાં ઘણાંક વચનો છે.

ભગવાનના અપ્રાકૃત વિગ્રહને કહેનારાં પ્રમાણભૂત વાક્યો - ''હું આ વિશ્વમાં પ્રથમથી જ હતો.'' ''સાકાર થકા વ્યાપવું એજ પુરુષ-પરમાત્માનું પુરુષપણું છે.'' ''આ સઘળું વિશ્વ આગળ પુરુષાકાર પરમાત્મારૂપે જ હતું.'' ''માયાના તમથી પર રહેલા અને સૂર્ય સમાન સમુજ્જવળ વર્ણવાળા સર્વથી મહાન્ પુરુષ-પરમાત્માને હું જાણું છું.'' ''જે આ આદિત્યમંડળમાં હિરણ્યમય પુરુષ-પરમાત્મા જોવામાં આવે છે, તે હિરણ્ય સમાન સુન્દર દાઢી અને હિરણ્ય સમાન માથાના કેશવાળા અને નખથી લઈને શિખાપર્યન્ત સુવર્ણ સરખાજ અતિ સુન્દર-મહા મોહક છે.'' ''દિવ્ય બ્રહ્મ ધામમાં એક અદ્વિતીય પુરુષાકાર પરમાત્મા અખંડ વિરાજમાન રહે છે, તે પુરુષથી - પરમાત્માથી આ સઘળું વિશ્વ પૂર્ણ છે.'' ''પરમાત્મા સત્યસંકલ્પ, આકાશની પેઠે નિર્મળસ્વરૂપ, વિશ્વની ઉત્પત્તિ આદિક સઘળાં કર્મ કરનારા, સર્વ ઈચ્છાઓથી પૂર્ણ, સર્વ ગંધથી પૂર્ણ અને સર્વ રસમયમૂર્તિ છે.'' ''તે આ પુરુષ-પરમાત્માનું રૂપ તો જેવું મહારજતમય વસ્ત્ર હોય તેવું સમુજ્જવળ શ્વેત-પ્રકાશમય છે.'' ''આ પરમાત્માનો દેહ પૃથ્વી આદિક ભૂતસંઘાતની રચનાવાળો નથી, અર્થાત્ દિવ્ય અપ્રાકૃત છે.'' ''સૃષ્ટિના પહેલાં એકજ અદ્વિતીયસ્વરૂપ એવા વાસુદેવ

પરબ્રહ્મ ભગવાન માયાના ગુણોથી રહિત અને દિવ્ય મૂર્તિ થકા પોતાના બૃહત્ અક્ષર ધામમાં અખંડ વિરાજમાન હતા.'' ''આ આવીજ છે.'' એમ નિર્દેશ ન કરી શકાય એવી એક મૂર્તિ છે, તેને ઉપાસક જ્ઞાનીજનો તેજના સમૂહથી વ્યાપ્ત સઘળાં અંગવાળી એવી અતિ શ્વેત-તેજોમય દેખે છે.'' ''તે સમયમાં કૃષ્ણને ગ્રીષ્મ ઋતુના કોટિ સૂર્ય સમાન તેજસ્વી, હસ્તમાં મૂરલીધારી રહેલા અને કીશોર અવસ્થાવાન્ એવા દ્વિભુજ મૂર્તિ દીઠા.'' ''એક-સાથે ઉદય પામેલા હજારો-હજાર સૂર્ય સમાન પ્રકાશવાળા તે તેજમાં રમ્ય અને દિવ્ય એવી શ્યામ-સુન્દર આકૃતિવાળા વાસુદેવ ભગવાનને દીઠા.'' ઇત્યાદિક શ્રુતિ, સ્મૃતિ અને પુરાણવચનો વિગેરે ઘણાંક છે.

હવે ભગવાનને જન્મ ધારવામાં હેતુમાં પ્રમાણભૂત ''હે શુભે ! હું દેવકીજીના પુત્રપણાને પામીશ.'' ''હું તમારો પુત્ર થયો હતો અને પ્રશ્નિગર્ભ એવા નામથી પ્રસિદ્ધ થયો હતો.'' ''હું અંશ-કળાથી અવતાર ધારણ કરીશ.'' ''મેં તમને હું પોતે આપ્યો માટેજ તે દત્ત એવા નામે પ્રસિદ્ધ ભગવાનનો અવતાર છે.'' ઇત્યાદિક ભાગવત પુરાણનાં વચનો છે.

આ કહ્યાં એ વચનોથી ભગવાનને જન્મ ધારવામાં પોતાની ઇચ્છા એજ મુખ્ય કારણ છે એમ કહેવામાં આવ્યું છે. ॥૬॥

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥

-: શ્લોકાર્થ :-

અને એ રીતે જ્યારે જ્યારે મેં પ્રવર્તાવેલા એકાંતિક ધર્મની ગ્લાનિ થાય છે. અને અધર્મની ચઢતી-પ્રબળતા થાય છે, ત્યારે હું મારા સ્વરૂપને સર્જુ છું— આવિર્ભાવ પામું છું. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, ભગવાનનો જન્મ ક્યારે થાય ? એ શંકાના સમાધાનમાં કહે છે.

''હે ભારત ! જ્યારે જ્યારે જે જે સમયમાં, ધર્મની  અસ્તેય અને અહિંસા વિગેરે સદાચારની, તેમજ મારા એકાંતિક ધર્મની પણ, ગ્લાનિ-ભ્રંશ થઈ જાય છે. અને અધર્મની-શાસ્ત્રનિષિદ્ધ- પરદારાગમન, અપેય એવા દારૂ આદિકનું પાન કરવું

અને હિંસા વિગેરે પાપચારની લોકમાં વૃદ્ધિ ચઢતી થાય છે. ત્યારે નિશ્ચેજ હું મારા આત્માને- સ્વરૂપને, સર્જું છું- મારી પોતાની ઇચ્છાથીજ દેવ-મનુષ્યાદિકરૂપે પ્રગટ થઈને સર્વ જનને નયનગોચરપણે વર્તું છું.'' આ કહેવાથી શ્રીહરિના આવિર્ભાવનો સમય સૂચવ્યો છે. ।।૭।।

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ।।८।।

-: શ્લોકાર્થ :-

અને મારા ભક્ત એવા સાધુજનોના પરિત્રાણ માટે અને તેમના દ્રોહી દુષ્કર્મી અસુરોના વિનાશ માટે તથા એકાંતિક ધર્મના સમ્યક્-સ્થાપન માટે હું યુગો યુગ અવતાર લઉં છું. ।।૮।।

-: ભાવાર્થ :-

નનું-શંકા, શું કાર્ય કરવાને માટે ભગવાન જન્મ ધારે છે? એના સમાધાનમાં કહે છે.

સાધુઓ, કે જે મારા સાક્ષાત્ દર્શનની તીવ્ર ઇચ્છાવાળા છે. અને મારા વિયોગને લીધે શરીરનું ધારણ કે પોષણ વિગેરે કરવાને માટે પણ અસમર્થ બની ગયેલા, પરંતુ- મારાં નામનું કીર્તન અને મારાં લીલા-ચરિત્રોનું સ્મરણ કરવાથી જેમ તેમ કરીને ફક્ત પ્રાણનું ધારણ કરી રહેલા એવા મદેકપરાયણ જે સાધુ જનો છે, તેમના પરિત્રાણને માટે- મારી મૂર્તિ અને મારાં લીલા-ચરિત્રોનું દર્શનાદિક આપીને તેઓના રક્ષણને માટે. અને વળી-તે સાધુજનોથી પ્રતિકૂળ વર્તન કરનારા દુષ્ટ-અસુરજનોનો, તેમજ કામક્રોધાદિક દુષ્ટ સ્વભાવના પાપીજનોનો વિનાશ-સમૂળ સંહાર કરવા માટે. તેમજ સચ્છાસ્રપતિપાદિત મારી ઉપાસના પ્રધાન એવા એકાંતિક ધર્મના સ્થાપન માટે ઉપદેશ કરીને તેમજ આચરીને પણ તેનું સમ્યક્ રીતે સ્થાપન કરવા માટે. કરૂણાપૂર્ણ મૂર્તિ ધારીને યુગો-યુગ, અર્થાત્ સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિ, એ સર્વ યુગોમાં હું આવિર્ભાવ પામું છું. એ અભિપ્રાય છે. ।।૮।।

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ! ।।९।।

-: શ્લોકાર્થ :-

આ મારાં જન્મ અને કર્મ તેને દિવ્ય છે. એમ જે તાત્ત્વિક ભાવથી જાણે છે. તો તે પણ પોતાના શરીરનો ત્યાગ કરીને ફરીથી જન્મ નથી પામતો, પણ હે અર્જુન ! મનેજ પામે છે. ॥૯॥

-: ભાષ્યાર્થ :-

હવે પોતાનાં જન્મ અને કર્મના જ્ઞાનનું અલૌકિક માહાત્મ્ય કહી સમજાવે છે.

મારાં એટલે કે કર્મ કારણ જેમાં છે અને હેયભૂત પ્રકૃતિના ત્રણ ગુણોના કાર્યભૂત એવો દેહસંબંધ એજ લક્ષણ જેનું છે, એવા જન્મરૂપ વિકારથી રહિત. અને સમગ્ર દિવ્ય-કલ્યાણકારી ગુણગણોના સમૂહોથી પરિપૂર્ણસ્વરૂપ એવો જે હું, તે મારાં એકાંતિક સંતોના રક્ષણ માટે સ્વીકારેલાં જન્મ, કર્મ અને ચેષ્ટિત-લીલા ચરિત્રો, તેને દિવ્ય-પ્રકૃતિજન્ય ગુણના સંસર્ગલેશથી પણ વર્જીત અને શ્રોતા જનોના મોક્ષનેજ કરનારાં છે, એમ જે તત્ત્વથી-ખરી રીતે જાણે છે, હે અર્જુન ! તે પુરુષ પોતાના વર્તમાન શરીરનો પરિત્યાગ કરીને કર્યા પછી ફરીથી જન્મ નથી પામતો, પણ મનેજ પામે છે. ॥૯॥

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥१०॥

-: શ્લોકાર્થ :-

રાગ, ભય અને ક્રોધ વિગેરે વિકારોથી રહિત થયેલા, મારામાં અનન્ય ભાવથી એકચિત્ત થયેલા અને મનેજ આશરેલા એવા ઘણાક પુરુષો મારા સ્વરૂપના પરમ જ્ઞાનરૂપ તપથી પવિત્ર થઈને મારા સ્વરૂપને પામેલા છે. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

અને એ પ્રમાણે મારાં જન્મ-કર્મ દિવ્યપણે જાણવાના પ્રભાવથી ટળી ગયા છે - મારા સિવાય બીજામાં પ્રીતિરૂપ રાગ, સર્વસંહારક કાળનો ભય, તેમજ ક્રોધાદિક વિકારો જેમના, અને તેથીજ હું જ પ્રધાન જેમને છું. અને તેથી જ મને અનન્ય ભાવથી આશરેલા. એવા ઘણાક માણસો મારા સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન અને મેં કહેલા ધર્મપાલનરૂપ તપ તેનાથી ટળી ગયા છે સમસ્ત અવિદ્યાજનિત દોષમાત્ર જેમના, એવા થકા મારો ભાવ જે અક્ષરસ્વરૂપતા વિગેર અસાધારણ સ્વભાવરૂપ ગુણ, તેને પામી ગયા છે, તેમાં પ્રમાણભૂત શ્રુતિ છે. ‘‘ત્યારે વિદ્વાન્- જ્ઞાની ઉપાસક પુણ્ય-

પાપરૂપ કર્મજાળને ટાળી નાખીને માયાના અંજનરૂપ આવરણથી રહિત પરિશુદ્ધ થઈને પરમાત્માની સાથે પરમ સામ્યને પામે છે.'' ॥૧૦॥

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ ! सर्वशः ॥११॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! જે મનુષ્યો મને જેવા જેવા ભાવથી ભજે છે, તેઓને હું પણ તેમજ ભજું છું, ફળદાનદ્વારા અનુકૂળ થાઉં છું. અને આખરે એ સર્વ મનુષ્યો મારા માર્ગને જ અનુસરે છે, મુક્તિમાર્ગમાં આવે છે. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

હવે ભક્તોએ અભિલષિત પ્રાપ્ય વસ્તુના ભેદથી પોતાની ઉપાસનાનો ફળભેદ કહી બતાવે છે.

જે જ્ઞાની, જીજ્ઞાસુ, આર્ત અને અર્થાર્થી, એ સઘળા જનો. જેમ જે પ્રકારથી, એટલે કે, નિષ્કામ ભાવથી કે સકામ ભાવથી, મને-સર્વ કર્મના ફળને પમાડનારો અને સર્વનો નિયંતા એવો હું તે મને પામે છે, સેવે છે, તે ઉપર કહ્યા એ સર્વને હું તેજ પ્રમાણે મારી ઉપાસનામાં ઇચ્છિત - ઉપયોગી વસ્તુઓ આપીને જ, ભજું છું, અનુગ્રહ કરુ છું. પણ વિપરીત ભાવથી નથી ભજતો.

હે પૃથાપુત્ર અર્જુન ! બહુ કહેવાથી શું ? આ જગત્માં સર્વ મનુષ્યો પરમ દયાળુ એવા મારા માર્ગને, એટલે કે સાંસારિક જીવો ઉપર પરમ દયાથી સહુ સહુના અધિકાર પ્રમાણે મેં જ કહેલા બીજા દેવતાઓના પૂજનરૂપ વેદમાર્ગને અનુસરે છે, તો તેઓને પણ હુ તેજ પ્રમાણે ભજું છું. અર્થાત્ તેને અપેક્ષિત ફળ આપું છું. એમ જાણવું ॥૧૧॥

काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥१२॥

-: શ્લોકાર્થ :-

કરેલાં કર્મની ફળસિદ્ધિને ઇચ્છતા થકા આ લોકમાં જે મનુષ્યો દેવતાઓનું યજન-પૂજન કરે છે, તો તેમને આ માનુષ લોકમાં કર્મથી થનારી ફળસિદ્ધિ વહેલી પ્રાપ્ત થાય છે. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

તે વાતને જ કહી બતાવે છે.

વેદમાં કહેલી ઈન્દ્રાદિક દેવોની ઉપાસનારૂપ ક્રિયાઓની સિદ્ધિને-સ્વર્ગ પુત્ર, પશુ અને અન્નાદિકની પ્રાપ્તિરૂપ ફળસિદ્ધિને, ઈચ્છતા થકા આ માનુષ લોકમાં ઈન્દ્રાદિક દેવોને જે આરાધે છે, તેમને આ લોકમાં અને પરલોકમાં પોતે કરેલાં કર્મથી પ્રાકૃત ફળરૂપ સિદ્ધિ તુરત જ મળે છે. માટે ઘણું કરીને તે મારું સાક્ષાત્ આરાધન-પૂજન નથી કરતા.

અભિપ્રાય એ છે કે, સર્વાંતર્યામી, સર્વનિયંતા અને સર્વ કર્મનો ફળપ્રદાતા એવો જે હું તે મારી સર્વ વેદમાં કહેલાં કર્મથી આરાધના સિવાય તેમજ મારી એકાંતિકી ભક્તિ સિવાય પણ મનુષ્ય મારા અક્ષર ધામને તેમજ મારા સ્વરૂપના આનંદને પણ નથી જ પામતો. ॥૧૨॥

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ।।१३।।

-: શ્લોકાર્થ :-

ગુણકર્મના વિભાગ પ્રમાણે બ્રાહ્મણાદિક ચારેય વર્ણો મેં રચ્યા છે. માટે તેનો કર્તા પણ મને જાણ ! અને કર્તા છતાં અકર્તા અવિકારી પણ મને જ જાણ! ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

હવે કર્મની પોતાના આરાધન માટે જ કર્તવ્યતા છે એમ દૃઢ કરતા થકા કહે છે.

મેં, ગુણ-કર્મના વિભાગથી એટલે કે માયાના સત્ત્વાદિક ત્રણ ગુણો, તેમજ-શમદમાદિક, શૌર્યધૈર્યાદિક, કૃષિવાણિજ્યાદિક અને પરિચર્યાદિક, જે બ્રાહ્મણાદિકનાં ધર્મભૂત નિયત થયેલાં કર્મો, તે એ બન્નેના ગુણ અને કર્મના વિભાગને અનુસરીને બ્રાહ્મણાદિક ચાર વર્ણના વિભાગની વ્યવસ્થાથી રહેલું આ સઘળું જગત્ સર્જ્યું છે. સર્જ્યું એમ કહેવાથી રક્ષણ સંહાર વિગેરે પણ જાણી લેવું. ગુણકર્મના વિભાગને લીધે ભિન્ન ભિન્ન પ્રકારે સર્જેલા આ વિચિત્ર જગત્નો કર્તા હોવા છતાં પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કર્મ પ્રમાણે સારા-નરસા ઉચ્ચ નીચ દેહાદિકનું કર્તાપણું છે, માટે એ હેતુને લીધે જ વસ્તુતાએ અકર્તા એવો જ મને જાણ !

તમને કેવા જાણવા ? એના ઉત્તરમાં કહે છે સત્ત્વાદિક ગુણવિભાગને અનુસારે પ્રવર્તતા કર્મવિભાગને અનુસરીને દેવ-મનુષ્યાદિક વિચિત્ર સૃષ્ટિ આદિકનું કર્તાપણું હોવાથી તેના તેના કર્તૃત્વાદિકના અભિમાનથી થતા વિકારોનો લેશ પણ નહિ હોવાથી સર્વથા નિર્વિકાર અને અવિનાશી સ્વરૂપ એવો મને જાણ ! એમ પૂર્વાપર વાક્યનો સંબંધ જાણવો. ॥૧૩॥

**न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।**
**इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥१४॥**

**-: શ્લોકાર્થ :-**

કેમ કે મને કર્મો લેપ-આવરણ કરી શકતાં નથી, તેમ મને કર્મના ફળમાં સ્પૃહા પણ નથી. વળી આમ મને જે જાણે છે તે પણ કર્મથી બંધાતો નથી. ॥૧૪॥

**-: ભાષ્યાર્થ :-**

તેજ પરમેશ્વરનું સૃષ્ટિકાર્યમાં કર્તૃત્વ અને અકર્તૃત્વ યુક્તિવાદપૂર્વક કહી બતાવે છે.

વિષય સૃષ્ટિ રચવા વિગેરે મારી ક્રિયાઓ, મને લેપ-બંધન કરી શકતી નથી. અર્થાત્ મારે વિષે કર્તાપણાના અભિમાનરૂપે સંલગ્ન થતીજ નથી.

અભિપ્રાય એ છે કે દેવમનુષ્યાદિક સારા-નરસા ઉચ્ચ-નીચ ભાવ મેં નથી કરેલા, પણ એ તો જીવાત્માઓનાં શુભ-અશુભ કર્મના ભેદથીજ કરેલા છે.

વળી મારે કર્મના ફળમાં સ્પૃહા પણ નથી, એટલે કે ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓને સારા-નરસા દેહ અને ભોગાદિક વિચિત્ર જુદાં જુદાં ફળ પ્રાપ્ત થવામાં ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કર્મનુંજ પ્રધાનપણું છે. માટે તે જીવાત્માઓને તેમનાં તેમનાં કર્મનાં ફળ પમાડવાને માટે જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ કર્મનું સર્વથા નિઃસ્પૃહ એવા મારે વિષે કર્તાપણું તો તેનાં તેનાં કર્મની અપેક્ષાએ જ છે. એ અભિપ્રાય છે.

સૂત્રકાર બાદરાયણ મુનિ પણ તે પ્રમાણેજ કહે છે ''પરમેશ્વરને વિષમતા તેમજ નિર્દયતા પણ નથી, કેમકે કર્મની અપેક્ષાએ છે માટે. તેજ પ્રમાણે શ્રુતિ કહી બતાવે છે.'' આ સૂત્રનો અર્થ આ છે પરમેશ્વરે કરેલી સૃષ્ટિમાં ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓને સારા નરસા દેહ અને ભોગ તેમજ ભોગનાં સ્થાન વિગેરે આપવામાં વૈષમ્ય-અસમાનતા, તથા ક્ષેત્રજ્ઞ- જીવાત્માઓને દુઃખ ઉત્પન્ન કરનારો આ અસાર સંસાર રચવામાં નિર્દયતા, એ બન્ને એ પરમેશ્વરને નથી, શાથી ? તો કે - એવી વિષમ

સૃષ્ટિ સર્જવામાં ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં પુણ્ય-પાપરૂપ કર્મનું અપેક્ષિતપણું હોવાથી. શ્રુતિ પણ તેજ પ્રકારે એ વાત કહી સંભળાવે છે - "સારું કામ કરનારો સારો-સુખી થાય છે. અને પાપ કર્મ કરનારો પાપી-દુઃખી થાય છે." પરાશરમુનિએ પણ એમજ કહ્યું છે, "તપસ્વીઓમાં શ્રેષ્ઠ એવા હે મુનિરાજ ! આ પરમાત્મા સૃજ્ય-જીવાત્માઓને સર્જવામાં નિમિત્તમાત્રજ છે. કારણ કે તેમાં પ્રધાન કારણીભૂત તો સૃજ્ય જીવાત્માઓની કર્મશક્તિઓજ છે. માટે એક નિમિત્તમાત્ર કારણભાવને મુકીને બીજા કોઈની અપેક્ષા રહેતીજ નથી. કેમ કે જીવાત્મા વસ્તુને પોતાની કર્મરૂપ શક્તિઓજ દેવ-મનુષ્યાદિક ભાવરૂપ વસ્તુતાને પમાડે છે."

ભગવાન શ્રીરામાનુજાચાર્ય આ શ્લોકનો અર્થ આ પ્રમાણે કરે છે. - "સૃજ્ય ક્ષેત્રજ્ઞ જીવાત્માઓની સૃષ્ટિમાં નિમિત્ત કારણમાત્ર જ આ પરમ પુરુષ પરમાત્મા છે. અને દેવાદિક વિચિત્ર ભાવનું પ્રધાન કારણ તો સૃજ્યભૂત ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓની અનાદિ સંચિત પ્રાચીન કર્મશક્તિઓજ છે. માટે નિમિત્તમાત્ર કારણભાવને મુકીને, એટલે કે સૃષ્ટિના નિમિત્તમાત્ર કર્તા પરમ પુરુષ પરમાત્માને મુકીને આ ક્ષેત્રજ્ઞ-વસ્તુ દેવાદિક વિચિત્રભાવ પામવામાં બીજા કોઈની અપેક્ષા રાખતું નથી, પણ પોતામાં રહેલી પ્રાચીન કર્મરૂપ શક્તિઓને લીધે જ દેવાદિક વસ્તુભાવને પામે છે. એ અર્થ જાણવો."

આ કહ્યું એ પ્રકારે સૃષ્ટિ આદિકનો કર્તા હોવા છતાં પણ અકર્તા અને જગત્‌ની ઉત્પત્તિ આદિક કર્મના ફળમાં આસક્તિએ રહિત એવો મને જે પુરુષ જાણે છે, તો તે પુરુષ પણ મારી પ્રાપ્તિમાં વિરોધી અને ફળાસક્તિમાં કારણભૂત એવાં પ્રાચીન શુભ-અશુભ કર્મથી નથી બંધાતો અર્થાત્ મુકાઈ જાય છે. ॥૧૪॥

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥१५॥

**-: શ્લોકાર્થ :-**

પૂર્વે થયેલા મુમુક્ષુઓએ પણ એમ જાણી-સમજીને કર્મ કરેલાં છે, માટે તું પણ પૂર્વ કાળના પુરુષોએ પરા-પૂર્વથી કરેલાં કર્મજ કર્યા કર ! ॥૧૫॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે કર્મલેપથી રહિત સર્વથા નિર્દોષ મારું સ્વરૂપ જાણીને નાશ પામી ગયાં છે પાપ જેમનાં એવા પૂર્વે થયેલા વિવસ્વત્ અને શ્રાદ્ધદેવાદિક અનેક મુમુક્ષુઓએ કર્મ કરેલાંજ છે. માટે તું પણ આવું મારું સ્વરૂપ જાણી-સમજીને પૂર્વે

થયેલા મુમુક્ષુઓએ કરેલું અને પૂર્વના ઘણા કાળથી ચાલતું આવેલું અને પૂર્વ કાળમાં પણ મેં જ કહેલું એવું કર્મ કર ! અર્થાત્ કર્મના ફળમાં આસક્તિએ રહિત અને મારી ભક્તિએ સહિત એવો કર્મયોગજ કર ! ॥૧૫॥

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

કર્મ શું ? અને અકર્મ શું ? એ બાબતમાં મોટા મોટા કવિ-જ્ઞાનીઓ પણ મોહ પામી જાય છે. તો તે કર્મ હું તને કહી સમજાવીશ, કે જે જાણ્યા-સમજ્યા પછી કર્મના અશુભ બંધનથી તું મુકાઈ જઈશ. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે કહેલા કર્મનું કર્મયોગનું સ્વરૂપ સમજાવતાં કહે છે -

કર્મ-મુમુક્ષુજનોએ કરવા યોગ્ય કર્મ શું છે ? અને અકર્મ-જ્ઞાન એ શું છે? ફળાસક્તિએ રહિત અને પરમેશ્વરની ઉપાસનાએ સહિત એવું શાસ્ત્રીય કર્મજ અહીંયાં કર્મ-શબ્દથી જાણવું. અને કર્મનું આચરણ કરનારા જીવાત્માનું યથાર્થ જ્ઞાન, તથા તે કર્મથી ઉપાસના કરવા યોગ્ય પરમાત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન અહીંયાં અકર્મ-શબ્દથી કહેવામાં આવ્યું છે. આ કર્મ-અકર્મનું સ્વરૂપ સમજવામાં મોટા મોટા કવિઓ-વિવેકી એવા જ્ઞાનીજનો પણ મોહ પામી ગયેલા છે, અર્થાત્ ખરી રીતે નથી જાણી શકતા. તે જ્ઞાનમિશ્ર કર્મ હું તને કહીશ- કહું છું. કે જેને જાણવા-સમજવાથી તું અશુભ-બંધનમાં હેતુભૂત અજ્ઞાન થકી મુકાઈ જઈશ. ॥૧૬॥

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

કર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. અને વિકર્મની એટલે વેદોક્ત વિવિધ કર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. તેમજ અકર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. કેમ કે કર્મની બાબત અતિ ગહન—વિચિત્ર ઘુંચવણોથી ભરેલી છે. ॥૧૭॥

**-: ભાષ્યાર્થ :-**

હવે કર્મ અને તે કર્મમાં અંતર્ગત રહેલું જ્ઞાન, એ બન્નેની દુર્બોધતા કહી બતાવે છે.

મોક્ષના સાધનભૂત એવી કર્મની કર્તવ્યતામાં જાણવા યોગ્ય ઘણું છે. તેમજ નાના પ્રકારનાં વેદોક્ત કર્મની અનેક ફળરૂપતા હોવાથી, તથા તેનાં સાધનભૂત વસ્તુઓ સમ્પાદન કરવાના પ્રકારપણે કરીને, વિવિધતાને પામેલું કર્મ તે વિકર્મ-શબ્દથી કહેવાય છે. તો તેવા વિક્રમના નાના પ્રકારના અધિકાર-વિષયમાં પણ જાણવાનું ઘણું છે. તેમજ - અકર્મના-આત્મા પરમાત્માના જ્ઞાનના સ્વરૂપસંબન્ધમાં પણ ઘણું જાણવા યોગ્ય તત્ત્વ સમાયેલું છે. આમ આ રીતે ત્રણેય પ્રકારના કર્મની ગતિ સ્વરૂપ અતિ ગહન છે, એટલે કે - કર્મનું તત્ત્વ અતિ દુર્જ્ઞેય છે. એ અભિપ્રાય છે.

અનેક પ્રકારનાં વેદોક્ત નિત્ય-નૈમિત્તિકાદિક કર્મમાં પણ, નાના પ્રકારના અવાન્તર ફળના ભેદથી કરેલું વિવિધપણું ત્યાગ કરી દઈને મોક્ષ આપનારી ભગવત્પ્રસન્નતારૂપ એકજ ફળના અનુસન્ધાને કરીને સર્વ કર્મની કર્તવ્યતાનું અનુસન્ધાન જે રાખવું તેજ વિકર્મમાં ખાસ જાણવા-સમજવાનું છે. એમ - ''મુમુક્ષુઓએ કરવા યોગ્ય આ કર્મયોગમાં નિશ્ચયાત્મક એકજ બુદ્ધિ રાખવાની છે.'' એ શ્લોકમાં કહ્યું છે. ॥૧૭॥

**कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।**
**स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥१८॥**

**-: શ્લોકાર્થ :-**

માટે કર્મમાં અકર્મ જે જુએ છે, અને અકર્મમાં કર્મ જે જુએ છે, તો તે જોનારો પુરુષ સર્વ મનુષ્યોમાં બહુ બુદ્ધિમાન છે. અને તેજ યુક્ત-કર્મયોગયુક્ત છે. અને એજ સમગ્ર સત્કર્મ કરનારો છે. ॥૧૮॥

**-: ભાષ્યાર્થ :-**

હવે કર્મ - અકર્મમાં જાણવા યોગ્ય રહસ્ય કહી બતાવે છે.

કર્મમાં ભગવાનની પ્રસન્નતા એજ એક ફળની ઈચ્છાથી કરવામાં આવતા કર્મયોગમાં, અકર્મ-આત્માવલોકનમાં સાધનભૂત એવું જ્ઞાન રહેલું છે, એમ જે પુરુષ જુએ છે તથા અકર્મમાં-જ્ઞાનમાં કર્મ રહેલું જુએ છે. એટલે કે આત્મસાક્ષાત્કાર કરવામાં સાધનરૂપ એવા જ્ઞાનયોગમાં જે પુરુષ કર્મ-કર્તવ્યરૂપે, અર્થાત્ વર્ણાશ્રમના ધર્મરૂપે પ્રાપ્ત અને દેહયાત્રા નિમિત્તે પ્રાપ્ત થતું જુએ છે.

અભિપ્રાય એ છે કે આત્માવલોકન થવાથી પરિપકવ થયેલા જ્ઞાનયોગમાં પણ ભક્તિના વિલાસરૂપ શ્રવણ-કીર્તનાદિક નવધા ભક્તિરૂપ કર્મ કરવા યોગ્ય

છેજ, એમ જે જુએ છે, તે પુરુષ સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન છે. એટલે કે - તે સમગ્ર શ્રુતિસ્મૃત્યાદિકના સત્સિદ્ધાંતને જાણનારો છે. અને તે યુક્ત-જ્ઞાનનિષ્ઠ છે. અને સમગ્ર સત્કર્મ કરનારો પણ એ જ છે ॥૧૮॥

यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥१९॥

-: શ્લોકાર્થ :-

જે પુરુષના સર્વ સમારંભો કામ-ઈચ્છા અને સંકલ્પે રહિત હોય છે. અને જેણે જ્ઞાનરૂપ અગ્નિથી સર્વ કર્મ ભસ્મસાત્ કરેલાં છે, તેવા જ્ઞાનસિદ્ધિ પામેલા કર્મયોગીને જ્ઞાનીજનો પંડિત એમ કહે છે. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - કર્મયોગમાં રહેલા જ્ઞાનાંશનો ગુણ મહિમા કહી બતાવે છે.

જે કર્મયોગીના સર્વે સમારંભો-સમ્યક્ પ્રકારે આરંભાયેલાં સત્કર્મો, તે તે કર્મના ફળમાં આસક્તિરૂપ કામ-પ્રબળ ઈચ્છા અને દેહની સાથે તેમજ સત્ત્વાદિક ગુણોની સાથે પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું એકીભાવથી ગ્રહણ કરવું તે રૂપ સંકલ્પ, એ બન્નેથી રહિત વર્તનારા, એટલે કે પ્રકૃતિ અને પ્રકૃતિનાં કાર્યથી વિલક્ષણસ્વરૂપ એવા પોતાના ક્ષેત્રજ્ઞ-જીવાત્માના સ્વરૂપના સતત અવિસ્મરણરૂપ અનુસન્ધાનથી ઈચ્છા અને સંકલ્પથી પણ રહિત વર્તનારા. અને એમ વર્તવાથીજ આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનરૂપ અગ્નિથી દગ્ધપ્રાય થઈ ગયાં છે કર્મમાત્ર જેનાં, એવા તે કર્મ કરવામાં કુશાગ્ર બુદ્ધિવાળા કુશળ કર્મયોગીને ડાહ્યા બુદ્ધિમાન પુરુષો પંડિત-નિપુણ બુદ્ધિવાળો માને છે. ॥૧૯॥

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः ॥२०॥

-: શ્લોકાર્થ :-

વળી કર્મફળમાં આસક્તિ છોડી દઈને સદાય સંતુષ્ટ રહેનારો અને સર્વાધાર પ્રભુ સિવાય બીજા કોઈમાં આશ્રય બુદ્ધિ નહિ રાખનારો એવો જ્ઞાની જન કર્મમાં પૂરે પૂરો પ્રવર્તેલો હોય તો પણ તે કાંઈ કરતો જ નથી એમ જાણવું. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

એજ વાત વિસ્તારથી કહી સમજાવે છે. શાસ્ત્રવિહિત સત્કર્મમાં ફળાસક્તિનો ત્યાગ કરીને, નિત્ય-અવિનાશી આત્મસ્વરૂપના આનંદમાં જ સદાય તૃપ્ત-સન્તુષ્ટ રહેનાર, અને નશ્વર પ્રાકૃત વસ્તુઓમાં જે આશ્રયબુદ્ધિએ રહિત વર્તનારો હોય, તે પુરુષ હરકોઈ કર્મમાં સંપૂર્ણપણે પ્રવર્તેલો હોય તો પણ તે કાંઈ કરતોજ નથી. (અર્થાત્ તેને કર્મ કરવા છતાં પણ ફળ-લેપ કે તેમાંથી થતું બંધન એ કાંઈ એને થતું જ નથી. એ અભિપ્રાય છે.) ॥૨૦॥

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्विषम् ॥२१॥

-: શ્લોકાર્થ :-

ફળની ઇચ્છા વિનાનો, જેનું ચિત્ત આત્મસ્વરૂપમાંજ નિયત-સ્થિર કરેલું છે, અને સર્વ પરિગ્રહ-સંગ્રહની ઉપાધિ જેણે છોડી દીધી છે, એવો પુરુષ કેવળ શરીરથીજ થતું કર્મ કરતો સતો પણ કોઈ પ્રકારના દોષને નથી પામતો. ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

જે પુરુષની આશીષો-ફળાકાંક્ષાઓ સર્વથા નિવૃત્ત થઈ ગયેલી છે. અને પોતાનું ચિત્ત અને બુદ્ધિ જેણે સ્વવશમાંજ રાખેલાં છે. અને સર્વ પરિગ્રહો પણ જેણે તજી દીધા છે. એટલે કે પરમાત્મ સુખ સંપાદન કરવું એજ એક પ્રયોજન હોવાને લીધે સાંસારિક પદાર્થોમાં મમત્ત્વે રહિત થઈ ગયેલો એ અભિપ્રાય છે. એવો પુરુષ પોતાના જીવિતપર્યન્ત કેવળ શરીરથીજ કરાતું, અથવા અન્ય પ્રયોજન નહિ હોવાથી કેવળ દેહયાત્રારૂપ શરીરનિર્વાહને માટે તેટલા પુરતુંજ કરાતું કર્મ કરે, તો તે પુરુષ કોઈ પાપરૂપ દોષને નથી પામતો. ॥૨૧॥

यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥२२॥

-: શ્લોકાર્થ :-

દૈવ ઇચ્છાથી પ્રાપ્ત થતાં લાભથી સદાય સંતુષ્ટ રહેનારો, શોક-મોહાદિક દ્વન્દ્વને દબાવીને વર્તનારો, મત્સરે રહિત અને સિદ્ધિ—અસિદ્ધિમાં પણ સમ ભાવ રાખનારો, આવો પુરુષ કર્મ કરીને પણ બંધાતો નથી. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

માગ્યા સિવાય અનાયાસે દૈવેચ્છાથી પ્રાપ્ત થતો લાભ યદૃચ્છાલાભ કહેવાય છે. એટલે યાચનાદિક પ્રયાસ સિવાય જે કાંઈ અન્નાદિક મળે તેનાથી સદાય સન્તુષ્ટ વર્તનારો, તેમજ પોતે કરાતાં ધાર્મિક કર્મમાં તથા મોક્ષમાં હેતુભૂત એવાં શમદમાદિક સાધનોમાં પણ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થતાં શીતોષ્ણાદિક દ્વન્દ્વોને નહિ ગણતાં તેને અતિક્રમણ કરીને વર્તનારો અર્થાત્ તેને સહનજ કરવાના સ્વભાવવાળો, વિમત્સર - અન્ય મનુષ્યોએ પમાડેલા દુ:ખનું કારણભૂત મારું પ્રારબ્ધ કર્મ જ છે, એમ વિવેક-વસ્તુજ્ઞાન થવાથી પોતાને દુ:ખ આપનારની તરફ પણ મત્સરે રહિત સર્વથા નિર્વૈરભાવે વર્તનારો, વળી યુદ્ધાદિક કર્મમાં જય-પરાજયરૂપ સિદ્ધિ-અસિદ્ધિમાં પણ સમતા રાખીને નિર્વિકાર રહેનારો, એટલે કે આરંભેલા કાર્યો સંમ્પૂર્ણતાને પામે, અગર તો ન પામે, અથવા- વિપરીતપણાને પામે, તો પણ તેમાં હર્ષશોકાદિક વિકારથી રહિતજ વર્તનારો થાય, એ અભિપ્રાય છે. એવા વર્તનવાળો થઈને વર્ણને ઉદ્દેશીને કહેલાં તથા પોતાના આશ્રમને પણ ઉચિત એવાં શાસ્ત્રીય કર્મ કરીને પણ કરવા છતાં પણ નાના પ્રકારનાં તે તે કર્મનાં ફળથી નથી બંધાતો. અર્થાત્ તે તે કર્મનાં ફળ તે પુરુષને બંધન કરનારાં થતાં નથી. એ અભિપ્રાય છે. ॥૨૨॥

गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ।।२३।।

-: શ્લોકાર્થ :-

આસક્તિએ રહિત, ફળેચ્છામાં મુક્ત ભાવે વર્તનારો, જ્ઞાનથી સ્થિરચિત્ત બનેલો અને યજ્ઞને-ભગવદારાધનને માટે કર્મ કરનારો, એવા પુરુષનું સમગ્ર કર્મ વિલીન ભાવને પામી જાય છે. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

વળી પરમાત્મસ્વરૂપનું જ્ઞાન સંપાદન કરવામાં જ જેનું ચિત્ત સર્વથા સ્થિરતા પામેલું છે અને એથીજ તો આત્મા-પરમાત્મા સિવાયની ઈતર વસ્તુઓમાં વિશેષપણે જેની આસક્તિ ટળી ગયેલી છે. અને એમ થવાથી જ મુક્તિમાં વિરોધી એવા સકળ હેય-દોષથી રહિત થઈને મુક્તદશાને અનુભવતો, એવા તે કર્મયોગીને યજ્ઞને માટે અથવા યજ્ઞશબ્દથી કહેવાતા પરમેશ્વરને માટે, કર્મ કરતાં કરતાં પ્રાચીન

કર્મજનિત વાસનાએ સહિત બંધન કરનારાં સમગ્ર કર્મ સમૂળ લય પામે છે, અર્થાત્ અત્યંતપણે સર્વથા ક્ષય પામી જાય છે. એ વક્તવ્યાર્થ છે. ॥૨૩॥

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ।।२४।।

-: શ્લોકાર્થ :-

અર્પણ કરવાનું સાધન તે પણ બ્રહ્મ, હોમવાનું દ્રવ્ય તે પણ બ્રહ્મ, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્માત્મક જ્ઞાનીએ હોમ્યું, એ રીતે સર્વમાં બ્રહ્મદૃષ્ટિ રાખવાથી સર્વ કર્મ બ્રહ્મમાંજ અર્પણ કરનાર પુરુષે બ્રહ્મ-પરબ્રહ્મજ પામવા યોગ્ય છે. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

હવે કર્મની જ્ઞાનાકારતા કર્મમાં બ્રહ્મદૃષ્ટિ કરવાથી થાય છે એમ કર્મને બ્રહ્માર્પણરૂપ વિશેષણ આપીને વર્ણન કરે છે.

હોમદ્રવ્ય અર્પણ કરવાનું સાધન જે સ્રુક - સ્રુવાદિક, અર્પણ કરવા યોગ્ય જે હવિર્દ્રવ્ય, જે અગ્નિમાં જેણે હોમાય છે, તે આ સઘળું બ્રહ્માત્મક-બ્રહ્મનું શરીરભૂત હોવાથી બ્રહ્મરૂપજ છે, એમ ભાવના કરીને જે પુરુષ યજ્ઞાદિક કર્મ કરે છે, તો તે પુરુષ કર્મમાં બ્રહ્મદૃષ્ટિસંપન્ન થયેલો બ્રહ્મમાંજ સર્વ કર્મનું સમાવેશરૂપ સમાધાન માનનારો છે. અને તે પુરુષે પામવા યોગ્ય બ્રહ્મજ છે, પણ નહિ કે આ માનવલોક, કે જે માનવ લોકમાં કર્મબંધનથી બંધાયેલાઓને ફરવાનું હોય છે.

આનું વ્યાખ્યાન બીજાઓ આ પ્રમાણે કરે છે.

જે અર્પણ કરવાનું સાધન સ્રુક-સ્રુવાદિક, જે હવિર્દ્રવ્ય ઘી વગેરે અને જે અગ્નિ આહુતિ આપવાનું અધિકરણ છે, એ સઘળું બ્રહ્મનું જ છે. અને જે હોતા-હોમ કરનારો છે, તે પણ બ્રહ્મજ છે. માટે હું પણ તે બ્રહ્મનોજ છું, માટે પોતાના શરીરભૂત એવા મારા દ્વારા એ બ્રહ્મજ પોતે હોમે છે. માટે તે બ્રહ્મેજ પોતે હોમ્યું છે એમ જે ભાવના કરે છે, તે બ્રહ્મકર્મસમાધિ છે. એટલે કે આ હોમવું વિગેરે સઘળું કર્મ બ્રહ્મનુંજ છે, પણ મારું નથી, આવા દૃઢ- અધ્યવસાયથી સંપન્ન થયેલો તે પુરુષ છે. અને તે પુરુષે બ્રહ્મજ પામવા યોગ્ય છે, (અર્થાત્ એ બ્રહ્મનેજ પામનારો છે.) ॥૨૪॥

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ।।२५।।

-: શ્લોકાર્થ :-

બીજા કેટલાક કર્મયોગીઓ દેવસંબંધીજ યજ્ઞનું પર્યુપાસન કરે છે. બીજા કેટલાક બ્રહ્મરૂપ અગ્નિમાં યજ્ઞસ્વરૂપ ભગવાનનું યજ્ઞથીજ હોમાર્ચનરૂપ ઉપાસન કરે છે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે બ્રહ્મમાંજ કર્મનું સમાધાન ભાવના કહીને, હવે યજ્ઞના ભેદો આઠ શ્લોકથી કહી બતાવે છે.

બીજા યોગીઓ એટલે કર્મયોગીઓ, ઈન્દ્ર, વરૂણ અને ચંદ્ર વિગેરે દેવોના આરાધનરૂપ આ દૈવ યજ્ઞ પ્રસિદ્ધ યજ્ઞનેજ સેવે છે, અર્થાત્ તેને વિષેજ પ્રીતિપૂર્વક વર્તે છે અને બીજા જે યોગીઓ-જ્ઞાનયોગીઓ તે તો પરબ્રહ્મરૂપ અગ્નિને વિષે યજ્ઞને યજ્ઞ ફળને, યજ્ઞથી પરબ્રહ્મના જ્ઞાનરૂપ યજ્ઞવડે જ હોમે છે, એટલે કે પરબ્રહ્મના વાસ્તવિક જ્ઞાનને લીધેજ સર્વ યજ્ઞાદિક કર્મનાં ફળ શ્રીહરિને વિષેજ અર્પણ કરે છે. એ ભાવાર્થ છે.

અથવા પ્રસિદ્ધ અગ્નિને વિષે હોમેલા હુતદ્રવ્યથી સિદ્ધ થયેલા યજ્ઞને તે જ સાધનોથી બ્રહ્મરૂપ અગ્નિને વિષે એટલે કે અગ્નિપણે ભાવના કરેલા પરબ્રહ્મને વિષે હોમે છે, અર્પણ કરે છે. અભિપ્રાય એ છે કે કરવા માંડેલા કર્મ કરતાંય બ્રહ્માર્પણ બુદ્ધિથી કરેલા યજ્ઞમાંજ સમધિક આદર હોય છે. ॥૨૫॥

श्रोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन् विषयानन्ये इन्द्रियाग्निषु जुह्वति ॥२६॥

-: શ્લોકાર્થ :-

બીજા વળી-શ્રોત્રાદિક ઈન્દ્રિયોને સંયમરૂપ અગ્નિમાં હોમે છે, બીજા કેટલાક શબ્દાદિક વિષયોને ઈન્દ્રિયોરૂપ અગ્નિમાં હોમે છે. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

બીજા યોગીઓ સંયમરૂપ અગ્નિને વિષે શ્રોત્રાદિક ઈન્દ્રિયોને હોમે છે, અર્થાત્ ઈન્દ્રિયોનો વિષયો થકી સંયમ કરે છે. વળી બીજા પણ યોગીઓ-ભગવદ્ભક્ત યોગીઓ તો શબ્દાદિક-મારા ગુણનું કીર્તન મને અર્પણ કરેલાં ભક્ષ્ય-ભોજ્યાદિકના રસ વિગેરે વિષયોને ઈન્દ્રિયોરૂપ અગ્નિને વિષે હોમે છે. અર્થાત્ ભગવાનના ગુણોનું શ્રવણાદિક કરવું તેમાંજ પોતાનાં ઈન્દ્રિયોને પ્રવર્તાવે છે એ અભિપ્રાય છે. ॥૨૬॥

सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ।।२७।।

-: શ્લોકાર્થ :-

વળી બીજા કેટલાક જ્ઞાનથી સુપ્રકાશિત મનઃસંયમરૂપ યોગાગ્નિમાં સર્વ ઈન્દ્રિયકર્મો અને પ્રાણકર્મો પણ હોમે છે-મનઃસંયમદ્વારા સ્વવશમાં રાખે છે. ।।૨૭।।

-: ભાષ્યાર્થ :-

બીજા-ધ્યાનનિષ્ઠ યોગીઓ, જ્ઞાનથી પ્રકાશિત એવા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં એટલે કે- પોતાના મનનું સ્વસ્વરૂપમાં નિયમન કરવું તેજ યોગ અને તે રૂપ અગ્નિને વિષે શ્રોત્રાદિક જ્ઞાનેન્દ્રિયો અને વાગાદિક કર્મેન્દ્રિયોનાં કર્મ જે શ્રવણાદિક અને બોલવું વિગેરે ક્રિયાઓ, તેમજ સઘળાં પ્રાણકર્મ પણ હોમે છે, અર્થાત્ સર્વ ઈન્દ્રિયોનો નિગ્રહ કરીને ધ્યાનમાંજ પ્રવર્તેલા હોય છે. ।।૨૭।।

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ।।२८।।

-: શ્લોકાર્થ :-

તીક્ષ્ણ વ્રતધારી સંયમશીલ યતિ-પુરુષો કોઈક દ્રવ્યયજ્ઞ, કોઈક તપોયજ્ઞ, તથા કોઈક યોગયજ્ઞ, કોઈક સ્વાધ્યાયયજ્ઞ અને કોઈક જ્ઞાનયજ્ઞ કરનારા હોય છે. ।।૨૮।।

-: ભાષ્યાર્થ :-

તથા બીજા કેટલાક સુપાત્રોમાં દ્રવ્યાર્પણ કરવું એ રૂપજ યજ્ઞ જેમને પ્રધાન છે એવા છે, કેટલાક -કૃચ્છ્-ચાંદ્રાયણાદિક વ્રત વિગેરે તપ કરવું એજ યજ્ઞ જેમને પ્રધાન છે એવા છે, કેટલાક યમનિયમાદિક અષ્ટાંગ યોગ સિદ્ધ કરવો એજ જેમને પ્રધાન યજ્ઞ છે એવા છે. "તેમજ વળી બીજા" એ પદનો પ્રત્યેકની સાથે સંબંધ છે એમ સમજવું. વળી કેટલાક તો શ્રુતિ સ્મૃતિ પુરાણ અને શ્રીહરિનાં સ્તોત્ર, એ વિગેરે ગદ્યપદ્યાત્મક પ્રબન્ધોનું પઠન-પાઠન, તેમજ તે પ્રબંધના અર્થનું જ્ઞાન, એ બન્ને પ્રકારના યજ્ઞો જેમને પ્રધાન વર્તે છે એવા છે. વળી કેટલાક - પોતાના મંગળ કાર્યોમાંજ પ્રયત્ન શીલ થકા સમ્યક્પ્રકારે અતિ દૃઢ ઉગ્ર વ્રત-સંકલ્પ જેમને છે એવા છે. ।।૨૮।।

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥२९॥

**-: શ્લોકાર્થ :-**

કેટલાક પ્રાણને અપાનમાં હોમે છે, તથા બીજા કેટલાક અપાનને પ્રાણમાં હોમે છે. અને કેટલાક પ્રાણ-અપાનની ગતિ રોકીને પ્રાણાયામપરાયણ વર્તનારા હોય છે. ॥૨૯॥

**-: ભાષ્યાર્થ :-**

તેજ પ્રમાણે બીજા વળી અપાન વાયુમાં પ્રાણવાયુને ઉર્ધ્વવાયુને પૂરક નામના પ્રાણસંયમ કરવાના સાધનભૂત પ્રાણાયામથી હોમે છે, વળી તેઓ પ્રાણવાયુમાં અપાન વાયુને રેચક નામના પ્રાણાયામથી હોમે છે, એટલે કે અપાન વાયુને બહાર ફેંકે છે. વળી પાછા તેજ યોગીઓ-ઉર્ધ્વગમન અને અધોગમન, એ રૂપ પ્રાણ-અપાન વાયુની ગતિઓને પ્રાણનિયમન કરવાના સાધનભૂત કુંભક નામના પ્રાણાયામથી રોકીને-સ્થિર કરીને તે પ્રાણ અને અપાન એ બન્નેને વશમાં રાખે છે,

આ બધા યોગીઓ કેવા છે ? તો કે પૂરક, કુંભક અને રેચક ક્રિયાઓ વડે પ્રાણાદિક વાયુઓનું સર્વ પ્રકારે નિયમન કરવું તેજ સર્વથી શ્રેષ્ઠ-અત્યુત્કૃષ્ટ, પ્રાપ્ય વસ્તુનું સાધનભૂત પ્રાપક-સાધન જેમને છે, એવા છે. અહીંયાં ''नियताहाराः'' એવું પદ આગળના શ્લોકથી લાવીને તે વિશેષણથી વિશિષ્ટજ આ સઘળા યોગીઓ જાણવા. ॥૨૯॥

अपरे नियताहाराः प्राणान् प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥३०॥

**-: શ્લોકાર્થ :-**

વળી-બીજા કેટલાક નિયત-મિત આહારવાળા હોઈને પ્રાણોને પ્રાણોમાં હોમે છે. આ ઉપર કહ્યા એ સર્વે પણ યજ્ઞસ્વરૂપને જાણનારા-સમજનારા છે. અને યજ્ઞથીજ ક્ષીણ થઈ ગયાં છે પાપ જેમનાં એવા છે. ॥૩૦॥

**-: ભાષ્યાર્થ :-**

વાગાદિક ઇન્દ્રિયોના શબ્દાદિકરૂપ આહારો જેમણે સદાય નિયમિતજ રાખેલા છે, એવા બીજા કેટલાક યોગીઓ, કુંભક પ્રાણાયામથી એકત્ર સ્થિર કરેલા પ્રાણ-વાયુઓમાં પ્રાણોને-ઇન્દ્રિયોને પ્રતિલોમ વૃત્તિયુક્ત કરીને હોમે છે, અર્થાત્ ઇન્દ્રિયોના

પ્રાણવાયુઓની સાથે પિણ્ડીભાવ કરે છે, તે પ્રમાણે યોગશાસ્ત્રમાં કહ્યું છે "જેમ જેમ નિરંતર અભ્યાસ કરવાથી મનની સ્થિરતા થાય, તેમ તેમજ પ્રાણ-વાયુ, વાણી, શરીર અને દૃષ્ટિની સ્થિરતા થાય છે." યજ્ઞથી જેમણે પોતાનાં કલ્મષ ક્ષય પમાડેલાં છે, એવા એ સઘળાય યોગીઓ યજ્ઞનું સ્વરૂપ જાણનારા- સમજનારા છે. ॥૩૦॥

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः ? कुरूसत्तम ! ॥३१॥

-: શ્લોકાર્થ :-

યજ્ઞનું શેષભૂત અમૃત જમનારા સનાતન બ્રહ્મને-સાક્ષાત્ પરબ્રહ્મને પામે છે. અને યજ્ઞ નહિ કરનારને હે કુરુસત્તમ ! આ લોકનુંજ સુખ નથી તો પરલોકનું-જન્માંતરનું સુખ તો હોયજ ક્યાંથી ? ॥૩૧॥

-: ભાષ્યાર્થ :-

હવે યજ્ઞ કરનારાઓને વખાણતા થકા અને યજ્ઞ રહિત પુરુષોને નિંદતા થકા સ્વયં ભગવાન કહે છે.

ઉપર કહેલા યજ્ઞ કરનારા પુરુષો યજ્ઞો કરતાં શેષભૂત રહેલું, માટે જ જે અમૃત તુલ્ય છે. એવા એ અમૃતરૂપ અન્નાદિકને "અન્નને બ્રહ્મ એમ જાણે - જાણવું." એ શ્રુતિવચન પ્રમાણે તેમાં બ્રહ્મદૃષ્ટિ રાખીને આદરપૂર્વક જે જમનારા છે, તે પુરુષો સનાતન બ્રહ્મને પામે છે. અને યજ્ઞરહિતને, એટલે કે યજ્ઞ નહિ કરનારાને તો આ મનુષ્ય લોક પણ સુખદાયી નથી હોતો, તો હે કુરુસત્તમ ! કુરુકુળમાં સાક્ષાત્ નરાવતાર હોવાથી સર્વશ્રેષ્ઠ એવા હે અર્જુન ! તેને સ્વર્ગાદિક પર લોક તો ક્યાંથીજ સુખદાયી હોય ? ॥૩૧॥

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान् विद्धि ! तान् सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥३२॥

-: શ્લોકાર્થ :-

આવા બહુપ્રકારના યજ્ઞો વેદના મુખમાં-વેદદ્વારા વિસ્તાર પામેલા છે. તે સર્વ યજ્ઞો કર્મથીજ સિદ્ધ થાય છે એમ તું જાણ ! અને એમ જાણીને-જાણવાથી તું સંસારનાં કર્મબંધનથી મુકાઈ જઈશ. ॥૩૨॥

-: ભાષ્યાર્થ :-

આ કહ્યું એ પ્રમાણે પૂર્વે કહેલા તપ સ્વાધ્યાયાદિક ભેદોથી બહુ પ્રકારના યજ્ઞો, બ્રહ્માના મુખમાં મુખ દ્વારા વિસ્તાર પામેલા છે. અર્થાત્ બ્રહ્માએ નારાયણના પ્રેરવાથી વેદોને વદનારા બ્રહ્માએ પોતાના મુખથીજ કહી બતાવ્યા છે. તે પૂર્વે કહેલા સર્વ યજ્ઞોને કર્મથી જ થનારા એટલે કે કર્તાની ક્રિયાથી જ સિદ્ધ થનારા છે, એમ જાણ ! અને આ કહ્યું એ પ્રકારે પોતાના મોક્ષમાં ઉપાયભૂત એવા યજ્ઞોને જાણીને અને તે પછી તે પ્રમાણે યજ્ઞો કરીને, કર્મના બંધનથી સર્વથા મુક્ત થઈ જઈશ. ॥૩૨॥

श्रेयान् द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तप ! ।
सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते ॥३३॥

-: શ્લોકાર્થ :-

અને હે પરંતપ ! દ્રવ્યથી સિદ્ધ થતા યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ અતિ શ્રેષ્ઠ છે. કેમ કે, હે પાર્થ ! સઘળું કર્મ સર્વ પ્રકારે જ્ઞાનમાંજ પરિસમાપ્ત થઈ જાય છે. ॥૩૩॥

-: ભાષ્યાર્થ :-

હવે સર્વ કરતાં જ્ઞાનયજ્ઞથી શ્રેષ્ઠતા કહી બતાવે છે.

હે શત્રુતાપન ! અર્જુન ! ઘૃત અને સમિધાદિક બહુ દ્રવ્યના વ્યયવાળા ખર્ચાળ યજ્ઞ કરતાં, જ્ઞાનયજ્ઞ- શ્રવણમનનાદિક સાધનોથી જીવ, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ, તેમનાં લક્ષણોથી જુદાં જુદાં તેમનાં સ્વરૂપ સમજવાં તે રૂપ જે યજ્ઞ તે અતિ શ્રેષ્ઠ છે. કેમ કે, હે પૃથાપુત્ર અર્જુન ! સઘળું કર્મ કર્મથી ઉત્પન્ન થતું પ્રાકૃત સ્વર્ગાદિક ફળમાત્ર, સર્વોત્તમ પરમ આનંદદાયક પરમાનંદમય પરમેશ્વરના સ્વરૂપજ્ઞાનમાંજ સમ્પૂર્ણપણે પરિસમાપ્ત થઈ જાય છે. ॥૩૩॥

तद्विद्धि ! प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥३४॥

-: શ્લોકાર્થ :-

અને તે તું અનુક્રમે કરીને પ્રણિપાત યથાસમય પ્રશ્ન પૂછવાથી અને તે મહાપુરુષોની સેવા-શુશ્રૂષા કરવાથી તત્ત્વદર્શી જ્ઞાની જનો તને તે જ્ઞાનનો ઉપદેશ કરશે. ॥૩૪॥

-: ભાષ્યાર્થ :-

એવું જ્ઞાન મને કેમ થાય ? એમ અર્જુનની શંકા ઉઠાવીને ભગવાન કહે છે-

પ્રથમ દંડવત્ પ્રમાણ કરવાપૂર્વક વંદન કરવાથી અને તે પછી તે તત્ત્વદર્શી મહાત્માઓની મનને અનુકૂળ સેવા-શુશ્રૂષા કરવાથી પ્રાપ્ત થયેલા પ્રસન્નતાના સમયમાં આત્માનું યથાર્થ સ્વરૂપ જાણવાની ઈચ્છાથી કરેલી પ્રશ્નપરંપરાથી તારે તે જ્ઞાન જાણવું, અને તત્ત્વદર્શી તે જ્ઞાની-મહાત્માઓ તને સદુપદેશ કરશે.

હવે જ્ઞાન કોને સમજવું તે સંબંધમાં કહે છે - જ્ઞાનનું સ્વરૂપ સ્કંદ પુરાણમાં કહેવામાં આવ્યું છે - "ચોવીશ તત્ત્વના સંઘાતરૂપ શરીરભૂત ક્ષેત્રોને અને તે ક્ષેત્રોને જાણનારા ક્ષેત્રજ્ઞ જીવાત્માઓને, તથા પ્રધાનને-માયાને અને પ્રધાનના પતિ પુરુષને, તથા માયાને મૂળ મહામાયાને, ભગવાનની શકિતરૂપ કાળને, તેમજ સર્વાધાર અક્ષરને તથા સર્વથી પર પરમાત્માને, તેમનાં તેમનાં જુદાં જુદાં લક્ષણોથી જે જાણવા તેનું નામ જ્ઞાન એ પ્રમાણે કહેવામાં આવે છે." ॥૩૪॥

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ! ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥३५॥

-: શ્લોકાર્થ :-

કે જે જ્ઞાનને જાણી-સમજીને હે પાંડુપુત્ર-અર્જુન ! તું ફરીથી આવો મોહ નહિ પામું. અને વળી-જે જ્ઞાનના પ્રભાવથી સર્વ ભૂતોને સમગ્રપણે આત્મસ્વરૂપમાં જોઈશ અને તે પછી તે બધુંય તું મારામાં જોઈશ. ॥૩૫॥

-: ભાષ્યાર્થ :-

હવે જ્ઞાનનો વિશેષ મહિમા કહે છે.

હે પાંડુપુત્ર-અર્જુન ! જે જ્ઞાન એટલે કે- નિયંતા અને નિયામ્ય, સ્વતન્ત્ર અને પરતન્ત્ર એવા પરમેશ્વર અને તેથી ઈતર સર્વ જડ ચેતનવર્ગ, એ સર્વને તેમનાં તેમનાં લક્ષણોથી જુદું જુદું જે યથાર્થપણે જાણવું, તે જાણીને- સમજીને ફરીથી આવો-દેહ અને દેહનાં સંબંધી પદાર્થમાં અહંમમત્વરૂપ મોહ જે સ્વસ્વરૂપના જ્ઞાનની વિપરીતતા તેને તું નહિ પામું. વળી જીવ ઈશ્વર, પ્રકૃતિ, પુરુષ, કાળ, બ્રહ્મ અને પરબ્રહ્મ-પરમાત્મા તેમનું જે આવું જ્ઞાન તે સંપાદન કરવાથી સર્વાત્મા એવા અક્ષરબહ્મને વિષે બ્રહ્માંથી લઈને સ્થાવર સુધીનાં સર્વ ભૂત-પ્રાણીમાત્ર રહેલાં છે. એ પ્રમાણે તેને દેખીશ, અર્થાત્ સર્વ ભૂત પ્રાણીમાત્ર રહેલાં છે. એ પ્રમાણે તેને દેખીશ, અર્થાત્ સર્વ ભૂત પ્રાણીમાત્ર અક્ષર બ્રહ્મ તેણે જ ધારેલાં છે એમ યથાર્થ

દેખીશ-જાણીશ. અને તે પછી અક્ષરાતીત પરબ્રહ્મ એવા મારે વિષે અક્ષર બ્રહ્માદિક સર્વ વસ્તુમાત્ર સર્વનિયંતા અને સર્વાત્મા એવા મેંજ ધારણ કરેલાં છે એમ સર્વથા દેખીશ.

અક્ષરબ્રહ્મમાં સર્વ રહેલું છે. તેમાં પ્રમાણ - ''જેમાં અંદર રહેલી બીજી કરોડો-કરોડ બ્રહ્માંડરાશિઓ જોવામાં આવે છે. તેજ સર્વ કારણનું કારણ અક્ષર બ્રહ્મ છે.'' એવું ભાગવતનું વચન છે. અને સર્વેશ્વર એવા ભગવાનને વિષે અક્ષરાદિક સર્વ રહેલું છે, તેમાં પ્રમાણ - ''મારે વિષે આ સઘળું વિશ્વ સૂત્રમાં મણિગણો જ જેમ એમ પરોવેલું છે.'' એ વિગેરે પોતાનાં જ વચનો છે. ॥૩૫॥

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि ।।३६।।

-: શ્લોકાર્થ :-

સર્વ પાપ કરનારાઓ કરતાં પણ જો તું અધિક પાપ કરનારો હોઈશ, તો પણ તે સર્વ પાપરૂપ સમુદ્રને જ્ઞાનરૂપ નૌકાથી તું સુખેથી તરી જઈશ. ॥૩૬॥

-: ભાષ્યાર્થ :-

સર્વ પાપો કરનારા પુરુષો કરતાં પણ અતિ અધિક પાપ કરનારો તું જો હોઈસ, તો પણ આ મેં કહેલાં જ્ઞાનરૂપ નૌકા વડે કરીને જ, સર્વ-આધુનિક તેમજ પ્રાચીન-સંચિત એવાં સમગ્ર પાપ-પાપના સમુદ્રને પણ સમ્યક્-પ્રકારે અનાયાસેજ તરી જઈશ એ અભિપ્રાય છે. ॥૩૬॥

यथैधांसी समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ! ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ।।३७।।

-: શ્લોકાર્થ :-

હે અર્જુન ! સારી રીતે પ્રજ્વલિત થયેલો અગ્નિ જેમ કાષ્ટોને બાળીને ભસ્મ રૂપ કરી દે છે, તેજ પ્રમાણે સુદૃઢ થયેલો જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મજાળને બાળીને ભસ્મસાત્ કરી દે છે. ॥૩૭॥

-: ભાષ્યાર્થ :-

સમુદ્રની માફક વિદ્યમાન રહેલા પાપોનું સંતરણમાત્ર જ કહ્યું, પણ તે પાપનો ક્ષય થઈ જાય છે એમ તો ન કહ્યું. એ શંકાને દૃષ્ટાંતથી નિવારણ કરતા થકા કહે છે.

હે અર્જુન ! સુપ્રદીપ્ત અગ્નિ ઇન્ધનરૂપ કાષ્ટને જેમ ભસ્મસાત્ કરી નાખે છે, તેજ પ્રમાણે આત્મા-પરમાત્માના સ્વરૂપના યથાર્થ જ્ઞાનરૂપ અગ્નિ ક્ષેત્રજ્ઞ-જીવાત્મામાં રહેલાં આધુનિક અને પ્રાચીન તેમજ સંચિત એવાં શુભ-અશુભ સમગ્ર કર્મને, ફક્ત પ્રારબ્ધ કર્મ સિવાય ભસ્મીભાવને પમાડી દે છે, એટલે કે તે કર્મ ભોગવવાં પડે એવાં રહેતાં નથી ॥૩૭॥

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥३८॥

-: શ્લોકાર્થ :-

આ લોકમાં જ્ઞાનને તુલ્ય બીજું કોઈ પદાર્થ પવિત્ર છેજ નહિ, અને તે વાત કાળે કરીને યોગથી સંસિદ્ધ થયેલો પુરુષ આત્મસ્વરૂપમાં પોતાની મેળેજ જાણે છે. ॥૩૮॥

-: ભાષ્યાર્થ :-

આ બ્રહ્માણ્ડમાં જ્ઞાનને તુલ્ય પવિત્ર-જીવને શુદ્ધ કરનારું બીજું કોઈ સાધન છેજ નહિ, નનુ-શંકા, એવું ઉત્તમ જ્ઞાન મને ક્યારે થશે ? એમ અર્જુનની શંકા ઉઠાવીને સ્વયં ભગવાન કહે છે.

મારી આરાધનારૂપ અસંગપણે કરેલા કર્મયોગથી સમ્યક્ પ્રકારે યોગ્યતા પામેલો જન ભગવાનના એકાંતિક સત્પુરુષોનો સમાગમ કરવામાં વીતાવેલા અલ્પ સમયે કરીને જ તે જ્ઞાન આત્મામાં-જીવાત્માને વિષે સ્વયમેવ પામે છે, પ્રકાશે છે. ॥૩૮॥

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥३९॥

-: શ્લોકાર્થ :-

સારી પેઠે નિયમમાં રાખ્યાં છે ઇન્દ્રિયો જેણે અને શ્રદ્ધાવાન્ થઈને તત્પર થકો વર્તનારોજ પુરુષ આ જ્ઞાનને પામે છે. અને એવા જ્ઞાનને પામીને થોડાજ સમયમાં પરમ-સર્વોત્કૃષ્ટ શાંતિને પામે છે. ॥૩૯॥

-: ભાષ્યાર્થ :-

તેજ વાતને વિસ્તાર કરતા થકા કહે છે.

ઉપર કહ્યું તે જ જ્ઞાન પરમ પ્રાપ્ય જેને છે અને એજ હેતુથી શ્રદ્ધાવાન્ સચ્છાસ્ત્રમાં કહેલાં લક્ષણોથી સંપન્ન એવા જ્ઞાનીજનોએ ઉપદેશેલા જ્ઞાનને દ્રઢતાપૂર્વક વધારવામાં વિશ્વાસપૂર્વક ત્વરાવાન, અને એટલાજ માટે તે જ્ઞાન સિવાયના બીજા વિષયો થકી જેણે પોતાનાં ઇન્દ્રિયોને નિગ્રહ કરીને વશમાં રાખેલાં છે, તેવો જન પૂર્વ કહેલા જ્ઞાનને પામે છે. અને તેવા જ્ઞાનને પામ્યા પછી તુરતજ આત્મસ્વરૂપ અને પરમાત્મસ્વરૂપના સાક્ષાત્ અનુભવરૂપ પરમ ઉત્કૃષ્ટ શાંતિને પામે છે, એટલે કે નિરવધિકાતિશય આનંદરૂપ પરમ નિર્વાણરૂપ મહાશાંતિને પામી જાય છે. ॥૩૯॥

अज्ञश्चाश्रद्दधाश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥४०॥

-: શ્લોકાર્થ :-

આવા જ્ઞાન સિવાયનો,ગુરુ અને શાસ્ત્રવાક્યમાં શ્રદ્ધા વિનાનો અને તેથીજ સંશયે યુક્ત મનવાળો પુરુષ નાશ પામે છે. અને સંશયે યુક્ત મનવાળા પુરુષને આ લોકેય નથી અને પરલોકેય નથી, તેમ તેને ક્યાંઈ સુખ પણ નથીજ. ॥૪૦॥

-: ભાષ્યાર્થ :-

આ કહ્યાં એ લક્ષણોથી સંપન્ન જ્ઞાની પુરુષને જ આત્મા-પરમાત્માના અનુભવાત્મક સુખનો લાભ થાય છે, પણ તે સિવાય બીજાને નથી થતો એમ કહી સમજાવે છે.

તત્ત્વજ્ઞાનથી શૂન્ય એવો અજ્ઞાની, તેમજ જ્ઞાન હોવા છતાં પણ જ્ઞાન સંપાદન કરવાના ઉપાયમાં વિશ્વાસપૂર્વક ત્વરાએ રહિત, તથા "મને આ જ્ઞાન નિષ્પન્ન થશે ? કે નહિ થાય ?" એવો સંદેહ જેની બુદ્ધિમાં અખંડ રહ્યા કરે છે, તેવો પુરુષ નાશ પામે છે, એટલે કે મોક્ષમાર્ગ થકી ભ્રષ્ટ થઈ જાય છે. અહીંયાં. "નાશ પામે છે." એ પદ અજ્ઞાની, અશ્રદ્ધાળુ અને સંશયાત્મા એ ત્રણેયને લાગુ થાય છે. વળી એ ત્રણેયમાં પણ શંશયાત્મા તો સર્વ પ્રકારે ભ્રષ્ટ થઈ જાય છે. એમ કહે છે સંશયે યુક્ત મનવાળા મનુષ્યને આ મનુષ્ય લોકમાં પણ કોઈ સિદ્ધિ થતી નથી, કારણ કે ઉપાયથી ડગી ગયેલો છે માટે. તેમજ સ્વર્ગ-વૈકુંઠાદિક પરલોકની પ્રાપ્તિ પણ તેને થતી નથી. કારણ કે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધનસમ્પત્તિની સિદ્ધિનો અભાવ છે માટે.

અભિપ્રાય એ છે કે - જેની બુદ્ધિ સંશયથી વ્યાપ્ત અને અતિ અસ્થિર છે, તેવા પુરુષને આ લોકમાં કે - પરલોકમાં ક્યાંય સુખ મળતું જ નથી. એ નિશ્ચિત અર્થ છે. ॥૪૦॥

योगसन्न्यस्तकर्माणं ज्ञानसञ्छिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनञ्जय ! ॥४१॥

**-: શ્લોકાર્થ :-**

યોગથી કર્મયોગથી પરમેશ્વરમાં જેણે પોતાનાં સઘળાં કર્મ અર્પણ કરેલાં છે અને તત્ત્વજ્ઞાનથી સમૂળ છેદાઇ ગયેલા છે સંશયો જેના એવા આત્મજ્ઞાનીને હે ધનંજય ! કર્મ બંધન કરતાં નથી. ॥૪૧॥

**-: ભાષ્યાર્થ :-**

હવે આ કહ્યું એ પ્રકારે કર્મમાં અકર્મ-દષ્ટિ રાખીને કર્મ કર્યા કરનારને તે કર્મથી બંધન થતું નથી એમ કહે છે.

કર્મમાં અકર્મ-બુદ્ધિ રાખવારૂપ બુદ્ધિયોગના પ્રભાવથી સમ્યક્ પ્રકારે તજી દીધાં છે કર્મફળ જેણે અને સત્સંગથી પ્રાપ્ત થયેલો પૂર્વોક્ત જ્ઞાનથી જેના સંશયમાત્ર સમૂળ ઉચ્છિન્ન થઈ ગયેલા છે અને તેથી જ આત્મસ્વરૂપમાં તેમજ પરમાત્મ-સ્વરૂપમાં દઢ નિષ્ઠા-સ્થિરતા પામેલા જ્ઞાની પુરુષને હે ધનંજય ! આધુનિક તેમજ પ્રાચીન એવાં કર્મ કે જે કર્મ આ સંસારમાં બંધનનાં હેતુભૂત છે, તે કર્મ તેને બંધન કરતાં નથી. અર્થાત્ દગ્ધરજ્જુની પેઠે બંધન કરવા સમર્થ થતાં નથી. ॥૪૧॥

तस्मादज्ञानसम्भूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ! ॥४२॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे ज्ञानकर्मसन्यासयोगो नाम चतुर्थोऽध्यायः ॥४॥

**-: શ્લોકાર્થ :-**

માટે હે ભારત ! અજ્ઞાનથીજ સમુદ્ભવ પામેલા મનમાં રહેલા એ સંશયને જ્ઞાનરૂપ તલવારથી તું તારી પોતાની મેળેજ છેદી નાખીને કર્મયોગનો આશ્રય કર ! અને યુદ્ધ માટે ઉઠ-તૈયાર થઈ જા ! ॥૪૨॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે જ્ઞાનકર્મસંન્યાસયોગો નામ ચતુર્થોડધ્યાયઃ ॥૪॥

-: ભાષ્યાર્થ :-

આ કહ્યું એમ છે માટે કર્મના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહિ થવામાં હેતુભૂત એવા અનાદિ અજ્ઞાનને લીધે થયેલો એવો તારા હૃદયમાં રહેલો આ - બંધુઓને હણવાના ઉદ્યોગને લીધે થઈ આવેલા શોક-મોહાદિક નિમિત્ત જેમાં છે એવો તારો પોતાનો સંદેહ તેને, કર્મનું યથાર્થ સ્વરૂપ અવબોધન કરનારા અને સમગ્ર સંશયમાત્રને છેદી નાખનારા, એવા મેં કહેલા જ્ઞાનરૂપ ખડ્ગે કરીને સમૂળગો છેદી નાખીને, તારી પોતાની પ્રકૃતિને અનુકૂળ ક્ષત્રિય જાતિના ધર્મરૂપ કર્મયોગને આશર ! અને આ ચાલતા યુદ્ધને માટે તૈયાર થઈ જા ! આ શ્લોકમાં રહેલા ભારત ! એવા સમ્બોધનથી અર્જુનને ક્ષત્રિય જાતિપણું હોવાથી સંગ્રામની સ્વધર્મતા બતાવેલી છે. ।।૪૨।।

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનંદસ્વામિ શિષ્યાગ્રગણ્ય-સદ્ગુરૂવર્ય-શ્રીગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે ચતુર્થોઽધ્યાયઃ।।૪।।*

## अथ पञ्चमोऽध्यायः

अर्जुन उवाच

सन्न्यासं कर्मणां कृष्ण ! पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि ! सुनिश्चितम् ।।१।।

-: શ્લોકાર્થ :-

અર્જુન પૂછે છે-હે કૃષ્ણ ! એક વાર કર્મનો સમૂળગો ત્યાગ કરવાનું કહો છો, વળી-ફરીથી પાછા કર્મ કરવાંજ એમ કર્મયોગ પણ કહો છો. તો એ બેમાંથી જે શ્રેષ્ઠ માર્ગ હોય તે મને સુનિશ્ચિતપણે કહો ! ।।૧।।

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે ચોથા અધ્યાયમાં શાસ્ત્રવિહિત કર્મ કરનારાઓને તે કર્મની ભગવાનની આરાધનારૂપ અસંગપણે કર્તવ્યતા કહી બતાવી, અસંગપણે કર્માનુષ્ઠાન કરવાથી જેમનાં અન્તઃકરણ શુદ્ધ થયેલાં છે એવા મુમુક્ષુજનોને ભગવાનના એકાંતિક સાધુજનોની સેવા કરવાથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે તે પણ કહી બતાવી, તેમજ કર્મની અપેક્ષાએ જ્ઞાનની શ્રેષ્ઠતા છે એમ પણ પ્રતિપ્રાદન કર્યું.

હવે આ પાંચમાં અધ્યાયમાં પોતાની પ્રકૃતિને પ્રતિકૂળ હોવાને લીધે અતિ દુષ્કર-કઠિન જ્ઞાનયોગ કરતાં, પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવાને લીધે સુખેથી સાધી

શકાય એમ હોવાથી કર્મયોગનું શ્રેષ્ઠત્વ કહે છે, જ્ઞાનયોગનું અને કર્મયોગનું એકજ ફળ છે એમ કહે છે, જ્ઞાનનિષ્ઠ કર્મયોગીને કર્મમાં કર્તૃત્વ, મમત્વ અને ફળાસક્તિએ રહિતપણું કહે છે. તેમજ આત્મવિત્ પુરુષનું લક્ષણ અને પરમેશ્વરના જ્ઞાનથી જ સર્વને શાંતિ થાય છે એમ પણ કહે છે.

તેમાં પ્રથમ ત્રીજા અધ્યાયમાં કહેલો કર્મયોગ અને કર્મને વિષે અકર્તાપણાનો પ્રકાર, તે અહીંયાં શુદ્ધપણે કહેવામાં આવે છે.

હવે ભગવાને કહેલો જે કર્મયોગ અને જ્ઞાનયોગ તે બેમાંથી પોતાને અનુષ્ઠાન કરવા યોગ્ય એવા એકને નિશ્ચયપૂર્વક નહિ જાણતાં અર્જુન પૂછે છે.

ભક્તોનાં આધ્યાત્મિકાદિક ત્રિવિધ દુઃખને હરનારા હે પ્રભુ ! આપ મને શાસ્ત્રીય કર્મનો સંન્યાસ-સમૂળ ત્યાગ - "જે આત્મસ્વરૂપમાંજ સદાય સંતુષ્ટ રહે છે, તેને કાંઈ કરવાનું રહેતુંજ નથી." "હે પરંતપ ! દ્રવ્યસાધ્ય યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ ઘણો શ્રેષ્ઠ છે." "હે પાર્થ ! સઘળાં કર્મ જ્ઞાનમાં સર્વથા પરિસમાપ્ત થઈ જાય છે." એ આદિક વચનોથી મુમુક્ષુજનને કર્મત્યાગ કહી બતાવો છો.

વળી "એ સંશયને છેદી નાખીને યોગને આશર ! અને હે ભારત ઉઠ ! - ઉભો થા ! યુદ્ધ માટે તૈયાર થઈ જા ! એ આદિક વચનોથી ફરીથી પાછો કર્મયોગ પણ કહી બતાવો છો.

કહેવાનું એ છે કે કર્મના ત્યાગરૂપ જ્ઞાનયોગ અને કર્મને આચરવારૂપ કર્મયોગ, એમ પરસ્પર વિરૂદ્ધતાવાળા એ બન્નેને પરસ્પર વિરોધી હોવાથી એકજ પુરુષે એકજ સમયમાં સિદ્ધ ન કરી શકાય માટે એ બેમાંથી સુખસાધ્ય હોવાને લીધે જે એક અતિશ્રેષ્ઠ વખાણવા યોગ્ય હોય તે મોક્ષનું સાધન સમ્યક્ પ્રકારે નિશ્ચિત કરેલું - હોય તે મને કહી બતાવો ! ॥૧॥

श्रीभगवानुवाच

सन्न्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसन्न्यासात् कर्मयोगो विशिष्यते ॥२॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે. કર્મસંન્યાસ અને કર્મયોગ એ બન્નેય નિશ્ચિતપણે શ્રેયનેજ કરનારા છે, તો પણ તે બેમાંથી કર્મસંન્યાસ કરતાંય કર્મયોગ વિશેષપણે ચઢીયાતો છે. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

શ્રી ભગવાન કહે છે. ઇન્દ્રિયોના વ્યાપારની નિવૃત્તિરૂપ જ્ઞાનયોગ તે સંન્યાસ જાણવો. અને કર્મયોગ એટલે કર્મફળમાં કામના અને કર્તૃત્વાદિક અભિમાનરૂપ કલંકથી રહિત પોત-પોતાના વર્ણ અને આશ્રમ પ્રમાણે પ્રાપ્ત થતાં કર્મનું આચરણ કરવું તે. આ જ્ઞાનયોગ અને કર્મયોગ એ બન્ને પોત-પોતાના અધિકાર પ્રમાણે મુમુક્ષુઓને શ્રેયનેજ કરનારા છે. તો પણ એ સંન્યાસ અને કર્મયોગ એ બેના મધ્યે પોતાની પ્રકૃતિને પ્રતિકૂળ હોવાથી દુષ્કર જ્ઞાનયોગરૂપ કર્મ સંન્યાસ કરતાં, પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવાથી સુખેથી અનાયાસે સાધી શકાય એવો છે માટે કર્મયોગ વિશેષ અધિક શ્રેષ્ઠ છે. ॥૨॥

ज्ञेयः स नित्यसन्न्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।
निर्द्विन्द्वो हि महाबाहो ! सुखं बन्धात्प्रमुच्यते ॥३॥

-: શ્લોકાર્થ :-

જે કશાયનો દ્વેષ નથી કરતો તેમ કશાયની ઇછા પણ નથી કરતો, તે પુરુષ જ નિત્યસંન્યાસી છે એમ તેને જાણવો. અને હે મહાબાહો ! અર્જુન ! શોક-મોહાદિક દ્વંદ્વોથી રહિત થયેલો જ આ સંસારના બંધનથી સુખેથી-સહેલાઈથી મુકાઈ જાય છે. ॥૩॥

-: ભાષ્યાર્થ :-

કેમ એમ ? તો કહે છે કે,

ભગવાન શ્રીહરિની આરાધનારૂપ કરાતાં કર્મમાં અન્તર્ગત રહેલી આત્મા-પરમાત્માના સ્વરૂપની અવિચ્છિન્ન સ્મૃતિથી તૃપ્ત વર્તતો જે કર્મયોગી, તે ભગવાન સિવાયનાં બીજાં સારાં સારાં ભોજનાદિક પદાર્થને નથી ઈચ્છતો, તેમજ પોતાના પ્રારબ્ધયોગ પ્રમાણે પ્રાપ્ત થતાં અતિ ઉત્તમ નહિ એવાં રૂક્ષ-નિરસ ભોજન તથા જાડાં વસ્ત્રાદિકને નથી દ્વેષ કરતો, અર્થાત્ દેહનિર્વાહમાં ઉપોયગી જેવાં મળે તેવાં અન્નવસ્ત્રાદિકથી સંતુષ્ટ વર્તે છે. અને એથી જ સુખદુઃખાદિક દ્વન્દ્વોથી રહિત વર્તનારો એવો તે કર્મયોગી ગૃહસ્થાશ્રમમાં રહેલો હોય તો પણ તેને સદાય જ્ઞાનનિષ્ઠ એવો નિત્ય સંન્યાસી જ જાણવો. અને હે મહાબાહો ! તે પુરુષ જ પોતાની પ્રકૃતિને અનુકૂળ માટે જ સુખેથી થઈ શકે એવા કર્મયોગથી, જન્મમૃત્યુની પરંપરારૂપ

સંસૃતિના બંધન થકી અનાયાસથી-સુખરૂપે જેમ હોય તેમ સર્વથા મુકાઈ જાયછે, એટલે કે તે મુક્ત થઈ જાય છે. ॥૩॥

साङ्ख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥४॥

-: શ્લોકાર્થ :-

વળી સાંખ્ય-માર્ગ અને યોગ-માર્ગ એ બન્ને જુદા છે એમ તો મૂર્ખાઓ જ કહે છે, પણ કાંઈ પંડિતો એમ કહેતા નથી, કેમ કે એ બેમાંથી એકને પણ સારી રીતે આશરેલો માણસ બન્નેના ફળને પામે છે. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

હવે- સાંખ્યયોગ અને કર્મયોગ એ બન્નેનું અનુષ્ઠાન કરવામાં એક જ - એક સરખું જ ફળ છે એમ કહે છે.

સમ્યક્ રીતે ચેતનાચેતનવિશિષ્ટ એવું પરમાત્મસ્વરૂપ જેનાથી યથાર્થ જાણવામાં આવે તે સાંખ્ય, એટલે તેજ જ્ઞાન-શબ્દથી કહેવામાં આવે છે. અને યોગ એટલે કર્મયોગ જાણવો. અહીંયાં જ્ઞાન શબ્દ જ્ઞાનયોગરૂપ અર્થને કહેનારો જાણવો. હવે તે જ્ઞાનયોગ અને કર્મયોગ એ બન્નેને, તેના સ્વરૂપના યથાર્થ જ્ઞાનથી રહિત એવા અપૂર્ણ જ્ઞાનવાળા મનુષ્યો ભિન્ન ફળ આપનારા છે એમ કહે છે. પણ તેના પૂરેપૂરા જ્ઞાનવાળા પંડિતજનો એમ નથી કહેતા.

એટલે કે અસંગપણે કર્માનુષ્ઠાન કરવાથી આત્મા-પરમાત્માનું જ્ઞાન સિદ્ધ થાય છે અને યથાર્થ આત્મા-પરત્માના જ્ઞાનથી આત્મસ્વરૂપની અને પરમાત્મ સ્વરૂપની અખંડ અવિચ્છિન્ન સ્મૃતિપરંપરા સધાય છે. આ પ્રમાણે એ બન્નેના ફળની એકતાને જાણનારા પંડિતો એ બન્ને જુદાં જુદાં ફળ આપનારા છે એમ નથીજ કહેતા એ અભિપ્રાયાર્થ છે.

મુક્તિના સાધનભૂત એવા એ બન્નેમાંથી એકને-જ્ઞાનયોગને અથવા તો કર્મયોગને પણ વિધિપૂર્વકના યથાર્થ અનુષ્ઠાનથી આશરેલો મુમુક્ષુજન બન્નેના ફળને પામે છે. એટલે કે બન્નેથી સિદ્ધ થતાં ફળને પામે છે. એ અર્થ છે. ॥૪॥

यत् साङ्ख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं साङ्ख्यं च योगं च यः पश्यति स पश्यति ॥५॥

-: શ્લોકાર્થ :-

જે સ્થાન સાંખ્ય-માર્ગીઓ સાંખ્યથી પામે છે, તેજ સ્થાન કર્મયોગીઓ યોગથી પણ પામે છે. માટે એ રીતે સાંખ્ય અને યોગ એ બન્નેને જે એકરૂપે જ જુએ છે તેણે જ ખરું તત્ત્વ જોયું એમ કહેવાય. અર્થાત્ તેનું જ સમજવું ખરું છે. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી પણ તેજ વાતને વિવેચનપૂર્વક કહે છે.

સાંખ્ય જે જ્ઞાન તે જેમને પ્રાપ્ત થયેલું છે, તે સાંખ્ય-પુરુષ કહેવાય છે, એવા જ્ઞાનનિષ્ઠ ત્યાગી પુરુષો જે સ્થાન પામે છે. તેજ સ્થાન જેમને કર્મયોગ સિદ્ધ થયેલો છે, એવા તે પૂર્વોક્ત લક્ષણોથી સંપન્ન કર્મયોગી પુરુષો પણ પામે છે, માટે

સાંખ્ય એટલે ઇન્દ્રિયોના વ્યાપારની વિરતિરૂપ જે જ્ઞાનયોગ અને યોગ જે આત્મા-પરાત્માના જ્ઞાનના અનુસંધાને યુક્ત અને ભગવાનની આરાધનારૂપ એવો ઇન્દ્રિયોના વ્યાપારને અનુકૂળ કર્મયોગ, એ બન્ને ભિન્ન-ભિન્નરૂપે જણાતા તેને ફળની એકતાને લીધે એકજ સમાનરૂપે જે જુએ છે, એજ ખરું જુએ છે. એટલે કે એનું એ પ્રમાણે જોવું-જાણવું એજ ખરું જોયેલું છે એમ જાણવું. ॥૫॥

सन्यासस्तु महाबाहो ! दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म नचिरेणाधिगच्छति ॥६॥

-: શ્લોકાર્થ :-

હે મહાબાહો ! સંન્યાસ તો કર્મયોગ સિવાય ઘણા ક્લેશથી પણ પામવો અશક્ય છે. અને કર્મયોગ કરનારો મનનશીલ ઉપાસક પુરુષ બ્રહ્મને બહુજ ઝડપથી અલ્પ સમયમાં પામે છે, પહોંચી જાય છે. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

હવે કર્મયોગ સિવાય સંન્યાસ-જ્ઞાનયોગ પ્રાપ્ત થવો અતિ દુષ્કર-દુઃખસાધ્ય છે એમ કહે છે.

હે મહાબાહુ અર્જુન ! કર્મયોગ સિવાય, એટલે કે અસંગપણે કર્માનુષ્ઠાન કર્યા સિવાય, સંન્યાસ જે જ્ઞાનયોગ તે તો અનાદિ વાસનાએ યુક્ત મનુષ્યોએ પામવાને માટે દુઃખરૂપ છે. અર્થાત્ ઘણા કષ્ટથી પણ પામવાને માટે અશક્ય છે. અને અસંગપણે કર્માનુષ્ઠાનરૂપ કર્મયોગમાં જોડાયેલો એવો સ્થૂળ, સૂક્ષ્મ અને

કારણ એ ત્રણેય શરીરથી વિલક્ષણ શુદ્ધ આત્મસ્વરૂપનું મનન કરવાના સ્વભાવવાળો મુનિ પુરુષ શુદ્ધ ક્ષેત્રજ્ઞસ્વરૂપ બ્રહ્મરૂપ એવા પોતાના આત્મસ્વરૂપને થોડાજ સમયમાં પામે છે સાક્ષાત્ કરે છે.

અભિપ્રાય એ છે કે પ્રથમ કર્મયોગ કરીને શુદ્ધ અન્તઃકરણવાળો થઈને સત્સમાગમ કરીને તે દ્વારા જ્ઞાનયોગ પ્રાપ્ત કરીને અલ્પકાળે કરીનેજ શુદ્ધ ક્ષેત્રજ્ઞસ્વરૂપને જુએ છે - સાક્ષાત્ કરે છે. આ પ્રમાણે જ્ઞાનયોગ કરતાં કર્મયોગ શ્રેષ્ઠ છે એમ પ્રથમ કહેલું તે અત્રે સ્પષ્ટ કરેલું છે. ॥૬॥

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥७॥

**-: શ્લોકાર્થ :-**

જે કર્મયોગમાં જોડાયેલો છે, પોતાનું મન અને ઈન્દ્રિયો પણ જેણે સર્વથા જીતેલાં છે અને સર્વ ભૂત-પ્રાણીમાત્રના આત્મા-અંતર્યામી પરમાત્મા તેજ પોતાના આત્મા-અંતર્યામી છે એમ જે અનુભવે છે. તે પુરુષ કર્મ કરવા છતાં પણ લેપાતો-બંધાતો નથી. ॥૭॥

**-: ભાષ્યાર્થ :-**

હવે તે વાતને જ દઢ કરી આપે છે.

શ્રીમન્નારાયણ ભગવાનના આરાધનરૂપ કર્મયોગે યુક્ત અને એથી જ વિશુદ્ધ સર્વથા શુદ્ધ થયું છે અન્તઃકરણ જેનું અને એ હેતુથીજ ભગવદારાધનરૂપ કર્માનુષ્ઠાનથી વિશેષપણે જીત્યો છે આત્મા-મન જેણે અને મન જીતાવાથી સર્વથા વશ કર્યાં છે ઈન્દ્રિયો જેણે અને એ પ્રમાણે ઈન્દ્રિયો અન્તઃકરણ જીતીને વશ કરેલાં હોવાથી જ સર્વ ક્ષેત્રજ્ઞ જીવાત્માઓના આત્મા-આધાર એવા અક્ષર બ્રહ્મ તે રૂપ, અર્થાત્ તે અક્ષર બ્રહ્મને તુલ્ય શુદ્ધ સ્વરૂપે વર્તતો આત્મા ક્ષેત્રજ્ઞ જેનો છે. એટલે કે - સર્વ વાસના સમૂળ નષ્ટ થવાથી અક્ષર બ્રહ્મના સાદશ્ય-સમાન ભાવને પામેલો. એ અર્થ જાણવો. તેવી સ્થિતિને પામેલો યોગી લોકસંગ્રહને માટે કર્મ કરતો હોવા છતાં પણ લેપાતો નથી. અર્થાત્ કર્મનું કર્તૃત્વ મમત્ત્વ અને ફળમાં આસક્તિ, એ વિગેરેથી પણ બન્ધાતોજ નથી. ॥૭॥

नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्श्रृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गाच्छन्स्वपन् श्वसन् ॥८॥

प्रलपन् विसृजन् गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ।।९।।

-: શ્લોકાર્થ :-

કર્મયોગી તત્ત્વવેત્તા પુરુષે 'હું કાંઇ કરતોજ નથી,' એમ માનવું-સમજવું. અને પોતે જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૂંઘતાં, અશન કરતાં, ચાલતાં, ઉંઘતાં, શ્વાસ લેતાં અને મુકતાં, બોલતાં, મળમૂત્રાદિકનો ઉત્સર્ગ કરતાં, ગ્રહણ કરતાં, નેત્ર ઉઘાડતાં અને મીંચતાં પણ, ઈન્દ્રિયો પોત-પોતાના વિષયોમાં આપો-આપ જ પ્રવર્તે છે એમ ધારીને સદાય અસંગપણે રહેવું. ।।૮-૯।।

-: ભાષ્યાર્થ :-

તેજ નિર્લેપપણું બે શ્લોકથી નિરૂપણ કરે છે -

ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને સત્ત્વાદિક ત્રણ ગુણ એ સર્વથી વિલક્ષણ એવા શુદ્ધ આત્મસ્વરૂપના સાક્ષાત્કારે યુક્ત અને તત્ત્વ જે આત્મતત્ત્વને જ્ઞાન અને આનંદાદિક ગુણઘનપણે જ જે જાણે છે પણ તેથી અન્યથા ભાવથી નહિ જાણનારો, તેવો જ્ઞાની પુરુષ ચક્ષુથી રૂપને જોતો, શ્રોત્રથી શબ્દને સાંભળતો, ત્વચાથી પોતાના વિષયને સ્પર્શ કરતો, ઘ્રાણથી ગન્ધને સૂંઘતો, રસનાથી રસને ખાતો, પગથી પૃથ્વી ઉપર ચાલતો, શયન કરતો, પ્રાણને ગ્રહણ કરતો અને બહાર જવા દેતો. બોલવાની ક્રિયા કરતો, મળમૂત્રાદિકનો વિસર્ગ-ત્યાગ કરતો, ગ્રહણ કરતો, નેત્રને ઉઘાડતો અને બન્ધ કરતો, આ પ્રમાણે દરેક ક્રિયાને કરતો થકો પણ ચક્ષુ, આદિક જ્ઞાનેન્દ્રિયો અને વાગાદિક કર્મેન્દ્રિયો અને પ્રાણની વૃત્તિરૂપ ક્રિયાઓ એ સઘળાં પોત-પોતાના વિષયોમાં આપો-આપ પ્રવર્તે છે, એમ ધારતો-વિચારતો સતો હું તો કાંઈ કરતોજ નથી એમ માને છે, કારણ કે કર્તાપણા આદિકના અભિમાને રહિતપણું હોવાથી.

અભિપ્રાય એ છે કે ગુણથી અતીત સુખરૂપ આત્મસ્વરૂપને જોતો થતો ઈન્દ્રિયોથી વિષયોને ગ્રહણ કરતો હોય તો પણ તે વિષયો આગમાપાયી સ્વભાવાળા હોવાથી તેમાં દુઃખનું અધિકપણું જાણી-સમજીને મનથી તે વિષયોમાં જોડાતો નથી. ।।૮-૯।।

ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ।।१०।।

-: શ્લોકાર્થ :-

જે પુરુષ સર્વ કર્મો બ્રહ્મમાં અર્પણ કરીને ફળાસક્તિ છોડી દઈને કર્યા કરે છે, તો તે પુરુષ જેમ જળથી કમળપત્ર અલગ રહે છે, તેમ પાપ પુણ્યરૂપ કર્મથી પોતે લેપાતો નથી. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

પ્રકારાંતરથી નિર્લેપપણું કહે છે.

જે યોગી પોતાનાં સઘળાં શાસ્ત્રીય કર્મ પરબ્રહ્મ શ્રીનારાયણ ભગવાનને વિષે સમર્પણ કરીને તે કર્મના ફળની આસક્તિનો પરિત્યાગ કરીને પોતાના ધર્મનો ત્યાગ ન થાય એમ ઇન્દ્રિયોનો વ્યાપાર કરે છે, તો તે પુરુષ-પોતાના આધારભૂત જળથી અથવા તો ઉપરથી નાખેલા જળથી કમળનું પત્રજ જેમ લેપાતું નથી. એમ બંધનમાં હેતુભૂત દેહાત્માભિમાનમૂળક દોષરૂપ પાપથી નથી લેપાતો. અર્થાત્ કોઈ દોષ તેના આત્માને લાગુ નથી થતો. ॥૧૦॥

कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ॥११॥

-: શ્લોકાર્થ :-

માટે જ કર્મયોગીઓ શરીરથી, મનથી, બુદ્ધિથી અને એકલી ઇન્દ્રિયોથી પણ આત્મશુદ્ધિને માટે ફળાસક્તિ તથા અભિમાન છોડી દઈને કર્મ કર્યા કરે છે. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

આત્મા-પરમાત્માના સાક્ષાત્કારના અભિલાષુક યોગીજનો શરીરથી, મનથી, બુદ્ધિથી અને કેવળ-એકલાં શ્રોત્ર વાગાદિક ઇન્દ્રિયોથી પણ, પોતાના આત્મસ્વરૂપની નિર્વાસનિકતારૂપ શુદ્ધિને માટે, સ્વર્ગાદિકની પ્રાપ્તિરૂપ ફળમાં આસક્તિનો પરિત્યાગ કરીને ભગવાનની પ્રસન્નતા સંપાદન કરનારું કર્મ કરે છે. ॥૧૧॥

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥१२॥

-: શ્લોકાર્થ :-

કર્મયોગી જ્ઞાની પુરુષ કર્મફળને છોડી દઈને નૈષ્ઠિકી-શાશ્વત શાંતિને પામે છે. અને અયુક્ત-અણસમજુ છે તે તો વાસનાયોગે કરીને પ્રેરાયો થકો ફળમાં આસક્ત થઈને બંધાઈ જાય છે. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

હવે ફળમાં આસક્તને બંધન અને અનાસક્તને મોક્ષ પ્રાપ્ત થાય છે એમ કહે છે.

આત્મા-અનાત્માના વિવેકે યુક્ત પુરુષ કર્મના ફળનો ત્યાગ કરીને, અસંગપણે કર્માનુષ્ઠાન કરવાથી આત્મા-પરમાત્માની સ્મૃતિમાં સ્થિર-અવિરત, શાંતિને-સુખને પામે છે. અને આત્મા-અનાત્માના વિવેકથી રહિત પુરુષ ઈચ્છાથી પ્રેરાઈને કર્મ કરવામાં પ્રવૃત્તિ થવારૂપ હેતુને લીધે કરેલાં કર્મના સ્વર્ગાદિક ફળમાં રાગવાળો હોવાથી તેમાં બંધાય છે. અર્થાત્ ફળમાં આસક્તિ-અનાસક્તિથીજ બંધ મોક્ષ થાય છે. એ અભિપ્રાય છે. ॥૧૨॥

सर्वकर्माणि मनसा सन्न्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥१३॥

-: શ્લોકાર્થ :-

વશેન્દ્રિય પુરુષ સર્વ કર્મનો મનથી સંન્યાસ-ત્યાગ કરીને નાક-કાન વિગેરે નવ દ્વારવાળા આ કાયાનગરમાં કાંઈ પણ નહિ કરતો, કે નહિ કાંઈ કરાવતો-પ્રેરતો થકો આનંદથી વર્તે છે. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

હવે અનાદિ વાસનાએ યુક્તપણાને લીધે કર્મયોગમાં અનુકૂળ હોવાથી અન્તર્ગત જ્ઞાનાભ્યાસ જેમાં રહેલો છે એવો કર્મયોગજ શ્રેષ્ઠ છે એમ પ્રથમ કહીને, હવે-હમણાં સત્સંગથી અને કર્મયોગરૂપ સચ્છાસ્ત્રવિહિત કર્મ કરવાથી અંતઃકરણના કષાયો-મલિન વિકારો જેના નરમ પડી ગયા છે એવા પુરુષને જ્ઞાનયોગ કરવાનો હોય એમ કહે છે.

સત્સંગથી અને નિષ્કામભાવે કરેલાં સચ્છાસ્ત્રવિહિત કર્મથી વશ કર્યાં છે-જીત્યાં છે ઈન્દ્રિયો અને અન્તઃકરણ જેણે, એવો વશી પુરુષ સારાસારના વિવેકે યુક્ત મનથી, સર્વ કર્મોને ઈન્દ્રિયોના વ્યાપારરૂપ ધ્યાન-ભજનમાં વિક્ષેપ આવરણ કરનારાં અને જ્ઞાનનિષ્ઠામાં પ્રતિકૂળ-વિરોધી એવા સમગ્ર કર્મનો સર્વ પ્રકારે પરિત્યાગ

કરીને, અનાયાસેજ નેત્ર-નાસિકાદિક નવ દ્વારવાળા નગર જેવા આ શરીરમાં તે શરીરથી પૃથગ્ભૂત-વસ્તુતાએ જુદો જ એવો સતો પુર થકી જુદો છતાં પણ પુરમાં રહેલો જનજ જેમ એમ તે શરીરના અભિમાને રહિત થકો જ્ઞાનાભ્યાસ કરતો સતો રહે છે. આ રીતે બ્રાહ્મણાદિક જાતિમાં ઉત્પન્ન થયેલાં દેહધારી હોવા છતાં પણ તે શરીરના અભિમાનથી રહિત વર્તનારો ગૃહસ્થાશ્રમીમાત્રને સાધારણપણે પ્રાપ્ત થતાં કર્મને પોતે નહિ કરતો તેમજ બીજાઓ પાસે પણ નહિજ કરાવતો સતો વર્તે છે.

એટલે કે - પોતાને દેહથી જુદો માનીને શરીરના અભિમાનથી રહિત હોવાથી કોઈ પણ કર્મમાં કર્તાપણાનું કે કારયિતાપણાનું અભિમાન રાખતો જ નથી. એ અભિપ્રાય છે ॥૧૩॥

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥१४॥

-: શ્લોકાર્થ :-

જીતેન્દ્રિય સમર્થ યોગી પુરુષ લોકનું દેવમનુષ્યાદિકરૂપે ઉત્પન્ન થનારા જીવલોકનું કર્તૃત્વ અને કર્મ તેને નથી સર્જતો, તેમજ-કર્મફળના સંયોગને પણ નથી સર્જતો, પણ સ્વભાવ-જે પ્રકૃતિ તેનાથીજ આ બધું પ્રવર્તે છે. ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

આવા જ્ઞાનનિષ્ઠને સ્વાભવિકપણેજ નિર્લેપપણું હોય છે એમ કહે છે -

પ્રભુ - પોતાનાં સર્વ ઇન્દ્રિયોને સ્વધર્મરૂપ કર્માચરણમાં સર્વથા નિયમમાં રાખીને દેહાભિમાનનો પરિત્યાગ કરીને શુદ્ધ ક્ષેત્રજ્ઞભાવનાએ વર્તનારો સમર્થ યોગી પુરુષ દેવ, મનુષ્ય અને વૃક્ષાદિકરૂપ ત્રિગુણાત્મકપ્રકૃતિના સંબંધને લીધે પ્રવર્તતા જીવલોકને કર્તૃત્વ-ભાવ નથી સર્જતો - દેવ - મનુષ્યાદિક જાતિથી ઉત્પન્ન થયેલો અને દેહની સાથે આત્માને એકરૂપ કરીને પ્રવર્તેલો એવો તે તે કર્મનો કર્તૃભાવ તેને સ્વયં પોતે નથી ઉત્પાદન કરતો અને તે પુરુષનાં સઘળાં કર્મ દેવમનુષ્યાદિક જાતિના અભિમાનથી પોત-પોતાને વિષે રહેલા મમત્વથી કરેલાં તે તે કર્મને નથી ઉત્પાદન કરતો, અર્થાત્ સઘળાં કર્મ નિર્મમત્ત્વભાવથીજ કરે છે. અને તે તે ત્રિગુણાત્મક કર્મથી ઉત્પન્ન થયેલો પ્રાકૃત ફળનો સંબંધ પણ પોતાને વિષે નથી ઉત્પાદન કરતો.

નનુ-શંકા, તો આ રીતે કર્તૃત્વાદિક ન હોય તો તે સિવાય દેહનિર્વાહમાં ઉપયોગી કર્મ કેવી રીતે કરે છે ? એ શંકાના સમાધાનમાં કહે છે.

સ્વભાવ-એટલે કે પ્રાચીન કર્માનુસારે ફળરૂપે પ્રાપ્ત થયેલી દેહઇન્દ્રિયોરૂપ પ્રકૃતિ, તે પ્રારબ્ધ કર્મ પ્રમાણે પ્રવર્તે છે. અભિપ્રાય એ છે કે પોતાને નિર્ગુણ ક્ષેત્રજ્ઞસ્વરૂપે વર્તવાપણું હોવાથી અને તે કર્તૃત્વાદિકનું ગુણમય પ્રકૃતિમાંથી ઉત્પન્ન થવાપણું હોવાથી ગુણવિષમતાને લીધે પ્રવર્તતું કર્તૃત્વાદિક તેને પોતે નથી સ્વીકાર કરતો, અર્થાત્ ગુણમૂળક કર્તૃત્વને પોતામાં નથી માનતો. તે પ્રમાણે પ્રમાણભૂત વાક્ય પણ છે, "મુક્ત પુરુષ પણ ત્યાં સુધી સ્વદેહને ધારણ કરે, કે જ્યાં સુધી પોતાનું પ્રારબ્ધ ભોગવવાનું હોય. પણ તે દેહના અભિમાને રહિત જ વર્તે પણ બીજા દેહની પ્રાપ્તિ થાય એમ ગુણકાર્યને પોતે પોતાનામાં ન માને. જેમ જાગ્રત્ અવસ્થામાં આવેલો માણસ સ્વપ્રાવસ્થામાં ભોગવેલાં સુખ-દુઃખાદિકનું અભિમાન નથી રાખતો તેમ." એમ ભાગવત્-પંચમસ્કન્ધમાં કહેલું છે. ॥૧૪॥

नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥१५॥

-: શ્લોકાર્થ :-

અને આત્મા તો વિભુ છે, માટે દેવ મનુષ્યાદિક કોઈ પણ શરીરકૃત પાપ કે પુણ્યને ગ્રહણ કરતોજ નથી. અને પરમાત્મ સ્વરૂપને નહિ જાણવું એ રૂપ અજ્ઞાનથી આત્માનું ધર્મભૂત જ્ઞાન આવરણ પામી ગયેલું હોવાથીજ પ્રાણીઓ આ સંસૃતિમાં મોહથી ફસાયા કરે છે. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

વિભુ-પ્રાકૃત વસ્તુઓમાં મમત્વે રહિત વર્તતો હોવાથી આત્માનંદના લાભથી જ પરિપૂર્ણપણે વર્તનારો પુરુષ પોતાના પુત્રાદિકનું કે પોતાની જ્ઞાતિનું કે ઇન્દ્રિયોએ સહિત પોતાના દેહનું, એ કોઈનું પણ પાપ, કે પાપના પરિણામરૂપ દુઃખને તે નથી અંગીકાર કરતો, તેમજ એ- ઉપર કહ્યા એમાંના કોઈનું પણ શુભ કર્મ, કે તે તે શુભ કર્મના પરિણામરૂપ સુખને પણ નથી સ્વીકાર કરતો. કેમ કે, તે દેહાદિકમાં સ્વકીય-બુદ્ધિ નિવૃત્તિ પામેલી હોવાથી તે દેહાદિકનું શુભાશુભ કર્મ, અથવા તેથી પ્રાપ્ત થતાં સુખઃ-દુઃખ તેને પોતાનાં નથી જાણતો એ ભાવાર્થ છે.

નનુ-શંકા, ત્યારે સર્વે મનુષ્યો ત્રણ ગુણોના સંબંધથી રહિત સુખરૂપ આત્મસ્વરૂપના વાસ્તવિક જ્ઞાનવાળા કેમ નથી થતા ? એમ આશંકા ઉઠાવીને કહે છે.

અજ્ઞાનને લીધે જીવાત્માનું જ્ઞાન આવરણ પામેલું છે. અર્થાત્ ઢંકાઈ ગયેલું છે. તે હેતુથી પ્રાકૃત વસ્તુઓમાં અહં-મમતાને લીધે શુભાશુભ કર્મ કરનારા જન્મ-

મૃત્યુની પરંપરારૂપ સંસૃતિમાં પડેલા સંસારી જનો વિપરીત જ્ઞાન પામવા રૂપ મોહમાં ફસાયેલા છે. ॥૧૫॥

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

જ્યારે એ પરમાત્મસ્વરૂપના જ્ઞાને કરીને જેમનું તે અનાદિ અજ્ઞાન નાશ કરી નાખ્યું છે, તેમને જ તે આત્મસ્વરૂપનું જ્ઞાન અને પરમાત્મસ્વરૂપનું પરમ જ્ઞાન સૂર્યની માફક પ્રકાશે છે. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

"તારું સઘળું પાપ જ્ઞાનરૂપ નાવથીજ તું તરી જઈશ." "તેજ પ્રમાણે જ્ઞાનરૂપ અગ્નિ સઘળાં કર્મને બાળીને ભસ્મ રૂપ કરી દે છે." "આ લોકમાં જ્ઞાનને તુલ્ય બીજું કોઈ પવિત્ર છેજ નહિ." એ પ્રમાણે પ્રથમ કહી ગયેલાને દૃઢ કરતા થકા કહે છે.

બ્રહ્મ-પરબ્રહ્મ, આત્મા-અંતર્યામી જેમાં અખંડ વિરાજમાન રહેલા છે, એવા પોતાના આત્મસ્વરૂપના વાસ્તવિક જ્ઞાનથી જે કર્મયોગીઓના આત્મસ્વરૂપના ધર્મભૂત જ્ઞાનને આવરણ કરનારું અનાદિ કાળથી પ્રવર્તેલું અજ્ઞાન સમૂળ ક્ષય પમાડેલું છે, તેવા સિદ્ધ કર્મયોગીઓને, તે આત્મા-પરમાત્માએ બન્ને પર -પ્રધાન શ્રેષ્ઠ પ્રાપ્ય જેમાં છે, એવું સર્વોત્કૃષ્ટ જ્ઞાન આદિત્યની માફક પ્રકાશે છે. એટલે કે સૂર્ય જેમ અંધકારનો નાશ કરીને સર્વ પદાર્થોને પ્રકાશ કરી આપે છે. તેની પેઠે જ આ પરમ જ્ઞાન પણ અજ્ઞાનને નાશ કરીને આત્મવસ્તુના યથાર્થ-વાસ્તવિક સ્વરૂપનો પ્રકાશ - સાક્ષાત્કાર કરી આપે છે. ॥૧૬॥

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

તે પરમાત્મસ્વરૂપમાં જેમની બુદ્ધિ અને મન સ્થિર થયેલાં છે, તેમાંજ જે દૃઢ નિષ્ઠાવાળા છે અને તત્પરાયણ-તદેકપર વર્તનારા છે. તો તેવા ઉપાસનરૂપ જ્ઞાનથી જેમનાં કલ્મષ સમૂળ નાશ પામી ગયાં છે તે પુરુષોજ પુનરાવૃત્તિવર્જીત પરમ ધામને પામે છે. ॥૧૭॥

-: ભાષ્યાર્થ :-

હવે - તે જ્ઞાનનું ફળ કહી બતાવે છે.

આવા તે જ્ઞાનમાં જેમની વ્યવસાયાત્મક નિશ્ચયાત્મક એક અવિચળ બુદ્ધિ રહેલી છે, તે જ્ઞાન સંપાદન કરવામાંજ જેમનું મન અવિરત લાગેલું છે, તે જ્ઞાનનો દૃઢ અધ્યાસરૂપ અભ્યાસ કરવામાં સદાય સાવધાન વર્તનારા અને તે જ્ઞાન સિદ્ધ કરવું એજ જેમને મોટામાં મોટું સર્વશ્રેષ્ઠ પ્રયોજન મનાયેલું છે. અને તત્ત્વદર્શી જ્ઞાની-ગુરુએ ઉપદેશેલા આવા અખંડ અભ્યાસ કરેલા જ્ઞાનથી, સ્થૂળ અને સૂક્ષ્મ શરીરનું વાસનાત્મક, અનાદિ કાળથી પરંપરાએ પ્રવર્તેલું અને જન્મ-મરણાદિક વિકારપરંપરાને ઉત્પન્ન કરનારું, એવું અશુભ કર્મરૂપ કલ્મષમાત્ર જેમનું સમૂળપણે નાશ પામી ગયું છે, એવા અનેક મુક્તાત્માઓ પુનરાવૃત્તિવર્જીત ''જે ધામને પામીને પાછા નથી ફરતા'' એ વિગેરે વાક્યોથી કહેલા તે સાક્ષાત્ અક્ષર બ્રહ્મ ધામને પામે છે. ॥૧૭॥

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥१८॥

-: શ્લોકાર્થ :-

અને તેવા પંડિતો-જ્ઞાની ભક્તો વિદ્યા અને વિનયાદિકથી સંપન્ન, બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન અને શ્વપાક જાતિના માણસમાં પણ સમદૃષ્ટિવાળાજ હોય છે. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

આ કહ્યા એવા એ જ્ઞાનીજનોનો સમદર્શન પ્રકાર કહી બતાવે છે.

વિદ્યા અને વિનયાદિક ગુણોથી સમ્પન્ન પુરુષને વિષે, બ્રાહ્મણ જાતિના પુરુષને વિષે, શ્વપાક જાતિના ચંડાળ પુરુષમાં, ગાયમાં હાથીમાં અને કુતરામાં પણ, ક્ષેત્રજ્ઞ-જીવાત્માના સ્વરૂપને યથાર્થ જાણનારા પંડિતો-જ્ઞાનીજનો, પ્રાચીન શુભાશુભ કર્મના વિભાગ પ્રમાણે અતિ ઉત્કૃષ્ટ નિકૃષ્ટપણે જોવામાં આવતા એવા આ સઘળા ક્ષેત્રજ્ઞ જીવાત્માઓમાં સમદર્શી વર્તે છે. એટલે કે જીવાત્માઓના સ્વરૂપમાં જ્ઞાનૈકાકારથી તેમજ અચ્છેદ્યાદિક સ્વભાવથી પણ પરસ્પર વિષમ ભાવથી રહિત સર્વથા તુલ્યપણે જોનારા છે. અને ઉત્કૃષ્ટ નિકૃષ્ટ ભાવ તો શરીરોને વિષે છે, પણ ક્ષેત્રજ્ઞ - જીવાત્માઓના સ્વરૂપમાં તો ઉચ્ચ-નીચ ભાવરૂપ વિષમતા છે જ નહિ. અને

દેહથી ઉચ્ચ-નીચ ભાવે રહેલા તે તે જાતિના મનુષ્યોનો સત્કાર વિગેરે તો ધર્મશાસ્ત્રમાં કહેલા વિધિ વચનથી કરવોજ એમ અભિપ્રાય છે.

જુઓ ! સ્મૃતિવચન આ પ્રમાણે છે. - ''અપૂજ્ય માણસની પૂજા કરવાથી તેમજ પૂજ્ય પુરુષોની પૂજા નહિ કરવાથી માણસ નિશ્ચેજ મનુષ્યઘાત કર્યા જેટલું પાપ-દોષ પામે છે.'' ॥૧૮॥

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥१९॥

-: શ્લોકાર્થ :-

જેમનું મન આવા સમ-ભાવમાં સ્થિત થયેલું છે તેઓએ તો આ જન્મમાંજ માયાનો સર્ગ જીતી લીધો છે. કારણ કે—બ્રહ્મ-પરબ્રહ્મ નિર્દોષ અને સમ છે, તેથી તે સમદષ્ટિવાળા બ્રહ્મમાંજ સ્થિત વર્તે છે. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

જે મનુષ્યોનું મન ઉપર કહેવા પ્રમાણે ક્ષેત્રજ્ઞોના સમ-ભાવમાં રહેલું છે, તો તેમણે તો અહીંયાં - સાધન દશામાંજ સઘળો સંસાર જીત્યો છે. અર્થાત્ તેઓ સંસારને સર્વથા તરી ગયા છે. કારણ કે ત્રણ ગુણના કાર્યરૂપ સર્વદોષથી રહિત અને વસ્તુતાએ પરસ્પર તુલ્ય ભાવથી જ રહેલું, એવું જે શુદ્ધ ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ છે, તેજ બ્રહ્મ નામે કહેવાય છે. માટે જે પુરુષો ક્ષેત્રજ્ઞોમાં સમદર્શનરૂપ સામ્ય સ્થિતિમાં રહેલા છે, તે પુરુષો બ્રહ્મસ્વરૂપમાંજ રહેલા છે એમ જાણવું. પ્રકૃતિજન્ય સર્વ પદાર્થોથી વિલક્ષણ એવા શુદ્ધ ક્ષેત્રજ્ઞોમાં આકૃતિથી અમુક વિલક્ષણ આકારવિશેષથી, તેમજ અચ્છેદ્ય-અભેદ્યાદિક ગુણોથી સમભાવ કરનારા-રાખનારા જ્ઞાનીજનો સંસારના બંધનથી રહિત થઈ જાય છે. એમ અભિપ્રાય છે. ॥૧૯॥

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसम्मूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥२०॥

-: શ્લોકાર્થ :-

મનગમતી પ્રિય વસ્તુ પામીને નથી હર્ષ પામતો, કે અપ્રિય-અણગમતી વસ્તુ પામીને નથી ઉદ્વેગ પામતો, આવો સ્થિર બુદ્ધિવાળો અસમ્મૂઢ બ્રહ્મવિદ્ પુરુષ પરબ્રહ્મમાં સ્થિત છે. એમ જાણવું. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

હવે આ કહ્યું એ પ્રકારે વર્તતા અને કાળે કરીને પક્વ દશાને પામેલા એવા જ્ઞાનનિષ્ઠ પુરુષને પ્રિય-અપ્રિય વસ્તુમાં સમ ભાવ થઈ જાય છે એમ કહે છે.

પૂર્વે કહેલો બ્રહ્મવિત્ પુરુષ પોતાના પ્રારબ્ધ કર્મથી પ્રાપ્ત થયેલી પોતાના મનને અનુકૂળ ઇચ્છિત વસ્તુને પામીને હર્ષાતુર ન બની જાય, તેમજ પોતાના મનને પ્રતિકૂળ વસ્તુને પામીને ઉદ્વેગવાળો પણ ન થાય. આવુ શાથી થાય ? તેના ઉત્તરમાં કહે છે બ્રહ્મમાં રહેલો માટે, એટલે કે બ્રહ્મસ્વરૂપમાં સતત અભ્યાસે યુક્ત વર્તે છે માટે. એવું કેમ વર્તાય ? તેના ઉત્તરમાં કહે છે શુદ્ધ ક્ષેત્રજ્ઞ - સ્વરૂપમાં જેની બુદ્ધિ સ્થિર થયેલી છે એવા સ્થિતપ્રજ્ઞને એમ વર્તાય ? એમ કેમ થાય ? એમ જો કહેતા હો, તો તેના ઉત્તરમાં કહે છે નાશવંત દેહની સાથે અવિનાશી એવા શુદ્ધ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને એકરૂપ કરીને, માનીને સર્વથા મોહ નહિ પામેલો માટે કહેવાનું એ છે કે આવો બ્રહ્મવિત્ પુરુષ પ્રિય-અપ્રિયના સંયોગસમયમાં હર્ષ અને ઉદ્વેગ નજ કરે. ॥૨૦॥

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते ।।२१।।

-: શ્લોકાર્થ :-

બાહ્ય વિષયોના સ્પર્શમાં-સુખાસ્વાદમાં આસક્તિએ રહિત મનવાળો જે પુરુષ આત્મસ્વરૂપમાં રહેલા પરમાત્મસ્વરૂપના સુખનો અનુભવ કરે છે, તે પુરુષ જ બ્રહ્મસ્વરૂપમાં યોગયુક્ત-સ્થિર મન કરવાથી અક્ષય સુખને પામે છે. ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી પણ એજ જ્ઞાનીને નિરૂપણ કરે છે.

જે જ્ઞાની પુરુષ ક્ષેત્રજ્ઞ સિવાયના બાહ્ય ઇન્દ્રિયોના વિષયાનુભવમાં આસક્તિએ રહિત મન જેનું છે એવો સતો આત્મામાંજ સ્વસ્વરૂપમાં જ સુખને પામે છે, અનુભવે છે, તે બ્રહ્મસ્વરૂપમાં થતી સમાધિમાં સંલગ્ન થયું છે ચિત્ત જેનું એવો સતો પ્રાકૃત-માયિક તુચ્છ સુખાસ્વાદને તજી દઈને બ્રહ્માનુભવથી પ્રાપ્ત થતા અનુભવાતા આનંદને અનુભવે છે એ અભિપ્રાયાર્થ છે. ॥૨૧॥

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय ! न तेषु रमते बुधः ।।२२।।

-: શ્લોકાર્થ :-

વિષયોના સંસર્ગજન્ય જે ભોગવિલાસ છે, તે ખરેખર દુ:ખનાજ કારણભૂત છે અને તે પણ આદિ, અંતવાળા હોવાથી હે કૌન્તેય ! ડાહ્યા—બુદ્ધિમાન મનુષ્યો તેમાં રમતા નથી. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

હવે-પ્રાકૃત સુખમાં ઉદ્વેગનો હેતુ કહી બતાવે છે.

વિષયો અને ઇન્દ્રિયોના સંયોગ-સંબંધથી થયેલા જે ભોગ-વિલાસ તે રાગ-દ્વેષાદિકથી ભરેલા હોવાથી સર્વ પ્રકારે દુ:ખનાજ કારણભૂત છે. આ લોકમાં અને પર લોકમાં પણ પરસ્પર સ્પર્ધા અને અસૂયાદિક દોષોથી વ્યાપ્ત-ભરેલા હોવાથી કેવળ દુ:ખનાજ કારણભૂત છે. એજ ખરી વાત છે, વળી આવા દુ:ખરૂપ છે તે પણ સ્થિર-ચિરસ્થાયી નથી. પણ આદિ-અન્તવાળા છે, એટલે કે ઉત્પત્તિ અને વિનાશે યુક્ત હોવાથી ક્ષણિક-સ્વભાવના છે. અર્થાત્ ક્ષણિકપણાને લીધે અસત્પ્રાય - અતિ તુચ્છ છે. માટે જ હે કૌન્તેય ! સાર-અસારને સમજનારો વિવેકી જ્ઞાની જન તે વિષયોમાં નથી રમતો નથી ફસાતો. ॥૨૨॥

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥२३॥

-: શ્લોકાર્થ :-

જે પુરુષ આ જન્મમાં જ શરીર છૂટતા પહેલાં કામ-ક્રોધાદિકના વેગને સહન કરવા શક્તિમાન થાય છે, તે પુરુષજ મોક્ષને લાયક છે અને એજ પરમ સુખી છે. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

હવે બ્રહ્મસુખને પામનારા અધિકારીને વર્ણન કરી બતાવે છે.

શરીરથી વિખૂટો પડતા પહેલાં અર્થાત્ શરીરપાત થતા સુધીમાં જે પુરુષ અહીંયાં સાધનદશામાં જ મોક્ષની ઇચ્છાથી કામ-ક્રોધાદિકના દુર્વાર વેગને સહન કરવાપૂર્વક તેને વશ કરીને જીતવાને સમર્થ થાય છે. તે પુરુષજ યુક્ત-મોક્ષનો ઉપાય કરવામાં યોગ્ય છે. અને એ પુરુષજ સુખી છે. એટલે કે તે પુરુષજ દેહ પડવા પહેલાંજ બ્રહ્માનુભવ કરે છે. એ અભિપ્રાય છે. ॥૨૩॥

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥२४॥

-: શ્લોકાર્થ :-

જે અંતરાત્મામાંજ સુખી છે, અંતરાત્મામાં જ આરામ કરનારો છે, તથા જેને અંતરમાં સ્વ-પરસ્વરૂપનો પ્રકાશ થયેલો છે, તે બ્રહ્મરૂપ થયેલો યોગી બ્રહ્મનિર્વાણને પામે છે. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

વળી જે ઉપાસક યોગી પુરુષ અંતઃ-આત્મસ્વરૂપમાં જ જેને સુખ વર્તે છે, પણ નહિ કે બહારના પ્રાકૃત શબ્દાદિક વિષયોમાં. તેમજ - જે અન્તઃ-ધ્યેયમૂર્તિ પ્રભુ શ્રીહરિના ધ્યાનમાંજ અખંડ આરામ કરનારો છે, પણ નહિ કે બહારનાં શરીરના સુખસાધનોમાં. અને વળી જે અંતઃ-અંતકરણમાં ધ્યેયમૂર્તિ ભગવાનના ધ્યાનથીજ જેને અખંડ પ્રકાશ વર્તે છે, તેવી રીતેનો જે ઉપાસક યોગી પુરુષ તે શુદ્ધ આત્મસ્વરૂપના સાક્ષાત્કારને પામેલો-બ્રહ્મભૂત થઈને બ્રહ્મનિર્વાણ-બ્રહ્મસ્વરૂપના અનુભવાત્મક સુખને સર્વ પ્રકારે પામે છે. ॥૨૪॥

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥२५॥

-: શ્લોકાર્થ :-

જેઓનાં પાપ સર્વથા ક્ષીણ-નષ્ટપ્રાય થઈ ગયાં છે. શોક-મોહાદિક તથા સ્વપરનો ભેદભાવ જેમને છેદાઈ ગયો છે, જેમનું મન સર્વથા નિયમમાં રહેલું છે. અને જેઓ સર્વ ભૂત-પ્રાણીમાત્રના હિતમાં જ તત્પર થઈને જોડાયેલા છે, તેવા આત્મદર્શી પુરુષો જ બ્રહ્મનિર્વાણ-બ્રહ્મસાક્ષાત્કારજન્ય પરમ શાંતિને પામે છે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

વળી-શીતોષ્ણાદિક તેમજ-માન-અપમાન વિગેરે દ્વન્દ્વો જેમણે સર્વ પ્રકારે છેદી નાંખ્યા છે, અને એથીજ સમ્યક્ પ્રકારે નિયમમાં કર્યું છે ચિત્ત જેમણે, અને તેથીજ સર્વ ભૂત-પ્રાણિમાત્રનું હિત કરવામાં સર્વથા દયાપૂર્વક તત્પરપણે વર્તનારા, અને તેથીજ સર્વથા નાશ પામી ગયું છે પોતાને પ્રાપ્યસ્વરૂપ પરમાત્મપ્રાપ્તિમાં વિરોધી એવું કલ્મષમાત્ર જેમનું. આવા પ્રકારના જે તત્ત્વદ્રષ્ટા- આત્મદર્શી પુરુષો છે, તેજ બ્રહ્મનિર્વાણ પામે છે- બ્રહ્માનુભવજન્ય આનંદમાં સતત નિમગ્ન રહે છે. ॥૨૫॥

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥२६॥

-: શ્લોકાર્થ :-

તેમજ-કામ ક્રોધાદિકથી રહિત થયેલા, જેમનું ચિત્ત પણ સુસંયત છે અને આત્મતત્ત્વ પણ જેમણે જાણી લીધું છે એવા પ્રયત્નશીલ પુરુષોનેજ બ્રહ્મનિર્વાણ સર્વ પ્રકારે સદાય સમીપમાંજ વર્તે છે. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

આવા યોગી પુરુષોનેજ બ્રહ્માનુભવ સુલભ છે એમ કહે છે.

કામ-ક્રોધાદિક વિકારોથી સર્વથા રહિત થયેલા, જેમણે પોતાનું ચિત્ત વશમાં કરેલું છે, આત્મતત્ત્વ જેમણે યથાર્થ જાણી લીધેલું છે અને જે સદા સર્વથા પ્રયત્નશીલ છે. એવા પુરુષોને બ્રહ્માનુભવજન્ય સુખ-આનંદ સર્વ કાળમાં વર્તે છે. આવા પુરુષોનેજ સર્વ સમયમાં હસ્તામલકવત્ બ્રહ્મનિર્વાણ સાક્ષાત્ વર્તે છે, એ અભિપ્રાય છે. ॥૨૬॥

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥२७॥
यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥२८॥

-: શ્લોકાર્થ :-

બહારના વિષયોને બહાર દૂર કરીને, દૃષ્ટિ ભ્રકુટિના મધ્ય-ભાગમાંજ રાખીને, નાસિકામાર્ગે ગમન કરતા પ્રાણ-અપાન વાયુને સમાન ગતિવાળા કરીને, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને નિયમમાં રાખીને જે ઈચ્છા, ભય અને ક્રોધાદિક વિકારથી રહિત થઈને મોક્ષપરાયણ વર્તનારો મુનિ છે, તે સદાય દેહદશામાં પણ મુક્તજ-મુક્તપ્રાયજ છે. ॥૨૭-૨૮॥

-: ભાષ્યાર્થ :-

હવે ઉપાસક યોગીઓએ કરવા યોગ્ય ધ્યાનનો પ્રકાર કહે છે.

બહારના શબ્દાદિક સર્વ વિષયોને બહાર કરીને, એટલે કે બાહ્યેન્દ્રિયોનો સમગ્ર ઉદ્યમ સંકેલીને, ધ્યાન કરવા યોગ્ય સુસ્થિર આસનથી બેસીને અને નેત્રવૃત્તિને નાસિકાના અગ્ર ભાગ ઉપરજ સ્થિર રાખીને નાસિકા દ્વારા અંદર નાભિના

અધોભાગ સુધી શરીરમાં ફરતા એવા પ્રાણ અને અપાન વાયુને યોગશાસ્ત્રમાં કહેલી રીતિએ સમાન ગતિવાળા કરીને.

આ પ્રાણાયામ વિગેરે સાધનોથી જેણે પોતાનાં ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ સમ્યક્ પ્રકારે નિયમમાં કરેલાં છે, અને મોક્ષ એજ પરમ ઉત્કૃષ્ટ પ્રાપ્ય સ્થાન જેને છે અને એથીજ વિશેષપણે કરીને જેની ઈચ્છા, ભય અને ક્રોધ પણ નિવૃત્તિ પામી ગયેલા છે. ઈચ્છા એટલે આત્મા-પરમાત્માના અનુભવ સિવાયના બાકીના વિષયોમાં ઈચ્છા, ભય એટલે ભવિષ્ય કાળમાં થનારા અનિષ્ટની શંકાથી થતો ભય, અને ક્રોધ એટલે પોતાના ઈચ્છિત વિષયભોગમાં આડે આવનાર ઉપર થઈ આવતો રોષ. આવા પ્રકારનો જે મનનનશીલ મુનિ પુરુષ છે, તે સદાય મુકતજ છે તે સાધન દશામાં રહેલો હોય તો પણ તેને મુક્ત છે એમ જ જાણવો. એ અર્થ છે. ॥૨૭-૨૮॥

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥२९॥

इति श्रीमद्‌भगवद्‌गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे कर्मसंन्यासयोगो नाम पञ्चमोऽध्यायः ॥५॥

**-: શ્લોકાર્થ :-**

યજ્ઞ અને તપ વિગેરેનાં ફળને ભોગવનાર, સર્વ લોકનો મહેશ્વર—પરમ નિયામક અને સર્વભૂત—પ્રાણીમાત્રનો પરમ સુહૃદ્ એવો જે હું તે મને જાણીને-ઉપાસીને પરમ શાશ્વત શાંતિને પામે છે. ॥૨૯॥

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મસંન્યાસયોગો નામ પંચમોऽધ્યાયઃ ॥૫॥

**-: ભાષ્યાર્થ :-**

સાંખ્યમાં જ્ઞાનમાં વર્તનારો, યોગમાર્ગમાં વર્તનારો, શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપને પામેલો અને અક્ષર-બ્રહ્મને પામેલો. એમ એ ચારેય પ્રકારના પુરુષ પરમેશ્વરની ઉપાસના કરવાથીજ આત્યંતિક સુખને પામે છે, એમ કહી સમજાવે છે.

યજ્ઞો અને તપનો અગ્રભોક્તા, સર્વ લોક અને સર્વ લોકમાં રહેલા તેના તેના ઈશ્વરો તે સર્વનો મહેશ્વર-સર્વોપરિ નિયંતા, તે વાત શ્રુતિ પણ કહે છે - "ઈશ્વરો-ના પણ તે પરમ મહેશ્વરને અમે જાણીએ છીએ." અને સર્વ ભૂત-

પ્રાણીમાત્રનો સુહૃદ્ - મિત્રની પેઠે હિત-સુખને કરનારો, આવો મને જાણીને સાંખ્ય-માર્ગમાં રહેલો હોય કે યોગ-માર્ગમા રહેલો હોય તે સઘળાય શાંતિને પામે છે, એટલે કે વિષયાનુભવ થકી થતા આનંદ કરતાં પણ બહુ અધિક એવું શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના અનુભવથી થતું સુખ પામે છે, વળી તેથી અધિક જે અક્ષર બ્રહ્મના અનુભવનું સુખ, તેમજ તેથી પણ અતિ અધિક એવું મારા સ્વરૂપના અનુભવથી સાક્ષાત્કારથી પ્રાપ્ત થતું સુખ, તેને પામે છે અનુભવે છે. માટે હે અર્જુન ! કર્મયોગથી, જ્ઞાનયોગથી, તેમજ ભક્તિયોગથી, એમ સર્વ ઉપાયથી સર્વ જનોએ સર્વ પ્રકારે હું જ ઉપાસના કરવા યોગ્ય છું. પણ મારા સિવાય સર્વોપાસ્ય બીજો કોઈ નથી. એ અભિપ્રાય છે. ॥૨૯॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર - પરભક્તિસમારાધ્ય-*
*ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્‌ગુરુવર્ય શ્રી ગોપાળાનંદમુનિવિરચિતે*
*શ્રીમદ્ ભગવદ્ગીતાભાષ્યે પંચમોઽધ્યાયઃ ॥૫॥*

## अथ षष्ठोऽध्यायः

श्री भगवानुवाच

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स सन्न्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥१॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે-કર્મફળનો આશ્રય-ઉદ્દેશ નહિ રાખતાં શાસ્ત્રવિહિત કરવા યોગ્ય કર્મને જે કર્યા કરે છે. તેજ ખરો સંન્યાસી અને તેજ ખરો યોગી છે. પણ અગ્નિહોત્રાદિક કર્મ છોડી દેનાર, અગર ક્રિયામાત્ર છોડી દેનાર, સંન્યાસી કે યોગી કહેવાતો જ નથી. ॥૧॥

यं सन्न्यासमिति प्राहुर्योगं तं विद्धि ! पाण्डव ! ।
न ह्यसन्न्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ॥२॥

**-: શ્લોકાર્થ :-**

હે પાંડવ ! જેને સંન્યાસ કહે છે, તેને જ યોગ એમ જાણ ! અને સંકલ્પમાત્રનો સમૂળગો ત્યાગ કર્યા સિવાય કોઈ પણ યોગી એટલે-કર્મયોગી થઈ શકતો નથી. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

પાંચમા અધ્યાયમાં અનાદિ વાસનાએ યુક્ત મુમુક્ષુ પુરુષને પોતાની પ્રકૃતિ-સહજસિદ્ધ સ્વભાવને અનુકૂળ એવો કર્મયોગ નામે પ્રસિદ્ધજ, મોક્ષના સાધનભૂત ધર્મ કહી બતાવ્યો.

અંદર ગર્ભિત રહેલા જ્ઞાને સહિત કર્મયોગ કરવાથી જેના મનના કામક્રોધાદિક કષાયો નષ્ટપ્રાય થઈ ગયેલા છે, એવા પુરુષને જ્ઞાનયોગ નામે પ્રસિદ્ધ ધર્મ કહી બતાવ્યો.

વળી આ બન્નેય ધર્મભૂત માર્ગ શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના અને અક્ષર બ્રહ્મના પ્રાપક છે એમ પણ કહી બતાવ્યું.

અને વળી શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના સાક્ષાત્કારને પામેલા, અને અક્ષર બ્રહ્મના સાધર્મ્યને પામેલા, એવા એ બન્ને પ્રકારના પુરુષોને પરમેશ્વરના સ્વરૂપના યથાર્થ વાસ્તવિક જ્ઞાનથીજ પરમ શાંતિ થાય છે. એમ પણ કહી બતાવ્યું.

હવે આ છઠ્ઠા અધ્યાયમાં કર્મયોગ અને જ્ઞાનયોગની એકતા, જ્ઞાનયોગના અનુષ્ઠાનથી સિદ્ધ થયેલા યોગીને શુદ્ધ આત્મસ્વરૂપભૂત બ્રહ્મનું ધ્યાન, અને તે પછી પરત્માત્મસ્વરૂપના ધ્યાનનું તેથી પણ અતિ શ્રેષ્ઠપણું કહેવામાં આવે છે.

હવે જ્ઞાનયોગ અને કર્મયોગનું ઐક્ય નિરૂપણ કરતા થકા શ્રી ભગવાન કહે છે.

જે કોઈ ત્યાગી અથવા તો ગૃહસ્થાશ્રમી પુરુષ, પોત-પોતાના આશ્રમમાં રહીને આચરેલા કર્મથી પામવા યોગ્ય સ્વર્ગ અને સત્યલોકાદિકની પ્રાપ્તિરૂપ ફળને, તે બાબતમાં પ્રમાણભૂત-''વર્ણી અને સંન્યાસી સ્વધર્મમાં વર્તતો થકો નિશ્ચેજ બ્રહ્માના લોકને પામે છે. વાનપ્રસ્થ ઋષિઓના લોકને પામે છે. અને ગૃહસ્થાશ્રમી સ્વર્ગલોકને પામે છે.'' આવું સ્કન્દ પુરાણનું વચન છે.

નહિ ઈચ્છતો થકો પોતાના આશ્રમમાં અવશ્ય કર્તવ્ય તરીકે કહેલું કર્મ કર્યા કરે છે, તો એજ સંન્યાસી એટલે જ્ઞાનયોગે યુક્ત છે. અને એજ યોગી એટલે કર્મયોગે યુક્ત પણ એજ છે. અને જે નિરગ્નિ છે, એટલે કે - અગ્નિના ઉપાસને રહિત છે, અથવા અગ્નિનો ત્યાગ કરનારો, અથવા અગ્નિનો સંગ્રહજ નહિ કરનારો એવો છે. અને જે અક્રિય છે, એટલે કે વિધિપ્રાપ્ત કર્મનો પણ પરિત્યાગ કરનારો છે. તે વસ્તુતાએ ખરો સંન્યાસી નથી. પણ તે કેવળ આશ્રમથી જ સંન્યાસી છે.

અહીંયાં કેટલાક આ પ્રમાણે વ્યાખ્યાન કરે છે તે પુરુષ નિરગ્નિ નથી, એટલે કે - તે અગ્નિહોત્રાદિક કર્મથી રહિત પણ નથી, તેમજ અક્રિય એટલે કેવળ જ્ઞાનનિષ્ઠ પણ નથી. પણ તે તો બન્ને પ્રકારના સાધનથી યુક્ત છે. એ અર્થ છે.

હવે જ્ઞાનાંશ જેમાં મુખ્યત્વે રહેલો છે એવા કર્મયોગનું જ્ઞાનયોગપણું નિરૂપણ કરતાં કહે છે -

જે જ્ઞાનયોગને સંન્યાસ એટલે ત્યાગિધર્મ એમ કહે છે, એટલે કે કર્મયોગ અને જ્ઞાનયોગના યથાર્થ સ્વરૂપને જાણનારા- સમજનારા કહે છે, તે જ્ઞાનયોગને યોગ એટલે કર્મયોગ જ જાણ - સમજ ! અર્થાત્ તે જ્ઞાનયોગ એ કર્મયોગ જ છે. એમ તું જાણ ! હવે તે વાતને જ નિરૂપણ કરી બતાવે છે. હે પાંડુપુત્ર- અર્જુન ! નથી સર્વથા ત્યાગ કર્યો સંકલ્પ જેણે, અહીંયાં સંકલ્પ એટલે - આત્માનું દેહની સાથે અને સત્ત્વાદિક ગુણનાં કાર્યભૂત ઈન્દ્રિયો આદિકની સાથે એકીભાવથી પ્રવર્તવું એ જાણવું. એટલે કે આત્મવિચારથી નથી ત્યાગ કર્યું દેહાભિમાન જેણે, અર્થાત્ દેહાભિમાને યુક્તજ વર્તનારો, એજ એનો ખરો અર્થ છે. તો આવા પ્રકારનો કોઈ પણ યોગી, કર્મયોગી નજ થાય એ નિશ્ચિત વાત છે. માટે આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનથી સર્વ પ્રકારે ત્યાગ કર્યા છે સઘળા સંકલ્પ જેણે એવા કર્મયોગીને જ જ્ઞાનયોગી જાણવો. એમ અભિપ્રાય છે. ॥૧-૨॥

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ।।३।।

**-: શ્લોકાર્થ :-**

યોગમાર્ગમાં વધવાને માટે ઈચ્છતા મુનિને કર્મયોગ એજ કારણ છે. અને યોગારૂઢ-યોગસિદ્ધ થયેલા તેજ યોગીને તેમાં શમ એ કારણ છે. ॥૩॥

**-: ભાષ્યાર્થ :-**

જ્યારે ગૃહસ્થાશ્રમને તુલ્યપણે પ્રાપ્ત થતો કર્મયોગ એજ મોક્ષનું સાધન હોય, તો જ્ઞાનયોગની મુખ્ય સાધનતા માનીને શમદમાદિક પ્રવ્રજ્યાધર્મનો શાસ્ત્રમાં ઉપદેશ કરવામાં શું પ્રયોજન છે ? એ શંકાના સમાધાનમાં કહે છે.

યોગ એટલે બ્રહ્મસમાધિ પ્રાપ્ત કરવાને ઈચ્છતા મુનિને, તેની પ્રાપ્તિમાં કારણભૂત મુખ્ય સાધન પ્રથમ કર્મ એટલે અસંગપણે કર્માનુષ્ઠાન કરવું એજ કહેવામાં આવે છે. અને અસંગપણે કર્માનુષ્ઠાનથી, તેમજ એકાંતિક સંતોનો સમાગમ કરવાથી ચિત્ત શુદ્ધ થયા પછી બ્રહ્મસાક્ષાત્કાર એજ ફળ જેનું છે, એવા જ્ઞાનયોગને

આશરેલા મુનિને, શમ એટલે બ્રહ્મસમાધિમાં વિક્ષેપ કરનારાં કર્મનો ત્યાગ, એજ બ્રહ્મસમાધિમાં અધિક-સર્વથા પ્રવૃત્તિ થવામાં કારણ-મુખ્ય હેતુ કહેવામાં આવે છે. આ બાબતમાં પ્રમાણભૂત આ વાક્ય છે - ''શમ અને અહિંસા એ ભિક્ષુનો ધર્મ છે, તપ અને ઈક્ષા એ વનમાં રહેનારા વાનપ્રસ્થનો ધર્મ છે, ભૂતરક્ષા અને યજ્ઞ કરવા એ ગૃહસ્થાશ્રમીનો ધર્મ છે. અને આચાર્યસેવન એ દ્વિજાતિનો ધર્મ છે.''

ભાવાર્થ એ છે કે અનાદિ વાસનાએ યુક્ત મુમુક્ષુ જનને પ્રથમ કર્મયોગ કરવો જોઈએ. અને તેનાથી ચિત્તશુદ્ધિ થયા પછીજ કર્મનિવૃત્તિ રૂપ જ્ઞાનયોગ સિદ્ધ થાય છે. અને તેનાથી બ્રહ્મસમાધિ સિદ્ધ થાય છે. ॥૩॥

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसङ्कल्पसन्न्यासी योगारूढस्तदोच्यते ॥४॥

**-: શ્લોકાર્થ :-**

જ્યારે ઈન્દ્રિયોના અર્થોમાં-વિષયોમાં તેમજ તે વિષયોનાં સાધનભૂત કર્મોમાં, નથી જોડાતો, અને સર્વ સંકલ્પોનો સમૂળગો ત્યાગ કરી દે છે. ત્યારે તે યોગારૂઢ એમ કહેવાય છે. ॥૪॥

**-: ભાષ્યાર્થ :-**

તે યોગારૂઢનેજ વર્ણન કરી કહે છે.

જે મુનિજન જ્યારે ઈન્દ્રિયોના અર્થરૂપ શબ્દાદિક વિષયોમાં નથી જોડાતો, તેમજ શબ્દાદિક વિષયોના સાધનભૂત ક્રિયાઓમાં પણ નથી જોડાતો, એટલે કે તેમાં આસક્તિ નથી કરતો, ત્યારેજ સર્વ-શબ્દાદિકના અને તેને સંપાદન કરવાના સમગ્ર સંકલ્પોને સર્વથા ત્યાગ કરે છે, તેવો જે હોય તે યોગારૂઢ એટલે કે - સમાધિમાં આરૂઢ થયેલો એમ કહેવાય છે. ॥૪॥

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥५॥

**-: શ્લોકાર્થ :-**

મનુષ્ય વિવેકે યુક્ત જીતેલા મનથી આત્માનો ઉદ્ધાર કરે, પણ આત્માનો અધઃપાત ન થવા દે. કારણ કે જીતેલું મન જ આત્માનો બંધુ-હિતકારક છે, અને નહિ વશ કરેલું મન જ આત્માનો-પોતાનો શત્રુ છે. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

હવે યોગ સાધવાના ઉદ્યમમાં મનનીજ શત્રુતા અને મિત્રતા છે એમ દર્શાવે છે.

વિષયાસક્તિએ રહિત અથવા સારાસારના વિવેકવાળા મનથી, પોતાના ક્ષેત્રજ્ઞ-જીવાત્માને સંસાર સાગરમાં ડૂબેલાને સંસૃતિ થકી ઉદ્ધારજ કરે, પણ વિપરીત મનથી પોતાના આત્માને સંસાર સાગરમાં ન ડૂબાડી દે. કારણ કે આ સંસારમાં પોતનું જીતેલું મનજ બંધુની પેઠે ઉપકાર કરીને સન્માર્ગે લઈ જનારું છે. અને નહિ જીતેલું એજ મન શત્રુની પેઠે નરકમાં પાડવામાં હેતુભૂત થાય છે. ॥૫॥

बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
आनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥६॥

-: શ્લોકાર્થ :-

જેણે પોતાની વિવેકવાળી બુદ્ધિથી પોતાનું મન જીત્યું છે તે આત્માનો બંધુ તે જીતેલું મન જ છે. અને જેને પોતાનું મન વશમાં નથી તેને તો તે મનજ અધઃપાત કરનારું શત્રુની માફક વર્તે છે. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી એજ વાત વિસ્તાર કરીને કહે છે -

જે સાધક પુરુષે સારાસારના વિવેકવાળી બુદ્ધિથી પોતાના મનને પાકૃત શબ્દાદિક વિષયો થકી પાછું વાળીને વશ કરેલું છે, તે પુરુષનેજ પોતાનું મન પોતાને બંધુની પેઠે આ લોક પરલોકમાં સુખ આપનારું થાય છે, અને જેણે પોતાનું મન નથી જીત્યું એવા પુરુષને તો એ મન જ પોતાને શત્રુની પેઠે - નિરંતર શત્રુભાવથીજ વર્તે છે. તેમાં પ્રમાણભૂત પરાશર મુનિનું વચન આ પ્રમાણે છે - "પોતાનું મનજ મનુષ્યોને બંધ અને મોક્ષમાં કારણભૂત છે. જો વિષયમાં જોડાય તો બંધનનું કારણ થાય છે. અને જો નિર્વિષય થાય છે તો મુક્તિનું કારણ થાય છે." ॥૬॥

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥७॥

-: શ્લોકાર્થ :-

જેણે પોતાનું મન જીત્યું છે અને જે સર્વથા શાંત થયેલો છે. તે પુરુષને શીત-ઉષ્ણ, સુખ-દુઃખ, તથા માન-અપમાન, એ સર્વ સમયમાં પોતાનો શ્રેષ્ઠ-શુદ્ધ આત્મા સમાધાન પામેલો સ્થિરભાવે વર્તે છે. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

શીત ઉષ્ણ એવાં અને સુખ દુઃખ આપનારાં પદાર્થો કે જે ચિત્તમાં હર્ષ અને ઉદ્વેગ કરનારાં છે તેમાં, તથા ચિત્તમાં હર્ષ અને ઉદ્વેગ થવામાં હેતુભૂત એવાં પૂજા અને પરાભવ, એ રૂપ માન-અપમાનમાં પણ જીત્યું છે મન જેણે, એટલે કે-ઉદ્વેગાદિકથી રહિત સ્થિર શાન્ત મનવાળો અને એથીજ પ્રશાન્ત-પ્રાકૃત વિષયમાં રાગે રહિત એવા પુરુષને પોતાનું મન સર્વથી પર અક્ષરબ્રહ્મના પ્રત્યે સમ્યક્ પ્રકારે સર્વથા સ્થિત થયેલું છે.

અથવા તે પુરુષના હૃદયને વિષે પરમાત્મા સ્વયં બ્રહ્મ સમ્યક્ પ્રકારે રહેલા છે. અર્થાત્ ધ્યાનથી તે પરમાત્મા શીઘ્ર પામી શકાય એવા સુલભ થાય છે. એ અભિપ્રાય છે.

અથવા તો પ્રશાંત એવા શુદ્ધ ક્ષેત્રજ્ઞ - જીવાત્માના મનને વિષે પરમાત્મા પરમેશ્વર સમ્યક્ પ્રકારે રહેલા છે, એટલે કે કહેલાં એ સાધનોથી સંપન્ન એવા પુરુષે પરમાત્મા તુરત જ પ્રાપ્ત કરાય છે. એ અભિપ્રાય છે. ॥૭॥

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥८॥

-: શ્લોકાર્થ :-

જ્ઞાન-વિજ્ઞાનથી સદાય તૃપ્ત-સંતુષ્ટ આત્મા જેનો છે. અને તેથીજ કૂટસ્થ-નિર્વિકાર અને સર્વથા જીત્યાં છે ઇન્દ્રિયો જેણે અને તેથી જ કચરો, પાષાણ અને કનકમાં પણ જેને સમભાવ વર્તે છે, તેજ ખરો યોગ્યતાવાળો યોગી કહેવાય છે. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

શાસ્ત્રજન્ય જ્ઞાન અને વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારું એવું પરોક્ષ જ્ઞાન, તથા અપરોક્ષાનુભવાત્મક જે વિજ્ઞાન, તે બન્નેથી તૃપ્ત એટલે વિનાશી વસ્તુઓમાં

નિરપેક્ષ આત્મા- મન જેનું છે. અને તેથી જ કૂટસ્થ - એટલે સર્વ વિકારશૂન્ય અને વિકારશૂન્ય હોવાથીજ સમ્યક્ - રીતે વશમાં કર્યા છે ઇન્દ્રિયો જેણે એવો. અને એમ થવાથીજ લોષ્ટ-કચરો, પાષાણ અને કાંચનમાં પણ જેને સમાન બુદ્ધિ વર્તે છે એટલે કે- પ્રકૃતિવિલક્ષણ બ્રહ્મરૂપ આત્મસ્વરૂપમાં દૃઢ સ્થિતિ થવાથી પ્રકૃતિજન્ય નાનાવિધ અનેક વિચિત્ર મોહક વસ્તુઓમાં ભોગ્ય બુદ્ધિજ નિવૃત્તિ પામવાથી લોષ્ટ, પાષાણ અને કનક વિગરેમાં સમ બુદ્ધિવાળો. એ અર્થ છે. આવા પ્રકારનો જે યોગીતે યુક્ત એટલે યોગારૂઢ-યોગમાં પૂરેપૂરો પ્રવર્તેલો છે એમ કહેવાય છે. ॥૮॥

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥९॥

**-: શ્લોકાર્થ :-**

સુહૃદ, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ કરવા યોગ્ય જનોમાં, બંધુ જનોમાં, અને સાધુ જનોમાં, તેમજ પાપી જનોમાં પણ, સમાન બુદ્ધિ રાખનારો જ વિશેષ શ્રેષ્ઠ મનાય છે. ॥૯॥

**-: ભાષ્યાર્થ :-**

સુહૃદ-સ્વભાવથીજ સદાય હિત કરવાના સ્વભાવવાળો, મિત્ર-સમાન અવસ્થાનો હોઈને નિરંતર હિત ઇચ્છનારો, અરિ-કંઈક પણ નિમિત્ત-બ્હાનું અવલંબીને અનર્થ કરવા ઇચ્છનારો, ઉદાસી, ઉપેક્ષાવાળો, મધ્યસ્થ-ન્યાય-અન્યાયના પ્રસંગે તુલના કરીને ખરી વાત કહી દેનારો, દ્વેષ્ય-જન્મથીજ અનિષ્ટ-અહિત કરવા ઇચ્છનારો. અને બંધુ-જન્મથી જ હિત કરવા ઇચ્છનારો. આ કહ્યા એવા તે સુહૃદાદિકોમાં તેમજ-ધર્મપરાયણ વર્તનારા સાધુ જનોમાં પણ અને પાપ કરવાના સ્વભાવવાળા પાપી જનોમાં પણ. જે સમબુદ્ધિ છે, એટલે કે પોતાને બ્રહ્મરૂપ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું એજ એક પ્રયોજન હોવાથી તેઓની સાથે પ્રયોજન કે વૈર એમાંનું એકેય નહિ હોવાથી સર્વત્ર સમાન બુદ્ધિવાળો છે, તે પુરુષ ધ્યાન કરનારાઓમાં સર્વથી શ્રેષ્ઠ થાય છે. એ અર્થ જાણવો. ॥૯॥

योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥१०॥

-: શ્લોકાર્થ :-

યોગ સાધનાર યોગીજન એકાંત સ્થાનમાં એકલા રહીને, ચિત્ત અને આત્મા-અંતઃકરણને નિયમમાં રાખીને, સઘળી ઇચ્છાઓ છોડી દઈને અપરિગ્રહ રહીને આત્માને પરમાત્મસ્વરૂપમાં અખંડ જોડે સંલગ્ન કરે. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે યોગમાં યોગ્ય અને યોગમાં આરૂઢ પૂરો પ્રવર્તેલો, એવા બન્ને પ્રકારના યોગીનું લક્ષણ કહીને, હવે-યોગમાર્ગમાં પ્રવર્તવાને ઇચ્છતા યોગીનો ધ્યાનપ્રકાર કહી બતાવે છે.

યોગ સાધવાને ઇચ્છતો યોગી ધ્યાનમાં વિક્ષેપ ન થાય એવા નિરૂપાધિક સ્થાનમાં રહીને નિરંતર પોતાના મનને ધ્યેય વસ્તુમાં સર્વથા એકાગ્ર કરે. કેવો થકો કરે ? તે કહે છે ધ્યાનમાં વિક્ષેપ કરે એવા જનસમૂહથી અલગ રહ્યો થકો નિયમમાં છે ચિત્ત અને શરીર જેનું અને ધ્યેય વસ્તુ સિવાયનાં સઘળાં પદાર્થોમાં આકાંક્ષાએ રહિત અને તે ધ્યેય વસ્તુ સિવાય બીજામાં મમતાએ રહિત. આવાં ધ્યાન કરનારા ધ્યાનીના લક્ષણોએ યુક્ત થઈને મનને આત્મસ્વરૂપમાં જોડી દે. એમ અર્થનો અન્વય-સંબંધ જાણવો. ॥૧૦॥

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥११॥

-: શ્લોકાર્થ :-

બહુ ઉંચું નહિ તેમ બહુ નીચું પણ નહિ એવું દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર, તે એક બીજાની ઉપર રાખીને, તેવું પોતાનું સ્થિર આસન પવિત્ર જગ્યામાં સ્થાપન કરીને. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

હવે યોગના ઉપકરણો આસન વિગેરે કેવાં રાખવાં એ કહી બતાવે છે -

દુષ્ટ જનોના ઉપદ્રવ સિવાયનું, તેમજ અપવિત્ર પદાર્થના સંસર્ગ- સંસ્પર્શથી રહિત એવા સ્થાનમાં અથવા સ્વભાથી જ શુદ્ધ અને સંસ્કારથી પણ જે શુદ્ધ પવિત્ર સ્થાન હોય તેવા સ્થાનમાં પોતાનું આસન સ્થાપન કરીને. હવે તે આસન કેવું રાખવું ? તે કહે છે સ્થિર નિશ્ચળ, અતિ ઉંચુ નહિ તેમ અતિ નીચુ પણ નહિ. અને વસ્ત્રનું આસન, મૃગચર્મનું આસન અને દર્ભનું આસન, એ આસનનો ઉત્તરોત્તર એક બીજાના કરતાં શ્રેષ્ઠ જાણવાં, એટલે કે વસ્ત્રના આસન કરતાં

મૃગચર્મ શ્રેષ્ઠ અને તેના કરતાં દર્ભ શ્રેષ્ઠ એમ જાણવું. આવાં લક્ષણોથી યુક્ત યોગ્ય આસન સ્થાપન કરીને તેના ઉપર બેસવું. ॥૧૧॥

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥१२॥

**-: શ્લોકાર્થ :-**

તે આસન ઉપર બેસીને મનને પરમાત્મસ્વરૂપમાં એકાગ્ર કરીને ચિત્ત અને ઇન્દ્રિયોના વ્યાપારને કાબૂમાં કરીને આત્મસ્વરૂપની વિશુદ્ધિ માટે યોગાભ્યાસ કરે. ॥૧૨॥

**-: ભાષ્યાર્થ :-**

ઉપર કહ્યું તેવા આસન ઉપર બેસીને સર્વ વિક્ષેપથી રહિત મનને સ્થિર કરીને, ચિત્ત-અંતઃકરણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓ જેણે સર્વથા ઉપરત કરેલી છે. એવો થકો સ્વસ્વરૂપની સર્વથા વિશુદ્ધિને માટે, એટલે કે પરમેશ્વરમાં પરા ભક્તિનો અધિકાર પ્રાપ્ત થવા માટે યોગાભ્યાસ કરે. ॥૧૨॥

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
सम्प्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥१३॥

**-: શ્લોકાર્થ :-**

શરીરનો મધ્ય ભાગ, મસ્તક અને ગ્રીવા એ અંગોને સીધાં, સરખાં અને નિશ્ચળ રાખીને, પોતે સ્થિર થઈને, આસ-પાસ દિશાઓ પણ નહિ જોતાં પોતાની નાસિકાના અગ્ર સામું જ જોઈ રહીને. ॥૧૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે ધ્યાન કરનાર યોગીને ધ્યાનમાં ઉપયોગી અનુકૂળ શરીરસ્થિતિનું નિરૂપણ કરતાં કહે છે.

કાયશબ્દથી શરીરનો મધ્ય ભાગ જાણવો. એટલે કે શરીરનો મધ્ય ભાગ, મસ્તક અને ગ્રીવા-ડોકી, એ સર્વ અંગો સરખાં-સીધાં રાખીને, અર્થાત્ મૂળાધાર ચક્રથી આરંભીને મસ્તક સુધીનાં સર્વ અંગો સીધાં અને નિશ્ચળ-અતિ સ્થિર રાખીને, એ પ્રમાણે પોતે સ્થિર થઈને પોતાની નાસિકાના અગ્ર ભાગને જોઈને, એટલે કે અર્ધાં મીંચેલાં છે નેત્ર જેણે, એવો થકો અને આમ-તેમ આજુ-બાજુમાં પણ નહિ જોતાં સ્થિરતાથી બેસીને યોગ સિદ્ધ કરે. ॥૧૩॥

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥१४॥

-: શ્લોકાર્થ :-

અને પોતાના મનને સર્વથા શાંત રાખીને, ટળી ગયો છે ભય જેને, બ્રહ્મચારી-ધર્મમાં દઢ રહીને, મનનો સંયમ કરીને, મારામાંજ ચિત્ત રાખીને, મત્પરાયણ થઈને, સાવધાન થકો યોગાભ્યાસ કરવા બેસે વર્તે. ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

હવે યોગસિદ્ધિમાં પ્રધાન ઉપકારક કહી બતાવે છે.

બ્રહ્મચર્ય વ્રતમાં દઢ રહેલો, મત્પર-સાંખ્ય-યોગાદિક સાધનોથી સર્વોત્કૃષ્ટ પ્રાપ્યભૂત જેને હું જ છું. અને તેથી જ કર્મયોગથી સાંખ્યયોગથી અને શ્રવણાદિક સાધનભક્તિથી નિર્દોષ અને બ્રહ્મરૂપ થઈને ''હું પરાત્પર પુરુષોત્તમ ભગવાનને પામીશ'' એમ આવા અનન્ય ભાવથી મારા સ્વરૂપમાંજ જેનું ચિત્ત સ્થિર રહેલું છે. અને તેથીજ કાળભયથી પણ રહિત થઈ ગયેલો. અને તેથી જ સર્વથા શાન્ત-અવ્યાકુળ મન જેનું છે, એવો થકો પોતાનું મન સર્વથા નિયમમાં રાખીને, એટલે કે પુરુષોત્તમ એવો જે હું તે મારામાં સ્થિર કરીને, યુક્ત મુક્તિદશા અનુભવવાને યોગ્ય થઈને વર્તે. ॥૧૪॥

युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥१५॥

-: શ્લોકાર્થ :-

આ પ્રમાણે પોતાનો યોગાભ્યાસ સદાય કર્યા કરનારો યોગી પોતાના મનને વશમાં કરીને નિર્વાણપ્રધાન એવી મારા સ્વરૂપમાં રહેલી પરમ શાંતિ પામે છે. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

હવે આવો યોગ સાધનારને તે યોગનું ફળ કહી બતાવે છે.

યોગસિદ્ધિની આકાંક્ષાવાળો સાધક-યોગી, આ કહ્યું એ પ્રમાણે અખંડિતપણે પરાત્પર પુરુષોત્તમ એવા મારે વિષે પોતાના મનને સ્થિર કરતાં કરતાં, મારું અખંડ ધ્યાન કરવાથી વશ કર્યું છે મન જેણે એવો થકો, પરમ-સર્વોત્કૃષ્ટ નિર્વાણ

સુખ જેમાં અખંડ રહેલું છે એવી મારા સ્વરૂપમાં તૈલધારાવત્ અવિચ્છિન્ન ચિત્તની એકાગ્રતારૂપ સમ્પ્રજ્ઞાત સમાધિને સર્વથા પામી જાય છે. ॥૧૫॥

नात्यश्नतस्तु योगाऽस्ति न चैकान्तमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ! ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

આ યોગ બહુ ખાનારને સિદ્ધ થતો નથી, તેમજ મુદ્દલ નહિ ખાનારને પણ નથી થતો. હે અર્જુન ! અતિ ઉંઘવાના સ્વભાવવાળાને પણ નહિ, તેમ સર્વથા જાગનારને પણ નહિજ. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે આહારનો નિયમ કે જે યોગમાં પરમ ઉપકારક છે. તેને કહી બતાવે છે.

અતિશય ખાનારને, તેમજ તદ્દન આહાર નહિ કરનારને પણ, તથા અતિ ઉંઘનારને પણ, તેમજ સર્વથા નિદ્રા નહિ કરનાર જાગરૂકને પણ, યોગ-ચિત્તની એકાગ્રતારૂપ યોગ સિદ્ધ થતો જ નથી. ॥૧૬॥

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

પણ આહાર-વિહાર યોગ્ય પ્રમાણસર કરનારને, તથા ક્રિયાઓ પણ યોગ્ય પ્રમાણમાં જ કરનારને, તેમજ ઉંઘવું અને જાગવું તે પણ જેનું યોગ્ય નિયમસરજ છે, તેવા નિયમિત સંયમી પુરુષને જ આ દુઃખને હણનારો યોગ સિદ્ધ થાય છે. ॥૧૭॥

**-: ભાષ્યાર્થ :-**

ત્યારે યોગની સિદ્ધિ કોને થાય છે ? તેનો ખૂલાસો કરે છે.

યોગશાસ્ત્રમાં કહેવા પ્રમાણે આહાર વિહાર જેના પરિમિત-અતિશય નિયમિત છે. અને હરકોઈ કામકાજ કરવામાં યુક્ત-નિયમિત ચેષ્ટા-પ્રવૃત્તિ જેની છે, અને ઉંઘવું અને જાગવું તે પણ જેનું નિયમિતજ છે. આવા નિયમોથી નિયમિત વર્તનાર પુરુષને જન્મ-મરણાદિક સઘળાં દુઃખને સમૂળ નાશ કરનારો યોગ સિદ્ધ થાય છે.

હવે યુક્ત આહાર કરવામાં પ્રમાણભૂત-"ઉદરના બે ભાગ અન્નથી પૂરવા અને એક ભાગ જળથી પૂરવો અને એક ભાગ બાકી-ખાલી વાયુસંચાર માટે રાખવો. આ પ્રમાણે યોગ સાધનારો મિતાહાર કરનારો થાય- વર્તે" આવા યોગશાસ્ત્રમાં કહેલા આહાર-વિહારમાં નિયમો જોવા-જાણવા. ॥૧૭॥

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥१८॥

**-: શ્લોકાર્થ :-**

વિશેષપણે નિયમમાં કરેલું મન જ્યારે આત્મસ્વરૂપમાં જ સ્થિર થઈને રહે છે. અને સર્વ કામનાઓથી રહિત થઈ જાય છે, ત્યારે જ તે યોગી પરમાત્મોપાસનમાં યુક્ત-યોગ્યતાવાળો કહેવાય છે. ॥૧૮॥

**-: ભાષ્યાર્થ :-**

આમ કરતાં સિદ્ધ યોગવાળો ક્યારે થાય ? તે કહે છે.

સમ્યક્ પ્રકારે નિયમમાં કરેલું ચિત્ત આત્મસ્વરૂપમાંજ જ્યારે સુસ્થિરપણે વર્તે છે. અને આત્મસુખના અનુભવથી તે સિવાયના પ્રાકૃતવિષયોમાં દોષનું સતત દર્શન-જ્ઞાન થવાથી સમૂળ ટળી ગઈ છે તૃષ્ણા જેને, તેવો પુરુષયુક્ત-યોગમાં આરૂઢ પૂરેપૂરો પ્રવર્તેલો એમ કહેવાય છે. ॥૧૮॥

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥१९॥

**-: શ્લોકાર્થ :-**

વાયુ વિનાના પ્રદેશમાં રહેલો દીપક જેમ નહિ કંપતાં સ્થિર રહે છે, તે દીપની ઉપમા, ચિત્તને નિયમમાં કરીને યોગાભ્યાસ કરનાર યોગીના મનને કહેલી છે. ॥૧૯॥

**-: ભાષ્યાર્થ :-**

હવે યોગારૂઢ થયેલા યોગી પુરુષના મનની સ્થિરતામાં દૃષ્ટાંત-ઉપમા આપીને વર્ણન કરે છે.

વાયુએ રહિત સ્થાનમાં રહેલો દીવો જેમ હાલતો-ચાલતો નથી તેમ વશ કર્યું છે ચિત્ત જેણે અને આત્મયોગનો અભ્યાસ કરનારો, એવા યોગીના મનને તે

ઉપર કહેલા દીવાની ઉપમા જાણવી. એટલે કે વાયુ વિનાના સ્થાનમાં રહેલા દીવાની પેઠે તે યોગીનું મન નિશ્ચળ-સુસ્થિર વર્તે છે એ અર્થ છે. અથવા યોગાભ્યાસ કરનારા યોગીના આત્માને, એટલે કે- ક્ષેત્રજ્ઞ જીવાત્માને તે દીવાની ઉપમા કહેલી છે. અર્થાત્ વિવિધ વાસનાઓના વિવિધ ક્ષોભથી રહિત શુદ્ધ ક્ષેત્રજ્ઞ-જીવાત્મા વાયુ સિવાયના સ્થાનમાં રહેલા દીવાની પેઠે અતિશય સુસ્થિર વર્તે છે એમ અર્થ જાણવો. ॥૧૯॥

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥२०॥

-: શ્લોકાર્થ :-

યોગાભ્યાસથી રોકાયેલું ચિત્ત જે યોગાભ્યાસમાં રમમાણ રહે છે. અને વળી જે યોગમાં વશ કરેલા શુદ્ધ મનથી આત્મસ્વરૂપમાં જ પરમાત્મસ્વરૂપને જોતાં સંતુષ્ટ વર્તે છે. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

હવે ચાર શ્લોકથી યોગનું લક્ષણ કહી સમજાવે છે - ચિત્તવૃત્તિના નિરોધ - રૂપ યોગનું સતત અભ્યાસરૂપ સેવન કરવાથી, ''યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ'' એમ પતંજલિ મુનિએ કહેલું છે. જે યોગી સ્વવશમાં કરેલું ચિત્ત જે યોગમાં ઉપરામ પામે છે. અર્થાત્ આજ પરમ આત્યંતિક-છેલ્લી કોટિનું સુખ છે, એમ માનીને તેમાંજ નિમગ્ન રહે છે. વળી જે યોગમાં એટલે સમાધિમાં યોગાભ્યાસ કરવાથી શુદ્ધ થયેલા મનથી શુદ્ધ ક્ષેત્રજ્ઞરૂપ સ્વસ્વરૂપમાં અખંડ વિરાજમાન રહેલા અન્તર્યામી પરમાત્માને જ જોતો થતો સર્વથા સંતુષ્ટ-પ્રસન્ન રહે છે. પણ નહિ કે તે સિવાયનાં બીજાં દેવતા આદિકનાં સુખોમાં. તે વાર્તા શ્રુતિ પોતેજ ''જે એક પરમાત્મા અનેકનાં કર્મફળને રચી આપે છે. તેજ સર્વનિયંતા પરમાત્માને જે ધીર જ્ઞાનીજનો પોતાના આત્મામાં અખંડ વિરાજમાન રહેલા છે એમ નિરંતર દેખે છે-સાક્ષાત્કાર કરે છે, તો તેવા ઉપાસકોને જ અખંડ - સદાને માટે શાંતિ મળે છે. પણ આવી શુદ્ધ ઉપાસના સિવાયના બીજાઓને નથી મળતી.'' આ પ્રમાણે કહે છે. ॥૨૦॥

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥२१॥

-: શ્લોકાર્થ :-

અને જયાં કેવળ બુદ્ધિગ્રાહ્ય અને ઇન્દ્રિયોથી અગોચર એવું જે આત્યંતિક સુખ તેને જાણે છે અનુભવે છે. અને જેમાં સ્થિર થયેલો યોગી તત્ત્વ-પરમાત્મસ્વરૂપથી ચળાયમાન થતો નથી. ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

વળી જે ઇન્દ્રિયોથી પણ અગોચર-પરોક્ષ દૂર છે. અને તે હેતુથીજ જે કેવળ બુદ્ધિગ્રાહ્ય બુદ્ધિથીજ ગ્રહણ કરી શકાય- જાણી શકાય એવું છે. આવું જે આત્યંતિક-નિરવધિક અતિશયવાળું સુખ- આત્મસ્વરૂપનો આનંદ અને પરમાત્મસ્વરૂપનો આનંદ છે, તે સુખને જે યોગમાં વર્તતો આ યોગી જાણે છે પ્રત્યક્ષ અનુભવે છે. અને વળી જે યોગમાં વર્તતો આ યોગી પુરુષ તત્ત્વથી ચળાયમાન થતો નથી. એટલે કે નિરવધિકાતિશય સુખમય પરમાત્મસ્વરૂપને મુકીને બીજે ક્યાંઈ ઠરતો જ નથી એ અભિપ્રાય છે. અહીંઆં તત્ત્વ એટલે પરમાત્મસ્વરૂપ જ જાણવું. આ સ્થિતિને જ યોગ્ય શબ્દથી કહેવાય છે એમ જાણવું. ॥૨૧॥

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिंस्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥२२॥

-: શ્લોકાર્થ :-

અને જે પરમાત્મલાભને પામીને તે સિવાયના બીજા લાભને તેથી અધિક નથી માનતો અને જેમાં સ્થિત થઈને ગમે તેવા મોટા દુઃખથી પણ તેને ચળાયમાન કરી શકતો નથી. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

જે યોગને પામીને યોગી પુરુષ તેથી બીજો કોઈ અધિક લાભ માનતો નથી. અને વળી જે યોગમાં રહેલો-યોગી પુરુષ ટાઢ-તડકો અને ભૂખ-તરસ વિગેર મહાદુઃખથી પણ ચળાયમાન થતો નથી. અર્થાત્ યોગનિષ્ઠ પુરુષને મહાદુઃખને આપનારાં પદાર્થો પણ યોગથી ચળાયમાન કરી શકતાં નથી જ. ॥૨૨॥

तं विद्यादुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगो निर्विण्णचेतसा ॥२३॥

-: શ્લોકાર્થ :-

તેને સાંસારિક કલેશમાત્રના સંયોગને દૂર કરનાર યોગ નામે જાણે. અને તે યોગને કંટાળા સિવાયના સતત ઉચ્છાહી ચિત્તથી અભ્યાસ કરવો જોઈએ. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

નાના પ્રકારના સાંસારિક ક્લેશોનો સંયોગ જે અનિવાર્ય સંબંધ, તેનો વિયોગ કરનારો, તેવા પ્રકારનો તે પૂર્વે કહેલાં લક્ષણવાળો યોગ-યોગ શબ્દથી કહેવાય એમ જાણવું. આવો તે પ્રથમ કહેલાં લક્ષણોવાળો યોગ આરંભકાળમાં યોગોપદેશ કરનારા ગુરુએ ઉપદેશ કરવાથી પ્રાપ્ત થયેલા નિશ્ચયથી નિશ્ચયપૂર્વક અભ્યાસ કરવો. એમ કરતાં જો એ યોગ ઝડપથી સિદ્ધ ન થાય તો પણ કંટાળા સિવાયના સતત ઉત્સાહી ચિત્તથી અભ્યાસ કરવો જ. તેમાં ''બહુજ ક્લેશ પડશે એવી બુદ્ધિથી મનની શિથિલતા'' એજ નિર્વેદ જાણવો. એવો નિર્વેદ ન રાખવો એ અર્થ જાણવો. ॥૨૩॥

सङ्कल्पप्रभवान् कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥२४॥

-: શ્લોકાર્થ :-

સંકલ્પથી ઉપજતા સર્વ કામ-વાસનાઓનો સર્વ પ્રકારે ત્યાગ કરીને અને ઇન્દ્રિયોના સમૂહને મનથી ચોતરફથી વિશેષપણે નિયમમાં કરીને. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

યોગાભ્યાસમાં વિક્ષેપ કરનારી વાસનાઓનો ત્યાગ કરવાપૂર્વક ફરીથી પણ યોગાભ્યાસ કરવાનો પ્રકાર ઉપદેશ કરી સમજાવે છે.

સંકલ્પથીજ જેનો ઉદય છે એવા સઘળા કામ-ઇચ્છાઓનો વૈરાગ્ય ભાવથી સમૂળગો જેમ હોય તેમ ત્યાગ કરી દઈને, વિવેકવાળા મનથી અહીં-તહીં સ્વેચ્છાથી દોડા-દોડ કરતા ઇન્દ્રિયસમૂહને તે તે વિષયો થકી પાછો વાળીને સર્વથા નિયમમાં કરીને યોગાભ્યાસ કરવો. એમ પૂર્વશ્લોકની સાથે અર્થનો સંબંધ જાણવો. ॥૨૪॥

शनैः शनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥२५॥

-: શ્લોકાર્થ :-

અને ધૈર્યથી સ્થિર કરેલી બુદ્ધિથી ધીરે ધીરે વિષયોથી ઉપરામ પામે. અને મનને આત્મસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે સ્થિર કરીને તે સિવાય બીજુ કાંઈ પણ ન સંભારે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

હવે આમ અભ્યાસ કરતાં જ્યારે પ્રાચીન સંસ્કારને લીધે તે યોગાભ્યાસથી ચિત્ત ચળાયમાન થાય ત્યારે ફરીથી વારંવાર ધૈર્યથી સુસંસ્કારવાળા બુદ્ધિબળથી તે ચિત્તને વશ કરે એમ તેનો ઉપાય કહી બતાવે છે.

ધૈર્યથી વશ કરેલી બુદ્ધિને ધીરે ધીરે ધ્યેય વસ્તુ સિવાયની બીજી સર્વ વસ્તુઓના ચિંતવનથી ઉપરામ પમાડે. અને પોતાના મનને આત્મસ્વરૂપમાંજ સ્થિર કરીને તે ધ્યેય-આત્મતત્ત્વ સિવાયની બીજી કોઈ પણ વસ્તુને ન સંભારે. ॥૨૫॥

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥२६॥

-: શ્લોકાર્થ :-

આમ કરવા છતાં પણ અસ્થિર અને અતિ ચંચળ મન જે જે ઇન્દ્રિય દ્વારા બહાર પ્રસરે ત્યાંથી તેને નિયમમાં કરીને આત્મસ્વરૂપમાં અથવા પરમાત્મસ્વરૂપમાં વશ-સ્થિર કરે. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

એમ કરતાંય મન સ્થિર ન થાય તો તે મનની ચંચળતા નિવારણ કરવાનો ઉપાય કહી બતાવે છે.

ચંચળ સ્વભાવને લીધે અતિ અસ્થિરતાવાળું મન ધ્યેસ્વરૂપ આત્મતત્ત્વનો પરિત્યાગ કરીને જ્યાં જ્યાં ધ્યેય વસ્તુ સિવાયની બીજી વસ્તુઓમાં દોડ્યા કરે છે, તે વસ્તુઓ થકી તેમાં દોષદૃષ્ટિ કરાવીને, એ મનને નિયમમાં કરી પાછું વાળીને, પોતાના ક્ષેત્રજ્ઞ-આત્મસ્વરૂપમાં જ, અથવા પરમાત્મસ્વરૂપમાં જ સ્થિર કરીને વર્તાવે. ॥૨૬॥

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥२७॥

-: શ્લોકાર્થ :-

આવા પ્રશાંત મનવાળા, મલીન ભાવથી રહિત થયેલા, કામાદિક વિકારરૂપ કલ્મષથી રહિત અને બ્રહ્મરૂપ થયેલા એ યોગીને સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે અભ્યાસ કરતાં કરતાં તે યોગી ઉત્તમ યોગ સુખને પામે છે એમ કહી બતાવે છે.

આ પ્રમાણે અભ્યાસ કરવાથી નિવૃત્તિ પામ્યો છે રજોગુણ જેનો અને તેથી-જ ધ્યેયસ્વરૂપ પરમાત્મામાં જેનું મન અતિ સ્થિર થયેલું છે. દગ્ધ નષ્ટપ્રાય થઈ ગયાં છે સમગ્ર કલ્મષ-પાપ જેનાં અને આત્મસ્વરૂપનો ધ્યાનાભ્યાસ કરવાથી અક્ષર બ્રહ્મના સાધર્મ્યને પામેલો. એવા એ યોગીને યોગસાધના કરવાથી પ્રાપ્ત થતું બ્રહ્માનુભવરૂપ સર્વોત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે. અભિપ્રાય એ છે કે ઉપર કહેલાં લક્ષણોએ સમ્પન્ન યોગી પુરુષ સર્વોત્કૃષ્ટ સુખરૂપ બ્રહ્મસ્વરૂપના અનુભવ-આનંદને પામે છે. ॥૨૭॥

युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥२८॥

-: શ્લોકાર્થ :-

આ પ્રમાણે સદાય પરમાત્મસ્વરૂપમાં જોડાનાર યોગી સઘળાં કલ્મષથી રહિત શુદ્ધ બનીને પરમાત્મ સાક્ષાત્કારથી પ્રાપ્ત થતાં આત્યંતિક-નિવાવધિક સુખનો અનુભવ સુખેથી અનાયાસે કરે છે. ॥૨૮॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી બીજે પ્રકારે એજ વાત કહી બતાવે છે.

ઉપર કહી બતાવ્યું એ પ્રકારે પોતાના મનને ધ્યેય સ્વરૂપમાં સ્થિર કરતો થકો અને તેમ કરવાથી જ નાશ પામી ગયા છે પ્રાકતન અને આધુનિક સમગ્ર દોષમાત્ર જેના, એવો યોગી પરબ્રહ્મના સાક્ષાત્કારરૂપ નિરવધિક સુખ-આનંદને, સુખેથી અનાયાસે જ સદાય પામે છે અનુભવ્યા કરે છે. ॥૨૮॥

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥२९॥

-: શ્લોકાર્થ :-

યોગયુક્ત આત્મા જેનો થયેલો છે એવો સિદ્ધ યોગી સર્વત્ર સમદર્શનવાળો થઈને સર્વ ભૂત પ્રાણીમાત્રમાં સમ ભાવે રહેલા પોતાના આત્માને જુએ છે, અને સર્વ ભૂતોને પોતાના આત્મામાં સમભાવે જુએ છે. ॥૨૯॥

-: ભાષ્યાર્થ :-

હવે પકવ- સિદ્ધ થયેલા યોગીપુરુષોની સ્થિતિના ભેદ કહી બતાવે છે -

યોગ એટલે ચિત્તની એકાગ્રતારૂપ સમાધિએ કરીને દેહાદિકથી પર એવા આત્મસ્વરૂપને વિષે સર્વથા જોડાયેલો છે આત્મા-મન જેનું, એટલે કે બ્રહ્મરૂપ આત્મસ્વરૂપમાં સમાધિનિષ્ઠ થઈને વર્તતો એ અભિપ્રાય છે. આવા પ્રકારનો યોગી, શુભ-અશુભ કર્મથી પ્રાપ્ત થયેલા સારા-નરસા દેહવાળા સર્વ જીવાત્માઓમાં સમદર્શનવાળો થયેલો, અર્થાત્ પ્રકૃતિના ગુણોથી કર્માનુસારે ઉત્પન્ન થયેલા વિષમ શરીરોને લીધે વિલક્ષણ જણાતા એવાય પણ જીવાત્માઓનું સ્વરૂપથી અને સ્વભાવથી પણ તુલ્ય દર્શન જેને થયેલું છે. એવો થકો પોતાના આત્માને સર્વ ભૂતોમાં સમાનપણે રહેલો જુએ છે. અને વળી તે યોગી પોતાના આત્મામાં સર્વ ભૂતોને સમાનપણે જુએ છે. તે પ્રમાણે શ્રુતિવચન પણ છે ''જે તો ઉપાસક સર્વ ભૂતોને આત્મામાંજ સમભાવે જુએ છે. અને આત્માને સર્વ ભૂતોમાં સમાન ભાવે જુએ છે. તેથી તે કોઈના તરફ તિરસ્કારદષ્ટિ નથી કરતો.'' ॥૨૯॥

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥३०॥

-: શ્લોકાર્થ :-

અને જે મને સર્વમાં જુએ છે. અને સર્વ મારામાં છે એમ જુએ છે. તો તેવા સમ્યક્ દર્શનવાળા પરમ જ્ઞાની ભક્તને હું ક્યારેય અગોચર રહેતો નથી. અને તે જ્ઞાની ભક્ત ક્યારેય મને અગોચર રહેતો નથી. ॥૩૦॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે બ્રહ્મભાવને પામેલા યોગીની સ્થિતિ કહીને, હવે- અક્ષરથી પર પરમાત્મા સર્વેશ્વર પરબ્રહ્મ પુરુષોત્તમના સ્વરૂપમાં સ્થિતિ પામેલા યોગીની રીતિ કહી બતાવે છે.

પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપમાં સમાધિ પામેલો જે યોગી સર્વત્ર-સર્વજ્ઞ અલ્પજ્ઞ એવા સર્વ ક્ષેત્રજ્ઞો, તથા પ્રકૃતિ અને તેનાં કાર્યભૂત સમગ્ર બ્રહ્માંડોમાં સર્વના નિયંતાપણે રહેલા મને વાસુદેવને જુએ છે, એટલે કે - મારાથી અનન્યપણે અન્તર્દષ્ટિથી મને જ પ્રત્યક્ષ જુએ છે, જુઓ ! તેવાં પ્રમાણ-વચનો પણ છે - ''અવ્યક્તમૂર્તિ એવા મેંજ આ સઘળું જગત્ વિસ્તારેલું અને વ્યાપેલું છે.'' આવું સ્મૃતિવચન છે.

"જે અક્ષરમાં રહે છે અને અક્ષરની અંદર પણ છે, જેને અક્ષર નથી જાણતું, જેનું અક્ષર શરીર છે, જે અક્ષરને અંદર રહ્યા થકા નિયમન કરે છે." "જે આત્મામાં રહે છે અને આત્માથી જુદા-વ્યતિરેક પણ છે, જેને આત્મા નથી જાણતો, જેનું આત્મા શરીર છે, જે આત્માને અંદર રહ્યા થકા નિયમન કરે છે. તે તારા આત્મા અન્તર્યામી અમૃતસ્વરૂપ પરમાત્મા છે." જે સર્વ ભૂતોમાં રહે છે છતાં સર્વ ભૂતોથી ન્યારો છે, જેને સર્વ ભૂત જાણતાં નથી, જેનું સર્વ ભૂત શરીર છે, જે સર્વ ભૂતોને અંદર રહીને નિયમન કરે છે, એ તારા આત્મા અન્તર્યામી અમૃતસ્વરૂપ પરમાત્મા છે." એ આદિક શ્રુતિઓ પણ છે.

અને મારે પુરુષોત્તમને વિષે સઘળું ચિત્-અચિત્ વસ્તુમાત્ર રહેલું છે એમ જુએ છે, અર્થાત્ મારા યોગૈશ્વર્યમાં સઘળું વિશ્વ રહેલું છે એમ જુએ છે તેમાં પ્રમાણભૂત "સર્વ ભૂતો મારામાં રહેલાં છે છતાં મારામાં નથી, એવું મારું ઐશ્વર્ય ઈશ્વરપણાને સૂચવનારું યોગસામર્થ્ય છે, તેને તું જો !" એવું આગળ કહેવામાં આવનારું વચન છે.

તે આ પ્રમાણે મને જોનારા અનુભવનારા યોગીને સર્વને અતિ કમનીય મહામનોહરમૂર્તિ એવો હું પુરુષોત્તમ ક્યારેય દૃષ્ટિને અગોચર નથી વર્તતો અર્થાત્ તેને હું સદાય પ્રત્યક્ષજ વર્તું છું. અને તે યોગી પણ ક્યારેય મને અગોચર નથી થતો, એટલે કે તે યોગીને હું પ્રત્યક્ષ વર્તીને સદાય કૃપાકટાક્ષથી જોયા કરું છું. એ અભિપ્રાય છે. ॥૩૦॥

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥३१॥

**-: શ્લોકાર્થ :-**

અને આવું એકત્વ-સમદર્શન પામેલો જે જ્ઞાની ભક્ત સર્વ ભૂતમાં વાસ કરી રહેલા મને સર્વ પ્રકારે ભજે છે, તો તે યોગી આ લોકમાં વર્તતો હોવા છતાં સદાય મારામાં જ વર્તે છે. ॥૩૧॥

**-: ભાષ્યાર્થ :-**

હવે- તેથી પણ પકવ દશાને પામેલા ભગવદ્ભક્તનું વર્ણન કરી બતાવે છે - લક્ષણોથી ઓળખાવે છે.

જે મેં પ્રત્યક્ષપણે પામેલા છે એજ એક પોતાના સર્વ અવતારોના કારણ છે, એવું એકત્વ આશરેલો જે ઉપાસક યોગી, સર્વભૂતમાં વાસ કરી રહેલા સર્વાંતર્યામી

મને વસુદેવનંદનનેજ સર્વ પ્રકારથી, એટલે કે પુત્ર ભાવથી, મિત્ર ભાવથી, પતિ ભાવથી, ઈષ્ટ ભાવથી, અભીષ્ટ ભાવથી, માતૃ ભાવથી અને પિતૃ ભાવથી, એ આદિક હર કોઈ ભાવથી, ભજે છે સેવે છે. તે યોગી હર્ષ-શોકાદિક અનેક વિકારોથી આકુળ-વ્યાકુળ વર્તતા આ લોકમાં વર્તે છે રહેલો છે, તો પણ તે માયાથી પર અક્ષરધામમાં અખંડ વિરાજમાન એવા મારામાં જ વર્તે છે. ॥૩૧॥

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ! ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥३२॥

-: શ્લોકાર્થ :-

માટે હે અર્જુન ! સર્વ પ્રાણીમાત્રમાં જે પોતાની ઉપમાથી જ સુખ અથવા તો દુઃખને સમાનપણે જુએ છે માને છે. તો તેજ પરમ-સર્વોત્કૃષ્ટ યોગી માનેલો છે. ॥૩૨॥

-: ભાષ્યાર્થ :-

ઉપર કહેલા બન્ને પ્રકારના ભક્તો મધ્યે જે ભક્ત સર્વ ભૂત પ્રાણીમાત્ર ઉપર અનુકંપા-કૃપાપૂર્ણ સ્નેહ રાખનારો છે, તે શ્રેષ્ઠ છે એમ કહી સમજાવે છે.

જે મારો ભક્ત પોતાની ઉપમાથીજ પોતાની તુલ્યતાએ જ સુખ અથવા તો દુઃખ સર્વ જંતુમાત્રમાં સમપણે જુએ છે, અર્થાત્ જેમ મને સુખ સારું લાગે છે. અને દુઃખ અપ્રિય લાગે છે. તેજ પ્રમાણે બીજાઓને પણ થાય છે એમ જાણી-સમજીને સર્વ પ્રાણીમાત્રને જેમ સુખ થાય તે પ્રમાણે જ વર્તે છે, પણ કોઈ પણ પ્રાણીને દુઃખ ઉત્પન્ન કરનારો થતો નથી એ અભિપ્રાય છે. તે દયાળુ યોગી સર્વથી શ્રેષ્ઠ મેં માનેલો છે, મને બહુ જ પ્રિય અભિમત છે. ॥૩૨॥

अर्जुन उवाच-
योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ! ।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ॥३३॥

-: શ્લોકાર્થ :-

અર્જુન પૂછે છે હે મધુસૂદન ! જે આ સમ ભાવથી રાખવાનો સામ્ય યોગ તમે મને કહ્યો, એ સામ્ય યોગની સ્થિર સ્થિતિ હું મનની ચંચળતાને લીધે જોઈ શકતો નથી. ॥૩૩॥

-: ભાષ્યાર્થ :-

ઉપર કહેલાં લક્ષણવાળા યોગને અતિ દુષ્કર માનીને અર્જુન પૂછે છે.

અર્જુન પૂછે છે હે મધુસૂદન ! સિદ્ધિ-અસિદ્ધિમાં, માન-અપમાનમાં, તેમજ-રાજા અને રંકમાં, તથા સારા-નરસા વિષયોમાં પણ, સમપણે વર્તવાથી સિદ્ધ થતો જે આ યોગ-ધ્યેય આત્મતત્ત્વમાં ચિત્તવૃત્તિના નિરોધરૂપ સમાધિ, તમોએ કહી બતાવ્યો, એ સમાધિયોગની મારામાં ઘણો વખત સ્થિર સ્થિતિ હું નથી જોતો. કારણ કે મનની અતિ ચંચળતા છે માટે. ॥૩૩॥

चञ्चलं हि मनः कृष्ण ! प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥३४॥

-: શ્લોકાર્થ :-

કારણ કે હે કૃષ્ણ ! મન ખરેખર ચંચળ, તોફાની, અતિ બળવાન અને અતિ દૃઢ છે, માટે તે મનનો નિગ્રહ કરવો તે તો સર્વતોગામી વાયુનો નિગ્રહ કરવા જેવું અતિ દુષ્કર કાર્ય છે એમ હું માનું છું. ॥૩૪॥

-: ભાષ્યાર્થ :-

હવે મનની ચંચળતા નિરૂપણ કરી બતાવે છે.

હે કૃષ્ણ ! સ્વભાવથી જ અતિ ચપળ, તેમજ દેહ અને ઈન્દ્રિયોને અતિ મંથન કરવાના સ્વભાવવાળું, અર્થાત્ દેહ ઈન્દ્રિયોને અતિ ક્ષોભ કરનારું. અને શાસ્ત્રજ્ઞ પુરુષોએ પણ વિચાર-આત્મવિચાર વિગેરે સાધનોથી પણ વશ કરવામાં બહુજ અશક્ય અને વળી વિષયોમાં અતિ આસક્ત-આતુર હોવાથી મનુષ્યોએ પાછું વાળીને પોતાના વશમાં રાખવામાં અતિ કઠિન એવું મન છે. માટે ઉપર કહેલાં લક્ષણ સ્વભાવે યુક્ત મનનો નિગ્રહ જે ધ્યેય વસ્તુમાં નિરોધ કરવો, તે તો જેમ સર્વતોગામી વાયુનો એક સ્થળમાં નિગ્રહ કરવો અતિ દુષ્કર છે, તેજ પ્રમાણે અતિ દુષ્કર છે, એટલે કે એ મનને સર્વથા વશ કરવું એ કાર્ય અતિ અશક્ય છે. એમ હું નિશ્ચેજ માનું છું. માટે મનોનિગ્રહની અતિ દુષ્કરતા હોવાથી તેના નિગ્રહનો ઉપાય મને કહો એ અભિપ્રાય છે. ॥૩૪॥

श्रीभगवानुवाच

असंशयं महाबाहो ! मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय ! वैराग्येण च गृह्यते ॥३५॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે-હે મહાબાહો !-અર્જુન ! મનનો નિગ્રહ કરવો તે અતિ દુષ્કર છે. અને તે અતિ ચંચળ છે. એ વાત નિઃસંશય એમજ છે. તો પણ હે કૌન્તેય ! અભ્યાસ અને વૈરાગ્યથી તે વશ કરી શકાય છે. ॥૩૫॥

-: ભાષ્યાર્થ :-

આવા અજેય મનના નિગ્રહનો ઉપાય વર્ણન કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

હે મહાબાહો ! મન ચંચળજ છે. અને ચંચળ સ્વભાવનું હોવાથીજ ઘણા કષ્ટથી પણ વશ કરવાને માટે અશક્યજ છે, એમ જે તે કહ્યું તે ખરેખર નિઃસંશય એમજ છે. તો પણ હે કુંતીપુત્ર અર્જુન ! અભ્યાસથી એટલે કે પૂર્વે કહેલી યોગાભ્યાસ કરવાની રીતિ, સત્પુરુષોનો સમાગમ, સદ્ધર્મનું આચરણ અને ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવત્સ્વરૂપના માહાત્મ્યનું સમ્પૂર્ણ જ્ઞાન, એ આદિક ગુણોનું વારંવાર અનુશીલન સતત અભ્યાસ કરવાથી. અને પ્રાકૃત ગુણમય વસ્તુઓમાં નાશવંતપણા વિગેરેની દોષ દષ્ટિરૂપ વૈરાગ્ય ભાવનાની દઢતાએ કરીને, યોગીજનોએ આવી રીતનું મન વશ કરાય છે.

અભિપ્રાય એ છે કે અભ્યાસ અને વૈરાગ્યને લીધે લય અને વિક્ષેપથી રહિતપણું હોવાથી મન ધ્યેયાકાર ભગવત્સ્વરૂપમાં સ્થિર થઈને રહે છે. તે પ્રમાણે કહેનારું પ્રમાણ ‘‘ચિત્ત શૂન્યભાવને પામે ત્યારે તેને જાગૃત કરે અને વિક્ષેપ પામે ત્યારે વળી શાન્ત કરે. અને અંદર રહેલા કષાય-વિકારોએ સહિત એ મનને યથાર્થ જાણે. અને સમાન સ્થિતિને પામે ત્યારે ધ્યેયાકાર તત્ત્વ થકી એને ચલાયમાન ન કરે.’’ એમ યોગશાસ્ત્રનું વચન છે. ॥૩૫॥

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥३६॥

-: શ્લોકાર્થ :-

જેનું મન વશમાં નથી એવા પુરુષે તો એ પરમાત્મયોગ દુષ્પ્રાપ છે, એમ મારો મત નિશ્ચય છે. પણ વશ્ય મનવાળાએ તો અભ્યાસ અને વૈરાગ્યરૂપ ઉપાયથી પ્રયત્ન કરતાં પામવાને શક્ય જ છે. ॥૩૬॥

-: ભાષ્યાર્થ :-

તે વાતને જ સ્પષ્ટપણે કહી બતાવે છે.

પૂર્વે કહેલો અભ્યાસ અને વૈરાગ્ય એ બન્ને સાધનોથી જેણે પોતાનું મન સ્વવશમાં નથી કર્યું તેવા જનોએ યોગ ઘણા કષ્ટથી પણ નથી પામી શકાતો. એવા પ્રકારનો મારો દૃઢ નિશ્ચય છે. અને અભ્યાસ અને વૈરાગ્યરૂપ સાધનોથી પ્રયત્ન કરનારા અને એમ કરવાથી પોતાના મનને જીતનારા યોગીજનોએ તો એ યોગ પ્રાપ્ત કરવાને શક્ય થાય છે. ॥૩૬॥

अर्जुन उवाच

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण ! गच्छति ॥३७॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન પૂછે છે હે કૃષ્ણ ! શ્રદ્ધાએ યુક્ત થકો યોગમાં પ્રવર્તે, પણ પ્રયત્ન નહિ કરતાં અધવચ્ચે યોગથી મન ચળી જાય, તો તે યોગની પૂર્ણ સિદ્ધિને નહિ પામતાં શી ગતિને પામે છે ? ॥૩૭॥

**-: ભાષ્યાર્થ :-**

હવે આવા યોગનો મહિમા જાણવાની ઈચ્છાવાળો પૃથાપુત્ર અર્જુન ભગવાનને પૂછે છે.

"યોગ સાધવાથી જ મારો મોક્ષ થશે." એવા વિશ્વાસથી પ્રથમ તો યોગમાર્ગમાં જોડાયેલો, એટલે કે યોગમાર્ગમાં પ્રવર્તેલો. પણ યોગનાં સાધનો-યમનિયમાદિક સાધવામાં શિથિલ પ્રયત્નવાળો અને અભ્યાસની શિથિલતાને લીધે, તેમજ પ્રાકૃત વિષયોમાં આસક્તિને લીધે યોગાભ્યાસ કરવામાંથી જેનું મન ચળાયમાન થઈને ભ્રષ્ટ થયેલું છે. તો એવો પુરુષ યોગસિદ્ધિને નહિ પામતાં હે કૃષ્ણ ! તે શી કેવા પ્રકારની દશાને પામે છે ? ॥૩૭॥

कच्चिन्नोभयविभ्रष्टच्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो ! विमूढो ब्रह्मणः पथि ॥३८॥

**-: શ્લોકાર્થ :-**

હે મહાબાહો ! -શ્રી કૃષ્ણ ! યોગમાં પ્રતિષ્ઠા નહિ પામેલો અને બ્રહ્મપ્રાપ્તિના માર્ગમાં વિમૂઢ બનીને પડેલો એમ બન્ને તરફથી ભ્રષ્ટ થયેલો તે સાધક શું છૂટા પડેલા વાદળના ટુકડાની પેઠે નાશ પામી જાય છે ? ॥૩૮॥

-: ભાષ્યાર્થ :-

એ પ્રશ્નનેજ ફરીથી વિસ્તારથી પૂછે છે.

સાધનની વિપરીતતાને લીધે સ્વર્ગ અને મોક્ષ એ બન્નેથી ચળાયમાન થઈને ભ્રષ્ટ થયેલો. એટલે કે- ફળાનુસન્ધાન વિનાનાં શુભ કર્મ સ્વર્ગપુત્રાદિક ફળ પમાડનારાં થતાં નથી માટે, અને મોક્ષના સાધનોમાં અભ્યાસની શિથિલતાને લીધે સ્વર્ગથી અને મોક્ષથી પણ ભ્રષ્ટ થયેલો એ પુરુષ છિન્ન ભિન્ન થયેલા વાદળની પેઠે નાશ પામી જાય છે શું ? અર્થાત્ મહામેઘમાંથી વાયુએ જુદો પાડી દીધેલો વાદળનો કટકો પછી મોટા મેઘ સમૂહને નહિ પામીનેજ જેમ એમ શું નાશ પામી જાય છે ? કે નથી નાશ પામતો ? હવે તે ઉભયભ્રષ્ટતાને કહી બતાવે છે - હે મહાબાહો ! સ્વર્ગાદિક પ્રાકૃત ફળોમાં પ્રતિષ્ઠા-સ્થિતિ નહિ પામેલો. અને ભગવત્પ્રાપ્તિના સાધનભૂત મોક્ષમાર્ગમાં પણ મૂઢ-વિચિત્ત બની ગયેલો એ અભિપ્રાય છે. ॥૩૮॥

एतन्मे संशयं कृष्ण ! छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥३९॥

-: શ્લોકાર્થ :-

હે કૃષ્ણ ! આ મારો સંશય તમે સમગ્રપણે છેદવાને યોગ્ય છો. કારણ કે- તમારા સિવાય બીજો કોઈ આ મારા સંશયનો છેદનાર મને જણાતો નથી. ॥૩૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - પોતાના સંશયના છેદનનો ઉપાય પૂછે છે.

હે કૃષ્ણ ! મારો આ સંશય સમગ્રપણે છેદન કરવા માટે આપ જ યોગ્ય છો. સર્વજ્ઞ આપ સિવાય બીજો કોઈ આ સંશયનો છેદનાર નિવૃત્તિ કરનારો નથી જ મળતો. એ નિશ્ચિત છે. ॥૩૯॥

श्रीभगवानुवाच-
पार्थ ! नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात ! गच्छति ॥४०॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે-તેનો આ લોકમાં અને પરલોકમાં પણ વિનાશ- માર્ગથી ભ્રષ્ટ થતો જ નથી. કારણ કે-હે તાત ! કલ્યાણના સાધનમાં પ્રવર્તેલો કોઈ દુર્ગતિને પામતો જ નથી. ॥૪૦॥

-: ભાષ્યાર્થ :-

હવે - પુથાપુત્ર અર્જુનનો સંદેહ નિવારણ કરતા થકા ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

શ્રી ભગવાન કહે છે - હે પાર્થ ! તે યોગભ્રષ્ટનો આ લોકમાં વિનાશ નથી થતો. તેમ પરલોકમાં પણ વિનાશ એટલે નરકપાત નથી થતો. કારણ કે મોક્ષના સાધનભૂત સત્કર્મ કરનારો કોઈ પણ પુરુષ દુર્ગતિ એટલે અસદ્ગતિને નથી જ પામતો. હે તાત ! આવું વ્હાલભર્યું સંબોધન લોકમાં બોલાતા પ્રકારથી ઉપલાલન માટે છે. ॥૪૦॥

प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥४१॥

-: શ્લોકાર્થ :-

પણ તે તો પુણ્યશાળીના લોકોને પામીને ત્યાં ઘણા કાળ વસીને અને પછી એ યોગભ્રષ્ટ પુરુષ શ્રીમંતને ઘેર અવતરે છે.

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, ત્યારે તે ક્યા-ક્યા લોકમાં જાય છે ? એ શંકાના સમાધાનમાં કહે છે -

સોમયાગાદિક શુભ કર્મ કરનારા જનોએ પામવા યોગ્ય લોકને પામીને ત્યાં ઘણાં વરસો બહુ કાળ વાસ કરીને, જેવા ભોગની ઈચ્છાથી યોગથી પડી ગયેલો હોય તેવા પ્રકારના ભોગ ભોગવીને એમ સમજવું. શુદ્ધ આચાર વિચારવાળા અને યોગાનુષ્ઠાન કરવાને યોગ્ય એવા વૈભવશાળી સંપત્તિમાન પુરુષોને ઘેર યોગભ્રષ્ટ પુરુષ ઉત્પન્ન થાય છે. ॥૪૧॥

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीद्दशम् ॥४२॥

-: શ્લોકાર્થ :-

અથવા તો મહાબુદ્ધિમંત યોગીજનોના કુળમાંજ પ્રગટ થાય છે. અને આવું જે જન્મ મળવું તે આ લોકમાં અતિ દુર્લભમાં દુર્લભ મનાય છે. ॥૪૨॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે સ્વલ્પ કાળ અભ્યાસ કરેલા યોગાનુષ્ઠાનથી ભ્રષ્ટ થયેલા યોગીની ગતિ કહીને, હવે બહુ કાળ અભ્યાસ કરેલા યોગથી ભ્રષ્ટ થયેલા યોગીની બીજી ઉત્તમ ગતિ કહી બતાવે છે -

અથવા યોગાભ્યાસની પકવ દશાને પામીને મનુષ્ય જો પડી ગયેલો હોય, તો યોગસાધના કરનારા અને યોગાનુષ્ઠાન શીખવાડનારા બુદ્ધિમાન પુરુષોના જનોના કુળમાં, તેમજ યોગમાં પૂરેપૂરા પ્રવર્તી ગયેલા યોગીજનોના કુળમાંજ જન્મ પામે છે. યોગાભ્યાસમાં યોગ્ય એવા શુદ્ધ જનોના, તેમજ યોગારૂઢ યોગી પુરુષોના કુળમાં આવું બન્ને પ્રકારનું જે જન્મ તે આ મર્ત્યલોકમાં અતિશય દુર્લભજ છે, એમ જાણવું. ॥૪૨॥

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ! ॥४३॥

-: શ્લોકાર્થ :-

અને તે પ્રાપ્ત થયેલા જન્મમાં પૂર્વ દેહના સંસ્કારસિદ્ધ તે બુદ્ધિસંયોગને પામે છે. હે કુરુનંદન ! આવો જન્મ પામીને પછી યોગસિદ્ધિ મેળવવા માટે ફરીથી પ્રયત્ન કરે છે. ॥૪૩॥

-: ભાષ્યાર્થ :-

આવો જન્મ પામ્યા પછી શું ? એમ શંકા ઉઠાવીને કહે છે.

તે બન્ને પ્રકારના જન્મમાં તે પૂર્વદેહે અભ્યાસ કરેલા બુદ્ધિસંયોગને, એટલે કે - આત્મા પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનારા વિવેકવાળી બુદ્ધિના સંબંધને યોગભ્રષ્ટ પુરુષ પામે છે. હે કુરુનંદન ! એવો દુર્લભ જન્મ પ્રાપ્ત થયા પછી ઉંઘીને જાગેલો જ જેમ એમ એ ન્યાયથી પ્રકારથી, ફરીથી પાછો યોગફળની સિદ્ધિ નિમિત્તે કોઈ પ્રકારનાં વિઘ્નોથી ફરીથી જેમ પરાભવ ન પામે તે પ્રમાણેજ પૂરેપૂરો પ્રયત્ન કરે છે. એમ અભિપ્રાય છે. ॥૪૩॥

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥४४॥

-: શ્લોકાર્થ :-

અને પૂર્વ જન્મના અભ્યાસબળથી જ તેને ઇચ્છા ન હોય તો પણ પરવશપણે જ તે તરફ આકર્ષણ થાય છે. આમ પરમાત્મયોગનો જીજ્ઞાસુ જન પણ શબ્દ બ્રહ્મને અતિક્રમણ કરી જાય છે. (એવો યોગનો મહિમા છે.) ॥૪૪॥

-: ભાષ્યાર્થ :-

એમ થવામાં કારણ કહી બતાવે છે.

પૂર્વ જન્મમાં કરેલા યોગાભ્યાસથી, તે યોગભ્રષ્ટ પુરુષ જો કે દેહ અને દૈહિક વસ્તુઓને આધીન હોવાથી પોતે પરવશ છે તો પણ, યોગસાધના કરવામાંજ તે આપો-આપ આકર્ષાય છે. એટલે કે પૂર્વ દેહે કરેલો યોગાભ્યાસ જ મોક્ષસાધનના પ્રત્યે તેને બળાત્કારે ખેંચી જાય છે. એવું યોગાભ્યાસનું માહાત્મ્ય-સામર્થ્ય છે. એમ અર્થ જાણવો. વળી યોગનો જીજ્ઞાસુ એટલે પોતે યોગ સાધવામાં પ્રવર્ત્યો ન હોય અને કેવળ તેને જાણવાની જ ઇચ્છાવાળો હોય તો પણ, શબ્દ બ્રહ્મ જે વેદ તેને અતિક્રમણ કરી જાય છે. અર્થાત્ વેદમાં કહેલાં કર્મફળને અતિક્રમણ કરીને વર્તે છે.

અભિપ્રાય એ છે કે વેદોક્ત કર્મફળ કરતાં અધિક ફળને પમાડનારાં કર્મ યોગાદિક સાધનો કરીને યોગમાં આરૂઢ-પૂરેપૂરો પ્રવૃત્ત થઈને પરમાત્માની એકાંતિકી ભક્તિને પામે છે. જ્યારે યોગના જીજ્ઞાસુને આવું ફળ મળે છે, તો યોગસાધનમાં પ્રવર્તેલાને આવું મહાફળ મળે એમાં તો કહેવું જ શું ? એ તો મળે જ. ॥૪૪॥

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥४५॥

-: શ્લોકાર્થ :-

આ રીતે પ્રયત્નપૂર્વક નિરંતર મંડ્યો રહેનાર યોગી પાપથી સર્વથા શુદ્ધ થઈને અનેક જન્મે સંસિદ્ધ થઈને આખરે પરમ ગતિને જ પામે છે. ॥૪૫॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી એજ વાતને કહી બતાવે છે.

યોગાભ્યાસ કરવામાં એને અવલંબીને જ નિરંતર પ્રયત્ન કર્યા કરતો અને તેથી જ સમ્યક્ પ્રકારે ટળી ગયાં છે યોગ સાધવામાં વિરોધી પાપ જેનાં અને તેથી

જ યોગાભ્યાસવાળાં અનેક જન્મે કરીને સિદ્ધ થયો છે યોગ જેને એવો એ સિદ્ધયોગી તે યોગસિદ્ધિ પ્રાપ્ત થયા પછી સર્વોત્કૃષ્ટ એવી ભગવાન શ્રીહરિની એકાંતિકી ભક્તિરૂપ ગતિને પામે છે. એ અર્થ છે. ॥૪૫॥

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ! ।।४६।।

**-: શ્લોકાર્થ :-**

માટે તપસ્વીઓ કરતાંય યોગી અધિક છે, જ્ઞાનીઓ કરતાં પણ અધિકજ માનેલો છે. તો પછી કેવળ કર્મ કરનારાઓ કરતાં તો અધિક છેજ. માટે હે અર્જુન ! તું પણ કર્મયોગી-પરમાત્મોપાસક જ થા. ॥૪૬॥

**-: ભાષ્યાર્થ :-**

સર્વ પ્રકારનાં શુભ સાધન કરનારાઓ કરતાં આ કહ્યા એવા પ્રકારના યોગીનું શ્રેષ્ઠત્વ બતાવતાં કહે છે ચાંદ્રાયણાદિક વ્રત કરનારાઓ કરતાં આ કહ્યો એ યોગી અધિક-શ્રેષ્ઠ માનેલો છે. તેમજ વર્ણાશ્રમને સમુચિત અશ્વમેધાદિક યજ્ઞ - કર્મ કરનારાઓ કરતાંય તે યોગી અધિક-શ્રેષ્ઠ છે. માટે હે અર્જુન ! તું પણ યોગી - સર્વ કર્મ ભગવાન શ્રીહરિને અર્પણ કરનારો કર્મયોગી થા ! ॥૪૬॥

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ।।४७।।

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे अभ्यासयोगो नाम षष्ठोऽध्यायः ।।६।।

**-: શ્લોકાર્થ :-**

કારણ કે બધા પ્રકારના યોગીઓના મધ્યે જે મારામાં અંતઃકરણ પરોવીને શ્રદ્ધાવાન્ થઈને મને જ ભજે છે, તેજ યુક્તતમ સર્વશ્રેષ્ઠ યોગીમેં માનેલો છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અભ્યાસયોગો નામ ષષ્ઠોઽધ્યાયઃ ॥૬॥

**-: ભાષ્યાર્થ :-**

નનુ-શંકા, યોગીઓ તો બહુ પ્રકારના કહેલા છે. તેમાં આપ હાલમાં ક્યા યોગીનું વર્ણ કરી રહ્યા છો ? એ આશંકાના સમાધાનમાં ભગવાન કહે છે.

જે યોગી ક્ષર અને અક્ષર થકી પણ અતિ ઉત્કૃષ્ટસ્વરૂપ એવા મને વાસુદેવને પામેલા, એટલે કે મારા સ્મરણ સિવાય એક ક્ષણમાત્ર પણ રહેવાને અશક્ય એવા અંતરાત્માથી - સર્વ બાહ્ય અને આભ્યન્તર વૃત્તિઓના આધારભૂત એવા મનથી, શ્રદ્ધાવાન્ એટલે કે મારે વિષે અતિ અધિક પ્રીતિને લીધે મારો એક ક્ષણમાત્ર પણ વિયોગ સહન નહિ થવાથી મારો સંબંધ થવાના ઉદ્યમમાં અતિ ત્વરાવાન્ એવો થકો, સર્વ અવતારનો અવતારી, અક્ષર બ્રહ્મ- ધામનો અધિપતિ, વસુદેવને ઘેર અવતરેલો, સર્વ મનુષ્યોની નયન ગોચરતાને પામેલો, પોતાના અસાધારણ સ્વભાવને નહિ તજનારો, શરણે આવેલા પ્રાણીઓ ઉપર ઉભરાતા વાત્સલ્યનો તો એક મહાસાગરસમો, આશ્રિતોની પીડાને નિવૃત્ત કરનારો, એવો દેવકીનંદન જે હું તે મને પુરુષોત્તમને ભજે છે અખંડ ઉપાસે છે. આવો કેવળ ત્યાગિધર્મમાં નિષ્ઠાવાળા કરતાં, શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના સાક્ષાત્કારને પામેલાઓ કરતાં, તેમજ અક્ષર-બ્રહ્મસ્વરૂપમાં નિષ્ઠાવાળા યોગીઓ કરતાં પણ, અત્યન્ત વિસજાતીય-વિલક્ષણ, તે ઉપાસક ભક્ત યોગી સ્વતઃ સર્વજ્ઞ એવા મેં અતિશયપણે સર્વશ્રેષ્ઠ માનેલો છે.

અભિપ્રાય એ છે કે અતિ અલ્પપણાને લીધે પરસ્પર ન્યૂનાધિક ભાવવાળા સર્ષપો કરતાં મોટા પર્વતની પેઠે તે યોગી સર્વયોગીઓ કરતાં અતિ ઉત્કૃષ્ટ જાણવો. ॥૪૭॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર - પરભક્તિસમારાધ્ય -*
*ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્‌ગુરુવર્ય શ્રી ગોપાળાનંદમુનિવિરચિતે*
*શ્રીમદ્ ભગવદ્ગીતાભાષ્યે ષષ્ઠોઽધ્યાયઃ ॥૬॥*

## अथ सप्तमोऽध्यायः

**श्रीभगवानुवाच**

**मय्यासक्तमनाः पार्थ ! योगं युञ्जन्मदाश्रयः ।**
**असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु । ॥१॥**

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે હે પૃથાના પુત્ર અર્જુન ! મારામાં પૂરે પુરું મન રાખીને અને મારોજ દૃઢ આશ્રય કરીને મારો યોગ સાધતાં મને સમગ્રપણે નિઃસંશય જેમ તું જાણું તેમ હું કહું છું તે સાંભળ ! ॥૧॥

-: ભાષ્યાર્થ :-

ભગવાને સ્વસંકલ્પથી રચેલાં આ અનંત કોટિ બ્રહ્માંડોમાં રહેલા જેટલા વિષયો-વિષયજન્ય સુખો છે, તથા માયાપતિ પ્રકૃતિપુરુષના લોકમાં પણ જે સુખ છે, તે સર્વ સુખોમાં વૈરાગ્યભાવે સહિત વર્તતા. અને જેઓ અખંડ સ્વસ્વરૂપમાં વર્તનારા આત્મારામ અને પૂર્ણકામ છે. અને જેઓને ભગવાન શ્રીહરિનું સકળ શોભાપૂર્ણ કૃપાકટાક્ષથી જોવું એજ નિરંતર પ્રીતિ-આનંદ ઉપજાવનારું છે. આવા તે બ્રહ્મભાવને પામેલા યુક્ત પુરુષોએ યુક્ત-અખંડ સેવ્યા થકા પોતાના બ્રહ્મધામમાં અખંડ વિરાજમાન રહેલા. અને એજ ભગવાન આ લોકમાં ધર્મદેવના પુત્ર રૂપે આર્વિભાવ પામીને શ્રી નારાયણ એવા નામે પ્રસિદ્ધ વર્તતા મારા ઈષ્ટદેવ શ્રીહરિને હું મારા હૃદયમાં અખંડ ચિંતવું છું.

છઠ્ઠા અધ્યાયમાં બતાવેલાં સાધોનથી સિદ્ધ કરેલા યોગરૂપ સંપ્રજ્ઞાત સમાધિથી શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના સાક્ષાત્કારને પામીને, અથવા અક્ષરબ્રહ્મની સાથે એકતા-સમભાવ પામીને, પરાત્પર પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરવી એમ કહ્યું. તે પછી યોગભ્રષ્ટની જન્માંતરમાં થતી ગતિ કહી બતાવી. અને તપસ્વી આદિક સર્વ કરતાં ભગવાનનો એકાંતિક ભક્ત એવો યોગી સર્વશ્રેષ્ઠ છે. એમ પણ પ્રતિપાદન કર્યું.

(આ ગીતામાં અઢાર અધ્યાયના છ છ અધ્યાયના અવાન્તર વિભાગને ષટ્ક એવા નામથી કહેવામાં આવે છે.)

તેમાં પ્રથમના છ અધ્યાયમાં અંતર્ગત ગર્ભિત જ્ઞાન જેમાં રહેલું છે, એવા કર્મયોગથી અને જ્ઞાનયોગ પ્રધાન જેમાં છે એવા સાંખ્યયોગથી, અને શ્રવણાદિક સાધન ભક્તિથી, પરિશુદ્ધ થયેલા ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું અક્ષરબ્રહ્મની સાથે ઐક્ય-સમાનતાની ભાવના કરીને, સર્વનિયંતા પુરુષોત્તમ શ્રીહરિની પરા-પ્રેમલક્ષણા ભક્તિ કરવી એમ પ્રતિપાદન કર્યું.

હવે આ બીજા ષટ્કનો પહેલો જે સાતમો અધ્યાય તેમાં ભગવાનના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન, તેવા માહાત્મ્યજ્ઞાનવાળા ભક્તજનની દુર્લભતા, તે ભગવાનની વિભૂતિઓ, માયામાં બંધન પામેલા ચેતનને તે માયાથી નિવૃત્તિ પામવાનો પ્રકાર-ઉપાય, ભગવાનને અનૂકૂળ વર્તનારા જનો અને ભગવાનથી પ્રતિકૂળ વર્તનારા જનો સર્વ કરતાં જ્ઞાની ભક્તનું શ્રેષ્ઠપણું, ભગવાનની ભક્તિનું અવિનાશી મહાફળ આપવાપણું, અને ભગવાન સિવાય બીજા દેવોની ભક્તિનું નાશવંત તુચ્છ ફળ આપવાપણું, ભગવાનના ભક્તોને ભગવાનની પ્રાપ્તિ, અને તેથી બીજા દેવોના

ઉપાસકોને તેમના તેમના ઉપાસ્ય દેવોના લોકોની પ્રાપ્તિ. અને મનુષ્યરૂપે પ્રગટ ભાવને પામેલા ભગવાનનું ભગવાનના ઉપાસક જ્ઞાની ભક્તો સિવાય બીજાઓને અગોચરપણું એ વિગેરે કહેવામાં આવે છે.

તેમાં પ્રથમ પોતાના સ્વરૂપનું જ્ઞાન નિરૂપણ કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા-

શ્રી ભગવાન કહે છે.

સર્વનિયંતા એવા મારામાં નિરવધિકાતિશય પ્રેમપૂર્વક અતિ આતુર મન જેનું છે. અને એથીજ મદાશ્રય-આશ્રય આધાર એ સર્વ હું જ જેને છું. એટલે કે મારામાં જ આસક્ત મન હોવાથી મારાં જન્મ, કર્મ અને ગુણ, એ વિગેરેનું શ્રવણ, કીર્તન, સ્મરણ અને મારું દર્શન એ સિવાય આ લોકમાં રહેવાને - જીવવાને માટે પણ અશક્ત વર્તતો. એ અર્થ છે. આવા પ્રકારનો તું થઈને મારા યોગને સાધતો થકો, વિભૂતિઓ અને ઐશ્વર્યોએ સહિત અને સકળ કલ્યાણ ગુણગણોએ પણ સહિતજ એવો મને તું નિઃસંદેહપણે મેં ઉપદેશેલા જે જ્ઞાન વડે કરીને સ્વરૂપ, સ્વભાવ, વિભૂતિ અને ઐશ્વર્ય, એ આદિક સમગ્ર પ્રકારથી જાણીશ, તે મારું જ્ઞાન હે પૃથાપુત્ર-અર્જુન ! સાવધાન મન રાખીને તું સાંભળ ? ॥૧॥

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥२॥

**-: શ્લોકાર્થ :-**

હું તને વિજ્ઞાને સહિત આ જ્ઞાન બાકી ન રહે એમ સંપૂર્ણ ખૂલાસાવાર કહેવાનો છું. કે જે જાણ્યા સમજ્યા પછી ફરીથી આ લોકમાં બીજું કાંઇ જાણવા જેવું બાકી રહેતું જ નથી. ॥૨॥

**-: ભાષ્યાર્થ :-**

એ વાત કહે છે.

આ કહેવાશે એવું વિજ્ઞાને સહિત મારા સ્વરૂપનું જ્ઞાન તને સમગ્રપણે વિસ્તારથી કહીશ કહું છું, એટલે કે સકળ દોષથી રહિતપણાને લીધે અને નિરવધિકાતિશય એવા અસંખ્યાત્ કલ્યાણ-ગુણગણોથી અગણિત અને અતિ અપાર મહાસમૃદ્ધિથી સમ્પન્ન હોવાને લીધે, મારા સિવાયના સકળ ચેતન અચેતન વસ્તુઓના સમુદાયથી અતિ ઉત્કૃષ્ટ એવો હું છું, એવા વિશેષ જ્ઞાને સહિત મારા સ્વરૂપનું જ્ઞાન હું તને કહીશ - કહેવાનો છું. હે અર્જુન ! બહુ કહેવાથી શું ? પણ એટલું જ કે - જે જ્ઞાન પ્રાપ્ત થયા

પછી આ લોકમાં મારા સ્વરૂપ સ્વભાવ સંબંધમાં ફરીથી બીજું કાંઈ જાણવા જેવું બાકી રહેતું જ નથી. એ અભિપ્રાય છે. ॥૨॥

मनुष्याणां सहस्त्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥३॥

**-: શ્લોકાર્થ :-**

હજારો હજાર મનુષ્યોમાં સિદ્ધિને માટે કોઈકજ પ્રયત્ન કરે છે. અને પ્રયત્ન કરનારા સિદ્ધોમાંથી પણ મને ખરી રીતે તો કોઈકજ જાણે છે. ॥૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે એવા પોતાના જ્ઞાનનુ દુર્લભપણું કહે છે.

મનુષ્ય જાતિમાં જન્મ પામેલા હજારો હજાર મનુષ્યોમાં શાસ્ત્રમાં કહેલા અધિકાર સંપન્ન તો કોઈકજ હોય છે એમ ઉપરથી સમજવું. અને આવા-શાસ્ત્રાધિકારસંપન્ન હજારો હજાર મનુષ્યોમાંથી કોઈકજ મોક્ષને માટે પ્રયત્ન કરનારો હોય છે. અને એવા મોક્ષને માટે પ્રયાસ કરનારા હજારો હજાર સિદ્ધ પુરુષોમાંથી મને તો કોઈકજ જાણે છે. અને વળી મને જાણનારા હજારો હજાર સિદ્ધોમાંથી તત્ત્વે કરીને એટલે કે સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ, એ સર્વથી સમ્પન્ન જેવો હું છું તેવો તો મને કોઈકજ જાણે છે. માટે મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પણ દુર્લભ છે. અને મારા સ્વરૂપને યથાર્થ સમજનાર મારો વ્હાલો જ્ઞાની ભક્ત પણ દુર્લભ જ છે. એ અભિપ્રાય છે. ॥૩॥

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥४॥
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि ! मे पराम् ।
जीवभूतां महाबाहो ! ययेदं धार्यते जगत् ॥५॥

**-: શ્લોકાર્થ :-**

ભૂમિ, જળ, અગ્નિ, વાયુ અને આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર, એમ આઠ પ્રકારે વહેંચાયેલી આ મારી પ્રકૃતિ-માયા છે. ॥૪॥

આ મારી અપરા-બીજા વર્ગની પ્રકૃતિ છે અને આનાથી ચઢીયાતી શ્રેષ્ઠ જીવરૂપ મારી બીજી પ્રકૃતિ છે તેને તું જાણ ! કે જેનાથી આ જગત્ ધારણ કરાય છે. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

હવે ભગવાન પોતાનો મહિમા કહેવાને માટે પ્રથમ જડ-ચેતન વિભાગથી રહેલી બે પ્રકારની પોતાની પ્રકૃતિને કહી સમજાવે છે.

પૃથ્વી આદિક પાંચ મહાભૂત, મન વિગેરે ઇન્દ્રિયોનો સમૂહ, મહત્તત્ત્વ અને અહંકાર એ પ્રમાણે આઠ પ્રકારથી જીવાત્માઓને માટે ભોગ્ય અને ભોગનાં ઉપકરણ રૂપે પરિણામ પામેલી પ્રકૃતિ જે ત્રિગુણાત્મક માયા ભેદ પામીને વિભાગથી રહેલી છે, તે માયા મારી-મારા વશમાં વર્તનારી છે. અને આ કહી એવી જે પ્રકૃતિ-માયા તે અપરા જડ હોવાથી કનિષ્ઠ પ્રકારની બીજા નંબરની છે. અને આ કહી એવી જે બદ્ધજીવોના નિવાસભૂત ત્રિગુણાત્મક જડ પ્રકૃતિ - માયા તેનાથી તો બીજી સ્વરૂપ સ્વભાવ વિગેરેથી તેથી વિલક્ષણ એવી જીવભૂત-ચેતન, એટલે કે પુરુષરૂપ, પરા અતિ ઉત્કૃષ્ટ મારી પ્રકૃતિ-માયા છે, એમ તેને તું જાણ ! હે મહાબાહોહ, અર્જુન ! કે - જે પુરુષરૂપ મારી પ્રકૃતિથી, આ-દેવ, મનુષ્ય, પશુ-પક્ષ્યાદિકરૂપે, તથા સ્થાવરરૂપે પરિણામ પામેલું ભૂત-પ્રાણીમાત્રના સમુદાયરૂપ જગત્ ધારેલું છે. ॥૪-૫॥

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ! ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥६॥

-: શ્લોકાર્થ :-

સર્વ ભૂત પ્રાણીમાત્ર આ બેમાંથી જ ઉત્પન્ન થાય છે એમ તું ધ્યાનમાં રાખ ! અને તે બન્ને પ્રકૃતિ મારી હોવાથી હું જ સમગ્ર જગત્‌નો કારણ છું અને પ્રલય-નાશ કરનાર પણ હું જ છું. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે પ્રકૃત્તિ-પુરુષનું જગત્‌નું કારણપણું અને તે સઘળાં વિશ્વનું હું જ પરમ મુખ્ય કારણ છું એમ કહે છે.

આ કહ્યાં એ પ્રકૃતિ અને પુરુષ એ બન્ને કારણભૂત જેનાં છે, એવાં તે બ્રહ્માથી આરંભીને સ્થાવર સૂધીનાં મહત્ અલ્પ ભાવથી રહેલાં ચેતનાચેતનયુક્ત સર્વ ભૂત-પ્રાણીમાત્ર છે. એમ તું ધાર-સમજ ! એટલે કે પ્રલય કાળમાં સૂક્ષ્મભાવથી રહેલાં અને ઉત્પત્તિ સમયમાં સ્થૂળભાવથી રહેલાં પ્રકૃતિ અને પુરુષ એ બન્નેયને મારે આધીનપણું હોવાથી તેમનાથી થયેલાં સર્વ ભૂત-પ્રાણીમાત્ર મારે આધીન-

મારાંજ છે. એમ તું જાણ ! એમ અભિપ્રાય છે. અને તેથી જ એ બન્ને મારી પ્રકૃતિમાંથી થયેલા સમગ્ર બ્રહ્માથી લઈને સ્થાવર સૂધીના સકળ વિશ્વનો હું જ પ્રભવ-પરમ મુખ્ય કારણ છું. કેમ કે પ્રભવ શબ્દનો અર્થજ પ્રકર્ષથી મુખ્યત્વે પ્રાદુર્ભાવ થાય છે. જેનાથી તે પ્રભવ કહેવાય. એમ વ્યુત્પત્તિ કરીને મુખ્ય કારણરૂપ એમ કરેલો છે. તેમજ સકળ વિશ્વનો હું જ પ્રલયનો કારણભૂત એટલે કે હું જ સકળ વિશ્વનો સંહાર કરનારો છું. તેમાં પ્રમાણભૂત "વ્યક્ત-અવ્યક્ત, કાર્ય-કારણરૂપ જે આ પ્રકૃતિ માયા મેં કહી બતાવી તે અને પુરુષ એ બન્નેય પરમાત્મામાં લીન થાય છે. અને પરમાત્મા સર્વના આધાર અને સર્વના નિયંતા પરમેશ્વર છે." "જ્યારે પ્રલય સમયે માયા અને માયાપતિ પુરુષ એ બન્ને અને સર્વસંહારક કાળ પણ અક્ષરના તેજમાં તે ભગવાનની ઇચ્છાથી તિરોભાવને પામી જાય છે, ત્યારે તે સર્વનિયંતા પ્રભુ શ્રીહરિ પોતે એકજ વિરાજમાન રહે છે." એમ વિષ્ણુપુરાણનું વચન છે. ॥૬॥

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ! ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।।७।।

-: શ્લોકાર્થ :-

હે ધનંજય ! મારાથી પર તત્ત્વ બીજું કાંઈએ છે જ નહિ. અને આ સઘળું વિશ્વ મારામાં દોરામાં મણિકાઓની પેઠે પરોવેલું છે. (પણ મારાથી પૃથક્ નથી.) ॥૭॥

-: ભાષ્યાર્થ :-

"હું જ સર્વથી શ્રેષ્ઠ છું." એમ ભગવાન સ્વમુખે કહે છે -

હે ધનંજય ! જગત્નાં કારણભૂત એવાં પ્રકૃતિ અને પુરુષ એ બન્નેનો પ્રવર્તક-પ્રેરક એવા મારા કરતાં શ્રેષ્ઠ ઉત્તમ બીજું કોઈ પણ વસ્તુ છે જ નહિ. સર્વજ્ઞતા અને સત્યસંકલ્પતા, એ આદિક ગુણોના યોગથી, તથા સર્વ કારણના પણ કારણપણાને લીધે, હું જ સર્વથી અતિ શ્રેષ્ઠ સર્વોપરિ છું, પણ મારાથી બીજો કોઈ પર નથીજ એ અર્થ છે. અને આ નજરે દેખાતું ચેતન અચેતનના સમુદાયરૂપ સઘળું જગત્ મારા શરીરભૂત મારે આધીન હોવાથી સર્વાત્માપણે ધારી રહેલા મારે વિષે સુત્રમાં-દોરામાં મણિકાઓજ જેમ એમ પરોવાયેલું અનુસ્યૂત પણે આશરીને રહેલું છે. "જેનું સર્વ ભૂત-પ્રાણીમાત્ર શરીર છે." "જેનું પ્રકૃતિ-માયા શરીર છે."

"જેનું પૃથ્વી શરીર છે" 'જેનું આત્મા શરીર છે." "જેનું અક્ષર બ્રહ્મ શરીર છે." "એ પરમાત્મા સર્વ ભૂતના અંતરાત્મા- અંતર્યામી નિયામક છે. સર્વ પાપના વિરોધી-નિર્દોષમૂર્તિ છે. દિવ્યસ્વરૂપ દેવ-તેજોમય એક -અદ્વિતીય નારાયણ છે." એ પ્રમાણે અંતર્યામીભાવ પ્રતિપાદન કરનારી શ્રુતિઓમાં પરમાત્માનું સર્વાત્મકપણું. અને સર્વ ભૂત-પ્રાણીમાત્રનું પરમાત્માના શરીરપણું સ્પષ્ટ શબ્દોથી કહેવામાં આવ્યું છે. ॥૭॥

रसोऽहमप्सु कौन्तेय ! प्रभास्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥८॥

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! જળમાં રસ તે હું છું. શશીમાં અને સૂર્યમાં પ્રભા તે હું છું. સર્વ વેદોમાં પ્રણવ-ૐકાર હું છું. આકાશમાં શબ્દ હું છું. અને પુરુષોમાં પુરુષાર્થ તે હું છું. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

સર્વ ચિત્ અચિત્‌ના સમૂહને પરમાત્માનું શરીરપણું હોવાથી, અને પરમાત્માનું સર્વાત્મકપણું હોવાથી, સર્વ શબ્દોથી પોતાનેજ કહેવાપણું છે. એમ બતાવતાં ચાર શ્લોકથી વિભૂતિઓ કહી બતાવે છે.

હે કૌન્તેય ! જળમાં જે મધુર રસતે રૂપે હું જ છું, અર્થાત્ એ મારી વિભૂતિ છે. ચંદ્રમાં અને સૂર્યમાં પ્રભા જે કાંતિ છે તે હું છું તે મારી વિભૂતિ છે. સર્વ વેદોમાં પ્રણવ જે ૐકાર તે હું છું તે મારી વિભૂતિ છે. આકાશમાં શબ્દ-શબ્દરૂપ મુખ્ય ગુણ હું છું મારી વિભૂતિ છે. આગળના શ્લોકોમાં પણ એમજ જાણવું. ॥૮॥

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥९॥
बीजं मां सर्वभूतानां विद्धि ! पार्थ ! सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥१०॥

-: શ્લોકાર્થ :-

પૃથ્વીમાં પવિત્ર ગંધ તે હું છું. અને અગ્નિમાં તેજ-પ્રભા તે હું છું. સર્વ ભૂતોમાં જીવન-શક્તિ તે હું છું. અને તપસ્વીઓમાં તપ તે હું છું. ॥૯॥

હે પાર્થ ! સર્વ ભૂતોનું સનાતન બીજ-કારણ તે હું છું, એમ તું સમજ ! બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિ તે હું છું. અને તેજસ્વીઓનું તેજ-પરાક્રમ તે હું છું. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

વળી પૃથ્વીમાં પવિત્ર-સારો ગન્ધ તે હું છું. અગ્નિમાં જે સ્વાભાવિક તેજસ્વિતા અને કાંતિ તે હું છું. સર્વ ભૂતોમાં જીવન-પ્રાણધારણરૂપ આયુષ્ય તે હું છું, નિરંતર તપમાં જોડાયેલા તપસ્વીઓમાં તપ શાસ્ત્રીય સ્વધર્મ પાળવામાં જે સામર્થ્ય સહનશક્તિ તે હું છું. ॥૯॥

વળી સર્વ ભૂત - પ્રાણીમાત્રનું સનાતન અનાદિ સિદ્ધ અવિનાશી એવું બીજ જે કારણ તે મને જાણ ! અહીંયાં વિભૂતિ ન જાણવી, પણ પોતેજ સાક્ષાત્ છે એમ જાણવું. હે પાર્થ ! બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિ જે તત્ત્વ અતત્ત્વ-સારાસારના વિવેક સામર્થ્યવાળી પ્રજ્ઞા તે હું છું. તેજસ્વી-પ્રગલ્ભ પુરુષોનું તેજ - પ્રાગલ્ભ્ય બીજાઓને દબાવાનું સામર્થ્ય અને પોતે બીજાઓથી ન દબાવું એ રૂપ જે શક્તિ તે હું છું. ॥૧૦॥

बलं बलवतां चाहं कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ! ॥११॥
ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि ! न त्वहं तेषु ते मयि ॥१२॥

-: શ્લોકાર્થ :-

બળવાન મનુષ્યોનું કામ અને રાગ વર્જીત એવું શુદ્ધ બળ તે હું છું. અને હે ભરતર્ષભ ! ભૂત-પ્રાણીમાત્રમાં ધર્મથી અવિરૂદ્ધ એવો જે કામ તે હું છું. ॥૧૧।

અને વળી જે કોઈ સાત્ત્વિક ભાવ પદાર્થો છે. તેમજ રાજસ અને તામસ પદાર્થો છે, તે સઘળા મારામાંથીજ ઉપજેલા છે, એમ જાણ ! પરંતુ-તે સઘળા-ભાવોમાં હું નથી, પણ તેઓ મારામાં મારે આધારે છે. (એમ સમજ !) ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

વળી- બળવાન પુરુષોનું બળ, કે જે શબ્દાદિક વિષયોમાં પ્રીતિરૂપ જે રાગ તેનાથી રહિત અથવા કામ અને રાગ તેનાથી રહિત, એવું જે બળ એટલે મનુષ્યોનું મનોબળ અથવા શારીર બળ તે હું છું. વળી હે ભરતર્ષભ ! ભૂતોમાં એટલે મનુષ્યમાત્રમાં ધર્મશાસ્ત્રમાં કહેલા વર્ણાશ્રમોચિત એવા સદાચારથી અવિરૂદ્ધ અર્થાત્

અધર્મે રહિત એવો કામ જે અન્નપાનાદિક વિષયોની અભિલાષા, અથવા મારી પ્રાપ્તિની અભિલાષા તે હું છું. ॥૧૧॥

વળી સાત્ત્વિકાહંકારથી ઉત્પન્ન થયેલા જે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ, તથા રાજસાહંકારથી ઉત્પન્ન થયેલા જે ઇન્દ્રિયો આદિક પદાર્થો, તથા તામસાહંકારથી ઉત્પન્ન થયેલા જે શબ્દાદિક તન્માત્રા વિગેર પદાર્થો, જગત્‌માં રહેલા છે. અથવા સાત્ત્વિકાદિક એવા જે દેવમનુષ્યો વિગેરે પદાર્થો છે. તે સઘળાઓ મારા થકી જ ઉત્પન્ન થયેલા છે, એમ તું જાણ ? અને તે સઘળા પદાર્થો મારામાં છે, એટલે કે- મારા શરીરરૂપે રહેલા હોવાથી તે સાત્ત્વિકાદિક સઘળા પદાર્થો મારે આધીનપણે જ રહેલા છે, એ અભિપ્રાય છે. અને હું તો તેમાં નથી એટલે કે ક્યારેય પણ તેઓને આધીન સ્થિતિવાળો હું નથી.

અભિપ્રાય એ છે કે જેમ મારા સિવાયના બીજા સર્વ જીવોને તેમને તેમને આધીન એવાં તેમનાં શરીરોથી ઉપકાર હોય છે, તેમ મારે આધીન વર્તનારા અને મારા શરીરભૂત એવા જડ-ચેતનના સમૂહોથી મારે કોઈ પણ ઉપકાર નથી. પરંતુ મારા શરીરભૂત તે સર્વને ધારણ કરવામાં કેવળ નિષ્કારણ મારી ઇચ્છાજ પ્રયોજન છે. એમ સમજવું. ॥૧૨॥

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥१३॥

-: શ્લોકાર્થ :-

આ કહ્યા એવા સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ ગુણમય ભાવોથી-પદાર્થોથી મોહ પામેલું આ સઘળું જગત્, એ માયાના કાર્યથી પર રહેલા અવિનાશીસ્વરૂપ એવા મને જાણતું ઓળખતું નથી. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

જો એમજ હોય તો, આવા પરમ ઉપકારી તમને પરમેશ્વરને સર્વે જનો કેમ જાણતા ઓળખતા નથી ? અથવા ઓળખીને તમને કેમ ભજતા નથી ? એના સમાધાનમાં કહે છે.

આ પૂર્વે કહી બતાવ્યા એવા સત્ત્વાદિક ગુણોના વિકારભૂત-પરિણામભૂત સાત્ત્વિકાદિક ત્રણ પ્રકારના પદાર્થોથી મોહ પામી ગયેલું એવું દેવમનુષ્યાદિક વિવિધ ભાવે રહેલું આ સઘળું જગત્, એ સાત્ત્વિકાદિક ત્રિવિધ પદાર્થોથી પર એટલે કે

મારા અસાધારણ અપ્રાકૃત આકારવિશેષથી, તથા દિવ્ય અમાયિક અલૌકિક સ્થાન-ધામથી, તથા દિવ્ય આકારવાળા અપ્રાકૃત પાર્ષદોથી-અક્ષરમુક્તોથી તથા સર્વ પ્રકારથી પણ અતિ ઉત્કૃષ્ટપણે વિરાજમાન રહેલો અને અવિનાશી તેમજ પ્રાકૃત ગુણોનો લેશ પણ જેમાં ન મળે એવા સાક્ષાત્ પરાત્પર મને પુરુષોત્તમને નથી જાણતું-ઓળખી શકતું નથી. ॥૧૩॥

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥१४॥

-: શ્લોકાર્થ :-

કારણ કે-દેવ-સર્વસૃષ્ટા એવો જે હું તે મારી આ ગુણમયી માયા તે દુરત્યય છે. માટે જેઓ મનેજ અનન્ય ભાવથી આશરે છે. તેજ એ માયાને તરી શકે છે. ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

અત્યંત હલકી કોટિનાં તદ્દન અસ્થિર એવાં પ્રાકૃત ગુણમય પદાર્થોથી મોહ પામી ગયેલા જનને એ મોહ ઉપજાવનારી માયા કેમ કરવાથી નિવૃત્તિ પામે ? એ આશંકાના સમાધાનમાં કહે છે.

આ - સંસૃતિને પમાડનારી, સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણના કાર્યના સમૂહરૂપ અને વિવિધ વિચિત્ર અચિન્ત્ય શક્તિમાન અને લીલામાત્રથી આ સર્વ જગત્‌ને સર્જનારા મેં સર્વ જનોના ધર્માદિક સકળ પુરુષાર્થની સિદ્ધિ પમાડવા માટે ભોગ,ભોગસ્થાન અને દેહાદિકરૂપે નિર્માણ કરેલી. અને તેથીજ સર્વ જગત્‌નો પરમનિયંતા,સર્વજગતનો, કારણ, સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, એવો જે હું તે મારી પુરુષોત્તમ ભગવાનની શક્તિરૂપ માયા છે, અને તે માયા આ જગત્‌ને સર્જવા આદિક કાર્યમાં પરમ ઉપકારક અને ઉપયોગી છે. અને તેથીજ સર્વ મનુષ્યોએ મારી એક-અનન્ય શરણાગતિ પ્રપત્તિ સિવાય બીજાં સાધનોથી તરવાને સર્વથા અશક્ય જ છે. માટે જ જે મનુષ્યો મને એટલે કે સકળ હેયનો પ્રત્યનીક-વિરોધી, અપરિમિત આનંદમય સ્વરૂપ જેનું છે, સકળ કલ્યાણ ગુણગણોનો મહાસાગરસમો, અખંડ અબાધિતસ્વરૂપ, સર્વનો નિયંતા, સદાય એક - અદ્વિતીય સ્વરૂપ, આ લોકમાં સર્વજનને નયન ગોચર-પ્રત્યક્ષ મનુષ્યસ્વરૂપે વર્તતો, ભક્ત જનોના ઉપર વાત્સલ્ય પરિમિત પ્રેમને લીધે સર્વથા વશ વર્તનારો, સર્વ જનોને શરણ કરવા યોગ્ય અને શરણાગતનો પરમ પાળક પરમ દયાળુ. એવા મને પુરુષોત્તમને જ

સર્વથા શરણે આવે છે અનન્ય ભાવથી આશરે છે. તે મારાજ એક શરણવાળા જનો એ ગુણમયી માયાને તરે છે અર્થાત્ તેમને મારી ઉપાસના કરવાથીજ માયા નિવૃત્તિ પામી જાય છે. એ અભિપ્રાય છે. ॥૧૪॥

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥१५॥

**-: શ્લોકાર્થ :-**

માયાના બળથી જેઓનું જ્ઞાન હરાઈ ગયેલું છે અને તેથી જ આસુર ભાવને આશરેલા એવા દુષ્કર્મી મૂઢ નરાધમો મારો આશ્રય-શરણ લઈ શકતાજ નથી. ॥૧૫॥

**-: ભાષ્યાર્થ :-**

આમ જ જો હોય, તો સર્વ મનુષ્યો તમારી શરણાગતિ કેમ નથી કરતા ? એના ઉત્તરમાં કહે છે.

દુષ્કર્મીઓ કે જે પાપની તારતમ્યતાને લીધે ચાર પ્રકારના છે તે મને નથી પામતા, એટલે કે મારી શરણાગતિ નથી કરતા એ અર્થ છે. હવે તે ચાર પ્રકારના દુષ્કર્મીઓનો ભેદ કહે છે તેમાં પ્રથમ મૂઢ એટલે જ્ઞાનની વિપરીતતા પામેલા, અર્થાત્ જ્ઞાનમાં વિપરીત ભાવ હોવાથી કેવળ કષ્ટમય સંસારમાં સુખબુદ્ધિથી તેમાં જ આસક્ત વર્તનારા.

બીજા - નરાધમ, એટલે કે- સર્વ ગુણમય કાર્યની હેયતા જાણતાં છતાં પણ અસચ્છાસ્ત્ર અને અસત્પુરુષોના સહવાસથી જગન્નિયંતા પરમેશ્વરની પણ અવગણના કરીને કેવળ આત્મકૈવલ્ય સંપાદન કરવામાં પ્રવર્તેલા, અને તેથી જ ભગવાનની ઉપાસના પણ નહિ કરનારા માટે ભગવાનની ઉપાસનાએ રહિત હોવાથીજ નરોમાં એટલે મનુષ્યમાત્રમાં અધમ-ભગવાનના પરમ ઉપાસક સત્પુરુષોએ અતિ તિરસ્કાર કરેલા અતિ નિંદાપાત્ર બની ગયેલા, હવે ત્રીજા માયા એટલે કૂટયુક્તિવાળાં વચનોથી મારા સ્વરૂપનું અને મારા ઐશ્વર્યનું જ્ઞાન જેમને હરાઈ ગયું છે, એટલે કે હરકોઈ પુરુષે કહેલું મારા સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન અને મારા ઐશ્વર્ય સંબંધી જ્ઞાન સાંભળીને તેથી વિપરીત-અવળું જ બોલે છે એવા. અને ચોથા-આસુર ભાવને આશરેલા કે જેઓ મારા સ્વરૂપનું જ્ઞાન અને મારા ઐશ્વર્યનું જ્ઞાન તેને સમજીને પણ હિરણ્યકશિપુની પેઠે મારે વિષે વૈરજ કરનારા તેવા અસુર પુરુષો. આ ચારેય એકબીજાના કરતાં ઉત્તરોત્તર અધિક પાપી જાણવા ॥૧૫॥

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ! ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ! ॥१६॥

-: શ્લોકાર્થ :-

ભરતવંશમાં શ્રેષ્ઠ એવા હે અર્જુન ! મને આર્ત, જીજ્ઞાસુ, અર્થની ઇચ્છાવાળો અને ચોથો જ્ઞાની, એમ ચાર પ્રકારના સુકૃતશાલી જનો ભજે છે. ॥૧૬॥

-: ભાષ્યાર્થ :-

હવે શરણાગતિ કરવામાં યોગ્ય એવા ચાર પ્રકારના મનુષ્યોને કહી બતાવે છે.

હે અર્જુન ! સુકૃતના ન્યૂનાધિકપણાને લીધે ચાર પ્રકારના પુણ્યશાળી જનો મને ભજે છે સેવે છે. હવે તે ચાર પ્રકારના ભજનારાઓના ભેદ કહે છે - પહેલો આર્ત-અધિકારથી ભ્રષ્ટ થયેલો માટે ફરીથી તે અધિકારની પ્રાપ્તિની ઇચ્છાપૂર્વક ભજનારો, બીજો અર્થાર્થી - પ્રથમ નહિં મળેલા એવા નવે નામેજ ઐશ્વર્ય વિગેરેની ઇચ્છા રાખીને ભજનારો. આ બન્નેને ઐશ્વર્યનીજ ઇચ્છાવાળાપણું હોવાથી એકતાજ એક પ્રકારતાજ જાણવી. ત્રીજો જીજ્ઞાસુ પ્રકૃતિના ગુણોથી અત્યંત ભિન્ન શુદ્ધ ક્ષેત્રજ્ઞ-સ્વરૂપને સાક્ષાત્ પ્રત્યક્ષ કરવાને ઇચ્છતો. અર્થાત્ તેની પ્રાપ્તિની ઇચ્છા રાખીને ભજનારો. અથવા તો પ્રકૃતિથી પર નિરવયવ સર્વ વ્યાપક એવા અક્ષર બ્રહ્મને સાક્ષાત્ કરવાને ઇચ્છતો, અર્થાત્ તેની પ્રાપ્તિની ઇચ્છા પૂર્વક ભજનારો. અને ચોથો જ્ઞાની એટલે સર્વજ્ઞ અને અલ્પજ્ઞ એવા ક્ષેત્રજ્ઞોના સ્વરૂપને જાણનારો, પ્રકૃતિ અને તેના કાર્યભૂત સમગ્ર તત્ત્વો તથા સમગ્ર લોકરચના, એ સર્વને પણ જાણનારો, કાળ અને અક્ષર બ્રહ્મ એમના સ્વરૂપને પણ સમજનારો. અને આ બધાયનાથી સકળ ત્યાજ્ય ભાવથી પ્રતિકૂળપણાને લીધે, સમગ્ર મંગળકારી ગુણોના એક જ આધારપણાને લીધે અને બદ્ધ-મુક્ત એ સર્વ અવસ્થામાં અવસ્થિત એવા સમગ્ર ચેતન અચેતન વસ્તુમાં વ્યાપકપણાને લીધે એ સર્વના નિયંતાપણાને લીધે, સ્વરૂપથી અને સ્વભાવથી પણ અત્યંત વિલક્ષણ-સ્વરૂપ, સર્વના કારણભૂત અને સર્વોત્કૃષ્ટ સર્વોપરિ એવા મને પુરુષોત્તમને જુદા જુદા એટલે જુદાં જુદાં લક્ષણોથી યથાર્થ જ્ઞાનવાળો અને એથી જ નિરવધિકાતિશય આનંદમયમૂર્તિ અને અક્ષર બ્રહ્મનો પણ નિયંતા અને અનંત દિવ્ય ગુણોના સમૂહોથી અતિશય સર્વોત્કૃષ્ટ મહામનોહર મંગળમયમૂર્તિ અને પરાત્પર એવા મને પુરુષોત્તમને જ પરમ પ્રાપ્ય માનતો થકો જ મને ભજે છે એ અભિપ્રાય છે. ॥૧૬॥

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥१७॥

-: શ્લોકાર્થ :-

તે ચારમાંથી જ્ઞાની ભક્ત નિરંતર મારામાંજ જોડાઇ રહેનારો અને એક મારામાંજ અનન્ય ભક્તિમાન હોવાથી સર્વથી શ્રેષ્ઠ છે. અને જ્ઞાની ભક્તને હું અત્યંત વ્હાલો છું. અને તે મને અત્યંત વ્હાલો છે. ॥૧૭॥

-: ભાષ્યાર્થ :-

માટે આ બધાયમાં જ્ઞાની ભક્ત જ શ્રેષ્ઠ થાય છે. એમ કહે છે.

તે આર્ત વિગેરે ચાર પ્રકારના ભજનારાઓમાં જ્ઞાની ભક્ત જ વિશેષતાએ કરીને શ્રેષ્ઠ મનાય છે. હવે તે શ્રેષ્ઠ થવામાં કારણ કહે છે એક મારામાંજ ભક્તિ-અત્યુત્તમ પ્રેમ જેને છે. અને બાકીના ત્રણને તો પોતાને ઇચ્છિત વસ્તુઓમાં અધિક પ્રેમ હોય છે. અને મારામાં તો તે વસ્તુની પ્રાપ્તિના ઉપાયપણાને લીધે જ ભક્તિ રાખે છે. એ અભિપ્રાય છે. અને તેથી જ નિત્યયુક્ત-સર્વદા મારામાં પ્રીતિએ યુક્ત, એટલે કે મારું સ્વરૂપ જ જેને એક અનન્ય પ્રયોજનરૂપે પ્રાપ્ય માનેલું છે એવા જ્ઞાની ભક્તને તો મારી સાથે અખંડ પ્રસંગ છે. અને બીજાઓને તો પોતાની ઇપ્સિત વસ્તુ મળતા સુધીજ મારી સાથે પ્રસંગ રહે છે. એ અભિપ્રાય છે. માટે મારામાં જ એક- અનન્ય ભક્તિવાળો હોવાથી અને મારામાંજ અખંડ જોડાઈ રહેલો હોવાથી જ્ઞાની ભક્તનું બીજા ભક્તો કરતાં શ્રેષ્ઠપણું જાણવું. વળી આવા જ્ઞાની ભક્તને હું અત્યંત પ્રિય કરતાંય પણ પ્રિય છું. એ નિશ્ચિત છે. અને તેજ પ્રમાણે તે જ્ઞાની ભક્ત પણ મને અત્યંત પ્રિય છેજ. ॥૧૭॥

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥१८॥

-: શ્લોકાર્થ :-

એ બધા મારા ભક્તો ઉદાર છે, પણ તેમાં જ્ઞાની ભક્ત તો મારો આત્મા જ છે, એમ મારું માનવું છે. કારણ કે તે મારામાં મન રાખીને સર્વોત્તમ આત્યન્તિક ગતિ-પ્રાપ્યસ્વરૂપ એવા મનેજ અનન્ય ભાવથી આશરેલો છે. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

વળી આ બધા મારી ઉપાસના કરનારા મારા ભક્તો ઉદાર-મોટા મનવાળા છે. અને જ્ઞાની તો મારો આત્મા છે. અર્થાત્ તે તો મારો પણ આત્મા-ધારક છે. અને આતો મારો મત અભિપ્રાય છે. અને તેથી પોતાની ઉપાસના કરનારાઓમાં ભગવાનને અતિશય પ્રેમ હોય છે. એમ જણાય છે. કારણ કે તે જ્ઞાની ભક્ત મારાંમાજ ગાઢ-અતિદૃઢ બંધાયેલો આત્મા મન જેનું છે, અર્થાત્ મારા વિના એક ક્ષણ પણ રહી શકવાને અશક્ત હોય છે. એમ અભિપ્રાય છે. અને એ કારણથી જ જેનાથી બીજી કોઈ ઉત્તમ-સર્વોત્કૃષ્ટ ગતિ-પ્રાપ્ય નથી એવા સર્વોત્તમ પ્રાપ્યભૂત મને જ આશરેલો છે. ॥૧૮॥

बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥१९॥

-: શ્લોકાર્થ :-

બહુ જન્મને અંતે પણ "મારે સર્વ વાસુદેવજ છે." એવા જ્ઞાનવાળો થઈને અનન્ય ભાવથી મનેજ આશરે છે. તેવો મહાત્મા આ લોકમાં અતિ દુર્લભ છે. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

હવે આવા પ્રકારનો મારો ભક્ત આ લોકમાં અત્યંત દુર્લભજ છે, એમ કહી સમજાવે છે.

અસંખ્યાત પુણ્યમય પવિત્ર જન્મને અંતે તે સર્વ જન્મનું પુણ્ય ફળરૂપે ઉદય થાય ત્યારે "મારે બધુંય વાસુદેવજ છે." એટલે કે લોકમાં પ્રાપ્ય, પ્રાપક, સાધ્ય કે સાધન, જ્ઞાતવ્ય-જાણવા યોગ્ય, સાક્ષાત્ કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, મનન કરવા યોગ્ય, તેમજ નિદિધ્યાસ એટલે અખંડ અવિરત સ્મરણ કરવા યોગ્ય, આ સઘળું જે છે, તે બધાયમાં મારે તો સાક્ષાત્ વાસુદેવ પરાત્પર પુરુષોત્તમ ભગવાન જ છે. એવા જ્ઞાનવાળો દૃઢ નિશ્ચયવાળો થઈને જે મને સર્વથા ભજે છે. તે મહાત્મા-મહા ઉદાર અને વિશાળ મનવાળો, અર્થાત્ જેની મનોવૃત્તિ મહા વિશાળ છે. એટલા જ માટે અત્યંત દુર્લભ ભક્ત છે. "મને તત્ત્વથી ખરે ખરો કોઈક જ જાણે છે." "જે મને અનન્ય એકાંતિક ભક્તિયોગથી સેવે છે." "તે સર્વ ભક્તોમાં મારામાં અખંડ જોડાયેલો અને એક મારામાંજ અનન્ય ભક્તિ રાખનારો

એવો જ્ઞાની-ભક્ત સર્વથી વિશેષ થાય છે.'' ઈત્યાદિ વચનોથી કહેલો જે જ્ઞાની ભક્ત તે આજ છે એમ જાણવો. ॥૧૯॥

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥२०॥

-: શ્લોકાર્થ :-

અને બીજાઓ તો તે તે કામનાઓથી હરાઈ ગયું છે જ્ઞાન જેમનું એવા હોવાથી, પોત પોતાની પ્રકૃતિ-સ્વભાવને વશ થઈને, તે તે માર્ગમાં રહેલા નિયમોને આશરીને બીજા ઈન્દ્રાદિક દેવોને શરણે જાય છે. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

કહેલી અતિ દુર્લભતા ઉપપાદન કરી સમજાવે છે.

પોતાની અનાદિ વાસનારૂપ ગુણમય સ્વભાવભૂત પ્રકૃતિથી નિયત નિત્ય જોડાયેલા. અને તે તે પોતાની પ્રકૃતિને અનુકૂળ-ગમતા, એવા સ્વર્ગ, રાજ્ય અને ધનાદિકની પ્રાપ્તિના મનોરથરૂપ કામોથી ઈચ્છાઓથી, જેમને મારા સ્વરૂપનું જ્ઞાન હરાઈ ગયું છે, એવા જે જનો છે. તે જનો મારા સિવાયના ઈન્દ્રાદિક દેવોને તે તે ઈચ્છાઓની પ્રાપ્તિ-પૂર્ણતા માટે, તે તે દેવોની ઉપાસનામાં ઉપયોગી તેવા તેવા વ્રત-નિયમને આશરીને તે દેવોની ઉપાસના-આરાધના કરે છે. ॥૨૦॥

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥२१॥
स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान् मयैव विहितान् हि तान् ॥२२॥

-: શ્લોકાર્થ :-

જે જે ભક્ત મારી તનુને (બધુંજ તેનું શરીર હોવાથી.) શ્રદ્ધા-વિશ્વાસથી પૂજવાને-આરાધવાને ઈચ્છે છે, તે તે ભક્તને તેમાં તેમાં તે તે અચળ શ્રદ્ધા હું જ કરી આપું છું. ॥૨૧॥

અને તે ભક્ત તે અચળ શ્રદ્ધાએ યુક્ત થઈને તે તે દેવોનું આરાધન કરે છે. અને તે પછી (ફળપ્રદાતા હું હોવાથી જ) મેં જ રચી આપેલાં સ્વર્ગાદિક કામ-ફળને પામે છે. ॥૨૨॥

**-: ભાષ્યાર્થ :-**

તે તે દેવતાઓને જે જે ભક્ત વિશ્વાસપૂર્વકની ત્વરારૂપ શ્રદ્ધાથી, મારાજ શરીરભૂત જે જે દેવોને પૂજવાને ઇચ્છે છે - ઇચ્છાપૂર્વક વર્તે છે તો મારા શરીરભૂત તે તે દેવતાઓની ઉપાસના કરનાર તેતે ભક્તને, જો કે તે તે દેવતાઓના અંતરાત્મભૂત એવા મને નથી જાણતો પણ તેને મારા શરીરભૂત તે તે દેવતાઓ સંબંધી શ્રદ્ધાને, અચળ એટલે કે નિર્વિઘ્ન સ્થિર ભાવવાળી તે સર્વનો અંતર્યામી એવો હું કરી આપું છું. ॥૨૧॥

તેથી તે ઈન્દ્રાદિક દેવોનો ભક્ત તે તે શ્રદ્ધાએ યુક્ત થકો તે તે દેવતાઓનું આરાધન ઉપાસન કરે છે. અને એમ આરાધન કર્યા પછીથી તે તે દેવતાઓના આરાધનથી સ્વર્ગ, રાજ્ય અને ધનાદિકની પ્રાપ્તિરૂપ પોતાના ઈચ્છિત મનોરથોને નિશ્ચેજ પામે છે. કેવા એ ભોગોને પામે છે ? તો કે સર્વ પ્રાણીમાત્રને તેના તેના કર્મના ફળને આપનારો અંતર્યામી સર્વાન્તરાત્મા એવા મેં જ મારા સંકલ્પથી રચેલા નિર્માણ કરેલા અર્થાત્ મેં જ રચી આપેલા એ અભિપ્રાય છે. ॥૨૨॥

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान् देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥२३॥

**-: શ્લોકાર્થ :-**

પણ તે અલ્પબુદ્ધિના માણસોએ મેળવેલું તે તે આરાધનરૂપ કર્મનું ફળ નાશવંત હોય છે. કેમકે દેવતાઓને ભજનાર દેવોને પામે છે. અને મારા ભક્તો તો મનેજ પામે છે. ॥૨૩॥

**-: ભાષ્યાર્થ :-**

ઉપર કહેલા તે સર્વે દેવો મારા શરીરભૂત, મારે આધીન વર્તનારા, અને મારા થકીજ સ્થાન અને ભોગાદિક ઐશ્વર્ય પામેલા છે. માટે તે તે દેવતાઓનું જે ઉપાસન, તે, તે સર્વનો અંતર્યામી એવો જે હું તે મારું જ ઉપાસન છે, એમ નહિ જાણતાં જે કેવળ દેવતાઓનું જ ઉપાસન કરે છે. તે અતિ અલ્પ ફળને પામનારો થાય છે. એમ કહી સમજાવે છે.

વિનાશ પામવાના સ્વભાવવાળા દેવોના ભોગોમાં આસક્ત હોવાથી અતિ અલ્પ બુદ્ધિના તે ઈન્દ્રાદિક દેવોના ઉપાસકોને પ્રાકૃત ગુણમય નાશવંત એવું જે ફળ તેજ પ્રાપ્ત થાય છે. આ રીતે બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવોનું યજન કરનારા મનુષ્યો

બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવોને, પોતે અંતવાળા એવા થકાજ પામે છે. એટલે કે તે બ્રહ્માદિક દેવોની સાથે ભોગોને પામે છે. અને તે દેવોની સાથે જ વિનાશ પામે છે. એવો અભિપ્રાય છે. અને મારા ભક્તો તો મનેજ એટલે કે - સર્વસહારક કાળનો પણ કાળરૂપ, અવિનાશી ભોગ, અને અચળ-અક્ષર ધામરૂપ રહેવાનું સ્થાન જેનું છે. અને તે ધામમાં અનંત કોટિ અક્ષર મુક્ત પુરુષોએ અખંડ સેવેલા, અખંડ અવિનાશી દિવ્ય મૂર્તિ જેની છે અને સર્વનો નિયામક એવા મને પુરુષોત્તમને, પામે છે અર્થાત્ મને પામીને મારી સાથે સદાય પરમ આનંદને ભોગવે છે. ॥૨૩॥

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥२४॥

-: શ્લોકાર્થ :-

મારા અવિનાશી અને સર્વોત્કૃષ્ટ પરમ ભાવને નહિ જાણનારા બુદ્ધિ વિનાના અબુધ માણસો અવ્યક્ત-અલૌકિક દિવ્યમૂર્તિ એવા મને બીજા મનુષ્ય જેવો વ્યક્તિભાવ પામેલો માને છે. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

હવે સર્વ જનોના કલ્યાણ અર્થે મનુષ્યભાવથી-મનુષ્યને સજાતીય આકાર વિશેષથી આવિર્ભાવ પામેલો, એવા મને કેટલાક અબુધ અક્કલ વિનાના માણસો નથી માનતા-ઓળખતાજ નથી એમ કહે છે.

સર્વ શુભ કર્મોથી પ્રસન્ન કરવા યોગ્ય પરમેશ્વર એવો હું તે મારા સ્વભાવનો પરિત્યાગ નહિ કરતાં મારા એકાંતિક ભક્તોને દર્શન આપવા માટે અને વળી ધર્મનું સંસ્થાપન કરવા માટે આ ભૂતળમાં યદુકુળમાં પ્રગટ થયેલો છું. આવા મારા અતિ ઉત્તમ અવિનાશી સર્વોત્કૃષ્ટ સ્વભાવને નહિ જાણનારા, માટે જ કલ્યાણ સાધવાની બુદ્ધિએ રહિત મૂઢ માણસો, અવ્યક્ત આ વર્તમાન કાળથી પૂર્વે અપ્રત્યક્ષ-પરોક્ષભૂત તેને બીજા મનુષ્યોની પેઠે કર્માધીન જન્મથી પ્રત્યક્ષતા પામેલો એવો પ્રાકૃત-સાધારણ મનુષ્યને તુલ્યજ મને પણ જાણે છે. તેથીજ તેઓ મારી ઉપાસના નથી કરતા. એ અભિપ્રાય છે. ॥૨૪॥

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥२५॥

-: શ્લોકાર્થ :-

કેમ કે મારી યોગમાયાથી સમાવૃત થયેલો હું સર્વને નથી ઓળખાતો, માટેજ અજન્મા અને અવિનાશી એવા મને આ મૂઢ-અજ્ઞાની લોક નથી જાણી ઓળખી શકતા. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

વળી તેઓ નથી માનતા તેમાં બીજો શો હેતુ છે ? એમ આશંકા ઉઠાવીને કહે છે.

યોગ-એટલે, મનુષ્યને સમાન આકારથી પ્રગટ થવું તે રૂપ યુક્તિ, અને તે યુક્તિ એજ આશ્ચર્યમય શક્તિથી ભરપૂર માયા, તે માયાથી સમાવૃત-ઢંકાયેલો, અર્થાત્ મારી આશ્ચર્યરૂપ અલૌકિક યોગમાયાથી નરાકાર ધારણ કરીને પ્રગટ થયેલો છું. માટે હું સર્વ લોકને પ્રકાશ-સાક્ષાત્ થતો નથી. પણ મારા સ્વરૂપના મહિમાને જાણનારા એવા મારા ભક્તોનેજ પ્રત્યક્ષ થાઉં છું એ અભિપ્રાય છે. તેજ વાત સ્પષ્ટ કરી આપે છે મનુષ્યને સમાન મારા સ્વરૂપને દેખવાથી વિપરીત જ્ઞાનવાળો આ મૂઢ મૂર્ખ લોક, અજ-કર્માધીન પ્રાકૃત જન્મ-મરણાદિક વિકારોથી સર્વથા રહિત, અવ્યયં- સર્વ વિકારશૂન્ય દિવ્ય-અપ્રાકૃત મૂર્તિ જેની છે, અપરિમિત બ્રહ્માણ્ડ કોટિઓના એક પરમ કારણ, અક્ષરબ્રહ્મ વિગેરે સર્વના નિયંતા, અપરિમિત મનુષ્યોના આત્યંતિક કલ્યાણ માટે અને પોતાના એકાંતિક-ભાગવત ધર્મના સંસ્થાપનને માટે આ ભૂતળમાં મનુષ્યને સજાતીયપણે આર્વિભાવ પામેલાને પરાત્પર પુરુષોત્તમને નથી જાણતો નથી સમજી શકતો. ॥૨૫॥

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ! ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥२६॥

-: શ્લોકાર્થ :-

હે અર્જુન ! ભૂતકાળમાં થઈ ગયેલાં, વર્તમાનસમયમાં રહેલાં અને ભવિષ્યકાળમાં થનારાં, એ સર્વ ભૂત-પ્રાણીમાત્રને હું જાણું છું. પણ મને તો કોઈ જાણતો જ નથી. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

હવે પોતાની સર્વજ્ઞતાને કહી બતાવતા થકા બીજાઓનુ આજ્ઞપણું કહી સમજાવે છે.

હે અર્જુન ! ઘણા સમયથી વિનષ્ટ થયેલાં ભૂતકાળનાં પ્રાણીઓને, તથા હાલ સમયમાં વિદ્યમાન જણાતાં વર્તમાન કાળનાં પ્રાણીઓને, તથા ભવિષ્ય કાળમાં

થનારાં સર્વ પ્રાણીઓને, આ પ્રમાણે ત્રણેયકાળમાં જણાતાં ભૂતોને સ્થાવર જંગમ એવાં સમગ્ર પ્રાણીઓને હું જાણું છું. પણ એ સર્વને જાણનારો સર્વજ્ઞ પુરુષોત્તમ એવા મને તો કોઈ જાણતો નથી.

અભિપ્રાય એ છે કે મેં જાણેલાં ત્રણેય કાળમાં રહેલાં પ્રાણીઓ મધ્યે કોઈ પણ પ્રાણી, અનેક જનનાં કલ્યાણ કરવા માટે અને એકાંતિક ધર્મનાં સંસ્થાપન માટે પ્રાદુર્ભાવ પામેલો એવા મને પરમેશ્વરને- તત્ત્વે કરીને વાસ્તવિક રીતે જાણીને એકાંત ભાવથી મનેજ ભજે એવો જ્ઞાની ભક્ત કોઈપણ જોવામાં આવતો નથી. માટે સહું કરતાં જ્ઞાનવાન્ એજ દુર્લભ જ છે. ॥૨૬॥

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ! ।
सर्वभूतानि सम्मोहं सर्गे यान्ति परन्तप ! ॥२७॥

-: શ્લોકાર્થ :-

કારણ કે હે ભારત ! આ સૃષ્ટિમાં રહેલાં સર્વભૂત-પ્રાણીમાત્ર ઈચ્છાઓ અને દ્વેષથી ઉદ્‌ભવતાં શોક-મોહાદિક દ્વન્દ્વમાં ફસાવાથી હે પરંતપ ! અત્યંત મોહ-સંભ્રમ પામે છે. (તેથી જ મને નથી જાણી શકતાં.) ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

તેજ કહી બતાવે છે.

હે ભારત ! પ્રાકૃત-માયિક વસ્તુઓમાં ઈચ્છા-રાગ, અને તેજ ન ગમતી પ્રાકૃત વસ્તુઓમાં દ્વેષ એ બન્નેથી ઉત્પન્ન થયેલો એવો સુખ-દુઃખાદિક દ્વન્દ્વોને લીધે પૂર્વ જન્મના કર્મસંસ્કાર પ્રમાણે થઈ આવતો મોહ-અજ્ઞાન, તેનાથી સમગ્ર જીવ પ્રાણીમાત્ર ફરીથી સ્થૂળ દેહની ઉત્પત્તિરૂપ સર્ગસમયમાં સંમોહ-દેહને વિષે અહંભાવ અને દેહના સંબંધવાળા પદાર્થોમાં મમત્વરૂપ અત્યંત મોહ તેને પામે છે. હે પરંતપ ! તેથીજ મને તો કોઈ જાણતો જ નથી. એ અભિપ્રાય છે. ॥૨૭॥

येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥२८॥

-: શ્લોકાર્થ :-

પરંતુ-જે પુણ્યશાળી જનોનાં તો પાપ લગભગ નષ્ટપ્રાય થઈ ગયાં છે, તે પુરુષો જ દૃઢવ્રત થઈને સુખ-દુઃખાદિક દ્વન્દ્વભાવ રૂપ મોહમાં નહિ ફસાતાં મનેજ ભજે છે. ॥૨૮॥

-: ભાષ્યાર્થ :-

ત્યારે કેટલાક તમને ભજનારા કેમ જોવામાં આવે છે ? એના સમાધાનમાં કહે છે.

સત્પુરુષોનો સમાગમ, સત્શાસ્ત્રોનો અભ્યાસ, શ્રીહરિ ભગવાનમાં ભક્તિ અને સદ્ધર્મનું પાલન, એવાં એવાં પવિત્ર કર્મ જેમનાં વૃદ્ધિ પામેલાં હોય છે. એવા પવિત્ર પુરુષોનાં પાપ-મારા ભજન - ઉપાસનમાં વિરોધી અશુભ કર્મ નાશ પામી ગયેલાં હોય છે. માટે તે શોક-મોહાદિક દ્વન્દ્વોમાંથી થતા અવિવેકરૂપ મોહથી સર્વથા મુકાઈ ગયેલા અને પછી મારા ભજનનાજ દઢ સંકલ્પવાળા થઈને મને ભજે છે ઉપાસે છે. ॥૨૮॥

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥२९॥

-: શ્લોકાર્થ :-

આ પ્રમાણે જરા-મરણાદિક સંસૃતિના ક્લેશોથી મુકાવાને માટે મને આશરીને જેઓ પ્રયત્ન કરે છે, તેઓ જ તે બ્રહ્મને જાણે છે. અને સમગ્ર અધ્યાત્મ તત્ત્વને તેમજ કર્મના સઘળા તત્ત્વને પણ જાણે છે. ॥૨૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - તે ત્રણેયને જાણવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય બાબતોને કહી બતાવે છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વર્ગને આપનારો એવા મને આશરીને જે કૈવલ્યાર્થી જનો જરા-મરણાદિક સાંસારિક ક્લેશોને ટાળી નાખવાને માટે, અથવા તો, જરા-મરણાદિક થકી મુકાવારૂપ કૈવલ્ય મુક્તિની પ્રાપ્તિ માટે મને ભજવારૂપ પ્રયત્ન કરે છે. તે જનો તે બ્રહ્મને જાણે છે. અને સમગ્ર અધ્યાત્મ તત્ત્વ, તેમજ સમગ્ર કર્મનું તત્ત્વ પણ જાણે છે. ॥૨૯॥

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥३०॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे ज्ञानविज्ञानयागो नाम सप्तमोऽध्यायः ॥७॥

-: શ્લોકાર્થ :-

અને આ રીતે અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞે સહિત મને જેઓ જાણે છે. તો તેઓ મારામાં ચિત્ત જોડાયેલું હોવાથી, પ્રયાણ કાળમાં પણ મનેજ જાણે છે-મને જાણીને મનેજ પામે છે. ॥૩૦॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે જ્ઞાનવિજ્ઞાનયોગો નામ સપ્તમોઽધ્યાયઃ ॥૭॥

-: ભાષ્યાર્થ :-

આ શ્લોકમાં જે એ પદનું ફરીથી ગ્રહણ કરેલું હોવાથી કૈવલ્યાર્થી સિવાયના બીજા ઐશ્વર્યાર્થી જાણવા. જે ઐશ્વર્યાર્થીઓ અધિભૂતે સહિત અને અધિદૈવે પણ સહિત મને જાણે છે, તે ત્રણેય પ્રકારના ભક્તો મને અધિયજ્ઞે સહિત જાણે છે. શાથી ? તો કે - એ ત્રણેયને નિત્ય-નૈમિત્તિક કર્મરૂપ મહાયજ્ઞાદિકના અનુષ્ઠાનનું અવર્જનીય પણું છે માટે. અને પોત પોતાના પ્રાપ્યમાં સંલગ્ન ચિત્તવાળા તે ત્રણેય મૃત્યુ સમયમાં પણ, મને એટલે કે પોત પોતાના પ્રાપ્ય વસ્તુને અનુગુણ બ્રહ્મને જાણે છે. અને અધિદૈવ એટલે તે બન્નેનો નિયંતા એવા મને પુરુષોત્તમને પણ જાણે છે. અર્થાત્ તે પ્રમાણે જાણીને પામે છે. એ અભિપ્રાય છે. ॥૩૦॥

*ઇતિ શ્રી પરવિદ્યૈકગોચર - પરભક્તિસમારાધ્ય -*
*ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્ગુરુવર્ય શ્રી ગોપાળાનંદમુનિવિરચિતે*
*શ્રીમદ્ ભગવદ્ગીતાભાષ્યે સપ્તમોઽધ્યાયઃ ॥૭॥*

## अथ अष्टमोऽध्यायः

अर्जुन उवाच

**किं तद्ब्रह्म ? किमध्यात्मं ? किं कर्म ? पुरुषोत्तम ! ।**
**अतिभूतं च किं ? प्रोक्तमधीदैवं किमुच्यते ? ॥१॥**
**अधियज्ञः कथं ? कोऽत्र ? देहेऽस्मिन् मधुसूदन ! ।**
**प्रयाणकाले च कथं ज्ञेयोऽसि ? नियतात्मभिः ॥२॥**

-: શ્લોકાર્થ :-

અર્જુન પૂછે છે હે પુરુષોત્તમ ! તે બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું ? અને કર્મ શું ? અધિભૂત શું કહેવાય ? અને અધિદૈવ શું કહેવાય છે ? ॥૧॥

હે મધુસૂદન ! આ દેહમાં અધિયજ્ઞ કોણ ? અને તે કેવો જાણવો ? અને મનને જીતનારાઓએ અંતકાળે તમને કેવી રીતે જાણવા ? એ બધુંય મને કહી સમજાવો ! ॥૨॥

સાતમા અધ્યાયમાં ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન કહ્યું, આર્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એ ચાર પ્રકારના ભક્તોના ભેદ કહ્યા, ભગવાનના ભક્તોને અવિનાશી સુખની પ્રાપ્તિ કહી બતાવી, બ્રહ્મા અને ઇન્દ્રાદિક દેવોના ભક્તોને નાશવંત તુચ્છ સુખની પ્રાપ્તિ કહી બતાવી, ચાર પ્રકારના ભક્તોમાં જ્ઞાની ભક્તની દુર્લભતા કહી અને બાકીના ત્રણ પ્રકારના ભક્તોને જુદું જુદું જાણવા યોગ્ય હતું તે પણ કહી બતાવ્યું.

**-: ભાષ્યાર્થ :-**

હવે આઠમાં અધ્યાયમાં તો આર્ત આદિક ત્રણ પ્રકારના ભક્તોને પ્રાપ્યભૂત ભગવાનનાં સ્વરૂપ, તેમની પ્રાપ્તિનાં કરવા યોગ્ય સાધનો, તેમણે જાણવા યોગ્ય તત્ત્વજ્ઞાનના ભેદો અને તેમને જવાના માર્ગો કહેવામાં આવે છે.

હવે ભગવાને કહેલા જાણવા યોગ્ય જ્ઞાનને સમજવા માટે અર્જુન પૂછે છે.

અર્જુન પૂછે છે હે પુરુષોત્તમ ! કૈવલ્યાર્થીને જાણવા યોગ્યપણે કહેલું જે બ્રહ્મ, તે શું ? અને કર્મ શું ? ઐશ્વર્યાર્થીઓને જ્ઞાતવ્યપણે કહેલું અધિભૂત શું ? અને અધિદૈવ એ શું ? ॥૧॥

અને વળી હે મધૂસૂદન ! ત્રણેયને જાણવા યોગ્ય કહેલા અધિયજ્ઞ, એટલે કે અધિયજ્ઞ શબ્દથી કહેવાતા યજ્ઞના અધિષ્ઠાતા આ દેહમાં કોણ છે ? અર્થાત્ તે અધિયજ્ઞ આ દેહમાં કેવી રીતે સમજવા ?

વળી વશમાં કર્યું છે મન જેમણે એવા એ ત્રણેયે, મરણ-સમયમાં કેવા પ્રકારથી તમે જાણવા યોગ્ય છો ? ॥૨॥

श्रीभगवानुवाच

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।<br>
भूतभावोद्भवकरो विसर्गः कर्मसञ्ज्ञितः ॥३॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે પરમ-સર્વોત્કૃષ્ટ એવું જે અક્ષર એજ બ્રહ્મ છે. અને ક્ષેત્રજ્ઞોનો સ્વભાવ એ અધ્યાત્મ કહેવાય છે. ભૂત પ્રાણીમાત્રના દેવમનુષ્યાદિક જુદા જુદા ભાવ અને તેની ઉત્પત્તિ કરનારો વિસર્ગ એ કર્મ નામે કહેવાય છે. ॥૩॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે અર્જુને કરેલા પ્રશ્નોના ઉત્તર આપતાં શ્રી ભગવાન કહે છે.

**શ્રી ભગવાન કહે છે** પરમ એટલે પ્રકૃતિ - પુરુષ થકી અતિ ઉત્કૃષ્ટ, એવું અક્ષર જે ચિદાકાશ નામે પ્રસિદ્ધ પુરુષોત્તમ ભગવાનનું ધામ, તે બ્રહ્મ એવા નામે કહેવામાં આવે છે. અથવા તો પ્રકૃતિના સંબન્ધથી સર્વથા મુક્તભાવને પામેલું એવું બુદ્ધ ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ તે પરમ એટલે શુધ્ધ ક્ષેત્રજ્ઞ જીવાત્માઓથી અતિ ઉત્કૃષ્ટ એવું અક્ષર બ્રહ્મ નામે કહેવાય છે. હવે સ્વભાવ એટલે પૂર્વ કર્મના પરિપાકરૂપ જે પ્રકૃતિ, તે અધ્યાત્મ છે, એટલે કે ક્ષેત્રજ્ઞ-જીવાત્માં કારણ શરીરરૂપે બન્ધાઈ રહેલો ભૂતોનો સૂક્ષ્મભાવ એજ આધ્યાત્મ છે. અથવા તો-ક્ષેત્રજ્ઞમાં બંધાઈ રહેલો સૂક્ષ્મ વિષયવાસનારૂપ સ્વભાવ એજ અધ્યાત્મ છે. આ બ્રહ્મ અને અધ્યાત્મ એ ગ્રાહ્યપણે અને હેયપણે જીજ્ઞાસુ જનોને જાણવાની જરૂર છે. એ અભિપ્રાય છે. હવે - ભૂતોના એટલે જીવાત્માઓના ભાવો જે દેવત્વ મનુષ્યત્વાદિકરૂપ ધર્મો તેના ઉદ્‌ભવને એટલે ઉત્પત્તિને કરનારો વિસર્ગ જે ઇન્દ્રાદિક દેવોના ઉદ્દેશથી હવિષ્યાદિક દ્રવ્યનો ત્યાગ એટલે અર્પણ કરવું, તે કર્મ નામે કહેવાય છે. આ જન્મ-મરણાદિક ક્લેશના બહુપણાનું જ્ઞાન થવાથી તત્ત્વજીજ્ઞાસુ જનોએ તેમાંથી ઉદ્વેગ પામીને ડરતા રહેવું એટલા માટે કર્મના જ્ઞાનની પણ જરૂર છે. એ અભિપ્રાય છે. ॥૩॥

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।<br>
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ! ।।४।।

-: શ્લોકાર્થ :-

પ્રાણીઓનો ક્ષર ભાવએ અધિભૂત છે. અને પુરુષ એ અધિદૈવત છે. અને દેહધારીઓમાં શ્રેષ્ઠ હે અર્જુન ! આ દેહમાં મારા શરીરભૂત બ્રહ્માદિક દેવોમાં, અધિયજ્ઞ યજ્ઞોમાં અગ્રપૂજ્ય તો હું જ સર્વાત્મા છું. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

હવે અધિભૂત એટલે આકાશાદિક પંચ મહાભૂતોમાં બંધાઈ રહેલો જે ભાવ તેના તેના ગુણરૂપ પદાર્થ, તે ક્ષર ભાવ છે. એટલે કે જે ક્ષણે ક્ષણે નાશ ક્ષય પામે છે, એવો ભાવ જે ભોગ્ય, ભોગનાં ઉપકરણ, ભોગનાં સ્થાન અને ભોગનાં સાધનોના વિસ્તારરૂપે પરિણામ પામેલા પદાર્થો, તે ઐશ્વર્યાર્થીઓએ પ્રાપ્યપણે અનુસંધાન કરવા યોગ્ય છે. અને અધિદૈવત એ પુરુષ છે, એટલે કે દેવતાઓમાં જે રહેલા છે. તે અધિદૈવત પુરુષ કહેવાય છે, તે પુરુષ ઐશ્વર્યાર્થીઓને જ્ઞાતવ્યપણે નિર્દેશ

કરેલા બ્રહ્માદિક દેવોના અધિપતિપણે રહેલા છે. હવે તે વૈરાજ પુરુષ અથવા પ્રધાન-પુરુષ જાણવા. અર્થાત્ ઐશ્વર્યાર્થીઓએ તે પુરુષની સાથે સમાનતાની સિદ્ધિ માટે જાણવા. એ અભિપ્રાય છે. દેહધારીઓમાં શ્રેષ્ઠ હે અર્જુન! દેહમાં, એટલે કે વેદમાં પૂજન કરવા યોગ્યપણે કહેલા મારા શરીરભૂત આ બ્રહ્મા અને ઈન્દ્રાદીક દેવગણોના સમૂહમાં, અંતર્યામીપણે રહેલો હું જ અધિયજ્ઞ છું. અર્થાત્ યજ્ઞોમાં પૂજ્ય દેવતાપણે સંબંધ પામીને રહેલો હું જ છું. અભિપ્રાય એ છે કે મારી ઉપાસના કરનારા ત્રણેય પ્રકારના ભક્તોએ મોટા મોટા યજ્ઞો આદિક સત્કર્મથી આરાધના કરેલા દેવોમાં અંતર્યામીપણે હું જ રહેલો છું. એમ મારું અનુસંધાન રાખવું. ॥૪॥

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं  याति नास्त्यत्र संशयः ॥५॥

-: શ્લોકાર્થ :-

અને અંતકાળે સર્વાત્મા વાસુદેવ એવા મને જ સંભારતાં સંભારતાં શરીરનો ત્યાગ કરીને જાય છે. તે મારા જ સ્વરૂપને પામે છે. આમાં કાંઈ સંશય નથી જ. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

હવે "વશ મનવાળા પુરુષોએ મરણરૂપ પ્રયાણ કાળ વખતે આપને કેવી રીતે જાણવા ?" એ સાતમા પ્રશ્નનો ઉત્તર કહે છે.

શરીરમાંથી પ્રાણનું ઉત્ક્રમણ બહિર્નિર્ગમન થાય તે સમયમાં પણ મને જ-ભગવાન વાસુદેવને જ, સ્મરણ કરતો કરતો શરીરનો ત્યાગ કરીને જે જાય છે, તે ઐશ્વર્યાર્થી, કૈવલ્યાર્થી અને જ્ઞાની ભક્ત, એ ત્રણેયનો સમૂહ મારા ભાવનેજ પામે છે. એટલે કે ઐશ્વર્યાર્થી સગુણ બ્રહ્મને પામે છે. કૈવલ્યાર્થી નિર્ગુણ અક્ષર બ્રહ્મને પામે છે. અને જ્ઞાની ભક્ત જે મારી સાક્ષાત્ ઉપાસના કરનારો છે, તે તો તે બન્નેથી પણ પર એવા મારા સ્વરૂપને પામે છે. આમાં કોઈ સંદેહ કે વિકલ્પ છે જ નહિ.

આનો અર્થ એ છે કે જે ઐશ્વર્યાર્થી અલૌકિક એવા પ્રાકૃત ઐશ્વર્યે યુક્ત પુરુષાકાર જે સગુણ બ્રહ્મ તે રૂપે મને જાણે છે. તો તે પુરુષ તેવા પ્રકારનો જ મને માનીને મારું સ્મરણ કરતો કરતો દિવ્ય ભોગે યુક્ત સગુણ પુરુષને પામે છે. અને જે કૈવલ્યાર્થી છે, તે પ્રાકૃત ગુણોથી પર નિરવયવ એવા તેજના પુંજરૂપ જે બ્રહ્મ

તે રૂપે મને જાણે છે. તો તે પુરુષ તેવા પ્રકારનો મને માનીને મારું સ્મરણ કરતો કરતો તેવા પ્રકારનો આકાર પામે છે. અને જે જ્ઞાની ભક્ત છે, તે તો એ સગુણ-નિર્ગુણ બ્રહ્મનો પણ નિયંતા અને અક્ષરબ્રહ્મ ધામમાં અખંડ વિરાજમાન રહેલા બ્રહ્મભાવને પામેલા એવા અપરિમિત ભક્ત મુક્તજનોએ પરમ પ્રેમપૂર્વક સેવેલા એવા પુરુષોત્તમરૂપે મને જાણે છે. અને તે તેવા પ્રકારનોજ મને જાણીને મારું સ્મરણ કરતો કરતો મને જ પામે છે. ॥૫॥

यं यं वापि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय ! सदा तद्भावभावितः ॥६॥

-: શ્લોકાર્થ :-

વધારે શું ? અંતકાળે જે જે ભાવનું સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરે છે, તો તે માણસ હે કૌન્તેય ! સદાય તે ભાવથી-વાસનાથી વાસિત થયેલો હોવાથી તે તે ભાવને જ પામે છે. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

હવે હરકોઈ મનુષ્ય સતત સ્મરણના અભ્યાસ પ્રમાણે જ ગતિ પામે છે, એમ કહે છે હે કૌન્તેય! જે કોઈ મનુષ્ય,મરણ સમયમાં દેવ-મનુષ્યાદિક જે જે ભાવનું-પદાર્થનુ સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરી જાય છે. તે મનુષ્ય સદાય-મરણ પહેલાં પણ નિરંતર તે તે પદાર્થની ભાવના - અખંડ ધ્યાન કરવું તેનાથી ભાવિત-એટલે વાસનાએ યુક્ત મનવાળો થઈને, પૂર્વે ભરતજી જેમ મૃગનું ધ્યાન થવાથી મૃગ ભાવને જ પામ્યા હતા, તેમ નિરંતર તે તે ભાવથી ભાવિત થયેલા હોવાથી તે તે ભાવનેજ પામે છે. મરણ પહેલાંના સમયમાં નિરંતર સ્મરણ કરેલા વિષયનું જ અંતકાળે સ્મરણ થઈ આવે છે જ એ અભિપ્રાય છે. ॥૬॥

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्यय च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम्: ॥७॥

-: શ્લોકાર્થ :-

માટે તું પણ સર્વ કાળમાં મારું જ સ્મરણ કરતો રહે અને સ્વધર્મરૂપ યુદ્ધ પણ કર ! અને મારામાં જ મન અને બુદ્ધિને સર્વથા અર્પણ કરવાથી મનેજ પામીશ. આમાં કાંઇ સંશય નથી. ॥૭॥

**-: ભાષ્યાર્થ :-**

જેથી આમ છે, તે હેતુથી જ સર્વ સમયમાં, મને સગુણ નિર્ગુણ બ્રહ્મના પણ નિયંતા-પ્રેરક, એવા મને પરાત્પર, પુરુષોત્તમને, અવિરત સંભાર્યા કર, અને મારામાં મન રાખીને યુદ્ધ પણ કર એ અર્થ છે. કેમ કે મારે પુરુષોત્તમને વિષે અર્પણ કર્યાં છે મન અને બુદ્ધિ જેણે એટલે કે મનથી મારું ચિંતવન કરવું અને બુદ્ધિથી સર્વોત્કૃષ્ટ સર્વોપરિ મારા સ્વરૂપનો નિશ્ચય કરવો. આ બે કરવાથી મન અને બુદ્ધિનું મારામાં સમર્પણ કર ! અને એમ કરવાથી તું મને જ પામીશ. એ વાતમાં કશો જ સંદેહ નથી. એ અભિપ્રાય છે. ॥૭॥

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥८॥

**-: શ્લોકાર્થ :-**

હે પાર્થ ! અભ્યાસ યોગયુક્ત અને અનન્ય ગામિ એવા ચિત્તથી દિવ્યાકાર પરમ પુરુષનું ચિંતવન કરતાં કરતાં તેને જ પામે છે. ॥૮॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ઐશ્વર્યનિષ્ઠ આદિક ત્રણેયને સદાય સ્વપ્રાપ્યના અખંડ સ્મરણથી તે પ્રમાણે સ્વપ્રાપ્યનું સ્મરણ રહે છે એમ કહીને અને વળી તેવા અંતકાળિક સ્મરણથી તેની પ્રાપ્તિ પણ કહીને હવે-પોતાના પ્રાપ્યની પ્રાપ્તિ માટે ઉપાસના રીતિના ભેદ કહી બતાવે છે.

તેમાં ઐશ્વર્યાર્થીઓને ઉપાસના પ્રમાણે અંતકાળે સ્મૃતિ ઉત્પન્ન કરનારી ઉપાસનાની રીતિ કહી બતાવે છે.

હે પાર્થ ! અભ્યાસ એટલે દરરોજ પ્રાપ્યભૂત પરમાત્મસ્વરૂપનું શ્રવણ કીર્તનાદિક કરવું. અને યોગ એટલે ધ્યાન. એ બન્નેયે યુક્ત, અને તેથી જ બીજા વિષયો તરફ નહિ જવાનો સ્વભાવ જેનો છે. એવા ચિત્તથી બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવો કરતાંય પરમ શ્રેષ્ઠ, બહુજ દેદીપ્યમાન, એવા પુરુષાકાર જે સગુણ બ્રહ્મ તે રૂપ મને અનુચિંતવન કરતાં કરતાં ઐશ્વર્યાર્થી પુરુષ તે સગુણ બ્રહ્મરૂપ મને પામે છે. ॥૮॥

कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥९॥

प्रयाणकाले मनसाचलेन भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रूवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥१०॥

-: શ્લોકાર્થ :-

તે પરમ પુરુષ, કવિ-ત્રિકાળદર્શી, પુરાતન, સર્વનું નિયમન કરનારા, સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, સર્વને રચનારા, મન-વાણીને પણ અગોચર એવું અચિંત્ય-અલૌકિક રૂપ-આકૃતિ જેની છે, આદિત્યના જેવો સમુજ્જવળ વર્ણ જેનો છે. અને માયાના તમથી પર રહેલા, એવા એ પરમ પુરુષને જે સતત સંભાર્યા કરે છે. ॥૯॥

અને મરણ સમયમાં પણ નિશ્ચળ મન રાખીને, ભક્તિયુક્ત થઈને, અને યોગસામર્થ્યથી પ્રાણને ભૃકુટિના મધ્યમાં બરોબર સ્થિર રાખીને જે સ્મરણ કરે, તે પુરુષજ તે દિવ્યાકાર પરમ પુરુષને પામે છે. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી પણ તેનેજ વિવરણ કરીને બે શ્લોકથી કહી સમજાવે છે.

કવિ સર્વને જાણનાર, પુરાણ-બહુ કાળ સુધી રહેનાર, અનુશાસિતા-સમગ્ર બ્રહ્માણ્ડના પ્રશાસક, અણુસ્વરૂપ જીવાત્મા કરતાંય અતિ સૂક્ષ્મસ્વરૂપ, બ્રહ્માથી લઈને સ્થાવર સુધીના સર્વ પ્રાણીમાત્રના પોષક, સર્વજનોએ ચિન્તવન ન કરી શકાય એવું રૂપ-આકૃતિ જેની છે, આદિત્યના જેવું સમ્યક્ પ્રકાશમાન રૂપ-વર્ણ જેનો છે, પ્રધાન નામે પ્રકૃતિ તે થકી પર, પ્રધાનના પણ અધિષ્ઠાતા, અથવા અવિદ્યા નામે તમ તે થકી પર, એટલે કે વિદ્યાશક્તિપ્રધાન એવા ઈશ્વર નામે વૈરાજ પુરુષ,ને, ભક્તિએ યુક્ત થઈને અચળ મનથી જે અનુસ્મરણ કરે છે સતત સંભાર્યા કરે છે.॥૯॥

આ પ્રમાણે પ્રાણના ઉત્ક્રમણરૂપ પ્રયાણ સમયમાં, પ્રથમ કરેલા ભગવદ્ધ્યાનના અભ્યાસબળથી પોતાના પ્રાણ-વાયુને સમ્યક્ પ્રકારે સ્થાપન-સ્થિર કરીને, તે ઐશ્વર્યાર્થી ઉપાસક પુરુષ દિવ્ય-મહાકાંતિમાન્ અને બ્રહ્માદિક દેવો કરતાંય પણ શ્રેષ્ઠ એવા તે વૈરાજ પુરુષને પામે છે. એટલે કે તે વૈરાજ પુરુષને તુલ્ય ભોગાદિકને પણ પામે છે. એમ જાણવું. ॥૧૦॥

यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये ॥११॥

-: શ્લોકાર્થ :-

જેને વેદવિત્ પુરુષો અક્ષર એમ કહે છે, દુનિયાંના રાગ સિવાયના વશેન્દ્રિય ઉપાસક પુરુષો જેમાં પ્રવેશ કરે છે. જેને ઇચ્છનારા બ્રહ્મચર્ય વ્રત પાળે છે. તે પદ હું તને સંક્ષેપથી કહીશ કહેવાનો છું. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

હવે કૈવલ્યાર્થીઓને પ્રાપ્ય એવા અક્ષરબ્રહ્મની પ્રશંસા કરતા થકા તે કૈવલ્યાર્થીઓનો સ્મરણપ્રકાર કહે છે.

વેદના રહસ્યને જાણનારા જ્ઞાનીજનો, જે નિરવયવ તેજના સમૂહરૂપ બ્રહ્મને અક્ષર એવા નામે કહે છે. વળી-વિષયભોગથી જેમને પ્રીતિ ટળી ગઈ છે એવા વીતરાગ અને રાત્રિદિવસ પ્રયત્નશીલ રહેનારા મુનિઓ દેહને અંતે જે અક્ષર પ્રત્યે પ્રવેશ કરે છે. જે અક્ષરને પામવા ઇચ્છતા ઋષિ-મુનિઓ અષ્ટ પ્રકારે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળે છે. તે અક્ષર નામે પ્રસિદ્ધ મારા સ્થાનભૂત બ્રહ્મ-ધામ કૈવલ્યાર્થીઓએ પામવા યોગ્ય છે. તે સંક્ષેપથી કહીશ. અર્થાત્ તે અક્ષરપ્રાપ્તિનો પ્રકાર તને હું હવે કહી બતાવીશ. એ અભિપ્રાય છે. ॥૧૧॥

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुद्धय च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥१२॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ॥१३॥

-: શ્લોકાર્થ :-

સર્વ ઇન્દ્રિયદ્વારને સ્વવશમાં કરીને, મનને હૃદયમાં એકાગ્ર કરીને, પોતાના પ્રાણને મસ્તકમાં સ્થિર કરીને, યોગથી પરમાત્મસ્વરૂપમાં ધારણા પામેલો. ॥૧૨॥

અને પરબ્રહ્મના વાચક ઓંકારરૂપ એકાક્ષરને જપતો અને મને અખંડ સંભારતો થકો દેહનો ત્યાગ કરીને જે જાય છે, તે પુરુષ પરમ ગતિ પામે છે. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

હવે તે અક્ષરપ્રાપ્તિનો પ્રકાર તેનાં અંગે સહિત બે શ્લોકથી કહી બતાવે છે.

શ્રોત્રેન્દ્રિયાદિક શરીરનાં સર્વ દ્વારોને પોત-પોતાના વિષયો પ્રાપ્ત કરવાના ઉદ્યમો થકી પાછાં વાળીને પોતાના હૃદય કમળમાં રહેલા એવા અક્ષર બ્રહ્મપણે જાણેલા મારા સ્વરૂપમાં, મનને સ્થિરપણે રાખીને યોગધારણાને આશર્યો થકો, અર્થાત્ મારા સ્વરૂપમાંજ અચળ સ્થિતિ પામેલો.

અને ૐ એવા એક અક્ષરથી ઉચ્ચારણ કરાતા બ્રહ્મને, એટલે કે પરબ્રહ્મ એવો જે હું તે મારો વાચક પ્રણવ તેનું વારંવાર અખંડ ઉચ્ચારણ કરતાં કરતાં, અને તે પ્રણવથી ઉચ્ચારણ કરાતા મને અખંડ સંભારતાં પોતાના પ્રાણવાયુને મસ્તકમાં ભૃકુટિના મધ્ય ભાગમાં સ્થિર સ્થાપન કરીને, શરીરનો ત્યાગ કરીને જે જાય છે, તે કૈવલ્યાર્થી અક્ષરનો ઉપાસક પુરુષ, પુરુષરૂપ સગુણ બ્રહ્મ થકી અતિ ઉત્કૃષ્ટ શ્રેષ્ઠ ગતિને પામે છે. એટલે કે નિરવયવ નિર્ગુણ નિરાકાર એવા અક્ષર બ્રહ્મને પામે છે.

અથવા તો, તે કૈવલ્યાર્થી પુરુષ ઉત્કૃષ્ટ ગતિ-પ્રાપ્તિરૂપ પ્રાકૃત માયિક ગુણોથી વિનિર્મુક્ત અક્ષર બ્રહ્મને સમાન આકારવાળું અને પુનરાવૃત્તિએ રહિત, એવા શુદ્ધ જીવાત્માના સ્વરૂપને પામે છે. અર્થાત્ કેવળ સ્વસ્વરૂપના, સાક્ષાત્ અનુભવને પામે છે. "જે સર્વભૂતો નાશ પામવા છતાં પણ પોતે નાશ નથી પામતો, જેને અક્ષર-ક્ષર ભાવથી રહિત અને અવ્યક્ત બાહ્ય ઇન્દ્રિયોથી નહિ અનુભવાતો, એવો કહેલો છે, તે પરિશુદ્ધ આત્મસ્વરૂપને પરમ સર્વોત્કૃષ્ટ ગતિ -પ્રાપ્તિ કહે છે." એમ આ ગીતામાંજ આગળ કહેવાના છે. ॥૧૨-૧૩॥

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ ! नित्ययुक्तस्य योगिनः ॥१४॥

**-: શ્લોકાર્થ :-**

હે પાર્થ ! અખંડ અનન્યચિત્ત થઈને જે મને નિરંતર અવિચ્છિન્ન સંભારે છે, તો તેવા અખંડ મારામાં જોડાયેલા યોગીને હું સર્વથા સુલભ જ છું. ॥૧૪॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ઐશ્વર્યાર્થી અને કૈવલ્યાર્થી, એ બન્નેનો પોત-પોતાના પ્રાપ્ય પ્રમાણે ભગવાનની ઉપાસનાનો પ્રકાર કહીને, હવે જ્ઞાની ભક્તનો ઉપાસનાપ્રકાર અને તેને પ્રાપ્ય એવી સર્વોત્કૃષ્ટ પ્રાપ્તિ પણ કહી બતાવે છે.

સર્વ સમયમાં અખંડિતપણે, મારા સ્વરૂપ સિવાય બીજા કોઈમાં સગુણ બ્રહ્મમાં, કે નિર્ગુણ નિરવયવ બ્રહ્મરૂપ તેજઃપુંજમાં પણ જેનું ચિત્ત ચોટતું જ નથી,

એવા અનન્ય ચિત્તવાળો થઈને જે પુરુષ, સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એ બન્નેનો પણ નિયંતા, દિવ્ય અક્ષર ધામમાં અખંડ વિરાજમાન, પોતાને અભિમત-સર્વથા પ્રિય, અનુરૂપ-સ્વરૂપ પ્રમાણે જ સર્વથા યોગ્ય, અને એકરૂપ સદાય અપરિણામી, અચિન્ત્ય, નિત્ય અદ્ભુત નિર્દોષ અને નિરતિશય, એવા-ઔજ્જવલ્ય, સૌન્દર્ય, સૌકુમાર્ય, લાવણ્ય અને યૌવન એ આદિક અનંત નિરવધિક મહાગુણોના નિધિરૂપ-પૂર્ણ ભરેલા, જેની મૂર્તિના સર્વ અવયવો દિવ્ય અપ્રાકૃત અવિકારીજ છે. બ્રહ્મભાવને પામેલા એવા પૂર્ણ પ્રેમાળ મુક્તસમૂહોએ સદાય ઉપાસના કરેલા અને આ લોકમાં અનેક જનોનો સંસાર સાગરથી સમુદ્ધાર કરવા માટે જ સર્વ જનોની નયનવિષયતાને- મનુષ્યાકાર થઈને પ્રત્યક્ષતાને, પામેલા એવા મને પુરુષોત્તમને, દરરોજ અખંડ સંભારે છે, એટલે કે મારે વિષે અત્યન્ત પ્રીતિએ યુક્ત હોવાથી મારું સ્મરણ અને મારા દર્શન સિવાય એક ક્ષણ પણ રહી શકવાને અસમર્થ. એ અભિપ્રાય છે. હે પાર્થ ! આ પ્રમાણે સર્વદા એક મારામાંજ આસક્ત એવા તે યોગી-જ્ઞાની ભક્તને હું સુલભ છું. અર્થાત્ હું તેવાને સુખેથી પ્રાપ્ત થાઉં છું.

અભિપ્રાય એ છે કે એવા મારા જ્ઞાની ભક્ત વિના રહી શકવાને અસમર્થ એવો હું જ તેને વરું છું ઇચ્છું છું. એટલે કે મારી પ્રાપ્તિમાં યોગ્ય ભક્તિનો પરિપાક-પ્રેમરૂપતા, તે ભક્તિમાં વિરોધી આવરણોથી રહિતતા અને મારામાં અત્યન્ત પ્રીતિ-પ્રેમ, વિગેરે મહાગુણોને પણ હું જ સમર્પણ કરું છું સિદ્ધ કરી આપું છું. આ બાબતમાં શ્રુતિ અને સ્મૃતિઓ પ્રમાણભૂત "એ પ્રેમવશ પરમાત્મા જે પ્રેમી ભક્તનેજ વરે છે ઇચ્છે છે, તેનાથીજ તે પામી શકાય છે." "તેવા મારામાં સતત જોડાઈ રહેનારા અને અખંડ પ્રેમપૂર્વક ભજનારાઓને હું તેવો બુદ્ધિયોગ આપું છું, કે જેનાથી તેઓ મને જ પામે છે. અને તેઓના ઉપર જ અનુગ્રહ કરવા સારુ તેઓના આત્મભાવે રહ્યો થકો પ્રકાશમાન જ્ઞાનદીપથી તેનું અજ્ઞાનથી થયેલું તમ અંધકારરૂપ આવરણને નાશ કરી નાખું છું." એ આદિક છે ॥૧૪॥

मामुपेत्य पुनर्जन्म दु:खालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥१५॥

**-: શ્લોકાર્થ :-**

મારી પ્રાપ્તિરૂપ પરમ સમ્યક્ સિદ્ધિને પામેલા મહાત્માઓ મારા ધામમાં મને પામીને ફરીને દુ:ખની પરંપરાથી ભરેલું અશાશ્વત જન્મ (વિગેરે વિકારોને) નથી પામતા. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

વળી સર્વનિયંતા ભગવાન શ્રીપુરુષોત્તમના એકાંતિક ભક્તોને થનારી પ્રાપ્તિ કહી બતાવે છે -

મને સગુણ નિર્ગુણ બ્રહ્મનો પણ નિયંતા એવા મને પુરુષોત્તમને, મારામાં એકાંત ભાવને પામીને, અક્ષર ધામમાં અખંડ રહેલા દિવ્ય અવયવોએ સંપન્ન એવા મારી સેવારૂપ પરમ સર્વોત્કૃષ્ટ સમ્યક્ પ્રકારે સિદ્ધિને પામેલા જે મહાત્માઓ-મહા ઉદાર મનવાળા, અર્થાત્ સર્વોકૃષ્ટ ભાવે યુક્ત મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાનવાળા, તે મુક્તાત્માઓ ફરીને સકળ ક્લેશના સ્થાનરૂપ અને તેય પાછું નશ્વર-નાશ પામવાના પરિણામવાળું જન્મ નથી પામતા.

અહીંયાં પ્રસંગાત્ કૈવલ્યાર્થીઓને અક્ષરના તેજમાં લીન થવાપણું હોવાથી તે પણ પુનર્જન્મ નથી પામતા એ પણ જાણી લેવું.

ભગવાનને પામેલાઓ ભગવાનની સાથે અક્ષર ધામમાં રહે છે એ બાબતમાં પ્રમાણો આ પ્રમાણે "સર્વશ્રેષ્ઠ ચિદાકાશરૂપ અક્ષર ધામમાં દિવ્ય દેહવાળા અને સંસારને તરી ગયેલા મુક્તાત્માઓ વસે છે." વળી સ્કન્દપુરાણમાં કાર્તિક સ્વામીનું વચન છે "તે સમયમાં નારદમુનિએ તે એક કાળમાં સાથે ઉદય પામેલા કરોડો-કરોડ સૂર્યના પ્રકાશ તુલ્ય પ્રકાશમય, અત્યંત શ્વેત એવું દિવ્ય-અપ્રાકૃત મહાતેજ દીઠુ. કે જે તેજ સર્વ દિશાઓમાં અને વિદિશાઓમાં, તેમજ ઉંચે અને નીચે પણ, એમ સર્વત્ર વ્યાપેલું હતું. અને હે મુને ! જેને સત્ ચિત્ અને આનંદ લક્ષણવાળું અક્ષર અને બ્રહ્મ એવા નામે કહેલું છે. અને વળી ભગવાનના એકાંતિક ઉપાસક સત્પુરુષો જેને બ્રહ્મપુર નામે ભગવાનનું ધામ એમ કહે છે. હવે તે પછી તે ધામમાં વિરાજમાન એવા નિર્ગુણમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણ નારાયણને જોતા હવા કે જે ભગવાન શ્રીકૃષ્ણને કેટલાક પરમાત્મા એવા નામે કહે છે, કેટલાક બ્રહ્મ કહે છે, કેટલાક ભગવાન કહે છે, કેટલાક ભક્તો વિષ્ણુ નામે કહે છે, અને કેટલાક ભક્તો પરમેશ્વર એવા નામે કહે છે. અને જે જયા, સુશીલા અને લલિતા આદિક સખીઓના સમુદાયે સહિત એવી રાધિકાએ સમ્યક્ પ્રકારે પ્રેમ ભાવથી પૂજેલા, તેમજ સત્યભામા, કાલિંદી અને જામ્બવતી આદિક સખીઓએ સહિત શ્રીરમાદેવીએ પરમ પ્રેમભાવથી પૂજેલા. વળી મહાબળિષ્ઠ અને માણિક્ય અને સુવર્ણના જેવા મહામનોહર વર્ણવાળા, તથા કેટલાક મહાતેજોમય શ્વેત કાંતિવાળા પોતાના પાર્ષદાગ્રેસરોએ ચોતરફથી સેવેલા અને ચક્ર, ગદા, કમળ અને શંખ, એ આયુધોથી શોભાયમાન ભુજાવાળા નંદ-સુનંદાદિક ચતુર્ભુજ અગ્રેસર પાર્ષદોએ, તેમજ ગોપ

વેશ ધારનારા શ્રીદામા મુખ્ય જેમાં છે. અને ભક્તિથી અતિ નમ્ર એવા અનેક દ્વિભુજ પાર્ષદોએ સર્વ પ્રકારે સમ્યક્ ઉપાસના કરેલા છે, તેમને જોયા.'' એ આદિક વચનો છે.

હવે-કૈવલ્યાર્થીઓને ભગવાનનું સ્વરૂપ નથી દેખાતું અને કેવળ અક્ષરના તેજમાત્રનું જ દર્શન થાય છે. તેમાં પ્રમાણો કહે છે - ''જે ઉપાસક ઉપર કૃષ્ણ-ભગવાનનો અનુગ્રહ થયેલો હોય છે, તે પુરુષ જ તેજના સમૂહમાં તે ભગવાન શ્રીકૃષ્ણને દેખે છે. અને બીજાઓ તો કેવળ તેજમાત્ર જ દેખે છે. પણ હે મુને ! તે સદા દિવ્ય સાકાર મૂર્તિ ભગવાનને તો નથી જ દેખતા.'' એમ સ્કન્દપુરાણમાં વચન છે.

તથા શ્રીહરિ ભગવાનને મહાતેજોમય અક્ષર ધામમાં રહેવામાં પ્રમાણ બ્રહ્મવૈતર્તપુરાણનું વચન છે. ''તે સર્વ દેવો ભગવાનનું ધ્યાન કરી સ્તુતિ કરીને તે પ્રત્યક્ષ થયેલા તેજના સમૂહ આગળ ઉભા રહ્યા. તે વખતે તે તેજના સમૂહના મધ્ય ભાગમાં અતિ કમનીય મહામનોહર એક શરીર આકાર દેખતા હવા, નવા મેઘના જેવો અને કમળના જેવો વર્ણ જેનો છે. અને સુંદર કાંતિમાન્ મંદ મંદ હાસ કરી રહેલું, અત્યંત મનોહર, પરમ આહ્લાદને ઉપજાવનારું અને ત્રિલોકીના લોકનાં ચિત્તને પણ મોહ પમાડનારું એવું તો એ શરીરનું રૂપ દેખવામાં આવ્યું. અને વળી તે ગંડસ્થળ અને બન્ને કપોળની શોભાથી દેદીપ્યમાન મકરાકાર કુંડળથી શોભતું અને સુંદર સરસ રત્ન જડીત નૂપુરને લીધે અતિ શોભતા ચરણકમળ જેના છે. એવું એ રૂપ દેખવામાં આવ્યું. વળી - તે તેજના સમૂહમાંજ તેજસ્વી સુંદર અંગવાળી રાધિકા નામે મૂર્તિ મતી દેવીને પણ દેખતા હવા.'' એ આદિક છે. ॥૧૫॥

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ! ।
मामुपेत्य तु कौन्तेय ! पुनर्जन्म न विद्यते ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

હે અર્જુન ! બ્રહ્માના ભુવન સુધીના લોકો બધાય પુનરાવૃત્તિવાળા છે, પણ હે કૌન્તેય ! મને પામ્યા પછી તો ફરીને જન્મ પામવાનું રહેતું જ નથી. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે ઐશ્વર્યાર્થીઓને પુનરાવૃત્તિ થાય છે. અને એકાંતિક ભક્તોને પુનરાવૃત્તિ થતી નથી, તે કારણે સહિત કહી બતાવે છે.

હે અર્જુન ! જેમાં ભૂતો રહે છે તેને ભુવન એટલે લોક શબ્દથી કહેવામાં આવે છે, હવે બ્રહ્માનું ભુવન જે લોક એટલે બ્રહ્માને રહેવાનું સ્થાન, તે લોકને અભિવ્યાપીને સર્વ લોકો અર્થાત્ બ્રહ્માથી લઈને આ તરફનાં સર્વ લોકોનાં સ્થાનો પુનરાવર્તન પામવાના સ્વભાવવાળાં છે, એટલે કે ઐશ્વર્યાર્થીઓએ પ્રાપ્ય-પામવા યોગ્ય એવો વૈરાજ લોક, તેના અધિપતિ-સ્વામી વૈરાજ પુરુષે સહિત. અને પ્રધાનપુરુષનો લોક, એ સઘળાય નાશ પામવાનાજ સ્વભાવવાળા છે. એ અભિપ્રાય છે. તેમાં પ્રમાણ ભાગવત અને સ્કન્દ પુરાણનાં વચનો છે - "પર એવા વૈરાજપુરુષનું ચિંતવન કરનારા છે તે તો બ્રહ્માની દ્વિપરાર્ધ આવરદા પૂરી થતાં જે આ એક બ્રહ્માંડનો પ્રલય થાય છે, ત્યાં સુધી એ પર-વૈરાજ પુરુષના લોકમાં રહે છે." "આ પ્રમાણે મરણ પામીને ભગવાન વૈરાજ પુરુષ પ્રત્યે અનુપ્રવેશ પામેલા, પ્રાણ-વાયુને અને મનને જીતનારા અને વૈરાગ્યવાળા જે યોગી પુરુષો છે, તે અભિમાન નહિ ગયેલું હોવાથી તે વૈરાજ પુરુષની સાથેજ અમૃતસ્વરૂપ પુરાણ પુરુષ એવા પ્રધાન-પુરુષને પામે છે." "સર્વ સ્થાવર જંગમના આદિ કારણભૂત અને વેદ જેમના ગર્ભમાં રહેલા છે, એવા જે હિરણ્યગર્ભ ચતુર્મુખ બ્રહ્મા સર્વે ઋષિઓએ સહિત, ભેદદષ્ટિને લીધે અને અભિમાનને લીધે સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ એવા સગુણ બ્રહ્મરૂપ પુરુષને પામે છે. તેજ બ્રહ્મા ફરીથી સર્ગ સમયમાં ઈશ્વરમૂર્તિ કાળ શક્તિથી ગુણવ્યતિકરરૂપ સૃષ્ટિ થવાના સમયમાં પ્રથમની પેઠેજ ઉત્પન્ન થાય છે. અને પાછા પ્રલય સમયમાં સંહાર કરનારા રૂદ્રરૂપથી પોતાના વિરાટ્ શરીરનો સંહાર કરીને તે વૈરાજ પુરુષ પોતાથી પર રહેલા નિર્ગુણ બ્રહ્મરૂપ પરમ પુરુષને પામવાને ઈચ્છે છે. ત્યારે ત્રણેય પ્રકારનો અહંકાર મહત્તત્ત્વમાં સર્વથા લય પામી જાય છે. અને તે મહત્તત્ત્વ પ્રધાનમાં અને તે પ્રધાન પુરુષમાં. અને તે પુરુષ તે પછીથી અનુક્રમે મૂળ પ્રકૃતિમાં લય પામે છે" ઈત્યાદિક છે. અને હે કૌંતેય ! મને પરમેશ્વરને પામીને તો ફરીથી જન્મ મારા આશ્રિત જનોને રહેતો જ નથી. ॥૧૬॥

सहस्त्रयुगपर्यन्तमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्त्रान्तां तेऽहोरात्रविदो जनाः ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

(હવે પ્રસંગાત્ બ્રહ્માના આયુષ્યનું પ્રમાણ કહે છે.) ચાર યુગ મળીને એક મહાયુગ કહેવાય છે, અને એવા એક હજાર મહાયુગ સુધીના મહાકાળને

બ્રહ્માનો એક દિવસ, અને એક હજાર મહાયુગની એક રાત્રિ, એમ બ્રહ્માના અહોરાત્રને જાણનારા કહે છે. ॥૧૭॥

**-: ભાષ્યાર્થ :-**

તેજ પુનરાવર્તનના પ્રકારને વિસ્તારથી કહી બતાવે છે.

બ્રહ્માનો એટલે વૈરાજ પુરુષનો, એક હજાર યુગ એટલે ચાર યુગ મળીને એક યુગ, એવા એક હજાર યુગનો એક દિવસ થાય છે, અને એજ પ્રમાણે એક હજાર યુગની એક રાત્રિ થાય છે. આ પ્રમાણએ જે બ્રહ્માના દિવસ-રાત્રિના સમયને જાણે છે, તે સગુણ બ્રહ્મ જે વૈરાજ પુરુષ તેમની રાત્રિ અને દિવસને જાણનારા છે. આવા ત્રિશ દિવસોથી એક માસ થાય, તેવા બાર માસોથી એક વર્ષ થાય, તેવાં સો વર્ષોથી બે પરાર્ધ કાળ કહેવાય, આવાં બે પરાર્ધ જ્યારે પૂરાં થાય ત્યારે વૈરાજ પુરુષોનો લય થાય છે. આ પ્રમાણે તે વૈરાજની દિવસ-રાત્રિના વર્ણનથી તેમના આયુષ્યનું પ્રમાણ જણાવવામાં આવ્યું છે. એ ભાવાર્થ છે. ॥૧૭॥

अव्यक्ताद्व्यक्तय: सर्वा: प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तज्ञञ्ज्ञके ॥१८॥
भूतग्राम: स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवश: पार्थ ! प्रभवत्यहरागमे ॥१९॥

**-: શ્લોકાર્થ :-**

બ્રહ્માના દિવસની શરૂઆત થતાં અવ્યક્તમાંથી સર્વ વ્યક્તિઓ ઉત્પન્ન થઈ આવે છે. અને પાછી રાત્રિ આવતાં તેજ અવ્યક્તમાં સર્વથા લીન થઈ જાય છે. ॥૧૮॥

તેજ આ ભૂત પ્રાણીમાત્રનો સમૂહ પરવશ થકો વારંવાર ઉત્પન્ન થઈને હે પાર્થ ! રાત્રિ આવતાં લય પામે છે. અને પાછો દિવસ આવતાં ઉત્પન્ન થઈ આવે છે. ॥૧૯॥

**-: ભાષ્યાર્થ :-**

હવે જ્યારે વૈરાજ પુરુષના દિવસનો આરંભ થાય છે, ત્યારે તેમના સૂત્રાત્મા નામે અવ્યક્ત શરીરથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણેય લોકમાં વર્તનારી સર્વ વ્યક્તિઓ, એટલે કે સ્થાન અને ભોગ તેમજ ભોગનાં સ્થાન એ સઘળાંએ સહિત સમગ્ર સ્થાવર જંગમ એવાં ભૂત-પ્રાણીમાત્ર, તે પ્રગટ થઈ આવે છે. અને

પાછો જ્યારે રાત્રિનો આરંભ થાય છે, અર્થાત્ રાત્રિ પડે છે ત્યારે, તેજ અવ્યક્ત નામના સૂત્રાત્મા શરીરમાંજ, લય પામી જાય છે. ॥૧૮॥

હે પાર્થ ! જે ભૂત-પ્રાણીમાત્રનો સ્થાવર-જંગમરૂપ સમુદાય પૂર્વ કાળમાં રહેલો હોય છે, તેજ આ ભૂત-પ્રાણીમાત્રનો સમૂહ બ્રહ્માના દિવસ-દિવસ પ્રત્યે ઉત્પન્ન થઈ-થઈને પાછો રાત્રિ-સમયે અર્થાત્ રાત્રિના આરંભમાંજ લય પામી જાય છે. અને પાછો ફરીને પણ બ્રહ્માના દિવસના આરંભમાંજ અવશ-પોત પોતાનાં કર્મ પ્રમાણે ફળપ્રદાતા ઈશ્વરને આધીન થકો જ ઉદય પામે છે ઉપજે છે.

આવી રીતે દિવસોના અનુક્રમથી બ્રહ્માનાં સો વર્ષ પૂરાં થતાં મારા લોક સિવાયના લોકપાળોએ સહિત સઘળા લોકો નાશ પામી જાય છે, એ અભિપ્રાય છે. માટે ઐશ્વર્યાર્થીઓનો પણ તેમની સાથે જ ઉત્પત્તિ અને લય થાય છે, એમ કહેલું છે. ॥૧૯॥

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥२०॥

**-: શ્લોકાર્થ :-**

પણ આ અવ્યક્ત થકી પર બીજો સનાતન અવ્યક્ત ભાવ-પદાર્થ છે. કે જે સર્વ ભૂતો નાશ પામતાં પણ એ પોતે નાશ નથી પામતો. ॥૨૦॥

**-: ભાષ્યાર્થ :-**

હવે કૈવલ્યાર્થીઓને પણ પુનરાવૃત્તિ નથી એમ કહે છે.

ત્રણ ગુણના વિસ્તારરૂપ અવ્યક્તસ્વરૂપ પ્રકૃતિ થકી ભિન્ન અને સગુણ ભાવો-પદાર્થો તે થકી ઉત્કૃષ્ટ, અને અવ્યક્ત અતિસૂક્ષ્મ સનાતન એવો જે નિત્ય ભાવ-પદાર્થ, તે નિત્ય વસ્તુ બ્રહ્માથી લઈને સ્થાવર સુધીનાં સઘળાં ભૂતો નથી નાશ પામી જાય તો પણ તે નાશ નથી પામતો. ॥૨૦॥

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥२१॥

**-: શ્લોકાર્થ :-**

જે અવ્યક્ત ભાવને અક્ષર એમ કહે છે. અને તેને પરમ ગતિ-પ્રાપ્ય સ્થાન કહે છે. કે જેને પામીને પાછા નથી ફરતા તે મારું પરમ સર્વોત્કૃષ્ટ ધામ છે. ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી તેવાતનેજ કહે છે.

અવ્યક્ત-પ્રાકૃત ઈન્દ્રિયો અન્તઃકરણથી પ્રત્યક્ષપણે જે વ્યક્ત થતો નથી, એટલે કે - સાક્ષાત્ કરી શકાતો નથી, તે અવ્યક્ત કહેવાય, અને અક્ષર સર્વ કાળમાં પણ સર્વથા વિકારશૂન્ય હોવાથી જે અક્ષર નામે કહેવાય છે, તે અક્ષરને વેદાદિક સકળ સચ્છાસ્ત્રના રહસ્યને જાણનારા જ્ઞાની જનો સર્વોત્કૃષ્ટ ગતિ-પ્રાપ્યસ્વરૂપ કહે છે. અને મુમુક્ષુ જનો જે અક્ષરને પામીને પાછા આ સંસાર-ચક્રમાં આવતા નથી. તે અક્ષર બ્રહ્મ, બ્રહ્મરૂપ થયેલા એવા મુક્તાત્મા ભક્તજનોએ સદા સેવ્યમૂર્તિ એવો જે હું તે મારું પરમ સર્વશ્રેષ્ઠ ધામ નિવાસસ્થાન છે. ॥૨૧॥

पुरुषः स परः पार्थ ! भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तः स्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥२२॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! જેની અંદર આ ભૂત-પ્રાણીમાત્ર રહેલાં છે. અને જેણે આ સઘળું વિશ્વ સંકલ્પ માત્રથી વિસ્તાર્યું છે. અથવા જેનાથી વ્યાપ્ત છે. તે પર પુરુષ પરમાત્મા અનન્ય ભક્તિથી જ મળે છે. (બીજો માર્ગ જ નથી.) ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

હવે-જ્ઞાની ભક્તોએ જ એક લભ્ય અને અક્ષર શબ્દવાચ્ય એવા બ્રહ્મથી અતિ વિલક્ષણ એવા શ્રુતિ-સ્મૃતિઓમાં જે પરમાત્મા કહ્યા છે, તેને કહી સમજાવે છે.

"સર્વથી પર એવા અક્ષરથી પણ જે પર છે." "મારાથી પરતર-શ્રેષ્ઠ બીજું કાંઈ છે જ નહિ" "કારણ-કે ક્ષરને પણ અતિક્રમણ કરીને અને અક્ષરથી પણ અતિ ઉત્તમ એવો હું છું" ઈત્યાદિક શ્રુતિ-સ્મૃતિઓએ પ્રતિપાદન કરેલા એવા મારામાં, અંદર રહેલાં ભૂતો વર્તે છે, એટલે કે મારે આધારે રહેલાં છે. અને વળી જે પુરુષોત્તમ એવા મેં આ સઘળું વિશ્વ અંતર્યામીભાવે વર્તવારૂપ શક્તિથી વ્યાપેલું છે. હે પાર્થ ! તે પર-સર્વોત્કૃષ્ટ પુરુષાકાર એવો પરમેશ્વર જે હું તે, મારા સિવાય બીજો વિષય જેમાં રહેતો જ નથી એવી અનન્ય પ્રેમલક્ષણા ભક્તિથી જ લભ્ય-પ્રાપ્ય છું.

જ્ઞાની ભક્ત અને કૈવલ્યાર્થી એ બન્નેને અક્ષરપ્રાપ્તિ તો સરખી જ છે, પણ તેમાં એટલો ભેદ છે કે ઉપાસક જ્ઞાની ભક્તને મહાતેજોમય અક્ષર ધામમાં અખંડ વિરાજમાન, દિવ્યાકાર પાર્ષદોએ અખંડ સેવેલા, દિવ્ય અવયવસંપન્ન અને કીશોર અવસ્થાએ યુક્ત એવા સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. અને કૈવલ્યાર્થીને તો નિરવયવ નિરાકાર તેજના સમૂહરૂપ અક્ષર બ્રહ્મમાં એક ભાવથી લીનપણું થાય છે, એવો મોટો પ્રાપ્તિમાં ભેદ રહે છે. ॥૨૨॥

यत्र काले त्वनावृत्तिमावृर्तिं चैव योगिनः ।
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ! ॥२३॥

**-: શ્લોકાર્થ :-**

હવે કર્મયોગીઓ જે કાળમાં મરણ પામતાં અનાવૃત્તિ અને આવૃત્તિ પામે છે, તે કાળને હે ભરતવર્ષભ ! હું તને કહું છું. ॥૨૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે ભગવાનમાં અને અક્ષરમાં નિષ્ઠાવાળાને, અને ઐશ્વર્યમાં નિષ્ઠાવાળાને, અનાવૃત્તિ-અપુનરાવૃત્તિ, અને આવૃત્તિ-પુનરાવૃત્તિ કરનારા, એમ બંન્નેના ગમનમાર્ગને કહી બતાવે છે.

અહીંયાં કાળ શબ્દ કાળના અભિમાની દેવતાઓના નિવાસસ્થાનભૂત માર્ગનો ઉપલક્ષક-જણાવનારો છે. જે કાળમાં-કાળાભિમાની દેવતાઓથી ઉપલક્ષિત–જણાતા માર્ગમાં, ગતિ પામેલા યોગીઓ-જે ભગવાનમાં નિષ્ઠાવાળા અને અક્ષરમાં નિષ્ઠાવાળા છે, તેઓ અનાવૃત્તિ-અપુનરાવૃત્તિને પામે છે. અને જે માર્ગમાં તો ગયેલા યોગીઓ-જે ઐશ્વર્યાર્થીઓ છે, ઉપાસકો છે અને બીજા પણ શુભ કર્મ કરનારા છે. તેઓ તો આવૃત્તિ પુનરાગમનને પામે છે. હે ભરતર્ષભ ! તે કાળને, એટલે કે-તે કાળના અભિમાની દેવતાઓથી ઉપલક્ષિત-જણાતા માર્ગને કહી બતાવીશ. ॥૨૩॥

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥२४॥

-: શ્લોકાર્થ :-

અગ્નિ, જ્યોતિઃ, દિવસ, શુકલ પક્ષ, ઉત્તરાયનના છ માસ, આ કાળમાં જનારા બ્રહ્મવિત્ પુરુષો બ્રહ્મને પામે છે. ।।૨૪।।

-: ભાષ્યાર્થ :-

તેમાં પ્રથમ અનાવૃત્તિ-અપુનરાવૃત્તિ કરનારો માર્ગ કહે છે-અગ્નિ અને જ્યોતિ એ બે શબ્દોથી- ''તેઓ અર્ચિષ્‌ના પ્રત્યે જાય છે.'' એ શ્રુતિમાં કહેલી અર્ચિષ્ માર્ગની અભિમાની દેવતા જાણવી. અહર્ એ શબ્દથી દિવસાભિમાની દેવતા જાણવી. શુકલ શબ્દથી શુકલ પક્ષની અભિમાની દેવતા જાણવી. ઉત્તરાયણ શબ્દથી ઉત્તરાયણરૂપ છ માસો તેની અભિમાની દેવતાઓ જાણવી. અને શ્રુતિઓએ કહેલી બીજી દેવતાઓ પણ જાણવી. આ બધી દેવતાઓ જે માર્ગમાં વસે છે, તે અર્ચિરાદિ માર્ગે ગયેલા બ્રહ્મવિત્ પુરુષો, કે જેઓ બ્રહ્મ અને પરબ્રહ્મ એ બન્નેને યથાર્થ જાણનારા છે. તે જનો અક્ષર બ્રહ્મને અને પરબ્રહ્મને પણ પામે છેજ. તે બન્નેય પણ પાછા આ સંસૃતિ-મંડળમાં પુનરાવર્તન પામતા નથી. એ રહસ્યાર્થ છે. ।।૨૪।।

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ।।२५।।

-: શ્લોકાર્થ :-

ધૂમ, રાત્રિ, તથા કૃષ્ણ પક્ષ અને દક્ષિણાયનના છ માસ, તે કાળમાં જનારો યોગી ચંદ્રના લોકને પામીને પુણ્ય ખૂટતાં પાછો ફરે છે. ।।૨૫।।

-: ભાષ્યાર્થ :-

હવે પુનરાવૃત્તિ કરનારો માર્ગ કહી બતાવે છે.

ધૂમ એવા શબ્દથી ''તેઓ ધૂમ-માર્ગે જાય છે.'' એ શ્રુતિએ કહેલી ધૂમાભિમાની દેવતા સમજાય છે. રાત્રિ એટલે તેની અભિમાની દેવતા, કૃષ્ણ પક્ષ એટલે તે પક્ષની અભિમાની દેવતા, દક્ષિણ અયન એટલે દક્ષિણ અયનરૂપ જે છ માસો તેની અભિમાની દેવતા, આ બધી દેવતાઓ જે માર્ગે વસે છે. તે ધૂમ માર્ગે ગયેલો યોગી સવાસનિક હોય તે ચંદ્રમાના પ્રકાશને તુલ્ય પ્રકાશિત સ્વર્ગ લોકને, અથવા તો ચંદ્રમાના પ્રકાશથી પ્રકાશતો લોક તેને પામીને આ સંસાર-મંડળમાં પુનરાવર્તન પામે છે. ।।૨૫।।

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुनः ।।२६।।

-: શ્લોકાર્થ :-

આ શુકલ અને કૃષ્ણ એ બન્ને માર્ગો જગત્‌ના અનાદિજ માનેલા છે. તેમાંથી એકથી જનાર અનાવૃત્તિ મુક્તિ પામે છે. અને બીજાથી જનાર પાછો આવે છે. ।।૨૬।।

-: ભાષ્યાર્થ :-

આ કહ્યા એ બન્ને માર્ગનો ઉપસંહાર કરતાં કહે છે.

શુકલ ગતિ એટલે પ્રકાશના અધિકપણાને લીધે આર્ચિરાદિ ગતિ-માર્ગ અને કૃષ્ણા ગતિ એટલે પ્રકાશના અલ્પપણાને લીધે ધૂમાદિ ગતિ-માર્ગ, તેવી રીતના આ બન્ને માર્ગો, ભગવાનમાં નિષ્ઠાવાળાઓ અને અક્ષરમાં નિષ્ઠાવાળાઓનો, તેમજ પુણ્ય કર્મ કરનારાઓનો પણ તથા ઐશ્વયાર્થીઓ ઉપાસકો અને પુણ્ય કર્મવાળાઓનો પણ જવાના માર્ગરૂપ છે. અને આ બન્ને માર્ગો જગત્‌ના અનાદિ અખંડિત અવિચ્છિન્ન માનેલા છે. નિશ્ચેજ. કારણ કે - જગત્‌નું અનાદિપણું હોવાથી એ બેમાંથી એક એટલે શુકલ ગતિથી અપુનરાવૃત્તિને મનુષ્ય કર્મ પ્રમાણે પામે છે. અને બીજી કૃષ્ણ ગતિથી જન પોતે કર્મ પ્રમાણે પુનરાવર્તનને પામે છે. આ શુકલ-કૃષ્ણ માર્ગને શ્રુતિઓજ પોતે કહે છે - ''તેથી જે કોઈ મનુષ્યો આ પ્રમાણે જાણે છે (સમજે) છે. અને જેઓ વગડામાં જઈને શ્રદ્ધાથી અને તપ કરવાપૂર્વક આ પ્રમાણે ભગવાનની ઉપાસના કરે છે. તે અર્ચિષ્ માર્ગે જાય છે. એક અમાનવ પુરુષ- અક્ષર મુક્ત સામો આવે છે, તે એમને બ્રહ્મ ધામમાં ભગવાનની પાસે લઈ જાય છે. એજ દેવપથ અને એજ બ્રહ્મપથ છે. આ દેવમાર્ગથી જનારા મુકતાત્માઓ આ માનવ લોકમાં ફરીથી પાછા આવતા નથી.'' ''અને જેઓ ગામમાં રહીને ઇષ્ટા-પૂર્ત વિગેરે અને દાન વિગેરે સત્કર્મ એજ ખરું કર્મ છે એમ સમજીને તેતે દેવોની ઉપાસના કરે છે, તેઓ ધૂમ-માર્ગે થઈને જાય છે.'' ઇત્યાદિક શ્રુતિઓ કહે છે. ।।૨૬।।

नैते सृती पार्थ ! जानन् योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ! ।।२७।।

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! આ બન્ને માર્ગ સમજનારો કોઈ પણ યોગી ક્યારેય મોહ પામતો નથી. માટે હે અર્જુન ! તું સર્વ કાળમાં યોગયુક્ત થા ! ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

આ બન્ને માર્ગ જાણવાનું ફળ કહી બતાવતાં કહે છે.

હે પાર્થ ! આ બન્ને-પુનરાવૃત્તિ અને અપુનરાવૃત્તિને પમાડનારા માર્ગોને જાણતો થકો-જાણનાર કોઈ પણ યોગી, એટલે કે કેવળ યોગનિષ્ઠ હોય કે પરબ્રહ્મનો ઉપાસક હોય, પણ તે મોક્ષના સાધનભૂત માર્ગમાં મોહ નથી પામતો. માટે હે અર્જુન ! સર્વ સમયમાં તું યોગયુક્ત થા ! એટલે કે કેવળ અષ્ટાંગ યોગ, કે મારા ધ્યાનરૂપ યોગ, કે મારી ભક્તિરૂપ યોગ, તેણે યુક્ત તું થા. ॥૨૭॥

वेदेषु यज्ञेसु तपस्सु चैव दानेषु यत् पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ॥२८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे ज्ञानविज्ञानयागो नामाष्टमोऽध्यायः ॥८॥

-: શ્લોકાર્થ :-

વેદોમાં, યજ્ઞોમાં, તપમાં અને સર્વ દાનોમાં જે પુણ્યફળ કહેલું છે. તે સર્વ ફળ ઉલ્લંઘી જઈને આ બન્ને માર્ગના તત્ત્વને જાણનારો યોગી આદ્ય સનાતન પરમસ્થાનને પામે છે. ॥૨૮॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અક્ષર પર-બ્રહ્મયોગો નામ અષ્ટમોઽધ્યાયઃ ॥૮॥

-: ભાષ્યાર્થ :-

હવે આ બન્ને અધ્યાયમાં કહેલા ભગવાનના માહાત્મ્યજ્ઞાનમાં નિષ્ઠાવાળા ભગવદ્ભક્તને વખાણતા થકા કહે છે.

વેદોમાં- ભણેલા અને ભણાવેલા ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ વેદ, એ સર્વ વેદોમાં, અશ્વમેધાદિક યજ્ઞોમાં, કૃચ્છ્ર-ચાંદ્રાયણાદિક વ્રતરૂપ તપમાં, આઠ પ્રકારના મહાદાનાદિકમાં, આ દરેકમાં જે પુણ્યફળ બતાવવામાં આવ્યું છે, તે સઘળું ફળ આ બે અધ્યાયમાં કહેલું મારા પ્રત્યક્ષ સ્વરૂપનું માહાત્મ્ય જાણીને યોગી જે મારો જ્ઞાની ભક્ત, તે ઉલ્લંઘી જાય છે, અર્થાત્ મારા સ્વરૂપનું સુખ

અતિ અધિક છે એમ જાણીને મારા સિવાયના બીજા સુખમાત્રને તૃણવત્ અતિ તુચ્છ જાણે છે. અને એમ જાણીને પછી અનાદિ સિદ્ધજ - સનાતન સર્વોત્કૃષ્ટ સ્થાનને પામે છે, એટલે કે મારા પરમ એકાંતિક ભક્તમુક્તોએ સહિત મારા નિવાસસ્થાનરૂપ બ્રહ્મપુર ધામને પામે છે. ॥૨૮॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-*
*ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય- સદ્ગુરૂવર્યશ્રી ગોપાળાનંદમુનિવિરચિતે*
*શ્રીમદ્‌ભગવદ્ગીતાભાષ્યે અષ્ટમોઽધ્યાયઃ ॥૮॥*

## अथ नवमोऽध्यायः

श्री भगवानुवाच

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે-તું અસૂયા દોષથી રહિત છું માટે અતિ રહસ્યરૂપ એવું આ વિજ્ઞાને સહિત જ્ઞાન તે હું તને કહીશ. કે જે જ્ઞાન સમજવાથી મોક્ષમાં વિરોધી અશુભ-પાપમાત્રથી તું મુક્ત થઈ જઈશ. ॥૧॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે આઠમાં અધ્યાયમાં ઐશ્વર્યમાં નિષ્ઠાવાળાઓને, અક્ષરમાં નિષ્ઠાવાળાઓને અને સાક્ષાત્ પુરુષોત્તમમાં નિષ્ઠાવાળાઓને, જાણવા યોગ્ય એવું જ્ઞેય-સ્વરૂપનું લક્ષણ કહી બતાવ્યું. અને પ્રાપ્ય સ્વરૂપનું લક્ષણ પણ કહી બતાવ્યું. તેમજ એ બન્નેના પોત પોતાના ધ્યેયને પહોંચવાના માર્ગો પણ કહી બતાવ્યા.

હવે- નવમા અધ્યાયમાં ભગવાનનું માહાત્મ્ય સમજાવવાપૂર્વક એકાંતિક ભક્તિયોગ નિરૂપણ કરવામાં આવે છે -

શ્રોતા અર્જુનને પોતે કહેલા જ્ઞાન તરફ ધ્યાન આપવાનું જણાવતાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાને કહેવાની બાબતની પ્રતિજ્ઞા પ્રથમ કરે છે.

શ્રી ભગવાન કહે છે - આ આગળ કહેવાશે તે, તુ એ શબ્દ વક્તવ્ય વિષયની વિલક્ષણતાને સૂચવે છે. ગુહ્યતમ એટલે કે બ્રહ્માદિક દેવાનું ઉપાસન ગુહ્ય છાનું રહસ્ય છે. તેનાથી પર અક્ષર બ્રહ્મનું ઉપાસન ગુહ્યતર તેથી પણ છાનું રહસ્ય છે. અને આ મારું ઉપાસન તો ગુહ્યતમ અતિશય છાનામાં છાનું પરમ રહસ્ય છે. જેનાથી મારું સ્વરૂપ યથાર્થ સમજાય છે, તે જ્ઞાન મારું ઉપાસન છે,

કેવું તે મારું ઉપાસન ? તો કે વિજ્ઞાને સહિત- મારા યથાર્થ માહાત્મ્યજ્ઞાનપૂર્વકના જ્ઞાને સહિત. એટલે કે - મારા માહાત્મ્યના જ્ઞાનપૂર્વક મારી એકાંતિકી ભક્તિ, તે ભક્તિ અસૂયા-દોષથી રહિત તને, અર્થાત્ મારા માહાત્મ્ય જ્ઞાનને હું જ કહી બતાવનારો એવા પરમ કૃપાળું મારે વિષે પણ તું દોષ ભાવનાથી રહિત છું. માટે તને હું કહીશ. કે - જે આ મારું ઉપાસન જાણવાથી, મારી સાક્ષાત્ પ્રાપ્તિમાં વિરોધી અંતરાયભૂત સઘળાં અશુભ કર્મથી તું મુકાઈ જઈશ. ॥૧॥

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥२॥

-: શ્લોકાર્થ :-

આ જ્ઞાન સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ છે. સર્વ રહસ્યોમાં પરમ રહસ્યરૂપ છે. પવિત્ર, ઉત્તમ, પ્રત્યક્ષપણે સમજાય એવું, સુખેથી સાધી શકાય, નાશ ન પામે એવું અને ધર્મે યુક્ત છે. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી તેજ ઉપાસનને વિશેષણો આપીને વખાણે છે.

આ - મેં કહેલું ઉપાસન, વિશાળ અને અગાધ - મહાગંભીર મનવાળા સર્વશ્રેષ્ઠ મુનિઓની વિદ્યા છે. અથવા તો સર્વ વિદ્યાઓના મધ્યે રાજા-સર્વશ્રેષ્ઠ વિદ્યા છે. અને સર્વ રહસ્યોનું પણ પરમ રહસ્યરૂપ આ વિદ્યા છે. અર્થાત્ સર્વ વિદ્યાઓમાં અને સર્વ રહસ્યોમાં પણ આ સર્વશ્રેષ્ઠ છે. શુદ્ધિ કરનારાં પદાર્થોમાં પણ આ ઉપાસન સર્વશ્રેષ્ઠ શુદ્ધિ કરનારું છે. અને પ્રત્યક્ષ - ઇંદ્રિયોને સાક્ષાત્ જ્ઞાન થાય એવો આ ઉપાસનનો વિષય છે. એટલે કે - આ જ્ઞાનરૂપ ઉપાસનથી ઉપાસના કરેલો હું તુરતજ ઉપાસકને ઇન્દ્રિય ગોચર થઈને સાક્ષાત્ થાઉં છું. વળી આ મારું ઉપાસન ધર્મ્ય-ભગવાનને અર્પણ બુદ્ધિથી કરેલાં પ્રવૃત્તિકર્મ અને નિવૃત્તિકર્મ એ સર્વ ધર્મોથી પ્રાપ્ય છે. અર્થાત્ પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ સઘળાં ધર્મ કર્મોના ફળરૂપ છે. અને વળી અત્યંત સુખપ્રાપ્તિને માટે કરવામાં શક્ય છે, અર્થાત્ મારા સંબંધી આત્યન્તિક સુખ આપનારું છે, અને વળી મારી પ્રાપ્તિ કરાવ્યા પછી પણ સ્વયં નાશ નહિ પામનારું હોવાથી અવ્યય-અક્ષય છે. આવાં લક્ષણોવાળું મારું ઉપાસન સર્વશ્રેષ્ઠ છે. ॥૨॥

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परन्तप ! ।
अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥३॥

-: શ્લોકાર્થ :-

હે પરંતપ ! આ જ્ઞાનરૂપ ધર્મમાં શ્રદ્ધા નહિ રાખનારા પુરુષો, મને નહિ પામતાં મૃત્યુની પરંપરાથી ભરેલા સંસાર-માર્ગમાં પાછા ફરે છે. ॥૩॥

-: ભાષ્યાર્થ :-

આવું સર્વશ્રેષ્ઠ તમારું ઉપાસન કેમ બધાય મનુષ્યો નથી કરતા ? એ શંકાના સમાધાનમાં કહે છે.

હે પરંતપ ! પરમ કલ્યાણમૂર્તિ એવા મારી પ્રાપ્તિમાં સાક્ષાત્ સાધનરૂપ મારી પરમ એકાંતિકી ભક્તિરૂપ આ ધર્મમાં શ્રદ્ધા વિનાના, એટલે કે મારી ભક્તિ કરી શકાય એવા માનવ દેહને પામીને પણ જે શ્રદ્ધા વિનાના આળસુ પ્રમાદી જનો છે, તે સર્વાત્મા એવા મને વાસુદેવને નહિ પામતાં મૃત્યુ પરંપરાથી ભરેલા આ સંસાર માર્ગમાં પાછા ફરે છે. અર્થાત્ કાળરૂપ મૃત્યુએ ગળી લીધેલી આ સંસાર-અટવીમાં અથડાયાજ કરે છે. એ અભિપ્રાય છે. ॥૩॥

मया ततमिदं सर्व जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥४ ॥

-: શ્લોકાર્થ :-

અવ્યક્ત-ઇન્દ્રિયોને અગોચર દિવ્યમૂર્તિ એવા મેં જ આ સઘળું જગત્ વિસ્તારેલું છે, અથવા વ્યાપેલું છે. માટેજ સર્વ ભૂતો મારામાં-મારે આધારે રહેલાં છે. પણ હું તેમાં-તેમને આધારે રહેલો નથી. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

હવે ભગવાન સાત શ્લોકથી પોતાનું માહાત્મ્ય કહી સમજાવે છે.

અવ્યક્તમૂર્તિ - ઇન્દ્રિયો અંતઃકરણને અગોચર દિવ્ય મૂર્તિ જેની છે, એવા મેં મારા અંતર્યામી સ્વરૂપથી આ સઘળું ક્ષરાક્ષર શબ્દથી કહેવાતું જગત્ વ્યાપેલું છે. અર્થાત્ તે સઘળા વિશ્વના ધારણને માટે અને નિયમન માટે અંતર્યામી ભાવથી મેંજ વ્યાપેલું છે. જુઓ ? તેજ પ્રમાણે શ્રુતિશાસ્ત્ર કહે છે "જે પૃથ્વીમાં રહેલા છે, છતાં તે પૃથ્વી થકી ન્યારા પણ છે. જેને પૃથ્વી જાણતી નથી. જેનું પૃથ્વી શરીર છે. જે પૃથ્વીને અંદર રહીને નિયમન કરે છે" "જે સર્વ ભૂતોમાં રહેલા છે, છતાં સર્વ ભૂતો થકી ન્યારા છે. જેને સર્વ ભૂતો જાણતાં નથી. જેનું સર્વ ભૂત-પ્રાણીમાત્ર શરીર છે. જે સર્વ ભૂતોને અંદર રહીને નિયમન કરે છે." "જે આત્મામાં

રહેલા છે. જેનું આત્મા શરીર છે.'' આ પ્રમાણે અંતર્યામીબ્રાહ્મણ - ભાગમાં કહેલું છે. ''જેનું અક્ષર શરીર છે. જે અક્ષરને અંદર રહીને નિયમન કરે છે.'' ''જેનું પૃથ્વી શરીર છે. જે પૃથ્વીને અંદર રહીને નિયમન કરે છે.'' ''જેનું આત્મા શરીર છે. જે આત્માને અંદર રહીને નિયમન કરે છે.'' આ પ્રમાણે સુબાળોપનિષદ્‌માં પણ કહેલું છે. માટે ક્ષરાક્ષર સર્વ ભૂત-પ્રાણીમાત્ર, સર્વનો અન્તર્યામી એવો હું, તે મારામાં રહેલાં છે. એટલે કે મારો જ એક અનન્ય, આશ્રય-આધાર જેમને છે, એવાં છે. કારણ કે શરીરની સ્થિતિ - પ્રવૃત્તિ, એ સઘળું શરીરને જ આધીન છે.

અને હું - સર્વોત્કૃષ્ટ સર્વોપરિ પુરુષોત્તમ તો, તે ચિત્ - અચિત્‌ના સમુદાયમાં નથી રહેલો, એટલે કે- મારા શરીરભૂત એ ક્ષર અને અક્ષર એના આધીનમાં હું નથી રહેલો. અભિપ્રાય એ છે કે - જીવાત્માઓને પોત પોતાના શરીરોથી જેમ ઉપકાર છે. તેમ મારા શરીરભૂત તે ક્ષર અને અક્ષરાદિકથી કોઈ પ્રકારનો ઉપકાર મારે નથી જ. ।।૪।।

न च मत्स्थानि भूतानि पश्य ! मे योगमैश्वरम् ।
भूतमृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ।।५।।

-: શ્લોકાર્થ :-

વળી એ સર્વ ભૂતો મારામાં નથી રહેલાં એવું પણ મારું ઈશ્વર ભાવને સૂચવનારું યોગ-સામર્થ્ય છે, તેને તું જો-સમજ ? અને સર્વ ભૂતની વૃદ્ધિ-પોષણ કરનારો મારો આત્મા-સ્વરૂપ સર્વ ભૂતનું ભરણ-પોષણ કરે છે, તો પણ તે તેમાં રહેલો નથી. ન્યારો જ છે. ।।૫।।

-: ભાષ્યાર્થ :-

ફરીથી એજ વાત કહે છે.

ચ એ શબ્દ વિલક્ષણતા બતાવે છે, ચિત્ અચિત્‌રૂપ એ સર્વ ભૂતો મારામાં કુંડાંમાં જેમ પાણી હોય એમ નથી રહેલાં, તેમજ હું પણ કુંડામાં પાણીની પેઠે સર્વ ભૂતોમાં નથી રહેલો. આ પ્રમાણે છે, તો પણ હું સર્વ ભૂતનુ ભરણ પોષણ કરનારો છું. મારો સંકલ્પ જ ભૂતોને વધારે છે, ધારણ કરે છે. અને પોષણ પણ કરે છે. અર્થાત્ એ સઘળું મારા સંકલ્પથી જ થયા કરે છે. આવા મારા અસાધારણ ઐશ્વર્યયોગને તું જો - સમજ ! ।।૫।।

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ! ।।६।।

**-: શ્લોકાર્થ :-**

સર્વત્ર અસ્ખલિત ગતિ કરનારો મહાન્ વાયુ જેમ નિરંતર આકાશમાંજ રહેલો છે છતાં ન્યારો છે. તેજ પ્રમાણે સર્વ ભૂતો મારામાં રહેલાં છે. એમ સમજ ? ॥૬॥

**-: ભાષ્યાર્થ :-**

સર્વ ભૂત પ્રાણીમાત્રને ધારવામાં દૃષ્ટાંત કહે છે.

સર્વત્ર ગતિ કરનારો અને સદાય ચલન સ્વભાવનો મહાન્ વાયુ સદાય જેમ આકાશમાં રહેલો છે, એટલે કે, નિરાધાર અને પોતાની સાથે સંબંધ સિવાયના આકાશમાં જેમ વાયુ વર્તે છે. તેમ સર્વ ભૂતો મારામાં રહે છે. અર્થાત્ તે ભૂત પ્રાણીમાત્રના સંસર્ગથી રહિત અને નિરાધાર એવા મારામાં રહેલાં છે. એમ તું ધાર-સમજ.

અથવા દૃષ્ટાંત બતાવવા પૂર્વક આ સઘળા વિશ્વને પરમાત્માનું જ એક આધાર પણું છે એમ પ્રતિપાદન કરી સમજાવે છે - અવલંબ- આધાર સિવાયનાં આકાશમાં સર્વત્ર પ્રસરતો વાયુ સર્વેશ્વર પરમાત્મા વાસુદેવ ભગવાનની શક્તિથી જ જેમ ધારણ કરાય છે. તેજ પ્રમાણે આ સર્વ ભૂત-પ્રાણીમાત્ર મારી સંકલ્પરૂપ શક્તિથીજ ધારણ કરેલા વર્તે છે. એમ તું સમજ ! અર્થાત્ આ મારું અનન્ય સાધારણ યોગૈશ્વર્ય જાણવું. એ અભિપ્રાય છે. જેમ કે - વેદવિદ્યાને જાણનારા મારો મહિમા ગાય છે. "સમય સમય પ્રમાણે મેઘનો ઉદય થઈ આવવો. કાંઠા ઉપર આવતાં સાગરના તરંગની નિવૃત્તિ થઈ જવી. દરરોજ ચંદ્રની કળામાં વધઘટ થવી, નિયમિતપણે વાયુની ગતિ ચાલ્યા જ કરવી. વિદ્યુતનું સ્ફુરણ થઈ આવવું. અને ઉષ્ણરશ્મિ સૂર્યદેવનું અખંડિત અને નિયમિતજ ફર્યા કરવું. આ સઘળી વિશ્વના હિતને માટે થયા કરતી અલૌકિક ક્રિયાઓ ભગવાનની જ વિચિત્ર માયાનો પ્રભાવ છે." આ પ્રમાણે છે. ॥૬॥

सर्वभूतानि कौन्तेय ! प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ।।७।।

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! કલ્પને અંતે સર્વ ભૂત-પ્રાણીમાત્ર મારી માયા પ્રત્યે પ્રવેશી જાય છે. તેજ સર્વ ભૂતોને કલ્પના આરંભમાં પાછો હું જ સર્જું છું. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે ત્રણ શ્લોકથી સર્વનું ધારણ-પોષણાદિક ભગવાનના સંકલ્પ પ્રભાવથીજ થાય છે, એમ કહીને હવે - તે સર્વ પ્રાણીમાત્રનો ઉદ્‌ભવ અને નાશ તે પણ તે ભગવાનના સંકલ્પથીજ થાય છે. એમ બે શ્લોકથી કહે છે -

હે કૌન્તેય - કલ્પને અંતે પ્રલય કાળ આવે છે, ત્યારે પ્રધાન-પુરુષથી લઈને સમગ્ર સ્થાવર જંગમ પ્રાણીઓના સમૂહો, તેના કારણભૂત મહાભૂતોએ સહિત તમઃ- સંજ્ઞાવાળી મારી મહામાયા નામે પ્રસિદ્ધ પ્રકૃતિમાં મારા સંકલ્પથી જ પ્રવેશ કરીને લીનભાવને પામી જાય છે. અને પછી કલ્પના આદિ ભાગમાં સૃષ્ટિસમયે તે ભૂતોને હું સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઈશ્વર પોતેજ વિવિધ ભાવે સર્જું છું. જુઓ ! મનુ પણ કહે છે "આ સઘળું વિશ્વ પ્રથમ તમોભૂત જ - અંધકારરૂપ જ હતું." "તે બ્રહ્માએ સારી પેઠે વિચારીને પોતાના શરીરથીજ સર્જ્યું.' વળી શ્રુતિ પણ કહે છે - "અવ્યક્ત અક્ષરમાં લીન થઈ જાય છે. અક્ષર તમમાં લય પામે છે. તમોરૂપ માયા પર દેવ પરમાત્મામાં એકરૂપ થઈ જાય છે." "તે વખતે તમ એકલું જ હતું. અને સૃષ્ટિના પહેલા આ સઘળું વિશ્વતમથીજ વ્યાપ્ત - ઢંકાયેલુ હતું." વળી સ્કંદ પુરાણમાં પણ કહે છે - "ત્રણેય પ્રકારનો અહંકાર મહત્તત્વમાં સર્વથા લીન થઈ જાય છે. તે મહત્તત્ત્વ પ્રધાનમાં અને તે પ્રધાન પુરુષમાં અને તે પુરુષ પછી આખરે મૂળ મહામાયારૂપ પ્રકૃતિમાં લય પામી જાય છે" ॥૭॥

प्रकृतिं स्वामवष्टम्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥८॥

-: શ્લોકાર્થ :-

પ્રકૃતિમાયાના વશપણાથી પરવશ-કર્માધીન વર્તતા આ સમગ્ર ભૂતસમૂહને હું મારી માયા શક્તિને અવલંબીને વખતો-વખત વારંવાર સર્જું છું. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

મારી પોતાની લાલ, શ્વેત અને કૃષ્ણ, એવા ત્રણ વર્ણ પ્રમાણેના ત્રણ સ્વભાવવાળી માયારૂપ પ્રકૃતિને, અક્ષર પુરુષરૂપે હું આઠ વિભાગથી વિભક્ત

કરીને, આ પ્રલય સમયમાં પ્રકૃતિમાં લીન થયેલો અને મૂળ માયારૂપ પ્રકૃતિના વશમાં પડેલો હોવાથી જ સર્વથા, પરવશ બની ગયેલો, એવો પ્રધાન પુરુષાદિક સઘળા પ્રાણીઓનો સમુદાય તેને વારંવાર સૃષ્ટિના આરંભમાં વિવિધ પ્રકારે હું જ સર્જું છું. તે વાત સ્કંદપુરાણમાં કહી છે - "તે સર્વસંહારક કાળરૂપ શક્તિને ગ્રહણ કરીને વાસુદેવ ભગવાન અક્ષર પુરુષરૂપે તે માયાને સૃષ્ટિ કરવાની ઇચ્છાથી જુએ છે. તેજ વખતે તે માયા ક્ષોભ પામે છે. અને હે સાવર્ણિ મુને ! તે માયા થકી પ્રધાન અને પુરુષની અસંખ્યાત કોટિઓ સમુદાય ઉત્પન્ન થાય છે. અને પ્રભુ શ્રીહરિની ઇચ્છાથી જ તે અનંત કોટિ પુરુષો અનંત કોટિ પ્રધાનોની સાથે જોડાય છે." આ પ્રમાણે છે. ॥૮॥

न च मां तानि कर्माणि निबध्नन्ति धनञ्जय ! ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥९॥

-: શ્લોકાર્થ :-

પણ હે ધનંજય ! તે સૃષ્ટિ આદિક કર્મમાં ઉદાસીનની પેઠે વર્તનારા અને આસક્તિ વિનાના મને, તે સૃષ્ટિ આદિક કર્મ બંધન કરી શકતાં નથી. ॥૯॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, આ પ્રમાણે દેવ મનુષ્યાદિક વિષમ સૃષ્ટિ આદિક કર્મ કરનારા તમારે નિર્દયતા તેમજ પક્ષપાત વિગેરે દોષોનો પ્રસંગ આવે, એ શંકાના સમાધાનમાં કહે છે.

હે ધનંજય ! તે વિષમ સૃષ્ટિ આદિક કર્મ અને પરમેશ્વરને નથી બંધન કરતાં, એટલે કે મારામાં નિર્દયતા વિગેરે દોષ લાગીને મને બંધન નથી કરતાં. એ અર્થ છે. શાથી ? તો કે તે વિષમ સૃષ્ટિ આદિક કર્મમાં હું આસક્તિએ રહિત છું. અને તે વિષમ સૃષ્ટિ કરવામાં ઉદાસીન જેવોજ હું રહું છું. માટે વિષમતામાં હું કારણ નથી. પણ ક્ષેત્રજ્ઞ જીવાત્માઓના સારા-નરસા દેહ ઉત્પાદન કરવામાં પૂર્વ જન્મમાં કરેલાં પોતપોતાનાં વિચિત્ર કર્મોજ કારણ છે. તે વાત સૂત્રકાર બાદરાયણ મુનિ કહે છે "વિષમતા અને નિર્દયતા મારામાં નથી, કેમકે કર્મની અપેક્ષાએ એમ છે, માટે. તે જ પ્રમાણે શ્રુતિ કહી બતાવે છે." "કર્મ પણ કારણ નથી, વિભાગ નથી માટે તો. કે નહિ - અનાદિ પણાને લીધે કર્મજ ઘટે છે. અને જોવામાં પણ એમજ આવે છે" આ પ્રમાણે છે. ॥૯॥

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय ! जगद्विपरिवर्तते ।।१०।।

-: શ્લોકાર્થ :-

અને હું અધ્યક્ષ-તટસ્થ રહીને જ પ્રકૃતિ દ્વારા આ ચરાચર વિશ્વને સર્જાવું છું. અને હે કૌન્તેય ! આ કારણથી જ આ સઘળું જગત્ સંસૃતિમાં વિવિધ ભાવે પરિવર્તન પામ્યાજ કરે છે. ।।૧૦।।

-: ભાષ્યાર્થ :-

તે જ વાત કહે છે.

હે કુંતીપુત્ર અર્જુન ! સૃષ્ટિના કર્તા મેં, પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષદ્વારા, ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કર્મ પ્રમાણે ઈક્ષણાત્મક સંકલ્પથી પ્રેરેલી મારી માયા સારાં-નરસાં શરીરોએ સહિત સઘળા વિશ્વને ઉત્પન્ન કરે છે. અને આ ક્ષેત્રજ્ઞ જીવાત્માઓનાં કર્મ પ્રમાણે પુરુષશરીરક એવા મારા ઈક્ષણરૂપ હેતુને લીધેજ ચરાચર વિશ્વ સારા-નરસા વિગેરે વિષમ ભાવોથી વર્તે છે, માટે મારામાં નિર્દયતા વિગેરે દોષોનો પ્રસંગ કે સંભવ છેજ નહિ, આ પ્રમાણે મારું અસાધારણ અલૌકિક આશ્ચર્યકારી માહાત્મ્ય જાણવું. એ અભિપ્રાય છે. તેજ પ્રમાણે શ્રુતિ-સ્મૃતિઓ પણ કહે છે "માયાપતિ ભગવાન આ સ્વશક્તિરૂપ માયાથી જ આ વિશ્વને સર્જે છે. અને તેમાં બીજો જીવાત્મા માયાથી આવરણ પામીને બંધાઈ ગયેલો છે." "આ માયા તે પ્રકૃતિને જ જાણવી. અને માયી-માયાપતિ તો સર્વેશ્વર પરમાત્માનેજ જાણવા." "સર્વ શક્તિમાન પ્રભુ સ્વશરીરભૂત પુરુષદ્વારાજ માયામાં જીવસમુદાયરૂપ વીર્ય-ગર્ભને સ્થાપન કરે છે." ।।૧૦।।

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।११।।
मोघाशा माघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ।।१२।।

-: શ્લોકાર્થ :-

સર્વ ભૂત-પ્રાણીમાત્રનો હું સર્વોપરિ નિયંતા છું એ મારું મોટું ઐશ્વર્ય નહિ જાણનારા મૂઢાત્માઓ મનુષ્ય શરીરને આશરીને પ્રત્યક્ષ વર્તતા મારી અવજ્ઞા કરે છે. ।।૧૧।।

આવા મનુષ્યો નિષ્ફળ આશાઓ સેવનારા, નિષ્ફળ કર્મ કરનારા, મિથ્યા જ્ઞાન સમજનારા, ભ્રષ્ટ ચિત્તવાળા અને તેઓ રાક્ષસી અને આસુરી માયાને આશરેલા હોય છે. ॥૧૨॥

**-: ભાષ્યાર્થ :-**

અર્જુન શંકા ઉઠાવીને પૂછે છે આવા મહામહિમાવાળા તમને સર્વ મનુષ્યો કેમ નથી જાણતા ? (ન ઓળખવામાં કારણ શું ?) એના સમાધાનમાં કહે છે.

જડ-ચેતનાત્મક સર્વ ભૂત-પ્રાણીમાત્રનો એકજ નિયંતા-સર્વેશ્વર, એવો હું છું, તો પણ સઘળાં મનુષ્યોના મોક્ષને માટે પરમ કૃપાના વશપણાથી મનુષ્યને તુલ્ય દેખાવામાં આવતી માનુષ તનુને આશરીને વર્તતા એવા મને પુરુષોત્તમને, મૂઢજનો મારું બીજાં મનુષ્યોના જેવું શારીરીક વર્તન જોઈને મોહ પામી ગયેલા, અને તેથી જ ઉપર કહ્યો એવો મારો પર સર્વોત્કૃષ્ટ સર્વજ્ઞત્વ અને સત્યસંકલ્પત્વાદિક સ્વભાવ સામર્થ્યને, નહિ જાણતાં-સમજતાં, બીજા પ્રાકૃત મનુષ્ય જેવો જાણીને મારી પણ અવજ્ઞા-અનાદર કરે છે. ॥૧૧॥

વળી ફરીથી પણ અનાદરમાં કારણ કહી બતાવે છે - હિંસાપ્રધાન એવી તમોગુણમયી, અને મારે વિષે વૈર ઉત્પાદન કરનારી એવી આસુરી સંપત્રૂપ, અને વળી મારામાં દોષારોપણ કરવાથી વિપરીત જ્ઞાન ઉપજાવનારી, એવી પ્રકૃતિ જે સહજ સ્વભાવ, તેને આશર્યા થકા તે મારી અવજ્ઞા કરે છે. અર્થાત્ આવા સ્વભાવના માણસોને મારી અવજ્ઞા કરવાનું જ સૂઝે છે. આ પ્રમાણે મારા તરફ અનાદર રાખનારા તેવા મૂઢ મનુષ્યોનું સઘળુંય નિષ્ફળ થઈ જાય છે. એમ કહે છે - ભગવાનમાં અનાદર રાખનારા કેવા હોય છે ? તે કહે છે - જેમની સઘળી આશાઓ નિષ્ફળજ હોય છે, મારાથી વિમુખ રહેવાથી સઘળાં શુભ કર્મો પણ જેમનાં વ્યર્થજ - અતિ અલ્પ અને તુચ્છ ફળ આપનારાં થાય છે. અને સારી પેઠે અભ્યાસ કરેલાં શાસ્ત્રોમાં પણ કુતર્કયુક્ત વિપરીત બુદ્ધિ હોવાથી જેમનું જ્ઞાન પણ વિપરીતજ હોય છે. અને તેથીજ આત્મા-પરમાત્માના જ્ઞાનવિષયમાં પણ અસત્ તર્કોથી જેમની બુદ્ધિ પરાહત થઈ ગયેલી હોવાથી સદાય વિક્ષેપે યુક્ત ચિત્તવાળા હોય છે. તો તેવા માણસો મને ક્યાંથી જાણે કે ઓળખી શકે ? નજ જાણે. ॥૧૨॥

महात्मानस्तु मां पार्थ ! दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥१३॥

-: શ્લોકાર્થ :-

અને હે પાર્થ ! દૈવી પ્રકૃતિને આશરેલા મહાત્માઓ-મારા જ્ઞાની ભક્તો તો, મને સર્વ ભૂતનો આદિ-કારણ અને અવિનાશી-સ્વરૂપ જાણી-સમજીને અનન્ય મનવાળા થઈને મનેજ ભજે છે. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

ત્યારે કોણ- કેવા પુરુષો તમને ભજે છે ? તે તો કહો ! એના પ્રત્યુત્તરમાં કહે છે.

હે પૃથાપુત્ર અર્જુન ! સત્ત્વગુણ પ્રધાન એવા સાત્વિક દેવતાઓ સંબંધી પ્રકૃતિ એટલે સ્વભાવ તેને આશરેલા એવા જે મહા ગંભીર મનવાળા મહાત્માઓ છે. તે તો સર્વપ્રાણીમાત્રના આદિ-કારણભૂત- અને અવિનાશી એવા મને પરમ દયાના વશપણાથી સાધુ જનોના સંરક્ષણ માટે વસુદેવને ઘેર તેમના પુત્રરૂપે અવતરેલા વાસુદેવ ભગવાનને જાણીને, મારા સ્વરૂપ સિવાય બીજે ક્યાંઈ જેમનું મન નથી એવા અનન્ય થઈને ભજે છે. અર્થાત્ મારા ભજન-સ્મરણ સિવાય એક ક્ષણ પણ રહી શકવાને અસમર્થ હોય છે. ॥૧૩॥

सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥१४॥

-: શ્લોકાર્થ :-

મારું જ સતત-અખંડ કીર્તન કરતા, અને દૃઢ સંકલ્પ થઈને મને પ્રસન્ન કરવા જ દરેક પ્રયત્ન કરતા, નિરંતર મને જ નમસ્કાર કરતા અને મારામાં અખંડ યુકત થઈને પ્રેમપૂર્વક મારી જ ઉપાસના કરે છે. ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી તેવા ભક્તોનું જ વર્ણન કરે છે.

અતિ દૃઢ નિશ્ચળ પોતે ધારેલાં વ્રત-નિયમો જેમનાં છે. અને એ રીતે વર્તીને પોતાનાં ઈન્દ્રિયો જીતવામાં પ્રયત્ન કરતા થકા મને પુરુષોત્તમને સતત-અખંડ સ્તોત્રાદિકથી સ્તુતિ કરતા અને વારંવાર નમસ્કાર કરતા અને નિરંતર આ કહ્યાં એ લક્ષણોથી યુક્ત વર્તતા, અથવા તો નિરંતર મારામાંજ યુક્ત-જોડાઈ રહેલા, અર્થાત્ શ્રવણ કીર્તનાદિક નવ પ્રકારની મારી ભક્તિ વિના એક ક્ષણમાત્ર પણ રહી શકવાને અસમર્થ એવા થકા, મારા માહાત્મ્યજ્ઞાનપૂર્વક પરમ પ્રેમરૂપ પરા ભક્તિથી, મને દેવકીનંદન ભગવાન પુરુષોત્તમને, અખંડ ઉપાસે છે સેવે છે. ॥૧૪॥

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्त्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥

**-: શ્લોકાર્થ :-**

બીજા જ્ઞાનયોગી ભક્તો, મારી કથા-કીર્તનાદિક કરવારૂપ જ્ઞાનયજ્ઞથી મારું પૂજન કરતા થકા મારી ઉપાસના કરે છે. વળી બીજાઓ પણ અનેકરૂપે રહેલા મારી ઉપાસના એકત્વથી તેમજ પૃથગ્ભાવથી પોતપોતાની રૂચિ પ્રમાણે બહુ પ્રકારે કરે છે. ॥૧૫॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ભક્તિથી ઉપાસન કરવાનું કહ્યું, હવે તેમાં વિશેષ પ્રકાર કહે છે.

બીજા જ્ઞાની ભક્તો, ચેતન-અચેતન સર્વ વસ્તુઓમાં ભગવાનનું અન્વય-વ્યતિરેકભાવે રહેવું. તેને યથાર્થ સમજવું તે રૂપ જ્ઞાનયજ્ઞથી, અને અપિ શબ્દ છે માટે પૂર્વે કહેલાં કીર્તનાદિકથી પણ, ભગવાનનું આરાધન કરતા થકા મારી ઉપાસના કરે છે. ફરીથી તેનેજ વિશેષણ આપીને વર્ણન કરે છે- પૃથક્પણે રહેલો એટલે કે - પૃથક્ પૃથક્ રહેલાં અને મારા શરીરભૂત એવાં સ્થાવર-જંગમ પ્રાણીઓ વિગેરે પદાર્થોરૂપે કરીને બહુ પ્રકારે વર્તતો, અને સર્વ બાજુએથી મુખ-પ્રકારજેનો છે, એવા સર્વશરીરક મને એકત્વ ભાવથી ઉપાસે છે, એકત્વ એટલે કે "સર્વાત્મા ભગવાન વાસુદેવ એજ એક "નામ રૂપના વિભાગને અનર્હ એવાં અતિ સૂક્ષ્માવસ્થાએ વર્તતાં ચિત્-અચિત્ વસ્તુ શરીર જેનું છે, એવો હું વિવિધ પ્રકારે વિભક્ત નામ-રૂપને યોગ્ય એવાં સ્થૂળ ચિત-અચિત્ શરીર જેનું છે. એવો થાઉં." આ પ્રમાણે સત્યસંકલ્પ ભગવાન વાસેદેવ પોતે સંકલ્પ કરીને સ્વયં એકજ હોવા છતાં દેવ, તિર્યક્, મનુષ્ય અને સ્થાવરાદિક વિવિધ વિચિત્ર જગત્ શરીર જેનું છે, એવા સર્વશરીરક ભગવાનજ પોતે સર્વમાં શરીરી રહે છે. એવું અનુસંધાન રાખવું તે અહીંઆ એકત્વ સમજવું." આ પ્રમાણે શ્રી મદ્રામાનુજાચાર્યજીએ કહેલું છે. માટે એ રીતે જ સમજવું. ॥૧૫॥

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥१६॥
पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेव च ॥१७॥

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥१८॥
तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ! ॥१९॥

-: શ્લોકાર્થ :-

ક્રતુ-શ્રૌત યજ્ઞ હું છું. યજ્ઞ-સ્માર્ત યજ્ઞ હું છું. સ્વધા-આહુતિ આપવાનો મંત્ર હું છું. ઔષધિ હું છું. મંત્ર હું છું. ઘી પણ હું જ છું. હોમવાનું દ્વાર અગ્નિ હું છું. અને હોમેલું દ્રવ્ય પણ હું જ છું.॥૧૬॥

આ સઘળા જગત્‌નો પિતા-જનક, માતા-જનની, ધાતા-પોષક, પિતામહ-દાદો, જાણવા જેવું તત્ત્વ, પવિત્ર વસ્તુ, ૐકાર, ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ પણ, આ સઘળારૂપે હું જ છું.॥૧૭॥

પામવા યોગ્ય પરમ પ્રાપ્તિસ્થાન, ભરણ પોષણ કરનારો, સર્વનો સ્વામી, સર્વના કર્મનો સાક્ષી, સર્વનો નિવાસ-આધાર, શરણ-રક્ષણ કરનાર, સુહૃત્-અપ્રેરિત હિત કરનાર, પ્રભવ-ઉત્પત્તિનું કારણ, પ્રલય-લયનું કારણ, સર્વની સ્થિતિ રાખનાર, નિધાન, અને અવિનાશી બીજ-કારણ હું જ છું. ॥૧૮॥

સૂર્યરૂપે હું જ તપું છું. વરસાદને રોકી પણ હું જ રાખું છું. અને વખત આવ્યે હું જ વરસાવું છું. અમૃત-મુક્તિ અથવા જીવન, અને મૃત્યુ તે પણ હું જ છું. અને હે અર્જુન ! સત્-કાર્યરૂપ આ જગત્, અને અસત્—કાર્યથી ભિન્ન કારણરૂપ તત્ત્વ તે પણ હું જ છું. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

હવે તે જ પ્રમાણે ભગવાન એવો હું તે મારાં સર્વ વસ્તુઓ શરીરભૂતજ છે, એમ બતાવતા થકા કહે છે.

અગ્નિષ્ટોમાદિક શ્રૌત યજ્ઞ હું જ છું. પંચ મહાયજ્ઞાદિક સ્માર્ત યજ્ઞ પણ હું જ છું. પિતૃઓને ઉદ્દેશી આપેલી પિંડદાનક્રિયા તે પણ હું જ છું. ઔષધિઓમાંથી પાકતું અન્ન પણ હું જ છું. અથવા ઔષધ-હું છું. મંત્ર પણ હું જ છું. હોમવામાં આવતું ઘૃતાદિક દ્રવ્ય પણ હું જ છું. આહવનીયાદિક ત્રણ પ્રકારનો અગ્નિ પણ હું જ છું. હોમ કરવામાં આવે છે તે પણ હું જ છું. કારણ કે સર્વ જગત્ મારા શરીરભૂત છે, માટે હું જ યજ્ઞાદિક સર્વરૂપે રહેલો છું. એ અભિપ્રાય છે. ॥૧૬॥

જડ-ચિદાત્મક આ સઘળા પ્રપંચરૂપ વિશ્વનો પિતા દેહોત્પાદક જનક, માતાજનની, પિતામહ- પિતાનો પિતા, ધાતા-બ્રહ્મા, જાણવા યોગ્ય વસ્તુ, પવિત્ર-

શુદ્ધિ કરનાર વસ્તુ, ઓંકાર, ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને ચકાર છે માટે અથર્વવેદ પણ જાણી લેવો, એ સઘળું હું જ છું.॥૧૭॥

બ્રહ્મલોકાદિક સર્વ પામવા યોગ્ય સ્થાન પણ હું જ છું. આ સઘળા વિશ્વનું પોષણ કરનારો, પ્રભુ-નિયમન કરનારો, સાક્ષી-શુભ અશુભ સર્વ કર્મનો દ્રષ્ટા, દેવ મનુષ્યાદિક સર્વ પ્રાણીઓનાં નિવાસ-સ્થાન, શરણે આવેલા સકળ પ્રાણીઓનાં દુઃખમાત્રને નિવારણ કરનારો, પ્રાણીમાત્રનું સ્વભાવથી જ હિત કરવાની ટેવવાળો, વિશ્વને ઉત્પન્ન કરનારો અનિરૂદ્ધ, વિશ્વનો સંહાર કરનારો સંકર્ષણ, વિશ્વની સ્થિતિ રાખનારો પ્રદ્યુમ્ન, પ્રલય વખતે સમગ્ર તત્ત્વાદિક વસ્તુઓ નાખવાના સ્થાનરૂપ પ્રલયનિકેતન એવી પ્રકૃતિ, અવ્યય-અવિનાશી સ્વરૂપ, બીજ-પ્રકૃતિનો અધિષ્ઠાતા અક્ષર પુરુષરૂપ કારણ, આ સઘળું હું જ છું. ॥૧૮॥

હું જ સૂર્યરૂપે રહીને લોકમાં તાપ-ગરમી કરું છું. વર્ષાકાળે હું જ ઈન્દ્રરૂપે પૃથ્વી ઉપર વૃષ્ટિ કરું છું વરસાદ વરસાવું છું. અને ઉનાળાના વખતમાં સૂર્યરૂપે હું જ ભૂમિમાં રહેલા જળરૂપ રસને ખેંચું છું. અમૃત-દેવ મનુષ્યાદિક સર્વને જીવનકારક વસ્તુ, સર્વસંહારક મૃત્યુદેવતા, આ સઘળું હું જ છું. હે અર્જુન ! બહુ કહેવાથી શું ? સત્ કાર્યરૂપે રહેલું, અને અસત્ - તેથી ભિન્ન કારણરૂપે રહેલું, એવું આ ચેતન-અચેતન વિગેરે સર્વ વસ્તુમાત્રરૂપ હું જ છું. એટલે કે એ બધુંય મારા શરીરભૂત છે. માટે હું જ છું. ॥૧૯॥

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।
ते पुण्यमासाद्य सुरेन्द्रलोक- मश्नन्ति दिव्यान् दिवि देवभोगान् ॥२०॥
ते तं मुक्त्वा स्वर्गलोकं विशालंक्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥२१॥

-: શ્લોકાર્થ :-

વેદત્રયીમાં કહેલાં કર્મ કરનારા, સોમ-રસનું પાન કરનારા અને તેથી જ પાપ રહિત થયેલા પુરુષો વેદ વિહિત યજ્ઞોથી મારું પૂજન કરીને સ્વર્ગ લોકની પ્રાપ્તિની માગણી કરે છે. તેઓ પુણ્યપ્રાપ્ય સુરેન્દ્રલોકને પામીને સ્વર્ગમાં રહેલા દેવભોગોને ભોગવે છે.॥૨૦॥

તે લોકો તે વિશાળ વૈભવશાળી સ્વર્ગ લોકને ભોગવીને પુણ્ય થઈ રહે છે ત્યારે પાછા મર્ત્ય લોકમાં આવે છે. આ પ્રમાણે વેદત્રયીમાં કહેલા ધર્મને

અનુસરનારા વિષયોપભોગની અભિલાષા રાખનારા મનુષ્યો આવાગમને પામ્યા કરે છે. ॥૨૧॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ભગવદ્‌ભક્તોનો ભજનપ્રકાર કહીને, હવે તેઓની અધિકતા કહેવા માટે સ્વર્ગાદિકના ભોગમાં આસક્ત એવા અજ્ઞાની જનોની સ્થિતિ બે શ્લોકથી કહી બતાવે છે.

ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદરૂપ ત્રણ વિદ્યામાં પ્રવીણ, એટલે કે વેદત્રયીમાં કહેલાં કર્મમાં અને તે કર્મના ફળમાં આસક્ત અને વેદવિહિત નિત્ય-નૈમિત્તિક એવાં સન્ધ્યાવંદનાદિક અને શ્રાદ્ધયજ્ઞાદિક કર્મોથી નાશ કરી નાખ્યાં છે સ્વર્ગપ્રાપ્તિમાં વિરોધી એવા સમગ્ર પાપ તે જેમણે. અને યજ્ઞ કરતાં અવશેષ રહેલા સોમ રસનું પાન કરનારા, એવા યજ્ઞમાં દૃઢ નિષ્ઠાવાળાજનો, નાના પ્રકારના અનેક યજ્ઞોથી મને ઈન્દ્રદિકરૂપે રહેલા ભગવાનને યજન કરીને પૂજીને સ્વર્ગમાં ગતિ માગે છે. અને તે પ્રમાણે પુણ્યકર્મના ફળરૂપ સુરેન્દ્રના સ્વર્ગ લોકને પામીને તે સ્વર્ગમાં મનુષ્ય લોકના ભોગ-વિલાસ કરતાં અતિ ઉત્કૃષ્ટ દેવ લોકના ભોગ-વિલાસોને ભોગવે છે અનુભવે છે. ॥૨૦॥

તે સ્વર્ગના સુખમાં આસક્ત જનો, તે - પુણ્ય કર્મથી પ્રાપ્ત થયેલા વિશાળ સ્વર્ગ લોકમાં રહેલા સુખ-આનંદને ભોગવીને, પછી સ્વર્ગ પ્રાપ્તિમાં હેતુભૂત શુભ કર્મ ખૂટી જાય છે ત્યારે, ફરીથી પાછો મર્ત્ય લોકમાં આવી પડે છે. આ પ્રમાણે વેદત્રયીમાં કહેલા સકામ ધર્મને અનુસર્યા એવા થકા, સ્વર્ગ-ભોગની આકાંક્ષાવાળા મનુષ્યો, આ પ્રમાણે આગમાપાયી આવાગમનવાળાં તુચ્છ સુખ પામે છે. અને મારા એકાંતિક ભક્તો તો અવિનાશી બ્રહ્મપુરમાં વિરાજમાન એવા મારા સ્વરૂપનું સુખ પામીને સદાય પરમાનન્દ પામે છે. આ પ્રમાણે તેમની અધિકતા છે. ॥૨૧॥

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥२२॥

**-: શ્લોકાર્થ :-**

અને જે જનો અનન્ય ભાવથી ભાવિત થઈને મારુંજ ચિંતવન કરતાં મારી ઉપાસના કરે છે. એવા તે મારામાં અખંડ જોડાયેલા પુરુષોનું યોગ અને ક્ષેમ તેને હું જ ઉપાડી લઉં છું. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

તે એકાંતિક ભક્તોનો મહિમા કહે છે.

અનન્ય, મારા અખંડ ભજન સિવાય જેમને બીજું પ્રયોજન જ નથી. અર્થાત્ મારા ભજન વિના રહી શકે જ નહિ એવા. અને તેથી જ સદાય અખંડ મને જ સંભારતા ધ્યાન ચિંતવન કર્યા કરતા, એવા થકા જે જનો મને ઉપાસે છે, એટલે કે સર્વજ્ઞત્વ, સત્ય-સંકલ્પત્વ અને કૃપાળુતા, એ આદિક સકળ કલ્યાણ ગુણ-ગણોના મહાસાગરસમા એવા મને સર્વ પ્રકારથી સેવે છે. આ પ્રમાણે મારામાં સદાય અખંડ સંયોગ-સંબંધ પામેલા તેવા મહાત્માઓના યોગક્ષેમને હું વહન કરું છું. એટલે કે યોગ એટલે મારો સંયોગ સંબંધ તેનું, ક્ષેમ એટલે નિર્વિઘ્નાતાપૂર્વક સિદ્ધિ. તેને હું વહન કરું છું પમાડું છું.

અથવા મારામાં સદાય સંબંધ ઈચ્છનારા તે મહાત્માઓનું યોગ અને ક્ષેમ અર્થાત્ આ લોકમાં મારો અખંડ સંબંધ અને મૃત્યુ પછી અપુનરાગમનરૂપ મોક્ષ, તેને હું વહન કરુ છું પમાડું છું. ॥૨૨॥

येऽप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौन्तेय ! यजन्त्यविधिपूर्वकम् ॥२३॥

-: શ્લોકાર્થ :-

અને જેઓ પણ બીજા દેવતાઓમાં ભક્તિ રાખે છે. અને શ્રદ્ધાયુક્ત થઈને પૂજન કરે છે, તે પણ હે કૌન્તેય ! જો કે પૂજા તો મારી જ કરે છે. પણ અવિધિપૂર્વક મને સર્વાત્મા નહિ જાણીને પરોક્ષ રીતે પૂજે છે. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

નનુ (શંકા) તમારા ભક્તોને અવિનાશી સુખ અને અપુનરાગમનલક્ષણ મોક્ષ પણ આપો છો. અને તમારા શરીરભૂત ઈન્દ્રાદિક દેવોના ભક્તોને આગમાપાયિ સુખ અને પુનરાવર્તન-પુનર્જન્મ પણ આપો છો. એ કેમ એમ કરો છો ? એ શંકાના સમાધાનમાં કહે છે.

વિશ્વાસપૂર્વકની ત્વરારૂપ શ્રદ્ધાથી યુક્ત થકા જે અન્ય દેવતાઓના ભક્તો-ઈન્દ્રાદિક દેવોના ઉપાસકો છે, તે પણ યજ્ઞાદિકથી તેમને પૂજે છે, તેઓ પણ હે કૌન્તેય ! જો કે મને જ પૂજે છે. એટલે કે ઈન્દ્રાદિકના ભક્તો પણ ઈન્દ્રાદિક દેવો

મારા શરીરભૂત હોવાથી મારી જ પૂજા કરે છે એ વાત તો સાચી છે. પરંતુ - તે અવિધિપૂર્વકની મારી પૂજા છે. અર્થાત્ યજ્ઞાદિક કર્મમાં જેવો વિધિ પ્રથમ જાણવો જોઈએ તેવો વિધિ જાણ્યા સિવાય જે કરે છે, તે અવિધિપૂર્વક કહેવાય. ખરી રીતે યજ્ઞાદિકનો વિધિ એવો છે કે સર્વ ઈન્દ્રાદિક દેવોના અંતર્યામી ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે. માટે તે ઈન્દ્રાદિક દેવો તે પરબ્રહ્મના શરીરભૂત છે અને તે શ્રીકૃષ્ણ તેમના શરીરી છે. માટે તે ઈન્દ્રાદિક દેવોનું પૂજન તે શ્રીકૃષ્ણનું જ પૂજન છે. એમ જાણી-સમજીને યજન-પૂજન કરવું એમ વિધિ છે. આવો વિધિ જાણવા પૂર્વક તેઓ પૂજન નથી કરતા, માટે જ તેમને પુનરાવર્તન અને નશ્વર તુચ્છ સુખની પ્રાપ્તિ થાય છે. એ અભિપ્રાય છે. ॥૨૩॥

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥२४॥
यान्ति देवव्रता देवान् पितृन् यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥२५॥

-: શ્લોકાર્થ :-

કારણ કે સર્વ યજ્ઞોનો ભોક્તા અને પ્રભુ-ફળપ્રદાતા તો હું જ છું. પણ એ રીતે મને તેઓ ખરી રીતે યથાર્થ જાણતા નથી. તેથી તેઓ અવિનાશી મહાફળથી પડી જાય છે. અર્થાત્ અતિ અલ્પ ફળને મેળવે છે. ॥૨૪॥

દેવોમાં શ્રદ્ધા રાખીને વ્રત કરનારા દેવોને પામે છે. પિતૃઓમાં શ્રદ્ધા રાખીને વ્રત કરનારા પિતૃઓને પામે છે. ભૂત ભૈરવાદિકને પૂજનારા ભૂત ભૈરવાદિકને પામે છે. અને એ તો ખુલ્લું જ છે કે મારું યજન-પૂજન કરનારા તો મને જ પામે છે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

એજ વાતને વિવરણ કરીને સમજાવે છે.

સર્વ શ્રૌત અને સ્માર્ત યજ્ઞોનો ભોક્તા તે તે ઈન્દ્રાદિક દેવોના અંતર્યામીરૂપે કરીને સર્વાત્મા ભગવાન વાસુદેવ હું જ નિશ્ચે જ સ્વીકાર કરનારો છું. અને સર્વ યજ્ઞનો પ્રભુ-ફળદાતા પણ હું જ છું. પણ આવા પ્રકારનો મને ઈન્દ્રાદિક દેવોના ભક્તો તાત્ત્વિક દ્રષ્ટિએ યથાર્થ જાણતા નથી, માટે જ તેઓ સ્વર્ગાદિક તુચ્છ ફળને પામીને ત્યાંથી પાછા પડે છે. ॥૨૪॥

ફરીથી પણ એજ વાત કહે છે - ઈન્દ્રાદિક દેવોમાં ઉપાસ્યપણાનો ભાવ જેમને છે એવા જે મનુષ્યો; તે પરિમિત કાળવર્તી એવા તે ઈન્દ્રાદિક દેવોને જ પામે છે. જે મનુષ્યો અર્યમા અને અગ્નિષ્વાત્તાદિક પિતૃલોકમાં રહેનારા પિતૃઓમાં ઉપાસ્યપણાની ભાવના કરનારા છે, તે નશ્વર એવા પિતૃ દેવોને જ પામે છે. અને ભૈરવ, કૂષ્માણ્ડ, વૈતાળ અને માતૃકાદિક ક્ષુદ્ર દેવોની ઉપાસના જેમને છે, તેઓ ભૈરવાદિકને પામે છે. એજ પ્રમાણે હે અર્જુન ! મારી ઉપાસના કરનારા મારા ભક્તો, આદિ - અન્તે રહિત એવા સનાતન સ્વરૂપ મને પરમેશ્વરને પામે છે. ॥૨૫॥

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ।।२६।।

-: શ્લોકાર્થ :-

(હું કેટલો સરલ અને સુલભ છું તે તો જો !) પત્ર, પુષ્પ, ફળ કે જળ, જે મને પ્રેમથી અર્પણ કરે છે. તે હું પવિત્ર-એકાગ્ર મનવાળા મારા ભક્તનું ભક્તિથી આપેલું ગ્રહણ કરું છું. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

તેમાં - પોતાના ભક્તોને પોતાની આરાધના કરવામાં સહેલાઈ કહી બતાવે છે.

અનન્યપ્રયોજન એવો જે મારો એકાંતિક ભક્ત; તુલસી આદિકનું પત્ર કે સારું પુષ્પ કે ફળ કે જળમાત્ર પણ આતો ઉપલક્ષણ છે, અર્થાત્ બીજું પણ જે કંઈક વસ્તુ માત્ર, અનંત મહાવિભૂતિઓનો સ્વામી એવા મને પરમેશ્વરને અતિ પ્રેમથી જો અર્પણ કરે છે. અહીં તુલસીનાં દલાદિકમાં જે એક વચન કહેલું છે, તે તો અર્પણ કરવા યોગ્ય વસ્તુની અલ્પતા જણાવવા માટે છે પણ એક જ પત્ર કે એક જ પુષ્પ અર્પણ કરવાનું કહ્યું છે એમ ન સમજવું. અતિ શુદ્ધ સાત્ત્વિક મનવાળા તે પુરુષનું તે પત્ર પુષ્પાદિક તે મારા ભક્તે અતિ પ્રેમપૂર્વક અર્પણ કરેલું તેને હું મન-વાણીને અગોચરસ્વરૂપ એવો પણ હું ભક્તોના ઉપર વાત્સલ્યને લીધે તેના સમીપમાં રહ્યો થકો ગ્રહણ કરું છું.

અભિપ્રાય એ છે કે, જેમ ઈન્દ્ર- વરૂણાદિક ક્ષુદ્ર દેવોને બહુ દ્રવ્યાદિકથી સાધ્ય એવા યજ્ઞાદિક વડે જ સંતોષ થાય છે. તેમ મહાસમૃદ્ધિપૂર્ણ આત્મારામ અને પૂર્ણકામ એવા મને પ્રસન્ન કરવામાં બહુ દ્રવ્યાદિક વસ્તુની જરૂર નથી, પણ

હું તો ભક્તિપૂર્ણ સ્નેહમાત્રથી જ પ્રસન્ન થાઉં છું. માટે મારા એકાંતિક ભક્તે અર્પણ કરેલું પત્રાદિક પણ ખાઉં છું, અંગીકાર છું. તે વાત મોક્ષધર્મમાં કહી છે "ભગવાનમાં એકાંતિક ભાવથી જોડેલી બુદ્ધિવાળા ભક્તોએ નમસ્કારાદિક જે-જે ક્રિયાઓ ભગવાનને ઉદ્દેશીને કરવામાં આવેલી હોય છે, તે સર્વ ક્રિયાઓને દેવ-ભગવાન પોતે પોતાના મસ્તક વડે અતિ આદરથી ગ્રહણ કરે છે - સ્વીકારે છે." ॥૨૬॥

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय ! तत् कुरुष्व मदर्पणम् ॥२७॥

-: શ્લોકાર્થ :-

માટે તું પણ જે કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે આપે છે અને જે તપ કરે છે. તે સઘળું હે કૌન્તેય ! મને અર્પણ બુદ્ધિથી જ કર ! ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

માટે એકાંતિક ભક્તિથી સઘળાં કર્મો,મારામાં અર્પણ બુદ્ધિથી કર ! એમ કહી સમજાવે છે.

દેહનિર્વાહ માટે જે કાંઈ ધર્મે યુક્ત કર્મ કરે છે. શરીરના ધારણ માટે જે કાંઈ અન્નાદિક ખાય છે, અગ્નિમાં જે કાંઈ હોમે છે, સુપાત્રમાં જે કાંઈ દાન આપે છે, એકાદશી આદિકનાં વ્રતરૂપ જે કાંઈ તપ કરે છે, તે સઘળું કર્મ; નિખિલ જગત્‌ના આધારભૂત, સર્વ અલૌકિક શક્તિઓએ સંપન્ન, બ્રહ્માદિક સર્વ ઈશ્વરોનો પણ ઈશ્વર-નિયામક, વસુદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલો એવો પુરુષોત્તમ જે હું; તે મારામાં અર્પણ બુદ્ધિથી જ કર ! અર્થાત્ શરીરનિર્વાહમાં ઉપયોગી એવાં લૌકિક કર્મ, અને હોમ, દાનાદિક સઘળાં શાસ્ત્રીય કર્મ પણ મારી પ્રસન્નતાને માટે જ કર! ॥૨૭॥

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
सन्न्यासयोगयुक्तामा विमुक्तो मामुपैष्यसि ॥२८॥

-: શ્લોકાર્થ :-

અને આમ મને અર્પણ કરવાથી સારાં-નરસાં ફળ આપનારાં શુભ-અશુભ સર્વ કર્મબંધનોથી તું મુકાઈ જઈશ. અને આ ફળત્યાગરૂપ સંન્યાસ યોગથી યુક્ત મનવાળો તું સર્વ કર્મથી મુક્ત થઈને મને જ પામીશ. ॥૨૮॥

-: ભાષ્યાર્થ :-

સર્વનિયંતા પરમેશ્વર એવા પોતામાં સર્વ કર્મ સમર્પણનું ફળ કહી બતાવે છે.

આ કહ્યું એ પ્રમાણે પૂર્વોક્તિ કર્મનું મારામાં અર્પણ કરવું તે સંન્યાસ, અને તે સંન્યાસરૂપ યોગ તેણે યુકત આત્મા-મન જેનું છે, એવો તું સારાં-નરસાં ફળ જેના છે, એવાં કર્મ બંધનોથી અનંત પ્રાકતન સંચિત વિગેરે કર્મો તે રૂપી બંધનો, કે જે મારો સબંધ થવામાં વિરોધી છે. તે સઘળા કર્મોથી મુકાય જઈશ. અને તે કર્મ બન્ધનથી સર્વથા મુક્ત થઈને અનવધિકાતિશય આનંદમય એવા મને પરમેશ્વરને પામીશ. ॥૨૮॥

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥२९॥

-: શ્લોકાર્થ :-

સર્વ ભૂત-પ્રાણીમાત્રમાં સમ ભાવથી હું રહેલો છું, માટે મારે આ દ્વેષ કરવા યોગ્ય કે આ પ્રેમ કરવા યોગ્ય; એવો વિભાગ નથી. પણ જે કોઈ મને પરમ પ્રેમથી ભજે છે તો તેઓ મારામાં છે. અને તેઓમાં હું પણ છું. (અર્થાત્ જે ભજે તેના ભગવાન છે.) ॥૨૯॥

-: ભાષ્યાર્થ :-

નનુ (શંકા) તમે પોતાના ભક્તોને કર્મ બંધનથી મુક્ત કરો છો. અને બીજાઓને નહિ, તો સર્વસુહૃદ્ એવા સર્વેશ્વર તમારામાં સમદ્રષ્ટિવાળાપણું કેમ સંભવે ? એ શંકાના સમાધાનમાં કહું છું.

સર્વ ભૂતોમાં - દેવ મનુષ્યાદિક ઉચ્ચ-નીચ ભાવથી વિવિધ ભાવે જણાતાં ભૂતોમાં, આશ્રય કરવામાં હું સર્વથા સમાન જ છું. માટે જાતિથી કનિષ્ઠ ભાવથી રહેલો જન પણ મારે કોઈ પ્રકારે દ્વેષ - તિરસ્કાર કરવા યોગ્ય નથી. એજ પ્રમાણે જાતિથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં રહેલો જન પણ મારે પ્રિય-પ્રેમપાત્ર નથી. તો પછી તમે સર્વના ઉપર કેમ અનુગ્રહ નથી કરતા ? એમ જો તું કહેતો હોય તો કહું છું, સાંભળ ! એ સઘળા મનુષ્યોમાંથી જે કોઈ મને પ્રેમપૂર્વક અવિરત ધ્યાનાભ્યાસથી ભજે છે, તો તે જનો મારામાં સદાય રહેલા છે, અર્થાત્ નિરવધિક આનંદમય મને પામેલા જ છે, અને તેવા જનોમાં હું પણ રહેલો જ છું. એટલે કે, તેઓની દ્રષ્ટિને ગોચર હું સદાય વર્તું છું. ॥૨૯॥

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥३०॥

-: શ્લોકાર્થ :-

અને વળી મર કોઈ ગમે તેવો અતિ દુરાચારી હોય, તો પણ મને અનન્ય ભાવથી જો ભજે છે, તો તે ખરો સાધુ જ છે એમ માનવો. કારણ કે, હવે તે ઘણા સારા નિશ્ચય ઉપર આવી ગયેલો છે માટે. ॥૩૦॥

: ભાષ્યાર્થ :-

હવે - વૃત્તિથી - આચરણથી ઉતરતો હોય તો પણ જે મને ભજે છે, તે શ્રેષ્ઠ જ છે. એમ કહે છે.

અત્યન્ત દુષ્ટ અને મલિન આચરણ જેનું છે અર્થાત્ વર્તનથી અતિ ઉતરતો હોય તો પણ, મારા સિવાય બીજા કોઈ દેવને કે કોઈ વિષયને પણ ભજતો નથી, તેવો થઈને જો મને ભજે છે તો તે પુરુષ સર્વથી શ્રેષ્ઠ જ માનવા યોગ્ય છે. પણ તે મારો અનન્ય ભક્ત પછી નિંદાપાત્ર રહેતો જ નથી. શાથી ? તો કે, તે સારા નિશ્ચય ઉપર આવેલો છે માટે. એટલે કે, સર્વના પરમ આધાર, સર્વના પરમ નિયંતા, એવા પરાત્પર પુરુષોત્તમ ભગવાન જ મારા ઉપાસ્ય દેવ છે, મારા સ્વામી, મારા પરમ સુહૃદ્ - હિતકારી અને મારા પરમ પ્રાપ્યભૂત પણ એજ છે. એવો સારામાં સારો નિશ્ચય એણે કરી નાખેલો છે માટે. ॥૩૦॥

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तैय ! प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥३१॥

-: શ્લોકાર્થ :-

આવો માણસ ટૂંકી મુધતમાંજ ધર્માત્મા થઈ જાય છે. અને અખંડ શાંતિને પણ પામે છે. હે કૌન્તેય ! તું પ્રતિજ્ઞા કરીને અર્થાત્ નિશ્ચયપૂર્વક સત્ય માન કે, મારો ભક્ત ક્યારેય મોક્ષમાર્ગથી પડતો નથી. ॥૩૧॥

: ભાષ્યાર્થ :-

નનુ (શંકા) "દુરાચાર થકી જે વિરામ નથી પામ્યો. વિષયો થકી પણ જે શાન્ત નથી થયો, મનની એકાગ્રતાને તેમજ સમાધાનને પણ જે નથી પામ્યો. જેનું મન સર્વથા શાન્ત નથી થયેલું. આવો માણસ શાસ્ત્રીય પ્રકૃષ્ટ જ્ઞાન પામ્યો હોય

તો પણ તે પ્રજ્ઞા નથી એ પરમાત્માને નથી પામતો, અથવા તો આત્મદર્શનને નથી પામતો.'' ઈત્યાદિક શ્રુતિઓ પ્રમાણે તો સદાચારનું ઉલ્લંઘન તો ઉત્તરોત્તર ભક્તિની વૃદ્ધિના પ્રવાહને રોકનારું જ થાય છે. એના સમાધાનમાં કહે છે.

મારા ભજનનો જ એવો પ્રભાવ છે કે, એકવાર મારી ભક્તિ કરવાનો નિશ્ચય થઈ ગયો, તો તેવા દ્રઢ અધ્યવસાયથી જ સમગ્ર પાપ જેનાં નાશ પામી ગયાં છે, એવો થકો તુરત જ શાસ્ત્રીય સદાચાર પાળવામાં એનું મન લાગી જાય છે. અને ધર્માત્મા બની જાય છે. હે કૌન્તેય ! આ વાતના પ્રસંગમાં તું પ્રતિજ્ઞા કરીને છાતી ઠોકીને કહે જે કે, મારો ભક્ત ક્યારેય નાશીપાશ થતો જ નથી. ઠેઠ મારી પાસે જ પહોંચે છે. ॥૩૧॥

मां हि पार्थ ! व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥३२॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! મારો મહિમા તો જો ! મારો આશ્રય કરીને તો, જે કોઈ પાપ યોનિમાં જન્મેલા હોય, તેમજ સ્ત્રીઓ, વૈશ્યો, તથા શૂદ્રો, તે સઘળાય પણ પરમ-સર્વોત્કૃષ્ટ ગતિરૂપ મારા ધામને પામે છે. ॥૩૨॥

: ભાષ્યાર્થ :-

હે પાર્થ ! શું બહુ કહેવાથી ? મને પુરુષોત્તમને આશરીને તો જે પાપ યોનિમાં અતિ ઉતરતા જન્મને પામેલા એવા અંત્યજ આદિક હોય, તથા સ્ત્રીઓ, તથા વૈશ્યો, તેમજ જે શૂદ્ર જાતિમાં જન્મેલા હોય, તે બધાય અતિ ઉત્કૃષ્ટ ગતિ રૂપ મારા ધામને પામે છે. નિશ્ચે જ. ॥૩૨॥

किम्पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥३३॥

-: શ્લોકાર્થ :-

તો પછી પુણ્યવાન બ્રાહ્મણો તથા રાજર્ષિ-ક્ષત્રિયો, તે મારા ભક્તો હોય તો તે પરમગતિને પામે જ. એમાં વળી કહેવાનું જ શું હોય ? માટે તું આ અનિત્ય અને વાસ્તવિક સુખ વિનાના માનવ લોકને-જન્મને પામીને મારું જ ભજન કરી લે ! ॥૩૩॥

: ભાષ્યાર્થ :-

તો પછી જે મારા ભક્તો શુદ્ધ હૃદયવાળા બ્રાહ્મણો હોય, તથા મારા ભક્તો રાજર્ષિઓ-ક્ષત્રિય જાતિના હોય, તે સર્વોત્કૃષ્ટ ગતિને પામે. તેમાં કહેવાનું જ શું હોય ? એ તો પામે જ. માટે નાશ પામવાના સ્વભાવાળા અને બહુ જ ક્લેશમય એવા આ મનુષ લોકને પામીને રાજર્ષિ એવો તું સ્વધર્મમાં રહીને મને -વસુદેવપુત્ર પુરુષોત્તમને ભજ ! ॥૩૩॥

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥३४॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे राजविद्याराजगुह्ययागो नाम नवमोऽध्यायः ॥९॥

-: શ્લોકાર્થ :-

તું મારામાં જ મન રાખનારો થા ! મારામાં જ સ્નેહ રાખ ! મારું જ પૂજન કર ! અને મને જ નમસ્કાર કર ! આ પ્રમાણે તું મત્પરાયણ થઈને મારામાંજ મન જોડીશ, તો નક્કી તું મને જ પામીશ. ॥૩૪॥

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે રાજવિદ્યા-રાજગુહ્યયોગો નામ નવમોડધ્યાયઃ ॥૯॥

: ભાષ્યાર્થ :-

હવે ઉપાસન કેવી રીતે કરવી તે ઉપાસનનું સ્વરૂપ કહે છે.

મારામાં એટલે કે, સર્વનો ઈશ્વર - સ્વામી, અનંત કોટિ બ્રહ્માંડોનો એક જ કારણભૂત, અપરિમિત જનોના એક કલ્યાણને જ કરનારો, સત્યસંકલ્પ, સર્વ વાતને હસ્તામલકની પેઠે જાણનારો, સર્વનો એક નિયંતા, પરબ્રહ્મ, પુરુષોત્તમ, શુદ્ધ-ઉજ્જવળ અને નવા મેઘને સદ્રશ કાંતિમાન, નવીન કમળપત્રના સરખાં નિર્મળ અને વિશાળ નેત્રોવાળો, લાવણ્યામૃતનો એક મહાસાગરસમો, અતિ ઉદાર અને અતિ પુષ્ટ દ્રઢ બન્ને બાહુઓ જેના છે, અતિ સૂક્ષ્મ સુંદર અંબર ધારી રહેલો, વિવિધ વિચિત્ર રત્નજડિત મુકુટ ધારી રહેલો, કંઠમાં પહેર્યા છે મોતી આદિકના હારના સમૂહો તે જેણે; કડાં, બાજુબંધ, અને નૂપુરાદિક સમગ્ર ભૂષણોથી વિભૂષિત, અથવા સમગ્ર ભૂષણોને સ્વશોભાથી વિભૂષિત કરનારો, અપાર શૌશીલ્ય , સૌન્દર્ય, ગાંભીર્ય અને વાત્સલ્યાદિક કલ્યાણ ગુણગણોના મહાસાગરસમો, ધર્મમૂર્તિ એવા વસુદેવના પુત્રરૂપે આ લોકમાં પ્રગટ થયેલો; એવા મારામાં જેનું મન અખંડ રહેલું

છે, પણ મારા સિવાય બીજી કોઈ પણ વસ્તુમાં નહિ, એવો તું થા ! વળી તું મારો જ ભક્ત થા ! પણ બીજા દેવતાઓનો નહિ, અને બ્રહ્માદિક દેવોમાં અંતર્યામીપણે રહેલા મારા જ યજનપરાયણ થા ! અને મને જ સાષ્ટાંગ નમસ્કાર કર ! આ કહ્યું એ પ્રકારે મત્પરાયણ થઈને તારા મનને મારા જ સ્વરૂપમાં અખંડ જોડીને-જોડવાથી, અનવધિકાતિશય આનંદમયસ્વરૂપ અને અપરિમિત કરોડો કરોડ અક્ષર પુરુષરૂપ ભક્તસમૂહોએ સેવેલા એવા મને પુરુષોત્તમને જ પામીશ. ॥૩૪॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર પરભક્તિસમારાધ્ય-*
*ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય સદ્ગુરુવર્ય શ્રીગોપાળાનંદમુનિવિરચિતે*
*શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે નવમોઽધ્યાયઃ ॥૯॥*

## अथ दशमोऽध्यायः

श्रीभगवानुवाच

भूय एव महाबाहो ! श्रृणु ! मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે હે મહાબાહો ! મારું વચન સાંભળીને પ્રસન્ન થતા તને તારું હિત કરવાની ઈચ્છાથી પ્રેરાઈને જે હું બીજું ઉત્તમ વચન કહું છું તે તું ધ્યાન દઈને સાંભળ ! ॥૧॥

**: ભાષ્યાર્થ :-**

નવમા અધ્યાયમાં પરમેશ્વરનું અનન્ય ભાવથી ઉપાસન કરવું તે, અને અસાધારણ ઐશ્વર્ય, તે પણ કહ્યું.

હવે આ દશમાં અધ્યાયમાં અનન્ય ઉપાસનાની ઉત્પત્તિને માટે અને તેની વૃદ્ધિને માટે પરમેશ્વરનું અસાધારણ ઐશ્વર્ય અને વિભૂતિનો સમૂહ, તેને વિસ્તારથી કહે છે.

શ્રી ભગવાન કહે છે, હે મહાબાહો ! મારા અનન્ય ઉપાસનને અને અસાધારણ ઐશ્વર્યને સાંભળીને પરમ આનંદ પામતા તને, આ લોકમાં અને પર લોકમાં પણ હિત કરવાની ઈચ્છાથી જ, મારી ભક્તિની ઉત્પત્તિ અને વૃદ્ધિ કરનારું હોવાથી સર્વશ્રેષ્ઠ એવું જે વચન ફરીથી હું તારા પ્રત્યે કહીશ- કહું છું, તે વચન તું સાવધાન થઈને સાંભળ ! ॥૧॥

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥२॥

-: શ્લોકાર્થ :-

મારો ઉત્પત્તિ પ્રકાર સર્વ દેવગણો તેમજ મહર્ષિઓ પણ જાણતા નથી. કારણ કે, એ દેવોનો અને મહર્ષિઓનો પણ સર્વ પ્રકારે હું જ આદિ કારણ છું. ॥૨॥

: ભાષ્યાર્થ :-

તે જ વાત વિવરણ કરીને કહે છે.

સર્વે બ્રહ્માદિક દેવગણો અને પુષ્કળ જ્ઞાનવાળા સર્વ મહર્ષિઓ પણ મારો પ્રભાવ જે મહામહિમા તેને નથી જાણીતા. એટલે કે, મારા સ્વરૂપ સ્વભાવ અને ગુણાદિકની ઈયત્તાને નથી જાણતા. એ અભિપ્રાય છે. શાથી નથી જાણતા ? તો કે, - સર્વ દેવો અને મહર્ષિઓ એ સર્વનો આદિ કારણભૂત હું છું, નિશ્ચે જ. અને વળી, તે સર્વે  કર્મને વશ વર્તનારા હોવાથી પરિમિત જ્ઞાનવવાળા છે. માટે તે યથાર્થ છે, તેવો મહિમા નથી જાણતા. એ અર્થ છે. ॥૨॥

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥३॥

-: શ્લોકાર્થ :-

જે મને અજન્મા-જન્માદિક વિકારે રહિત, અને અનાદિ સર્વ લોકનો મહેશ્વર-સર્વનિયંતા એમ જાણે છે, તે મનુષ્યોમાં ઉત્તમ જ્ઞાની સર્વ પાપથી સર્વથા મુકાઈ જાય છે. ॥૩॥

: ભાષ્યાર્થ :-

હવે - અચિન્ત્ય અપાર મહિમાવાળા મારા સ્વરૂપનું જ્ઞાન જ મારી ઉપાસનાની ઉત્પત્તિ અને વૃદ્ધિમાં રોધક-વિરોધી એવાં પાપમાત્રથી મુકાવાનું સાધન છે. એમ કહી સમજાવે છે.

અજ-કર્મથી બંધાયેલા જીવની પેઠે જે ઉત્પન્ન થતા નથી. પરંતુ અનેક જનોના પરમ કલ્યાણને માટે પરમ કૃપાથી પોતાની ઈચ્છાથી જ સ્વતંત્રપણે ભૂતળમાં ગ્રહણ કર્યો છે જન્મ-અવતાર જેમણે એવા અને નથી આદિ કહેતાં કારણ જેનું, અર્થાત્ પોતે જ સર્વના કારણભૂત અને સર્વલોકના મહેશ્વર છે. એટલે કે અલ્પજ્ઞ ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓ, બ્રહ્માદિક ઈશ્વરો અને સર્વજ્ઞ મુક્તાત્માઓ, તેમજ એ સર્વનાં સ્થાન

વિગેરે, એ સર્વના સ્વામી-નિયંતા. આ ત્રણ વિશેષણોથી પરિણામ પામવાના સ્વભાવવાળા અચેતન દ્રવ્યથી, તેનાથી મિશ્રિત બદ્ધ ક્ષેત્રજ્ઞ - ચેતનવર્ગથી, સર્વજ્ઞ મુક્ત ક્ષેત્રજ્ઞવર્ગથી તેમજ નિત્ય મુક્તોથી પણ પોતાનું અતિ વિલક્ષણપણું કહ્યું. આવા પ્રકારનો મને જે જાણે છે - સમજે છે, તે મનુષ્ય સર્વ મનુષ્યોમાં અસંમૂઢ-મારા સ્વરૂપ સંબંધી વિપરીત જ્ઞાનથી રહિત થકો, મારી ઉપાસનાના કારણને અને વૃદ્ધિને આવરણ કરનારાં સર્વ પાપો થકી મુકાઈ જાય છે. અર્થાત્ મારી ભક્તિમાં વિરોધી સર્વ પાપ થકી મુક્ત થઈ જાય છે. એ અભિપ્રાય છે. ॥૩॥

बुद्धिर्ज्ञानमसम्मोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ॥४॥
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥५॥

**-: શ્લોકાર્થ :-**

બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ—સાવધાનતા, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ભવ-ઉત્પત્તિ, અભાવ-નાશ, ભય અને અભય પણ. ॥૪॥

અહિંસા, સમતા-સમદૃષ્ટિ, તુષ્ટિ-સંતોષ, તપ, દાન, યશ, અપયશ, આ સઘળા જુદા-જુદા પ્રકારના ભૂતમાત્રના ભાવો-ગુણો, મારા થકી જ પ્રવર્તે છે. ॥૫॥

**: ભાષ્યાર્થ :-**

પ્રાણીઓને બુદ્ધિ આદિકનું કારણપણું પોતાનું જ છે. એમ બે શ્લોકથી કહે છે.

બુદ્ધિ યોગ્ય અયોગ્ય કાર્યના વિવેકમાં કુશળતા, જ્ઞાન-ચેતન અચેતન સર્વ પદાર્થોના ભેદોનું તત્ત્વથી વાસ્તવિક યથાર્થ જાણવું, અસંમોહ-વિપરીત જ્ઞાનથી રહિતપણું, ક્ષમા-ચિત્તમાં વિકાર થવાનું કારણ વિદ્યમાન હોવા છતાં પણ ચિત્તમાં વિકારે રહિતપણું, સત્ય-પોતાના અને પારકા દ્રોહે રહિત જેવું હોય તેવું યથાર્થ વચન બોલવું, દમ-ચક્ષુ આદિક ઇન્દ્રિયોનો શાસ્ત્રનિષિદ્ધ રૂપાદિક વિષયો થકી સંયમ - નિગ્રહ કરવો, શમ-ચિત્તનો શાસ્ત્રમાં અવિહિત વિષયો થકી નિરોધ કરવો, સુખ-પોતાને અનુકૂળ અનુભવ, દુઃખ - પોતાને અનુપયોગી પ્રતિકૂળ અનુભવ, ભવ-ઉત્પત્તિ, અભાવ - ઉત્પત્તિનો નિરોધ, ભય-ત્રાસ, અભય-ત્રાસે રહિતપણું. ॥૪॥

અહિંસા પોતાના અને પારકા દ્રોહે રહિતપણું, સમતા - શત્રુ મિત્રાદિકમાં તેમજ સુખ-દુઃખાદિકમાં પણ સમ ચિત્ત રાખવું, તુષ્ટિ-પોતાના પ્રારબ્ધાનુસારે પ્રાપ્ત

થતા અન્નાદિકથી સંતોષ રાખવો, તપ-શાસ્ત્રમાં કહેવા પ્રમાણે ભોગનો સંકોચ કરવો, દાન-ન્યાયથી સંપાદન કરેલા અન્ન ધન વસ્ત્રાદિક પદાર્થોનું તેને લેવામાં યોગ્ય એવા સુપાત્રોમાં દાન કરવું, યશ-સૌજન્ય રાખવાથી થતી કીર્તિ, અયશ-દુર્જનતા રાખવાથી થતી અપકીર્તિ, આ સઘળા જુદા જુદા પ્રકારના પ્રાણીઓના બુદ્ધિ આદિક ભાવો-ગુણો, તેના તેના કર્માનુસારે મારા સંકલ્પથી જ સમય સમય પ્રમાણે થયા જ કરે છે. ॥૫॥

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥६॥

-: શ્લોકાર્થ :-

સાત મહર્ષિઓ, તે પહેલાંના ચાર-સનકાદિકો, તથા ચૌદમનુઓ; આ સઘળા, કે જેમનાથી લોકમાં આ સઘળી પ્રજાઓ થઈ છે, તે બધા બ્રહ્માના મનથી થયેલા મારા ભાવો છે. ॥૬॥

: ભાષ્યાર્થ :-

ચરાચર આ સમગ્ર વિશ્વની ઉત્પત્તિ અને સ્થિતિ કરનારા બધાય મારે જ આધીન વર્તનારા છે. એમ કહે છે.

પૂર્વ ગત મન્વન્તરમાં સૃષ્ટિ ક્રિયાને પ્રવર્તાવનારા ભૃગુ આદિક સપ્તર્ષિઓ કે જેઓ મારા સંકલ્પને આધીન વર્તનારા બ્રહ્માના મન થકી જ ઉત્પન્ન થયેલા છે. તથા સ્વયંભૂ આદિક સ્થિતિ ક્રિયાને પ્રવર્તાવનારા ચાર-ચૌદ મનુઓ જે છે તે બન્ને મારા થકી જ ઉત્પત્તિ અથવા પ્રભાવ- સામર્થ્ય જેમને છે. અર્થાત્ મારે આધીન ઉત્પત્તિવાળા અથવા મારે આધીન ઐશ્વર્યવાળા, એ અર્થ છે. કે જેઓની આ લોકમાં પ્રવર્તેલી આ પુત્ર-પૌત્રાદિરૂપ, અથવા શિષ્ય-પ્રશિષ્યાદિરૂપ પ્રજાઓ ઉત્પન્ન થયેલી વર્તે છે. ॥૬॥

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ॥७॥

-: શ્લોકાર્થ :-

મારી આ વિભૂતિ અને મારું આ સામર્થ્ય તેને જે તત્ત્વથી જાણે છે, તો તે પુરુષ અવિચળ ભક્તિયોગથી જોડાય છે-નિષ્પન્ન થાય છે, એમાં કાંઈ સંશય નથી. ॥૭॥

: ભાષ્યાર્થ :-

આ સમગ્ર વિશ્વની મારે આધીન સ્થિતિ અને પ્રવૃત્તિલક્ષણરૂપ મારી વિભૂતિ-ઐશ્વર્ય, અને યોગ - નિર્દોષપણું અને નિત્ય મંગળકારી ગુણગણોનો સંયોગ, તેને તત્ત્વથી - યથાર્થપણે જે જાણે છે, તે પુરુષ સુસ્થિર નિશ્ચળ મારા ભક્તિયોગથી મારામાં જોડાય છે. આ મારા કહેલા વચનમાં સંદેહ જ નથી. અર્થાત્ મારું વિભૂતિ જ્ઞાન અને મારા નિર્દોષ કલ્યાણકારી ગુણગણોનું જ્ઞાન એ મારી ભક્તિની વૃદ્ધિ કરનારું છે એ અભિપ્રાય છે. ॥૭॥

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥८॥

-: શ્લોકાર્થ :-

હું જ સર્વ જગત્‌નો આદિ કારણભૂત છું. અને મારાથી જ આ સઘળું વિશ્વ પ્રવર્તે છે. આ પ્રમાણે સમજીને ડાહ્યા—બુદ્ધિમાન માણસો, મારામાં ભાવ—ભક્તિએ યુક્ત થઈને મને જ ભજે છે. ॥૮॥

: ભાષ્યાર્થ :-

ભક્તિની વૃદ્ધિને કરનારું એવું સર્વકારણત્વરૂપ અને સર્વપ્રવર્તકત્વરૂપ પોતાના મહિમાનું વિજ્ઞાન નિરૂપણ કરી બતાવે છે.

ચરાચર સકળ વિશ્વનો પ્રભવ- કારણ હું છું. અને આ સઘળું વિશ્વ મારાથી એટલે કે મારા સંકલ્પથી જ સ્થિતિ કાળમાં પ્રવર્તે છે. આ પ્રમાણે આ મારું સ્વભાવ સિદ્ધ સ્વતંત્ર ઐશ્વર્ય, અને સહજસિદ્ધ જ્ઞાન શક્તિ આદિક મંગળમય ગુણયોગને, જાણીને- સમજીને, વિવેકવિચક્ષણ ડાહ્યા મનુષ્યો, મારે વિષે પ્રેમયુક્ત મનોવૃત્તિએ યુક્ત થકા, મને - સૌન્દર્ય, ગાંભીર્ય, સૌશીલ્ય, માધુર્ય અને લાવણ્ય, આવા આવા સહજસિદ્ધ અનંત ગુણગણોએ સંપન્ન એવા મને, ભજે છે - સેવે છે. અર્થાત્ ઉપાસના કરે છે. ॥૮॥

मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥९॥

-: શ્લોકાર્થ :-

મારા ભક્તો મારામાં જ ચિત્ત રાખીને, મારામાં જ પ્રાણવૃત્તિ જોડીને, પરસ્પર-એકબીજાને મારો મહિમા સમજાવતાં, અને નિરંતર મારી જ કથા-વાર્તાઓ કરતાં સંતુષ્ટ વર્તે છે. અને આનંદાનુભવ માણે છે. ॥૯॥

: ભાષ્યાર્થ :-

ભાવપૂર્વક ભજનનો પ્રકાર કહી બતાવે છે.

નિરવધિકાતિશય આનંદમય સર્વેશ્વર એવા મારામાં જ જેમનું ચિત્ત લાગેલું છે. અર્થાત્ મારા સિવાય બીજા સર્વમાં ઉદાસીન વર્તનારા, અને મને જ પામ્યાં છે પ્રાણ અને ઈન્દ્રિયો જેમનાં, અથવા-મારામાં જ લીન થઈ ગયો છે પ્રાણ એટલે જીવિત જેમનું અર્થાત્ મારા સિવાય દેહમાં રહી શકવાને પણ અસમર્થ એવા. અને મારા એકાંતિક સંતોના સમાગમથી જાણેલા જ્ઞાન, શક્તિ અને વાત્સલ્યાદિક મારા ગુણોને અન્યોઅન્ય એકબીજાને કહેતા - સંભળાવતા. અને વળી - નિરંતર પરમ પ્રેમનાં આસ્પદરૂપ અપ્રાકૃત મારાં જન્મ અને કર્મ તેને પરસ્પર કહેતા થકા, આનંદભરથી અતિ સંતોષ પામે છે. અને વળી મારાં પ્રાકૃત ભાષામાં અને સંસ્કૃત ભાષામાં રહેલાં ગદ્ય-પદ્યોને કરતાળી આદિક વજાડવાપૂર્વક ગાતા ગાતા રમે છે - અનેક લીલાઓ કરે છે. ॥૯॥

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥१०॥

-: શ્લોકાર્થ :-

આ પ્રમાણે મારામાં અખંડ જોડાઈ રહેલા અને મને જ પ્રીતિપૂર્વક ભજનારા તે મારા ભક્તોને હું તેવો બુદ્ધિયોગ આપું છું કે, જેનાથી તેઓ મને સાક્ષાત્ પામે છે-ઠેઠ મારા ધામમાં જ જાય છે. ॥૧૦॥

: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે પરમ પ્રેમપૂર્વક મારું ભજન કરનારા, અને સતત મારો જ યોગ-સંબંધ ઈચ્છનારા, એવા તે મારા ભક્તોને તે - ''મને તત્ત્વથી - વાસ્તવિક તો કોઈક જ જાણે છે.'' ઈત્યાદિક વચનોથી કહેલો, બુદ્ધિયોગ હું આપું છું. કે જે બુદ્ધિયોગના પ્રભાવથી તે જનો અવનધિકાતિશય આનંદમયમૂર્તિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એવા મને પામે છે. અર્થાત્ તે જનો મારી સમીપ સેવાને જ પામે છે. ॥૧૦॥

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥११॥

-: શ્લોકાર્થ :-

અને તેઓના ઉપર અનુગ્રહ કરવા માટે જ, તેમના હ્દયારવિંદમાં અખંડ વિરાજમાન રહેલો હું પ્રકાશિત જ્ઞાનદીપથી તેમના અજ્ઞાનથી પ્રસરતા અંધકારને-આવરણને નાશ કરું છું. ॥૧૧॥

: ભાષ્યાર્થ :-

વળી અજ્ઞાનથી થયેલા સમગ્ર દોષસમૂહને પણ હું નાશ કરી નાખું છું એમ કહે છે.

ઉપર કહ્યા એ મારા ભક્તોના ઉપર જ અનુકંપા-અનુગ્રહ કરવા માટે જ્ઞાનમાં પ્રતિરોધક પ્રાચીન અશુભ કર્મના સમૂહ થકી થયેલા એવા અંધકારરૂપ લોભ, કામ, ક્રોધ અને અભિમાન વગેરે દોષના સમૂહને ઉત્પન્ન કરનાર મોહને હું નાશ - કરું છું. કેવી રીતે ? તો કે - તેઓના મનનો ભાવ-સ્નેહવૃત્તિ તેમાં રહ્યો થકો, પ્રકાશમાન જ્ઞાન રૂપ દીપથી નાશ કરું છું. તે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે, "ઉર્ધ્વ-શિખાવાળો પ્રકાશમાન અગ્નિ વાયુના બળને પામીને તૃણને જેમ બાળી દે છે, તે જ પ્રમાણે યોગી જનોના ધ્યાન દ્વારા ચિત્તમાં રહેલા વિષ્ણુ ભગવાન ભક્ત યોગી જનોના સર્વ પાપમાત્રને ભસ્મસાત્ કરી દે છે." એમ ॥૧૧॥

अर्जुन उवाच-

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥१२॥
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥१३॥

-: શ્લોકાર્થ :-

અર્જુન પૂછે છે આપ જ પરંબ્રહ્મ છો, પરમ ધામ-પ્રાપ્ય સ્થાન, પરમ પવિત્ર-પતિતપાવન છો. અને આપને જ શાશ્વત પુરુષ, દિવ્યમૂર્તિ, આદિદેવ, અજન્મા અને વિભુ સર્વવ્યાપક છો. ॥૧૨॥

એમ બધા મહર્ષિઓ કહે છે. તેમ જ દેવર્ષિ નારદમુનિ, અસિત, દેવળ અને વ્યાસમુનિ, એ સર્વે તથા આપ પોતે પણ મને એમ જ કહી સમજાવો છો. ॥૧૩॥

: ભાષ્યાર્થ :-

પ્રથમ સંક્ષેપથી કહેલી વિભૂતિ અને યોગ એ બન્નેને વિસ્તારથી જાણવાની ઈચ્છાવાળો અર્જુન શ્રીકૃષ્ણના પ્રત્યે સ્તુતિ કરીને સાત શ્લોકથી પૂછે છે.

પરં બ્રહ્મ પરં ધામ, સર્વના આધારભૂત, અને પરં પવિત્ર; એમ જે સ્વરૂપને શ્રુતિ-સ્મૃતિઓ પ્રતિપાદન કરે છે, તે આપ પોતે જ છો. જુઓ ''શ્રીનારાયણ એ જ પરં બ્રહ્મ છે, અને પર તત્ત્વ પણ એ શ્રીનારાયણ જ છે.'' ''જે પવિત્ર પદાર્થોને પણ પવિત્ર કરનારો છે. અને મંગળ પદાર્થોમાં પણ જે સર્વશ્રેષ્ઠ મંગળરૂપ છે.'' ''જે આત્માના આધાર છે. અને સઘળા વિશ્વના પણ આધાર છે.'' આવી અનેક શ્રુતિ-સ્મૃતિઓ આપનું જ વર્ણન કરે છે. અને વળી - આપને જ શાશ્વતસ્વરૂપ નિત્ય, દિવ્ય પુરુષ, અજ આદિદેવ અને વિભુ વ્યાપકસ્વરૂપ, એમ સર્વ ઋષિઓ કહે છે. એમ આગલા શ્લોકની સાથે અન્વય છે.॥૧૨॥

તે ઋષિઓ ક્યા ? તો કે, દેવર્ષિ નારદમુનિ, અસિત, દેવળ અને વ્યાસજી એ વિગેરે મહર્ષિઓ અને આપ પોતે પણ મને કહો છો જ. હવે તે નારદાદિક ઋષિઓનાં વચનો કહે છે. ''આ શ્રીમાન્નારાયણ ભગવાન પોતે ક્ષીર સાગરમાં વાસ કરનારા, તે નાગશય્યાનો પરિત્યાગ કરીને અહીં મથુરા પુરી પ્રત્યે આવેલાં છે. તે ભૂમંડળમાં દ્વારવતી પુરી મહા પવિત્ર છે. કે જ્યાં પુરાણ પુરુષ મધુસૂદન ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહે છે. અને એ જ સનાતન ધર્મરૂપ છે. જે વેદવેત્તાઓ બ્રાહ્મણો છે અને જે અધ્યાત્મ તત્ત્વ જાણનારા જ્ઞાની જનો છે. તે સર્વ જનો મહાત્મા શ્રીકૃષ્ણને જ સનાતન ધર્મરૂપ કહે છે. ગોવિંદ ભગવાન એ જ સર્વ પવિત્ર પદાર્થોમાં પરમ પવિત્ર છે. સર્વ પુણ્યોના મધ્યે એ જ પુણ્યરૂપ છે. અને સર્વ મંગળ પદાર્થોમાં પણ એ જ મંગળસ્વરૂપ છે. અને પુંડરીક - કમળના સરખા નેત્રવાળા સર્વ દેવોના પણ દેવ - અગ્રપૂજ્ય, સનાતન, નિત્ય સિદ્ધ, અચિન્ત્ય, સ્વરૂપ એવા મધુસૂદન શ્રીહરિ ભગવાન, આ ત્રિલોકીમાં ત્યાં જ રહે છે. અને જ્યાં શ્રીનારાયણ દેવ પરમાત્મા રહેલા છે, ત્યાં જ હે પાર્થ ! સઘળું જગત્ રહેલું છે. અને સર્વ તીર્થો તેમજ પુણ્ય ક્ષેત્રો પણ ત્યાં જ રહેલાં છે. તે જ પવિત્ર છે, તે જ પરં બ્રહ્મ છે, તે જ તીર્થ અને એ જ તપોવન છે. સર્વ દેવર્ષિઓ, સર્વ સિદ્ધ દેવો, સર્વ તપસ્વિગણો, પણ ત્યાં જ વસે છે કે જ્યાં આદિ દેવ મહાયોગી મધુસૂદન ભગવાન રહે છે. અને તે જ સર્વ પવિત્ર પદાર્થોમાં પણ પવિત્ર છે. આ વાતમાં તને શંશય થવો જ ન જોઈએ. કારણ કે, કૃષ્ણ એ જ સર્વ લોકોની ઉત્પત્તિનું મૂળ કારણ છે.

અને ''આ ચરાચર સઘળું વિશ્વ કૃષ્ણને માટે જ રચાયેલું છે.'' આ વિગેરે નારદાદિક મુનિઓનાં વાક્યો છે. અને ''હે ધનંજય ! મારાથી પર કે મારાથી

મોટું બીજું કોઈ છે જ નહિ, હું જ સર્વનો કારણભૂત છું. અને મારા થકી જ આ સઘળું વિશ્વ પ્રવર્તે છે. આ વિગેરે શ્રીકૃષ્ણનાં પોતાનાં વચન છે. ॥૧૩॥

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ! ।
न हि ते भगवन् ! व्यक्तिं विदुर्देवा न दानवाः ॥१४॥

-: શ્લોકાર્થ :-

હે કેશવ ! આપ મને જે કહો છો, તે સઘળું હું સત્ય જ માનું છું. ખરે-ખર-હે ભગવન્ ! આપના વ્યક્તિભાવને તો નથી દેવો જાણતા, કે નથી દૈત્યો જાણતા. ॥૧૪॥

: ભાષ્યાર્થ :-

હે કેશવ ! મારા પ્રત્યે જે વાક્ય આપ કહો છો, તે સઘળું હું સાચું જ માનું છું. એટલે કે, મારી સાથે દેહના સંબંધીપણું, મિત્રતા, ગુરુતા અને શરણ્યતા આદિક અનેક ગુણોએ આપ યુક્ત હોવાથી હું તે આપનું કહેવું સઘળુંય સત્ય જ માનું છું. હે સમર્થ પ્રભો ! સકળ ઐશ્વર્યે સંપન્ન અને સર્વેશ્વર એવા આપનો વ્યક્તિભાવ, એટલે કે દેવ મનુષ્યાદિરૂપે પ્રાદુર્ભાવ થવો, તેને દેવો કે જેઓ પરિમિત જ્ઞાનવાળા છે, તેથી તેઓ નથી જાણતા નિશ્ચેજ, અર્થાત્ "અમારા અનુગ્રહને માટે ભગવાનનો આ પ્રાદુર્ભાવ થાય છે." એમ તેઓ નથી સમજતા, તેમજ દાનવો પણ આપના વ્યક્તિભાવને નથી જાણતા, એટલે કે "અમારા સંયમનને માટે આ પ્રાદુર્ભાવ થાય છે." એમ નથી સમજતા એ અર્થ છે. ॥૧૪॥

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ! ।
भूतभावन ! भूतेश ! देवदेव ! जगत्पते ! ॥१५॥

-: શ્લોકાર્થ :-

હે ભૂતભાવન ! ભૂત-પ્રાણીમાત્રને વૃદ્ધિ પમાડનાર ! હે ભૂતેશ ! ભૂતમાત્રના નિયંતા, હે દેવદેવ ! હે જગત્પતે ! અને હે પુરુષોત્તમ ! તમે જ એક તમારા સ્વરૂપને તથા મહિમા સામર્થ્યને તમારી મેળે જ સ્વયં પોતે જ જાણો છો. ॥૧૫॥

: ભાષ્યાર્થ :-

હવે યથાવસ્થિત આપના સ્વરૂપને આપ પોતે જ જાણો છો. એમ કહે છે સર્વ પુરુષોમાં ઉત્કૃષ્ટસ્વરૂપ એવા હે પુરુષોત્તમ ! યથાવસ્થિત જેમ છે તેમ તમારા

પોતાના સ્વરૂપને તમે પોતે જ તમારા જ જ્ઞાનથી તમે જ જાણો છો. સર્વ ભૂતનો ઉદ્ભવ કરનારા, સર્વ ભૂતના નિયામક, સર્વ દેવોના પણ પરમ દૈવત. અને સર્વ જગત્‌ના પતિ-રક્ષક, એવા હે પ્રભો ! દેવતાઓ જેમ મનુષ્યો કરતાં સ્વરૂપ, સ્વભાવ અને ગુણોથી પણ ઉત્કૃષ્ટ છે, તેમ તે દેવોના કરતાંય સર્વ પ્રકારથી આપ અતિ ઉત્કૃષ્ટ- સર્વશ્રેષ્ઠ છો. એ અર્થ છે. ॥૧૫॥

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥१६॥
कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ॥१७॥
विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ! ।
भूयः कथय तृप्तिर्हि श्रृण्वतो नास्ति मेऽमृतम् ॥१८॥

-: શ્લોકાર્થ :-

માટે આપની દિવ્ય-સર્વશ્રેષ્ઠ વિભૂતિઓ મને સમગ્રપણે કહેવાને યોગ્ય છો. કે જે વિભૂતિઓથી આ સર્વ લોકમાં આપ વ્યાપીને રહેલા છો.॥૧૬॥

હે યોગેશ્વર ! તમારું સદાય પરિચિંતવન કરતાં તમને હું કેવી રીતે જાણી શકું ? હે ભગવન્ ! કયા કયા પદાર્થોમાં મારે આપનું ચિંતવન કરવું ?॥૧૭॥

હે જનાર્દન ! આપનો મહિમા અને આપની વિભૂતિઓ ફરીથી વિસ્તારપૂર્વક મને કહો ? આપનો મહિમા સમજાવનારું અમૃત તુલ્ય આપનું ભાષણ સાંભળતાં મને તૃપ્તિ જ થતી નથી. ॥૧૮॥

: ભાષ્યાર્થ :-

લોકમાં પ્રકાશમાન- સર્વથા પ્રસિદ્ધ વર્તતી જે આપની વિભૂતિઓ - સર્વ પ્રાણીમાત્રના ધારણ-પોષણને માટે અને નિયમન - રક્ષણાદિકને માટે ઐશ્વર્યવિશિષ્ટ ભાવો રહેલા છે. તે સર્વ પદાર્થો સમગ્રપણે વિસ્તારથી મને કહેવાને યોગ્ય છો. કે જે વિભૂતિઓથી આ સઘળા લોકને વ્યાપીને આપ રહેલા છો. ॥૧૬॥

મધ્યે અર્જુનની શંકા ઉઠાવીને કહે છે. મારી વિભૂતિઓ જાણવાથી તારે શું પ્રયોજન છે ? તો કહે છે.

યોગમાયા-રૂપ શક્તિએ સંપન્ન એવા હે યોગેશ્વર પ્રભો ! સદાય હું તમારું પરિચિંતવન કરતાં આપને કેવી રીતે ક્યા પદાર્થોથી જાણું - ઓળખું.

હે ભગવન્ ! સકળ ઐશ્વર્યે સંપન્ન ! વાયુ-પુરાણમાં અને ભગવાન પરાશર મુનિએ પણ ભગવત્ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે. ‘‘જે સર્વત્ર ભાસે છે અને સર્વત્ર ગતિ કરે છે. માટે એને ભગ શબ્દથી કહેવાય છે. અને તે સમગ્ર - સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ-કિર્તી, શ્રી–શોભા, અથવા લક્ષ્મી–સમ્પત્તિ, અને જ્ઞાન અને વૈરાગ્ય, આ છ ઐશ્વર્યની ભગ એવી સંજ્ઞા છે.’’ આ પ્રમાણે ભગ શબ્દની નિરૂક્તિ કરેલી છે. વળી ‘‘જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ, આ સંપૂર્ણ છ ઐશ્વર્યો, ભગ શબ્દથી કહેવાય છે. અને તે છ ઐશ્વર્યરૂપ ભગ જેના સ્વરૂપમાં અખંડ રહે છે. અને તે પણ હેય - પ્રાકૃત ગુણો સિવાય જ હોય છે, તે ભગવત્ શબ્દથી કેહવાય છે. હે મૈત્રેય ! આ પ્રમાણે આ ભગવત્ એવો મહાશબ્દ અન્વર્થ જાણવો.’’ માટે ક્યા ક્યા પદાર્થોમાં - જુદી જુદી વિભૂતિઓમાં મારે તમો નિરંતર ચિન્તવન કરવા યોગ્ય છો. તમારું ચિંતવન કરવું. ॥૧૭॥

જે સર્વ જનોમાં- ક્ષેત્રજ્ઞોમાં અંતર્યામીપણે વ્યાપીને રહે છે અથવા સર્વ જનો પોતાના ઈચ્છિત ફળની પ્રાપ્તિ માટે જેની પ્રાર્થના કરે છે, તે જનાર્દન કહેવાય. એવા હે પ્રભો ! આપનો પોતાનો યોગ-સર્વજ્ઞત્વ, સત્યસંકલ્પત્વ, સર્વશક્તિસંપન્નત્વ, અને સર્વકર્તૃત્વ, એ આદિક સમગ્ર યોગૈશ્વર્ય અને આપની વિભૂતિ પણ, વિસ્તારથી ફરીથી કહી બતાવો ? શાથી ? તો કે - આપનાં વાક્યમૃત સાંભળતાં મને અમૃતનું પાન કરનારની પેઠે તૃપ્તિ- અલંબુદ્ધિ થતીજ નથી. ॥૧૮॥

श्री भगवानुवाच

हन्त ! ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।

प्राधान्यतः कुरुश्रेष्ठ ! नास्त्यन्तो विस्तरस्य मे ॥१९॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે, ભલે ત્યારે હે કુરુશ્રેષ્ઠ ! તને મારી દિવ્ય વિભૂતિઓમાંથી મુખ્યપણે રહેલી કેટલીક વિભૂતિઓ કહીશ. કારણ કે, મારી વિભૂતિઓના વિસ્તારનો અંત તો નથી જ. ॥૧૯॥

**: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે અર્જુને પૂછેલા પ્રશ્નમાં શ્રીભગવાન કહે છે. હન્ત એ શબ્દ અનુગ્રહ સૂચવનારો છે. હે કુરુશ્રેષ્ઠ ! લોકમાં તેજસ્વી જણાતી પ્રસિદ્ધ એવી જે મારી વિભૂતિઓ મારા ઐશ્વર્યે યુક્ત પદાર્થો છે, તે વિભૂતિઓ પ્રધાનપણે જે જે છે તે હું તને કહી બતાવીશ. પ્રધાનપણે એમ કેમ ? તો કહે છે કે, અનેક

વિભૂતિઓથી વિસ્તાર પામેલા મારી વિભૂતિઓનો અંત-સંખ્યાનો નિર્ણય જ નથી નિશ્ચે જ. ॥૧૯॥

अहमात्मा गुडाकेश ! सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥२०॥

-: શ્લોકાર્થ :-

હે ગુડાકેશ ! સર્વ ભૂત-પ્રાણીમાત્રના હૃદયમાં રહેલો આત્મા-જીવાત્મા તે હું છું-મારી વિભૂતિ છે. અને સર્વ ભૂતોનો આદિ-કારણ, મધ્ય-સ્થિતિ-રક્ષણ કરનારો, અને અંત-સંહાર કરનારો પણ હું જ છું. ॥૨૦॥

: ભાષ્યાર્થ :-

હવે આ બાકીના અધ્યાયથી પોતાની વિભૂતિઓનો વિસ્તાર નિરૂપણ કરતાં પ્રથમ પોતાનું સર્વાત્મપણું અને સર્વકારણપણું એ આદિક લક્ષણરૂપ ઐશ્વર્ય કહે છે.

નિદ્રાને જીતનાર હે ગુડાકેશ ! સર્વભૂત પ્રાણીમાત્રના હૃદય પ્રવેશમાં અંતર્યામીપણે રહેલો, આત્મા-શરીરી, તે પ્રાણીઓના શરીરિપણે એમનું ધારણ નિયમન કરનારો તે હું છું. જુઓ શ્રુતિ પણ એમ જ કહે છે, “જે સર્વ ભૂતોમાં રહેલો છે અને સર્વ ભૂતો થકી ન્યારો છે.” એમ અને સર્વભૂતોનો આદિ-ઉત્પત્તિ કર્તા અનિરૂદ્ધ અને બ્રહ્મ હું છું, મધ્ય-સ્થિતિકર્તા પણ હું જ છું, અને અંત-પ્રલયકર્તા પણ હું જ છું. ॥૨૦॥

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥२१॥
वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥२२॥

-: શ્લોકાર્થ :-

બાર આદિત્યોમાં વિષ્ણુનામે આદિત્ય હું છું. પ્રકાશવાળા પદાર્થોમાં અંશુમાન્ સૂર્યદેવ હું છું. ઓગણપચાશ વાયુઓમાં મરીચિનામે વાયુ હું છું. અને નક્ષત્રોમાં ચંદ્રમા તે હું છું. ॥૨૧॥

વેદોમાં સામ વેદ હું છું. દેવોમાં ઇન્દ્ર દેવ હું છું. ઇન્દ્રિયોમાં મન હું છું. અને ભૂતોમાં ચેતના—બુદ્ધિતત્ત્વ હું છું. ॥૨૨॥

: ભાષ્યાર્થ :-

બાર આદિત્યોમાં વિષ્ણું નામે આદિત્ય હું છું. પ્રકાશ કરનારાઓના મધ્યે અંશુમાન્ રવિ હું છું. ઓગણપચાશ વાયુઓના મધ્યે મરીચિ નામે વાયુ હું છું. તારાગણોનો અધિપતિ અને ઔષધિઓનો પોષક ચંદ્રમાં હું છું. શરીર-શરીરિ ભાવના સંબંધવાળો આ સામાનાધિકરણ્યથી નિર્દેશ છે. એટલે કે આ સઘળી મારી વિભૂતિ છે.

ઋગ્વેદ વિગેરે ચાર વેદોના મધ્યે ગીતિના પ્રધાનપણાને લીધે સર્વશ્રેષ્ઠ સામનામે વેદ હું છું. દેવોના મધ્યે વાસવ-ઈન્દ્ર હું છું. સર્વ ઈન્દ્રિયોના મધ્યે મન હું છું. અને સર્વ ભૂતોની જે ચેતના - બુદ્ધિ તે હું છું.

આ વિભૂતિવર્ણનમાં આદિત્યાદિક ચેતનવાચક શબ્દોમાં ષષ્ઠી વિભક્તિ નિર્ધારણ અર્થમાં સમજવી. અને ''ભૂતોની ચેતના હું છું.'' ઈત્યાદિક કોઈક કોઈક વાક્યોમાં ષષ્ઠી વિભક્તિ સંબંધરૂપ અર્થમાં જાણવી. ॥૨૧-૨૨॥

रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ।।२३।।
पुरोधसां च मुख्यं मां विद्धि ! पार्थ ! बृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ।।२४।।

-: શ્લોકાર્થ :-

અગીયાર રૂદ્રોમાં શંકર હું છું. યક્ષોમાં અને રાક્ષસોમાં કુબેર હું છું. આઠ વસુદેવોમાં પાવક નામે વસુ હું છું. શિખરોવાળા પર્વતોમાં મેરુ નામે પર્વત હું છું. ॥૨૩॥

હે પાર્થ ! પુરોહિતોમાં મુખ્ય જે દેવગુરુ બૃહસ્પતિ તે મને જાણ ! સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું. અને જળાશયોમાં સાગર હું છું. ॥૨૪॥

: ભાષ્યાર્થ :-

વળી અગીયારની સંખ્યાથી રહેલા રૂદ્રોના મધ્યે શંકર નામે રૂદ્ર હું છું. યક્ષો અને રાક્ષસોના મધ્યે ધનાધિપતિ વિશ્રવણનો પુત્ર કુબેર હું છું. આઠની સંખ્યાથી રહેલા વસુ દેવોના મધ્યે પાવક નામે વસુ હું છું. અને સુંદર શિખરોની શોભાએ સંપન્ન મહાપર્વતોના મધ્યે મેરૂનામે પર્વત હું છું. ॥૨૩॥

વળી હે પાર્થ સર્વ પુરોહિતોના મધ્યે બૃહસ્પતિ, કે જે દેવોના પુરોહિત હોવાથી સર્વ પુરોહિતોમાં મુખ્ય અંગીરા મુનિના પુત્ર છે, તેને મને જાણ- એ મારી

વિભૂતિ છે, એમ જાણ. સર્વ સેનાપતિઓના મધ્યે દેવતાઓના સેનાધિપતિ કાર્તિક સ્વામી હું છું. સર્વ મહાજળાશયોના મધ્યે સાગર-સમુદ્ર હું છું. ॥૨૪॥

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥२५॥
अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ॥२६॥

-: શ્લોકાર્થ :-

મહર્ષિઓમાં ભૃગુઋષિ હું છું. સર્વ વાણીમાં એકાક્ષર-ૐકાર હું છું. યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. અને સ્થાવર એટલે સ્થિર પદાર્થોમાં હિમાલય હું છું. ॥૨૫॥

સર્વ વૃક્ષોમાં અશ્વત્થ-પીપળો હું છું. દેવર્ષિઓમાં નારદમુનિ હું છું. સર્વ ગંધર્વોમાં ચિત્રરથ હું છું. અને સર્વ સિદ્ધ પુરુષોમાં કપિલમુનિ હું છું. ॥૨૬॥

: ભાષ્યાર્થ :-

વળી મરીચ્યાદિક મહર્ષિઓના મધ્યે ભૃગુ ઋષિ હું છું. સર્વ વાણીના મધ્યે એક ૐકાર નામનો અક્ષર હું છું. એટલે કે મારું વાચક સનાતન નામ ૐકાર છે. સર્વ યજ્ઞો મધ્યે મારા મંત્રોના જપયજ્ઞ કરવો તે હું છું. સર્વ સ્થાવર વસ્તુઓના મધ્યે હિમાલય પર્વત હું છું.

પ્રથમ શિખરશોભાવાળા પર્વતોમાં મેરું હું છું. અને અહીં તો સ્થાવર-પર્વતોમાં હિમાલય હું છું, એમ કહ્યું છે. માટે સ્થાવરપણે અને શિખરશોભાવાળાપણે કરીને અર્થમાં ભેદ હોવાથી પુનરૂક્તિરૂપ દોષ નથી. ॥૨૫॥

સર્વ વૃક્ષોના મધ્યે અશ્વત્થ- પીપળાનો વૃક્ષ હું છું. જે જે દેવો મંત્રદર્શિપણાને લીધે ઋષિપણાને પામેલા છે, તે સર્વ દેવર્ષિઓ કહેવાય છે, તે દેવર્ષિઓના મધ્યે મારા પરમ એકાંતિક ભક્ત નારદમુનિ તે હું છું. ગન્ધર્વોના મધ્યે ચિત્રરથ નામે ગન્ધર્વ હું છું. અને યોગસિદ્ધિ પામેલા સિદ્ધ મહાત્માઓના મધ્યે કપિલ મુનિ હું છું. તે મારો જ અવતાર છે. ॥૨૬॥

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥२७॥

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः ॥२८॥

-: શ્લોકાર્થ :-

ઘોડાઓમાં અમૃતની સાથે સમુદ્રમાંથી નીકળેલો ઉચ્ચૈઃશ્રવા નામે ઘોડો મને જાણ ! ગજેન્દ્રોમાં ઐરાવત મને જાણ ! અને મનુષ્યોમાં રાજા મને જાણ ! ॥૨૭॥

આયુધોમાં વજ્ર આયુધ હું છું. ધેનુઓમાં કામદુધા ધેનુ હું છું. પ્રજા પેદા કરનાર કંદર્પ-કામ તે પણ હું છું. અને સર્પોમાં વાસુકિ સર્પ હું છું. ॥૨૮॥

: ભાષ્યાર્થ :-

સર્વ અશ્વ જાતિના પશુઓ મધ્યે ક્ષીર સાગરના મંથન સમયમાં અમૃતની સાથે ઉત્પન્ન થયેલા ઉચ્ચૈઃશ્રવા નામે અશ્વને મારી વિભૂતિ જાણ ! ગજેન્દ્રોના મધ્યે અમૃતની સાથે ઉત્પન્ન થયેલા ઐરાવત હાથીને, મારી વિભૂતિ જાણ ! અને સર્વ મનુષ્યોના મધ્યે નરાધિપ- પ્રજારક્ષક રાજાને મને જ જાણ ! મારી જ વિભૂતિ છે. ॥૨૭॥

સર્વ આયુધો - શસ્ત્રસમુદાયના મધ્યે ઈન્દ્રનું આયુધ વજ્ર હું છું. સર્વ ગાયોના મધ્યે સમુદ્રમંથન સમયે ઉદ્ભવ પામેલી દિવ્ય કામધેનું ગાય હું છું. પ્રજાઓને ઉત્પન્ન કરનારો - પ્રજાની ઉત્પતિમાં કારણભૂત કંદર્પ - કામ હું છું. પણ કેવળ રતિપ્રધાન કંદર્પકામ, મારી વિભૂતિ નથી. અને એક મસ્તકવાળા સર્પોના મધ્યે વાસુકિ સર્પ હું છું. ॥૨૮॥

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम् ।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥२९॥
प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥३०॥

-: શ્લોકાર્થ :-

નાગોમાં અનન્ત નામે નાગ હું છું. જળવાસીઓમાં વરૂણ દેવ હું છું. પિતૃઓમાં અર્યમા હું છું. અને નિયમન કરનારાઓમાં યમરાજા હું છું. ॥૨૯॥

દૈત્યોમાં ભક્તરાજ પ્રહ્લાદ હું છું. પરિણામ પમાડનારાઓમાં અથવા ગણના કરનારાઓમાં સમર્થ કાળ હું છું. પશુઓમાં મૃગરાજ-સિંહ હું જ છું. અને પક્ષીઓમાં પક્ષિરાજ ગરુડ હું જ છું. ॥૩૦॥

-: ભાષ્યાર્થ :-

અનેક મસ્તકવાળા સર્પોના મધ્યે શેષ નામે સર્પરાજ હું છું. જળચર પ્રાણીઓનો સ્વામી વરૂણદેવ હું છું. પિતૃદેવોનો અધિપતિ-સ્વામી અર્યમા દેવ હું છું. બીજાઓનું નિયમન કરનારાઓના મધ્યે યમ-રાજા હું છું. ॥૨૯॥

દિતિવંશમાં જન્મેલા દૈત્યોના મધ્યે પોતાના ગુણ-સ્વભાવથી સર્વને આનંદ આપનારા મારા પરમ ભક્ત પ્રહ્લાદજી હું છું. પ્રાણીમાત્રની ગણના કરનારા અથવા વશ કરનારાઓના મધ્યે સમર્થ કાળ હું છું. મૃગ વિગેરે પશુઓના મધ્યે મૃગેન્દ્ર-સિંહ હું છું. અને સર્વ પક્ષીઓના મધ્યે વિનતાપુત્ર ગરૂડ હું છું. ॥૩૦॥

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्त्रोतसामस्मि जाह्नवी ॥३१॥
सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ! ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥३२॥

-: શ્લોકાર્થ :-

વહેતા વેગવાળા પદાર્થોમાં પવન હું જ છું. શસ્ત્રધારીઓમાં દશરથપુત્ર શ્રીરામ હું છું. માછલાંઓમાં મઘર હું છું. અને વહેતા પ્રવાહ-નદીઓમાં જહ્નુકન્યા ગંગા હું છું. ॥૩૧॥

હે અર્જુન ! દરેક સર્ગોનો આદિ અંત અને મધ્ય પણ હું જ છું. વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું. અને વાદ કરનારાઓના વાદનો વિષય હું છું. ॥૩૨॥

-: ભાષ્યાર્થ :-

વળી-પાવન કરનારા પદાર્થોમાં પવન-વાયુ હું છું. શસ્ત્રધારીઓના મધ્યે દશરથપુત્ર રામ હું છું. - આ મારો મોટો અવતાર છે. પણ બીજી વિભૂતિઓની માફક આ કેવળ વિભૂતિ નથી. મત્સ્ય જાતિના પ્રાણીઓમાં મઘર હું છું. વહેતા પ્રવાહવાળી નદીઓના મધ્યે ભાગીરથી-ગંગા નદી હું છું. ॥૩૧॥

હે અર્જુન ! સૃષ્ટિના આરંભમાં દરેક સર્ગનો આદિ-કારણ હું છું. જ્યાં જ્યાં સદાય ઉત્પન્ન થતા સર્વે જન્તુઓ -પ્રાણીઓ, તેમના તેમાં તેમાં જે ઉત્પાદન કરનારા છે તે, અને તે ઉત્પન્ન થયેલાઓનો અંત એટલે કે સદાય જે તેમનો સંહાર કરનારા છે અને મધ્ય-પાલન એટલે કે પાલન કરવામાં આવતા પ્રાણીઓના જે પાલક-પાલન કરનારા છે. તે સઘળાય હું જ છું. અર્થાત્ તે સર્વનો પ્રવર્તક અને

પ્રેરક હું જ છુ. અભ્યુદયના સાધનભૂત વિદ્યાઓના મધ્યે અધ્યાત્મવિદ્યા- બ્રહ્મવિદ્યા હું છું. અને સામ સામા પ્રવાદ કરનારાઓનો વાદ જે છે, તે હું છું. કારણ કે - વાદ એ જલ્પ અને વિતંડા વિગેરે કરતાં અતિશ્રેષ્ઠ છે માટે ॥૩૨॥

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च ।
अहमेवाक्षयः कालो धाताहं विश्वतोमुखः ॥३३॥
मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥३४॥

-: શ્લોકાર્થ :-

અક્ષરોમાં અ અક્ષર હું છું. સમાસોમાં ઉભયપદપ્રધાન દ્વન્દ્વ સમાસ હું છું. સર્વ કાળના વિભાગોમાં અક્ષય કાળ હું છું. અને ચોતરફ મુખવાળો ધાતા- બ્રહ્મા તે પણ હું જ છું. ॥૩૩॥

સર્વને હરનારો મૃત્યુ-કાળ હું છું. અને ઉત્પન્ન થનારાઓનો ઉદ્‌ભવ- ઉત્પત્તિનું સ્થાન હું છું. અને સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા, એ સર્વ હું જ છું. ॥૩૪॥

-: ભાષ્યાર્થ :-

સર્વ વર્ણો- અક્ષરોના મધ્યે શ્રેષ્ઠ અને મુખ્ય હોવાથી અકાર હું છું. જુઓ! શ્રુતિ પણ એમ જ કહે છે - "અકાર એ જ સર્વ વાણી છે." છ પ્રકારના સમાસના સમૂહ મધ્યે દ્વન્દ્વ નામનો સમાસ હું છું. એનું કારણ કહે છે - દ્વન્દ્વ સમાસમાં બન્ને પદનું સરખું પ્રધાનપણું હોવાથી એ શ્રેષ્ઠ છે. માટે પૂર્વ પદાર્થના પ્રધાનપણાને લીધે, ઉત્તર પદાર્થના પ્રધાનપણાને લીધે, અને અન્ય પદાર્થના પ્રધાનપણાને લીધે, અવ્યયીભાવ, તત્પુરુષ અને બહુવ્રીહિ, એ ત્રણેય સમાસમાં બન્ને પદાર્થના સમાનપણાના અભાવને લીધે અપકૃષ્ટપણુ છે, માટે. ક્ષયભાવે રહિત કાળાભિમાની દેવ તે હું છું. "ગણના કરનારાઓના મધ્યે કાળ હું છું." એ ઠેકાણે તો સંવત્સર આદિક આયુષ્યની ગણનારૂપ કાળ કહેલો છે. અને અહિંઆં તેનો અભિમાની દેવ કહેલો છે. એમ ભેદ સમજવો. અને સર્વદષ્ટા-સર્વસાક્ષી, શુભ-અશુભ કર્મના ફળનો વિધાતા-પમાડનાર હું છું. સર્વનો સંહારકર્તા મૃત્યુદેવ હું છું. ઉદ્ભવ-અભ્યુદય-વૃદ્ધિ પામનારાઓનો અભ્યુદય હું છું. સર્વ સ્ત્રીઓના મધ્યે કીર્તિ આદિક સાત દેવીઓ અને ચકાર છે માટે મૂર્તિ આદિક દેવીઓ પણ

હું જ છું. કે -જેઓના સંબંધથી- આશ્રયથી મનુષ્યો અતિ વખાણને પાત્ર બની જાય છે. તે કીર્તિ વિગેરે મારી વિભૂતિરૂપ છે. એ અભિપ્રાય છે. ॥૩૩-૩૪॥

बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥३५॥
द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥३६॥

**-: શ્લોકાર્થ :-**

તેમજ-સામવેદના મંત્રોમાં બૃહત્સામ તે હું છું. અને સર્વ છંદોમાં ગાયત્રી છંદ હું છું. બાર મહિનાઓમાં માર્ગશીર્ષ માગસર માસ તે હું છું. અને છ ઋતુઓમાં વસંત ઋતુ હું છું. ॥૩૫॥

છેતરનારાઓનું દ્યૂત-છળસામર્થ્ય હું છું. તેજસ્વીઓનું તેજ-પ્રભાવ હું છું. વિજય અને વ્યવસાય તે પણ હું છું. અને સાત્ત્વિક-સમર્થ પુરુષોનું સામર્થ્ય હું છું. ॥૩૬॥

**-: ભાષ્યાર્થ :-**

સામ વેદના મંત્રોમાં બૃહત્સામ નામે વિભાગ હું છું. ગાયત્રી વિગેરે છંદોએ યુક્ત ઋચાઓના મધ્યે ગાયત્રી નામે ઋચા હું છું. બાર મહિનાઓના મધ્યે નવાં નવાં સારાં શાકાદિક ઔષધિઓએ સંપન્ન હોવાથી, તેમજ ટાઢ અને તડકો પણ બહુ નહિ, તેથી સર્વને સુખનો કારણભૂત એવો માર્ગશીર્ષ નામે માસ હું છું. અને છ ઋતુઓના મધ્યે કુસુમાકર-સઘળાં સુગંધવાળાં પુષ્પોના સમૂહોથી ભરપૂર અતિ રમણીય મુખ્ય વસંત ઋતુ હું છું. ॥૩૫॥

પરસ્પર છેતરવાનું કામ કરનારાઓનું દ્યૂત નામે કર્મ હું છું. - મારી વિભૂતિ છે. તેજસ્વીઓનું તેજ-કોઈથી નહિ દબાવારૂપ પ્રભાવ હું છું. વિજય કરનારાઓનો પરાજય પામેલાની અપેક્ષાએ ઉત્કર્ષરૂપ જય હું છું. ઉદ્યમ કરનારાઓનો વ્યવસાય નિશ્ચિતપણે ફળ આપનારો જ સફળ ઉદ્યમ હું છું. અથવા તો કોઈ વસ્તુનો નિશ્ચય કરનારાઓનો વ્યવસાય નિશ્ચય હું છું. અને સાત્ત્વિક જનોનું સત્ત્વ-ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વિગેરેરૂપ સત્ત્વ ગુણનું કાર્ય તે હું છું. ॥૩૬॥

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनञ्जयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशनाः कविः ॥३७॥

दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥३८॥

-: શ્લોકાર્થ :-

સર્વ યાદવોમાં વાસુદેવ તે હું છું. અને પાંડવોમાં ધનંજય-અર્જુન તે હું છું. મુનિઓના મધ્યે પણ વ્યાસમુનિ તે હું છું. અને કવિઓમાં-જ્ઞાનિજનોમાં ઉશના-શુક્રાચાર્ય કવિ હું છું. ॥૩૭॥

નિયમન કરનારાઓનો દંડ હું છું. અને જયની અભિલાષા સેવનારાઓની નીતિ-ગુહ્ય વિચારણા હું છું. રહસ્યોમાં મૌન અને જ્ઞાનવાળાઓનું પરમ જ્ઞાન તે પણ હું જ છું. ॥૩૮॥

-: ભાષ્યાર્થ :-

વૃષ્ણિઓ-યાદવોના મધ્યે વસુદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલો હું પુરુષોત્તમ છું. "જે અસમ્મૂઢ—સમ્યક્ જ્ઞાની મને પુરુષોત્તમને જાણે છે" એમ પોતે જ કહ્યું છે માટે. પાંડવો - પાંડુપુત્રોના મધ્યે ધનંજય-નરના અવતારરૂપે પ્રસિદ્ધ વર્તતો અર્જુન જે તું તે હું છું. મુનિઓ-આત્મા-પરમાત્મારૂપ તત્ત્વનું મનન કરવાના સ્વભાવવાળા ઋષિઓના મધ્યે વ્યાસ-પુરાણકર્તા અને વેદના વિભાગ કરનારા પરાશરના પુત્ર વ્યાસમુનિ હું છું. અને બુદ્ધિમાન કવિજનોના મધ્યે કવિ-બુદ્ધિશાળી ઉશના-શુક્રાચાર્ય હું છું. ॥૩૭॥

ધર્મનો વ્યતિક્રમ ઉલ્લંઘન કરનારાને દંડ કરનારાઓનો દંડ-નિગ્રહ હું છું. જય ઈચ્છનારાઓની નીતિ- જયનું સાધન હું છું. ગુહ્ય-ગોપનીય વસ્તુને છાની રાખવાનું સાધન જે મૌન તે હું છું. તત્ત્વજ્ઞાન સંપન્ન - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એમના સ્વરૂપને યથાર્થ જાણનારા જ્ઞાની જનોનું જ્ઞાન યથાર્થ સમજવું તે હું છું. ॥૩૮॥

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ! ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥३९॥

-: શ્લોકાર્થ :-

અને વળી-હે અર્જુન ! સર્વ ભૂત-પ્રાણીમાત્રનું જે સનાતન બીજ-કારણ તે પણ હું જ છું. કારણ કે એવું એક પણ ચરાચર-ભૂત પ્રાણી નથી, કે જે મારા સિવાય થયું હોય, કે રહેતું હોય. ॥૩૯॥

-: ભાષ્યાર્થ :-

હે અર્જુન ! શું બહુ કહેવાથી ? બ્રહ્માથી આરંભીને સ્થાવર સુધીનાં ભૂત-પ્રાણી માત્રનું બીજ જે કારણ છે, તે પણ હું જ છું. અને વળી - સ્થાવર કે જંગમ હરકોઈ વસ્તુ-માત્ર મારા વિનાનું જે હોય એવું છે જ નહિ. જુઓ ! શ્રુતિઓ એ જ પ્રમાણે કહે છે - "જે સર્વ ભૂતોમાં રહે છે, છતાં સર્વ ભૂતો થકી ન્યારો છે, જેને સર્વ ભૂતો નથી જાણતાં, જેનું સર્વ ભૂતો શરીર છે, જે સર્વ ભૂતોની અંદર રહીને તેનું નિયમન કરે છે, એ તારા અન્તર્યામી અમૃતસ્વરૂપ પરમાત્મા છે." ઈતિ ॥૩૯॥

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप ! ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥४०॥

-: શ્લોકાર્થ :-

હે પરંતપ ! મારી દિવ્ય-અલૌકિક આશ્ચર્યમય વિભૂતિઓનો પાર જ નથી. અને આ તો મેં તને અમુક અમુક જ વિભૂતિનો વિસ્તાર દિગ્દર્શન જેવો કહ્યો છે. ॥૪૦॥

-: ભાષ્યાર્થ :-

વિભૂતિઓનું નિરૂપણ સમાપ્ત કરતાં કહે છે.

હે પરંતપ ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત-માપ જ નથી. અને આ વિભૂતિઓનો વિસ્તાર તો મેં તને સંક્ષેપથી - અમુક અમુક જ કહી બતાવ્યો છે. ॥૪૦॥

यद्यद्विभूतिमत् सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ॥४१॥

-: શ્લોકાર્થ :-

આ જગતમાં જે જે વિભૂતિવાળું પ્રાણી-શોભાયમાન કે પ્રભાવશાળી હોય તે તે બધુંય મારા તેજ-સામર્થ્યના એક અંશમાંથી જ થયેલું છે, એમ તું જાણ! ॥૪૧॥

-: ભાષ્યાર્થ :-

માટે હે અર્જુન ! રક્ષણ અને નિયમનાદિક કરવાના સામર્થ્યવાળું, તેમજ શોભાયુક્ત-સુંદરતાવાળું, અથવા ધન-ધાન્યાદિકની સમૃદ્ધિયુક્ત, અને વળી પ્રભાવ અને બળ વિગેરે ગુણોવાળું, એવું લોકમાં ઉત્કૃષ્ટ જે જે પ્રાણી કે પદાર્થ દેખાય છે,

તે તે સર્વ ગુણ અને ઐશ્વર્ય-સામર્થ્યસમ્પન્ન એવા મારા તેજના અંશમાંથી થયેલું છે, એટલે કે - ગુણ ઐશ્વર્યાદિકથી પરનો અભિભવ કરવાનું સામર્થ્ય, તેના અંશે યુક્ત સંભવ-ઉત્પત્તિ જેની છે, તેવું- મારી વિભૂતિરૂપ તું જાણ - સમજ ! ॥૪૧॥

अथवा बहुनैतेन किं ज्ञातेन ? तवार्जुन ! ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥४२॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे विभूतियोगो नाम दशमोऽध्यायः ॥१०॥

**-: શ્લોકાર્થ :-**

અથવા તો હે અર્જુન ! તારે આ બહુ જાણવાથી શો વિશેષ છે ? આ સઘળા જગતનેટ હું મારા ઐશ્વર્યના એક અંશથી-ઐશ્વર્યલેશથી ધારી રહ્યો છું. ॥૪૨॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિભૂતિયોગો નામ દશમોऽધ્યાયઃ ॥૧૦॥

**-: ભાષ્યાર્થ :-**

હે અર્જુન ! આ બહુ વિભૂતિઓના જાણવાથી - જાણીને તારે શું કરવું છે? આ સ્થાવર જંગમરૂપ દૃશ્યમાન સઘળું જગત્ અને અદૃશ્ય બ્રહ્માદિક દેવવર્ગો સહિત આ સઘળું જગત્, એટલે કે - સ્થૂળ એટલે કાર્યભાવે રહેલું અને સૂક્ષ્મ એટલે કારણભાવે રહેલું. એવા સઘળા વિશ્વ પ્રત્યે, એક અંશથી- મારા ગુણ અને ઐશ્વર્યના હજારો હજારમાં અંશથી ધારીને હું રહેલો છું. એટલે કે - અક્ષરરૂપે ધારીને રહેલો છું. કારણ કે - અક્ષર સર્વાધાર છે. આ બાબતમાં પ્રમાણો કહે છે - પરાશર મુનિનું વચન છે કે "જે પરમાત્માના હજારો-હજારમાં અંશાંશરૂપ અતિ અલ્પ શક્તિમાં આ વિશ્વશક્તિ રહેલી છે." તેમજ ભાગવતમાં પણ વચનો છે કે "પોતપોતાના કર્માનુસારે પ્રાપ્ત થયેલાં આ મનુષ્ય શરીર વિગેરે શરીરોમાં રહેલા પુરુષ-જીવાત્માને, સમગ્ર શક્તિઓના ધારક એવા આપના ઐશ્વર્યના અંશે યુક્ત કહેવામાં આવે છે, કારણ કે - એ પણ વસ્તુતા એ કાર્ય - કારણ રૂપ બહારનાં અને અંદરનાં આવરણોથી રહિત છે." "અનાદિ, સર્વના આત્મા, માયાના ગુણોથી રહિત, પ્રકૃતિથી પર-નિયંતા અથવા શ્રેષ્ઠ, પ્રત્યક્સ્વરૂપ અને સ્વયંપ્રકાશ

એવા પુરુષ છે, કે જેનાથી આ વિશ્વ સમન્વિત-ધારેલું છે.'' ઇત્યાદિક પ્રમાણો છે. ॥૪૨॥

*ઇતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનંદસ્વામિ શિષ્યાગ્રગણ્ય-સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે - વિભૂતિયોગવર્ણનનામા દશમોઽધ્યાયઃ ॥૧૦॥*

## अथ एकादशोऽध्यायः

अर्जुन उवाच

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥१॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન કહે છે—મારા ઉપર અનુગ્રહ કરવા માટે આપે જે પરમ રહસ્યરૂપ અધ્યાત્મ-જ્ઞાનસંબંધી વચન કહ્યું, તેનાથી મારો આ મોહ ટળી ગયો. ॥૧॥

**-: ભાષ્યાર્થ :-**

પૂર્વે દશમાં અધ્યાયમાં સર્વના કારણપણું અને નિયંતાપણું, એ આદિક સકળ ઐશ્વર્ય સંપન્ન પરમાત્માની વિભૂતિઓ નિરૂપણ કરી બતાવી.

હવે - આ અગિયારમાં અધ્યાયમાં વિશ્વરૂપનાં દર્શન કરવાને ઇચ્છતા અર્જુનને ભગવાને તે વિશ્વરૂપ બતાવ્યું છે એમ કહે છે -

ભગવાને કહેલા અતકર્ય ઐશ્વર્ય- મહિમાને સાંભળીને તેને સાક્ષાત્ જોવાને ઇચ્છતો અર્જુન પૂછે છે -

અર્જુન પૂછે છે - હે ભક્તવત્સલ ! દેહાભિમાનરૂપ અજ્ઞાનથી મોહ પામેલા એવા મારા ઉપર અનુગ્રહ કરવા સારુ તે મોહની નિવૃત્તિ કરવા માટે, સર્વોત્કૃષ્ટ, પરમ રહસ્યરૂપ અને અધ્યાત્મ એવી સંજ્ઞા જેની છે, એવું દેહ અને આત્માનો વિવેક કરી આપનારું વચન - ''શોક નહિ કરવા યોગ્યનો તું અનુશોક કરે છે.'' એમ આરંભ કરીને છઠ્ઠા અધ્યાય સુધીનું જે તમોએ કહ્યું. તે આપના વચનથી મારો આ બુદ્ધિમાં રહેલો મોહ, અર્થાત્ દેહાત્મબુદ્ધિરૂપ વિપરીત જ્ઞાન, તે સમગ્રપણે નાશ પામી ગયો છે. ॥૧॥

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष ! माहात्म्यमपि चाव्ययम् ॥२॥

-: શ્લોકાર્થ :-

કેમકે-હે કમળનયન પ્રભો ! મેં આપના થકી ભૂત-પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને પ્રલય વિસ્તારથી સાંભળ્યા છે, તથા આપનો અખંડ અવિનાશી મહિમા પણ સાંભળ્યો છે. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

સાતમાં અધ્યાયથી આરંભીને દશમાં અધ્યાય સુધીનું જે વચન કહેવામાં આવ્યું છે, તે વચનને અંગીકાર કરીને કહે છે - ભૂત-પ્રાણીમાત્રનો ઉદ્ભવ અને વિનાશ તે આપ પરમેશ્વર થકી જ થાય છે, એમ તે વિસ્તારપૂર્વક મેં નિશ્ચે જ સાંભળ્યો. કમળના પત્ર સરખાં દીર્ઘ લાલ ખૂણાવાળાં પરમ મનોહર અતિ સુંદરનેત્રો જેમનાં છે, એવા હે પ્રભો ! અને વળી આપનો અવ્યય-અખંડ મહિમા, કે જે "મારાથી પર કે શ્રેષ્ઠ બીજું કોઈ છે જ નહિ." "મારો પર ભાવ-મોટો મહિમા નહિ જાણનારા જ મૂર્ખ જનો સર્વ ભૂતનો મહેશ્વર-નિયંતા એવો હું તે મારી અવજ્ઞા કરે છે." "જે જનો મને અજ - કર્માધીન જન્મે રહિત, અનાદિ-સનાતન અને સર્વ લોકનો મહેશ્વર-એક જ નિયંતા એવો જાણે છે." "હું જ સર્વનો આદિ કારણ છું. અને મારાથી જ સઘળું પ્રવર્તે છે." ઈત્યાદિક વચનોથી આપે કહી બતાવ્યો એ આપનો મહિમા પણ મેં સાંભળ્યો. ॥૨॥

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ! ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ! ॥३॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ! ।
योगेश्वर ! ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥४॥

-: શ્લોકાર્થ :-

હે પરમેશ્વર ! આપ પોતાને જેવા કહો છો, એ બરોબર એમ જ છે. પરંતુ-હે પુરુષોત્તમ ! આપનું એ સકળ ઐશ્વર્યે સંપન્ન ઈશ્વર રૂપ હું સાક્ષાત્ નેત્રોથી જોવા ઈચ્છું છું. ॥ ૩ ॥

હે પ્રભો ! જો મારાથી તે આપનું રૂપ દેખવાને શક્ય છે, એમ આપ માનતા હો, તો હે યોગેશ્વર ! મને આપ આપના એ અવિનાશી સ્વરૂપનાં દર્શન કરાવો ! ॥૪॥

-: ભાષ્યાર્થ :-

હે પરમેશ્વર ! તમે પોતાને સર્વના શાસ્તા, સર્વના સ્રષ્ટા, સર્વના પાલક, સંહારક અને સર્વના નિયંતા, સકળ હેયના પ્રત્યનીક-વિરોધી, અને સકળ કલ્યાણ ગુણગણોના સાગરસમા, એવા સર્વોત્કૃષ્ટ આપને પોતાને, જેમ આપ કહો છો. એ વાત એમ જ છે. એટલે કે - આપના વાક્યમાં મને દૃઢ વિશ્વાસ છે. હે પુરુષોત્તમ ! આપનું અનેક ઐશ્વર્યે સંપન્ન એવું અદ્‌ભુત રૂપ-પરમ આશ્ચર્યકારી સ્વરૂપ જોવા ઇચ્છું છું. ॥૩॥

જો એ રૂપ મેં જોવાને શક્ય હોય, તો તે રૂપ મને બતાવો ! એમ કહે છે-

હે પ્રભો ! સકળ યોગૈશ્વર્ય સંપન્ન એવા સર્વયોગીઓના સ્વામી એવા હે યોગેશ્વર-પ્રભો ! તે સર્વ ઐશ્વર્યે સંપન્ન એવું તમારું રૂપ મેં જોવાને માટે શક્ય - યોગ્ય છે. એમ આપ માનતા હો, તો અવ્યય, અવિનાશી, સર્વનું આત્મભૂત, સર્વનું શાસન કરનારું, સર્વનું સર્જનારું, સર્વનું સંહારક અને સર્વનું આધારભૂત, એવું આપનું રૂપ મને આપ બતાવો - દર્શન કરાવો ! ॥૪॥

श्री भगवानुवाच

पश्य मे पार्थ ! रूपाणि शतशोऽथ सहस्त्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥५॥

-: શ્લોકાર્થ :-

શ્રીભગવાન કહે છે-હે પાર્થ ! મારાં સોએ-સો, અને હજારો-હજાર નાના પ્રકારનાં, અનેક વર્ણવાળાં અને અનેક આકૃતિઓવાળાં દિવ્ય અલૌકિક રૂપોને તું જો ! ॥૫॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે અર્જુને પ્રાર્થના કર્યા પછી ભગવાન તે વિશ્વરૂપનાં દર્શન કરાવતાં કહેવા લાગ્યા-

આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યા પછી ભગવાન કહેવા લાગ્યા - હે પાર્થ ! સોએ સો અને હજારો-હજાર અને અનેક પ્રકારે વિવિધ-વિચિત્રપણે રહેલાં, શ્વેત, રાતો, પીળો અને કાળો વિગેરે વર્ણ - રંગ જેમનો છે, તથા નાની મોટી જાડી પાતળી વિગેરે અનેક પ્રકારની આકૃતિવાળાં એવાં દિવ્ય-અપ્રાકૃત મારાં રૂપ તેને તું જો ! ॥૫॥

पश्यादित्यान् वसून् रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ! ॥६॥
इहैकस्थं जगत् कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश ! यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥७॥

-: શ્લોકાર્થ :-

હે ભરતકુળોત્પન્ન-અર્જુન ! મારામાં રહેલા બાર આદિત્યો, આઠ વસુઓ, અગિયાર રૂદ્રો, બે અશ્વિનીકુમારો, તથા ઓગણપચાશ મરૂતોને જો ! તેમજ પૂર્વે કદી નહિ જોયેલાં એવાં ઘણાંક આશ્ચર્યકારી રૂપોને પણ જો ! ॥૬॥

હે ગુડાકેશ ! હમણાં આ મારા શરીરમાં એક ભાગમાં રહેલું સચરાચર સઘળું વિશ્વ જો ! તેમજ-તું જે કાંઇ બીજું જોવા ઇચ્છતો હોય તે પણ જો ! ॥૭॥

-: ભાષ્યાર્થ :-

મારા આ એક જ દેહમાં બાર આદિત્યોને, આઠ વસુ નામે દેવોને, અગીયાર રૂદ્રોને, બે અશ્વિનીકુમારોને, તેમજ - ઓગણપચાશની સંખ્યાથી રહેલા મરૂત્ નામે દેવોને જો ! હે ભારત ! વળી તેં પૂર્વે ક્યારેય નહિ જોયેલાં એવાં ઘણાં અલૌકિક આશ્ચર્યને પણ જો ! ॥૬॥

હે ગુડાકેશ ! આ મારા દેહમાં તેમાંય પણ એક જ ભાગમાં રહેલું સ્થાવર-જંગમે સહિત, સઘળું વિશ્વ તેને તું હમણાં જ જો ! અને વળી-બીજું જે કંઈ આ યુદ્ધમાં થનારા જય-પરાજય આદિક પણ તારે જોવાની ઇચ્છા હોય, તો તે પણ જોઈ લે ! ॥૭॥

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य ! मे योगमैश्वरम् ॥८॥

-: શ્લોકાર્થ :-

પણ મને તું આ તારા પ્રાકૃત—માયિક ચક્ષુથી તો જોવા સમર્થ નહિ જ થાઉં. માટે હું તને દિવ્ય ચક્ષુ આપું છું. એનાથી તું મારું ઈશ્વરભાવને જણાવનારું યોગ-સામર્થ્ય જો ! ॥૮॥

-: ભાષ્યાર્થ :-

"આપનું અદ્‌ભુત રૂપ મેં જોઈ શકાય એવું છે, એમ જો આપ માનતા હો." એમ પૃથાપુત્ર અર્જુને જે કહ્યું હતું, તેના ઉત્તરમાં કહે છે.

આ પ્રાકૃત-માયિક જ એવા તારા પોતાના નેત્રથી તો, મને અપ્રાકૃત દિવ્યરૂપવાળાને, જોવાને સમર્થ નહિ થાઉં, માટે તને દિવ્ય-અપ્રાકૃત ચક્ષુ હું આપું છું. તે દિવ્ય ચક્ષુથી મારા અસંખ્ય કલ્યાણ ગુણગણોનો મારામાં નિત્ય સંયોગ અને અસંખ્ય મહાવિભૂતિરૂપ મારું ઐશ્વર્ય તેને પણ તું જો ! ॥૮॥

सञ्जय उवाच

एवमुक्त्वा ततो राजन् महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपपमैश्वरम् ।।९।।

-: શ્લોકાર્થ :-

સંજય કહે છે-હે રાજન્ ! મહાયોગેશ્વર અને સ્મરણમાત્રથી પાપને હરનારા ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે કહીને તુરત જ પૃથાપુત્ર-અર્જુનને પરમ ઐશ્વર્યયુક્ત પોતાનું રૂપ બતાવ્યું. ॥૯॥

-: ભાષ્યાર્થ :-

આ બધું વૃત્તાન્ત ધૃતરાષ્ટ્ર રાજાને સંજય કહી બતાવે છે -

હે ધૃતરાષ્ટ્ર રાજન્ ! આ પ્રમાણે કહીને પછી મહાયોગેશ્વર - મહાયોગૈશ્વર્યે સંપન્ન એવા મહાયોગીઓના પણ ઈશ્વર-સ્વામી નિયંતા, ચર્મચક્ષુને હરનારા શ્રીહરિ શ્રીકૃષ્ણ પરમાત્મા, પૃથાપુત્ર અર્જુનને સર્વોત્કૃષ્ટ એવું અસંખ્ય મહાવિભૂતિ-ઐશ્વર્યેયુક્ત રૂપ બતાવતા હવા. ॥૯॥

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ।।१०।।

-: શ્લોકાર્થ :-

અનેક મુખ અને અનેક નેત્રોએ યુક્ત, અનેક અદ્‌ભુત-આશ્ચર્યકારી દેખાવવાળું, અનેક દિવ્ય આભૂષણોએ યુક્ત, અને અનેક ઉગામેલાં દિવ્ય આયુધો ધારી રહેલું. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

તે રૂપ કેવું હતું ? એ કહી બતાવે છે.

જેમાં અનેક મુખ અને અનેક નેત્રો હતાં, અનેક અદ્‌ભુતતા ભરેલાં આશ્ચર્યો જેમાં જોવામાં આવતાં હતાં. અનેક દિવ્ય-અલૌકિક આભરણો ધારણ કરેલાં જેમાં હતાં. અને દિવ્ય અલૌકિક અનેક ઉગામેલા આયુધો જેમાં જોવામાં આવતાં હતાં. એવું એ રૂપ હતું. ॥૧૦॥

दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।
सर्वाश्चार्मयं देवमनन्तं विश्वतोमुखम् ॥११॥

-: શ્લોકાર્થ :-

દિવ્ય પુષ્પમાળાઓ અને વસ્ત્રો ધારણ કરી રહેલું, દિવ્ય ગંધનું બધે શરીરે જેને લેપન કરેલું છે. સર્વ આશ્ચર્યોથી પૂર્ણ, ચોતરફ સીમાએ રહિત, સર્વ બાજુએ મુખવાળું એવું વિરાટ રૂપ ભગવાને અર્જુનને બતાવ્યું. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

વળી- એ કેવું હતું ? તો કહે છે.

દિવ્ય-અલૌકિક માળારૂપે ગુંથેલાં પુષ્પો અને અનેક નાના પ્રકારનાં અંબરવસ્ત્રો જેણે ધાર્યા હતાં, દિવ્ય-અપાકૃત સુગન્ધ જેનો પ્રસરતો હતો એવો ચંદનનો લેપ- અર્ચા જેને કરેલો હતો. સઘળાં આશ્ચર્યોથી ભરપૂર, મહાતેજસ્વી-પ્રકાશમાન, અંતવર્જીત, ચારે બાજુએ જેને અનેક મુખ રહેલાં છે. આવા પ્રકારનું રૂપ શ્રીહરિએ પૃથાપુત્ર અર્જુનને બતાવ્યું. એમ પૂર્વશ્લોકની સાથે અન્વય-સંબંધ છે. ॥૧૧॥

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥१२॥

-: શ્લોકાર્થ :-

આકાશમાં હજારો સૂર્ય એક સાથે ઉદય પામ્યા હોય અને તેનો જેવો પ્રકાશ થાય, તે પ્રકાશ પણ મહાત્મા-વિશ્વરૂપ પરમાત્માના પ્રકાશને તુલ્ય કદાચિત્ થાય કે ન પણ થાય. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

હવે - તે રૂપને અભૂત-અસંભવિત ઉપમાથી નિરૂપણ કરે છે.

આકાશમાં હજારો -હજાર સૂર્ય એક સાથે ઉદય પામ્યા હોય અને તેનો એક સામટો જેવો મહાપ્રકાશ જો થાય, તો તે પ્રકાશ તે મહાત્મા-મહાસ્વરૂપ વિરાટ્સ્વરૂપના પ્રકાશને કોઈક રીતે સદૃશ થાય. ॥૧૨॥

तत्रैकस्थं जगत् कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥१३॥

-: શ્લોકાર્થ :-

પાંડુપુત્ર અર્જુને તે સમયમાં અનેક પ્રકારે ભિન્ન ભિન્ન રહેલું સઘળું જગત્ દેવોના પણ દેવ ભગવાન શ્રીકૃષ્ણના એ શરીરમાં એક ભાગમાં રહેલું દીઠું. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

ઉપર કહેવા પ્રમાણે અનેક મુખ વિગેરે વિશેષણોથી વિશિષ્ટ એવું તે, સર્વ બ્રહ્માદિક દેવો અને અપરિમિત મુક્તોને પણ ઉપાસ્ય એવા તે પરમાત્માનું જે શરીર, તેમાં અનેક પ્રકારે વિભક્ત રહેલું, એટલે કે બહુ પ્રકારના ભોક્તાઓનાં વૃન્દો, અનેક ભોગનાં સ્થાનો અને ભોગનાં ઉપકરણો - સાધનો, તેના ભેદથી વિભાગવાળુ, એવું પ્રકૃતિ-પુરુષાદિક સઘળું સ્થાવર-જંગમાત્મક વિશ્વ, તે એ શરીરના એક પ્રદેશમાં રહેલું તેને, શ્રીકૃષ્ણ ભગવાને જેને દિવ્ય દૃષ્ટિ આપી છે, એવો પાંડુપુત્ર અર્જુન તે સમયમાં જોવા લાગ્યો ॥૧૩॥

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनञ्जयः ।
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥१४॥

-: શ્લોકાર્થ :-

અને તે પછી આવા આશ્ચર્યથી ચકિત અને રોમાંચ શરીરવાળો અર્જુન પ્રકાશમય વિશ્વરૂપ શ્રીકૃષ્ણ પરમાત્માને શ્રદ્ધા-ભક્તિપૂર્વક મસ્તકથી નમસ્કાર કરી હાથ જોડીને કહેવા લાગ્યો. ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

તે અદ્ભુત રૂપ જોઈને પછી અર્જુને શું કહ્યું ? એના સમાધાનમાં કહે છે.

તે વિશ્વરૂપ ભગવાનનાં દર્શન કર્યા પછી. તે અદ્ભુત - નવીનરૂપ જોઈને વિસ્મય પામી ગયેલો અને શરીરે જેને રોમાંચ થઈ આવ્યો છે, એવો ધનંજય-

અર્જુન, સકળ વિશ્વના ધારક, સર્વના પ્રવર્તક, બહુ જ અદ્‌ભુતાકૃતિ જણાતા, અનંત અપાર જ્ઞાન, બળ, ઐશ્વર્ય વિગેરે મંગળ ગુણગણોના સાગરસમા અને બ્રહ્માદિક સર્વ દેવોના પણ દેવ-સ્વામી, એવા ભગવાનને મસ્તકથી નમસ્કાર કરીને બન્ને હાથ જોડીને આગળ પ્રમાણે કહેવા લાગ્યો ॥૧૪॥

अर्जुन उवाच

पश्यामि देवांस्तव देव ! देहे, सर्वांस्तथा भूतविशेषसङ्घान् ।
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥१५॥

-: શ્લોકાર્થ :-

અર્જુન કહે છે-હે પ્રકાશમૂર્તે ! હું આપના શરીરમાં સઘળા દેવોને, તથા અનેક ભૂતોના સમુદાયોને, તથા કમળરૂપ આસનમાં બેઠેલા બ્રહ્માને, તથા શંકરને તથા સર્વ ઋષિઓને તેમજ દિવ્ય આકારવાળા સર્પોને હું દેખું છું. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

અર્જુન નમસ્કાર કરીને પ્રાર્થના કરતાં સત્તર શ્લોકથી કહે છે -

હે દેવ ! આપના દેહમાં સર્વ ઈન્દ્રાદિક દેવોને, તથા સર્વ જરાયુજ વિગેરે અનેક પ્રકારના ભૂત-પ્રાણીઓના સમૂહોને, તેમજ - દિવ્ય એવા ભૃગુ અને વસિષ્ઠાદિક ઋષિઓને તથા તક્ષકાદિક મહાસર્પોને, ભૂમિરૂપ સુંદર કમળમાં કર્ણિકાભૂત મેરૂ આસનમાં રહેલા, અથવા તો આપના નાભિ-પદ્મમાં રહેલા, એવા બ્રહ્માને તથા રૂદ્ર-શંકરને એ સર્વને હું જોઉં છું. (જોઉં છું. એ પદ દરેક વાક્યને લાગું કરવું.) ॥૧૫॥

अनेकबाहूदरवक्त्रनेत्रम्, पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ।
नान्तं न मध्यं न पुनस्तवादिम्, पश्यामि विश्वेश्वर ! विश्वरूपम् ॥१६॥

-: શ્લોકાર્થ :-

હે વિશ્વના સ્વામી સમર્થ દેવ ! હું આપને અનેક ભુજા, ઉદર, મુખ અને નેત્રોવાળા તથા સર્વ બાજુએ અનંત રૂપે દેખાતા જોઉં છું. હે વિશ્વરૂપ ! હું આપનો અન્ત-છેડો નથી દેખતો, કે નથી મધ્ય દેખતો, તેમજ આપનો આદિ ભાગ પણ હું નથી જ દેતો. ॥૧૬॥

-: ભાષ્યાર્થ :-

હે વિશ્વેશ્વર ! સકળ વિશ્વરૂપ - શરીર જેનું છે. અનેક બાહુઓ, ઉદરો, મુખો અને નેત્રો જેને છે. અને અંત વર્જીત અનંત રૂપ-સ્વરૂપ જેનું છે. એવા આપને હું

ચોતરફ સર્વ દિશાઓમાં જોઉં છું. અને આપની અનંતતાને લીધે તમારો અંત-પાર, મધ્ય ભાગ અને તમારો આદિ-આરંભ, એ કંઈ હું જોતો જ નથી ॥૧૬॥

किरीटिनं गदिनं चक्रिणं च, तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्तात्, दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

હું આપને મુકુટવાળા, ગદાવાળા, ચક્રવાળા, તથા સર્વથા તેજના સમૂહરૂપ અને સર્વ બાજુએથી મહા કાંતિમાન, તથા બળતો અગ્નિ અને સૂર્યને સમાન પ્રકાશમય અને સર્વ બાજુએથી અમાપસ્વરૂપ અને સામું પણ ન જોઈ શકાય એવા દુર્નિરીક્ષ્યરૂપ આપને દેખું છું. ॥૧૭॥

**-: ભાષ્યાર્થ :-**

ફરીથી એજ રૂપને વિશેષણો આપીને વર્ણન કરે છે - અને વસ્તુતાએ તો વિશ્વરૂપનાં દર્શન કર્યા પછી બ્રહ્મરૂપ તેજના સમૂહમાં સાક્ષાત્ પુરુષોત્તમનું જ દર્શન થયું એમ કહે છે -

સર્વ બાજુએથી અતિશય પ્રકાશમય હોવાથી સર્વ પ્રકારે પ્રકાશમાન એવા અનેક કોટિ અગ્નિ અને સૂર્યના જેવો મહાપ્રકાશ જેનો છે અને તેથી જ માપી ન શકાય એવા અમાપ-અપાર તેજના સમૂહરૂપ બ્રહ્મજ્યોતિ-બ્રહ્મ ધામને હું જોઉં છું.

અને વળી તે તેજના સમૂહમાં - મસ્તકે મુકુટ ધારી રહેલા, એક હાથમાં ગદા ધારી રહેલા, અને બીજા હાથમાં ચક્ર ધારી રહેલા, આ બે વિશેષણોથી અક્ષર બ્રહ્મરૂપ તેજના સમૂહમાં પણ એ ભગવાન સદાય દ્વિભુજ-મૂર્તિ જ રહેલા છે. એમ સ્પષ્ટ સમજાય છે. વળી - તમારું રૂપ કૈવલ્યાર્થિઓને મહાકષ્ટથી પણ દેખવામાં ન આવે એવું છે. આવા તમને હું જોઉ છું. તે વાત દશમ સ્કંધમાં કહી છે - "સત્ય, જ્ઞાન અનંત એવો જે સનાતન બ્રહ્મજ્યોતિ-તેજનો સમૂહ છે, કે જે બ્રહ્મજયોતિને ભગવાનના ઉપાસક મુનિઓ ગુણનો સંબંધ છૂટી ગયા પછી શુદ્ધ સાવધાન થકા જુએ છે - સાક્ષાત્ કરે છે. અને તે બ્રહ્મજયોતિમાં મૂર્તિમાન વેદોએ સ્તુતિ કરાતા કૃષ્ણને અતિશય વિસ્મય પામ્યા થકા જુએ છે - સાક્ષાત્ દર્શન કરે છે." વળી-હરિવંશમાં પણ કહ્યું છે "તે પછી તે સમયમાં આકાશમાં ચોતરફ દેદીપ્યમાન તેજ જોવામાં આવ્યું. કે જે તેજ સર્વલોકમાં વ્યાપીને પુરુષના જેવા વિગ્રહે યુક્ત રહેલું હતું" વળી તે જ પ્રમાણે તે હરિવંશમાં જ અર્જુનના પ્રત્યે

ભગવાનનું વાક્ય છે - "હે ભરતશ્રેષ્ઠ ! બ્રહ્મરૂપ તેજોમય એવું જે મોટું દિવ્ય વસ્તુ તે દીઠું તે હું જ છું. એ મારું જ તેજ છે. અને તે સનાતન છે. અને તે પર-પ્રધાન દ્વારા જેને છે. એવું પરમ-સર્વશ્રેષ્ઠ બ્રહ્મ-પરમાત્મા તે સર્વ જગત્‌ને નામ-રૂપના વિભાગથી વિસ્તારે છે. માટે હે ભારત ! તે ઘાટું બ્રહ્મરૂપ તેજ તે મને જ જાણવાને યોગ્ય છું અર્થાત્ મને જ એ તું જાણ ! ॥૧૭॥

त्वमक्षरं परमं वेदितव्यं, त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता, सनातनस्त्वं पुरुषो मतो मे ॥१८॥

-: શ્લોકાર્થ :-

આપ જ જાણવા યોગ્ય-જ્ઞેયસ્વરૂપ પરમ અક્ષર છો. આપ જ આ સકળ વિશ્વના પરમ નિધાન-આશ્રય છો. શાશ્વત-સનાતન ધર્મના રક્ષક આપ જ છો. તથા અવ્યયસ્વરૂપ સનાતન પુરુષ-પરમાત્મા આપ જ છો. એમ મારો મત-અભિપ્રાય છે. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

પરમ ભાગવત સંતોએ જાણવા યોગ્ય એવું પરમ અક્ષર, એટલે કે - અક્ષર શબ્દથી નિર્દેશ કરીને કહેવાતું જે બ્રહ્મ, તેનાથી શ્રેષ્ઠ અક્ષર, અર્થાત્ "સર્વથી પર જે અક્ષર તેથી પણ જે પર -શ્રેષ્ઠ છે." એ શ્રુતિમાં કહેલા પુરુષોત્તમસ્વરૂપ તે તમે જ છો. વળી - આ મારી દૃષ્ટિ સમક્ષ પ્રત્યક્ષ દેખાતા સમગ્ર વિશ્વના પરમ નિધાન-સર્વની અપેક્ષાએ મુખ્ય આધારભૂત તમે જ છો. સનાતન વેદપ્રતિપાદિત એવા તમારા એકાંતિક ભાગવત ધર્મના રક્ષક -પોષક પણ તમે જ છો. વળી અવિનાશી સનાતન- નિત્યસિદ્ધ જે પુરુષ એટલે કે - "પરાત્પર એવા દિવ્યાકાર પુરુષ પરમાત્માને પામે છે." "પુરુષ પરમાત્મા થકી બીજું કંઈ પર તત્ત્વ નથી, એ જ છેલ્લું - સર્વોપરિ તત્ત્વ છે. અને એ જ પરમ- સર્વોત્કૃષ્ટ ગતિ-પ્રાપ્તિ છે" એ મહામહિમા સંપન્ન પુરુષ પરમાત્માને હું જાણું છું" ઈત્યાદિક શ્રુતિઓએ વર્ણન કરેલા પરમ પુરુષ-પરમાત્મા તમે જ છો. એમ મેં માન્યા છે. - વસુદેવના પુત્રપણે અવતરેલા આપ જ સાક્ષાત્ વાસુદેવ છો. એમ મેં જાણ્યા છે - ઓળખ્યા છે. ॥૧૮॥

अनादिमध्यान्तमनन्तवीर्य-मनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं, स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥१९॥

-: શ્લોકાર્થ :-

આપને આદિ, મધ્ય અને અંતે વર્જીત, અનંત વીર્ય-પરાક્રમવાળા, અનંત ભુજાઓવાળા, ચંદ્ર-સૂર્યરૂપ નેત્રોવાળા, પ્રજ્વલિત જ્વાળાઓવાળો અગ્નિ જેના મુખમાં રહેલો છે. અને પોતાના તેજથી આ સઘળા વિશ્વને તપાવતા એવા હું જોઉં છું. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

વળી - ફરીથી વિશ્વરૂપનાં દર્શન કરીને ભગવાનના પ્રત્યે કહે છે -

આદિ, મધ્ય અને અંત, એવા વિભાગરૂપ કાળપરિચ્છેદથી રહિત, વીર્ય અને શૌર્યાદિક અનંત ગુણગણોએ સંપન્ન, અનંત-અસંખ્યાત બાહુઓ જેમને છે, બાહુઓ કહ્યા તે ઉપરથી મુખ વિગેરે અવયવો પણ અનંત જ સમજવા. શશિસૂર્યનેત્ર-લોકોને શાંતિ અને પરિતાપ કરનારાં ચંદ્ર અને સૂર્યની માફક દેવો અને અસુરોને સુખ અને પરિતાપ કરનારાં એવાં દરેક મુખમાં બબ્બે નેત્રો જેમને છે, પ્રજ્વલિત-બળતો અગ્નિ એક મુખમાં અથવા સર્વ મુખોમાં જેમને રહેલો છે, અને પોતાના તેજ પ્રભાવથી આ વિશ્વને સારી પેઠે તાપ પમાડતા એવા તમને હું જોવું છું. ॥૧૯॥

द्यावापृथिव्योरिदमन्तरं हि, व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं, लोकत्रयं प्रव्यथितं महात्मन् ! ॥२०॥

-: શ્લોકાર્થ :-

હે મહાત્મન્ ! સ્વર્ગ લોક અને આ પૃથ્વી લોક એ બેનો વચલો સઘળો આકાશનો ભાગ તથા સર્વ દિશાઓ તમો એકલાથી જ વ્યાપ્ત-પૂર્ણ છે. અને આ આપનું આશ્ચર્યકારી અને ઉગ્ર-ભયંકર રૂપ જોઈને સઘળી ત્રિલોકી અતિશય વ્યથા પામી ગઈ છે. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

સ્વર્ગ લોક અને આ ભૂલોક એ બેની વચ્ચેનો સઘળો ભાગ તમો એકલાએ જ વ્યાપેલો છે. સર્વ-આજુબાજુની દશેય દિશાઓ પણ તમોએ જ વ્યાપેલી છે. હે મહાત્મન્ ! પૂર્વે કોઈ વખત નહિ જોયેલું અને અતિ ભયંકર એવું તમારું આ રૂપ જોઈને ત્રણેય લોકમાં રહેલા સઘળા જનો અત્યંત ભયભીત બની ગયા છે. ॥૨૦॥

अमी हि त्वां सुरसङ्घा विशन्ति, केचिद्भीताः प्राञ्जलयो गृणन्ति ।
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसङ्घाः, स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥२१॥

-: શ્લોકાર્થ :-

આ સઘળા દેવતાઓના સમૂહો આપના પ્રત્યે જ પ્રવેશ કરી રહ્યા છે. અને કેટલાક ભયભીત થઈને હાથ જોડીને આપની સ્તુતિ કરે છે. તેમજ મહર્ષિઓ અને સિદ્ધોના સમૂહો "કલ્યાણ હો" એમ કહીને ઘણાં ઉત્તમ સ્તુતિવચનરૂપ સ્તોત્રોથી આપની સ્તુતિ કરે છે. ।।૨૧।।

-: ભાષ્યાર્થ :-

આ સઘળા બ્રહ્માદિક દેવસમૂહો સર્વોત્કૃષ્ટ આપને જોઈને પ્રેમથી પ્રફુલ્લિત નેત્રો જેમનાં છે એવા થકા આપની પાસે આવે છે. વળી - તેમાંથી કેટલાક ભય પામ્યા થકા દૂર ઉભા રહીને બન્ને હાથ જોડીને આપની સ્તુતિ કરે છે. સર્વ મહર્ષિઓ અને સિદ્ધ પુરુષોના સમૂહો, કે જેઓ ભગવત્સ્વરૂપના મહિમા-સામર્થ્યને યથાર્થ જાણનારા છે. તેઓ "સ્વસ્તિ-મંગળ થાઓ !" એમ બોલીને પુષ્કળ સ્તુતિઓથી - શ્લાઘાવચનોથી આપની સ્તુતિ કરે છે. ।।૨૧।।

रुद्रादित्या वसवो ये च साध्या, विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।
गन्धर्वयक्षासुरसिद्धसङ्घा, वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ।।२२।।

-: શ્લોકાર્થ :-

અગીયાર રૂદ્રો, બાર આદિત્યો, આઠ વસુઓ, સાધ્ય દેવો, વિશ્વ દેવો, અશ્વિનીકુમારો, મરૂત્-વાયુગણો તથા પિતૃગણો, તેમજ-ગંધર્વ, યક્ષ, અસુર અને સિદ્ધોના સમૂહો, આ સર્વે વિસ્મિત-ચકિત થઈને ભયપૂર્વક આપને જોઈ રહ્યા છે. ।।૨૨।।

-: ભાષ્યાર્થ :-

વળી - હે પ્રભો ! સર્વ રૂદ્રો, આદિત્યો, વસુઓ અને સાધ્ય નામે જે પ્રસિદ્ધ દેવો છે, તથા વિશ્વ દેવો, અશ્વિન નામે બે દેવો, મરૂત નામે દેવગણો, ઉષ્માનું પાન કરનારા પિતૃદેવો, સર્વ ગંધર્વો, યક્ષો, અસુરો અને સિદ્ધો, એ સર્વના સમૂહો પણ વિસ્મય પામ્યા થકા આપને જોઈ રહ્યા છે. ।।૨૨।।

रूपं महत्ते बहुवक्त्रनेत्रं, महाबाहो ! बहुबाहूरुपादम् ।
बहूदरं बहुदंष्ट्राकरालं, दृष्ट्वालोकाः प्रव्यथितास्तथाहम् ।।२३।।

-: શ્લોકાર્થ :-

હે મહાબાહો ! આપનું બહુ મુખ અને બહુ નેત્રોવાળું, ઘણાક બાહુઓ, સાથળો અને પગોવાળું, બહુ ઉદરવાળું બહુ દાઢોથી ભયંકર લાગતું, એવું આ મોટું રૂપ-આકૃતિ જોઈને સઘળા લોકો વ્યાકુળ થઈ ગયા છે. અને હું પણ વ્યાકુળ થઈ ગયો છું. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

હે મહાબાહો ! ઘણાં મુખ અને નેત્રો જેમાં છે, ઘણાં બાહુઓ, સાથળો અને પાદો જેમાં છે, ઘણાં ઉદરો જેમાં છે, ઘણી મોટી મોટી દાઢોને લીધે ભયંકર જણાતું, એવું અતિ મોટું તમારું રૂપ જોઈને ભક્ત, અભક્ત અને સામાન્ય લોકો, એ બધાય અતિ ભય પામી ગયા છે. તેમજ હું પણ અતિ ભય પામ્યો છું. ॥૨૩॥

नभःस्पृशं दीप्तमनेकवर्णं, व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा, धृतिं न विन्दामि शमं च विष्णो ! ॥२४॥

-: શ્લોકાર્થ :-

કારણ કે-હે વિષ્ણો ! આકાશને અડી રહેલા, દેદીપ્યમાન-પ્રકાશમય, અનેક વર્ણ-રંગવાળા, ફાડેલું મુખ અને પ્રજ્વલિત વિશાળ નેત્રોવાળા એવા આપને જોઈને અતિ વ્યથા પામેલો ભયભીત અંતઃકરણવાળો હું ધીરજ નથી પામતો, તેમ મને શાંતિ પણ નથી થતી. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

હું પણ અતિ વ્યથા પામ્યો છું. એમ જે કહ્યું તેને ફરીથી વિશેષપણે કહી બતાવે છે -

આકાશને સ્પર્શ કરી રહેલા, એટલે કે - અતિ ઉંચા પ્રદેશમાં વ્યાપી રહેલા, અતિ તેજોમય આકૃતિવાળા, શુકલ, કૃષ્ણ અને પીળો વિગેરે ઘણાં વર્ણ-રંગ જેમના શરીરના જોવામાં આવે છે, પહોળું મુખ કરી રહેલા, પ્રજ્વલિત વિશાળ નેત્રો જેમનાં છે, એવા આપને જોઈને હે સર્વવ્યાપી પ્રભો ! અતિ ભય પામ્યું છે મન જેનું એવો હું હવે ધૈર્ય નથી રાખી શકતો અને મને શાંતિ પણ થતી નથી. અર્થાત્ આપનું આ રૂપ જોઈને હું ગભરાઉં છું. ॥૨૪॥

दंष्ट्राकरालानि च ते मुखानि, दृष्ट्वैव कालानलसन्निभान ।
दिशो न जाने न लभे च शर्म, प्रसीद देवेश ! जगन्निवास ! ॥२५॥

-: શ્લોકાર્થ :-

આપનાં દાઢોને લીધે ભયંકર લાગતાં અને પ્રલય કાળના અગ્નિ સમાન પ્રજ્વલિત મુખો જોઈને હું દિશાઓ પણ જાણતો નથી, તેમ મને સુખ પણ થતું નથી, માટે હે દેવેશ ! હે જગન્નિવાસ ! આપ પ્રસન્ન થાઓ ! ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

હે જગન્નિવાસ ! - અંતર્યામીપણે સર્વ જગત્‌માં નિવાસ કરી રહેલા હે પ્રભો! પ્રલય સમયના કાળાગ્નિ જેવાં ભયંકર, અતિ ઉગ્ર મોટી મોટી દાઢોને લીધે મહાત્રાસ ઉપજાવનારા, એવાં આપનાં મુખ જોઈને જ મને દિશાઓના વિભાગ પણ જણાતા નથી. તેમ મને સુખ-શાંતિ પણ થતી નથી. હે દેવેશ ! આપ મારી ઉપર પ્રસન્ન થાઓ ! ॥૨૫॥

भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ, सहास्मदीयैरपि योधमुख्यैः ।
अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः, सर्वे सहैवावनिपालसङ्घैः ॥२६॥
वक्त्राणि ते त्वरमाणा विशन्ति दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनान्तरेषु, सन्दृश्यते चूर्णितैरुत्तमाङ्गैः ॥२७॥

-: શ્લોકાર્થ :-

આ સઘળા ધૃતરાષ્ટ્રના છોકરાઓ સર્વ અવનિપાળોએ સહિત આપનામાં પ્રવેશ કરી રહ્યા છે, આ ભીષ્મ-પિતામહ, દ્રોણાચાર્ય અને આ સૂતપુત્ર–કર્ણ, તથા અમારા પક્ષના પણ મુખ્ય મુખ્ય યોદ્ધાઓએ સહિત સહુ કોઈ અતિ ત્વરાપૂર્વક વિકરાળ દાઢોને લીધે અતિ ભયાનક આપના મુખમાં પ્રવેશ કરી રહ્યા છે. અને કેટલાક તો ભાંગી ગયેલાં મસ્તકોએ સહિત આપના દાંતોના અંતરાળ ભાગમાં વળગી રહેલા દેખાય છે. ॥૨૬-૨૭॥

-: ભાષ્યાર્થ :-

“જે બીજું તું જોવાને ઇચ્છે છે - ઇચ્છતો હોય, તે પણ મારા દેહમાં તું જો” એમ ભગવાન શ્રીકૃષ્ણે પ્રથમ શરૂઆતમાં કહ્યું હતું, તેને જોતો થકો અર્જુન પાંચ શ્લોકથી કહે છે.

પોતાના પક્ષના જયદ્રથાદિક રાજાઓના સમૂહોએ સહિત જ આ ધૃતરાષ્ટના સઘળા છોકરાઓ દુર્યોધનાદિક, તેમજ આપણા પક્ષના શિખંડી અને ધૃષ્ટદ્યુમ્ન

વિગેરે મુખ્ય મોટા યોદ્ધાઓએ સહિત, ભીષ્મ પિતા, દ્રોણ ગુરુ, તથા આ સૂતપુત્ર કર્ણ, એ બધાય તમારા પ્રત્યે ત્વરાથી ખેંચાતા હોય એમ વેગપૂર્વક તમારાં મુખોમાં પ્રવેશ કરી રહ્યા છે. ॥૨૬॥

કેવાં તમારાં મુખ છે ? તો કહે છે - દાઢોને લીધે ભયંકર અને મહાત્રાસ ઉપજાવનારાં છે તેમાંથી કેટલાક તો દાંતોના મધ્ય ભાગમાં વળગેલા એવા થકા જેમનાં મસ્તકો ભાંગીને ચૂરે ચરા થઈ જાય છે. એવા મારા જોવામાં આવે છે. ॥૨૭॥

**यथा नदीनां बहवोऽम्बुवेगाः, समुद्रमेवाभिमुखा द्रवन्ति ।**
**तथा तवामी नरलोकवीरा, विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥२८॥**

**-: શ્લોકાર્થ :-**

જેમ નદીઓના ઘણાક જળના પ્રવાહો સ્વાભાવિકપણે સમુદ્ર તરફ જ વેગપૂર્વક દોડે છે. એટલે કે સમુદ્રમાં જ જેમ પ્રવેશ કરે છે. તેમજ આ સઘળા નર લોકના વીરો પણ આપનાં અતિ પ્રજ્વલિત મુખોમાં પ્રવેશ કરી રહ્યા છે. ॥૨૮॥

**-: ભાષ્યાર્થ :-**

તેઓના પ્રવેશમાં દૃષ્ટાન્ત કહી બતાવે છે.

ગંગા અને યમુના આદિક નદીઓના બહુ મોટા વેગવાળા જળના પ્રવાહો સાગરને સન્મુખ દોડતા થકા જેમ સાગરમાં જ દોડી જઈને પ્રવેશ કરી જાય છે, તે જ પ્રમાણે આ બન્ને સેનાઓમાં રહેલા મનુષ લોકના મોટા મોટા યોદ્ધાઓ ચોતરફથી પ્રજ્વલિત અર્થાત્ મોટી મોટી જ્વાલાઓ જેમાંથી નીકળે છે એવાં તમારાં મુખમાં સર્વ પ્રકારે પ્રવેશ કરી રહ્યા છે. ॥૨૮॥

**यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा विशन्ति नाशाय समृद्धवेगाः ।**
**तथैव नाशाय विशन्ति लोका- स्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥२९॥**

**-: શ્લોકાર્થ :-**

જેમ બળતા અગ્નિ પ્રત્યે પતંગીઆઓ આંધળા થઈને પોતાના નાશ માટે અતિ વેગથી દોડતા થકા પ્રવેશ કરે છે. તે જ પ્રમાણે આ સઘળા લોક પણ પોતાના નાશને માટે જ આપના મુખોમાં અતિ વેગપૂર્વક દોડતા પ્રવેશ કરી રહ્યા છે. ॥૨૯॥

-: ભાષ્યાર્થ :-

અબુદ્ધિપૂર્વકના પ્રવેશમાં દૃષ્ટાંત કહીને, હવે - જ્ઞાનપૂર્વક પ્રવેશમાં દૃષ્ટાંત કહી બતાવે છે -

પ્રજ્વલિત-બળતી અગ્નિની જ્વાળાઓ પ્રત્યે પતંગીઆઓ પુષ્કળ વેગવાળા થઈને જેમ પોતાના નાશને માટે જ જ્ઞાનપૂર્વક-જાણી જોઈને જ પ્રવેશ કરે છે - તેમાં પડે છે, તે જ પ્રમાણે આ દુર્યોધનાદિક સઘળા લોકોય પણ અતિ વેગવાન થકા આપના મુખમાં નાશ પામવાને માટે જ પ્રવેશે છે. ॥૨૯॥

लेलिह्यसे ग्रसमानः समन्तात्, लोकान् समग्रान् वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्य जगत् समग्र-म्भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ! ॥३०॥

-: શ્લોકાર્થ :-

આપ આ સઘળા લોકોને પ્રજ્વલિત મુખોથી ગળી લેતા થકા ચોતરફથી ચાટી રહ્યા છો. હે વિષ્ણો ! આપની ઉગ્ર કાંતિઓ સમગ્ર જગત્‌ને પોતાના તેજથી ભરી કાઢીને અતિ તપાયમાન જણાય છે.- તપી રહી છે. ॥૩૦॥

-: ભાષ્યાર્થ :-

ઉપર કહેવા પ્રમાણે સઘળા લોકો - આમ અતિ વેગથી આપના મુખમાં પ્રવેશ કરતા આ સઘળા યોદ્ધાઓને, પ્રજ્વલિત એવાં આપનાં મુખોથી સર્વ પ્રકારે ગળી લેતા થકા આપ આપના મુખને જીહ્વાથી વારંવાર ચાટો છો. હે વિષ્ણો ! આપની અતિ તીક્ષ્ણ કિરણો, તેજ-પ્રકાશથી સઘળા જગત્‌ને પૂરી દઈને- વ્યાપીને પ્રકાશે છે. અથવા પરિતાપ પમાડે છે. ॥૩૦॥

आख्याहि मे को भवानुग्ररूपो, नमोऽस्तु ते देववर ! प्रसीद ! ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं, न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥३१॥

-: શ્લોકાર્થ :-

મને કહો ! કે આવા ઉગ્ર-ભયાનક રૂપવાળા આપ કોણ છો ? હે દેવવર ! આપને નમસ્કાર છે. આપ પ્રસન્ન થાઓ ! આદિપુરુષ આપને હું વિશેષપણે જાણવા ઈચ્છું છું. કેમ કે-આપની આ પ્રવૃત્તિ મારા સમજવામાં નથી આવતી. ॥૩૧॥

-: ભાષ્યાર્થ :-

અતિ ભયંકર રૂપવાળા આપ કોણ છો ? અને શા માટે આ ભયંકર રૂપ પ્રગટ કર્યું છે ? એમ પૂછતાં અર્જુન કહે છે :

આવા ભયાનક આકૃતિવાળા તમે કોણ છો ? એમ સર્વના આદિ કારણભૂત આપને હું જાણવાને ઇચ્છું છું. આ તમારી પ્રવૃત્તિ શાને માટે છે ? અર્થાત્ આપ આમ કેમ પ્રવર્ત્યા છો ? એ હું નથી જાણતો, ખરેખર જ. માટે મને કહો. ! તમને મારા નમસ્કાર હો ! હે દેવવર ! આપ મારી ઉપર પ્રસન્ન થાઓ ! ॥૩૧॥

श्री भगवानुवाच

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो, लोकान् समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे, येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥३२॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે-હું લોકોનો ક્ષય-સંહાર કરનારો મહાબળવાન કાળ છું. અને હાલ-અહીંયા આ સર્વ લોકોનો સંહાર કરવા પ્રવર્તેલો છું. માટે જે સામા પક્ષની સેનાઓમાં રહેલા યોદ્ધાઓ છે. તે સઘળાય પણ એક તારા સિવાય નહિ રહે. અર્થાત્ તું યુદ્ધ નહિ કરે તોય તે સર્વ જીવવાના નથી. મરવાના જ છે. ॥૩૨॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે અર્જુને પૂછેલા ભગવાન જે પોતે છે, અને જેને માટે આ પોતાની પ્રવૃત્તિ છે તે ત્રણ શ્લોકથી કહી બતાવે છે.

સર્વ લોકોનો ક્ષય-નાશ કરનારો અને ભયાનક રૂપે વૃદ્ધિ પામેલો હું કાળસ્વરૂપ છું. અને પૃથ્વીના ભારરૂપ અધર્મી પાપી લોકોનો સંહાર કરવા આ લોકમાં હું પ્રવર્તેલો છું. માટે આ દરેક સૈન્યોમાં એટલે કે - ભીષ્મ, દ્રોણ અને જયદ્રથ આદિકના સર્વ સૈન્યમાં જે જે યોદ્ધાઓ રહેલા છે, તે સર્વે તારા સિવાય, અર્થાત્ તારા ઉદ્યમ સિવાય પણ નહિ રહે - નહિ જીવે. અથવા એ બધાય તે સર્વનો ઘાતક એવો તું તે તારા એક સિવાય નહિ જ જીવતા રહે. ॥૩૨॥

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व !, जित्वा शत्रून् भुङ्क्ष्व ! राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव, निमित्तमात्रं भव सव्यसाचिन् ! ॥३३॥

-: શ્લોકાર્થ :-

માટે તું ઉઠ ! યશ પ્રાપ્ત કરી લે ! અને શત્રુઓને જીતીને ધન—ધાન્યાદિ સમૃદ્ધિથી સમૃદ્ધ રાજ્ય ભોગવ ! આ સર્વ શૂરવીર યોદ્ધાઓને મેં પ્રથમથી જ-

મારી દૃષ્ટિમાત્રથી મારી મૂકેલા છે. અને હે સવ્યસાચિન્ ! તું તો આ યુદ્ધમાં જય પામવામાં નિમિત્તમાત્ર જ થા ! ॥૩૩॥

**-: ભાષ્યાર્થ :-**

તો જ્યારે આમ મારા સંકલ્પથી જ તારા ઉદ્યમ સિવાય પણ આ બધાય વિનાશ પામી જવાના છે. માટે તું યુદ્ધ કરવાને માટે ઉઠ ! તૈયાર થઈ જા ! અને "ઈન્દ્રાદિક દેવોએ પણ જીતવાને અશક્ય એવા ભીષ્મ અને દ્રોણાદિક તે ધનંજય-અર્જુને યુદ્ધમાં હણી નાખ્યા." એવી દેવદુર્લભ કીર્તિને તું પામ ! અને એમ શત્રુઓને જીતીને સમૃદ્ધ રાજ્ય ભોગવ્ય ! અને આ તારા શત્રુઓ આ તારો રણસંગ્રામ થતા પહેલાં જ કાળરૂપ મેં હણી નાખેલા જ છે. માટે હે સવ્યસાચિન્ ! આ વિજયમાં તું નિમિત્તમાત્ર જ થા ! ॥૩૩॥

**द्रोणं च भीष्मं च जयद्रथं च, कर्णं तथान्यानपि योधवीरान् ।**
**मया हतांस्त्वं जहि । मा व्यथिष्ठा, युध्यस्व ! जेतासि रणे सपत्नान् ॥३४॥**

**-: શ્લોકાર્થ :-**

દ્રોણાચાર્ય અને ભીષ્મપિતામહ, તથા જયદ્રથ અને કર્ણ, તથા બીજા પણ ઘણાક મારા દ્વારા હણાયેલા શૂરવીર યોદ્ધાઓને તું માર ! તું વ્યથા ન પામીશ, નિઃસંદેહ તું યુદ્ધ કર ! રણ-સંગ્રામમાં શત્રુઓને તું જ જીતનારો છે. ॥૩૪॥

**-: ભાષ્યાર્થ :-**

આ દ્રોણ, ભીષ્મ, જયદ્રથ અને કર્ણ તથા બીજા પણ મુખ્ય યોદ્ધાઓને મેં હણી નાખ્યા જેવા જ છે. માટે એ સર્વ યોદ્ધાઓને તું નાશ કરી નાખ ! અને "આ અતિ બળીયા ભીષ્મ-દ્રોણાદિકને અલ્પ સામર્થ્યવાળા મેં કેવી રીતે મારી શકાય ?" એવી મનમાં વ્યથા કે શંકા પામીશ જ નહિ. રણમાં શત્રુઓને તું જીતનારો જ છે. ॥૩૪॥

**सञ्जय उवाच**

**एतच्छ्रुत्वा वचनं केशवस्य, कृताञ्जलिर्वेपमानः किरीटी ।**
**नमस्कृत्वा भूय एवाह कृष्णं, सगद्गदं भीतभीतः प्रणम्य ॥३५॥**

**-: શ્લોકાર્થ :-**

સંજય કહે છે—કેશવ ભગવાનનું આવું વચન સાંભળીને મુકુટધારી અર્જુન હાથ જોડીને થર-થર કંપતો નમસ્કાર કરીને ફરીથી પણ અત્યંત

ભયભીત થઈ જઈને પ્રણામ કરીને ભગવાન શ્રીકૃષ્ણના પ્રત્યે ગદ્‌ગદ વાણીથી કહેવા લાગ્યો- ॥૩૫॥

**-: ભાષ્યાર્થ :-**

આ સઘળું યુદ્ધનું વૃત્તાંત અંબિકાપુત્ર-ધૃતરાષ્ટ્રના પ્રત્યે સંજય કહી બતાવે છે-

સર્વેશ્વર ભગવાન શ્રીકૃષ્ણનું આ પૂર્વ શ્લોકમાં કહેલું વચન સાંભળીને બન્ને હાથ જોડી રહેલો, ઈન્દ્રે આપેલા મુકુટવાળો અર્જુન થરથર કંપતો કંપતો કૃષ્ણને નમસ્કાર કરીને અતિ ભયભીત બની જઈને નમ્ર થઈને ફરીથી ગદ્‌ગદ થઈને કૃષ્ણના પ્રત્યે કહેવા લાગ્યો ॥૩૫॥

अर्जुन उवाच

स्थाने हृषीकेश ! तव प्रकीर्त्या, जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवन्ति, सर्वे नमस्यन्ति च सिद्धसङ्घाः ॥३६॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન કહે છે-હે અંતર્યામીન્ ! આપનાં નામ અને ગુણ તથા પ્રભાવનું કીર્તન કરવાથી સઘળું જગત્ અતિ હર્ષિત થઈ રહ્યું છે. અને આપનામાં અતિ સ્નેહાતુર બની જાય છે. તેમજ ભયભીત થયેલા રાક્ષસગણો ચોતરફ દિશાઓમાં દોડી જાય છે. અને સર્વ સિદ્ધગણો નમસ્કાર કરી રહ્યા છે. ॥૩૬॥

**-: ભાષ્યાર્થ :-**

ભગવાનની સ્તુતિ કરતાં અર્જુન દશ શ્લોકથી કહે છે.

હે હૃષીકેશ- પ્રભો ! આ તમારા અદ્‌ભુત રૂપનાં યશોગાન કરવાથી દેવ મનુષ્યાદિક સઘળું વિશ્વ અતિશય આનંદ પામે છે. અને તેમાંય તમારા ભક્તસમૂહો તો તમારા કીર્તિગાનથી તમારે વિષે અતિ અનુરાગ-પ્રેમ કરે છે. આ બધું યોગ્ય જ છે. તમારા નામકીર્તનથી રાક્ષસો ભય પામીને સર્વ દિશાઓ પ્રત્યે દોડી જાય છે તે પણ યોગ્ય જ છે. તમારા નામકીર્તનથી યોગસિદ્ધિ પામેલા સર્વ સિદ્ધસંઘો આપને વારંવાર નમસ્કાર કરે છે. તે પણ યોગ્ય જ છે. ॥૩૬॥

कस्माच्च ते न नमेरन् महात्मन् गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ! ।
अनन्त ! देवेश ! जगन्निवास । त्वमक्षरं सदसत्तत्परं यत् ॥३७॥

-: શ્લોકાર્થ :-

હે મહાત્મન્ ! સર્વથી મહાન્ અને બ્રહ્માના પણ આદિકર્તા એવા આપને કેમ તેઓ નમસ્કાર ન કરે ? કેમકે હે અનંત ! હે દેવેશ ! હે જગન્નિવાસ ! સત્–કાર્ય અને અસત્-કારણ એ બન્નેરૂપ આ સઘળું વિશ્વ અને તે સર્વથી પણ પર એવું જે અક્ષર તે પણ આપ જ છો. ॥૩૭॥

-: ભાષ્યાર્થ :-

તે યુક્તતાને જ બતાવતાં કહે છે.

અનંત ગુણ ઐશ્વર્યના માપે રહિત મહામહિમાવાળા હે અનંત ! હે દેવેશ! જગત્‌ના નિવાસભૂત, અથવા જગત્‌માં અંતર્યામીપણે નિવાસ કરી રહેલા હે જગન્નિવાસ- પ્રભો ! ''अक्षरात्परतः परः'' એ શ્રુતિ પ્રમાણે સર્વથી પર અક્ષર બ્રહ્મ, તેનાથી પણ અતિ શ્રેષ્ઠ-સર્વોપરિ, અને સર્વના આદિ કર્તા એવા આપને આ પૂર્વે કહેલા સર્વ દેવ-દાનવાદિક કેમ ન નમે ? અર્થાત્ આપને નમીને વંદન કેમ ન કરે ? કરે જ. વળી હે મહાત્મન્ ! સત્-કાર્યરૂપ વૈરાજરૂપ પર્યંતનું સર્વ સ્થૂળ પદાર્થ, તથા અસત્-કારણરૂપ અક્ષર બ્રહ્મ જે સૂક્ષ્મ પદાર્થ, તે બન્ને થી પર-શ્રેષ્ઠ, એવું જે સર્વથા ક્ષર ભાવે રહિત પરાત્પર પુરુષોત્તમ તત્ત્વ, તે આપ પોતે જ છો. તો આ કહ્યાં એવાં વિશેષણોથી વિશિષ્ટ એવા આપને સર્વે નમસ્કાર કરે છે, એમાં શું આશ્ચર્ય છે ? એ તો કરે જ. એ અર્થ છે. ॥૩૭॥

त्वमादिदेवः पुरुषः पुराण-स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम, त्वया ततं विश्वमनन्तरूप ! ॥३८॥

-: શ્લોકાર્થ :-

આપ આદિદેવ અને પુરાણ-સનાતન પુરુષ-પરમાત્મા છો. આપ જ આ વિશ્વના પરમ આધાર છો. જાણનારા છો. અને જાણવા યોગ્ય પરમ ધામ પણ આપ જ છો. હે અનંતરૂપ ! આપે જ આ સઘળું વિશ્વ વ્યાપેલું છે. અર્થાત્ આપ જ સર્વત્ર પરિપૂર્ણ છો. ॥૩૮॥

-: ભાષ્યાર્થ :-

બ્રહ્મા અને શંકર આદિક સર્વ દેવોના પણ આપ આદિદેવ-કારણ છો. પુરાણ-સનાતન, પુરુષ-પૂર્વસિદ્ધ એવા "પહેલેથી જ હું આ વિશ્વમાં વિદ્યમાન હતો જ. એથી તે પુરુષનું પુરુષપણું છે.'' આ શ્રુતિએ કહેલા વાસુદેવનામે મહાપુરુષ આપ જ છો. આ વિશ્વના પરમ નિધાન, એટલે કે પોતાના શરીરપણે રહેલા આ સઘળા

વિશ્વના અંતર્યામીપણે રહેલા સર્વશ્રેષ્ઠ - મુખ્ય આધારભૂત તમે જ છો. એ અર્થ છે. જીવ, ઈશ્વર અને બ્રહ્મ, એ સર્વના સ્વરૂપને યથાર્થ જાણનારા, સર્વ વેદ-વેદાંતાદિક સચ્છાસ્ત્રોથી જાણવા-સમજવા યોગ્ય વસ્તુ, સર્વ ઉપાસક જનોએ પામવા યોગ્ય ઉત્કૃષ્ટ સ્થાન, આ સઘળું તમે જ છો. હે અનંતરૂપ ! અનંત ઘણાંક વાયુ વિગેરે શરીરો જેનાં છે, એવા હે ભગવન્ ! સર્વાત્મા એવા તમોએ આ ચેતનાચેતનાત્મક સઘળું જગત્ વ્યાપેલું છે. ॥૩૮॥

वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः, प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमोनमस्तेऽस्तु सहस्रकृत्वः, पुनश्च भूयोऽपि नमोनमस्ते ॥३९॥

-: શ્લોકાર્થ :-

આપ જ વાયુ, યમ, અગ્નિ, વરૂણ, ચંદ્રમા, પ્રજાઓના સ્વામી બ્રહ્મા અને તેના પણ પિતા વૈરાજ છો. આપને હજારો વાર નમસ્કાર છે. નમસ્કાર છે. વળી આપને ફરીથી પણ વારંવાર નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું. ॥૩૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - ચેતન અચેતનના આત્માપણે આપ રહેલા હોવાથી, વાયુ આદિક સર્વ શબ્દોથી- વાચ્ય - કહેવા યોગ્ય આપ જ છો. એમ કહે છે -

વાયુ, યમ, અગ્નિ, વરૂણ શશાંક-ચંદ્રમા, પ્રજાપતિ - સર્વ પ્રજાઓના પિતામહ બ્રહ્મા અને તેના પણ જનક-પિતા હોવાથી પ્રપિતામહ એવા વૈરાજપુરુષ, આ બધાય રૂપે તમે જ છો. અર્થાત્ વાયુ વિગેરે શબ્દોથી કહેવામાં આવતાં શરીરરૂપ ક્ષેત્રોથી વિશિષ્ટ એવા તે તે સર્વ ક્ષેત્રજ્ઞ- આત્માઓના અંતરાત્માપણે આપ રહેલા હોવાથી તે તે વાયુ વિગેરે શબ્દથી કહેવાતા આપ જ છો. માટે હે મહારાજ ! આપને અસંખ્ય વાર મારા નમસ્કાર હો. વળી- ફરી ફરીને પણ હજારો-હજાર વાર તમને મારા નમસ્કાર હો. ॥૩૯॥

नमः पुरस्तादथ पृष्ठतस्ते, नमोऽस्तु ते सर्वत एव सर्व ! ।
अनन्तवीर्यामितविक्रमस्त्वं, सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥४०॥

-: શ્લોકાર્થ :-

હે અનંત-અપાર સામર્થ્યવાળા પ્રભો ! આપને આગળથી પણ નમસ્કાર છે. અને પાછળથી પણ નમસ્કાર છે. હે સર્વાત્મન્ ! આપને સર્વ બાજુએથી

નમસ્કાર છે. કારણ કે આપ તો અનંત-અમાપ પરાક્રમવાળા છો. અને સર્વમાં વ્યાપીને રહેલા છો. માટે આપ જ સર્વરૂપ છો. ॥૪૦॥

**-: ભાષ્યાર્થ :-**

હે સર્વ ! સકળ ચિત - અચિત્ - વસ્તુના શરીરી-આત્મા એવા હે પ્રભો ! અગ્ર ભાગમાં તમને મારા નમસ્કાર છે. પૃષ્ઠ ભાગમાં પણ મારા નમસ્કાર છે. અને સર્વ બાજુએ પણ મારા આપને નમસ્કાર છે.

અનંત-અપાર વીર્ય, ધૈર્ય, શૌર્ય, જ્ઞાન અને બળ વિગેરે ગુણો જેના છે અને અમિત-અપરિમિત વિક્રમ-પરાક્રમ સામર્થ્ય જેનું છે. એવા તમે ચેતનાચેતન-મિશ્ર એવા સઘળા વિશ્વ પ્રત્યે અંતર્યામીપણે સમ્યગ્‌ભાવથી વ્યાપી રહેલા છો. તે હેતુથી જ બ્રહ્મા અને ઇન્દ્રાદિક સર્વ શબ્દોથી વાચ્ય તમે જ છો.

સર્વ ચિત્- અચિત્ વસ્તુમાત્રને તમારા શરીરપણું હોવાથી, તમારા પ્રકારરૂપે જ રહેલું છે, માટે સર્વપ્રકારક એવા તમે જ સર્વ શબ્દવાચ્ય છો એ અર્થ છે. એમ શ્રીમદ્રામાનુજાચાર્યજીએ જ કહેલું છે. ॥૪૦॥

सखेति मत्वा प्रसभं यदुक्तं, हे कृष्ण ! हे यादव ! हे सखेति ।
अजानता महिमानं तवेदं, मया प्रमादात् प्रणयेन वापि ॥४१॥
यच्चावहासार्थमसत्कृतोऽसि, विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवाप्यच्युत ! तत् समक्षं तत् क्षामये त्वामहमप्रमेयम् ॥४२॥

**-: શ્લોકાર્થ :-**

આવો તમારો મહિમા નહિ જાણતાં મેં આપ મારા સખા છો એમ માનીને પ્રેમથી અથવા તો ક્યારેક પ્રમાદથી પણ મેં હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખે ! એવા શબ્દો કહ્યા હોય, તેમજ હે અચ્યુત ! આપને મેં હાસ્ય-વિનોદ પ્રસંગે વિહાર, શય્યા, આસન અને ભોજન વિગેરેના પ્રસંગે, આપ એકલા હો ત્યારે અથવા આપના સખા વિગેરેના સમક્ષમાં પણ અપમાનિત કર્યા હોય, તે સઘળા અપરાધની અપાર મહિમાવાળા અપ્રમેયસ્વરૂપ આપની પાસે હું ક્ષમા માગું છું. ॥૪૧-૪૨॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરીને હવે નિરંતરના સહવાસથી થયેલા અવિનયાદિકની ક્ષમા માગતાં કહે છે.

આપ મારા સખા છો એમ માનીને આપનો સર્વ નિયંતાપણારૂપ વિગેરે મહિમા અને પ્રત્યક્ષપણે જોયેલું આ મોટું ઐશ્વર્ય, તેને નહિ જાણનારા મેં ક્યારેક પ્રમાદને લીધે, અથવા પરસ્પરના પ્રેમને લીધે, હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખે ! આવાં આવાં તોછડાં સંબોધનથી હઠે કરીને અથવા અનાદરથી જે વચનો કહ્યાં હોય, તે સર્વ અપરાધની હું તમારી આગળ ક્ષમા માગું છું.॥૪૧॥

હે અચ્યુત્ ! વળી - ક્યારેક પરિહાસ કરવા માટે તમારી અવજ્ઞા કરેલી હોય, તેમજ વિહાર કરતાં હરતાં - ફરતાં, શય્યામાં એક જ ગોદડા વિગેરે આસન ઉપર સાથે સૂવાના પ્રસંગે સાથે બેસવાના પ્રસંગે, એક જ પાત્રમાં સાથે ભોજન કરવાનાં પ્રસંગે, મેં આપને હાંસી મશ્કરી કરીને પાછા પાડ્યા હોય, તે ક્યારેક તમે એકલા હો અને એમ કર્યું હોય, અથવા બીજાઓની સમક્ષમાં પણ એમ કર્યું હોય, તે સમગ્ર અપરાધોની અચિંત્ય અપાર મહિમાવાળા તમારી પાસે ક્ષમા માગું છું - માફ કરવા પ્રાર્થના કરું છું. ॥૪૨॥

पितासि लोकस्य चराचरस्य, त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो ?, लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ! ॥४३॥

-: શ્લોકાર્થ :-

આપ આ સ્થાવર-જંગમાત્મક સકળ લોકના પિતા અને આ સર્વ વિશ્વના પૂજ્ય ગુરુ અને સર્વ ગુણોથી ગરિષ્ઠ-સર્વશ્રેષ્ઠ છો. હે અતુલ પ્રભાવવાળા પ્રભો ! આ ત્રણેય લોકમાં પણ આપને તુલ્ય બીજો કોઈ નથી, તો પછી આપનાથી અધિક તો હોઈ જ કેમ શકે ? ॥૪૩॥

-: ભાષ્યાર્થ :-

હવે તે અચિંત્ય અપાર મહિમા જ કહી બતાવે છે.

આ સ્થાવરજંગમાત્મક ચરાચર વિશ્વના પિતા-ઉત્પત્તિ કરનાર તમે જ છો. અને તેથી જ સર્વ લોકના પૂજ્ય-પૂજા કરવા યોગ્ય અને સર્વના હિતનો ઉપદેશ કરનારા પણ તમે જ છો. અને માટે સર્વના કરતાં અને સર્વ પ્રકારે તમે જ અતિ શ્રેષ્ઠ છો. અને એ હેતુથી જ ત્રણેય લોકમાં પણ, એટલે કે અપરિમિત મુક્તના સમૂહોને રહેવાના નિવાસસ્થાનરૂપ બ્રહ્મપુર ધામ નામે પહેલો લોક,તે પછીનો અનંત કોટિ પ્રધાન-પુરુષ અને વૈરાજ પુરુષના નિવાસસ્થાનભૂત મહદાકાશરૂપ બીજો લોક, અને તે પછીનો બ્રહ્માંડના અંદર ભાગમાં રહેલા લોકનો સમૂહ, એ ત્રીજો લોક, આ

ત્રણેય લોકમાં પણ, તમારે તુલ્ય, એટલે કે - સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ-ઐશ્વર્યોથી તમારે તુલ્ય બીજો કોઈ છે જ નહિ. કારણ કે સર્વનિયંતા, સર્વના પ્રેરક અને સર્વાના પ્રવર્તક એવા બીજા કોઈ પરમેશ્વર છે જ નહિ માટે. હવે - જ્યારે આપને તુલ્ય બીજો કોઈ નથી, તો આપનાથી ઉત્કૃષ્ટ તો હોય જ ક્યાંથી ? માટે હે પ્રભો ! આપ તો અનુપમ સર્વોત્કૃષ્ટ પ્રભાવવાળા છો. ॥૪૩॥

तस्मात् प्रणम्य प्रणिधाय कायम्, प्रसादये त्वामहमीशमीडयम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः, प्रियः प्रियायार्हसि देव ! सोढुम् ॥४४॥

-: શ્લોકાર્થ :-

તેથી હે પ્રભો ! આપના ચરણોમાં આ શરીરને અર્પણ કરીને પ્રણામ કરીને સ્તુતિ કરવા યોગ્ય સકળ વિશ્વના સ્વામી આપને પ્રસન્ન કરવા માટે પ્રાર્થના કરું છું-હે દેવ ! પિતા જેમ પુત્રનો, સખા જેમ સખાનો અને પ્રિય-પતિ જેમ પ્રિયા-પત્નીનો અપરાધ સહન કરે છે. એ જ પ્રમાણે આપ મારો અપરાધ સહન કરવા યોગ્ય છો. ॥૪૪॥

-: ભાષ્યાર્થ :-

આમ આપ સર્વ પ્રકારથી સર્વશ્રેષ્ઠ છો, માટે જ આ મારા શરીને પૃથ્વી ઉપર દંડની પેઠે નાખીને, વારંવાર નમન કરીને, સર્વના સ્વામી અને સ્તુતિ કરવા લાયક એવા આપને હું પ્રસન્ન કરું છું. અને તેથી જ આપ વારંવાર થયેલા મારા અવિનયને ક્ષમા કરવા યોગ્ય છો, જેમ કે - અવિનય કરનાર પુત્રના અપરાધને પિતા જ જેમ સહન કરે છે, તેમજ મિત્રના અપરાધને મિત્ર જ જેમ સહન કરે છે, અને વળી- પતિવ્રતા સ્ત્રીએ કરેલા અપરાધને તે પતિવ્રતા સ્ત્રીનો સ્વામી જ જેમ સહન કરે છે. તે જ પ્રમાણે હે દેવ ! આપ મારા અપરાધને સહન કરીને મને ક્ષમા કરવાને યોગ્ય છો. ॥૪૪॥

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा, भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय ! देव ! रूपं, प्रसीद ! देवेश ! जगन्निवास ! ॥४५॥

-: શ્લોકાર્થ :-

મેં પહેલાં નહિ દેખેલું આપનું આવું આશ્ચર્યમય રૂપ જોઈને હર્ષિત થયો છું. તેમજ વળી મારું મન ભયથી પણ વ્યાકુળ બની ગયું છે, માટે હે દેવ !

મને તે જ પ્રથમ હતું તે જ રૂપ બતાવો ! અને હે દેવેશ ! હે જગન્નિવાસ ! આપ પ્રસન્ન થાઓ. ॥૪૫॥

**-: ભાષ્યાર્થ :-**

એમ પોતાના અપરાધની ક્ષમા કારવીને ફરીથી પ્રાર્થના કરે છે.

હે દેવ ! પૂર્વે કોઈ વખત નહિ જોયેલું એવું અદ્‌ભુત અને ભયાનક આપનું રૂપ જોઈને હું બહુ જ હર્ષ પામેલો છું. અને ભયને લીધે મારું મન ઘણી જ વ્યથાને પણ પામેલું છે. માટે હે જગન્નિવાસ ! મારા મિત્રરૂપે જે મેં જોયેલું તે રૂપ જ મને આપ બતાવો ! અને પ્રસન્ન થાઓ ! એટલે કે - મારા મિત્રરૂપ જે આપનું સ્વરૂપ છે, તેને બતાવવારૂપ મારા ઉપર પ્રસન્નતા કરો ! હે દેવેશ ! આપ તો પ્રાકૃત ગુણવિશિષ્ટ ઈન્દ્રાદિક દેવતાઓ અને અપ્રાકૃત ગુણવિશિષ્ટ વૈરાજાદિક દેવતાઓના એક જ નિયંતા-સ્વામી છો. ॥૪૫॥

**किरीटिनं गदिनं चक्रहस्त-, मिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।**
**तेनैव रूपेण चतुर्भुजेन, सहस्त्रबाहो ! भव विश्वमूर्ते ! ॥४६॥**

**-: શ્લોકાર્થ :-**

હું આપને મુકુટધારી, ગદાધારી અને ચક્ર જેમના હસ્તમાં છે, એવા દેખવા ઈચ્છું છું, માટે હે વિશ્વસ્વરૂપ ! હે સહસ્રબાહો ! આપ તે પ્રમાણે જ તે ચતુર્ભુજરૂપે જ થાઓ ! દર્શન આપો ! ॥૪૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે તે જ રૂપનું વર્ણન કરી બતાવે છે.

મસ્તક ઉપર મુકુટ ધારી રહેલા, એક હસ્તમાં ગદા ધારી રહેલા અને બીજા હસ્તમાં ચક્ર ધારી રહેલા, એવા આપને પૂર્વે જેવા જોયા હતા તેવા જ જોવા હું ઈચ્છું છું. હે સહસ્રબાહો ! હે વિશ્વમૂર્તે ! આપ તો ચતુર્ભુજ એવા નંદ-સુનંદાદિક અનંત પાર્ષદોના પણ સ્વામી છો. માટે તે પૂર્વે જોયેલા દ્વિભુજ રૂપથી જ આપ સંપન્ન થાઓ ! આ શ્લોકમાં ગદાવાળા અને હસ્તમાં ચક્ર ધારી રહેલા એવાં બે વિશેષણોથી ભગવાનનું સ્વરૂપ દ્વિભુજ હતું એમ સૂચવેલું જણાય છે.

વસ્તુતાએ તો - ચતુર્ભુજ રૂપથી જ સંપન્ન થાઓ એમ **चतुर्भुजेन** એ તૃતીયા વિભક્તિવાળું જ પદ રાખીને વ્યાખ્યાન કરવું એ જ રમણીય છે. અને

શરૂઆતમાં ચતુર્ભુજ રૂપ જ અર્જુને અનુભવેલું- જોયેલું હતું. આ બાબત શ્રીહરિએ લોયાના ૧૮ અઢારમાં વચનામૃતમાં સ્પષ્ટ કહેલું છે. ॥૪૬॥

श्रीभगवानुवाच

मया प्रसन्नेन तवार्जुनेदं, रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं, यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥४७॥

**-: શ્લોકાર્થ :-**

શ્રીભગવાન કહે છે-હે અર્જુન ! અનુગ્રહપૂર્વક પ્રસન્ન થયેલા મેં મારી યોગ શક્તિના પ્રભાવથી આ મારું પરમ તેજોમય સર્વનું આદિભૂત અને સીમાએ રહિત વિરાટરૂપ તને બતાવ્યું છે. કે જે તારા સિવાય બીજા કોઈએ આથી પૂર્વે દેખ્યું નહોતું. ॥૪૭॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે વિનયે સહિત અર્જુને પ્રસન્ન કરેલા શ્રી ભગવાન ત્રણ શ્લોકથી કહે છે.

હે અર્જુન ! મહાતેજોમય, સકળ વિશ્વનું આત્મભૂત, અનંત-આદિ મધ્ય અને અંત તેણે વર્જીત, સર્વનું આદિભૂત કારણ અને તારા જેવા મિત્ર સિવાય બીજા કોઈએ પૂર્વે ક્યારેય નહિ જોયેલું, એવું જે મારું આ રૂપ, તે આ સર્વશ્રેષ્ઠ રૂપ મેં પ્રસન્ન થઈને મારા સત્યસંકલ્પત્વાદિક યોગસામર્થ્યથી તને બતાવ્યું છે. ॥૪૭॥

न वेदयज्ञाध्ययनैर्न दानै-र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके, द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ! ॥४८॥

**-: શ્લોકાર્થ :-**

કુરુકુળમાં શ્રેષ્ઠ હે અર્જુન ! મનુષ્ય લોકમાં આવા પ્રકારે વિશ્વરૂપે હું નહિ તો વેદોથી, કે નહિ યજ્ઞોથી, કે નહિ અધ્યયનો કરવાથી, તેમજ નહિ દાનોથી, કે નહિ ક્રિયાઓથી, અગર તો નહિ ઉગ્ર તપોથી પણ, તારા સિવાય બીજા કોઈએ દેખવામાં આવી શકતો હોઉં. ॥૪૮॥

**-: ભાષ્યાર્થ :-**

હવે મારા આ રૂપનું દર્શન તારા સિવાય બીજાઓને દુર્લભ છે એમ કહે છે.

હે કુરુપ્રવીર ! આ નર લોકમાં તારા સિવાયનાં બીજા ભક્તિએ રહિત પુરુષે તો, અક્ષરગ્રહણરૂપ વેદવિદ્યાઓના અધ્યયનથી અને અર્થવિચારરૂપ યજ્ઞવિદ્યાઓના અધ્યનથી પણ આવા રૂપે હું દેખવાને શક્ય નથી. તેમજ સુવર્ણ અને પૃથ્વી આદિકનાં મોટાં મોટાં દાન કરવાથી પણ આવા રૂપે હું દેખાઈ શકાતો જ નથી. તેમજ શાસ્ત્રવિહિત સંધ્યાવંદનાદિક સત્કર્મોથી પણ આવા રૂપે હું દેખાઈ શકાતો જ નથી. તેમજ ઉગ્ર તપોથી પણ નહિ. અર્થાત્ મારા અનુગ્રહથી તને જ આવું દર્શન થયું છે. એમ જાણજે. આ શ્લોકમાં એક જ નકારથી કહેવા ધારેલો નિષેધ કહેવાય છે. પરંતુ દરેક પદમાં નકાર મુકવામાં આવ્યો છે. તેતો નિષેધની દૃઢતા માટે છે એમ જાણવું. વળી ''न च क्रियाभिः'' એમ ચકાર હોવાથી નહિ કહેવામાં આવેલાં બીજાં સાધનો પણ કહેવાઈ જાય છે. માટે એક ભગવાનના અનુગ્રહ સિવાય બીજા કોઈ સાધનથી આવું દર્શન થતું નથી. ॥૪૮॥

मा ते व्यथा मा च विमूढभावो, दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं, तदेव मे रूपमिदं प्रपश्य ! ।।४९।।

**-: શ્લોકાર્થ :-**

મારું આ આવું ઘોર-ભયાનક રૂપ જોઈને તને વ્યથામા થાઓ ! અને વિમૂઢ ભાવ પણ મા થાઓ ! તું ભયરહિત અને પ્રસન્ન મનવાળો થઈને ફરીથી મારું શંખ, ચક્ર, ગદા અને પદ્મ. તેણે યુક્ત ચતુર્ભુજ રૂપ સારી રીતે જો ! ॥૪૯॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - આ વિશ્વરૂપ જોઈને તું વ્યથા પામતો હોય તો મારું પ્રથમનું અચલ મૂળ રૂપ જ તું જો ! એમ ભગવાન કહે છે.

આવું અનેક બાહુ વિગેરે અવયવોના વિભાગે યુક્ત હોવાથી ભયાનક લાગતું, એવું મારું આ વિશ્વરૂપ જોઈને તને વ્યથામા થાઓ ! તેમજ વ્યાકુળ ચિત્તવાળાપણું પણ મા થાઓ ! પણ સર્વ ભયથી રહિત થઈને પ્રસન્ન ચિત્તવાળો થઈને ફરીથી તું તે જ મારું આ પ્રથમનું સૌમ્યરૂપ જો ! ॥૪૯॥

सञ्जय उवाच

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा, स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनं, भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ।।५०।।

-: શ્લોકાર્થ :-

સંજય કહે છે—વાસુદેવ ભગવાને અર્જુનને આ પ્રમાણે કહીને ફરીથી પોતાનું ચતુર્ભુજ રૂપ બતાવ્યું. અને ફરીથી મહાત્મા શ્રીકૃષ્ણ ભગવાને સૌમ્ય-અક્રોધ-સુંદર મૂર્તિ થઈને ભય પામેલા અર્જુનને આશ્વાસન કરીને ધીરજ આપી. ॥૫૦॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ પરમાત્માએ તે જ પોતાનું પૂર્વ રૂપ બતાવ્યું. એમ ધૃતરાષ્ટ્રના પ્રત્યે સંજય કહી બતાવે છે.

વસુદેવના પુત્ર ભગવાન વાસુદેવે અર્જુનના પ્રત્યે આ પ્રમાણે કહીને તે જ પ્રમાણે પોતાનું રૂપ, કે જે - મુકુટ, કટક કુંડળ, ગદા અને ચક્ર એ આદિક આભૂષણો અને આયુધો વિગેરેથી વિશિષ્ટ હતું, તેમજ શ્રીવત્સ, કૌસ્તુભ મણિ, વનમાળા અને પીતાંબર એ આદિકથી શોભાયમાન હતું, તે પોતાનું રૂપ ફરીથી અર્જુનને બતાવ્યું. અને મહાત્મા સત્યવ્રતત્વ, પરમ દયાળુત્વ, સર્વજ્ઞત્વ અને સર્વેશ્વરત્વ, એ આદિક સકળ કલ્યાણ ગુણોના ભંડારરૂપ ભગવાન, ફરીથી શાંત-વિગ્રહવાળા થઈને ભયાનક રૂપ જોવાથી ભય પામેલા એ અર્જુનને આશ્વાસન આપવા લાગ્યા. ॥૫૦॥

अर्जुन उवाच

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ! ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥५१॥

-: શ્લોકાર્થ :-

અર્જુન કહે છે-હે જનાર્દન ! આપનું આ અતિ સૌમ્ય-શાંતિકર માનુષ રૂપ જોઈને હમણાં હું સ્થિરચિત્ત થયો છું. અને હું મારા અસલ સ્વભાવને પામ્યો છું. ॥૫૧॥

-: ભાષ્યાર્થ :-

ભગવાને આશ્વાસન આપ્યા પછી શાન્ત થઈને શ્રીકૃષ્ણના પ્રત્યે અર્જુન કહેવા લાગ્યો - હે જનાર્દન ! પોતાના આશ્રિતજનોને દર્શનમાત્રથી જ સર્વથા શાંતિ કરનારું અને અનેક જનોના કલ્યાણને માટે જ મનુષ્યને સજાતીય સંસ્થાનથી-આકારવિશેષથી રહેલું, એવું તમારું આ રૂપ જોઈને, હમણાં જ હું શાંત ચિત્તવાળો થયો છું. અને હું મારા અસલ - મૂળ સ્વભાવને પામ્યો છું. ॥૫૧॥

श्री भगवानुवाच
सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥५२॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે-આ મારું જે વિશ્વ-વિરાટ્ રૂપ તેં દીઠું, તે રૂપનું દર્શન તો અતિશય દુર્લભ છે. બ્રહ્માદિક દેવો પણ આ રૂપનાં દર્શન નિરંતર ઈચ્છ્યા જ કરે છે. ॥૫૨॥

-: ભાષ્યાર્થ :-

આવાં અર્જુનનાં વચન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા.

મારું આ સર્વનું નિયામક, સર્વનું ઉત્પાદક અને સર્વનું સંહારક, જે રૂપ તે જોયું છે. તે રૂપ તારા સિવાય બીજા કોઈએ પણ દેખવાને શક્ય નથી. માટે મોટા મોટા દેવો પણ આ વિશ્વ રૂપનું નિરંતર દર્શન કરવામાં બહુ જ આકાંક્ષાવાળા છે. તો પણ તેમનામાં મારી ભક્તિના રહિતપણાને લીધે જ મારું આવું દર્શન ક્યારેય પણ તેમને થતું જ નથી. એ અર્થ છે. ॥૫૨॥

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥५३॥

-: શ્લોકાર્થ :-

જેવા પ્રકારથી તેં મને દેખ્યો, તેવી રીતે તો હું વેદોથી પણ નથી દેખવામાં આવતો. કે નથી તપથી દેખાતો, કે નથી દાનથી, કે નથી યજ્ઞથી પણ દેખવામાં શક્ય થતો. ॥૫૩॥

-: ભાષ્યાર્થ :-

અર્જુન પૂછે છે - કેમ એમ ? તેથી ભગવાન કહે છે.

હે અર્જુન ! જેવો તેં મને જોયો, એવો તો હું વેદાદિકના અભ્યાસથી પણ નથી જોઈ શકાતો, તપ કરવાથી પણ નહિ, દાનના સમૂહોથી પણ નહિ, તેમજ-યજ્ઞાદિકથી પણ હું એવો દેખી શકાતો નથી. જો કે - આ શ્લોક ''न वेदयज्ञाध्ययनैर्न दानैः'' એ શ્લોકથી કહેવાઈ ગયેલા અર્થવાળો જ છે, તો પણ પોતાના આવા દર્શનનું અતિ દુર્લભત્વ કહેવાને માટે ફરીથી કહેવામાં આવ્યો છે. ॥૫૩॥

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! ।।૫૪।।

-: શ્લોકાર્થ :-

પરંતુ—હે પરંતપ અર્જુન ! મારામાં અનન્ય ભક્તિથી તો આવા પ્રકારે જાણવાને, દેખવાને—સાક્ષાત્ કરવાને અને તત્ત્વે કરીને પ્રવેશ કરવા-મારી સાથે પરમ સામ્ય પામવા માટે પણ હું શક્ય થાઉં છું. ।।૫૪।।

-: ભાષ્યાર્થ :-

ત્યારે બીજાઓને આ તમારા રૂપનું દર્શન કઈ રીતે થાય ? એ શંકાના સમાધાનમાં કહે છે.

કામ, ક્રોધ, લોભ અને માન વિગેરે શત્રુઓને પરિતાપ પમાડનારા હે અર્જુન ! મારામાં જ એક નિષ્ઠાવાળી અનન્ય અતિ પ્રેમરૂપ ભક્તિથી તો આવા પ્રકારનો હું તત્ત્વથી યથાર્થપણે જાણવાને, દેખવાને અને પ્રવેશ કરવાને પણ શક્ય થાઉં છું જ, બીજા ઉપાયોથી નહિ. તે જ પ્રમાણે શ્રુતિ પણ કહે છે - ''આ આત્મા -પરમાત્મા કે કેવળ શાસ્ત્રપ્રવચનથી નથી મળતા, તેમ કેવળ બુદ્ધિથી કે બહુ શાસ્ત્રાભ્યાસ કે શાસ્ત્રશ્રવણથી પણ નથી મળતા, પરંતુ એ પરમાત્મા જ જેને વરે છે - ઇચ્છે છે, તે કૃપાપાત્ર પુરુષે જ એ મેળવી શકાય છે. અને તેને જ એ પરમાત્મા પોતાની તનુ-મૂર્તિ બતાવે છે.'' પોતાની તનુ એટલે પોતાનું સ્વરૂપ બતાવે છે. એ અર્થ છે. ।।૫૪।।

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ! ।।૫૫।।

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे विश्वरुपदर्शननामैकादशोऽध्यायः ।।११।।

-: શ્લોકાર્થ :-

હે પાંડવ ! જે પુરુષ કેવળ મારે માટે જ સઘળાં કર્મ કરનારો થાય છે. મારા પરાયણ વર્તે છે. મારામાં ભક્તિવાળો હોય છે. સંગ-આસક્તિ વિનાનો હોય છે. અને સર્વભૂત-પ્રાણીમાં વૈર ભાવે રહિત હોય છે. તે પુરુષ મને પામે છે. ।।૫૫।।

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિશ્વરૂપદર્શનયોગો નામૈકાદશોડધ્યાયઃ ।।૧૧।।

**-: ભાષ્યાર્થ :-**

માટે હવે સકળ વેદાંતનો સારભૂત પરમ રહસ્યરૂપ અર્થ તું સાંભળ ! એમ કહે છે.

મત્કર્મકૃત-મારાં કર્મ કરનારો, એટલે કે મારે માટે મને પ્રસન્ન કરવા માટે જ શાસ્ત્રાધ્યનાદિક સર્વ કર્મને કરનારો જે થાય છે. હું જ પરમ પ્રાપ્ય-સાધ્ય અર્થ જેને છું. હું અને મારા એકાંતિક ભક્ત સત્પુરુષો સિવાય બાકીના સર્વ મનુષ્યોમાં કે પદાર્થોમાં પણ જે આસક્તિએ રહિત છે. અને સર્વ પ્રાણીમાત્રમાં વૈર-દ્વેષે રહિત જે છે. આવા પ્રકારનો જે મારો ભક્ત છે, તે હે પાંડુપુત્ર અર્જુન! મને જ પામે ।।૫૫।।

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-*
*ભગવત્સહજાનન્દસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદ-મુનિવિરચિતે*
*શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે એકાદશોઽધ્યાયઃ ।।૧૧।।*

## अथ द्वादशोऽध्यायः

अर्जुन उवाच

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ? ।।१।।

**-: શ્લોકાર્થ :-**

અર્જુન કહે છે-જે અનન્ય ભક્તજન આ પૂર્વે કહ્યું એ પ્રકારે નિરંતર આપના ભજન-ધ્યાનમાં સંલગ્ન રહીને આપની ઉપાસના કરે છે. અને જે બીજાઓ અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે. આ બે પ્રકારના ઉપાસકોમાં અતિ ઉત્તમ યોગવેત્તા કોણ છે ? ।।૧।।

**-: ભાષ્યાર્થ :-**

પૂર્વે અગીયારમાં અધ્યાયમાં અર્જુનને વિશ્વરૂપ અને નિર્ગુણ અક્ષર-બ્રહ્માત્મક તેજના સમૂહમાં ગદા અને ચક્રધારી રહેલું એવું દ્વિભુજ રૂપ ભગવાન શ્રીહરિએ બતાવ્યું.

હવે - બારમા અધ્યાયમાં અક્ષરબ્રહ્મના ઉપાસકોનું સ્વરૂપ અને પર-બ્રહ્મના પોતાના ઉપાસકોનું સ્વરૂપ અને તેમાં પર બ્રહ્મના ઉપાસકોનું શ્રેષ્ઠત્વ અને એકાન્ત ભક્તિરૂપ સાધન તે કહેવામાં આવે છે.

ઉપર કહ્યા એમ એ બંને પ્રકારના ઉપાસકોના મધ્યે કોનું શ્રેષ્ઠપણું છે અને કોનું કનિષ્ઠપણું છે. એમ ભગવાનના પ્રત્યે પૂછતાં અર્જુન કહેવા લાગ્યો -

અર્જુન પૂછે છે - આ પ્રમાણે એટલે કે - ''મારું જ કામ કરનારો અને મને જ પ્રધાન રાખનારો'' ઈત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે નિરંતર તમારા સ્વરૂપમાં જ સંલગ્ન રહેનારા એવા જે તમારા ભક્તો, સૌન્દર્ય, સૌશીલ્ય, વાત્સલ્ય, અને સત્યસંકલ્પત્વાદિક ગુણ-ગણોના મહાસાગર સમા આપને સારી રીતે યથાર્થ સમજીને ભજે છે.

અને જે તે ચક્ષુ આદિક માયિક પ્રાકૃત કરણોથી જે જોવા વિગેરેરૂપ પ્રકાશમાં આવતું નથી એવું અવ્યક્ત અક્ષર-નિરવયવ બ્રહ્મને ઉપાસે છે - ભજે છે. તો આ બે પ્રકારના ભક્તોમાં યથાર્થ યોગ જાણનારાઓ અતિ શ્રેષ્ઠ યોગવિત્ કોણ છે ? ॥૧॥

श्रीभगवानुवाच

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥२॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે-મારામાં જ મનને એકાગ્ર કરીને જે ભક્તજનો મારામાં જ નિત્યયુક્ત થઈને મારી ઉપાસના કરે છે. અને મારામાં જ જેઓ પરમ દૃઢ શ્રદ્ધાએ યુક્ત છે. તેજ મારા ભક્તોમાં અતિ યુક્ત-યોગ્યતાવાળા શ્રેષ્ઠ માનેલા છે. ॥૨॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે અર્જુને પૂછેલા ભગવાન કહે છે.

પ્રત્યક્ષ પુરુષોત્તમ એવા મારે વિષે અતિ પ્રેમથી મનને સમ્યક્ - પ્રકારે પ્રવેશ કરાવીને, પરમ શ્રેષ્ઠ શ્રદ્ધાએ યુક્ત થઈને, અખંડ મારા સંબંધની અપેક્ષાએ સહિત થકા, જે જનો નિરવધિકાતિશય-આનંદમય એવા મને ઉપાસે છે. તે ભક્તજનો જ અતિશયપણે યોગ્ય છે. એમ મેં માનેલા છે. અર્થાત્ એ જ સર્વશ્રેષ્ઠ છે. ॥૨॥

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥३॥

सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ।।४।।
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ।।५।।

-: શ્લોકાર્થ :-

અને જે જનો તો ઇન્દ્રિયોના સમૂહને રૂડે પ્રકારે વશમાં કરીને, નિર્દેશ ન કરી શકાય એવું અને તેથી જ અવ્યક્ત, એવા કૂટસ્થ, અચળ, અવિનાશી, અક્ષર-બ્રહ્મને ઉપાસે છે. ।।૩।।

અને સર્વત્ર સમ બુદ્ધિ રાખનારા છે. અને સર્વ ભૂત-પ્રાણીમાત્રનુ હિત કરવામાં જ રાચનારા છે તો તેઓ પણ મને જ પામે છે.।।૪।।

પરંતુ-અવ્યક્ત અક્ષર-બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા તે અક્ષરના ઉપાસકોને અતિ અધિક કલેશ સહેવો પડે છે. અને દેહધારીઓએ આખરે દુઃખપૂર્વક જ તે અવ્યક્ત ગતિ પ્રાપ્ત કરાય છે. ।।૫।।

-: ભાષ્યાર્થ :-

હવે - અક્ષરમાં નિષ્ઠાવાળાઓને તે અક્ષરને પ્રાપ્ત કરવાના ઉપાયમાં કલેશની અધિકતા અને તે અક્ષરના ભક્તનું સ્વરૂપ તેને પણ ત્રણ શ્લોકથી કહે છે.

જે જનો તે અક્ષરનું જ પૂરે-પૂરી રીતે ઉપાસન કરે છે, તે અક્ષર કેવું છે ? તે કહી બતાવે છે - અવ્યક્ત - પ્રાકૃત માયિક ઇન્દ્રિયો અન્તઃકરણથી જેનું સ્વરૂપ અભિવ્યક્ત થતું નથી અને તેથી જ એ અનિર્દેશ્ય - "એ આવું જ છે" એમ પ્રાકૃત પદાર્થોની સાથે સરખામણી કરીને બતાવી કે કહી શકાય એવું નથી. અને તેથી જ એ અચિંત્ય-માયિક અંતઃકરણથી ચિંતવન કરી શકાય એવું નથી. અને એ સર્વત્ર વ્યાપીને રહેલું છે. કૂટસ્થ- વિકારે રહિત સર્વથા નિર્વિકાર છે. અને અચળ સદાય એક સ્થિતિમાં સ્થિર છે. ધ્રુવ-નિત્ય અવિનાશી છે. આવા અક્ષરને ઉપાસે છે. એ અર્થ છે.।।૩।।

તે અક્ષર-બ્રહ્મની ઉપાસના કરનારો, મને, એટલે કે - મારા ધામભૂત-અક્ષર બ્રહ્મને જ પામે છે. તે અક્ષરના ઉપાસકો કેવા છે ? તો - પોતાનાં ઇન્દ્રિયોના સમૂહને વિષયો થકી પાછાં વાળીને નિયમમાં કરીને રહેલા અને એથી જ સર્વત્ર સમ બુદ્ધિવાળા, એટલે કે સર્વ-દેવાદિક ભિન્ન ભિન્ન રૂપે રહેલાં ભૂતોમાં જ્ઞાનૈકઘન

આત્માઓમાં સમ-દૃષ્ટિએ યુક્ત બુદ્ધિઓ જેમની છે એવા અને સમગ્ર પ્રાણીમાત્રના હિત કરવારૂપ પરોપકારમાં પ્રીતિવાળા, આવા પ્રકારના અક્ષરમાં નિષ્ઠાવાળા ભક્તો મને જ પામે છે. ॥૪॥

અને અક્ષર એ મારું જ ધામ છે. તેથી જ કહે છે કે-મને જ પામે છે પણ તેઓને ક્લેશ પડે છે. તે કહી બતાવે છે - ઇન્દ્રિયોને અગોચર એવા અક્ષર-બ્રહ્મમાં આસક્તિએ યુક્ત ચિત્તવાળા તે અક્ષરોપાસકોને અક્ષરપ્રાપ્તિના સાધનમાં અતિશય મોટો ક્લેશ પડે છે શાથી ? તો કે - અવ્યક્ત એટલે ઇન્દ્રિયોને અગોચર એવી ગતિ જે બુદ્ધિ અને મનની અક્ષર સ્વરૂપમાં જ્ઞાને કરીને સ્થિતિ, તે દેહધારીઓએ ઘણા કષ્ટથી જ પ્રાપ્ત કરાય છે. એ અભિપ્રાય છે. ॥૫॥

ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥६॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात् पार्थ ! मय्यावेशितचेतसाम् ॥७॥

-: શ્લોકાર્થ :-

પણ જે જનો તો મત્પરાયણ થઈને સર્વ કર્મ મારામાં જ સમર્પણ કરીને અનન્ય-એકાંતિક ભક્તિયોગથી મારું જ ધ્યાન કરતાં મારી જ ઉપાસના કરે છે. ॥૬॥

તો હે પાર્થ ! એ મારામાં જ ચિત્ત પરોવનારા મારા પ્રેમી એકાંતિક ભક્તોનો હું થોડા જ સમયમાં મૃત્યુરૂપ સંસાર-સાગરથી ઉદ્ધાર કરનારો થાઉં છું. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

અને મારી ઉપાસના કરનારા મારા ભક્તોને તો સુખે કરીને મારી પ્રાપ્તિ થાય છે. એમ બે શ્લોકથી કહે છે.

તુ - શબ્દ પ્રથમ કહેલાથી વિલક્ષણતાને જણાવે છે. જે પુરુષો તો મારામાં "જે કારણથી હું ક્ષરને અતિક્રમણ કરીને રહેલો છું અને અક્ષરથી પણ ઉત્તમ છું." એ વાક્યથી કહેલા પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે સર્વ કર્મ સમર્પણ કરીને, હું સર્વનિયંતા સર્વેશ્વર ભગવાન પુરુષોત્તમ જ જેમને અત્યંત પ્રધાનપણે પ્રીતિનો વિષય છું. અર્થાત્ સર્વથા મારામાં જ આસક્ત રહેનારા. અને મારા જન્મ, કર્મ અને મારા ગુણોનું જ અખંડ ચિંતવન કરતાં કરતાં મારા સિવાય બીજું આલંબન જ

જેમાં નથી એવા અનન્ય યોગ એટલે ભક્તિયોગથી મને - સર્વ સૌંદર્યના સારના નિધાનરૂપ અને આનંદઘનમૂર્તિ એવા દ્વિભુજમૂર્તિ ભગવાન પુરુષોત્તમને ઉપાસે છે. ॥૬॥

વળી - અક્ષરના ભક્તો કરતાં પોતાના ભક્તોનું અતિ યોગ્યપણું કહી બતાવે છે -

હે પાર્થ ! ઉપર કહ્યા એવા મારે પુરુષોત્તમને વિષે સમ્યક્‌પણે જેમણે પોતાનું ચિત્ત પ્રવેશ કરાવ્યું છે. એવા તે મારા ભક્તોનો મૃત્યુની પરંપરારૂપ સંસાર-સાગર થકી હું સ્વલ્પ સમયે કરીને જ સર્વ પ્રકારે ઉદ્ધાર કરનારો થાઉં છું. ॥૭॥

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ! ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥८॥

-: શ્લોકાર્થ :-

માટે તું મારામાં જ મન લગાવી દે ! મારામાં જ બુદ્ધિ પરોવી દે ! હવે પછી તું મારામાં જ નિવાસ પામીશ. આ વાતમાં કાંઇ સંશય ન કરીશ. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે મારામાં જ એક - અનન્ય નિષ્ઠાવાળા મારા ભક્તોનો હું સ્વલ્પ સમયમાં ઉદ્ધાર કરનારો છું. તેથી તું પણ મારામાં જ એક - અનન્ય નિષ્ઠાવાળો મારો જ ભક્ત થા ! એમ કહી સમજાવે છે -

બીજે વિષયાદિકમાં રમતું-ભમતું મન એક મારામાંજ નિશ્ચળપણે સ્થાપન કર ! બુદ્ધિને પણ મારામાં જ જોડી દે ! એટલે કે શ્રીકૃષ્ણ પરમાત્મા એ જ મારા ગુરુ, ઈષ્ટ, અભીષ્ટ અને પરમ પ્રાપ્ય પણ એ જ છે, એમ તે શ્રીકૃષ્ણ જ મારું સર્વસ્વ છે. એવી બુદ્ધિથી મારો નિશ્ચય કર ! એ અર્થ છે. અને આ પ્રમાણે મારામાં જ બુદ્ધિનો અને મનનો પ્રવેશ થયા પછી તું મારા સ્વરૂપમાં જ સર્વથા નિવાસ પામીશ. આ વાતમાં સંદેહ જ નથી ॥૮॥

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनञ्जय ! ॥९॥

-: શ્લોકાર્થ :-

અને જો તું મારામાં સ્થિર ચિત્ત રાખીને ઘણો સમય ધ્યાન કરવા સમર્થ ન થતો હોય, તો હે ધનંજય ! અભ્યાસ-યોગથી તું મને પામવાને ઇચ્છા રાખ ! ॥૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - ચિત્તની ચંચળતા નિવારણ કરવામાં સહેલો ઉપાય કહી બતાવે છે-

હે ધનંજય ! અને જો તારું ચિત્ત મારામાં સ્થિર રાખીને સમ્યક્ પ્રકારે સ્થાપન કરવાને તું સમર્થ ન થતો હોય, અર્થાત્ એ પ્રમાણે જો ન બની શકે તો, અભ્યાસ યોગથી, એટલે કે - મારાં જન્મ, કર્મ અને ગુણોનું વારંવાર શ્રવણ, કીર્તન અને સ્મરણ કર્યા કરવું તે રૂપ અભ્યાસયોગથી, મને પામવાનો પ્રયત્ન કર ! અને આવો ઉપાય કરવાથી મારા સ્વરૂપમાં બુદ્ધિ અને મનની સ્થિરતા પ્રાપ્ત કરીને તું મારામાં જ નિવાસ પામીશ. એ અભિપ્રાય છે. ॥૯॥

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ! ।
मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि ॥१०॥

-: શ્લોકાર્થ :-

એવો અભ્યાસ કરવામાં પણ તું અસમર્થ હોય તો કેવળ મારે માટે જ કર્મ કરવામાં પરાયણ થઈ જા ! મારે માટે જ કર્મ કરતાં કરતાં પણ મારી પ્રાપ્તિરૂપ સિદ્ધિને પામીશ. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

અને આ પ્રમાણે કરવામાંય જો તારે સામર્થ્ય ન હોય, તો તને બીજો ઉપાય બતાવું છું - તે સાંભળ !

ઉપર કહ્યો એવો અભ્યાસ - યોગ કરવામાં પણ તું જો અસમર્થ હોય તો મારાં કર્મ પ્રધાનપણે કરનારો થા ! એટલે કે - મારાં મંદિરો કરાવવાં, મારે માટે ફુલબાગ -બગીચા કરાવવા, મારી પૂજા માટે પુષ્પ લાવવાં, મારી પૂજા કરવી, મારા મંદિરમાં વાળવું અને લીંપવું એ વિગેરે મારા સંબંધવાળાં જ કર્મ જેને પ્રધાનપણે કરવાનાં છે, એવા પ્રકારનો તું થા ! અને મારી પ્રસન્નતા માટે જ ઉપર કહ્યાં એવા કર્મ કરતાં કરતાં અભ્યાસ-યોગ પામીને તે પછી બુદ્ધિ અને મનની મારામાં સ્થિરતા પામીને મારા સ્વરૂપમાં અખંડ-સુસ્થિર સ્થિતિને પણ જરૂર પામીશ જ. તે વાત શ્રીમદ્ભાગવતમાં નારદમુનિએ કહેલી છે - "એ જ પ્રમાણે મનુષ્યોને સર્વ ક્રિયાના યોગો તો સંસૃતિના જ કારણરૂપ છે. પરંતુ - એના એ જ ક્રિયાયોગો જો પર - પરમાત્મામાં અર્પણ બુદ્ધિથી કરવામાં આવે તો તે પોતાના મોક્ષને માટે જ કલ્પાય છે." એમ વચન છે. ॥૧૦॥

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु ! यतात्मवान् ॥११॥

-: શ્લોકાર્થ :-

હવે-મારી પ્રાપ્તિ માટે એ પણ કરવા તું અસમર્થ હોય તો મારા ભક્તિ-યોગને આશરીને મન-બુદ્ધિને કાબૂમાં રાખીને પછી સર્વ કર્મના ફળનો ત્યાગ કર ! ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

હવે - ભગવાનને માટે જ કર્મ કરવામાં અશક્ત પુરુષને બીજો ઉપાય કહી બતાવે છે.

હવે - જો એમ ન બને તો, એટલે કે - મારા ભક્તિ યોગને આશર્યો થકો મારાં કર્મ પણ કરવાને તું શક્તિમાન ન થાય, તો પછી વશ કરેલા મને યુક્ત થઈને "તારે કર્મ કરવામાં જ અધિકાર છે. પણ ફળમાં તો ક્યારેય અધિકાર છે જ નહિ" ઈત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે વર્ણાશ્રમને સમુચિત સર્વ કર્મનો ફળત્યાગ-ભગવદર્પણ કરી દે ! આ પ્રમાણે અસંગપણે કર્માનુષ્ઠાન કરવાથી સ્થિતપ્રજ્ઞતા પામીને, અને તે પછી શુદ્ધ ક્ષેત્રજ્ઞના જ્ઞાનરૂપ બ્રહ્મ-ભાવને પામીને મારે વિષે પરા-પ્રેમલક્ષણા ભક્તિ પામીશ. એ અભિપ્રાય છે. તે જ પ્રમાણે આ ગીતામાં જ આગળ અઢારમાં અધ્યાયમાં "પોતાના સહજ કર્મથી જ તે પરમાત્માની પૂજા-આરાધના કરીને માણસ સિદ્ધિને પામી જાય છે." આ શ્લોકથી આરંભીને, "બ્રહ્મરૂપ થયેલો મારી પરા-પ્રેમલક્ષણા ભક્તિને પામે છે." એ સુધીના શ્લોકોથી કહેશે. ॥૧૧॥

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥१२॥

-: શ્લોકાર્થ :-

અભ્યાસ કરતાં જ્ઞાન ઘણું સારું છે. જ્ઞાન કરતાં ધ્યાન વિશેષ સારું છે. ધ્યાન કરતાંય કર્મના ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે. કેમકે-ત્યાગથી તુરત જ પછી શાંતિ પ્રાપ્ત થાય છે. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

હવે - ફળાસક્તિએ રહિત કર્મ કરવાં તેને વખાણતા થકા કહે છે.

અભ્યાસ - મારા સ્મરણનો અભ્યાસ, તેમજ મારાં મંદિરો નિર્માણ કરવાં એ વિગેરે મારાં કર્મનો અભ્યાસ, તે કરતાં યથાર્થ આત્મસ્વરૂપનું જ્ઞાન તે સર્વથા

શ્રેયને જ કરનારું છે. અને સાક્ષાત્ દર્શન સિવાયના કેવળ આત્મજ્ઞાન કરતાં, તે આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિના સાધનભૂત એવું આત્મસ્વરૂપનું ચિંતવન શ્રેષ્ઠ થાય છે. અને સમ્યક્ પ્રકારે અનિષ્પન્ન થયેલા આત્મચિંતવન કરતાં વર્ણાશ્રમને ઉચિત એવાં સર્વ કર્મનો ફળત્યાગ કરવો તે વિશેષ - શ્રેષ્ઠ થાય છે. અને આત્મજ્ઞાનના અનુસંધાને સહિત સર્વ કર્મનો ફળત્યાગ કર્યા પછી જ એને શાંતિ પ્રાપ્ત થાય છે. અને તે શાંતિને લીધે આત્મસ્વરૂપનું ધ્યાન કરાય છે. તે ધ્યાનથી આત્મસ્વરૂપનું અવલોકન-દર્શનસમાનાકાર સ્થિતિ વર્તે છે. અને તે પછી એને પરમાત્મામાં પરા ભક્તિ થાય છે. માટે અસમર્થ પુરુષને તો કર્મ કર્યા કરવું. અને તેના ફળનો ત્યાગ કરવો એ જ શ્રેષ્ઠ છે. એ અભિપ્રાય છે. ॥૧૨॥

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥१३॥
सन्तुष्टः सततं योगी यतात्मा द्दढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥१४॥

**-: શ્લોકાર્થ :-**

સર્વ ભૂત-પ્રાણીમાત્રનો દ્વેષ નહિ કરનારો, નિઃસ્વાર્થપણે સર્વની મૈત્રી રાખનારો, અકારણ સર્વના ઉપર કરૂણા રાખનારો, મમતાએ રહિત અને અહંકારે પણ રહિત, સુખ-દુઃખમાં સમ રહેનારો અને અપરાધીને પણ અભય આપવારૂપ ક્ષમા રાખનારો, ॥૧૩॥

અને જે ભક્ત-યોગી સદાય સંતોષી રહેતો હોય, મન ઈન્દ્રિયોને કાબૂમાં રાખનારો અને મારા સ્વરૂપના દ્દઢ નિશ્ચયવાળો હોય, મારામાં મન આદિક ઈન્દ્રિયો અને બુદ્ધિને અર્પણ કરીને મારી જ ભક્તિ કરનારો જે મારો ભક્ત તે જ મને પ્રિય છે. ॥૧૪॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - જ્ઞાની ભકતનાં લક્ષણ કહી બતાવે છે.

સર્વભૂત-પ્રાણીમાત્રનો દ્વેષ નહિ કરનારો, દરેક પ્રાણીની સાથે મિત્રભાવથી વર્તનારો, દુઃખી કે ગરીબ માણસ પ્રત્યે દયા રાખવાના સ્વભાવાળો, અર્થાત્ - પોતાથી ઉત્કૃષ્ટ મનુષ્યો તરફ દ્વેષ નહિ કરનારો, સમાનમાં મિત્રતા રાખનારો અને કનિષ્ઠોને વિષે દયા રાખનારો, એ કહેવાનું છે. દેહ અને દેહના સંબંધવાળાં

પદાર્થોમાં મમતાએ રહિત, દેહને વિષે અહંભાવ નહિ રાખનારો, પ્રારબ્ધાનુસારે આવી પડતાં સુખ-દુઃખોમાં હર્ષ અને ઉદ્વેગ નહિ કરનારો અને બીજાઓ પોતાનો અપરાધ કરે તો પણ તેને સહન કરીને તેમના પ્રત્યે ક્ષમા રાખનારો. ॥૧૩॥

ઈશ્વરેચ્છાથી પ્રાપ્ત થયેલા શરીરધારણમાં ઉપયોગીમાત્ર પદાર્થોથી જ સન્તોષ રાખનારો, સદાય ત્રણ દેહથી જુદો શુદ્ધ ક્ષેત્રજ્ઞ એવા આત્મસ્વરૂપના અનુસન્ધાને યુક્ત, મનને જીતીને વર્તનારો, ભગવાને કહેલા ધર્મોમાં દૃઢ નિશ્ચયથી વર્તનારો, અને તેથી જ મન અને બુદ્ધિને મારામાં જ રાખનારો, ''મારામાં જ મન સ્થાપન કર'' ''મારામાં જ બુદ્ધિને જોડી દે'' ઇત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે મારામાં અર્પણ કર્યાં છે મન અને બુદ્ધિ તે જેણે, આવા પ્રકારનો જે મારો ભક્ત છે, તે મને બહુ જ પ્રિય છે. ॥૧૪॥

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥१५॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

જેનાથી કોઈ પણ પ્રાણી ઉદ્વેગ ન પામે અને જે પોતે કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગ ન પામે અને જે હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગાદિક વિકારોથી રહિત થઈને વર્તે તે ભક્ત મને પ્રિય છે. ॥૧૫॥

જે કોઈની અપેક્ષા નથી રાખતો, અંદર-બહાર શુદ્ધ રહે છે. ચતુર, પક્ષપાતે રહિત વર્તનારો અને દુઃખાદિકની વ્યથા નહિ પામનારો, તેમ જ સર્વ આરંભમાત્રનો પરિત્યાગ કરનારો જે મારો ભક્ત તે જ મને પ્રિય-વ્હાલો છે. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

વળી - જેનાથી લોક એટલે જનસમૂહ ઉદ્વેગ-સંતાપ નથી પામતો, કેમકે તેને લોકને ઉદ્વેગ થાય એવી ક્રિયા જ કરવાનો અભાવ હોય છે માટે. તેમજ વળી જે પોતે લોક થકી ભય પામીને ઉદ્વેગ નથી પામતો. અને વળી હર્ષ એટલે પોતાને પ્રિય પદાર્થની પ્રાપ્તિ થાય ત્યારે થઈ આવતો આનંદ, અમર્ષ- બીજાને કોઈ મનગમતું પ્રિય પદાર્થ પ્રાપ્ત થાય ત્યારે તેને દેખીને સહન ન કરી શકવું, ભય-ભીતિ અને ઉદ્વેગ - મનનો ક્ષોભ, આ બધાથી જે રહિત થયેલો મારો ભક્ત હોય તે મને પ્રિય છે. ॥૧૫॥

વળી - જે દૈવ ઇચ્છાથી પ્રાપ્ત થતા પદાર્થોમાં પણ અપેક્ષાએ રહિત છે. બાહ્ય અને આભ્યન્તર એવા બન્ને પ્રકારના શૌચને પાળનારો છે, પોતાનું ખરું હિત સાધવામાં જે કુશળ છે. પ્રાકૃત-માયિક વિષયોમાં ઉદાસીનતા પામેલો, મનમાં કોઈ પ્રકારની વ્યથા નહિ પામનારો અને મારી ભક્તિ સિવાયના સર્વ કર્મના પ્રારંભોને છોડી દેવાના સ્વભાવવાળો, આવાં લક્ષણોથી સંપન્ન એવો જે મારો ભક્ત તે મને બહુ જ પ્રિય છે. ॥૧૬॥

**यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।**
**शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥१७॥**

**-: શ્લોકાર્થ :-**

જે ક્યારેય હર્ખાઈ જતો નથી અને કોઈનો દ્વેષ પણ કરતો નથી, જે ક્યારેય શોક નથી કરતો તેમ કશાની આકાંક્ષા નથી રાખતો, અને સારા-નરસાનો સર્વનો પરિત્યાગ કરીને મારામાં ભક્તિવાળો જે ભક્તજન તે મને બહુ જ પ્રિય-વ્હાલો છે. ॥૧૭॥

**-: ભાષ્યાર્થ :-**

વળી - જે પુત્ર-દ્રવ્યાદિક પ્રાકૃત પ્રિય પદાર્થને પામીને નથી હર્ષને પામતો, કે ખરાબ વસ્ત્રાદિક તુચ્છ પદાર્થને પામીને નથી દ્વેષ કરતો, તેમજ પ્રિય એવાં પુત્રવિત્તાદિક પદાર્થ નાશ પામ્યે સતે નથી શોક કરતો, તેમજ સત્સંગ અને ભગવાનની મૂર્તિ સિવાય બીજી કોઈ વસ્તુને જ નથી ઇચ્છતો. અને ભવબંધનમાં હેતુભૂત એવાં પુણ્ય અને પાપ તે બન્નેનો ત્યાગ કરી દેવાના સ્વભાવવાળો છે, આવો જે મારામાં ભક્તિવાળો જન તે મને વ્હાલો છે. ॥૧૭॥

**समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।**
**शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥१८॥**
**तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित् ।**
**अनिकेतः स्थिरमतिर्भक्तिमान् मे प्रियो नरः ॥१९॥**

**-: શ્લોકાર્થ :-**

જે શત્રુમાં અને મિત્રમાં તથા માન-અપમાનમાં પણ સમ વર્તે છે. શીત-ઉષ્ણાદિક તથા સુખ-દુઃખમાં પણ જે સમ વર્તે છે. તેમજ સર્વમાં સંગ-આસક્તિએ રહિત છે. ॥૧૮॥

જે નિંદા અને સ્તુતિને સમાન સમજે છે. મનન કરવાના સ્વભાવવાળો છે, શરીરના નિર્વાહમાં જે કોઈ પદાર્થ મળી આવે તેનાથી જે સદાય સંતોષી રહેનાર છે. એક જ સ્થાનમાં નિયત વાસ નહિ રાખનારો અને મારામાં સદાય સ્થિર બુદ્ધિ રાખનારો મારામાં ભક્તિમાન પુરુષ મને બહુ જ વ્હાલો છે. ॥૧૯॥

**-: ભાષ્યાર્થ :-**

વળી - જે શત્રુ અને મિત્ર તેમાં પણ સમ-તુલ્ય ભાવે યુક્ત હોય, તેમજ માન-અપમાનમાં પણ સમ-આનંદ અને ખેદરૂપ વિકારથી રહિત હોય, તથા શીત ઉષ્ણ અને સુખ-દુઃખમાં પણ જે તુલ્ય ભાવે યુક્ત છે. અને હું અને મારા ભક્તજનો તે સિવાયના બીજા પદાર્થમાત્રમાં આસક્તિએ રહિત- અસંગપણે વર્તનારો હોય છે. ॥૧૮॥

વળી કેવો હોય ? તો કે નિંદા અને સ્તુતિ એ પણ જેને સમાન લાગતાં હોય, જે વાણીને નિયમમાં રાખનારો હોય, વળી - દૈવ ઈચ્છાથી પ્રાપ્ત થયેલાં સારાં-નરસાં અન્ન વસ્ત્રાદિક પદાર્થોથી જ સદાય સંતોષ રાખનારો, એક નિયત વાસમાં જ નહિ વસનારો, તેમજ સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનના માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી એકાંતિકી ભક્તિ, એ આદિક સદ્‌ગુણોમાં સદાય નિશ્ચળ બુદ્ધિ રાખનારો. આવાં લક્ષણોવાળો જે મારામાં ભક્તિમાન્ પુરુષ છે, તે મને બહુ જ પ્રિય વ્હાલો છે. ॥૧૯॥

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगोनाम द्वादशोऽध्यायः ॥१२॥

**-: શ્લોકાર્થ :-**

હે અર્જુન ! જે પુરુષો આ મારા ભક્તિ-યોગરૂપ ધર્મમય અમૃતનું મારા કહેવા પ્રમાણે વર્તીને પર્યુપાસન કરે છે. અને તેમાં શ્રદ્ધાયુક્ત થઈને મત્પરાયણ જ વર્તે છે. તે મારા ભક્તો મને અતિશય જ પ્રિય-વ્હાલામાં વ્હાલા છે. ॥૨૦॥

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ભક્તિયોગો નામ દ્વાદશોડધ્યાયઃ ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે કહેલા ભાગવત ધર્મોનો ઉપસંહાર કરતાં કહે છે -

જે જનો તો આ ધર્મથી અવિરૂદ્ધ એવું અમૃત-ઉપદેશામૃત તેને આ કહ્યું એ પ્રમાણે યથાર્થ રીતે ઉપાસે છે. સેવે છે. અને તેમાં જે શ્રદ્ધા રાખે છે. તે મારા પરમ સર્વોત્કૃષ્ટ ભક્તો મને અત્યંત પ્રિય છે. એટલે કે મારી પ્રસન્નતાના પાત્રભૂત છે. ॥૨૦॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-*
*ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્ગુરુવર્ય શ્રીગોપાળાનંદ-મુનિવિરચિતે*
*શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે દ્વાદશોઽધ્યાયઃ ॥૧૨॥*

## अथ त्रयोदशोऽध्यायः

श्री भगवानुवाच

इदं शरीरं कौन्तेय ! क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥१॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે-હે અર્જુન ! આ શરીરને ક્ષેત્ર એવા નામે કહેવામાં આવે છે. અને તે ક્ષેત્ર-શરીરને જે જાણે છે. તે જીવાત્માને ક્ષેત્રજ્ઞ એવા નામે તે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સ્વરૂપને યથાર્થ જાણનારા જ્ઞાની જનો કહે છે. ॥૧॥

-: ભાષ્યાર્થ :-

જે ભગવાનનું ચરણોદક શ્વપચ સુધીના સઘળા વિશ્વને પણ પાવન કરે છે. જે ભગવાનનું દર્શન સંસારરૂપ મહાસાગરના પારને પમાડનારું છે. જે ભગવાનનું નામ કીર્તન પાપના સમૂહોને પણ સર્વથા નાશ કરનારું છે. એવા તે શ્રીહરિ-કૃષ્ણ ભગવાન સમર્થ પ્રભુને હું આશરું છું.''

પૂર્વે બારમાં અધ્યાયમાં અક્ષરની ઉપાસના કરનારા અક્ષરના ભક્તોથી પુરુષોત્તમના ભક્તનું શ્રેષ્ઠપણું કહ્યું. સ્વપ્રાપ્યભૂત શ્રીહરિમાં આશુગામિપણું કહ્યું. એકાંતિકી ભક્તિનું સાધન કહ્યું. અક્ષરના ભક્તનું કનિષ્ઠપણું અને ક્લેશે યુક્તપણું કહ્યું. તે અક્ષરના ભક્તોએ પામવા યોગ્ય અક્ષરનું સ્વરૂપ અને ભગવાનની પ્રસન્નતા કરનારો ભાગવત ધર્મનો સમૂહ પણ કહી બતાવ્યો.

હવે - ષટ્કના વિભાગથી વિષયની વિભાગ વ્યવસ્થા બતાવે છે.

આ મધ્યમ ષટ્કમાં એકાંતિક ભક્તજનોએ ઉપાસના કરવા યોગ્ય પરમાત્મા શ્રીહરિનું માહાત્મ્યજ્ઞાન કહ્યું. અને એકાંતિકી ભક્તિનું સ્વરૂપ કહી બતાવ્યું. કેવળ ઐશ્વર્યમાં જ નિષ્ઠા રાખનારાઓને કૈવલ્ય મુક્તિમાં નિષ્ઠાવાળાઓને અને ભગવાનમાં નિષ્ઠાવાળાઓને પણ જુદું જુદું પ્રાપ્ય અને એ સર્વનો ઉપાસના પ્રકાર પણ કહી બતાવ્યો.

હવે- હાલમાં આ છેલ્લા ષટ્કથી પ્રથમના બે ષટ્કોથી કહેલો અર્થ જ વિશેષપણે વિસ્તારથી સમજાવવા માટે કહે છે -

તેમાં પ્રથમ તેરમા અધ્યાયમાં- ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનાં, જ્ઞાન અને જ્ઞેય – જાણવા યોગ્ય તત્ત્વનાં તથા પ્રકૃતિ અને પુરુષનાં લક્ષણો કહે છે

તેમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ વિવેચન કરીને સમજાવતાં કહે છે -

હે કૌન્તેય ! આ દેવ - મનુષ્યાદિક આકારે રહેલું અને જીવાત્માએ "હું દેવ છું" "હું મનુષ્ય છું." એમ જીવાત્માની સાથે એકભાવે અપૃથકપણે જાણેલું પણ વસ્તુતાએ પૃથગ્ભૂત એવું શરીર તેને ક્ષેત્ર એ પ્રમાણે અગર એ નામથી કહેવામાં આવે છે. અને જે ક્ષેત્રથી અન્ય - જુદો જીવાત્મા, આ અવયવના સંનિવેશવાળું શરીર તેને જાણે છે. એટલે કે - "મારા હાથમાં દુઃખ થાય છે." "મારા મસ્તકમાં સુખ જણાય છે." એમ પોતાપણાના અભિમાનથી જાણે છે - અનુભવે છે, તેને જાણવા યોગ્ય તે શરીર તેના થકી જ્ઞાતારૂપે રહેલા અન્ય જીવાત્માને, તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના યથાર્થ સ્વરૂપને જાણનારા જ્ઞાનીજનો, ક્ષેત્રજ્ઞ એ પ્રમાણે કહે છે.

અભિપ્રાય એ છે કે - જેમ - વૃક્ષ- પુષ્પાદિક પદાર્થોને "આ વસ્તુને હું જાણું છું" એમ જાણનાર પોતા થકી ભિન્ન જાણે છે. તેમજ જાણનારા પોતાના આત્માને જાણવા યોગ્ય વૃક્ષ-પુષ્પાદિક પદાર્થો થકી ભિન્ન જાણે છે. તેમજ - "આ મારું શરીર કૃશ છે." એમ શરીરને, જાણનારો પોતા થકી ભિન્ન જાણે છે. અને પોતાના આત્માને, જાણવા યોગ્ય શરીર થકી સર્વથા જુદો જાણે છે. માટે જાણવા યોગ્ય શરીર થકી જાણનારો જીવાત્મા અત્યંત ભિન્ન છે. એમ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો જે વિવેક તેને તે બન્નેના જ્ઞાનમાં કુશળ એવા જ્ઞાની પુરુષો કહે છે. ॥૧॥

क्षेत्रज्ञं चापि मां विद्धि ! सर्वक्षेत्रेषु भारत ! ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥२॥

-: શ્લોકાર્થ :-

હે ભારત ! સર્વ ક્ષેત્ર-શરીરોમાં રહેલા ક્ષેત્રજ્ઞ-જીવાત્માને પણ ક્ષેત્રની પેઠે જ મને જ-મદાત્મક જ જાણ ! અને આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ, એ બન્નેના સ્વરૂપનું જે યથાર્થ જ્ઞાન તે જ જ્ઞાન છે. એમ મેં માનેલું છે. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે દેહને ક્ષેત્રપણે અને જીવાત્માને ક્ષેત્રજ્ઞપણે કહીને, હવે- હમણાં સકળ ચેતન-અચેતનના સમૂહને ક્ષેત્રપણે, અને પોતાને — પરમાત્માને તે સર્વની અપેક્ષાએ ક્ષેત્રજ્ઞપણે કહે છે.

સર્વ એવાય ચેતન-અચેતન પદાર્થને મારી અપેક્ષાએ શરીરપણાને લીધે ક્ષેત્રપણે, જાણ ! અને તે સર્વ એવાંય ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞપણે અંતર્યામીભાવે રહેલો હું જ છું. માટે મનેજ સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ એ પ્રમાણે જાણ ! અને તે જ પ્રમાણે અન્તર્યામિ બ્રાહ્મણમાં સર્વનું શરીરપણું સાંભળવામાં આવે છે - “જે પૃથ્વીમાં રહે છે” ઇત્યાદિક શ્રુતિવચનોથી ।

અથવા સર્વ શરીરોરૂપ ક્ષેત્રોમાં અનુસ્યૂત રહેલો એક જ ક્ષેત્રજ્ઞ એવો મને જાણ ! અથવા તો સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ દરેક ક્ષેત્રમાં રહેલા ક્ષેત્રજ્ઞ - જીવાત્માને જાણ ! અને મને પણ જાણ !

વસ્તુતાએ તો - જે ક્ષેત્રજ્ઞ કહ્યો, તે પોતે સ્વતંત્ર નથી, પરંતુ - મદાત્મક-મારા આધીનમાં વર્તનારો છે, માટે તે ક્ષેત્રજ્ઞને પણ મને જ — મદાત્મક જ છે, એમ જાણ! આજે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન કહી બતાવ્યું, તે જ ખરું જ્ઞાન છે. એમ મારો મતઅભિપ્રાય છે. એથી વિપરીત બધુંય અજ્ઞાન છે. એમ અભિપ્રાય છે. ॥૨॥

तत् क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे श्रृणु ! ॥३॥

-: શ્લોકાર્થ :-

તે ક્ષેત્ર-શરીર, જે છે. જેવું છે. જેવા વિકારવાળું છે. તથા જેના થકી જે થયેલું છે. તથા ક્ષેત્રજ્ઞ-જીવાત્મા જે છે. અને જેવા પ્રભાવવાળો છે. તે સઘળું સંક્ષેપથી મારા થકી સાંભળ ! ॥૩॥

-: ભાષ્યાર્થ :-

હવે જીવાત્માનું શરીરરૂપ ક્ષેત્ર અને તે જીવાત્મા, એ બન્નેના સ્વરૂપના નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે.

તે ''इदं शरीरम्'' એ શ્લોકથી પહેલાં કહેલું ક્ષેત્ર, તે જે સ્વરૂપે છે, જેવા ધર્મ-સ્વભાવવાળું છે, જે જે વિકારોએ યુક્ત છે. જે હેતુથી એ ઉત્પન્ન થાય છે. જે જે સ્થાવર-જંગમાદિક ભેદોથી ભિન્ન ભિન્ન આકારે, અથવા ભિન્ન ભિન્ન પ્રકારે રહેલું છે. તેમ જ તે ''यो वेत्ति'' એ શ્લોકથી કહેલો ક્ષેત્રજ્ઞ, જે સ્વરૂપે રહેલો છે. જે જે પ્રભાવ- સામર્થ્યે યુક્ત છે, તે સઘળુંય સંક્ષેપે કરીને મારા થકી તું શ્રવણ કર ! ॥૩॥

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥४॥

-: શ્લોકાર્થ :-

આ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ, સ્વભાવ વિગેરે ઋષિઓએ બહુ પ્રકારે નાના પ્રકારના વેદમંત્રોથી જુદું જુદું કહેવામાં આવ્યું છે. તેમજ-હેતુવાદપૂર્વકનાં નિશ્ચિત અર્થવાળાં બ્રહ્મસૂત્રોનાં વાક્યોથી પણ કહેવામાં આવ્યું છે. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ કોણે કોણે પ્રથમ વિસ્તારથી કહેલું છે ? કે જેને તમે અહીંયાં સંક્ષેપથી કહો છો. એ આશંકાના સમાધાનમાં કહે છે -

પૂર્વે થયેલા પરાશરાદિક ઋષિઓએ તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ બહુ પ્રકારે નિરૂપણ કર્યું છે. જુઓ તે પ્રમાણેનાં તેમનાં વચનો - ''હે પાર્થિવ ! હું અને તું તથા બીજા સઘળાઓ પણ પૃથિવ્યાદિક ભૂતોની સાથે તણાઈએ છીએ. અને એ જ પ્રમાણે ગુણના પ્રવાહમાં પડેલો આ ભૂતવર્ગ પણ તણાયા કરે છે. હે પૃથિવીપતે! આ સત્ત્વાદિક ગુણો બધાય પ્રાણીઓનાં કર્મને જ વશ વર્તનારા છે. અને તે કર્મ પણ સર્વ જન્તુઓમાં અનાદિ અજ્ઞાનરૂપ અવિદ્યાથી સંચિત રહે છે. અને આત્મા તો શુદ્ધ, ક્ષર ભાવથી રહિત અક્ષરસ્વરૂપ, શાન્ત સુખમય, નિર્ગુણ અને પ્રકૃતિ-માયાથી પર જુદો અથવા શ્રેષ્ઠ છે'' તેમજ -''મસ્તક, તથા હસ્ત - પાદાદિક અવયવરૂપ લક્ષણવાળો આ પિંડ-શરીર, પુરુષ-જીવાત્મા થકી જુદો જ છે, તો પછી ''अहम्'' હું એવી સંજ્ઞા હે રાજન્ ! એમાંથી કોને વિષે હું કરું ?'' તેમજ વળી - ''આ શિર જે મસ્તક તે તું છે ? કે એ મસ્તક તારું છે ? તેમજ ઉદર પણ

તું છે ? કે તારું છે ? વળી હે રાજન્ ! શું આ પગ વિગેરે અવયવો તે તું છે? કે એ બધા અવયવો તારા છે ? જો સમસ્ત અવયવો થકી તુ જુદો જ નિશ્ચે રહેલો છે, તો પછી હું કોણ ? એ બાબતમાં તું નિપુણ - ડાહ્યો થઈને વિચાર કર ?'' આ પ્રમાણે જુદાં જુદાં કહેલાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ, તે બન્નેના આત્મા-ધારક વાસુદેવ ભગવાન છે, એમ પણ મહર્ષિઓ જ કહે છે - ''ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, સત્ત્વ, તેજ, બળ, ધૃતિ - ધીરજ, આ બધાંય તત્ત્વો વાસુદેવાત્મક જ છે. અને ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ  તે પણ વાસુદેવ જેના આત્મા છે એવાં છે. એમ પૂર્વના મહર્ષિઓ કહે છે.'' અને તે મહર્ષિઓએ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ, એવા જુદા જુદા વેદોથી - વેદો દ્વારા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ પૃથક્ - જુદું જુદું કહેલું છે. તેમાં યજુર્વેદમાં - ''તે આ આત્મા -પરમાત્મા થકી આકાશ ઉત્પન્ન થયો, આકાશ થકી વાયુ થયો, વાયુ થકી અગ્નિ, અગ્નિ થકી જળ, જળ થકી પૃથ્વી, પૃથ્વી થકી ઔષધિઓ, ઔષધિઓ થકી  અન્ન અને અન્ન થકી પુરુષ-પુરુષાકાર શરીર થયું. માટે તે આ પુરુષ - શરીર અન્નરસમય છે. તે આ અન્નરસમય શરીર થકી અન્ય - જુદો અંદર પ્રાણમય આત્મા છે. અને તે આ પ્રાણમય આત્માથી જુદો અંદર મનોમય આત્મા છે.'' આ પ્રમાણે અહીં સૂધી ક્ષેત્રનું સ્વરૂપ કહીને, આગળના - ''તે આ મનોમય આત્મા થકી જુદો અંદર વિજ્ઞાનમય આત્મા છે.'' આ વાક્યથી ક્ષેત્રજ્ઞ એવા જીવાત્માનું સ્વરૂપ કહીને, પછી ''તે આ વિજ્ઞાનમય આત્મા થકી જુદો અંદર આનંદમય આત્મા-પરમાત્મા છે.'' એમ ક્ષેત્રજ્ઞના અંતરાત્મપણે આનંદમય પરમાત્મા કહેલા છે. એ જ પ્રમાણે ઋગ્વેદ, સામવેદ અને અથર્વેદમાં પણ શરીર અને જીવાત્માનું પૃથક્ત્વ અને તે બન્નેના અંતરાત્મા પરબ્રહ્મ છે, એમ અતિ સ્પષ્ટતાથી કહેલું છે. અને હેતુરૂપ અર્થવાળી પંચમી વિભક્તિએ સંયુક્ત એવાં ન્યાયરૂપ અને વિશેષરૂપે નિશ્ચયપૂર્વક નિર્ણય નક્કી કર્યાં છે તત્ત્વત્રયાદિક પદાર્થો જેમણે એવાં બ્રહ્મસૂત્રપદોથી, એટલે કે - બ્રહ્મ જે ચિત્ અચિત્થી વિશિષ્ટ એવા પરબ્રહ્મ પરમાત્મસ્વરૂપને પ્રતિપાદન કરનારો શ્રુતિગણ તે સૂત્રરૂપે જેમાં ગુંથવામાં- રચવામાં આવ્યો છે. એવાં તે તે બ્રહ્મસૂત્રરૂપ વ્યાસમુનિનાં પદ-વાક્યોથી, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ અને તે બન્નેનું પરબ્રહ્માત્મકપણું બહુ પ્રકારે ગાયેલું - વર્ણવેલું છે જ.  બ્રહ્મસૂત્રમાં કારણવાદનું નિરૂપણ કરતાં વ્યાસમુનિ કહે છે કે - ''આકાશ જગતનું કારણ ન હોઈ શકે. કેમ કે તેવું શ્રુતિ વચન નથી માટે.'' આમ આરંભ કરીને, ''ચરાચરનો વ્યપાશ્રય તો થાય.'' એ સુધીના સૂત્રોથી ક્ષેત્રનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે. અને ''नात्मा श्रुतेर्नित्यत्त्वाच्च ताभ्यः'' ''ज्ञोऽत एव'' ઈત્યાદિ સૂત્રોથી ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે. અને ''परात्तु तच्छ्रुतेः''

એ સૂત્રથી સર્વ જગત્‌ને ભગવાનથી જ પ્રવર્તવાપણું હોવાથી તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બન્નેનું ભગવદાત્મકપણું નિશ્ચિત કર્યું છે. આ પ્રમાણે બહુ પ્રકારોથી કહેવામાં આવેલું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હું સંક્ષેપથી સ્પષ્ટ સમજાય તેમ કહું છું તે તું સાંભળ ! એ અર્થ છે. ॥૪॥

महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥५॥
इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतनाधृतिः ।
एतत् क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥६॥

**-: શ્લોકાર્થ :-**

પંચ મહાભૂત, અહંકાર, અને અવ્યક્ત-પ્રકૃતિ, મહત્તત્ત્વ, તથા દશ ઈન્દ્રિયો, એક મન અને શબ્દાદિક પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો. ॥૫॥

તેમજ ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, પંચભૂતના સમૂહરૂપ સ્થૂળ પિંડ, ચેતન-જીવાત્માને ધારણ કરવું, અથવા ચેતના-બુદ્ધિ અને ધૃતિ-ધારણ અથવા ધૈર્ય, આ સંક્ષેપથી વિકારોએ યુક્ત ક્ષેત્રનું સ્વરૂપ કહેલું છે. ॥૬॥

**-: ભાષ્યાર્થ :-**

તેમાં પ્રથમ ક્ષેત્રનો નિર્ણય બે શ્લોકથી કહે છે.

ભૂમિ આદિક પાંચ મહાભૂત નામે પદાર્થ, તે દ્રવ્યોના આવિર્ભાવનો કારણભૂત અહંકાર, અહંકારનું કારણ મહત્તત્ત્વરૂપ બુદ્ધિ, પ્રધાન નામે પ્રકૃતિરૂપ અવ્યક્ત, આ બધાં આરંભક દ્રવ્યો છે. બાહ્ય કરણરૂપ દશ ઈન્દ્રિયો અને એક અગીયારમું મન, તથા ઈન્દ્રિયોને સાક્ષાત્ થવામાં યોગ્ય એવા શબ્દાદિક પંચ વિષયો, તે આ સઘળાં ક્ષેત્રમાં શરીરમાં મળેલાં છે. ॥૬॥

હવે - ઈચ્છા જે ધર્માદિક ચતુર્વર્ગની ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ, અહીંયાં ઈચ્છાદિક ચારેય વિકારનું શરીર થકી ઉત્પન્ન થવાપણું છે માટે શરીરના વિકારરૂપે કહેલા છે. જો કે - ઈચ્છા અને દ્વેષાદિક એ ચારેય વિકારો ક્ષેત્રજ્ઞ-જીવાત્માના ધર્મો છે, તો પણ એ વિકારો ક્ષેત્રજ્ઞને દેહના સંયોગથી પ્રાપ્ત થાય છે, માટે શરીરના કાર્યપણે શરીરને આશરીને રહેલા એમ કહેવાય છે. અને તે વિકારો પણ પુરુષ-જીવાત્માના ધર્મ છે. એમ તો આ ગીતામાંજ ભગવાન કહેવાના છે. - ''સુખ-દુઃખાદિકના ભોક્તાપણામાં હેતુ પુરુષ જ કહેવાય છે.'' એમ સંઘાત - ભૂતસમુદાય, ચેતનાધૃતિ ચેતન-જીવાત્માનો આધાર આશ્રયભૂત, સુખ દુઃખને ભોગવનારો અને

તેમાં કારણભૂત એવા ધર્માદિક ચતુર્વર્ગને સંપાદન કરનારા જીવાત્માના આધારપણે ભૂતસમુદાય ઉત્પન્ન થયેલો છે.

ભાવાર્થ એ છે કે - અવ્યક્તથી આરંભીને ભૂમિ સુધીનાં દ્રવ્યોથી રચાયેલું ઈન્દ્રિયો અને મને યુક્ત, ઈચ્છા, દ્વેષ અને સુખ - દુઃખરૂપ વિકારોને ઉત્પન્ન કરનારું ઉત્પત્તિનું સ્થાન અને ક્ષેત્રજ્ઞ-જીવાત્માને સુખ-દુઃખાદિક ભોગવવાના સાધનભૂત, એવું આ સ્થૂળ તત્ત્વોના સમુદાયરૂપ શરીર છે. આ પ્રમાણે તેના વિકારોએ સહિત આ સઘળું આખુંય ક્ષેત્ર - શરીર સંક્ષેપથી કહી બતાવ્યું. ॥૬॥

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥७॥
इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥८॥
असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्त्वमिष्टानिष्टोपपत्तिषु ॥९॥

**-: શ્લોકાર્થ :-**

હવે-પાંચ શ્લોકથી જ્ઞાનનું લક્ષણ કહે છે—નિર્માન ભાવે વર્તવું, દંભે રહિત વર્તન રાખવું, અહિંસા, ક્ષમા રાખવી, મન-અને વાણીથી સરલ વર્તવું, શ્રદ્ધાપૂર્વક ગુરુની સેવા કરવી, અંદર અને બહારની શુદ્ધિ રાખવી, સ્વધર્માદિક આચરવામાં મનની સ્થિરતા રાખવી. અને મન-ઈન્દ્રિયોનો વિશેષપણે નિગ્રહ કરવો. ॥૭॥

ઈન્દ્રિયોથી ભોગવાતા શબ્દાદિક વિષયોમાં રાગે રહિત વર્તવું, કોઈ પ્રકારનો અહંકાર ન રાખવો, આ સંસારમાં અનુભવાતા જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, વિગેરે વિકારોમાં રહેલાં દુઃખ અને દોષોનું વારંવાર આલોચન રાખવું. ॥૮॥

પુત્ર, દારા અને દેહ-ગેહાદિક વસ્તુઓમાં આસક્તિ ન રાખવી, તેમજ તેમાં અતિ મમતાથી બંધાઈ જવું નહિ, સારા-નરસા સંજોગો પ્રાપ્ત થાય ત્યારે તેમાં સદાય સમચિત્તપણું રાખવું. ॥૯॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ક્ષેત્રનું સ્વરૂપ કહીને હવે- શુદ્ધ - ક્ષેત્રજ્ઞ- જીવાત્મા, અક્ષર- બ્રહ્મ અને પરાત્પર પુરુષોત્તમ ભગવાનની પ્રાપ્તિના સાધનપણે ગ્રહણ- સંપાદન કરવા યોગ્ય ગુણોને પાંચ શ્લોકથી કહે છે.

**અમાનિત્વ** - પોતાનાથી શ્રેષ્ઠ એવા મહાપુરુષોની આગળ માને રહિત વર્તવું, **અદંભિત્વ** - લોકમાં કીર્તિ થવા માટે ધર્મ પાળવો અને ભક્તિ આદિક કરવું એ બધો દંભ કહેવાય, તેવા દંભે રહિતપણું, એટલે કે કેવળ પોતાના મોક્ષને માટે જ ધર્મનું આચરણ કરવું અને ભક્તિ કરવી. **અહિંસા** - મન,વાણી અને દેહે કરીને ભૂત-પ્રાણીમાત્રને પીડા થાય તેવું આચરણ ન કરવું. **ક્ષાન્તિ** - પરના અપરાધોને સહન કરવાનો સ્વભાવ રાખવો, આર્જવ વક્રતાએ રહિત વર્તવું, **આચાર્યોપાસન** - આચાર્ય જે જ્ઞાનપ્રદાતા ગુરુ તેમનું **ઉપાસન** - સેવન કરવું અને પ્રણિપાતથી, પરિપ્રશ્નથી અને સેવાથી, તેમને પ્રસન્ન કરવા, **શૌચ** - બાહ્ય અને આભ્યન્તર એમ બન્ને પ્રકારનું પવિત્રપણું, જુઓ ! તે પ્રમાણે વચન છે ‘‘મૃતિકા અને જળ એ બેથી બાહ્ય શૌચ અને હૃદયની શુદ્ધિ રાખવી એ આભ્યન્તર શૌચ છે.’’ એમ. **સ્થૈર્ય** - મોક્ષના સાધનભૂત ધર્મ - નિયમોમાં નિશ્ચળપણું **આત્મવિનિગ્રહ** - આત્માનું મનનું શાસ્ત્રમાં નિષેધ કરેલા વિષયો થકી સંયમન કરવું, એ જ્ઞાન છે એમ કહેલું છે. એમ પાંચમાં શ્લોકની સાથે અન્વય છે.

**વૈરાગ્ય** - પ્રાકૃત માયિક ઈન્દ્રિયોના ભોગોમાં દોષદૃષ્ટિ થવાથી રાગે રહિત વર્તવું, અનહંકાર - પંચ ભૂતના વિકારરૂપ દેહને વિષે આત્માના અભિમાને રહિતપણે વર્તવું, દોષાનુદર્શન - પ્રાકૃત દેહને વિષે, જન્મ, મૃત્યુ, જરા વ્યાધિ, એવાં એવાં અનેક દેહનાં દુઃખ વિગેરે દેહના દોષોનું અનુદર્શન - વારંવાર આલોચન કરવું.

**અસક્તિ**-આચરવામાં આવતાં શાસ્ત્રીય કર્મોમાં સ્વર્ગાદિક ફળના અનુસંધાને રહિતપણું, **અનભિષ્વંગ**- પુત્ર, સ્ત્રી અને ગૃહાદિકમાં પોતાને જેમ બંધન ન થાય તેમ ઉદાસીનપણે વર્તવું, **સમચિત્તત્વ**- ઈષ્ટ-અનિષ્ટના સંયોગો પ્રાપ્ત થાય તેવા પ્રસંગોમાં પણ નિરંતર હર્ષ-શોક નહિ પામતાં સદાય સમચિત્તપણે વર્તવું. ॥૭-૯॥

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥१०॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥११॥

-: **શ્લોકાર્થ** :-

મારામાં અનન્ય યોગથી અવ્યભિચારિણી-નિશ્ચળ ભક્તિ રાખવી. તથા એકાંત અને શુદ્ધ શાંત પ્રદેશમાં રહેવાની રૂચિ અને વિષયી જનસમુદાયમાં પ્રીતિ ન રાખવી. ॥૧૦॥

આત્મસ્વરૂપના અનુસંધાનપૂર્વક પરમાત્મસ્વરૂપમાં નિત્ય-નિરંતર સ્થિતિ રાખવી અને તત્ત્વજ્ઞાનરૂપ અર્થનું દર્શન-સાક્ષાત્કાર કરવો. આ સઘળું જ્ઞાન એમ કહેલું છે. અને આનાથી જે વિપરીત તે અજ્ઞાન જાણવું. ॥૧૧॥

**-: ભાષ્યાર્થ :-**

અપાર સૌશીલ્ય-વાત્સલ્યાદિક સકળ કલ્યણકારી ગુણગણોથી વિશિષ્ટ-ભરપૂર અને સકળ ઐશ્વર્યસંપન્ન, એવા પ્રત્યક્ષ પુરુષોત્તમ મારામાં અનન્ય એકાંતિક યોગથી-સંબંધથી, અવ્યભિચારિણી - અસ્ખલિતપણે કરવામાં આવતી દૃઢ-અવિચળ ભક્તિ, નિર્જન-એકાંત વાસમાં રહેવાનો સ્વભાવ અને ભગવાનના એકાંતિક સંત-ભક્તો સિવાયના બીજા પ્રાકૃત- સામાન્ય જનસમુદાયમાં સદાય અરૂચિ.॥૧૦॥

આત્મસ્વરૂપના દૃઢ અધ્યવસાયને કરાવનારા આત્મજ્ઞાનમાં એક અનન્યનિષ્ઠપણું તત્ત્વજ્ઞાનરૂપ અર્થનું દર્શન, એટલે કે - આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનરૂપ તત્ત્વજ્ઞાનનું પ્રયોજન જે ક્ષેત્રજ્ઞ-જીવાત્મસ્વરૂપની વિશુદ્ધિ તેનું દર્શન-અખંડ આલોચન, આ અમાનિત્વાદિક સાધનવૃંદ તે જ્ઞાન છે. એમ જાણવું એટલે કે આત્મસ્વરૂપ, અક્ષરબ્રહ્મ અને મારું પરમાત્માનું સ્વરૂપ, આ ત્રણેયને યથાર્થ જાણવાનું સાધન એનું જ નામ જ્ઞાન એમ કહેલું છે. અને આ અમાનિત્વાદિક ગુણસમુદાય થકી જે વિપરીત માન-દંભાદિક શરીરકાર્ય તે સઘળું અજ્ઞાન છે, એમ પૂર્વે થયેલા મહર્ષિઓએ કહેલું છે. માટે જ્ઞાનનું વિરોધિ હોવાથી એ અજ્ઞાન સર્વથા ત્યાજ્ય છે. એ અભિપ્રાય છે. ॥૧૧॥

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादी मत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥१२॥

**-: શ્લોકાર્થ :-**

જે જાણવા યોગ્ય છે. અને જેને જાણીને અમૃતરૂપ-મુક્તિને પામે છે. તે હું તને સારી રીતે કહીશ-કહું છું. તે અનાદિ-આદિરહિત છે. હું જ જેને પર-પ્રધાન છું એવું બ્રહ્મ છે. અને તે બ્રહ્મ સત્ એમ પણ નથી કહેવાતું, તેમ અસત્ એમ પણ નથી કહેવાતું. ॥૧૨॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - અક્ષરની ઉપાસના કરનારાએ સંસાર બંધનથી મુકાવાને માટે અને મારા ભક્તોએ પણ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ-સાક્ષાત્કારપૂર્વક અક્ષરના સાધર્મ્યને પામીને મારી પરા-પ્રેમલક્ષણા ભક્તિની સિદ્ધિ માટે અક્ષરનું સ્વરૂપ જાણવું જોઈએ.

કે જેના વિજ્ઞાનથી ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું સ્વરૂપ જાણવામાં આવે એમ અભિપ્રાયથી કહે છે.

હવે અમાનિત્વાદિક સાધનોથી જાણવા યોગ્ય એવું જે અક્ષર-પુરુષ નામે જીવ ઈશ્વરાદિક સર્વનું નિયામક બ્રહ્મ, તે હું તને કહીશ. કે જેને વિજ્ઞાનથી ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું સ્વરૂપ જાણવામાં આવે તેમ અભિપ્રાયથી કહે છે -

હવે અમાનિત્વાદિક સાધનોથી જાણવા યોગ્ય એવું જે અક્ષર - પુરુષ નામે જીવ ઈશ્વરાદિક સર્વનું નિયામક બ્રહ્મ, તે હું તને કહીશ. કે જેને જાણીને - સાક્ષાત્ સમજીને જન્મ-મરણાદિક વિકાર પામવાથી થતા ક્લેશોથી રહિતપણારૂપ તેના સાધર્મ્યને પામે છે. તે અક્ષર બ્રહ્મ કેવું છે ? તે કહે છે - અનાદિ - આદિ એટલે જેની ઉત્પત્તિ જ નથી, આદિ શબ્દથી અહીંયાં નિધન-નાશ પણ સમજી લેવો, તેથી આ અક્ષરનો નિધન - નાશ પણ નથી જ થતો, એ અર્થ જાણવો. અર્થાત્ આદિ અંતે રહિત એવું એ અક્ષર બ્રહ્મ છે. તેજ પ્રમાણે શ્રુતિ કહે છે - ''વિપશ્ચિત્ - જ્ઞાનસ્વરૂપ એ બ્રહ્મ-આત્મા ઉત્પન્ન થતું નથી અને મરતું પણ નથી.'' ભાગવતમાં પણ કહ્યું છે - ''આત્મા - બ્રહ્મ અનાદિ છે. માયાના ગુણોથી રહિત અને પ્રકૃતિથી પર પુરુષ છે.'' મત્પર - હું પર ઉત્તમ અથવા પ્રધાન જેના થકી છું એવું છે. તે પ્રમાણે જ શ્રુતિ અને સ્મૃતિઓ કહે છે - ''સર્વથી પર જે અક્ષર તે થકી પણ પર એ પરમાત્મા છે.'' ''અક્ષર થકી પણ એ પરમાત્મા ઉત્તમ છે.'' ઈત્યાદિક છે. આવું બૃહત્ત્વપણે યુક્ત તે અક્ષર બ્રહ્મ, સત્ - કાર્યભૂત સ્થૂળ પૃથિવ્યાદિક ભૂતપંચકરૂપ નથી કહેવામાં આવતું. તેમ અસત્ - ભૂતનાં કારણરૂપ અહંકાર, મહત્તત્વ અને પ્રકૃતિરૂપ પણ નથી કહેવાતું. ॥૧૨॥

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ।।१३।।

**-: શ્લોકાર્થ :-**

તે બ્રહ્મ સર્વ બાજુએ હાથ-પગવાળું છે. સર્વ બાજુએ નેત્ર, મસ્તક અને મુખવાળું છે. સર્વ બાજુએ કાનવાળું છે. કેમકે-લોકમાં સર્વને આવરીને-વ્યાપીને રહે છે. ॥૧૩॥

**-: ભાષ્યાર્થ :-**

વળી તે કેવું છે ? સર્વ બાજુએ હાથ - પગવાળું તે છે. અર્થાત્ એક સ્થાનમાં રહેવા છતાં પણ સર્વત્ર હાથ પગનું કાર્ય કરે છે. સર્વ બાજુએ નેત્ર,

મસ્તક અને મુખવાળું છે. એટલે કે - એક સ્થળમાં રહેવા છતાં પણ સર્વત્ર જુએ છે. તેમજ મસ્તક અને મુખ વિગેરે અવયવોએ સંપન્ન પોતાનું સ્વરૂપ પોતાના ભક્તોને પોતાની ઈચ્છાથી બતાવે છે. સર્વ બાજુએ શ્રુતિ-શ્રવણેન્દ્રિયે સંપન્ન છે., એટલે કે - એક સ્થાનમાં રહેવા છતાં પણ સર્વ પ્રાણીઓએ ઉચ્ચારેલા શબ્દજાળને સર્વત્ર સાંભળે છે. આવું તે અક્ષર બ્રહ્મ પોતાની અંદર અંતર્યામીપણે અને નિયામકપણે રહેલા મેં પુરુષોત્તમ ભગવાને પ્રેર્યું સતું પ્રકૃતિથી ઉપજેલા સર્વત્ર લોકમાં વર્તતા ચેતન-અચેતન સર્વ પદાર્થને પોતાની ચિત્ - શક્તિથી વ્યાપીને રહે છે. જુઓ ! તેવા જ અર્થને કહેનારી શ્રુતિ-સ્મૃતિઓ છે "ખરેજ હું આ ત્રણેય દેવતાઓ પ્રત્યે આ સર્વાધાર અક્ષરરૂપે કરીને અનુપ્રવેશ કરીને નામ-રૂપને કરું છું.- સંકેતરૂપે કલ્પું છું." "અક્ષરને અંદર રહ્યા થકા નિયમમાં કરે છે."એ પ્રમાણે કહ્યું છે. અને આ ગીતામાં પણ કહ્યું છે - "હે મહાબાહો ! આ અપરા પ્રકૃતિ થકી તો જુદી એવી જીવ- સમષ્ટિરૂપ મારી બીજી પરા પ્રકૃતિ જાણ ! કે જેનાથી આ સઘળું જગત્ ધારણ કરાયેલું છે." વળી સ્કન્દ પુરાણમાં પણ કહે છે - "તે કાળ શક્તિને ગ્રહણ કરીને વાસુદેવ ભગવાને અક્ષરરૂપે કરીને જ્યારે સૃષ્ટિ કરવાની ઈચ્છાથી માયા સામું જોયું, કે તે જ વખતે તે માયા ક્ષોભ-વિકાર પામી." એ આદિક વચનો છે. ॥૧૩॥

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥१४॥

**-: શ્લોકાર્થ :-**

સર્વની ઈન્દ્રિયોના વિષયોનો પ્રકાશ કરનારું છે. અને પોતે સર્વ ઈન્દ્રિયોથી રહિત છે. પોતે અસક્ત-નિર્લેપ છે. અને સર્વનું ધારણ-પોષણ કરનારું છે. પોતે માયિક ગુણોથી રહિત માટે નિર્ગુણ છે. અને નિયંતાપણે ગુણનું ભોગવનારું પણ છે. ॥૧૪॥

**-: ભાષ્યાર્થ :-**

સર્વ જીવાત્માઓને તેમનાં તેમનાં ઈન્દ્રિયો અને વિષયોને યથાર્થપણે પ્રકાશ કરી આપે છે. અને પોતે તો સમગ્ર પ્રાકૃત કરણ - ક્લેવરથી રહિત છે. અને તે અક્ષરબ્રહ્મને અપ્રાકૃત-દિવ્ય વિગ્રહ હોવામાં તો વિરોધ નથી. અને પરાત્પર પુરુષોત્તમ એવા મારા સ્વરૂપ સિવાય બીજે તો સર્વથા અસક્ત-પ્રીતિએ શૂન્ય છે. અને તો પણ સર્વ સ્થાવર-જંગમ પ્રાણીમાત્રનું પોષણ કરનાર છે. અને સત્ત્વાદિક

ત્રણ માયિક ગુણોથી રહિત છે. અને સત્ત્વાદિક ગુણોના અભિમાની દેવોનું રક્ષક છે. ॥૧૪॥

बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्त्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥१५॥

**-: શ્લોકાર્થ :-**

ભૂત-પ્રાણીમાત્રની બહાર અને અંદર પણ પૂર્ણરૂપે છે. ચર-અચરરૂપે પણ એ જ છે. અતિ સૂક્ષ્મ હોવાથી તે દુર્વિજ્ઞેય છે. અને દૂર રહેલું પણ એ છે. અને સમીપમાં પણ એ જ છે. ॥૧૫॥

**-: ભાષ્યાર્થ :-**

વળી- તે કેવું છે ? સ્થાવર-જંગમ એવા પ્રાણીમાત્રની અંદર પણ રહેલું છે. અને બહાર પણ રહેલું છે. અર્થાત્ આવરણશૂન્ય છે. જુઓ ! શ્રુતિ પણ તેમજ કહે છે - ''પોતે રચેલાં આ પુરોમાં- શરીરોમાં બહાર અને અંદર આવરણશૂન્ય એવા અક્ષર-પુરુષને અખિલ શક્તિઓને ધારણ કરનારા આપના અંશ-ઐશ્વર્યલેશથી રચેલા છે એ પ્રમાણે મોટા મુનિઓ આપની ઉપાસના કરનારા જ્ઞાની જનો કહે છે.'' એમ. અચરમ્ - મારા સ્થાનરૂપે નિરવયવ અને સર્વત્ર પૂર્ણ સ્વરૂપે રહેલું છે. અને વળી પુરુષાકારે મારી સેવામાં પણ રહેલું છે. મેં કહેલાં અમાનિત્વાદિક સાધનોએ શૂન્ય અજ્ઞ જનોને દૂર વર્તે છે. અને અમાનિત્વાદિક સાધનોએ સંપન્ન જ્ઞાની જનોને તે અક્ષર - બ્રહ્મ સમીપમાં જ જણાય છે. આવું સર્વથા સૂક્ષ્મભાવે યુક્ત હોવાથી તે અક્ષર-બ્રહ્મ શાસ્ત્રજ્ઞ જનોએ પણ જાણવા માટે અશક્ય - અતિ દુર્વિજ્ઞેય છે. ॥૧૫॥

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

સ્વયં અવિભક્ત-વિભાગશૂન્ય હોવા છતાં પણ સર્વ ભૂતોમાં વિભક્ત જેવું જ રહેલું છે. પ્રાણીઓનું ભરણ-પોષણ કરનારું, ઉત્પન્ન કરીને વૃદ્ધિ પમાડનારું અને વળી પ્રલય વખતે સર્વને ગળી લેનારું છે. અર્થાત્ સંહાર કરનારું છે. એવું તે જાણવું. ॥૧૬॥

-: ભાષ્યાર્થ :-

વળી - તે અક્ષર બ્રહ્મ- અવિભક્ત- વિભાગશૂન્ય અપરિચ્છિન્ન છે. અને વળી - સ્થાવર જંગમ પદાર્થોમાં વિભક્ત જેવું એટલે કે તેમનાં તેમનાં કર્મ પ્રમાણે ફળ પમાડવાને ન્યૂનાધિક ભાવે વિભાગ પામેલા જેવું હોયને શું ? એમ રહેલું છે. અને સ્થાવર જંગમ પ્રાણીઓનું ધારક છે. તે અક્ષરને ભૂત-પ્રાણીમાત્ર થકી પૃથક્ જાણવું. અને તે અક્ષર સૃષ્ટિ-સમયમાં સ્થાવર જંગમાત્મક સઘળા વિશ્વની ઉત્પત્તિનું કારણ છે. અર્થાત્ ઉત્પત્તિનું કરનાર જ છે. અને પ્રલય - સમયમાં સ્થાવર-જંગમને ગળી લેવાના સ્વભાવવાળું છે. અર્થાત્ સંહાર કરનાર પણ એ જ છે. ॥૧૬॥

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥१७॥

-: શ્લોકાર્થ :-

સર્વ પ્રકાશ કરનારાં તેજોને પણ તે પ્રકાશ આપનારું છે. માયાના તમ-અંધકારથી પર કહેલું છે. જ્ઞાનરૂપ છે. જાણવા યોગ્ય છે. જ્ઞાનથી જ ગમ્ય-પ્રાપ્ય છે. અને સર્વના હૃદયમાં વસી રહ્યું છે. ॥૧૭॥

-: ભાષ્યાર્થ :-

વળી તે - અક્ષર બ્રહ્મ કેવું છે ? તે કહે છે.

સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને મણિ આદિક સઘળાં તેજસ્વી પદાર્થોનું પણ પ્રકાશક છે. અને અનેક કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિના ક્ષેત્રભૂત પ્રકૃતિરૂપ જે તમ તે થકી પર -એ તમોરૂપ પ્રકૃતિનો સ્વામી એમ કહેવાય છે. જ્ઞાનમય છે. જાણવા યોગ્ય પણ એ જ છે. અને અમાનિત્વાદિક સાધનસમુદાયથી પામવા યોગ્ય છે. અને સર્વના હૃદયમાં નિયંતાપણે રહેલું છે. ॥૧૭॥

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥१८॥

-: શ્લોકાર્થ :-

આ પ્રમાણે ક્ષેત્ર, તથા જ્ઞાન અને જ્ઞેય-શુદ્ધ આત્મતત્ત્વરૂપ સંક્ષેપથી કહી બતાવ્યું, મારો ભક્ત આ બરોબર સમજીને મારા ભાવને-સાધર્મ્યરૂપ પરમ પદને પામે છે. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

હવે - ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન અને જ્ઞેય એ સર્વના નિરૂપણનો ઉપસંહાર કરતાં કહે છે.

"મહાભૂતો અને અહંકાર" એ વચનથી કહેવા પ્રમાણે ક્ષેત્રનું સ્વરૂપ કહ્યું, તથા અમાનિત્વાદિક સાધનસમુદાયરૂપ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. અને જ્ઞેય જીવાત્માઓએ પ્રકૃતિના સંબંધથી છૂટવા માટે અને પરાત્પર પરમેશ્વરમાં પરા ભક્તિ થવા માટે જાણવા યોગ્ય અક્ષર- બ્રહ્મનું સ્વરૂપ- સ્વભાવ વિગેરે મેં સંક્ષેપથી કહી સમજાવ્યું. મારો પરાત્પર પુરુષોત્તમનો ભક્ત- એકાંતિક ઉપાસક જન, આ - ક્ષેત્ર,ક્ષેત્રજ્ઞ,જ્ઞાન અને જ્ઞેય, એ સઘળું જાણીને, એટલે કે - ક્ષેત્રને ત્યાજ્યપણે જાણીને ક્ષેત્રજ્ઞ-જીવાત્માને યાથાવસ્થિત સ્વરૂપથી ઓળખીને, જ્ઞાનને મારી પ્રાપ્તિમાં સાધનપણે જાણીને જ્ઞેય-અક્ષર-બ્રહ્મસ્વરૂપને જાણીને મારો ભાવ જે સ્વભાવ, અર્થાત્ સ્વભાવથી સાધર્મ્ય તેને પામે છે. એટલે કે મારા પરમ સામ્યભાવને પામીને મારી સેવારૂપ રસને અનુભવવામાં યોગ્ય પાત્ર બને છે.

પૂર્વના શ્રીમદ્રામાનુજાચાર્ય વિગેરે તો આ "ज्ञेयं यत्तत्" ઇત્યાદિક શ્લોકોને શુદ્ધ આત્મસ્વરૂપના નિરૂપણપરત્વે વ્યાખ્યાન કરે છે. ॥૧૮॥

प्रकृतिं पुरुषं चैव विद्धयनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसम्भवान् ॥१९॥

-: શ્લોકાર્થ :-

પ્રકૃતિ-માયા અને પુરુષ-જીવાત્મા એ બન્નેયને અનાદિ જાણ—સમજ ! અને સર્વ વિકારો અને ગુણો તે પ્રકૃતિમાંથી થયેલા જાણ ! ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

સ્વરૂપ અને સ્વભાવથી પણ અત્યંત વિલક્ષણ એ અનાદિ કાળથી સંબંધ પામેલા એવા પ્રકૃતિ-પુરુષના કાર્યના ભેદને અને પરસ્પરના સંબંધમાં હેતુને પણ કહે છે.

પ્રકૃતિ - અવિદ્યારૂપ માયા અને પુરુષ - જીવાત્મા, એ બન્નેને અનાદિ જાણ ! અને અનાદિ કાળથી જ જોડાયેલાં છે એમ જાણ ! તેમાં પ્રમાણો પણ છે. જુઓ ! ભાગવત તૃતીય સ્કંધમાં - "હે બ્રહ્મન્ ! પ્રકૃતિ-માયા પુરુષ - જીવાત્માને ક્યારેય છોડતી જ નથી, કેમ કે હે પ્રભો ! એક બીજાને આશરીને રહેવાપણું હોવાથી અને એ બન્નેનું નિત્યપણું હોવાથી." અષ્ટમ સ્કંધમાં પણ કહ્યું છે - "અનાદિ અવિદ્યા-અજ્ઞાનથી

જેઓનું આત્મજ્ઞાન ઢંકાઈ ગયું છે. અને તે અવિદ્યા મૂળ જેમાં છે એવાં સંસારમાં ભમવાના પરિશ્રમથી અતિ આતુર-દુઃખી થયેલા.'' વળી એકાદશ સ્કંધમાં પણ કહ્યું છે ''આ જીવાત્માને અનાદિ અવિદ્યાથી જ અનાદિ બંધ છે. અને વિદ્યા જ્ઞાન થવાથી મોક્ષ થાય છે.'' ઇત્યાદિક છે. હવે - સંસારબંધનમાં કારણભૂત એવા ઇચ્છા-દ્વેષાદિક વિકારો અને મુક્તિના સાધનભૂત અમાનિત્વાદિક ગુણોએ બન્નેને દેહાકારે પરિણામ પામેલી પ્રકૃતિમાંથી જ ઉપજેલા જાણ !

અભિપ્રાય એ છે કે અનાદિ કાળથી પ્રકૃતિની સાથે જોડાયેલો જીવાત્મા અમાનિત્વાદિક ગુણોથી પ્રકૃતિના બંધનથી મુક્ત થઈ જાય છે. અને એ પ્રકૃતિ જ ઇચ્છા-દ્વેષાદિક વિકારોને લીધે જીવને સંસૃતિના બંધનમાં નાખે છે.

અથવા - પ્રકૃતિ એટલે માયા અને પુરુષ એટલે પ્રધાનનો અધિપતિ ઈશ્વર, એ બન્નેને અનાદિ-ઉત્પત્તિશૂન્ય નિત્ય સનાતન છે એમ તું જાણ ! શાસ્ત્રપ્રમાણો પણ તેમ જ કહે છે - ''અજ-અનાદિ એવા પ્રકૃતિ-પુરુષનો ઉદ્ભવ - ઉત્પત્તિ ઘટતી જ નથી.'' વળી- ''માયા તો પ્રકૃતિને જ જાણવી. અને માયી - માયાપતિ તો ઈશ્વરને જ જાણવા.'' ઇત્યાદિક ઘણાંક છે. હવે વિકાર જે મન વિગેરે સોળ વિકાર કહેલા છે તે અને સત્ત્વાદિક ત્રણ ગુણો, એ સર્વને પ્રકૃતિથી જ ઉત્પન્ન થયેલ છે. એમ જ જાણ ! ॥૧૯॥

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।<br>
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरूच्यते ॥२०॥

-: શ્લોકાર્થ :-

કાર્ય અને કારણના કર્તાપણામાં હેતુ પ્રકૃતિ કહેવાય છે. અને સુખ-દુઃખના ભોક્તાપણામાં હેતુ પુરુષ-જીવાત્મા કહેવાય છે. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

હવે પ્રકૃતિ અને પ્રકૃતિથી બંધાયેલો ક્ષેત્રજ્ઞ-જીવાત્મા, એ બન્નેનું ભિન્ન-ભિન્ન કાર્ય કહી બતાવે છે -

કાર્ય - શરીર અને કારણો વિષયભોગનાં સાધનભૂત મને સહિત ઇન્દ્રિયો, એ સર્વના કર્તાપણામાં હેતુરૂપ તો અનાદિ વાસનારૂપ જીવની અવિદ્યા-અજ્ઞાન જ કહેવાય છે. અર્થાત્ પુરુષ- જીવાત્માએ આશરેલી પ્રકૃતિ પોતાના પરિણામરૂપ કરણ-કલેવરોથી સારા-નરસા દેશ,કાળ ક્રિયા અને સંગાદિક, એ આઠને અનુસારે શુભ-અશુભ કર્મો કરાવે છે, એ અભિપ્રાય છે. અને પુરુષ - અલ્પજ્ઞ જીવાત્મા,

સુખ-દુઃખ વિગેરે આનંદ અને વ્યથાઓના ભોક્તાપણામાં હેતું કહેવાય છે. એટલે કે - ઇન્દ્રિયો અને શરીરે કરીને કરેલાં કર્મોથી ઉત્પન્ન - પ્રાપ્ત થયેલાં સુખ-દુઃખાદિકનો ભોક્તા જીવાત્મા જ થાય છે. એ અર્થ છે. ॥૨૦॥

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान् गुणान् ।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥२१॥

**-: શ્લોકાર્થ :-**

પુરુષ-જીવાત્મા પ્રકૃતિમાં રહીને જ પ્રકૃતિના ગુણો-વિષયોને ભોગવે છે. અને આ જીવાત્માને સારી-નરસી યોનિઓમાં જન્મ પ્રાપ્ત થવામાં પ્રકૃતિના ગુણનો સંગ જ કારણ છે. ॥૨૧॥

**-: ભાષ્યાર્થ :-**

પુરુષ-ક્ષેત્રજ્ઞ જીવાત્મા, પ્રકૃતિમાં રહીને એટલે કે પ્રકૃતિની સાથે સંયોગ પામ્યો થકો, પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્ત્વાદિક ગુણોના કાર્યભૂત ગુણો જે સુખ-દુઃખાદિક તેને ભોગવે છે. ગુણ શબ્દ અહીંયાં પ્રકૃતિના ગુણોના કાર્યરૂપ વિષયોમાં ઔપચારિક જાણવો. હવે - જીવને પ્રકૃતિના સંબંધનો હેતુ કહે છે - આ ક્ષેત્રજ્ઞ - જીવાત્માને ગુણ જે ઇન્દ્રિયોના વિષયો શબ્દાદિક તેમાં સંગ જે આસક્તિ એ જ દેવ-મનુષ્યાદિક સારી યોનિઓમાં અને પશુ-પક્ષી આદિક નરસી યોનિઓમાં જન્મ આપવામાં હેતુરૂપ થાય છે. એટલે કે - આ જીવાત્મા જે દેહમાં રહ્યો થકો અતિ આસક્તિ પૂર્વક વિષયો પામવાની ઇચ્છાથી જે જે સારાં-નરસાં કર્મો કરે છે, તેને અનુસારે સારાં- નરસાં જન્મ પામે છે. એ અભિપ્રાય છે. ॥૨૧॥

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन् पुरुषः परः ॥२२॥

**-: શ્લોકાર્થ :-**

વળી—આ દેહમાં એક બીજો પુરુષ પણ રહેલો છે. અને તે ઉપદ્રષ્ટા-સાક્ષીરૂપે છે. અનુમંતા-અનુમતિ આપનારો-બુદ્ધિનો પ્રેરક સર્વજ્ઞ છે. ભર્તા-ભરણ પોષણ કરનારો છે. ભોક્તા-શરીરભૂત જીવ દ્વારા એ પણ ભોક્તા છે. અને મહેશ્વર-સૌનો મોટો ઉપરિ નિયામક છે. અને એને પરમાત્મા એમ પણ કહેવામાં આવે છે. ॥૨૨॥

**-: ભાષ્યાર્થ :-**

અવિદ્યાસંયુક્ત અલ્પજ્ઞ પુરુષ-જીવાત્માને કહીને હવે ફરીથી પ્રધાનાધિપતિ ઈશ્વર નામે પુરુષને કહે છે - વર્ણન કરે છે. **ઉપદ્રષ્ટા**-બ્રહ્માથી લઈને સ્તંબપર્યંતના સર્વ જીવોના કર્મના જે સાક્ષીરૂપે રહેલા છે. અને **અનુમંતા** - તે સર્વના **જ્ઞાતા**-સર્વજ્ઞ છે. **ભર્તા**- સ્થાવર-જંગમ એવાં પ્રાણીમાત્રનાં પોષણકર્તા છે. **ભોક્તા**- બ્રહ્મા અને ઈન્દ્રાદિકના ભોગ્યભૂત શબ્દાદિક વિષયો કરતાં અતિ શ્રેષ્ઠ શબ્દાદિક વિષયોના ઉપભોક્તા છે. અને બ્રહ્માદિક સર્વ ઈશ્વરોના પણ જે મહેશ્વર- નિયામક છે. અને આ - વિરાટ શરીરમાં વૈરાજપુરુષરૂપે કરીને રહેલા પર પુરુષ-પૂર્વે કહેલા બદ્ધ પુરુષ- જીવાત્મા કરતાં શ્રેષ્ઠ પુરુષ- પ્રકૃતિના અધિષ્ઠાતા જે ઈશ્વર તે પણ પરમાત્મા એ પ્રમાણે કહેલા છે. એટલે કે પરમાત્માના પ્રથમ અવતાર તરીકે કહેલા છે. પ્રમાણ પણ તેવું છે - ''ભગવાન શ્રીહરિ મહદાદિક તત્ત્વોથી નિર્માણ થયેલા વિરાટ પુરુષરૂપ આકૃતિને ધારણ કરતા હવા.'' એમ. ॥૨૨॥

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥२३॥

**-: શ્લોકાર્થ :-**

આ પ્રમાણે પુરુષને-પરમાત્માને અથવા જીવાત્માને તથા પ્રકૃતિ જે માયા તેને તેના ગુણોએ સહિત જે મનુષ્ય યથાર્થ જાણે છે. તે સર્વથા-હરકોઈ પ્રકારે વર્તતો હોય કે રહેતો હોય તો પણ તે ફરી જન્મ નથી પામતો. ॥૨૩॥

**-: ભાષ્યાર્થ :-**

ઉપર કહેલા બન્ને પ્રકારના પ્રકૃતિ-પુરુષનાં યથાવસ્થિત સ્વરૂપ, સ્વભાવ અને ગુણો વિગેરેને જાણનાર જ્ઞાની પુરુષનાં વખાણ કરતાં કહે છે.

જે પુરુષ આ મેં કહ્યું એ પ્રમાણે બદ્ધ અને મુક્ત, અથવા જીવ અને ઈશ્વર, એમ એ બન્ને પ્રકારના પુરુષને જાણે છે. અને ઈચ્છા-દ્વેષાદિક અને અમાનિત્વાદિક તેમજ સત્ત્વાદિક ગુણોએ સહિત બન્ને પ્રકારની પ્રકૃતિને પણ જાણે છે. તે પુરુષ આ લોકમાં પ્રારબ્ધ-કર્મના વશપણાને લીધે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-જાતિના દેહમાં હરકોઈ પ્રકારે ગમે તેવી સ્થિતિમાં વર્તતો હોય તો પણ તે ફરીને આ સંસારમાં પ્રકૃતિના સંબંધથી ઉત્પન્ન થતો નથી, અર્થાત્ જન્માદિક વિકારને પામતો નથી. એટલે કે - પ્રકૃતિના સંબંધથી વિનિર્મુકત બ્રહ્મ નામે શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપને પામે છે - તે રૂપે વર્તે છે. ॥૨૩॥

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ।।२४।।

-: શ્લોકાર્થ :-

કેટલાક ઉપાસકો એ પરમાત્માને શુદ્ધ મનથી સ્વસ્વરૂપમાં જ ધ્યાન દ્વારા દેખે છે. સાક્ષાત્ અનુભવે છે. બીજા સાંખ્ય યોગથી અને કેટલાક તો કર્મયોગથી પણ એને દેખે છે. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

હવે આત્મપ્રાપ્તિનાં જુદાં જુદાં સાધનો સિદ્ધ કરનારા પુરુષોને વર્ણન કરી બતાવે છે.

કેટલાક પક્વ થયા છે આત્મયોગ જેમને એવા યોગી જનો. પોતાના શરીરમાંજ આત્મધ્યાને યુક્ત મનવડે કરીને પોતાના આત્માને પ્રકૃતિના સંબંધે રહિત શુદ્ધ ક્ષેત્રજ્ઞને દેખે છે.

અથવા - કેટલાક જ્ઞાની ભક્તજનો, આત્મામાં- પોતાનાં શુદ્ધ ક્ષેત્રજ્ઞમાં, ધ્યાને યુક્ત મનથી, આત્માને - મને પરમાત્માને જુએ છે. બીજાઓ- અપકવ યોગીઓ, સાંખ્યરૂપ જ્ઞાનયોગથી આત્માવલોકનમાં યોગ્ય ચિત્ત કરીને તેનાથી આત્મસ્વરૂપને જુએ છે. તથા બીજાઓ જે આત્માવલોકનમાં પ્રવર્તેલા છે. તેઓ યોગથી - અષ્ટાંગયોગના અભ્યાસથી તે આત્માવલોકનમાં યોગ્ય મન કરીને આત્મામાં આત્માને જુએ છે - અનુભવે છે અને તેથી બીજાઓ જે તે આત્માવલોકનમાં ઉપાયભૂત સાંખ્ય-યોગાદિક સાધનોમાં અધિકાર વિનાના મુમુક્ષુઓ મોક્ષનું સહેલું સાધન કરવામાં પ્રીતિયુક્ત છે, તેઓ તો કર્મયોગથી - અંતર્ગત જ્ઞાન જેમાં રહેલું છે એવા અસંગ કર્માનુષ્ઠાનરૂપ કર્મયોગથી વાસનાએ રહિત શુદ્ધ મન કરીને આત્મસ્વરૂપમાં પરમાત્માને જુએ છે- સાક્ષાત્ કરે છે. ॥૨૪॥

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ।।२५।।

-: શ્લોકાર્થ :-

બીજા કેટલાક આમ પૂરું નહિ સમજનારા તે તો બીજાઓ-તત્ત્વવેત્તા સત્પુરુષો થકી સાંભળીને પરમાત્માની ઉપાસના કરે છે. તો તેવા શ્રવણપરાયણ

વર્તનારા જનો પણ મૃત્યુ પરંપરાથી ભરેલા આ સંસાર-સાગરને સર્વથા તરીજ જાય છે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

હવે અતિ સહેલો મોક્ષનો ઉપાય કરવામાં પ્રીતિવાળા પુરુષોને કહી બતાવે છે.

બીજાઓ તો એટલે કે અતિ સહેલો મોક્ષનો ઉપાય કરવામાં પ્રીતિવાળા જેવો છે તે તો, આ કહ્યું એ પ્રમાણે મોક્ષના ઉપાયને નહિ જાણનારા હોવાથી, મોક્ષના સાધનને જાણનારા બીજા જ્ઞાનીજનો થકી સાંભળીને તેમણે બતાવેલા માર્ગે ચાલીને ઉપાસના કરે છે. આવા જે શ્રવણ પરાયણ-શ્રવણમાં અતિ દૃઢ શ્રદ્ધાવાળા છે, તેઓ પણ સાધનોના અનુક્રમે અનુઠાનથી પવિત્ર થયા થકા આ મૃત્યુને - સંસારને અતિક્રમણ કરી જાય છે. અર્થાત્ મૃત્યુના ભયથી રહિત થઈ જાય છે. ॥૨૫॥

यावत्सञ्जायते किञ्चित्सत्त्वं स्थावरजङ्गमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ! ।।२६।।

-: શ્લોકાર્થ :-

હે ભરતર્ષભ ! જેટલાં સ્થાવર જંગમ પ્રાણી ઉત્પન્ન થાય છે. એ સઘળાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉત્પન્ન થયેલાં તું જાણ ! ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

હવે - સ્થાવર જંગમ સર્વ સૃષ્ટિની ઉત્પત્તિનો નિર્ધાર કહે છે -

હે ભરતર્ષભ ! આ વિશ્વમાં જે કાંઈ સ્થાવર-જંગમરૂપ પ્રાણીમાત્ર કે વસ્તુમાત્ર ઉત્પન્ન થાય છે. તે સઘળુંય ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના પરસ્પર સંબંધરૂપ સંયોગથી જ ઉત્પન્ન થયેલું છે. એમ તું જાણ ! - સમજ ! ॥૨૬॥

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ।।२७।।

-: શ્લોકાર્થ :-

સર્વ ભૂતોમાં-પ્રાણીમાત્રમાં અંતર્યામીભાવે સમાનપણે રહેલા પરમેશ્વરને જે જુએ છે. તેમજ-નાશ પામવાના સ્વભાવવાળાં આ શરીરોમાં રહેલા અવિનાશી આત્માને, તેમજ મને જે જુએ છે. તે જ ખરું જુએ છે. ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે સ્થાવર-જંગમ વસ્તુમાત્રનું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉત્પન્ન થવાપણું કહીને, હવે - તે સર્વમાં રહેલા અંતર્યામી એવા પોતાના સ્વરૂપનું જ્ઞાન કહે છે.

ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના મિશ્રભાવે રહેલાં સઘળાં સ્થાવર-જંગમ પ્રાણીઓને વિષે અંતર્યામીપણે સમાનભાવે રહેલા, ચિત્-અચિત્ એ સર્વના નિયંતા અને તે સ્થૂળભાવે યુક્ત ક્ષેત્રો નાશ પામતાં પણ જે પોતે નાશ નથી પામતો. એવા અવિનાશી આત્માને અને અન્તર્યામી મને જે જુએ છે. તે જ ખરું જોનારો છે. અર્થાત્ એ જ જ્ઞાનદૃષ્ટિવાળો છે. એટલે કે - તે જ યથાવસ્થિત પર પરમાત્મા એવા મને જુએ છે. અને આ પ્રમાણે નહિ જોનારા બીજા તો જ્ઞાનચક્ષુએ રહિત અજ્ઞાની છે. એમ જાણવું. ॥૨૭॥

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥२८॥

-: શ્લોકાર્થ :-

અને સર્વત્ર સમપણે વસી રહેલા પરમેશ્વરને જોતો જે પુરુષ કોઈ પણ આત્માને પોતે પોતા દ્વારા નાશ નથી કરતો તો તેવા વર્તનથી તે પરમ ગતિને પામે છે. ॥૨૮॥

-: ભાષ્યાર્થ :-

શાથી બીજા ચક્ષુહીન છે ? એના જવાબમાં કહે છે -

સર્વત્ર-સ્થાવર-જંગમ પ્રાણીઓમાં અંતર્યામીપણે સમ્યગ્ભાવે રહેલો અને ઈશ્વર-ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કર્મ પ્રમાણે યથાયોગ્ય ફળ આપનારો - પમાડનારો એવા મને શુદ્ધ મનથી સર્વત્ર સમભાવે જોતો થકો, તે મારા અંતર્યામીના ભયથી કોઈના પણ આત્માને-દેહને નથી નાશ કરતો, માટે આ પ્રમાણે મારા સ્વરૂપના જ્ઞાનપૂર્વક સર્વમાં મારો વાસ જાણીને અહિંસા ધર્મનું પાલન કરવાથી સર્વોત્કૃષ્ટ ગતિને પામે છે જ.

અથવા - જે કારણથી સર્વત્ર અંતર્યામીપણે વાસ કરીને રહેલા એવા મને જે સમ ભાવે જોતો થકો પોતાના મનથી પોતાના આત્માને અધોગતિ નથી પમાડતો, એટલે કે - સંસાર સાગર થકી સમુદ્ધાર કરે છે. તેથી - સર્વત્ર અંતર્યામી પરમાત્માના દર્શનથી - જ્ઞાનથી પર ગતિને પામે છે. અર્થાત્ શુદ્ધ ક્ષેત્રજ્ઞરૂપ

સ્વસ્વરૂપને પામે છે. અનુભવે છે. અને બાકીના બીજા તો નથી જ પામતા. માટે તે તો પરમાત્માના જ્ઞાને રહિત હોવાથી ચક્ષુ વિનાના જ આંધળા જેવા જ છે. એ ભાવાર્થ છે. ॥૨૮॥

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥२९॥

-: શ્લોકાર્થ :-

અને વળી-જે પુરુષ સઘળાં કર્મ પ્રકૃતિથી જ-પ્રકૃતિ દ્વારા જ કરાય છે એમ જુએ છે. અને તેથી આત્માને સાક્ષાત્ અકર્તા જે જુએ છે. તે પુરુષ બરોબર જુએ છે-સમજે છે. ॥૨૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - આત્માનું અકર્તૃત્વ કહે છે -

સર્વ કર્મ "કાર્ય, કારણ અને કર્તાપણામાં હેતુ પ્રકૃતિ કહેવાય છે." એ શ્લોકથી કહેવા પ્રમાણે પ્રકૃતિ - માયાથી જ કરાય છે. એમ જે પુરુષ જુએ છે. તથા આત્માને અકર્તા-જ્ઞાનસ્વરૂપ હોવાથી વસ્તુતાએ અકર્તા એમ જે જુએ છે. તે પુરુષ શુદ્ધ ક્ષેત્રજ્ઞના સ્વરૂપને સમ્યક્પ્રકારે જુએ છે. ॥૨૯॥

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म सम्पद्यते तदा ॥३०॥

-: શ્લોકાર્થ :-

જ્યારે આ ભૂતોનો પૃથગ્ભાવ એક જ પરમાત્માને આધારે એ પરમાત્મામાં જ જુએ છે. અને તે પરમાત્મા થકી જ એ ભૂતોનો વિસ્તાર-સર્ગાદિક થતા જુએ છે. અથવા-પ્રકૃતિમાં જ પૃથગ્ભાવ અને પ્રકૃતિથી જ સર્ગાદિક જુએ છે. ત્યારેજ એ બ્રહ્મ-આત્મસ્વરૂપને અથવા પરબ્રહ્મને પામે છે. ॥૩૦॥

-: ભાષ્યાર્થ :-

હવે - દેવ - મનુષ્યાદિક ભેદો પ્રકૃતિમાં રહેલા છે. પણ ક્ષેત્રજ્ઞ - જીવાત્માઓમાં નથી એમ કહે છે.

ચેતન-અચેતન મિશ્ર એવા પ્રાણીવર્ગોમાં દેવત્વ, મનુષ્યત્વ, તિર્યક્ત્વ, હ્સ્વત્વ, દીર્ઘત્વ, કૃશત્વ અને સ્થૂળત્વ એ આદિક રહેલા પૃથગ્ભાવો તે એક-

પ્રકૃતિમાં જ રહેલા છે. પણ જ્ઞાનૈકાકારપણે સમાનપણે રહેલા આત્માઓમાં નથી એમ જુએ છે. અને પાછો એ પ્રકૃતિથીજ એટલે કે પંચભૂતરૂપે પરિણામ પામેલી પ્રકૃતિરૂપ માયા થકી જ વિસ્તાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, પુત્ર-પૌત્ર અને ગો-મહિષી આદિક સઘળો ભેદરૂપ પ્રપંચ વિસ્તાર પામેલો છે. એમ જ્યારે જુએ છે. ત્યારે જ એને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે. ॥૩૦॥

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तैय ! न करोति न लिप्यते ॥३१॥

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! આ અંતર્યામી પરમાત્મા અનાદિ અને માયિક ગુણોથી રહિત-નિર્ગુણ હોવાથી અવિનાશી અને અક્ષર સ્વરૂપ છે. માટે શરીરમાં-સ્વશરીરભૂત જીવાત્મામાં રહેવા છતાં તે કરતાંય નથી અને લેપાતાય નથી. ॥૩૧॥

-: ભાષ્યાર્થ :-

એમ બે શ્લોકથી નિરૂપણ કરે છે. પરમાત્માનું પોતાનું અને જીવાત્માનું સદાય નિર્લેપપણું છે.

હે કૌન્તેય ! અનાદિ-ઉત્પત્તિએ રહિત સનાતન અને માયાના સત્ત્વાદિક ત્રણ ગુણોથી રહિત નિર્ગુણ હોવાથી, અવ્યય-સ્વરૂપ પરમાત્મા પરમેશ્વર ચિત્-અચિત્ એ સઘળાં પદાર્થરૂપ પોતાનાં શરીરોમાં અંતર્યામીપણે રહેવા છતાં પણ કશું કરતાંય નથી અને કશાથી લેપાતાય નથી.

તેમજ - અનાદિ હોવાથી અવ્યય-સ્વરૂપ આ જીવાત્મા પણ શરીરમાં - પોતાના દેહમાં રહેવા છતાં પણ સ્વસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થવાથી નિર્ગુણ ભાવને પામેલો હોવાથી કર્મ કરતો નથી, એટલે કે - ફળમાં આસક્તિ છોડી દઈને અસંગપણે કર્મ કરે છે. અને તેથી જ તે કર્મના અભિમાનથી કે ફળથી પણ લેપાતો નથી - બંધાતો નથી. ॥૩૧॥

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥३२॥

-: શ્લોકાર્થ :-

જેમ આકાશ સૂક્ષ્મતાને લીધે સર્વત્ર રહેવા છતાં લેપાતો નથી. તેજ પ્રમાણે પરમાત્મા સર્વત્ર દેહમાં-સ્વશરીરભૂત જીવાત્મામાં રહેવા છતાં તે તે આત્માઓનાં કર્મથી લેપાતા નથી. ॥૩૨॥

-: ભાષ્યાર્થ :-

નિર્લેપપણામાં દૃષ્ટાન્ત કહે છે.

સૂક્ષ્મપણાને લીધે સર્વત્ર વ્યાપ્ત એવો આકાશ જેમ તે તે ભૂમિ આદિકના સ્વભાવોથી લેપાતો નથી. તે જ પ્રમાણે ચેતન-અચેતન એવા સમગ્ર સ્વશરીરભૂત પદાર્થોમાં રહેલા આત્મા-પરમાત્મા તેમના તેમના સ્વભાવોથી કે દોષોથી પણ લેપ નથી પામતા.

જીવપક્ષમાં તો આત્મા-જીવાત્મા સૂક્ષ્મ હોવાથી સર્વત્ર-દેવ, પિતૃ અને મનુષ્યાદિક શરીરમાં રહેવા છતાં પણ તે તે શરીરના સ્વભાવોથી નથી લેપાતો, એટલે કે - સ્વસ્વરૂપના યથાર્થ જ્ઞાનવાળા જ્ઞાની પુરુષનો તો આત્મ કર્મથી નથી જ લેપાતો. એ અર્થ છે. ॥૩૨॥

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ! ॥३३॥

-: શ્લોકાર્થ :-

હે ભારત ! જેમ એક જ સૂર્ય આ સઘળા લોકને પ્રકાશિત કરે છે. તે જ પ્રમાણે ક્ષેત્રી-ક્ષેત્રજ્ઞ પરમાત્મા આ સઘળા ક્ષેત્રભૂત આત્મવર્ગને પ્રકાશિત કરે છે. ॥૩૩॥

-: ભાષ્યાર્થ :-

હવે - પ્રકાશ કરવાને યોગ્યપણે કરીને ક્ષેત્રને અને પ્રકાશકપણે કરીને ક્ષેત્રજ્ઞને સૂર્યના દૃષ્ટાન્તથી કહી સમજાવે છે.

હે ભારત ! એક જ સૂર્ય આ સમગ્ર લોકને જેમ પ્રકાશ કરે છે. તેજ પ્રમાણે ક્ષેત્રાભિમાની એવો અલ્પજ્ઞ જીવાત્મા અને સર્વજ્ઞ વૈરાજરૂપ ઈશ્વર, એ બન્ને પ્રકારનો ક્ષેત્રજ્ઞ સમગ્ર ક્ષેત્ર એટલે પાદતળથી લઈને મસ્તક સુધીના સમગ્ર શરીરને તથા ચૌદ લોકની રચનાએ સહિત સમગ્ર બ્રહ્માંડરૂપ શરીરને પણ પોતાના જ્ઞાનથી પ્રકાશ કરે છે.

અભિપ્રાય એ છે કે - પ્રકાશ કરવા યોગ્ય સઘળા લોક થકી તેને પ્રકાશ કરનારો સૂર્ય જેમ સ્વરૂપ-સ્વભાવે કરીને વિલક્ષણ છે. તે જ પ્રમાણે શરીર થકી તેને જાણનારો અલ્પજ્ઞ જીવ પણ વિલક્ષણ છે. તેમજ બ્રહ્માંડ થકી તેને જાણનારો સર્વજ્ઞ વૈરાજ પુરુષ પણ જુદો અને વિલક્ષણ છે. તે જ પ્રમાણે ચેનત-અચેતનરૂપ પોતાનાં શરીરો થકી તે સર્વનો આત્મા અંતર્યામી પુરુષોત્તમ એવો હું સ્વરૂપ-સ્વભાવાદિક વડે કરીને અતિ વિલક્ષણ છું. ॥૩૩॥

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥३४॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे क्षेत्र-क्षेत्रज्ञविभागयोगोनाम त्रयोदशाध्यायः ॥१३॥

**-: શ્લોકાર્થ :-**

આ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બન્નેના વાસ્તવિક ભેદને જ્ઞાનરૂપ નેત્રોથી જુએ છે. તેમજ ભૂત-પ્રાણીમાત્રનો પ્રકૃતિ થકી જ્ઞાનદ્વારા થતો મોક્ષ-મોક્ષનો ઉપાય તેને જે જાણે છે. તે પરમજ્ઞાની ભક્તજન પર-પરમાત્માને અથવા પરમ ધામને પામે છે. ॥૩૪॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ક્ષેત્ર-ક્ષેત્રવિભાગયોગો નામ ત્રયોદશોઽધ્યાયઃ ॥૧૩॥

**-: ભાષ્યાર્થ :-**

અધ્યાયમાં કહેલા અર્થની સમાપ્તિ કરતાં કહે છે.

આ મેં કહ્યું એ પ્રકારે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને, જ્ઞાનચક્ષુથી - પૃથક્ પૃથક્ વિલક્ષણતા જાણવારૂપ વિવેકરૂપ ચક્ષુથી જે જનો જાણે છે. તેમજ - ભૂત પ્રાણીમાત્રનો પ્રકૃતિથકી મોક્ષ, એટલે કે -જેનાથી મોક્ષ પ્રાપ્ત થાય એવા અમાનિત્વાદિક મોક્ષના ઉપાયભૂત ગુણસમૂહને જે જાણે છે. તે પર-પરમાત્માને અથવા પર ધામને પામે છે.

અભિપ્રાય એ છે કે - કહેલા પ્રકારથી ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞની વિલક્ષણતા તથા મોક્ષનો ઉપાય જાણીને જે જનો તેનો ઉપાય કરે છે. તે જનો મને પરમાત્માને પામે છે. ॥૩૪॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિ સમારાધ્ય-ભગવત્સહજાનંદસ્વામિ*
*શિષ્યાગ્રગણ્ય સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદમુનિવિરચિતે*
*શ્રીમદ્ભગવગદ્ગીતાભાષ્યે ત્રયોદશોઽધ્યાયઃ ॥૧૩॥*

# अथ चतुर्दशोऽध्यायः

श्रीभगवानुवाच

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥१॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે-સઘળાં જ્ઞાનોના મધ્યે અતિ ઉત્તમ મારું પરમ જ્ઞાન હું તને ફરીથી કહું છું. જે જ્ઞાનને જાણીને—સમજીને સર્વ મુનિઓ આ સંસારમાંથી મુક્ત ભાવને પામીને પરમ સિદ્ધિ પામી ગયા છે. ॥૧॥

-: ભાષ્યાર્થ :-

પૂર્વે તેરમાં અધ્યાયમાં શરીર અને બ્રહ્માંડરૂપ ક્ષેત્રરૂપે પરિણામ પામેલી બે પ્રકારની પ્રકૃતિનું સ્વરૂપ કહ્યું. ક્ષેત્રજ્ઞપણે રહેલા જીવ-ઈશ્વરરૂપ બે પ્રકારના પુરુષનું સ્વરૂપ કહ્યું. જ્ઞેયપણે કહેલું અક્ષરનું સ્વરૂપ કહ્યું. અને તે સર્વના આત્મભાવે અને નિયંતાપણે રહેલું પરબ્રહ્મનું સ્વરૂપ, તે પરબ્રહ્મની પ્રાપ્તિનું સાધન અને જીવાત્માઓને બંધનનું કારણ એ સઘળું કહી બતાવ્યું.

હવે - આ ચૌદમાં અધ્યાયમાં તેરમાં અધ્યાયમાં કહેલા બંધનમાં હેતુભૂત ત્રણ ગુણનું જુદુ જુદુ સ્વરૂપ અને તે ત્રણ ગુણોથી છૂટવાનો ઉપાય તેને પણ કહે છે -

હવે કહેવામાં આવશે તે જ્ઞાનની પ્રશંસા કરતાં કહે છે -

શ્રી ભગવાન કહે છે - પર - પ્રથમ કહેલાથી જુદુ, અને આત્મ-અનાત્મા સંબંધી સર્વ જ્ઞાનોના મધ્યે અતિ શ્રેષ્ઠ એવું જ્ઞાન તે હું ફરીથી તને કહીશ - કહું છું. કે જે જ્ઞાનને જાણીને - સમજીને પૂર્વે થયેલા સર્વ મુનિઓ, આ સંસૃતિમંડળ થકી પર -સર્વોત્કૃષ્ટ, સિદ્ધિને - વિશુદ્ધ ક્ષેત્રજ્ઞસ્વરૂપની પ્રાપ્તિરૂપ અપુનરાવૃત્તિલક્ષણ ગતિને પામી ગયા છે. ॥૧॥

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥२॥

-: શ્લોકાર્થ :-

આ જ્ઞાનને આશરીને મારા સાધર્મ્યરૂપ પરમ મુક્તિને પામેલા મુક્તાત્માઓ સર્ગના આરંભમાં ઉત્પન્નેય થતા નથી અને પ્રલય વખતે કોઈ વ્યથા-વિકારને પણ પામતા નથી. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

વળી - આ જ્ઞાનીથી તો અપુનરાવૃત્તિલક્ષણ મોક્ષ કરતાં પણ શ્રેષ્ઠ એવું મારું શ્રીહરિનું પાર્ષદપણું પ્રાપ્ત થાય છે, એમ કહે છે -

આ કહેવાશે એ જ્ઞાનને આશરીને તો જ્ઞાનની સિદ્ધિ થયા પછી બ્રહ્મરૂપતાને પણ પામીને, મારું-અક્ષર કરતાં પણ અતિ ઉત્તમ એવા પરમેશ્વરનું, સાધર્મ્ય-મારી સેવામાં ઉપયોગી એવા રૂપ-ગુણાદિકથી તુલ્યતા, એટલે કે નંદ-સુનંદાદિકની પેઠે પાર્ષદપણું અને રાધા - લક્ષ્મી આદિકની પેઠે સેવકપણું, તેને પામ્યા એવા થકા સર્ગસૃષ્ટિ સમયે નથી ઉત્પન્ન થતા. કે પ્રલય સમયમાં નથી વ્યથા પામતા. અર્થાત્ સૃષ્ટિ- અને સંહારરૂપ ચક્રમાં પરિભ્રમણ કરવાનું એમને રહેતું નથી.

આ શ્લોકમાં ભગવાને મુક્તાત્માઓનું, "મારા સાધર્મ્યને પામ્યા થકા સર્ગ વખતે પણ નથી ઉત્પન્ન થતા, તેમ પ્રલય વખતે પણ નથી વ્યથા પામતા." એમ બહુવચનથી બહુપણું કહ્યું છે. માટે પરમેશ્વર થકી તે આત્માઓનો ભેદ અને આત્માઓનો પરસ્પર પણ ભેદ નિત્ય-સિદ્ધ છે એમ કહ્યો છે. માટે તે પારમાર્થિક જ છે એમ જાણવો.

હવે - પરમેશ્વર થકી જીવાત્માઓનો ભેદ અવિદ્યારૂપ ઉપાધિકૃત છે એમ કેટલાક કહે છે, તો તેમને મતે ભેદનું અસત્યપણું હોવાથી, અહીંયાં ભગવાને મુક્તાત્માઓનું બહુત્વ કહેવારૂપ ભેદનિર્દેશ કર્યો છે તે ઘટતો-સંભવતો નથી. અને આત્મા-પરમાત્માનો ભેદ તો સૂત્રકાર-વ્યાસમુનિ કહે છે - "કણ્વ શાખામાં અને માધ્યંદિની શાખામાં એમ એ બન્નેમાં પણ એ આત્માને ભેદથી - ભિન્નતાએ જ કહેવામાં આવ્યો છે." "હૃદય-ગુહામાં પ્રવેશ કરેલા બે આત્માઓ - આત્મા પરમાત્મા છે, તે પ્રમાણે શ્રુતિવચન જોવામાં આવે છે માટે" "કર્મ-પરમાત્માને પ્રાપ્ય અને કર્તા-જીવાત્માને પ્રાપ્તા કહેલો છે માટે પણ જુદા જ છે."

શ્રુતિઓ પણ એમ જ કહે છે - "એક જ શરીરરૂપ વૃક્ષમાં પુરુષ-જીવાત્મા અંદર રહેલો છે. અને તે માયાના સંબંધથી મોહ પામીને શોક પામે છે. તે જ્યારે પોતાના સ્વામી અનન્ય પરમાત્માને ઉપાસના કરીને સાક્ષાત્ કરે છે. ત્યારે શોકરહિત થઈને એ પરમત્માના મહિમાને- ગુણાષ્ટકને પામે છે. ઉપાસક જીવાત્મા જ્યારે સુવર્ણ સરખા સમુજ્જવળ કાંતિમાન, વિશ્વના કર્તા, સર્વના નિયંતા, બ્રહ્મ-પ્રધાનરૂપ માયાના કારણ, એવા પુરુષ-જે પરમાત્મા તેને જુએ છે. ત્યારે વિદ્વાન જ્ઞાની - પુણ્ય-પાપનો ત્યાગ કરીને માયાના અંજને રહિત થઈને પરમાત્માની સાથે પરમ સામ્યને પામે છે." "જે આત્મામા રહેલો છે અને આત્માથી ન્યારો છે. જેને

આત્મા જાણતો નથી. જેનું આત્મા શરીર છે. જે આત્માને અંદર રહીને નિયમન કરે છે. તે અન્તર્યામી અમૃતસ્વરૂપ પરમાત્મા તારા આત્મા છે.'' ઈતિ ।

તે જ પ્રમાણે આ ગીતામાં પણ વચન છે- ''હું ક્યારેય ન હતો એમ નહિ, હતો જ. તેમજ - તું અને આ સઘળા રાજાઓ પણ ન હતા એમ નહિ, હતા જ.'' ''વિચિત્ર જગદ્રચનારૂપ વિવિધ ક્રિડાઓ કરનાર દેવ એવો હું તે મારી આ ગુણમયી માયા દુરત્યય જ છે. પરંતુ - જે જનો મને જ શરણ પામે છે. તે તો એ માયાને તરી જાય છે.'' ''પ્રયત્ન કરનારાઓના મધ્યે સિદ્ધ થયેલામાંથી પણ કોઈક જ મને તત્ત્વથી - યથાર્થ જાણે છે.'' વળી - સ્કન્દપુરાણમાં પણ કહ્યું છે - ''જીવો અને ઈશ્વરોનાં શરીરો જે મહદાદિક તત્ત્વોનાં બનેલાં છે, તે ક્ષેત્ર એવા નામે કહેલાં છે. અને તે ક્ષેત્ર- શરીરોને જે જાણે છે. તે ક્ષેત્રજ્ઞ એવા નામે કહેલા છે. અને એ ક્ષેત્રોને, ક્ષેત્રજ્ઞોને, પ્રધાન-પુરુષને માયાને અને કાળરૂપ શક્તિને તથા અક્ષરને, તેમજ- પરમાત્મા-પરમેશ્વરને તેનાં તેનાં પૃથક્ પૃથક્ લક્ષણોથી જે જાણવું તે જ્ઞાન કહેવાય છે. અને વાસુદેવ ભગવાન કાળરૂપ શક્તિને અંગીકાર કરીને અક્ષરરૂપે કરીને તે માયા સામું સૃષ્ટિ કરવાની ઈચ્છાથી જ્યારે જુએ છે, ત્યારે તે જ વખતે તે માયા ક્ષોભ પામે છે. અને હે મુને ! તે ક્ષોભ પામેલી માયામાંથી પ્રધાન-પુરુષની કોટિઓ-સમુદાયો ઉપજે છે. અને પછી પ્રભુની ઈચ્છાથી જ તે પુરુષો પ્રધાનોની સાથે જોડાય છે.'' ॥૨॥

मम योनिर्महद्ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् ।
सम्भवः सर्वभूतानां ततो भवति भारत ! ॥३॥

**-: શ્લોકાર્થ :-**

હે ભારત ! જગત્‌ના કારણભૂત મારી મહત્-બ્રહ્મરૂપ માયા તેમાં હું ચેતનસમુદાયરૂપ ગર્ભ ધારણ કરું છું-સ્થાપન કરું છું. અને તેમાંથી સર્વભૂત-પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે. ॥૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે સર્વ ક્ષેત્રજ્ઞોને જીવ ઈશ્વરોને ગુણથી જ કરેલું બંધન છે, એમ કહેવા માટે તેઓને ગુણમય પ્રકૃતિના સંબંધથી જ દેહોત્પત્તિ થાય છે એમ કહે છે -

હે ભારત ! યોનિ-નિત્ય એવા ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓના દેહની ઉત્પત્તિનું ક્ષેત્રભૂત, એવું મહદ્બ્રહ્મ-મોટા બ્રહ્માદિ દેવો વિગેરેની ઉત્પત્તિનું ક્ષેત્રરૂપ હોવાથી

મોટું અને સ્વકાર્યની વૃદ્ધિમાં હેતુભૂત હોવાથી બ્રહ્મ, એવી જે પ્રકૃતિ તે મારી છે - મારે આધીન વર્તનારી છે. અહી આ બ્રહ્મ શબ્દથી પ્રકૃતિ કહેવામાં શ્રુતિનું પ્રમાણ આપે છે-"જેનું જ્ઞાનમય તપ-આલોચન છે. તેથી જ આ બ્રહ્મ-પ્રકૃતિ નામ, રૂપ અને અન્નકર્મફળ, એ સઘળું થાય છે." એમ શ્રુતિ જ કહે છે.

તે મહદ્બ્રહ્મમાં ગર્ભ - તે માયામાં રહેલા કારણરૂપ અવ્યક્ત શરીરે યુક્ત નિત્ય ક્ષેત્રજ્ઞ જીવાત્માઓના સ્થૂળ દેહોની ઉત્પત્તિમાં હેતુભૂત એવો પુરુષની દૃષ્ટિરૂપ-ઈક્ષણાત્મક ગર્ભ હું ધારણ-સ્થાપન કરું છું. અને તે ઈક્ષણાત્મક ગર્ભ ધારણ કર્યા પછી જ મહાદાદિક તત્ત્વનો અને બ્રહ્માથી લઈને સ્થાવર સુધીના સમગ્ર જનોનો, સંભવ - ઉત્પત્તિ થાય છે. ॥૩॥

सर्वयोनिषु कौन्तैय ! मूर्तयः सम्भवन्ति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥४॥

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! નાના પ્રકારની સઘળી યોનિઓમાં જે જે શરીરધારી પ્રાણીઓની આકૃતિઓ ઉત્પન્ન થાય છે. તે સર્વની ગર્ભ ધારણ કરનારી માતાને સ્થાને મહત્-બ્રહ્મ માયા છે. અને તેમાં બીજ સ્થાપનારો પિતા હું છું. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

સર્ગના આરંભમાં સૃષ્ટિ સમયે સર્વની ઉત્પત્તિનું ક્ષેત્ર પ્રકૃતિને કહીને, હવે હમણાં પણ દરેકની ઉત્પત્તિનું ક્ષેત્ર એ પ્રકૃતિ છે જ એમ કહે છે -

હે કૌન્તેય ! સર્વ યોનિઓમાં - દેવ દૈત્ય, મનુષ્ય અને પશુ-પક્ષી આદિક સઘળી યોનિઓમાં, જે ક્ષેત્રજ્ઞ-જીવોના દેહો ઉત્પન્ન થાય છે. તે સર્વ મૂર્તિઓનું - આકારમાત્રનું ઉત્પત્તિક્ષેત્ર, મહદ્ બ્રહ્મ છે. અર્થાત્ ભૂમિ આદિક આઠ પ્રકારે પરિણામ પામેલી પ્રકૃતિ જ છે. અને તેમાં બીજ જે જીવ તેને કર્મ-પ્રમાણે જોડી આપનારો પિતા હું છું. એટલે કે - જીવોનાં કર્માનુસારે તે તે યોનિમાં સંયોગ કરી આપનાર અક્ષરપુરુષરૂપે હું જ છું. એ અર્થ જાણવો. ॥૪॥

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः ।
निबध्नन्ति महाबाहो ! देहे देहिनमव्ययम् ॥५॥

-: શ્લોકાર્થ :-

હે મહાબાહો ! સત્ત્વ, રજ અને તમ એ ત્રણેય ગુણ પ્રકૃતિ-માયામાંથી ઉત્પન્ન થયેલા છે. તે અવ્યય-વિકારશૂન્ય અક્ષર-અવિનાશી જીવાત્માને શરીરમાં બાંધે છે. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે પ્રકૃતિની સાથે જોડાયેલા જીવાત્માઓને પૂર્વ કર્મના વશપણાને લીધે દેવ, મનુષ્ય અને પશુ આદિક યોનિઓમાં વારંવાર તે તે ભાવે કરીને જન્મ થવામાં હેતુ ચૌદ શ્લોકથી કહી બતાવે છે.

હે મહાબાહો ! પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા - પ્રકૃતિના કાર્યરૂપ એવા સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણો દેહમાં એકાત્મપણે વર્તતા અવ્યય અવિનાશી દેહી-ક્ષેત્રજ્ઞ જીવાત્માને પોતાના કાર્યભૂત ગુણોથી બાંધે છે- દેવ-મનુષ્યાદિકમાં જન્મના હેતુને ઉત્પન્ન કરે છે. ॥૫॥

तत्र सत्त्वं निर्मलत्त्वात्प्रकाशकमनामयम् ।
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ! ।।६।।

-: શ્લોકાર્થ :-

હે નિર્દોષ અર્જુન ! તે ત્રણ ગુણોમાં સત્ત્વગુણ નિર્મળ હોવાથી પ્રકાશ કરનારો અને નિર્વિકાર છે. તે આ જીવાત્માને સુખાશક્તિથી અને જ્ઞાનાસક્તિથી બંધનમાં નાખે છે. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

હવે - તે ત્રણ ગુણોના મધ્યે સત્ત્વ-ગુણનું સ્વરૂપ અને તેણે કરીને દેહધારી જીવાત્માઓને બંધન થવાની રીતિ કહી બતાવે છે.

તે ત્રણ ગુણોના મધ્યે સત્ત્વ-ગુણ સ્ફટિક મણિની પેઠે સ્વચ્છ-નિર્મળ હોવાથી વસ્તુના સ્વરૂપને યથાર્થપણે પ્રકાશ કરનારો છે. અર્થાત્ વસ્તુના જ્ઞાનને ઉત્પન્ન કરનારો છે. અનામય-મનની પીડારૂપ આધિએ રહિત છે. માટે તેવો હોઈને હે અનઘ ! દેહીજીવાત્માને સુખમાં આસકિતથી અને જ્ઞાનમાં આસક્તિથી પણ બાંધે છે. એટલે કે જ્ઞાન અને સુખને યોગ્ય એવા દેવ-મનુષ્યાદિક યોનિઓમાં જીવોને જન્મનો હેતુ ઉત્પન્ન કરે છે. ॥૬॥

रजो रागात्मकं विद्धि ! तृष्णासङ्गसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय ! कर्मसङ्गेन देहिनम् ॥७॥

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! રજોગુણ રાગરૂપ છે. અને તે તૃષ્ણા અને આસક્તિનું ઉત્ત્પત્તિસ્થાન છે. એમ જાણ ! માટે તે દેહધારી જીવાત્માને કર્મમાં અને તેના ફળમાં આસક્તિથી દેહમાં બાંધે છે. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

હવે - રજોગુણનું સ્વરૂપ અને તેનાથી જીવને થતો બંધનનો પ્રકાર કહી બતાવે છે.

વિષયોમાં પુરુષ જેનાથી રંગાય છે - તલ્લીન બને છે, તે રાગ-અનુરાગ કહેવાય અને તે રાગ એ જ આત્મા સ્વરૂપ જેનું છે. એટલે કે સ્ત્રી-પુરુષોને પરસ્પર પ્રીતિ ઉત્પન્ન કરનાર છે. અને તૃષ્ણા-શબ્દાદિક વિષયોમાં ઇચ્છા અને સંગ-પોતાના પ્રિયજનોના સંશ્લેષમાં અતિ અધિક રૂચિ, એ બન્નેની ઉત્પત્તિ જેના થકી થાય છે. એવો રજોગુણ છે. એમ તું જાણ ! હે કૌન્તેય ! તે રજોગુણ દેહી ક્ષેત્રજ્ઞ-જીવાત્માને પુણ્ય-પાપાત્મક કર્મના અનુષ્ઠાનમાં આસક્તિથી બાંધે છે. રજોગુણ યુક્ત મનુષ્યોમાં જન્મનો હેતુ ઉત્પન્ન કરે છે. ॥૭॥

तमस्त्वज्ञानजं विद्धि ! मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तं निबध्नाति भारत ! ॥८॥

-: શ્લોકાર્થ :-

સર્વ દેહધારીઓને મોહ ઉપજાવનારો તમોગુણ અજ્ઞાનથી થયેલો જાણ ! અને હે ભારત ! તેથી તે તમોગુણ જીવાત્માને પ્રમાદ, આળસ્ય અને નિદ્રા-ખૂબ ઉંઘવું, એવા એવા દુર્ગુણોથી દેહમાં બાંધે છે. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

હવે - તમોગુણનું સ્વરૂપ અને તેનાથી શરીરધારીઓને થતો બંધન પ્રકાર કહી સમજાવે છે.

તમોગુણને તો અજ્ઞાનથી થયેલો-એટલે કે વસ્તુને યથાર્થપણે જાણવું તે રૂપ જે જ્ઞાન તેનાથી જુદુ, અર્થાત્ જ્ઞાનના અભાવરૂપ અજ્ઞાન થકી થયેલો એમ જાણ! અને તે સમગ્ર દેહધારી જીવાત્માઓને મોહ-વિપરીત જ્ઞાન ઉત્પન્ન કરનાર છે. એવો જાણ ! હે ભારત ! તે તમોગુણ કર્તવ્ય કર્મથી વિપરીત કર્મમાં પ્રવર્તવારૂપ

પ્રમાદ, કર્તવ્ય કર્મનો આરંભ ન કરવારૂપ આલસ્ય, અને નિદ્રા-ઉઘ્યા કરવું. આવા દોષોથી દેહી જીવાત્માને બાંધે છે, એટલે કે - અત્યન્ત તમોગુણે યુક્ત એવી પશુ-સર્પાદિક યોનિઓમાં દેહધારીઓને જન્મનો હેતુ ઉત્પન્ન કરે છે. ॥૮॥

सत्त्वं सुखे सञ्जयति रजः कर्मणि भारत ! ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे सञ्जयत्युत ।।९।।

-: શ્લોકાર્થ :-

હે ભારત ! સત્ત્વગુણ સુખમાં જોડે છે. રજોગુણ કર્મમાં જોડે છે. અને તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદમાં પૂરેપૂરો નાખી દે છે. ॥૯॥

-: ભાષ્યાર્થ :-

હવે એ ત્રણ ગુણોનું સામર્થ્ય કહે છે.

હે ભારત ! સત્ત્વગુણ મનુષ્યોને સુખમાં જોડે છે - દેહધારીઓને સુખમાં આસક્ત કરે છે. રજોગુણ કર્મમાં જોડે છે- મનુષ્યોને કર્મમાં આસક્ત કરે છે. અને તમોગુણ તો વસ્તુના યથાર્થ જ્ઞાનને આવરીને પ્રમાદમાં- કર્તવ્ય કર્મથી વિપરીત પ્રવૃત્તિમાં મનુષ્યોને નાખે છે. ઉત-ખેદ થાય છે કે વિપરીત પ્રવૃત્તિમાં જ જીવને આસક્તિ ઉત્પન્ન કરે છે. ॥૯॥

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ! ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ।।१०।।

-: શ્લોકાર્થ :-

હે ભારત ! ક્યારેક રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે. તેમજ ક્યારેક સત્ત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ વધી જાય છે. અને ક્યારેક સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ વધી જાય છે. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

હવે તે ત્રણેય ગુણોને પરસ્પર જીતવાનો પ્રકાર - ઉપાય કહે છે.

હે ભારત ! રજોગુણ અને તમોગુણ એ બે ગુણોને સાત્ત્વિક આહારનું સેવન, સચ્છાસ્ત્રનો અભ્યાસ, સત્સંગ અને શમદમાદિક સાધનોનું સેવન, આ ઉપાયોથી પરાભવ પમાડીને- પમાડવાથી ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓમાં સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે. અને સત્ત્વગુણ અને તમોગુણ એ બે ગુણોને રાજસ આહારનું સેવન, કર્મના ફળમાં આસક્તિ ઉપજાવનારાં શાસ્ત્રોનો અભ્યાસ અને રાજસ પ્રકૃતિના મનુષ્યોનું સેવન-પ્રસંગ, આ

પ્રમાણે કરવાથી પરાભવ-તિરસ્કાર કરીને ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓમાં રજોગુણની જ વૃદ્ધિ થાય છે. તથા સત્ત્વગુણ અને રજોગુણ એ બે ગુણોને પ્રમાદ, આલસ્ય અને નિદ્રા, એ દોષોનું સેવન કરવાથી, તેમજ તામસ આહાર, તામસ દેવતાઓ, તામસ શાસ્ત્ર અને તામસ પુરુષ, આ સઘળાનું સેવન કરવાથી, પરાભવ કરીને ક્ષેત્રજ્ઞ જીવાત્માઓમાં તમોગુણની જ વૃદ્ધિ થાય છે. ॥૧૦॥

सर्वद्वारेषु देहेऽस्मिन् प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥११॥

**-: શ્લોકાર્થ :-**

જ્યારે આ દેહમાં ઇન્દ્રિયોરૂપ સર્વ દ્વારમાં અને અંતઃકરણમાં પ્રકાશ-ચેતનતા અને જ્ઞાન ઉત્પન્ન થયેલું હોય ત્યારે સત્ત્વગુણ વૃદ્ધિ પામેલો છે એમ જાણવું જોઈએ. ॥૧૧॥

**-: ભાષ્યાર્થ :-**

હવે સત્ત્વગુણની વૃદ્ધિ, રજોગુણની વૃદ્ધિ અને તમોગુણની વૃદ્ધિને ક્યારે - કેમ જાણું ? એ આશંકાના સમાધાનમાં કહે છે.

જીવને રહેવાના સ્થાનરૂપ આ દેહમાં, સમગ્ર શ્રોત્રાદિક ઇન્દ્રિયોમાં જ્યારે પ્રકાશ-શબ્દાદિક વિષયોનુ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને જ્યારે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું યથાર્થ જ્ઞાન બુદ્ધિમાં ઉત્પન્ન થાય છે. ઉત-હર્ષની વાત છે કે ત્યારે સત્ત્વગુણ વૃદ્ધિ પામેલો છે. એમ તું જાણ ! ॥૧૧॥

लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ! ॥१२॥

**-: શ્લોકાર્થ :-**

હે ભરતર્ષભ ! જ્યારે રજોગુણ વૃદ્ધિ પામે છે. ત્યારે લોભ, પ્રવૃત્તિ અને કર્મોનો સકામભાવે આરંભ કરવો, અશાંતિ અને વિષયભોગની લાલસા એ સઘળાં વધે છે. ॥૧૨॥

**-: ભાષ્યાર્થ :-**

સત્ત્વગુણની વૃદ્ધિ કહીને હવે રજોગુણની વૃદ્ધિ કહે છે.

હે ભરતવર્ષ ! લોભ-દાન દેવામાં અતિ ઉત્તમ પાત્ર પ્રાપ્ત થાય તો પણ ધન વસ્ત્રાદિક વસ્તુઓના દાને રહિતપણું, અર્થાત્ ન જ આપવું. પ્રવૃત્તિ- પ્રયોજન

સિવાય પણ પ્રકૃતિની ચંચળતા કરવી, સ્વર્ગ, પુત્ર અને પશુ આદિક પદાર્થોની પ્રાપ્તિમાં હેતુભૂત ક્રિયાઓનો ઉદ્યમ કરવો, અશમ-ઇન્દ્રિયો અને મનની અશાંતતા અને સ્પૃહા - નાના પ્રકારના અનેક વિષયોની ઇચ્છા, આટલા દોષો રજોગુણ વૃદ્ધિ પામે ત્યારે ઉત્પન્ન થાય છે - પ્રવર્તે છે. એટલે કે - આવા લોભાદિકે કરીને રજોગુણની વૃદ્ધિ જાણવી-ઓળખવી. ॥૧૨॥

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ! ।।१३।।

-: શ્લોકાર્થ :-

હે કુરુનંદન ! તમોગુણ જ્યારે વૃદ્ધિ પામે છે ત્યારે અંતઃકરણમાં અને ઇન્દ્રિયોમાં અપ્રકાશ, કરવા યોગ્ય કર્મોમાં પણ અપ્રવૃત્તિ, તેમજ પ્રમાદ-અસાવધાનતા અને મોહ-નિદ્રા વિગેરે મોહિની વૃત્તિઓ, આ સઘળું ઉત્પન્ન થઈ આવે છે. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

રજોગુણની વૃદ્ધિ કહીને હવે તમોગુણની વૃદ્ધિ કહે છે.

હે કુરુનંદન ! અપ્રકાશ - વિવેકશૂન્યતા, અપ્રવૃત્તિ-ઉદ્યમે રહિતપણું, પ્રમાદ-કર્તવ્ય છોડીને બીજાં કર્મ કરવાં, મોહ-વિપરીત સમજણ, આટલા દોષો તમોગુણ વૃદ્ધિ પામે ત્યારે ઉત્પન્ન થાય છે. અર્થાત્ અપ્રકાશાદિક લક્ષણોથી તમોગુણની વૃદ્ધિ જાણવી. ॥૧૩॥

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान् प्रतिपद्यते ।।१४।।

-: શ્લોકાર્થ :-

જ્યારે સત્ત્વગુણ વૃદ્ધિ પામેલો હોય અને જો તે સમયમાં દેહધારી-પ્રાણી પ્રલય-મૃત્યુ પામે છે. ત્યારે તો ઉત્તમ કર્મ કરનારા પુણ્યશાળી લોકોને પ્રાપ્યભૂત એવા નિર્મળ સ્વર્ગાદિક લોકોને પામે છે. ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

હવે - મૃત્યુસમયમાં સત્ત્વાદિક ગુણોની વૃદ્ધિના ભેદથી થતો ફળભેદ કહી બતાવે છે.

દેહધારી જીવાત્મા સત્ત્વગુણ વૃદ્ધિ પામે સતે જ્યારે પ્રલય-મરણ પામે છે ત્યારે તો આત્મા-પરમાત્માના જ્ઞાનવાળા ઉત્તમ તત્ત્વ જાણનારા પુરુષોને પ્રાપ્યભૂત અને રજોગુણ -તમોગુણના કાર્યરૂપ મળે રહિત નિર્મળ એવા સત્યલોકાદિક જ્ઞાની પુરુષોના નિવાસસ્થાનરૂપ લોકોને પામે છે. અભિપ્રાય એ છે કે - સત્ત્વગુણની વૃદ્ધિના સમયમાં જો મરણ પામે છે. તો આત્મા-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનવાળા ઉત્તમ પુરુષોના નિવાસસ્થાનને પામીને આત્મા-પરમાત્માની પ્રાપ્તિનાં સાધનો કરે છે. ॥૧૪॥

रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥१५॥

-: શ્લોકાર્થ :-

રજોગુણ વૃદ્ધિ પામેલા સમયમાં મરણ પામીને મનુષ્ય કર્મમાં આસક્તિવાળા મનુષ્યોમાં જન્મ પામે છે. અને તમોગુણ વધેલા વખતમાં મરણ પામીને પશુપક્ષી આદિક મૂઢ યોનિમાં જન્મે છે. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

રજોગુણ વૃદ્ધિ પામ્યે સતે દેહધારી જીવાત્મા મૃત્યુને પામીને પ્રાકૃત ફળમાં આસક્તિને લીધે યજ્ઞાદિક કર્મમાં આસક્ત એવા દેવ-મનુષ્યાદિકમાં ઉત્પન્ન થાય છે. તેમજ - તમોગુણ વૃદ્ધિ પામ્યે સતે જો મરણ પામે છે, તો મૂઢ યોનિમા-મ્લેચ્છ, ચંડાળ, સર્પ અને ભૂતપ્રેતાદિકમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ સઘળા પુરુષાર્થ થકી ભ્રષ્ટ હીન-દીન થઈ જાય છે. ॥૧૫॥

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥१६॥

-: શ્લોકાર્થ :-

સુકૃત-સાત્ત્વિક કર્મનું ફળ તો જ્ઞાન-સુખ આદિક સાત્ત્વિક જ નિર્મળ ફળ કહેલું છે. રાજસ કર્મનું ફળ દુઃખ-દુઃખમય છે. અને તામસ કર્મનું ફળ અજ્ઞાન-મોહ વિગેરે છે. ॥૧૬॥

-: ભાષ્યાર્થ :-

હવે એ ત્રણ ગુણ થકી થયેલાં કર્મનો ફળભેદ કહે છે.

ફળમાં આસક્તિએ રહિતપણે કરેલાં યજ્ઞ, તપ અને દાનાદિક સાત્ત્વિક કર્મોનું ફળ, સાત્ત્વિક-સત્ત્વગુણથી સિદ્ધ થતું સત્ત્વપ્રધાન અને નિર્મળ - અધિક-જ્ઞાન પ્રકાશાદિક ગુણોને લીધે સ્વચ્છ એવું થાય છે. એમ ગુણનાં કાર્યને જાણનારા તત્ત્વવેત્તા ઋષિઓ કહે છે. અને ફળમાં આસક્તિએ કરીને કરેલા રાજસ કર્મનું તો ફળ દુઃખ, ઈર્ષ્યા, માન, સ્પર્ધા, અસૂયા અને જન્મ-મરણાદિક અનેક ક્લેશોથી ભરેલું એવું થાય છે. એમ કહે છે. અને પ્રમાદ અને મોહે કરીને કરેલા તામસ કર્મનું ફળ અજ્ઞાન-અતિ અધિક તમને ઉત્પન્ન કરનારું અતિ અધમ એવું થાય છે. એમ કહે છે. ॥૧૬॥

सत्त्वात्सञ्जायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥१७॥

-: શ્લોકાર્થ :-

સત્ત્વગુણ થકી જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને રજોગુણ થકી તો નિશ્ચે લોભ જ ઉત્પન્ન થાય છે. અને તમોગુણ થકી પ્રમાદ અને મોહ ઉપજે છે. તેમજ અજ્ઞાન પણ ઉપજે છે જ. ॥૧૭॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી પણ સત્ત્વાદિક ગુણોનું કાર્ય કહી બતાવે છે.

વૃદ્ધિ પામેલા સત્ત્વગુણ થકી આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન સમ્યક્ પ્રકારે થાય છે. વૃદ્ધિ પામેલા રજોગુણ થકી લોભ-સ્વર્ગાદિક ફળમાં અતિ આસક્તિ થાય છે જ. અને વૃદ્ધિ પામેલા તમોગુણ થકી પ્રમાદ અને મોહ થાય છે. અને અજ્ઞાન પણ થાય છે જ. અભિપ્રાય એ છે કે - પ્રમાદ જે અસાવધાનતા-ગાફલતા, તેનાથી પાપમય કર્મમાં પ્રવૃત્તિ થાય છે. અને પાપ કર્મમાં પ્રવૃત્તિ થવાથી વિપરીત જ્ઞાનરૂપ મોહ થાય છે. અને તેનાથી પાછું ઘણું જ તમરૂપ અજ્ઞાન જ વધે છે. ॥૧૭॥

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥१८॥

-: શ્લોકાર્થ :-

સત્ત્વગુણમાં રહેનારા પુરુષો સ્વર્ગાદિક ઉંચા લોકોમાં જાય છે. રજોગુણમાં રહેનારા રાજસ પુરુષો મધ્ય-માનવ લોકમાં રહે છે. અને

તમોગુણના કાર્યરૂપ નિદ્રા પ્રમાદ અને આલસ્યાદિક હલકા દોષોમાં રહેનારા તામસ પુરુષો પશુ આદિક નીચ યોનિઓમાં જાય છે. ।।૧૮।।

**-: ભાષ્યાર્થ :-**

સત્ત્વગુણમાં વર્તનારા જનો ઉચ્ચ ગતિને પામે છે. એટલે કે - ઈતર વર્ણમાં રહેલા અલ્પ સત્ત્વગુણમાં વર્તનારા જનો અસંગપણે કરેલા કર્મથી અને જ્ઞાનમાં આસકિતથી શુદ્ધ બ્રાહ્મણપણાને પામે છે. તે બ્રાહ્મણપણામાં રહીને સત્ત્વગુણનું સેવન કરવાથી ઋષિપણાને પામે છે. તેમાંય પણ અતિ અધિકપણે સત્ત્વગુણનું સેવન કરવાથી પરમહંસ દશાને પામે છે. અને ત્યાંથી મોક્ષને પામે છે. એ અભિપ્રાય છે.

હવે-રજોગુણમાં વર્તનારા જનો મધ્ય લોકમાં રહે છે. એટલે કે-રજોગુણ પ્રધાન વૃત્તિમાં રહ્યા થકા ફળાસક્તિપૂર્વક કર્મ કરીને સ્વર્ગને પામે છે. ત્યાં રહીને ત્યાંના ભોગ ભોગવીને કર્મનું ફળ ભોગવાઈ રહ્યા પછી ફરીથી પાછા મર્ત્ય લોકમાં પ્રવેશે છે. ફરી પાછા ફળાસક્તિથી કર્મ કરીને સ્વર્ગ પ્રત્યે જાય છે. અને ફરીથી પાછા ત્યાંથી મર્ત્ય લોકમાં આવે છે. એમ વારંવાર આવર્તન પામવાથી મધ્ય લોકમાં જ રહે છે. એ અભિપ્રાય જાણવો.

હવે-સત્ત્વગુણ અને રજોગુણની અપેક્ષાએ ઘણો જ હલકો અને વળી એ બેની પછીથી થયેલો માટે ઉતરતો એવા તમોગુણની વૃત્તિ જે પ્રમાદ-મોહાદિક તેમાં વર્તનારા તામસ જનો અધોગતિને પામે છે. એટલેકે-તમોગુણની વૃત્તિમાં રહેલા બ્રાહ્મણાદિક હોય તો પણ અધિકાધિક તમોગુણની વૃત્તિરૂપ પ્રમાદાદિકનું સેવન કરવાથી અનુક્રમે ઉતરતાં ઉતરતાં શૂદ્રત્વ,અન્ત્યજત્વ,ચાંડાળત્વ, પશુત્વ, વૃક્ષત્વ, અને પાષાણત્વ વિગેરે ભાવોને પામી જાય છે. એ અભિપ્રાય છે. ।।૧૮।।

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ।।१९।।

**-: શ્લોકાર્થ :-**

જ્યારે દ્રષ્ટા-જીવાત્મા ત્રણ ગુણો સિવાય બીજા કોઈને કર્તા નથી દેખતો-સમજતો. અને એ ત્રણેય ગુણોથી પર રહેલા પોતાના સ્વરૂપને તેમજ પરમાત્મસ્વરૂપને યથાર્થ સમજે છે. ત્યારે તે પુરુષ મારા સ્વરૂપને પામે છે. ।।૧૯।।

**-: ભાષ્યાર્થ :-**

હવે-આ ત્રણેય ગુણોથી પર રહેલા આત્માના જ્ઞાનથી મોક્ષ થાય છે. એમ કહે છે.

શુદ્ધ સત્ત્વગુણની વૃત્તિનું સેવન કરવાથી ગુણનો દ્રષ્ટા ક્ષેત્રજ્ઞ-જીવાત્મા, ગુણ જે સત્ત્વાદિક તેના થકી બીજો કર્તા, એટલે કે - ગુણની વૃત્તિનો ઉદ્ભવ કરનાર છે. એમ જ્યારે નથી જોતો-નથી માનતો, પણ સત્ત્વાદિક ગુણો જ પોત-પોતાનાં કર્મ અને પોતાનો પ્રકાશ, લોભ અને પ્રમાદાદિક વૃત્તિનો ઉદ્ભવ તેને કરે છે. એમ ગુણોને વિષે જ કર્તૃત્વ ઉત્તરોત્તર અધિક અધિક સત્ત્વગુણનું સેવન કરવાથી શુદ્ધ થયેલો જીવાત્મા જુએ છે. એ અર્થ છે. અને સત્ત્વાદિક ગુણો થકી પોત-પોતાનાં કર્મ અને પ્રકાશાદિક વૃત્તિઓને કરનારા સત્ત્વાદિક ગુણો થકી પર, જુદો અને અકર્તા, એવા શુદ્ધ આત્માને સ્વસ્વરૂપને જાણે છે સમજે છે, ત્યારે તે પ્રમાણે જોનારો પુરુષ મદ્ભાવને - મારા અક્ષર સ્વભાવને પામે છે, અર્થાત્ શુદ્ધ બ્રહ્મભાવને પામે છે. ॥૧૯॥

गुणानेतानतीत्य त्रीन् देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥२०॥

**-: શ્લોકાર્થ :-**

દેહી-જીવાત્મા દેહના કારણભૂત એ ત્રણેય ગુણોને ઉલ્લંઘન કરીને ગુણાતીત થઈને જન્મ, મૃત્યુ, જરા એ આદિક દુઃખોથી વિમુક્ત થઈને અમૃતને-મોક્ષને પામે છે. ॥૨૦॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ઇન્દ્રિયો અન્તઃકરણના સમુદાયરૂપ શરીરમાં જ જેનો સમુદ્ભવ-પરિણામ છે. એવા તે માયામય ત્રણ સત્ત્વ, રજ અને તમ-નામે રહેલો ગુણોને દેહી-મારો ઉપાસક શુદ્ધ જીવાત્મા, ઉલ્લંઘન કરીને- તેથી પર વર્તીને, પોતાના શુદ્ધ સ્વરૂપને જોતો સાક્ષાત્ અનુભવતો થકો ગુણોથી પ્રવર્તતાં-જન્મ, જરા અને મરણાદિક દુઃખોથી મુક્ત થઈને અમૃતરૂપ મોક્ષને પામે છે. ॥૨૦॥

अर्जुन उवाच
कैर्लिङ्गैस्त्रीन् गुणानेतानतीतो भवति प्रभो ! ।
किमाचारः ? कथं चैतांस्त्रीन् गुणानतिवर्तते ॥२१॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન પૂછે છે આ ત્રણ ગુણોને અતિક્રમણ કરીને રહેલો પુરુષ કયાં કયાં લક્ષણોથી ઓળખાય છે ? અને તે કેવા આચારવાળો હોય છે ? તેમજ હે પ્રભો ! એ ત્રણ ગુણને એ કેવી રીતે અતિક્રમણ કરીને વર્તે છે ? ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

હવે- હમણાં ગુણાતીત પુરુષનું લક્ષણ, આચરણ- વર્તનપ્રકાર અને ગુણથી પર વર્તવામાં કારણ તેને શ્રીકૃષ્ણના પ્રત્યે પૂછતાં અર્જુન કહે છે -

અર્જુન પૂછે છે - હે પ્રભો ! આ સત્ત્વાદિક ત્રણ ગુણોને અતિક્રમણ કરીને- દબાવીને વર્તતો ગુણાતીત પુરુષ, ક્યાં અને કેવાં લક્ષણોથી ઓળખાય એવો હોય છે ? અર્થાત્ એનું કેવું સ્વરૂપ હોય છે ? એ ગુણાતીત પુરુષનો દેહનો આચાર- શરીરથી વર્તન કેવું હોય છે ? અને એ ત્રણ ગુણોને કેવી રીતે તે અતિક્રમણ કરે છે ?  એટલે કે - ક્યા અને કેવા સાધનથી એ ગુણાતીત થાય છે ? ॥૨૧॥

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ! ।
न द्वेष्टि सम्प्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ॥२२॥

-: શ્લોકાર્થ :-

શ્રી ભગવાન કહે છે હે પાંડવ ! પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ એ સઘળાં ત્રણ ગુણનાં કર્મોમાં પ્રવર્તેલાંને નથી દ્વેષ કરતો, કે નિવૃત્તિ પામેલાંને નથી આકાંક્ષા કરતો. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

અર્જુને કરેલા પ્રશ્નનો ઉત્તર કરતાં શ્રીભગવાન કહે છે -

હે પાંડવ ! આત્મા-પરમાત્મા સિવાયનાં બીજા પ્રાકૃત-માયામય અપ્રિય પદાર્થોમાં, પ્રવર્તેલાં- પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ એ આદિક સઘળાંય સત્ત્વાદિક ગુણોનાં કાર્યોને જે દ્વેષ નથી કરતો. તેમજ આત્મા-પરમાત્મા વિનાનાં બીજાં પ્રિય પ્રાકૃત પદાર્થોમાં નિવૃત્તિ પામેલાં પ્રકાશાદિક સત્ત્વાદિક ગુણોનાં કાર્યને ઇચ્છતોય નથી, તે પુરુષ ગુણાતીત કહેવાય એમ આગલા શ્લોકની સાથે અન્વય છે. ॥૨૨॥

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तन्त इत्येव योऽवतिष्ठति नेङ्गते ॥२३॥

-: શ્લોકાર્થ :-

જે ઉદાસીનની માફક વર્તતો રહીને ગુણો જેને ચળાયમાન કરી શકતા નથી અને સઘળું ગુણો જ કરી રહ્યા છે એમ માનીને જે સ્વસ્વરૂપાનુસંધાન રાખીને પરમાત્મસ્વરૂપમાં સ્થિર વર્તે છે. તો તે પોતાની બ્રહ્મસ્થિતિ થકી ક્યારેય ચળાયમાન થતો નથી. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

ત્યારે તે કેવી રીતે કરે છે ? વર્તે છે ? તે કહે છે-લોકમાં ઉદાસીન પુરુષ જેમ વર્તે તેમ ગુણનાં કાર્યમાં જે ઉદાસીન વર્તે છે. અને ગુણનાં કાર્યને જોનારા સ્વસ્વરૂપના દર્શનથી-અનુભવાત્મક સાક્ષાત્કારથી તૃપ્ત-પૂર્ણ વર્તતો એવો જે પુરુષ સત્ત્વાદિક ગુણોથી ચળાયમાન થતો નથી, એટલે કે - સત્ત્વાદિક ગુણો પોતાના કાર્યથી તેને ચળાયમાન કરી શકતા નથી. અને સત્ત્વાદિક ગુણો પોત-પોતાના પ્રકાશાદિક કાર્યોમાં વર્તે જ છે, એમ જાણી-સમજીને સ્વસ્વરૂપને અનુભવતો થકો વર્તે છે. પણ ગુણ કાર્યને અનુસારે પોતે નથી ચેષ્ટા કરતો, આવો હોય તે ગુણાતીત કહેવાય છે. ॥૨૩॥

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥२४॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥२५॥

-: શ્લોકાર્થ :-

જે સુખ-દુઃખમાં સમ વર્તે છે. અખંડ સ્વસ્વરૂપમાંજ રહે છે. કચરો, પત્થર અને કાંચન એ સઘળું જેને સરખું જ છે. પ્રિય-અપ્રિયનો સંયોગ પણ જેને તુલ્ય જ ભાસે છે. સદાય ધીરજ રાખનારો છે. અને પોતાની નિંદા અને શ્લાઘા પણ જેને સરખી જ લાગે છે. ॥૨૪॥

જે માન-અપમાનમાં પણ સમાન રહે છે. મિત્રપક્ષમાં અને શત્રુપક્ષમાં પણ જે સમાન વર્તે છે અને સર્વ આરંભમાત્રનો પરિત્યાગ કરનારો જે છે. તે પુરુષ ગુણાતીત એવા નામે કહેવાય છે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે ગુણાતીત પુરુષનું સ્વરૂપ કહીને હવે તેનું આચરણ બે શ્લોકથી કહે છે.

સુખ-દુઃખ જેને સમાન લાગે છે, કેમ કે - તે સ્વરૂપમાં સ્થિર વર્તે છે માટે. એટલે કે આત્મસ્વરૂપમાં સ્થિર રહેવાથી દેહાભિ ને રહિતપણાને લીધે જ દેહ દૈહિક સંબંધી પદાર્થોનાં લાભ-અલાભમાં સદાય સમચિત્ત જ વર્તે છે. અને તેથી જ કચરો, પત્થર અને કાંચન પણ જેને સરખાં જ લાગે છે. અને તેથી જ સુખ-દુઃખમાં કારણભૂત પ્રિય-અપ્રિય વસ્તુઓ પણ જેને સરખી જ લાગે છે. અને આત્મા-અનાત્મા એ બન્ને વસ્તુના વિવેકમાં નિપુણ અને તેથી જ પોતાની નિંદા-

તિરસ્કારભરી ભાષા બોલે, કે પોતાનાં વખાણવાળાં સારાં સ્તુતિવચનો બોલે એ બન્ને જેને સરખું જ લાગે છે. ॥૨૪॥

વળી - જે માન-અપમાનમાં પણ સમચિત્ત વર્તે છે. મિત્રના પક્ષમાં અને શત્રુપક્ષમાં પણ જે સમાન વર્તે છે. માયિક તુચ્છ વસ્તુઓની પ્રાપ્તિ માટે આરંભમાત્રનો પરિત્યાગ કરી દેવાના સ્વભાવવાળો જે છે. આવાં આચરણે યુક્ત જે વર્તે છે તે ગુણાતીત કહેવાય છે. ॥૨૫॥

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥२६॥

**-: શ્લોકાર્થ :-**

હવે-ગુણાતીત થવાનો ઉપાય-પ્રકાર કહે છે.

વળી-જે મને અવ્યભિચારી-નિશ્ચળ ભક્તિયોગથી નિરંતર સેવે છે-ભજે છે. તે પુરુષ આ ત્રણેય ગુણોને ઉલ્લંઘન કરીને બ્રહ્મરૂપ થવાને માટે યોગ્ય બને છે. ॥૨૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - આવી ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થવામાં મુખ્ય હેતું કહી બતાવે છે -

જે પુરુષ બુદ્ધિના ડગ-મગાટે રહિત અતિ દૃઢ નિશ્ચળ એવા ભક્તિયોગથી મને નિર્ગુણમૂર્તિ શ્રીનારાયણને જ સેવે છે- ભજે છે. તે વાતમાં શ્રુતિ-સ્મૃતિઓનું પ્રમાણ કહે છે - "જે ભગવાન સર્વના સાક્ષી છે, જ્ઞાનમય છે, કેવળ - અદ્વિતીય અને નિર્ગુણ છે." એકાદશ સ્કન્ધમાં - "હું નિર્ગુણ અને નિરપેક્ષ છું, તો પણ મને સર્વ ગુણો ભજે છે, સેવે છે." આવું વચન છે. વિષ્ણુપુરાણમાં પણ - "સર્વનિયંતા જે પરમેશ્વરમાં સત્વાદિક પ્રાકૃત માયાના ગુણો છે જ નહિ." આવું વચન છે. ઈત્યાદિક ઘણીક શ્રૃતિ -સ્મૃતિઓ છે. આવો તે પુરુષ આ સત્ત્વાદિક જે દુરત્યય ગુણો છે તેને સમ્યક્પ્રકારે તિરસ્કાર કરીને - જીતીને બ્રહ્મભાવને માટે કલ્પાય છે - સમર્થ થાય છે. અર્થાત્ અક્ષર- બ્રહ્મને તુલ્ય થાય છે. જુઓ તે પ્રમાણે આ ગીતામાંજ કહ્યું છે - "દેવ એવો જે હું તે મારી માયા દુરત્યયા - ન તરી શકાય એવી છે, પણ મનેજ જે શરણ પામે છે. તો તે પુરુષો તો એ માયાને તરી જાય છે." સર્વના સ્વામી શ્રીનારાયણ ભગવાનની એકાંતિકી ભક્તિ વિના ગુણોનો અત્યય-નાશ ક્યારેય થતો જ નથી. એમ ભગવાનનો પોતાનોજ અભિપ્રાય છે. ॥૨૬॥

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥२७॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे गुणातीतयोगो नाम चतुर्दशोऽध्यायः ॥१४॥

-: શ્લોકાર્થ :-

કારણ કે—અવિકારી અને અવિનાશી અમૃતસ્વરૂપ બ્રહ્મની પ્રતિષ્ઠા આશ્રય-આધાર હું જ છું. તેમજ શાશ્વત-સનાતન એકાંતિક ધર્મનો અને એકાંતિક-આત્યંતિક સુખ-આનંદનો આશ્રય પણ હું જ છું. ॥૨૭॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ગુણત્રયવિભાગયોગો નામ ચર્તુદશોડધ્યાયઃ ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, તમારી એકાંતિકી ભક્તિથી જ ગુણનો અત્યય-નાશ થાય અથવા ઉલ્લંઘન થાય - પાર પમાય અને બીજાં સાધનોથી ન જ થાય એમ કેમ ? એ આક્ષેપપૂર્વક પ્રશ્નના સમાધાનમાં કહે છે -

એનું કારણ એ છે કે અવ્યય-વિકારશૂન્ય એવા બ્રહ્મની - અક્ષરની પ્રતિષ્ઠા-આશ્રય આધાર હું જ છું. અમૃતરૂપ મોક્ષની પ્રતિષ્ઠા - આશ્રય પણ હું જ છું. એટલે કે -મારા થકી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. શાશ્વત-સનાતન નિત્યસિદ્ધ એવા એકાંતિક ધર્મની પ્રતિષ્ઠા-આધાર હું જ છું. એટલે કે - મારા થકી જ એની પ્રવૃત્તિ થાય છે. અર્થાત્ તે મારામાં જ સદાય રહેલો છે. અને તે એકાંતિક ધર્મથી પામવા યોગ્ય નિરવધિક આનંદ વિશેષની પ્રતિષ્ઠા-આશ્રય હું જ છું. અર્થાત્ નિરવધિકાતિશય આનંદનો દાતા હું જ છું. આ હેતુથી જ મારી એકાંતિકી ભક્તિથી જ ગુણાતીત અવસ્થા પ્રાપ્ત થાય છે. આત્મસ્વરૂપની-સાક્ષાત્કાર બ્રહ્મધામની પ્રાપ્તિ અને મારા સ્વરૂપ સંબંધિ આત્યન્તિક નિરવધિક સુખની પ્રાપ્તિ પણ થાય છે. પણ એકાંતિકી ભક્તિ સિવાય બીજાં કોઈ સાધનોથી બનતું જ નથી. એ અભિપ્રાય છે. ॥૨૭॥

*ઈતિશ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્ગુરુવર્ય શ્રીગોપાળાનંદ-મુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે ચર્તુદશોડધ્યાયઃ ॥૧૪॥*

# अथ पञ्चदशोऽध्यायः

श्रीभगवानुवाच

ऊर्ध्वमूलमधः शाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥१॥

**-: શ્લોકાર્થ :-**

શ્રી ભગવાન કહે છે આદિ-પુરુષ પરમાત્મારૂપ ઉંચે મૂળ જેનું છે. નીચે બ્રહ્માદિક શાખાઓ જેની પ્રસરેલી છે. એવા સંસારરૂપ પીપળાના વૃક્ષને અવ્યય-અવિનાશી-નિત્ય કહે છે. અને વેદો જેનાં પાંદડાં છે. આવા સમૂળ સંસાર વૃક્ષને જે યથાર્થ સમજે છે. તે જ વેદના તાત્પર્યને જાણનારો છે. ॥૧॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ચૌદમાં અધ્યાયમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની વૃત્તિઓના ભેદે સહિત તેમનું સ્વરૂપ અને તે ત્રણેય ગુણોનો સંબંધ ટાળવાનું સાધન પણ કહી બતાવ્યું.

હવે - આ પંદરમાં અધ્યાયમાં અક્ષર-ધામના અધિપતિ, ક્ષર અને અક્ષર ભાવે યુક્ત એવા બન્ને પ્રકારના પુરુષ થકી સ્વરૂપ-સ્વભાવ વિગેરેથી અતિ ઉત્તમ, સર્વને ઉપાસના કરવા યોગ્ય-સર્વોપરિ વિરાજમાન, અનવધિકાતિશય આનંદમય અને સર્વના પરમ ઈશ્વર-નિયામક, એવા પરાત્પર પુરુષોત્તમ ભગવાનનું સર્વોત્કૃષ્ટપણું નિરૂપણ કરાય છે.

તેમાં પ્રથમ જીવાત્માઓને બંધન કરનારું અને પ્રકૃતિના પરિણામરૂપ એવું આ વિશ્વ તેને વૃક્ષનું રૂપક આપીને નિરૂપણ કરતા થકા અર્જુનના પ્રત્યે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે -

શ્રી ભગવાન કહે છે - ઉર્ધ્વ મૂળ - ઉંચે બ્રહ્મ લોકમાં રહેલું છે ત્રિગુણ પ્રકૃતિથી બનેલું એવું વૈરાજ-બ્રહ્મરૂપ મૂળ જેનું અને અધઃશાખ -નીચે તે વૈરાજ - પુરુષથી ઓરા - પદ્મભૂ- બ્રહ્મા અને તેના પુત્ર મરીચિ-કર્દમાદિક, તેમજ - પૃથિવ્યાદિક પંચ મહાભૂત એ વિગેરે શાખાઓ જેની પ્રસરેલી છે. અને અવ્યય-સૃષ્ટિના પ્રવાહરૂપે સતત ચાલે છે માટે નિત્ય, આવો અશ્વત્થરૂપ - વિશ્વ વૃક્ષ છે, એમ કહે છે. ''ઉંચે મૂળવાળો અને નીચે શાખાવાળો આ વિશ્વરૂપ સનાતન અશ્વત્થ - વૃક્ષ છે.''ઈત્યાદિક વેદવચનો પણ છે. વળી - ''અવ્યક્તરૂપ મૂળમાંથી

ઉત્પન્ન થયેલો અને તે અવ્યક્તમૂર્તિ ભગવાનના અનુગ્રહથી જ ઉપજેલો, બુદ્ધિ આદિક ચાર અંતઃકરણરૂપ સ્કંધ-મૂખ્ય શાખાવાળાં, ઇન્દ્રિયોનાં અંતર-છિદ્રરૂપ કોતરોવાળો, પૃથિવ્યાદિક પંચ મહાભૂતરૂપ અવાન્તર શાખાના વિભાગવાળો, શબ્દાદિક વિષયરૂપ પત્રવાળો, ધર્મ-અધર્મરૂપ સુંદર પુષ્પવાળો, સુખ-દુઃખરૂપ ફળના ઉદયવાળો, સર્વ ભૂત-પ્રાણીમાત્રને સર્વ પ્રકારે જીવાડનારો-આશ્રયરૂપ, એવો આ સનાતન-અનાદિ વિશ્વરૂપ વૃક્ષ છે. એ વૃક્ષને જ્ઞાનરૂપ તીક્ષ્ણ તરવાર વડે છેદી-ભેદી નાખીને, તે પછી આત્મગતિ-રૂપ મોક્ષને પામીને પછી ત્યાંથી ફરી પાછો આવતો નથી.'' ઇત્યાદિક સ્મૃતિવચનો પણ કહે છે. અને જે વિશ્વ-વૃક્ષનાં વેદો તો પાંદડાં છે, એટલે કે - ધર્મ, અર્થ અને કામ એવા પુરુષાર્થને પ્રતિપાદન કરનારા હોવાથી જીવાત્માઓને છાયાની પેઠે સુખને કરનારાં પાંદડાં છે. જે આ વૃક્ષને જાણે છે, તે પુરુષ વેદને જાણનારો છે. ॥૧॥

**अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा, गुणप्रवृद्धा विषयप्रवालाः ।**
**अधश्च मूलान्यनुसन्ततानि, कर्मानुबन्धीनि मनुष्यलोके ॥२॥**

**-: શ્લોકાર્થ :-**

સત્ત્વાદિક ત્રણ ગુણોથી વૃદ્ધિ પામેલી અને વિષયોરૂપ સુંદર પલ્લવ-કુંપળોવાળી એવી તે વૃક્ષની શાખાઓ નીચે અને ઉપર સર્વત્ર ફેલાઈ રહેલી છે. અને વળી મનુષ્ય લોકમાં કર્માનુસારે બંધાયેલાં અનેક વાસનાઓરૂપ મૂળો નીચે-ઉપર બધેય ફેલાઈ રહેલાં છે. ॥૨॥

**-: ભાષ્યાર્થ :-**

ફરીથી પણ તે વૃક્ષનું જ નિરૂપણ કરે છે.

ઉપર કહ્યા તે વિશ્વવૃક્ષની નીચેના ભાગમાં મનુષ્ય-પશ્વાદિકરૂપ અને ઉપરના ભાગમાં દેવ-ગંધર્વાદિકરૂપ શાખાઓ વિસ્તાર પામેલી છે. તે કેવી છે ? જળના સીંચવાથી વૃક્ષની શાખાઓ જેમ વૃદ્ધિ પામે છે. તે જ પ્રમાણે સત્ત્વાદિક ગુણની વૃત્તિઓથી વૃદ્ધિ પામેલી અને અનેક પ્રકારના વિષયભોગરૂપ પલ્લવો જેમના ખીલેલા છે. આવા પ્રકારની શાખાઓ વિસ્તરેલી છે. એમ સમજવું. વળી- નીચે મનુષ્ય લોકમાં વૃદ્ધિ પામેલાં અને ધર્મ-અધર્મરૂપ કર્મને પાછળ-પરંપરાએ ઉત્પન્ન કરવાનો શીલ-સ્વભાવ જેમનો છે અર્થાત્ કર્મના અવલંબને રહેલાં એવાં વિશ્વ-વૃક્ષનાં અવાન્તર મૂળ પણ ઘણાં છે.

ભાવાર્થ એ છે કે મનુષ્ય દેહોમાં કરેલાં કર્મોથી નીચે મનુષ્ય પશું આદિકરૂપે જન્મ પામે છે. અને ઉંચે દેવ-ગન્ધર્વાદિકરૂપે જન્મ પામે છે. માટે સંસારનું મૂળ કર્મ જ છે. ॥૨॥

न रूपमस्येह तथोपलभ्यते, नान्तो न चादिर्न च सम्प्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूल-मसङ्गशस्त्रेण द्दढेण छित्त्वा ॥३॥
ततः पदं तत् परिमार्गितव्यम्, यस्मिन् गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये, यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥४॥

-: શ્લોકાર્થ :-

આ સંસાર-વૃક્ષનું વર્ણન કર્યું તેવું રૂપ આ લોકમાં તો ઉપલબ્ધ થતું જ નથી. તેમજ આનો અંત અને આદિ પણ ઉપલબ્ધ થતો નથી અને એની સંપ્રતિષ્ઠા-ખરે ખરી રીતે એ શેમાં રહ્યો છે. એ પણ સમજાતું નથી, આવા અતિ જામી ગયેલાં ઉંડા મૂળવાળા આ સંસાર-વૃક્ષને અનાસક્તિરૂપ દૃઢ શસ્ત્રથી છેદી નાખીને. ॥૩॥

તે પછી તે પદ-અવિચળ સ્થાન ખોળી કાઢવું જોઈએ. કે જે સ્થાનમાં ગયેલા મુક્તાત્માઓ ફરીથી સંસાર-મંડળમાં પાછા ફરતા નથી. અને તે સર્વના આદિ પુરુષ પરમાત્માને જ હું શરણ પામું છું. કે જે પુરુષ-પરમાત્મા થકી આ પુરાતન સંસારપ્રવૃત્તિ ચાલેલી છે. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

ઊર્ધ્વમૂળવાળો અને નીચે શાખાઓવાળો અને મનુષ્ય દેહથી કરેલાં કર્મરૂપ અવાન્તર મૂળવાળો આ સંસારવૃક્ષ તેનું આવા પ્રકારનું સ્વરૂપ સંસારી મનુષ્યો નથી જાણતા. એમ અર્ધા શ્લોકથી કહે છે -

આ સંસાર વૃક્ષનું રૂપ-વૃક્ષના જેવો આકાર, આ સંસારમાં વર્તનારા જનોએ નથી પમાતો અર્થાત્ જેવો છે તેવો યથાર્થ જાણવામાં આવતો નથી. તેમજ આ સંસાર વૃક્ષનો અંત-નાશ વૈરાગ્ય અને મારી પ્રપત્તિ - શરણાગતિ, એ બેનાથી જ થાય છે, એમ પણ જાણતા નથી. તથા આ સંસાર વૃક્ષનો આદિ-આરંભ અનાદિ અવિદ્યાના સંબંધથી થયેલો છે. એમ પણ નથી જાણતા. તેમજ આ સંસાર વૃક્ષની ખરી પ્રતિષ્ઠા - ખરી રીતે શેમાં રહેલો છે. અર્થાત્ દેહાત્મભ્રમમાં જ આ સંસાર

વસ્યો છે. તે પ્રતિષ્ઠા પણ જાણવામાં આવતી નથી. આવા અતિ દૃઢ ખૂંતેલા મૂળોથી બંધાયેલા આ સંસારવૃક્ષને, અસત્ - દેશ-કાળાદિકથી પણ પરાભવ ન પામે એવા વૈરાગ્યરૂપ તીક્ષ્ણ આયુધથી મૂળે સહિત ઉખાડી નાખીને - ટાળીને ॥૩॥

તે પછી- સંસાર-વૃક્ષને છેદી નાખ્યા પછી, તે પ્રસિદ્ધ પોતાનું પ્રાપ્ય-સ્થાન સર્વ પ્રકારે શોધી કાઢવું. કે જે પદમાં જઈને પામ્યા પછી, ફરીથી પાછા આ સંસૃતિ મંડળમાં આવતા નથી. હવે તે પદ શોધવાની રીતિ કહી બતાવે છે - જેના થકી પુરાતન - અનાદિ આ જગત્‌ની પ્રવૃત્તિ, અથવા મોક્ષસાધનની પ્રવૃત્તિ, તે પ્રસરેલી - વિસ્તરેલી છે. તે આદિ-સનાતન પુરુષ-પરમાત્માને હું શરણ પામું છું. એમ ભગવાનમાં અનન્ય ભક્તિથી તે પદ શોધવા યોગ્ય છે - શોધાય છે. ॥૪॥

निर्मानमोहा जितसङ्गदोषा, अध्यायत्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥५॥

**-: શ્લોકાર્થ :-**

તે અવિચળ પદ પામનારાઓનાં લક્ષણ કહે છે.

જેમના માન-મોહાદિક નષ્ટ થઈ ગયા હોય છે. જેમણે આસક્તિરૂપ દોષને સર્વથા જીતી લીધેલો હોય છે. આત્મજ્ઞાનમાં જે નિરંતર દૃઢ સ્થિતિ પામેલા હોય છે. જેમની કામનાઓ સર્વાંશે નિવૃત્ત થયેલી હોય છે. અને સુખ-દુઃખાદિક નામનાં દ્વન્દ્વો થકી સર્વથા રહિત થયેલા હોય છે. આવા અમૂઢ-જ્ઞાની જનો જ તે અવ્યય-અક્ષર પદને પામે છે. ॥૫॥

**-: ભાષ્યાર્થ :-**

હવે જે સાધન- પ્રવૃત્તિથી મોક્ષ થાય છે, તે સાધન - પદ્ધતિ કહી બતાવે છે.

મિથ્યા ગર્વરૂપ માન-અભિમાન અને વિપરીત જ્ઞાનરૂપ મોહ-અજ્ઞાન, આવા માન અને મોહથી રહિત થયેલા, અથવા-માન-મોહ જેમનાંમાંથી મુદ્દલ નીકળી ગયા છે. જીત્યો છે સંગ-વિષયાસકિતરૂપ દોષ તે જેમણે, આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન સંપાદન કરવામાં નિરંતર તત્પર વર્તતા, વિશેષતાએ- સમૂળ નિવૃત્તિ પામ્યો છે કામ-વિષયભોગની વાંછા જેમને અને દ્વન્દ્વ જે શીત-ઉષ્ણાદિક જોડલાં કે જે સુખદુઃખમાં કારણભૂત હોવાથી પોતે સુખદુઃખ એવા નામે જ કહેવાય છે તેનાથી રહિત થયેલાં અને આવી સ્થિતિમાં વર્તતા માટે જ અમૂઢ-નિરંતર સાર-અસારનો વિવેક કરવામાં કુશળ, એવા જે જ્ઞાની પુરુષો છે. તે જ આદ્ય-સનાતન

પુરુષ એવા મારું અવ્યય-અક્ષર બ્રહ્મપુર નામે પ્રસિદ્ધ પદ-નિવાસસ્થાન-ધામ તેને પામે છે. જુઓ ? શ્રુતિઓ કહે છે - "વિષ્ણુ ભગવાનના તે અક્ષર બ્રહ્મ નામે પરમ પદને સૂરિ-જ્ઞાની પુરુષો નિરંતર દેખે છે." "જે સર્વજ્ઞ અને સર્વવિત્ છે. જેનો આ મહામહિમા પૃથ્વી ઉપર વિસ્તરેલો છે. એ આત્મા-સર્વાત્મા ભગવાન દિવ્ય બ્રહ્મપુર ધામમાં- ચિદાકાશમાં સદાય વિરાજમાન છે." "એ સત્ય-અવિનાશી બ્રહ્મપુર ધામ છે." ઈત્યાદિક ઘણીક છે. ॥૫॥

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥६॥

-: શ્લોકાર્થ :-

તે ધામને સૂર્ય પ્રકાશ કરી શકતો નથી, તેમજ ચંદ્રમા કે અગ્નિ પણ પ્રકાશ કરી શકતો નથી. અને જે સ્વયંપ્રકાશ ધામને પામીને પામનારા મુક્તાત્માઓ પાછા ફરતા નથી તે મારું પરમ-સર્વોત્કૃષ્ટ ધામ છે. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

એ જ ધામને વખાણતા થકા કહે છે.

આ પ્રસિદ્ધ સૂર્ય તે ધામને નથી પ્રકાશ કરી શકતો, તેમ નથી શશાંક-ચંદ્રમા પણ પ્રકાશ કરી શકતો, કે નથી પાવક-અગ્નિ પણ પ્રકાશ કરી શકતો. અને જે ધામને પામીને ફરીને આ સંસાર-ચક્રમાં પાછા આવતા નથી. તે પરમ - સર્વ લોક કરતાં અતિ ઉત્કૃષ્ટ મારું ધામ છે. અર્થાત્ મારા એકાંતિક ભક્ત-ઉપાસકોએ સહિત વર્તતો એવો હું તે મારું નિવાસસ્થાન છે. તે વાત શ્રુતિસ્મૃતિઓએ પણ કહી છે - "તે સ્થાનમાં ચંદ્ર-સૂર્યનાં મંડળ નથી પ્રકાશ કરતાં, આ વાયુઓ ત્યાં નથી વાતા અને ઈન્દ્રાદિક દેવો પણ ત્યાં નથી જઈ શકતા, કે જે સ્થાનમાં કર્મનાં ફળ દ્વારા ભૂતોની વૃદ્ધિ કરનાર સ્વયં પરમાત્મા માયાના ગુણ-કાર્યથી રહિત થકા અને વિભૂતિઓથી વિભૂષિત થકા વિરાજમાન રહે છે." "કર્મસાધ્ય લોકથી પર રહેલા પરમ-સર્વશ્રેષ્ઠ ચિદાકાશમાં રહેલા અક્ષર ધામમાં કે જ્યાં સંસારથી પાર થયેલા દિવ્યાકારવાળા દેવો-મુક્તાત્માઓ રહે છે." "અમૃતમય એવા આપ - અનેક રસો અમોએ આ ધામમાં ભોગવાય છે. અને તારે પણ આ અમૃત રસરૂપ જળપાન વિગેરે ભોગ જેમાં છે એવો લોક ભોગ્ય છે." મોક્ષ ધર્મમાં ભીષ્મપિતા પણ કહે છે - " હે નિર્દોષ રાજન્ ! તું ધર્મના અંશથી પ્રગટ થયેલો છું અને સ્વભાવથી જ ધર્મિષ્ઠ છું. મૂળના આશ્રયરૂપ વાક્ય કહું છું. તેને તું સાવધાન

થઈને સાંભળ ? ઉદાર મનવાળા સર્વદેવોનાં જે સ્થાનો છે. નાના પ્રકારનાં સુન્દર બેસવાનાં સ્થાનની રચનાવાળાં, નાના પ્રકારનાં રૂપ અને ફળો જેમાં રહેલાં છે. ઇચ્છા પ્રમાણે ગતિ કરનારાં દિવ્ય વિમાનો, તથા સભાસ્થાનો, તથા હે રાજન્! નાના પ્રકારનાં સુંદર ક્રીડાસ્થાનો સુવર્ણરૂપવાળી સુંદર કમલિનીઓ, જેમાં રહેલી છે. એવાં ચાર લોકપાળોનાં સ્થાનો, શુક્રાચાર્ય અને બૃહસ્પતિનું સ્થાન, મરૂત્ દેવો, વિશ્વદેવો, સાધ્યદેવો, અશ્વિનિકુમારો, તેમજ રૂદ્રો, આદિત્યો અને વસુઓ, તથા બીજા દેવોનાં પણ જે જે સ્થાન છે. હે તાત ! એ સઘળાંય સ્થાનો પરમાત્માના સ્થાનની અપેક્ષાએ નિરય-નરક જેવાં છે. અને પરમાત્માનું જે સ્થાન-ધામ છે. તે તો કાળ-માયાના ભયે રહિત છે. અને કર્મરૂપ નિમિત્તવાળું નથી, અર્થાત્ નિરવધિક ફળરૂપ છે. અને એ ક્લેશવાળું પણ નથી. અને તે ધામ સુખ-દુઃખ, અથવા શોક-મોહ, આદિક દ્વન્દ્વથી રહિત છે. તેમજ ત્રણ ગુણથી પણ મુક્ત-રહિત છે. આઠ આવરણથી પણ રહિત-પર છે. અને કાળ, કર્મ અને માયા એ ત્રણથી પણ મુક્ત-રહિત છે. તે ધામમાં તો કાળ પણ અસમર્થ જ બની જાય છે. પણ ત્યાં કાળનું બળ ચાલતું જ નથી. હે રાજન્ ! તે ભગવાન તો કાળના પણ નિયંતા - પ્રેરક છે. અને સ્વર્ગાદિક લોકના પણ સ્વામી છે. ભગવદુપાસનાથી શુદ્ધસ્વરૂપ થયેલો આત્મા ત્યાં જઈને શોક નથી પામતો. આવું તે પરમાત્માનું સ્થાન પરમ-સર્વોત્કૃષ્ટ છે. અને તે સ્થાનના નિરયો પણ આ કહ્યા તેવાજ છે. હે રાજન્ ! આ સઘળા નરકો - તને યથાર્થપણે કહી બતાવ્યા. તે પરમાત્માના શ્રેષ્ઠ સ્થાનની અપેક્ષાએ આ સઘળા નરક નામે કહેવામાં આવે છે.'' તથા ભાગવતમાં પણ કહ્યું છે - ''આ પ્રમાણે મહાકારૂણિક શ્રીહરિ ભગવાને વિચારીને સર્વ ગોપોને માયાના તમથી પર રહેલો પોતાનો લોક-ધામ બતાવ્યો. તે ધામ કેવું છે ? સત્યસ્વરૂપ, જ્ઞાનરૂપ અને અનંત-અપાર છે. જે બ્રહ્મ નામે કહેવાય છે. જે પ્રકાશમય અને સનાતન છે. જે ધામને પરમાત્મસ્વરૂપમાં મનની એકાગ્રતા પામેલા મુનિ-ઉપાસક પુરુષો માયિક ગુણોનો સંબંધ છૂટી ગયા પછી દેખે છે. નંદાદિક ગોપો તો તે લોકોને જોઈને પરમ આનંદથી પરમ શાંતિ પામ્યા. અને તે ધામમાં વેદોએ સ્તુતિ કરાતા કૃષ્ણને જોઈને અતિશય વિસ્મય પામી ગયા.'' ''જે ધામમાં ભગવાનની સામે ઉભી રહેવામાં અતિ લજ્જા પામતી માયા દૂર ભાગી જાય છે. તે પરમ પુરુષ પરમાત્મા ભગવાન પરબ્રહ્મના ધામને **બ્રહ્મ** એવા નામે જ્ઞાની પુરુષો જાણે છે.'' ''તે ધામને **અક્ષર બ્રહ્મ** એવા નામે કહે છે. અને એ સર્વ કારણનું પણ કારણ છે. અને મહાત્મા પરમ પુરુષ પરમાત્મા શ્રીવિષ્ણુ ભગવાનનું સાક્ષાત્ પરમ ધામ છે.'' ''મારા

અનુગ્રહરૂપ મહાપ્રસાદથી જેને સર્વ અર્થ સમજવામાં આવ્યો છે. એવો મારો જ્ઞાની ભક્ત પરમ કલ્યાણરૂપ, માયાના લેશસંબંધથી પણ રહિત અને મારા આશ્રયવાળું મારું સુંદર સ્થાનરૂપ ધામ તેને પામે છે. અને તે ભક્ત આ લોકમાંજ સ્વસ્વરૂપના પરમ જ્ઞાનથી જેના સંશયો છેદાઈ ગયા છે. એવો ધીર હોય છે. તે મારા ધામને પામે છે. કે જે ધામને કારણ શરીરથી છૂટા થયા પછી યોગી પુરુષ પામીને ફરીથી પાછા આવતા નથી.'' આ ઈત્યાદિક ઘણાં વચનોથી કહેવામાં આવ્યું છે. ॥૬॥

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥७॥

-: શ્લોકાર્થ :-

આ જીવલોકમાં મારો અંશભૂત સનાતન જીવાત્મા પ્રકૃતિમાં રહેલાં અને મન જેમાં છઠ્ઠું છે એવાં પાંચેય ઈન્દ્રિયોને પોતા તરફ ખેંચે છે-વશમાં રાખે છે. ॥૭॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે પુરુષોત્તમનું પોતાનું અક્ષર ધામ કહીને- વર્ણન કરીને, હવે અવિદ્યાથી મુકાયેલો અને અવિદ્યાથી બંધાયેલો એમ એ બન્ને પ્રકારના ક્ષેત્રજ્ઞને કહી બતાવે છે.

જીવલોકમાં - જીવો ક્ષેત્રજ્ઞોનો લોક જે બ્રહ્માણ્ડરૂપ સ્થાન તેમાં રહેલો અને સનાતન અનાદિસિદ્ધ પુરાતન, એવો જીવ નામે પ્રસિદ્ધ એવો જે ક્ષેત્રજ્ઞ, તે મન છઠ્ઠું જેમાં છે, એવાં અનાદિ વિષયવાસનાએ યુક્ત એવા સ્વભાવરૂપ પ્રકૃતિમાં રહેલાં ચક્ષુ આદિક ઈન્દ્રિયો તેને ખેંચે છે – વિષય ગ્રહણ કરવા રૂપ સ્વસ્વભાવ થકી પાછાં ખેંચીને પોતાને વશમાં કરે છે. તે મારો પરમાત્માનો જ અંશ છે. એટલે કે એને મારી ઉપાસના કરવાથી વિષયોને જીતવારૂપ મારા ઐશ્વર્યના અંશને પામેલો એવો લગભગ મુક્તપ્રાય જીવ જાણવો.

ચ્યુતભાવથી અને ક્ષરભાવથી રહિત અવિનાશી સ્વરૂપ પરમેશ્વરનો વિભાગ થવો યોગ્ય જ નથી માટે. કેમકે અચ્છેદ્યત્વાદિક સ્વભાવે યુક્ત જીવનો પણ વિભાગ નથી સંભવતો, તો પછી અચ્યુત અને અક્ષર એવાં એવાં વિશેષણોથી વિશિષ્ટ પરમેશ્વરનો વિભાગ તો સંભવે જ કેમ ? માટે અંશ શબ્દનો અહીંયા જે આવો અર્થ કર્યો છે તે સર્વથા યુક્ત જ કર્યો છે. ॥૭॥

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥८॥

**-: શ્લોકાર્થ :-**

આ દેહનો સ્વામી જીવાત્મા-જે શરીરમાંથી નીકળે છે. તેમાંથી વાયુ પુષ્પાદિક સ્થાનમાંથી ગંધને જ જેમ એમ આ મને સહિત ઈન્દ્રિયોને ગ્રહણ કરીને જે શરીરને પામે છે તેમાં તે મન-ઈન્દ્રિયોએ સહિત જાય છે. ॥૮॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે મુક્તપ્રાય ક્ષેત્રજ્ઞનું લક્ષણ કહીને, હવે - બદ્ધક્ષેત્રજ્ઞનો સ્વભાવ વિગેરે કહે છે.

ઈશ્વર-ધર્મ, અર્થ અને કામ એ સર્વ પુરુષાર્થ સંપાદન કરવામાં સમર્થ એવો બદ્ધ ક્ષેત્રજ્ઞ-જીવાત્મા, દેવ-મનુષ્યાદિક જે જે શરીરને, કર્મના સાક્ષી ફળપ્રદાતા ભગવાનની સંકલ્પાત્મક પ્રેરણાથી પામે છે. તેમજ જે જે શરીરને મૃત્યુ સમયે તજીને જાય છે. શરીરનું ગ્રહણ કરવામાં અને ત્યાગ કરવામાં ભૂતસૂક્ષ્મ-શબ્દાદિક તન્માત્રાઓએ સહિત આ ઈન્દ્રિયોને ગ્રહણ કરીને આવે છે અને જાય છે. તેમાં દૃષ્ટાન્ત કહે છે - પુષ્પાદિકરૂપ સ્થાનભૂત આશય થકી ગંધને ગ્રહણ કરીને વાયુ જ જેમ જાય છે અને આવે છે તેમ. અપિ-શબ્દ પ્રથમ કહેલા મુક્ત ક્ષેત્રજ્ઞથી બદ્ધ ક્ષેત્રજ્ઞનું ભિન્નત્વ દર્શાવે છે. ॥૮॥

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥९॥

**-: શ્લોકાર્થ :-**

અને તે શરીરમાં આ જીવાત્મા શ્રોત્ર, ચક્ષુ અને ત્વચા તથા રસના અને ઘ્રાણ, તેમજ મન, આટલાંનો આશ્રય લઈને શબ્દાદિક વિષયોનું સેવન-ઉપભોગ કરે છે. ॥૯॥

**-: ભાષ્યાર્થ :-**

આ બદ્ધ જીવાત્મા શ્રોત્રેન્દ્રિય, નેત્રેન્દ્રિય, ત્વગિન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને મન-શબ્દથી અંતઃકરણ ગ્રહણ કરવું. અને શ્લોકમાં ચકાર છે માટે કર્મેન્દ્રિયો અને પ્રાણનું પણ ગ્રહણ કરવું. આ સઘળાં સાધનોને આશરીને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધાદિક વિષયોને ઉપસેવે છે - ભોગવે છે. ॥૯॥

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥१०॥

-: શ્લોકાર્થ :-

આ પ્રમાણે શરીરમાંથી નીકળતો, શરીરમાં રહેતો, વિષયોને ભોગવતો અને સત્ત્વાદિક ગુણોએ યુક્ત જણાતો આ જીવાત્મા તેને સર્વથા મૂઢ-અજ્ઞાની જનો નથી દેખતા, પણ જ્ઞાનરૂપ ચક્ષુ જેમનાં ખૂલી ગયેલાં છે તેવા જ્ઞાની જનો તો દેખે છે-અનુભવે છે. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

આવા કર્તા-ભક્તો આત્માને કોણ દેખે છે ? અને કોણ નથી દેખતા ? એ શંકાના સમાધાનમાં કહે છે.

મરણ સમયે શરીર છોડીને જતો અને સ્થિતિ સમયમાં તે શરીરમાં રહેલો, તેમજ વિષય-ભોગને અનુભવતો અને સત્ત્વાદિક ગુણોએ યુક્ત વર્તતો,

અથવા - ''अगुणान्वितम्'' એમ પદનો વિભાગ કરીને સત્ત્વાદિક ગુણોએ રહિતપણાને લીધે મુક્તાવસ્થામાં વર્તતો એવો અર્થ કરવો. ઉપર કહ્યા એવા એ બદ્ધ અને મુક્ત એ બન્ને પ્રકારના ક્ષેત્રજ્ઞને, દેહાત્મભાવને લીધે દેહ અને આત્માને એકરૂપે જોનારા અજ્ઞાનથી જે મોહ પામેલા મૂઢ જનો છે તે નથી જોતા. અર્થાત્ એ આત્માને દેહરૂપે જ જુએ છે. અને જેઓ જ્ઞાનરૂપ ચક્ષુ ખૂલવાથી દેહ-આત્માનો વિવેક સમજવામાં કુશળ જનો છે, તે તો એ આત્માને જેવો છે તેવો જ યથાર્થ જુએ છે. ॥૧૦॥

यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥११॥

-: શ્લોકાર્થ :-

યત્ન કરનારા યોગી-જનો જ આ શરીરમાં રહેલા આત્માને જોઈ શકે છે, પણ જેમનાં અંતઃકરણ અશુદ્ધ-મલિન છે તેવા અજ્ઞાની જનો તો યત્ન કરવા છતાં પણ એ આત્માને નથી દેખતા. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

અમાનિત્વાદિક સાધનો સંપાદન કરવાપૂર્વક એ આત્મદર્શનને માટે પ્રયત્ન કરનારા યોગી-જનો જ પોતાના શરીરમાં દેહથી વિલક્ષણ સ્વભાવવાળો અને સ્વસ્વરૂપથી વર્તતો એવો એ જીવાત્મા તેને નિશ્ચે જ દેખે છે, અનુભવે છે.

અને અધ્યાત્મ શાસ્ત્રનાં શ્રવણ-મનનાદિક સાધનોથી પ્રયત્ન કરનારા પણ અમાનિત્વાદિક સાધનોથી જેમણે પોતાનું મન-અન્તઃકરણ શુદ્ધ નથી કર્યું તેથી જ યથાવસ્થિત આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અજ્ઞાની અભક્ત પુરુષો એ આત્માને નથી દેખતા. ॥૧૧॥

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥१२॥

**-: શ્લોકાર્થ :-**

સૂર્યમંડળમાં રહેલું જે તેજ સમગ્ર જગત્‌ને પ્રકાશ કરી રહ્યું છે. તેમજ જે ચંદ્રમંડળમાં તેજ છે, તથા અગ્નિમાં જે તેજ છે. તે તેજ મારું જ-મેં જ આપેલું છે એમ જાણ ! ॥૧૨॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે બદ્ધ-મુક્ત એમ બે પ્રકારના ક્ષેત્રજ્ઞને કહી બતાવીને, હવે હમણાં જ્યાં ક્યાંઈક જે કાંઈ ઐશ્વર્ય જોવામાં આવે છે, તે સઘળું મારું જ ઐશ્વર્ય છે. એમ ચાર શ્લોકથી કહે છે - આદિત્યમાં રહેલું જે તેજ - પ્રકાશરૂપ શક્તિ સમગ્ર જગત્‌ને પ્રકાશિત બનાવે છે, ચંદ્રમામાં જે તેજ છે. અને અગ્નિમાં પણ જે તેજ છે. તે સઘળું તેજ મારું જ છે. એમ તું જાણ ! ॥૧૨॥

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥१३॥

**-: શ્લોકાર્થ :-**

અને હું જ પૃથ્વીમાં પ્રવેશ કરીને મારા સામર્થ્યથી સર્વભૂતોને ધારણ કરું છું. તથા રસમય સ્વરૂપવાળા ચંદ્રમારૂપે થઈને સર્વ ઔષધિઓનું હું જ પોષણ કરું છું. અર્થાત્ પૃથ્વીમાં ધારણ શક્તિ અને ચંદ્રમામાં પોષણ શક્તિ એ મારી જ છે. એમ તું સમજ ! ॥૧૩॥

**-: ભાષ્યાર્થ :-**

હું પૃથ્વીમાં અંતર્યામીભાવે પ્રવેશ કરીને મારા સામર્થ્યથી સ્થાવર-જંગમ સર્વ પ્રાણીમાત્રને ધારું છું. અર્થાત્ પૃથ્વીમાં પ્રાણીમાત્રને ધારણ કરવાની શક્તિરૂપ ઐશ્વર્ય મારું જ મારે આધીન જ ઐશ્વર્ય છે. અને રસ-અમૃત આત્મા સ્વરૂપ જેનું

છે. અર્થાત્  અમૃતમય એવા ચંદ્રમારૂપે થઈને ડાંગર આદિક સર્વ ઔષધિઓને હું જ પોષું છું. - સર્વ પ્રકારે વૃદ્ધિ પમાડું છું. એટલે કે - ચંદ્રમામાં ઔષધિઓનું પોષણ કરવારૂપ ઐશ્વર્ય તે મારું જ ઐશ્વર્ય છે. એ અભિપ્રાય છે. ।।૧૩।।

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ।।१४।।

**-: શ્લોકાર્થ :-**

હું જ વૈશ્વાનર અગ્નિરૂપે થઈને પ્રાણીઓના દેહમાં રહીને પ્રાણ-અપાન વાયુએ યુક્ત થકો ભક્ષ્ય- ભોજ્યાદિક ચારેય પ્રકારના અન્નને પચવું છું. ।।૧૪।।

**-: ભાષ્યાર્થ :-**

વળી- વૈશ્વાનર-જઠરાગ્નિરૂપ થઈને સર્વ પ્રાણીઓના દેહમાં રહ્યો થકો - રહીને પ્રાણ અને અપાન કે જે પાચન અને ઉદ્દીપનને કરનારા છે તેમણે સહિત થકો તે સર્વ પ્રાણધારીઓએ ખાધેલું - ભક્ષ્ય, ભોજ્ય લેહ્ય અને ચોશ્ય એ ચારેય પ્રકારના અન્નને હું પચવું છું. અર્થાત્  જઠરાગ્નિમાં ચાર પ્રકારનું અન્ન પચવવાની શક્તિરૂપ ઐશ્વર્ય મારું ઐશ્વર્ય છે. એ ભાવાર્થ જાણવો. ।।૧૪।।

सर्वस्य चाहं हृदि सन्निविष्टो, मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो, वेदान्तकृद्वेदविदेव चाहम् ।।१५।।

**-: શ્લોકાર્થ :-**

હું જ સર્વ પ્રાણીઓના હૃદયમાં અંતર્યામી-અંદર રહીને નિયમન કરનારારૂપે રહેલો છું. સર્વ પ્રાણી-માત્રને સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મરણ, એ બધુંય કર્મફળપ્રદાતા એવા મારા થકી જ પ્રવર્તે છે. સર્વ વેદાદિક સચ્છાસ્ત્રોથી જાણવા-સમજવા યોગ્ય હું જ છું. અને વેદાંતનો કરનારો અને વેદના રહસ્યને જાણનારો પણ હું જ છું. ।।૧૫।।

**-: ભાષ્યાર્થ :-**

અને વળી - બ્રહ્માથી લઈને સ્થાવર સુધીના સમગ્ર પ્રાણીવર્ગના સઘળા વ્યવહારના જ્ઞાનની ઉત્પત્તિના સ્થાનરૂપ હૃદય-પ્રદેશમાં હું રહેલો છું, એટલે કે - અન્તર્યામિ-ભાવરૂપ શક્તિથી સર્વ પ્રાણીઓનું કર્માનુસાર નિયમન કરવા માટે પ્રવેશ કરીને રહેલો છું. એ અર્થ છે. તે જ પ્રમાણે શ્રુતિઓ પણ કહે છે - "સર્વના

આત્મા અન્તર્યામી ભગવાન જનોના હૃદયમાં પ્રવેશ કરીને રહ્યા થકા નિયમન કરનારા છે." " જે સર્વ ભૂતોમાં રહે છે." "જે સર્વ ભૂતોને અંદર રહીને નિયમમાં રાખે છે." ઈત્યાદિક ઘણીક છે.

અને એટલા જ માટે મારા થકી જ સ્મૃતિ-પ્રાણીમાત્રને પૂર્વે અનુભવેલા વિષયોનું સ્મરણ થાય છે. તેમજ વિષય અને ઈન્દ્રિયોના સંયોગ-સંબંધથી ઉત્પન્ન થતું જ્ઞાન અને અપોહન એટલે સમય-સમય પ્રમાણે તર્ક-વિતર્ક કરવાનું સામર્થ્ય, તેનાથી રહિતપણું, અથવા અપોહન એટલે સ્મૃતિ-સ્મરણશક્તિ અને જ્ઞાન એ બન્નેનો નાશ, તે પણ મારા થકી જ થાય છે. વળી-ઋગ્વેદાદિક ચાર વેદો અને સઘળાં પુરાણો તથા ઈતિહાસો વિગેરે સઘળાં શાસ્ત્રોથી હું જ જાણવા યોગ્ય છું. અર્થાત્ વેદ,પુરાણ અને ઈતિહાસોથી પ્રતિપાદન કરાતા મારા શરીરભૂત-રૂદ્ર, ગણપતિ, વાયુ, સૂર્ય, અગ્નિ, ઈન્દ્ર અને ચંદ્રાદિક દેવોનો અંતર્યામીપણે પ્રવર્તક હોવાથી તે સર્વનો શરીરી પરમાત્મા હું જ તે સઘળાં શાસ્ત્રોથી જાણવા યોગ્ય છું. એ અભિપ્રાય છે. વેદોના શિરોભાગ રૂપ ઉપનિષદોનો કર્તા-ઉપનિષદોમાં કહેલા જ્ઞાનનો બોધક હું જ છું. અને એ જ કારણથી વેદવિત્-વેદના અર્થને ખરી રીતે જાણનારો પણ હું જ છું. એમ સમજવું ॥૧૫॥

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

(માટે જ વેદના રહસ્યાર્થરૂપ તત્ત્વત્રયને નિરૂપણ કરતાં પોતે જ કહે છે) આ લોકમાં બે પુરુષ છે. એક ક્ષર અને બીજો અક્ષર. સર્વ ભૂત-પ્રાણીમાત્ર ક્ષર-બદ્ધ પુરુષ જીવાત્મા છે. અને બીજો કૂટસ્થ-શુદ્ધ નિર્વિકાર અક્ષર-મુક્ત પુરુષ છે. એમ કહેવાય છે. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

વૃક્ષના રૂપકથી-કલ્પનાથી કહેલું વિશ્વનું રૂપ, તે વિશ્વ-વૃક્ષનું છેદન કરવાથી મુમુક્ષુ-જનોએ પામવા યોગ્ય સર્વોત્કૃષ્ટ અક્ષર ધામ, બદ્ધ-પુરુષ અને મુક્ત-પુરુષનું રૂપ-સ્વરૂપ, અને તે સર્વમાં પોતાની વ્યાપક-શક્તિ, એ બધુંય કહીને, હવે ક્ષર-અક્ષર પુરુષનું નિરૂપણ કરવાથી - કરીને પોતાનું પુરુષોત્તમપણું ત્રણ શ્લોકથી નિરૂપણ કરી સમજાવે છે.

ક્ષર અને અક્ષર એવી સંજ્ઞાથી કહેલા બે પુરુષો- બે પ્રકારના આત્માઓ લોકમાં વિખ્યાત થયેલા છે જ. તે બન્નેનું જુદું જુદું રૂપ-સ્વરૂપ સ્વભાવ વિગેરે નિરૂપણ પણ કરે છે -

સર્વ ભૂતો- પ્રકૃતિનાં કાર્યભૂત બુદ્ધિ,ઇન્દ્રિયો અને અંતઃકરણાદિક તત્ત્વોએ સંયુક્ત અનાદિ અવિદ્યારૂપ અજ્ઞાનથી અનાદિકાળથી જ બંધાયેલાં અને શુભ-અશુભ કર્મને આધીન વર્તનારાં એવાં સમગ્ર ચેતન-તત્ત્વો, ક્ષર કહેવાય છે. એટલે કે સ્વસ્વરૂપની સાક્ષાત્કારરૂપ પ્રાપ્તિ નહિ થયેલી હોવાથી સારાં-નરસાં કર્મ પ્રમાણે પ્રાપ્ત થયેલાં કરણ-ક્લેવર અને સ્થાન-ભોગ તેનાથી ક્ષરભાવને પામે છે. અર્થાત્ તેનાથી પડી જાય છે. માટે એ ક્ષર છે એમ ક્ષર-અક્ષરના સ્વરૂપના જ્ઞાનવાળા પુરુષો કહે છે. અહીંયા ક્ષર એમ એક વચન છે તે જાતિવાચક છે એમ સમજવું. તે પ્રમાણે ભાગવતમાં કહેલું છે "અનાદિ અવિદ્યાથી જેઓનું જ્ઞાન ઉપહત-આવરિત થઈ ગયેલું છે. અને તે અજ્ઞાન મૂળ-કારણ જેમાં છે એવા સંસારમાં પરિભ્રમણ કરવાને લીધે આતુર-અતિ દુઃખીઆ વર્તનારા." "આ જીવાત્માને અનાદિ અવિદ્યાને લીધે જ અનાદિ બંધન છે. અને વિદ્યાથી -સ્વસ્વરૂપના જ્ઞાનપૂર્વક પરમાત્મોપાસનરૂપ જ્ઞાનથી બીજો - અબંધ-મોક્ષ થાય છે." એમ. "અનાદિ અવિદ્યાએ યુક્ત પુરુષ-જીવાત્માને." એમ પંચરાત્રમાં કહ્યું છે. અને બૃહદ્બ્રહ્મ સંહિતામાં પણ કહ્યું છે - "આ જીવાત્મા અનાદિ કાળથી જ માયાથી પૂરે-પૂરો વીંટાયેલો- ફસાયેલો છે. પણ તે ભગવાન શ્રીહરિના જ અનુગ્રહથી મુકાય છે - મોક્ષ પામે છે. એમાં સંશય નથી."

અને કૂટસ્થ-કૂટ જે પત્થરના સમુદાયરૂપ પર્વત તેની પેઠે જે નિશ્ચળ સ્વસ્વરૂપથી સદાય વર્તે છે. તે કૂટસ્થ કહેવાય. આવો કૂટસ્થ મુક્તપુરુષોનો સમૂહ અને બ્રહ્મ નામે પ્રસિદ્ધ એવું જે ભગવાનનું ધામ તે અક્ષર એમ કહેવાય છે. કારણ કે- ભગવાનની ઉપાસનાએ કરીને પ્રાપ્ત થયેલાં અપ્રાકૃત નિર્ગુણ એવાં કરણ-ક્લેવર અને ભોગ-સ્થાન થકી જે ક્યારેય ચ્યુતભાવને પામતો નથી, સદાય એકરૂપે એક જ સ્થિતિમાં રહે છે તે અક્ષર એટલે અક્ષર પુરુષોનો સમૂહ જાણવો. અહીંયાં પણ જાતિ પ્રધાન માનીને જ એક વચન અક્ષર-એમ કહેલું છે. હવે - આ સઘળા અક્ષર પુરુષોના સાકારપણામાં પ્રમાણભૂત વચનો કહી બતાવે છે - "જે ભગવાન સ્વભક્તોની સાથે રમે છે. તે મારૂ સર્વસ્વ છે." "વિષ્ણુ ભગવાનનાજે પરમપદ-અક્ષરધામને સૂરિ-મુકતપુરુષો સદાય જુએ છે, અનુભવે છે."

પરમપ્રકાશરૂપ અક્ષર ધામમાં કે જ્યાં વિશ્વથી પાર થયેલા દિવ્યાકાર મુક્ત પુરુષો બેઠેલા છે.'' ''ગુણનું કાર્ય ટળી ગયા પછી જ બ્રહ્મમય શરીરને બ્રહ્મ-ભગવાને આપેલી બ્રાહ્મી તનુને પામે છે.'' ઈત્યાદિક શ્રુતિવચનો છે. તેમજ સ્મૃતિવચન પણ છે. બ્રાહ્મી-બ્રહ્મ-ભગવાને આપેલી તનુ પ્રત્યે સુખપૂર્વક પ્રવેશ કરે છે.'' તથા શ્રીમદ્ભાગવત પુરાણનાં વચનો પણ છે. ''તે શુદ્ધ અમાયિક દિવ્ય ભાગવતી તનુ મને આપી ત્યારે પ્રારબ્ધ કર્મનો અવધિ જેનો આવી રહ્યો છે. એવો પંચભૂતાત્મક દેહ તુરત જ પડી ગયો.'' ''જે ધામમાં માયા-માયાનું કાર્ય જ નથી તો બીજા-કાળકર્માદિક તો હોય જ ક્યાંથી ? અને જ્યાં સુર-અસુરોએ પૂજેલા એવા ભગવાનના પાર્ષદો રહે છે. અને તેઓ શ્યામ હોવા છતાં ઉજ્જવળ દેખાતા, કમળના પત્ર સરખાં વિશાળ નેત્રોવાળા, સુંદર પીળાં વસ્ત્ર ધારી રહેલા, સુંદર કાંતિમાન અને અતિશય રૂપાળા છે.'' ''નંદ-સુનંદાદિક પોતાના પાર્ષદોએ સર્વ પ્રકારે સેવેલા અને અનંત પરમેષ્ઠિ-બ્રહ્માંડ નાયકોના સ્વામીને'' ઈત્યાદિ ઘણાંક છે. તથા સ્કન્દ પુરાણમાં પણ - ''પૂર્વકલ્પમાં લક્ષ્મીપતિ ભગવાનની એકાંતિક ભાવે ઉપાસના કરવાથી જ જેઓ બ્રહ્મભાવને પામેલા અને અજર-અમર ભાવને પામેલા એવા તે અક્ષર પુરુષ નામે પ્રસિદ્ધ મુક્તાત્માઓ આ શ્વેતદ્વીપ ધામમાં તે વાસુદેવ ભગવાનની સેવા કરવા રહેલા તેમને દેવર્ષિ-નારદમુનિએ જોયા. તે અક્ષર મુક્તો જ્યારે પ્રલય કાળ આવે છે. ત્યારે તો તેઓ અક્ષર ધામમાં જ વસવાના અને સઘળા મુક્તો સ્વતંત્ર હોવાથી કાળ-માયાદિકના ભયથી રહિત ઈન્દ્રિયોને અગોચર શોક શ્રમાદિકે રહિત અથવા ષડૂર્મિ વગેરેના દુઃખે રહિત,પરસેવા વગેરે વિકારોથી રહિત અથવા અચળ સ્વભાવના અને જેમના શરીર સુગંધમય છે. આવા જે મુકત સત્ ચિત્ અને આનંદ રુપ અક્ષર-બ્રહ્મધામમાં રહેલા છે. તે સઘળા મુકતો ચૈતન્યમય દિવ્ય શરીરવાળા છે. અને તે સિવાયના બીજા તો તેવા નથી. અને જગતનો સર્ગ થાય છે. ત્યારે પણ એ અક્ષરના મુકતો પોતે સ્વતંત્ર હોવાથી કાળના વશપણાને લીધે ક્યારેય ઉત્પન્ન થતા નથી, અર્થાત્ કર્માધીન શરીર નથી પામતા. અને વળી પ્રલય સમયમાં બીજા બદ્ધ જીવોની પેઠે તેઓ નાશ પણ નથી પામતા, અર્થાત્ તે ધામમાંથી પડતા નથી.'' ચક્ર, ગદા, પદ્મ અને શંખથી જેમના ભૂજો શોભાયમાન છે. એવા નંદ-સુનંદાદિક પાર્ષદોએ, તથા ગોપ-વેષ ધારનારા શ્રીદામા વિગેરે અનેક એવા ભક્તિથી અતિ નમ્ર દ્વિભુજ પાર્ષદોએ પણ સર્વ પ્રકારે સેવેલા એવા ભગવાનને જોયાં.'' આવાં વચન છે.

વળી- આ ગીતામાં પણ - ‘‘આ મેં કહેલાં જ્ઞાનને સર્વથા આશરીને - અનુસરીને મારા સાધર્મ્યને પામેલા મુક્તાત્માઓ સર્ગ સમયે ઉત્પન્નેય થતા નથી. અને પ્રલય સમયમાં વ્યથાય પામતા નથી.’’ ‘‘પૂર્વે ઘણાક ભક્તો મારા સ્વરૂપના જ્ઞાનરૂપ તપથી પવિત્ર થયેલા-થઈને મારા ભાવને-સાધર્મ્યને પામી ગયા છે.’’ ઈત્યાદિ ઘણાં વચનો છે. ॥૧૬॥

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

અને ઉત્તમ પુરુષ ભગવાન તો એ બન્નેથી જુદા જ છે. અને પરમાત્મા એવા નામે કહેલા છે. કે જે-ત્રણેય લોકમાં અંતર્યામીભાવે પ્રવેશ કરીને તેને ધારણ કરે છે. અને સ્વરૂપથી જે નિર્વિકાર છે. અને તે સર્વના ઈશ્વર-સ્વામી એવા શ્રીનારાયણ છે. ॥૧૭॥

**-: ભાવાર્થ :-**

આ કહ્યા એવા એ ક્ષર અને અક્ષર પુરુષ થકી અતિ ઉત્કૃષ્ટ સ્વરૂપ એવા ઉત્તમ પુરુષરૂપ પોતાને કહી બતાવે છે.

જે ક્ષર-અક્ષર શબ્દથી કહેવાતા બન્ને પ્રકારના પુરુષોના સમૂહોથી, જુદા છે - અન્ય- સ્વરૂપથી અને સ્વભાવથી પણ અતિ વિલક્ષણ છે. અને જેને પરમાત્મા એવા શબ્દથી કહેલા છે. જે તત્ત્વને બ્રહ્મ એમ કહેવાય છે. પરમાત્મા અને ભગવાન એમ પણ કહેવાય છે.’’ ‘‘એ પરમાત્મા સર્વના આધાર અને પરમ નિયંતા છે.’’ ઈત્યાદિક સ્મૃતિઓમાં પરમાત્મા એવા નામે કહેલાં છે. વળી જે લોકત્રયને - બ્રહ્મપુર ધામ અને તે ધામમાં રહેલો મુક્તસમૂહરૂપ પહેલો એક લોક, બ્રહ્માંડના કારણભૂત પ્રધાન-પુરુષના સમૂહોરૂપ બીજો લોક અને જીવાત્માઓએ સહિત પ્રધાન-પુરુષના કાર્યરૂપ સઘળા લોકો એ ત્રીજો લોક, આ ત્રણેય લોકોમાં અંતર્યામીપણે પ્રવેશ કરીને ધારણ કરે છે. જે અવ્યય-અવિનાશી છે અને ઈશ્વર-સર્વના નિયંતા-સ્વામી છે. તે ઉત્તમ પુરુષ - પુરુષોત્તમ હું છું. જુઓ ! શ્રુતિઓ પણ કહે છે - ‘‘તે આ આત્મા - અંતર્યામી પ્રભુ સર્વને વશમાં રાખનારા છે. સર્વના ઈશ -સ્વામી છે. સર્વના અધિપતિ નિયમન કરનારા નિયામક છે અને જે આ સઘળા વિશ્વને કર્માનુસારે પ્રશાસન કરે છે.’’ ઈત્યાદિક છે. ॥૧૭॥

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥१८॥

-: શ્લોકાર્થ :-

હે અર્જુન ! જે કારણથી હું ક્ષરથી-સર્વ પ્રાણીવર્ગથી સ્વભાવથી અતીત ન્યારો છું. અને શુદ્ધ બ્રહ્મ અક્ષર-મુક્ત કરતાંય હું સ્વરૂપ-સ્વભાવથી પણ અતિશય ઉત્તમ-સર્વોપરિ છું. માટે સકળ લોકમાં અને વેદોમાં પણ હું પુરુષોત્તમ એવા મારા અસાધારણ નામથી પ્રસિદ્ધ છું. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

હવે - પોતાનું પુરુષોત્તમપણું સહેતુક- કારણપૂર્વક નિરૂપણ કરે છે -

જે કારણથી ક્ષર ભાવથી જોડાયેલા અને કર્માધીન એવા ચેતન વર્ગને અતિક્રમણ કરીને તેનાથી અતિ દૂર વર્તનારો છું. અને બુદ્ધ ક્ષેત્રજ્ઞો કરતાં અતિ ઉત્કૃષ્ટ એવા અક્ષર-મુક્તપુરુષોના સમૂહથી પણ ઉત્તમ-સ્વરૂપથી અને સ્વભાવ-વિભૂતિ-ઐશ્વર્યાદિકથી પણ અતિશય ઉત્કૃષ્ટ-સર્વશ્રેષ્ઠ એવો હું છું. આમ ક્ષર અને અક્ષર થકી પણ ઉત્તમ હોવાથીજ લોકમાં એટલે સ્મૃતિઓમાં અને વેદમાં - શ્રુતિમાં પણ હું પુરુષોત્તમ એવા નામે પ્રસિદ્ધ છું. શ્રુતિ પણ તેમજ કહે છે - ''પર - સર્વશ્રેષ્ઠ જ્યોતિઃસ્વરૂપ જે પરમાત્માને પામીને જીવાત્મા સ્વસ્વરૂપથી આવિર્ભાવ પામે છે - સર્વથા વિશુદ્ધરૂપે થાય છે. તે ઉત્તમ પુરુષ છે. '' સ્મૃતિઓ પણ કહે છે. ''અજન્મા વિષ્ણુ પુરુષોત્તમ ભગવાનના અંશના ઐશ્વર્યલેશના આવિર્ભાવવાળો અને આદિ મધ્ય અને અંત સિવાયનો નિત્ય સિદ્ધ આ જીવાત્મા કહેલો છે.'' ''પુરુષોત્તમ ભગવાનનો ચરણ-વિભૂતિરૂપ એવો આ શુદ્ધ અક્ષરરૂપ આત્મા અમારા સુખને વિસ્તારો !'' એ વિગેરે છે. ॥૧૮॥

यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ! ॥१९॥

-: શ્લોકાર્થ :-

હે ભારત ! જે જ્ઞાની ભક્ત મને આ પ્રમાણે ચોખ્ખી રીતે સાક્ષાત્ પુરુષોત્તમ જાણે છે. તે સર્વ વાતને તત્ત્વથી સમજનારો છે. અને તે સર્વભાવથી-પ્રકારથી મને જ ભજે છે-મારી જ ઉપાસના કરે છે. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - મારા- પુરુષોત્તમના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે. એમ કહે છે -

ઉપર કહેલા વિવેકની પ્રાપ્તિ થવાથી મોહ રહિત થઈને, મને આ પ્રમાણે - ધર્મમૂર્તિ- વસુદેવના પુત્રને મને જ પુરુષોત્તમ જાણે છે. હે ભારત ! તે પુરુષ સર્વભાવથી - મારે શ્રીકૃષ્ણ એ જ ઈષ્ટ-વ્હાલા છે. ગુરુ, સખા-મિત્ર અને પતિ - રક્ષક પણ એ જ છે. ઈત્યાદિક સમગ્ર ભાવથી- પ્રકારથી, મને જ ભજે છે, તે સર્વવિત્ છે. અર્થાત્ તેણે સઘળું જાણ્યું જ છે. એ અર્થ છે. ॥૧૯॥

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ! ।
एतद्बुद्ध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत ! ॥२०॥

**इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे**
**श्रीकृष्णार्जुनसंवादे पुरुषोतमयोगोनाम पञ्चदशोऽध्यायः ॥१५॥**

-: શ્લોકાર્થ :-

હે નિર્દોષ અર્જુન ! આ પ્રમાણે આ રહસ્ય ગોપનીય શાસ્ત્ર મેં તને કહ્યું છે. આ શાસ્ત્રને આ કહ્યું એમ સમજીને માણસ બુદ્ધિમાન્-તત્ત્વવેત્તા થાય છે. અને કૃતાર્થ થઈ જાય છે. ॥૨૦॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમયોગો નામ પંચદશોડધ્યાયઃ ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

હવે- પુરુષોત્તમના સ્વરૂપના જ્ઞાનનો ઉપસંહાર કરતાં કહે છે -

એ અનઘ ! મારા- પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થવાથી નિષ્પાપ એવા હે ભારત ! આ કહ્યું એ પ્રકારે આ અતિશય ગુહ્ય, એટલે કે - અધ્યાત્મ જ્ઞાનનું શાસ્ત્ર એ ગુહ્ય-રહસ્યરૂપ છે. તેથી અક્ષર-બ્રહ્મના જ્ઞાનનું શાસ્ત્ર એ અતિ ગુહ્ય-અતિ રહસ્યરૂપ છે. અને તેથી પણ ક્ષર-અક્ષર પુરુષ થકી અતિ ઉત્કૃષ્ટ એવા પુરુષોત્તમના સ્વરૂપના જ્ઞાનનું શાસ્ત્ર તે તો અતિશય ગુહ્ય-પરમ રહસ્યરૂપ છે. આવું પુરુષોત્તમના સ્વરૂપનું નિરૂપણ કરનારું મે કહ્યું એ શાસ્ત્ર જાણીને-સમજીને, જન બુદ્ધિમાન થાય છે. અને કૃતકૃત્ય- કૃતાર્થ પણ થઈ જાય છે. ॥૨૦॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનંદસ્વામી*
*શિષ્યાગ્રગણ્ય-સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદ-મુનિવિરચિતે*
*શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે પંચદશોડધ્યાયઃ ॥૧૫॥*

# अथ षोडशोऽध्यायः

श्रीभगवानुवाच
अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥१॥

**-: શ્લોકાર્થ :-**

શ્રીભગવાન કહે છે સર્વથા નિર્ભય વર્તવું, અંતઃકરણની સંપૂર્ણ વિશુદ્ધિ, જ્ઞાનપૂર્વક ભક્તિ-યોગમાં દૃઢ સ્થિતિ, સાત્ત્વિક દાન, ઈન્દ્રિયોનું દમન, યજ્ઞ, સ્વાધ્યાય-પઠન-પાઠન, તથા ભગવન્નામ-કીર્તન વિગેરેનો અભ્યાસ, નિર્મળ તપ અને ઈન્દ્રિયો તથા અંતઃકરણની સરલતા રાખવી. ॥૧॥

પૂર્વે પંદરમાં અધ્યાયમાં - વિશ્વરૂપ વૃક્ષનું સ્વરૂપ, તે વિશ્વવૃક્ષના છેદનનું સાધન, અમાનિત્વાદિક મોક્ષનાં સાધનોએ સંપન્ન થયેલા એવા સત્પુરુષ ભગવદ્‌ભક્તોએ પામવા યોગ્ય ભગવાનનું ધામ, બદ્ધ અને મુક્ત પુરુષનું સ્વરૂપ, સર્વના પ્રકાશક એવા અંતર્યામી ભગવાનની શક્તિરૂપ પુરુષોત્તમનું ઐશ્વર્ય, ક્ષર-અક્ષર પુરુષના નિરૂપણે સહિત પુરુષોત્તમના સ્વરૂપનું નિરૂપણ અને છેવટમાં પુરુષોત્તમ- સ્વરૂપને નિરૂપણ કરનાર શાસ્ત્રનું અતિશય ગુહ્યપણું - પરમ રહસ્યરૂપપણું પણ પ્રતિપાદન કર્યું.

**-: ભાષ્યાર્થ :-**

જે ક્ષર સ્વભાવવાળા પુરુષ થકી અને અક્ષર પુરુષ થકી પણ પર શ્રેષ્ઠ છે. અને સકળ શોભાએ સંપન્ન એવા જે પ્રસિદ્ધ મહાગુણગણ-ગરિષ્ઠ ભગવાન શ્રીહરિ આ પૃથ્વી ઉપર ભક્તિ દેવીમાં આવિર્ભાવ પામ્યા હતા. એવા તે અતિ કૃપાળુ સમર્થ દેવાધિદેવ શ્રીનારાયણમુનિ ભગવાન મને પોતાની સમીપ સેવામાં અખંડ રાખો !

હવે - આ સોળમાં અધ્યાયમાં દૈવી અને આસુરી એ બે પ્રકારની ગુણસંપત્તિએ યુક્ત એવા બન્ને પ્રકારના પુરુષોનાં પૃથક્ પૃથક્ લક્ષણો કહેવામાં આવે છે.

તેમાં પહેલાં દૈવી સંપદ્‌ને કહેતાં શ્રીભગવાન કહે છે.

શ્રીભગવાન કહે છે - અભય - પોતાને પ્રિય પ્રાકૃત વસ્તુ નાશ થવામાં હેતુ - કારણ જોવાથી થઈ આવતું દુઃખ તે ભય કહેવાય અને તેનાથી રહિતપણું એ

અભય જાણવું. સત્ત્વસંશુદ્ધિ-સત્ત્વની-અંતઃકરણની સમ્યક્ પ્રકારે શુદ્ધિ એટલે કે રજોગુણ- તમોગુણના ભાવો જે કામ- ક્રોધાદિક તેનાથી રહિતપણું જ્ઞાનયોગવ્યવસ્થિતિ - જ્ઞાન જે સચ્છાસ્ત્ર થકી આત્મા-પરમાત્માના સ્વરૂપને યથાર્થ સમજવું અને યોગ જે ચિત્તની એકાગ્રતા કરીને આત્મા-પરામાત્માના સ્વરૂપનો વિચાર- મનન કરવું. આ બન્નેમાં વ્યવસ્થિતિ- સતત અવિરત નિષ્ઠા, **દાન**-ન્યાય માર્ગે સંપાદન કરેલા દ્રવ્યનું સુપાત્રમાં અર્પણ કરવું, **દમ**-પ્રાકૃત વિષયોમાંથી બાહ્યેન્દ્રિયોનો સંયમ કરવો, યજ્ઞ-મારી-વિષ્ણુની પૂજા કરવી. **સ્વાધ્યાય**-મારા એકાંતિક ધર્મને પ્રતિપાદન કરનાર સચ્છાસ્ત્રનું પઠન-પાઠન કરવું, **તપ**-સ્વધર્મને ઉચિત શાસ્ત્રવિહિત ભોગનો સંકોચ કરવો અને **આર્જવ**-સ્વભાવથી સરળતા રાખવી. ॥૧॥

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥२॥

**-: શ્લોકાર્થ :-**

મન, વાણી અને શરીરથી હિંસાએ રહિત વર્તવું, યથાર્થ પણ પ્રિય બોલવું, ક્રોધના નિમિત્તમાં પણ ક્રોધ ન કરવો, કર્મના ફળનો અને કર્તાપણાના અભિમાનનો ત્યાગ, શાંતિ, ચાડીયાપણું ન કરવું, ભૂત-પ્રાણીમાત્ર ઉપર અકારણ દયા રાખવી, વિષયોમાં લોલુપતા ન રાખવી, કોમળતા રાખવી, નિંદિત કામ કરવામાં લજ્જા રાખવી અને વ્યર્થ-નિષ્ફળ ચેષ્ટા ન કરવી. ॥૨॥

**-: ભાષ્યાર્થ :-**

વળી - **અહિંસા** - શરીર, વાણી અને મનથી પણ પરને પીડા ન થાય તેમ વર્તવું. **સત્ય**-પોતાના અને પારકા દ્રોહે રહિત એવું યથાર્થ વચન બોલવું, **અક્રોધ**-બીજાઓએ વાગ્બાણોથી વીંધવા છતાં પણ મનમાંય ક્રોધ ન થવા દેવો, **ત્યાગ**-પોતાને બંધન કરે એવી વસ્તુમાત્રનો ત્યાગ કરવાનો સહજ-સ્વભાવ, **શાંતિ**-વિષયો થકી ચિત્તનો વિરામ-અપ્રવૃત્તિ, અપૈશુન-મોટાઓની આગળ પરને અનર્થ કરનારું તેના ગુહ્ય વૃતાંતનું પ્રકાશ ન કરવાપણું — ન જ કરવું, ભૂત-પ્રાણીમાત્ર ઉપર **દયા**-પોતાને બંધન ન કરે એ પ્રમાણે ભૂત-પ્રાણીમાત્રનું હિત કરવું, **અલોલુપતા**— વિષયભોગમાં ચપળતાએ રહિત વર્તવું. **માર્દવ** — ચિત્તની કોમળતા, **અકઠોરતા**- અર્થાત્ ભગવદ્ભક્ત સજ્જનોનો વિયોગ સહન નહિ કરવાપણું, -હ્રીલોક-શાસ્ત્રમાં નિંદિત અસત્કાર્ય કરવામાં પ્રવર્તતાં લોકલજ્જા રાખવી, અચાપળ-પ્રયોજન સિવાય કોઈ ક્રિયામાં ન પ્રવર્તવું. ॥૨॥

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ! ॥३॥

-: શ્લોકાર્થ :-

તેજ, ક્ષમા-પરાપરાધ સહન કરવાની શક્તિ, ધૈર્ય, શૌચ-પવિત્રતા, કોઈનો પણ દ્રોહ ન કરવાની વૃત્તિ, પોતાને વિષે પૂજ્યપણાના અભાવરૂપ નિરભિમાનિતા, હે ભારત ! આ સઘળા ગુણો દૈવી સંપદ્‌વાળાને હોય છે. ॥૩॥

-: ભાષ્યાર્થ :-

વળી **તેજ** - દુષ્ટ દુર્જન માણસોથી નહિ દબાવાપણું, **ક્ષમા**-બીજાઓના અપરાધને સહન કરવાનો સ્વભાવ-ધૃતિ- મહાઆપત્કાળમાં પણ કર્તવ્યના અનુસન્ધાનને ન ચૂકવું, **શૌચ**-બાહ્ય અને આભ્યન્તર એમ બે પ્રકારનું પવિત્રપણું રાખવું, તેમાં પ્રથમનું મૃતિકા અને જળથી શરીરની **શુદ્ધિ**-ચોખ્ખાઈ રાખવી. તેમજ મદ્ય-માંસાદિકનો અને અગ્રાહ્ય અન્નપાનાદિકનો ત્યાગ કરવો, તેમજ પાપી-કુસંગી જનોનો સંગ સર્વથા વર્જી દેવો એ બધું બાહ્ય શૌચ છે. બીજું શૌચ-પ્રાણીમાત્રનો દ્રોહ, માન, અને ઈર્ષ્યા આદિક અંતઃકરણના મળોનો ત્યાગ કરવો એ આભ્યંતર શૌચ, **અદ્રોહ**-જંતુમાત્રનો દ્રોહ ન કરવો, અને **નાતિમાનિતા**-પોતાનામાં અતિ શ્રેષ્ઠપણાના અભિમાને રહિત - ભાવના રાખવી. આ સઘળા ગુણો હે ભારત ! દૈવી સંપદ્‌ને આશરીને જન્મેલાઓને પ્રાપ્ત થયેલા હોય છે.

દૈવી સંપદ્‌નો અર્થ કરે છે - ભગવાનની આજ્ઞા-અનુવૃત્તિને પામેલા - અનુસરનારા ભગવદ્‌ભક્તો દેવ શબ્દથી કહેવાય છે. તે ભગવદ્‌ભક્ત - દેવોની સંપદ્-ગુણસમૃદ્ધિ તે **દૈવીસંપદ્** કહેવાય. તે દૈવી સંપદ્‌ને **અભિજાત**-આભિમુખ્યથી ઉત્પન્ન થયેલો, એટલે કે - તેને પ્રવર્તાવવા માટે પ્રાદુર્ભાવ પામેલા જનના આ ગુણો હોય છે, એ અર્થ સમજવો. ॥૩॥

दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ ! सम्पदमासुरीम् ॥४॥

-: શ્લોકાર્થ :-

હવે આસુરી સંપદ્ કહે છે હે પાર્થ ! દંભ, મિથ્યા આડંબર, અભિમાન, તેમજ ક્રોધ અને કઠોરતા અને અજ્ઞાન પણ, આ બધા દુર્ગુણો આસુરી સંપદ્‌વાળા મનુષ્યોમાં હોય છે. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

ઉપર પ્રમાણે ગ્રહણ કરવાને યોગ્યપણે દૈવી સંપદ્ કહીને, હવે હેયપણે — યાગ કરવા યોગ્ય આસુરી સંપદ્ કહી બતાવે છે.

**દંભ**—પોતે ધર્મિષ્ઠ છે. એમ પોતાના યશને લોકોમાં પ્રસિદ્ધ કરવા માટે ધર્મનું આચરણ કરવું તે, પણ પરલોકની સુખસિદ્ધિ માટે તો નહિ જ એ અભિપ્રાય છે. **દર્પ**—વિદ્યા, વિત્ત અને સત્કુળ-ઉંચા કુળમાં જન્મ એ આદિકના અભિમાનને લીધે થયેલો કાર્ય-અકાર્યના અવિવેકને ઉત્પન્ન કરનારો ગર્વ, - **અભિમાન**—પંચ ભૂતના બનેલા સ્થૂળ દેહમાં દૃઢ આત્મભિમાન, **ક્રોધ**—મુખ, ચક્ષુ અને ભૃકુટિ આદિકની વિરૂપતાને કરનારો મનુષ્યોને ભય ઉપજાવનારો ચિત્તનો વિકાર, **પારૂષ્ય**-સજ્જનોને ઉદ્વેગ ઉત્પન્ન થાય એવું વાણીનું કઠોરપણું અને **અજ્ઞાન**-કૃત્યાકૃત્યના વિવેકની શૂન્યતા-સર્વથા અભાવ, હે પાર્થ ! આવા આ દોષો આસુરી સંપદ્વાળા મનુષ્યોને થાય છે - હોય છે.

અભિપ્રાય એ છે કે - ભગવદાજ્ઞાને અનુસરનારા દેવોને સુર એમ કહેલા છે. અને તેથી વિરૂદ્ધ - ભગવદાજ્ઞાને ઉલ્લંઘીને પ્રતિકૂળ વર્તન કરનારાને અસુરો એમ કહેવાય છે. તે અસુરોની સમ્પદ્ જે ભગવદાજ્ઞાને પ્રતિકૂળ વર્તન કરવારૂપ દોષસમૃદ્ધિ તે આસુરી સંપદ્ તેને અનુસરીને અને તે આસુરી સંપદ્ને પ્રવર્તાવવા માટે ઉત્પન્ન થયેલા જનોને આ ઉપર કહ્યા એ દોષો પ્રાપ્ત થાય છે - હોય છે ॥૪॥

**दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता ।**
**माशुचः सम्पदं दैवीमभिजातोऽसि पाण्डव ! ॥५॥**

-: શ્લોકાર્થ :-

દૈવી સંપદ્ મુક્તિને માટે અને આસુરી સંપદ્ બંધનને માટે માનેલી છે. માટે હે પાંડવ ! તું શોક ન કર ! કેમકે-તું તો દૈવી સંપદાએ યુક્ત ઉત્પન્ન થયેલો છે. ॥૫॥

-: ભાષ્યાર્થ :-

હવે આ બંને સંપદ્ના ગુણ - દોષ કહી બતાવે છે.

મારી આજ્ઞાને અનુસરવારૂપ દૈવીસંપદ્ સંસારના બંધન થકી મુકાઈને-રહિત થઈને ભગવત્પદને પામવા માટે માનેલી છે. અને મારી આજ્ઞાથી પ્રતિકૂળ વર્તવારૂપ આસુરી સંપદ્ વારંવાર સંસૃતિ પામવા રૂપ અત્યંત બંધનને માટે માનેલી છે. આવું ભગવાનનું વચન સાંભળ્યા પછી પોતાની સંપદ્નો અનિશ્ચિય જણાવાથી

ભય પામેલા પૃથાપુત્ર-અર્જુનને આશ્વાસન આપતાં ભગવાન કહે છે - ધર્મશીલ પાંડુના પુત્ર હે અર્જુન ! તું શોક ન કરીશ, તું તો દૈવી સંપદ્‌ને આશરીને ઉત્પન્ન થયેલો છું. માટે દૈવી સંપદ્‌વાળો જ છું. ॥૫॥

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ ! मे श्रृणु ! ॥६॥

**-: શ્લોકાર્થ :-**

હે પાર્થ ! આ લોકમાં દૈવી-સંપદ્‌વાળો અને આસુરી-સંપદ્‌વાળો એવો બે પ્રકારનો ભૂતસર્ગ જોવામાં આવે છે. તેમાં દૈવી સર્ગ વિસ્તારપૂર્વક કહ્યો અને હવે આસુરી સર્ગ મારા થકી તું સાંભળ ! ॥૬॥

**-: ભાષ્યાર્થ :-**

લોકમાં બહુ પ્રકારના જનસર્ગો છે. તેમાંથી મુખ્યત્વે બે પ્રકારનો સર્ગ કહે છે.

આ લોકમાં બે - બે પ્રકારના જ, ભૂતસર્ગ - મનુષ્યરૂપ ભૂત- પ્રાણીઓના સર્ગના વિભાગ છે. અર્થાત્ શુભ-અશુભ કર્મે સહિત પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે, તેમાં પહેલો **દૈવ**-પ્રાચીન પુણ્ય કર્મના વશપણાથી ભગવાનની આજ્ઞાને અનુવર્તન કરવાના સ્વભાવવાળો સર્ગ છે. અને બીજો **આસુર**-પ્રાચીન પાપ કર્મના વશપણાને લીધે ભગવાનની આજ્ઞાથી પ્રતિકૂળ વર્તન કરવાના સ્વભાવવાળો સર્ગ છે. આ બે સર્ગમાંથી પહેલો દૈવી સર્ગ પૂર્વાધ્યાયમાં વિસ્તારથી કહ્યો. અને હે પાર્થ ! હવે - આસુર વર્ગ મારા થકી તું સાંભળ ! ॥૬॥

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥७॥

**-: શ્લોકાર્થ :-**

આસુર-સ્વભાવવાળા માણસો પ્રવૃત્તિ શું ? અને નિવૃત્તિ શું ? એ બન્નેને કાંઈ સમજતા જ નથી. અને તેમનામાં શૌચ-પવિત્રતા નથી હોતી, તેમજ આચાર-ધર્મ પણ હોતો નથી. અને સત્ય પણ હોતું નથી. ॥૭॥

**-: ભાષ્યાર્થ :-**

હવે ચૌદ શ્લોકથી આસુર સર્ગનાં લક્ષણ વિગેરે કહે છે.

આસુર સ્વભાવે યુક્ત મનુષ્યો **પ્રવૃત્તિને** – ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગના સાધનની કર્તવ્યતાને નથી જાણતા, તેમજ **નિવૃત્તિને**–મોક્ષના ઉપાયની કર્તવ્યતાને પણ નથી જાણતા. અને તેથી જ તેમનામાં બાહ્ય અને આભ્યન્તર એવી બન્ને પ્રકારની શુદ્ધિરૂપ શૌચ પણ નથી હોતું. અને આચાર જે વર્ણાશ્રમ-સમુચિત ધર્મ તે પણ નથી જ હોતો. અને સ્વપરદ્રોહરહિત એવું યથાર્થ ભાષણરૂપ સત્ય તે પણ નથી જ હોતું. ॥૭॥

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसम्भूतं किमन्यत्कामहैतुकम् ॥८॥

-: **શ્લોકાર્થ** :-

તે આસુર જનો તો આ જગત્‌ને પણ અસત્ય, આશ્રયરહિત અને અનીશ્વર-નિયંતા વિનાનું નિધણીયું કહે છે. અને કેવળ ભોગ-વિલાસને માટે જ છે. અને પરસ્પર સ્ત્રી-પુરુષના સંસર્ગથી ઉત્પન્ન થયા સિવાયનું બીજું શું છે ? એમ કહે છે. ॥૮॥

-: **ભાષ્યાર્થ** :-

હવે તે અસુરોએ માનેલો આસુર સિદ્ધાંતવાદ કહી બતાવે છે -

ભગવાને રચેલું નશ્વર સ્વભાવવાળું અને પ્રલયાવસ્થામાં પણ સૂક્ષ્મરૂપે રહેનારું એવું આ સત્ય વિશ્વ તેને તે અસુરો અસત્ય-શશશૃંગની માફક અને આકાશપુષ્પની માફક અવસ્તુભૂત તુચ્છ કહે છે. અને સર્વાધાર સર્વેશ્વર ભગવાનમાં પ્રતિષ્ઠા-સ્થિતિ જેની છે. એવું નથી એમ કહે છે. અથવા ઈશ્વર-જગન્નિયંતા પ્રભુએ બાંધેલી ધર્મ-અધર્મની વ્યવસ્થાને લીધે જ આ વિશ્વની સ્થિતિ છે એમ કાંઈ નથી. એમ પણ કહે છે.

નનુ-શંકા ત્યારે કોના થકી આ વિશ્વની ઉત્પત્તિને તેવો કહે છે - માને છે? એમ જો તમે કહેતા હો તો કહે છે-

આ લોકમાં સ્ત્રી-પુરુષના પરસ્પર સંબંધથી ઉત્પન્ન ન થતું હોય એવું બીજું શું પદાર્થ છે ? અર્થાત્ કંઈ નથી. માટે કામ જે સ્ત્રી-પુરુષનો પરસ્પર સંભોગ એ જ હેતુ-ઉત્પત્તિનું કારણ જેનું છે. એવું જ ઉત્પન્ન થયેલું આ જગત્ અનીશ્વરમ્-નિધણીયું છે. એમ તે અસુરો બોલે છે. ॥૮॥

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥९॥

-: શ્લોકાર્થ :-

આવી નાસ્તિક તુચ્છ દષ્ટિને અવલંબીને નષ્ટપ્રાય આત્મા-મન અથવા સ્વભાવવાળા અને અતિ અલ્પ તુચ્છ બુદ્ધિવાળા, આવા સઘળા જગત્નું અહિત કરનારા ક્રૂરકર્મી મનુષ્યો જગત્ના વિનાશને માટે ઉગ્ર-ભયંકર કર્મ કરનારા થાય છે. ॥૯॥

-: ભાષ્યાર્થ :-

આ પૂર્વે કહી એવી દૃષ્ટિરૂપ પોતાના નાસ્તિકતા પ્રધાન સિદ્ધાંતને અવલંબીને-આશરીને અને મારી પ્રાપ્તિના માર્ગ થકી ભ્રષ્ટ થઈ ગયો છે આત્મા-મન જેમનું અને તેથી જ ધર્મ-અધર્મના, તથા આત્મા-અનાત્માના વિવેકે રહિત અતિ અલ્પ સંકુચિત બુદ્ધિવાળા અને તેથી જ લોકને ઉપદ્રવ કરનારાં હિંસામય ક્રૂર કર્મ જેમને પ્રધાન વર્તે છે. અને તેથી જ જગત્નાં અહિત-શત્રુ જેવા હોઈને પ્રાણીમાત્રના સમૂહના ક્ષય-નાશને માટે જ તેઓ પ્રવર્તે છે. અર્થાત્ તેમની પ્રવૃત્તિથી દુનિયાનો નાશ જ થાય છે. ॥૯॥

काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।
मोहाद्गृहीत्वासद्ग्राहान् प्रवर्तन्तेऽशुचिव्रताः ॥१०॥

-: શ્લોકાર્થ :-

દંભ, અભિમાન અને મદે યુક્ત તે મનુષ્યો દુષ્પૂર કામનો આશ્રય કરીને અજ્ઞાનથી ખોટા દુરાગ્રહોને પકડીને અપવિત્ર આચરણ કરતા થકા સંસારમાં પ્રવર્તે છે. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

દુઃખે કરીને અતિ કષ્ટથી પણ જે પૂરવાને અશક્ય છે, એવા દુષ્પૂર કામ-પ્રાકૃત વિષયેચ્છાને આશરીને - અવલંબીને, દંભ, માન અને મદ-મોહાદિકથી યુક્ત અને તેથી જ તામસ દેવ - દેવીઓને નિવેદન કરેલાં સુરા-માંસાદિકનાં ભક્ષણાદિક તેમજ અસ્નાનાદિક-ન્હાવું ધોવું પણ જેમને નથી એવાં અપવિત્ર વ્રતોને આચરતા થકા મોહરૂપ વિપરીત જ્ઞાનથી "આ મંત્રથી આ દેવતાના રૂપને વશ કરીને પોતાને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરીશું" એવા અશુભ નિશ્ચયરૂપ દુરાગ્રહોને

પકડીને પછી રાજસ-તામસ દેવતાઓનાં આરાધનાદિક હલકાં કાર્યોમાં આગ્રહપૂર્વક પ્રવર્તે છે. ॥૧૦॥

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥११॥

-: શ્લોકાર્થ :-

ઠેઠ મરણ સુધીની અતિ અપાર ચિંતામાં ગરકાવ થયેલા અને કામ-વિષયોપભોગ કરવો એ જ પ્રધાન જેમને છે. અને આટલું જ એ ખરું છે એમ દૃઢ ઠરાવ કરી બેઠેલા હોય છે. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

તે અસુરોને જ ફરીથી વિશેષણો આપીને વર્ણન કરે છે -

ચિંતાના વિષયો અનંત-અપાર હોવાથી જેનું માપ પણ ન જ થઈ શકે એવી અપરિમેય ચિંતા અને તે પણ ઠેઠ મરણ સુધી જ જેનો અવધિ પહોંચે છે. અર્થાત્ જીવન પર્યંતજ પોતાના યોગ-ક્ષેમના ઉપાયોના વિચારમાં જ તલ્લીનતાવાળી ચિંતાને અવલંબીને જ વર્તનારા, એકંદરે કહેવાનો અર્થ એ છે કે - કેવળ અપવિત્ર વ્રતાદિક કરતા થકા જ પ્રવર્તે છે એટલું જ નહિ, પણ આવી અપાર ચિંતાને પણ આશરેલા - પામેલા હોય છે. અને વળી-સાંસારિક કામ-વિષયોનો ઉપભોગ કરવો એ જ મોટામાં મોટો પુરુષાર્થ જેમને છે. અને તે કામોપભોગ કરવો એ સિવાય બીજું અધિક સુખ જ નથી એમ દૃઢ નિશ્ચય કરીને બેઠેલા. ॥૧૧॥

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥१२॥

-: શ્લોકાર્થ :-

સો એ સો આશાપાશોથી બંધાયેલા એ મનુષ્યો કામ-ક્રોધ પરાયણ વર્તનારા હોવાથી વિષય-સુખ સંપાદન કરવા માટે જ અન્યાયથી પણ દ્રવ્યનો સંચય કરવા માટે ઉદ્યમ કરે છે. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

વળી તે અસુરો કેવા પ્રકારના હોય છે? તે કહે છે - સો એ સો આશારૂપ પાશો, એટલે કે - જેના ઉપાયો અશક્ય હોય એવા અશક્ય અર્થો સંબંધી,

અથવા - જેના ઉપાયો પણ જડે નહિ કે જાણવામાં પણ ન જ આવે એવા અગમ્ય અર્થ સંબંધી પ્રાર્થનારૂપી આશાઓ તે રૂપ મોટા મોટા પાશોના સમૂહોથી બંધાયેલા, અર્થાત્ એવા આશાપાશથી બંધાઈને અહીં - તહીં ભટક્યા જ કરતા. અને રાત્રિ - દિવસ કામ-ક્રોધાદિક વિકારોમાં જ અટવાયા કરતા અને કામ-વિષયોના ભોગ માટે અન્યાયથી - ચોરી આદિક હીન કર્મ કરીને પણ દ્રવ્યના સમૂહોને ભેગા કરવા રાત્રિ-દિવસ પ્રવૃત્તિ કરનારા. એવા હોય છે. ॥૧૨॥

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥१३॥
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान् सुखी ॥१४॥
आढयोऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सद्दशो मया ? ।
यक्ष्ये दास्यामि मोदिष्ये इत्यज्ञानविमोहिताः ॥१५॥

-: શ્લોકાર્થ :-

આ આટલું આજ મેં મેળવ્યું. આટલો મનોરથ પૂરો થઈ જશે. આટલું દ્રવ્યાદિક સાધન તો છે. અને આટલું પણ ફરીથી પ્રાપ્ત થઈ જશે.॥૧૩॥

આ શત્રુ મેં મારી નાખ્યો અને હવે બીજા શત્રુઓને પણ મારી નાખીશ. હું સમર્થ છું. હું ભોગ-વિલાસ ભોગવવાળો છું. સઘળી સિદ્ધિઓ મારા આધીનમાં છે. તેથી હું બળવાન અને સઘળી રીતે સુખી છું.॥૧૪॥

મારે ધનસંપત્તિ પણ ખૂબ છે. અને ઘણા મોટા કુટુંબવાળો હું છું. મારા જેવો બીજો કોણ છે ? હું યજ્ઞ કરીશ. દાન કરીશ. અને ખૂબ આનંદ-મઝા કરીશ. આવા અજ્ઞાનથી મોહ પામી ગયેલા. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

હવે - આસુરી સંપત્તિવાળા અસુરોના મનોરથો - મનસૂબાઓ કહી બતાવે છે.

આ પુત્રાદિક વસ્તુઓ મેં હમણાં- હાલમાં જ આવાં આવાં સાધનોથી પ્રાપ્ત કરી છે.વળી - આ એક મનોરથ છે તેપણ હવે ઝટ પૂરો થઈ જ જશે. આ વસ્તુ તો મારા ઘરમાં છે. અને આ ઘણુંક ધન પણ મને ફરીથી પ્રાપ્ત થશે. ॥૧૩॥

આ પ્રમાણે તેઓના લોભનો વિસ્તાર કહીને તેમનો આશય કહેવાથી જ તેમના ક્રોધનો વિસ્તાર વર્ણન કરે છે.

આ મારો શત્રુ મેં સમર્થ હોવાથી મારી નાખ્યો. વળી હું શુરવીર મારા બીજા શત્રુઓને પણ મારી નાખીશ. હું સર્વનો ઈશ્વર-નિયંતા છું અને સ્વતંત્ર છું. હું મારા સામર્થ્યથી જ અનેક ભોગ ભોગવનારો છું. પણ નહિ કે મૂર્ખાઓએ કલ્પેલા અદૃષ્ટ કે બીજા કોઈ ઈશ્વર વિગેરેને લીધે. હું મારા સામર્થ્યથી જ સિદ્ધ સંકલ્પવાળો છું. હું મારા પોતાનાથી જ સામર્થ્યવાળો છું. હું મારી મેળે જ સુખીઓ છું. ॥૧૪॥

હું મારા સામર્થ્યથી જ ધનવાન છું. ઉત્તમ કુળમાં જન્મેલો હું અનેક મનુષ્યોની સહાયવાળો છું. મારા જેવો સમર્થને તુલ્ય આ સંસારમાં બીજો પોતાના સામર્થ્યથી જ સમગ્ર સમૃદ્ધિ પામેલો ધનાઢ્ય સમર્થ પુરુષ છે જ કોણ ? કોઈ નથી જ. એ અર્થ છે.

હું યજ્ઞ કરીશ, હું દાન આપીશ, હું મારા સામર્થ્યથી જ હવે - આનંદ પામીશ. આ કહ્યા એવા પ્રકારના અજ્ઞાનરૂપ અવિવેકથી અનેક પ્રકારે મોહ પામેલા હોઈને આ સંસારમાં પ્રવર્તે છે. ઈશ્વરની સહાય સિવાય જ સઘળું કરવાને આપણે સમર્થ જ છીએ. એમ આસુરી સંપદ્‌ના મનુષ્યો માને છે. એ અભિપ્રાય છે. ॥૧૫॥

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

ચિત્તમાં રહેલી અનેક ભ્રમણાઓથી ભ્રમિત થઈ ગયેલા. મોહજાળથી સમાવૃતપૂર્ણ બંધન પામી ગયેલા. અને વિષય-ભોગમાં અત્યંત આસક્ત એવા આસુર જનો અતિ અપવિત્ર નરકમાં પડે છે. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

આમ અનેક મનોરથોથી વિભ્રાંત થઈને આસુરજનો અંતે નરકમાં પડે છે એમ કહે છે એવા અનેક વિવિધ મનોરથોમાં પ્રવર્તેલા ચિત્તથી વિભ્રાંત થઈ ગયેલા અને આ કહ્યા એવા મોહરૂપ જાળથી સમાવૃત થયેલા, એટલે કે - જાળમાં ફસાઈ ગયેલા મત્સ્યની પેઠે ચોતરફથી બંધાઈ ગયેલા અને કામભોગમાં અતિ આસક્ત થયેલા તે જનો પાશ-પરૂ, વિષ્ટા અને મૂત્રાદિકથી પૂર્ણ ભરેલા અત્યંત મલિન વૈતરણી આદિક નરકોમાં પડે છે. ॥૧૬॥

आत्मसम्भाविताः स्तब्धा धनमानमदान्विताः ।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ।।१७।।

-: શ્લોકાર્થ :-

તે પોતે પોતાને જ શ્રેષ્ઠ માનનારા ઘમંડી લોકો ધન, માન અને મદથી યુક્ત થઈને કેવળ નામ-માત્રના યજ્ઞોથી પાખંડ કરીને શાસ્ત્રવિધિ વિનાનું યજન-પૂજન કરે છે. ॥૧૭॥

-: ભાષ્યાર્થ :-

આવા અસુર જનો યજ્ઞ-દાનાદિક સઘળાં સત્કર્મ પણ મનુષ્યોમાં વિખ્યાતિને માટે જ કરે છે. પણ નહિ કે પોતાના કલ્યાણને માટે. એમ કહી બતાવે છે.

પોતાની મેળે જ સંભાવિત-મિથ્યા મોટયપવાળા થઈ પડેલા, પણ નહિ કે બીજા મહાપુરુષોએ મોટા માનેલા અને તેથી જ મોટા પુરુષોની આગળ પણ વિનયે રહિત-ઉદ્ધત વર્તનારા અને શ્રદ્ધા સિવાય કેવળ દંભથી જ અને તે પણ શાસ્ત્રવિહિત વિધિપૂર્વક નહિ એવા કેવળ નામમાત્રના જ કહેવાતા યજ્ઞોથી, અથવા "અમે તો સોમયાજી - દીક્ષિત છીએ." એવા પોતાના નામની વિખ્યાતિને માટે અનેક પ્રકારના યજ્ઞોથી પોતાના જેવા જ સ્વભાવવાળા અને પોતાને અનુકૂળ એવા દેવોને પૂજે છે. ॥૧૭॥

अहङ्कारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ।।१८।।

-: શ્લોકાર્થ :-

તે મનુષ્યો અહંકાર, બળ, ગર્વ, કામ અને ક્રોધાદિક વિકારોને વશ થઈને બીજાઓની નિંદા કરનારા અને પોતાના અને બીજાઓના દેહમાં રહેલા અંતર્યામી મને-મારો જ દ્વેષ કરનારા થાય છે. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

બીજાઓની સહાય સિવાય પણ હું જ મારા બળથી સઘળું કરું છું આવા અહંકારને આશરેલા, તથા સઘળી ક્રિયાઓ કરવામાં મારું પૂરે-પૂરું સામર્થ્ય છે જ એવા બળને તથા મારા આવા બળવાનપણાને લીધે આ લોકમાં મારા જેવો કોણ બીજો છે જ ? કોઈ પણ છે જ નહિ આવા ગર્વને, તથા કામ, તેમજ-મારા જે

શત્રુઓ છે તે સઘળાઓને હું નાશ કરી નાખીશ આવા ઉગ્ર ક્રોધને, તેમજ આ ઉપરાંત પારકા ગુણોને સહન ન કરી શકવારૂપ મત્સરભાવને અને તે સિવાયના બીજા પણ મોટા મોટા દોષોને આશરીને, પોતાના શરીરોમાં અને બીજાઓના શરીરોમાં પણ અંતર્યામીપણે રહેલા મારો અતિ દ્વેષ કરતા, એટલે કે -પોતાના દેહમાં- શ્રદ્ધારહિત હોવાથી ફળના અભાવને લીધે કેવળ ક્રિયા કરવાના પ્રયાસથી અને બીજાઓના દેહમાં-યજ્ઞાદિક નિમિત્તે પશુઓની હિંસા કરવાથી પણ મારો જ દ્રોહ કરતા અને સર્વને કલ્યાણ આપનારી મારી અલૌકિક ક્રિયાઓમાં પણ દોષારોપણ કરીને દ્રોહ કરતા થકા, નામ માત્રના-યજ્ઞોથી જ પૂજન કરે છે. એમ પૂર્વ શ્લોકની સાથે અન્વય છે. ॥૧૮॥

तानहं द्विषतः क्रूरान् संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥१९॥
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ! ततो यान्त्यधमां गतिम् ॥२०॥

**-: શ્લોકાર્થ :-**

આ પ્રમાણે દ્વેષ કરનારા પાપી નઠારા નિર્દય નરાધમોને આ સંસારમાં આસુરી યોનિઓમાં જ વારંવાર હું નાંખું છું. ॥૧૯॥

હે કૌન્તેય ! જન્મો-જન્મ આસુરી યોનિને પામેલા તે મૂઢ માણસો મને નહિ પામીને જ પછી અધમ-અતિ નીચ ગતિને પામે છે. અર્થાત્ ઘોર નરકમાં જ પડે છે. ॥૨૦॥

**-: ભાષ્યાર્થ :-**

તે અસુરોના આસુર સ્વભાવને નાશ કરનારો હું ક્યારેય થતો જ નથી, અર્થાત્ એ આસુરભાવને હું ક્યારેય નાશ નથી જ કરતો. એમ બે શ્લોકથી કહે છે.

ઉપર કહેવા પ્રમાણે મને અને પ્રાણીઓના સમૂહને પણ દ્રોહ કરનારા અને તેથી હિંસાપરાયણ અતિ ક્રૂર સ્વભાવના, અશુભ કર્મ કરનારા, લોકમાં અને શાસ્ત્રમાં પણ અતિ નિંદાપાત્ર ગણાતા, એવા તે મારા મોક્ષમાર્ગના પ્રતિપક્ષીભૂત આસુર જનોને, જન્મ-મરણથી પરંપરારૂપ સંસૃતિ-ચક્રમાં, તેમાંય પણ અતિ ઉગ્ર યમકિંકર, બ્રહ્મરાક્ષસ, કૂષ્માંડ, ભૈરવ, ભૂત, પ્રેત અને સિંહ સર્પાદિક તામસ અને ક્રોધપૂર્વ યોનિયોમાં જ, વારંવાર સર્વ કર્મના ફળને આપનારો સમર્થ ઈશ્વર એવો હું જ નાખું છું. - જોડી આપું છું. એ ભાવાર્થ છે. ॥૧૯॥

આસુરી યોનિને પામેલા અને જન્મો જન્મ તમોગુણના અધિકપણાને લીધે જ્ઞાને રહિત મૂઢ એવા તે આસુર જનો હે કૌન્તેય ! મારા જ્ઞાને રહિત હોવાથી મને નહિ પામીને પછી તે અધિક આસુર ભાવે યુક્ત જન્મ કરતાંય પણ કૃમિ-કીટાદિકમાં જન્મ પામવારૂપ અતિ અધમ ગતિને જ પામે છે. ॥૨૦॥

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत् ॥२१॥

-: શ્લોકાર્થ :-

કામ, ક્રોધ અને લોભ, એ આત્માનો વિનાશ-અધોગતિ કરનારા ત્રણ પ્રકારના નરકના દ્વારભૂત છે. માટે જ એ ત્રણેયનો ત્યાગ કરવો જોઈએ. ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

હવે આસુર ભાવના મૂળભૂત ત્રણ દોષને ત્યાજયપણે કહી સમજાવે છે-

જે કારણથી કામ, ક્રોધ, અહીંઆ ક્રોધ માને સહિત જાણવો. કેમકે - માનનું આસુર ભાવમાં મુખ્ય હેતુપણું છે માટે. તથા લોભ, આ પ્રમાણે આ ત્રણ પ્રકારનું-ત્રણ વિભાગથી રહેલું આસુર ભાવરૂપ નરકનું દ્વાર-નરકપ્રાપ્તિમાં કારણભૂત છે. અને આત્માનો નાશ કરનારું - અધમ જન્મ પમાડનારું છે. એ ત્રણનો મનુષ્યોએ ત્યાગ કરવો. આવા આસુર ભાવમાં હેતુભૂત બીજાં કારણો પણ ત્યાજયપણે બીજા ગ્રંથોમાં કહેવામાં આવ્યા છે - "કામ, લોભ, ક્રોધ, માન, ગ્રામ્ય વસ્તુઓમાં સ્નેહ અને રસાસ્વાદની તીવ્ર ઈષણા, આ છ વાનાં નરકનાં જ દ્વાર છે, માટે એનો સર્વથા ત્યાગ કરવો" એમ. ॥૨૧॥

एतैर्विमुक्तः कौन्तेय ! तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥२२॥

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! નરકના દ્વારરૂપ એ કામાદિક ત્રણેય વિકારોથી રહિત થયેલો પુરુષ પોતાના કલ્યાણનો ઉપાય કરે છે. અને તે પછી પરમ-સર્વોત્કૃષ્ટ ગતિરૂપ મને જ પામે છે. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

આસુર ભાવમાં હેતુભૂત કામાદિક દોષોનો ત્યાગ કરવામાં ફળની અધિકતા કહે છે.

હે કૌન્તેય ! આ કામાદિક ત્રણ આસુર ભાવરૂપ અજ્ઞાનના દ્વારભૂત-કારણભૂત છે, તેનાથી સર્વથા મુકાયેલો પુરુષ પોતાના શ્રેયનું સાધન કરી શકે છે. અને તે મોક્ષનું સાધન સંપાદન કર્યા પછી જ સર્વોત્કૃષ્ટ ગતિરૂપ મને પામે છે. ॥૨૨॥

यःशास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥२३॥

-: શ્લોકાર્થ :-

જે મનુષ્ય શાસ્ત્ર પ્રતિપાદિત વિધિનો ત્યાગ કરીને પોતાની ઈચ્છા મુજબ આચરણ કરે છે તે નથી સિદ્ધિને પામી શકતો, કે નથી સુખને પામતો કે નથી જ પરગતિને પણ પામતો. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

હવે - શાસ્ત્રમાં કહેલા ધર્માદિક સાધનોનું આચરણ કર્યા વિના તો મનુષ્યોનું કલ્યાણ ન જ થાય એમ કહે છે.

જે મનુષ્ય ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક મોક્ષનાં સાધનોનો બોધ કરનારા શાસ્ત્રમાં કહેલા ધર્માદિક નિયમોનું આચરણ છોડી દઈને સ્વેચ્છાચારથી વર્તે છે. તે પુરુષ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધનોની સિદ્ધિને નથી પામતો. આ લોક-પરલોકનાં સુખને પણ નથી પામતો. તેમજ-સર્વોત્કૃષ્ટ મારા સ્વરૂપની પ્રાપ્તિરૂપ ઉત્તમ ગતિને પણ નથી જ પામતો. ॥૨૩॥

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥२४॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे दैवासुरसम्पद्विभागोनाम षोडशोऽध्यायः ॥१६॥

-: શ્લોકાર્થ :-

તે માટે તારે કાર્ય-અકાર્યની વ્યવસ્થાના નિર્ણયમાં શાસ્ત્ર જ પ્રમાણ રૂપ છે. એમ જાણી-સમજીને આ લોકમાં શાસ્ત્રવિધાનથી કહેલું કર્મ જ કરવાને તું યોગ્ય છે. ॥૨૪॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે દૈવાસુરસંપદ્વિભાગયોગો નામ ષોડશોડધ્યાયઃ ॥૧૬॥

-: ભાષ્યાર્થ :-

હવે - કર્મની કર્તવ્યતામાં પ્રમાણ-મુખ્ય આધાર કહી બતાવે છે.

"આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી." એવી વ્યવસ્થામાં તારે માટે સચ્છાસ્ત્ર એ જ પ્રમાણભૂત છે. માટે સચ્છાસ્ત્રમાં વિધાનરૂપે કહેલા કર્મને જાણીને - સમજીને આ ક્ષાત્ર-ધર્મમાં રહેલા તારે પોતાને સમુચિત કર્મ કરવું જોઈએ. ॥૨૪॥

*ઈતિશ્રી પરવિદ્યૈકગોચર પરભક્તિ સમારાધ્ય ભગવત્સહજાનંદસ્વામિ*
*શિષ્યાગ્રગણ્ય સદ્‌ગુરુવર્ય શ્રી ગોપાળાનંદમુનિ વિરચિતે*
*શ્રીમદ્‌ભગવદ્‌ગીતાભાષ્યે ષોડશો અધ્યાય ॥૧૬॥*

## अथ सप्तदशोऽध्यायः

अर्जुन उवाच

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः ।
तेषां निष्ठा तु का ? कृष्ण ! सत्त्वमाहो रजस्तम : ॥१॥

-: શ્લોકાર્થ :-

અર્જુન પૂછે છે હે કૃષ્ણ ! જે શ્રદ્ધાયુક્ત મનુષ્યો શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને યજન-પૂજન કરે છે. તેમની નિષ્ઠા-સ્થિતિ, તે કેવી-કેવા પ્રકારની છે ? સાત્ત્વિકી છે ? કે રાજસી છે ? કિં વા તામસી છે ? ॥૧॥

-: ભાષ્યાર્થ :-

પૂર્વે સોળમા અધ્યાયમાં દૈવી અને આસુરી સંપદ્‌નો વિભાગ કહ્યો. આસુર જનોનો સ્વભાવ અને મનોરથ પણ કહી બતાવ્યા. મનુષ્યોને આસુરભાવ પ્રાપ્ત થવામાં હેતુ કહ્યો. અને તે આસુરભાવે યુક્ત મનુષ્યોની ગતિ-પ્રાપ્તિ પણ કહી. તેમજ શાસ્ત્રમાં કહેલા ધર્મને અનુસરનારાને પ્રાપ્ત થતું સુખ અને ઉત્કૃષ્ટ ગતિ - પ્રાપ્તિ તે પણ કહ્યાં.

હવે આ સત્તરમાં અધ્યાયમાં સત્ત્વાદિક ત્રણ ગુણોના સંબંધથી શ્રદ્ધા, યજ્ઞ, તપ અને દાનાદિક સત્કર્મની ત્રિવિધતા કહે છે.

શાસ્ત્રોક્ત વિધિ વિના જે જનો શ્રદ્ધાપૂર્વક યજન-પૂજન વિગેરે કરે છે. તેમની નિષ્ઠા-સ્થિતિ અથવા ગતિને પૂછતાં અર્જુન કહે છે.

હે કૃષ્ણ ! પરબ્રહ્મન્ ! કૃષ્ણ-શબ્દને પરબ્રહ્મનો વાચક હોવાનું શ્રુતિજ પોતે કહે છે - "કૃષિ ધાતુ ભૂ એટલે ઉત્પત્તિના સ્થાનભૂત- આધારરૂપ અર્થને કહેનારો છે. અને ણ એ નિર્વૃતિ-પરમ આનંદનો વાચક છે. આ બન્નેનું ઐક્ય એ પરમ્બ્રહ્મ કૃષ્ણ એવા નામે કહેવાય છે." નિવૃત્તિ શબ્દથી કહેવામાં આવતા પરમ સુખની ભૂમિ ઉત્પત્તિસ્થાન હોવાથી પરબહ્મને કૃષ્ણ એવા સંબોધનથી પરમાનંદને આપવાપણું કહેલું છે. શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને જે પુરુષો શ્રદ્ધાએ યુક્ત થકા દેવતાઓનાં પૂજન વિગેરે યજ્ઞને કરે છે. તેમની નિષ્ઠા શી ? કેવી જાણવી ? એટલે શું સાત્ત્વિકી નિષ્ઠા જાણવી ? કે રાજસી નિષ્ઠા જાણવી ? કે તામસી નિષ્ઠા જાણવી? એટલે કે તેમની શું સત્ત્વગુણમાં સ્થિતિ છે ? કે શું રજોગુણમાં સ્થિતિ છે ? કે શું પછી તમોગુણમાં સ્થિતિ છે ? આ પ્રશ્નનો ઉત્તર આપે કહેવો જોઈએ. આ શ્લોકમાં "જેઓ શાસ્ત્રવિધિને ત્યાગ કરીને દેવતાઓની પૂજા આદિક કરે છે." આવું વચન છે તેથી શાસ્ત્રમાં કહેલા અર્થને જાણીને અને તેનું ઉલ્લંઘન કરીને વર્તનારા જનો ન ગ્રહણ કરવા. કારણ કે તેમને શ્રદ્ધાપૂર્વક યજન કરવાનું ઘટે જ નહિ માટે. પણ જેઓ શાસ્ત્ર-જ્ઞાન સંપાદન કરવામાં બહુ જ પ્રયાસ છે તેથી અથવા બુદ્ધિની મંદતાને લીધે શાસ્ત્રવિધિ જાણવામાં પ્રયત્ન નહિ કરીને કેવળ લૌકિક આચારની પરંપરાના વશપણાને લીધે અને શ્રદ્ધાથી-વિશ્વાસથી કેટલાક દેવોના આરાધનાદિકમાં પ્રવર્તનારા પુરુષો હોય તે ગ્રહણ કરવા. ॥૧॥

श्री भगवानुवाच
त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां श्रृणु ! ॥२॥

-: શ્લોકાર્થ :-

શ્રીભગવાન કહે છે-દેહધારીઓને સાત્ત્વિકી, રાજસી અને તામસી એવી ત્રણ પ્રકારની શ્રદ્ધા સ્વાભાવિકી જ હોય છે. તે ત્રણ પ્રકારની શ્રદ્ધાને તું મારા થકી સાંભળ ! ॥૨॥

-: ભાષ્યાર્થ :-

અર્જુને કરેલા પ્રશ્નનો ઉત્તર કરતાં શ્રી ભગવાન કહે છે.

શ્રી ભગવાન કહે છે - દેહધારીઓને પૂર્વવાસનાથી ઉત્પન્ન થયેલા સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલી જે શ્રદ્ધા-વિશ્વાસપૂર્વકની ત્વરા, તે ત્રણ પ્રકાની હોય છે.

સાત્વિકી રાજસી અને તામસી, તે ત્રણેય પ્રકારની શ્રદ્ધાને તું મારા થકી સાંભળ! શ્રદ્ધાનું સ્વરૂપ એકાદશ સ્કંધમાં કહ્યું છે - "આધ્યાત્મિકી શ્રદ્ધા સાત્ત્વિકી શ્રદ્ધા છે. કર્મમાં શ્રદ્ધા એ તો રાજસી શ્રદ્ધા છે અને અધર્મમાં જે શ્રદ્ધા તે તામસી શ્રદ્ધા છે. અને મારી સેવામાં જે શ્રદ્ધા તે તો નિર્ગુણ-નિર્ગુણ સ્થિતિને પમાડનારી શ્રદ્ધા છે." ॥૨॥

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ! ।
श्रद्धामयोऽयं पुरुषः यो यच्छ्रद्धः स एव सः ॥३॥

-: શ્લોકાર્થ :-

હે ભારત ! સર્વ મનુષ્યોને પોત-પોતાના અંતઃકરણને અનુરૂપ જ શ્રદ્ધા હોય છે. અને આ પુરુષ-જીવાત્મા શ્રદ્ધામય-શ્રદ્ધાપ્રધાન છે. માટે જે પુરુષ જેમાં-જેવી શ્રદ્ધાવાળો હોય છે. તો તે પોતે પણ તે રૂપ જ છે. ॥૩॥

-: ભાષ્યાર્થ :-

ત્રણ પ્રકારની શ્રદ્ધાને અનુસારે પુરુષ પણ ત્રણ પ્રકારના છે અને તે શ્રદ્ધા પણ અન્તઃકરણને અનુરૂપ જ - સદૃશ જ થાય છે. એમ કહે છે.

હે ભારત ! સઘળા મનુષ્યોને સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોએ યુક્ત એવા અન્તકરણને અનુરૂપ-અન્તઃકરણના ગુણોને અનુસરનારી શ્રદ્ધા હોય છે. માટે આ પુરુષ જીવાત્મા પણ શ્રદ્ધામય-શ્રદ્ધાપ્રધાન થાય છે. અને તેથી જ જે પુરુષ સાત્ત્વિકી, રાજસી કે તામસી જેવી જેવી શ્રદ્ધાવાળો હોય છે. તો તે પુરુષ પોત-પોતાની શ્રદ્ધાને અનુસરનારો જ થાય છે. ॥૩॥

यजन्ते सात्त्विका देवान् यक्षरक्षांसि राजसाः ।
प्रेतान् भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥४॥

-: શ્લોકાર્થ :-

સાત્ત્વિક મનુષ્યો ઇન્દ્રાદિક દેવોને પૂજે છે. રાજસ મનુષ્યો યક્ષ અને રાક્ષસોને પૂજે છે. અને બીજા તામસી જનો તો પ્રેત અને ભૂતગણોને પૂજે છે. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

તે જ હકીકત સ્પષ્ટતાથી નિરૂપણ કરી બતાવે છે.

સાત્ત્વિક - સત્ત્વગુણપ્રધાન, અને સાત્ત્વિકી શ્રદ્ધાએ યુક્ત એવા પુરુષો સાત્ત્વિક સુખ આપનારા સાત્ત્વિક દેવોને પૂજે છે - આરાધે છે. રાજસ-રજોગુણપ્રધાન, અને રાજસી શ્રદ્ધાએ યુક્ત પુરુષો કુબેર વિગેરે યક્ષોને તથા નિર્ઋતિ વિગેરે રાક્ષસોને પૂજે છે - આરાધે છે. અને તેથી અન્ય-બાકીના તામસ-તમોગુણપ્રધાન, અને તામસી શ્રદ્ધાએ યુક્ત મનુષ્યો અમુક પ્રકારના પિશાચરૂપ પ્રેતોને તથા સપ્ત માતૃકાદિક ભૂતગણોને આરાધે છે. ।।૪।।

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।
दम्भाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ।।५।।
कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवान्तःशरीरस्थं तान् विद्ध्यासुरनिश्चयान् ।।६।।

**-: શ્લોકાર્થ :-**

જે મનુષ્ય શાસ્ત્રવિધિએ રહિત એવું મનઃકલ્પિત ઘોર તપ તપે છે. અને દંભ તથા અહંકારે યુક્ત તેમજ કામનાઓ, રાગ-આસક્તિ અને શરીર બળના પણ અભિમાનવાળા હોઈને. ।।૫।।

શરીરમાં—શરીરરૂપે રહેલા ભૂમિ આદિક ભૂતસમુદાયને કૃશ કરતા-દમન કરતા. અને મારા શરીરભૂત જીવાત્મામાં અંતર્યામીરૂપે રહેલા એવા મને પણ દુભવતા થકા વર્તે છે. તેવા અજ્ઞાનીઓને ઉતું આસુર નિશ્ચયવાળા જાણ ! ।।૬।।

**-: ભાષ્યાર્થ :-**

ઉપર કહ્યા તેમાં પણ અધિક રજોગુણ તમોગુણવાળા મનુષ્યોને વર્ણન કરી બતાવે છે.

પૂર્વે દંભ અને અહંકારનું વ્યાખ્યાન કરેલું છે. એવા દંભ અને અહંકારે સંયુક્ત ભરેલા અનેક ફળની અભિલાષાઓરૂપ કામ અને સ્ત્રી-પુરુષને એકબીજામાં આસક્તિરૂપ રાગ તેમજ દુરાગ્રહરૂપ બળ, આ સર્વ દોષોએ યુક્ત એવા જે એ અધિક તમોગણે યુક્ત જનો તે શાસ્ત્રવિધિએ રહિત અને મનુષ્યોને ભય ઉપજાવનારું ઘોર-ઉગ્ર તપ કરે છે. ।।૫।।

વળી - તે કેવા ? વિવેક વિનાના અજ્ઞાની જનો, શરીરના આરંભકપણે દેહમાં રહેલા ભૂમિ આદિક ભૂતના સમુદાયને, શાસ્ત્ર વિધિએ રહિત હોવાથી વૃથા-નિષ્ફળ તપ કરવાથી બાળીને દુર્બળ કરતા થકા, અન્તઃશરીરસ્થ -પોતાના શરીરભૂત જીવાત્મામાં અંદર રહેનારા અર્થાત્ ક્ષેત્રજ્ઞના અન્તર્યામીપણે રહેલા,

આવા અન્તર્યામી મને પણ મારી શાસ્ત્રવિધિરૂપ આજ્ઞા ઉલ્લંઘન કરવાથી ક્લેશ પમાડતા થકા વર્તે છે. આવા પ્રકારના જે મનુષ્યો તેઓને તો જનસમુદાયને દુઃખ-ઉદ્વેગ કરે એવા ઉગ્ર નિશ્ચયરૂપ આસુર નિશ્ચયવાળા જાણ ! ॥૬॥

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं श्रृणु ! ॥७॥

**-: શ્લોકાર્થ :-**

આહાર પણ સર્વને પોત-પોતાની રૂચિ પ્રમાણે ત્રણ પ્રકારનો પ્રિય હોય છે. તેમજ યજ્ઞ, તપ અને દાન, તેના પણ ત્રણ-ત્રણ પ્રકાર છે. તેના ભેદ તું મારા થકી સાંભળ ! ॥૭॥

**-: ભાષ્યાર્થ :-**

હવે સોળ શ્લોકોથી આહારાદિકના ત્રણ પ્રકારના ભેદો કહે છે -

સઘળા મનુષ્યોને પણ આહાર-ભોજન તે પણ સત્ત્વાદિ જુદા જુદા ગુણવાળા પણું હોવાથી ત્રણ પ્રકારનો પ્રિય થાય છે. તથા યજ્ઞ પણ ત્રણ પ્રકારનો, તપ અને દાન પણ ત્રણ પ્રકારનું પ્રિય થાય છે. એ આહારાદિક સર્વના આ હું કહીશ એવા ભેદને જુદો જુદો વિગતવાર મારા થકી તું સાંભળ ! ॥૭॥

आयुः सत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहारास्सात्त्विकप्रियाः ॥८॥

**-: શ્લોકાર્થ :-**

આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ, એ સર્વને વધારનારા, રસવાળા, ઘી વિગેરે ચીકાશવાળા, બગડે નહિ એવા અને ખાતાં પણ પ્રિય લાગે એવા આહાર-ભોજનના પદાર્થો સાત્ત્વિક પુરુષોને પ્રિય હોય છે. ॥૮॥

**-: ભાષ્યાર્થ :-**

તેમાં પ્રથમ ત્રણ શ્લોકથી ત્રણ પ્રકારનો આહાર કહે છે.

આયુષ્ય-જીવન, **સત્ત્વ**-અન્તઃકરણ અને તેના કાર્યભૂત જ્ઞાન પણ અહીંયાં સત્ત્વ શબ્દથી કહ્યું છે. **બળ**-દેહનું સામર્થ્ય, **આરોગ્ય** - રોગો રહિતપણું, **સુખ**-અન્તઃકરણની પ્રસન્નતા, **પ્રીતિ**-ભોજન ઉપર પણ અભિરૂચિ, આ સર્વ ગુણોને વૃદ્ધિ કરનારા, મધુર રસવાળા, અંદર પણ જેમાં ઘી વિગેરે સ્નેહ-સ્નિગ્ધ રસોથી પૂર્ણ ભરેલા, ઘણા વખત સુધી રહી શકે - બગડે નહિ એવા, રમણીય સુંદર રૂપ-

સુગન્ધાદિક ગુણોથી હૃદયને ગમે એવા, આવા પ્રકારના આહારો-ભોજન, સત્ત્વગુણ યુક્ત સાત્ત્વિક જનોને પ્રિય થાય છે. ॥૮॥

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरुक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥९॥

**-: શ્લોકાર્થ :-**

કડવા, ખાટા, ખારા, બહુજ ગરમા-ગરમ, તીખા, લૂખા, દાહ કરનારા તેમજ દુઃખ, શોક અને રોગને ઉત્પન્ન કરનારા આવા આહાર-ખાવાના પદાર્થો રાજસ માણસોને પ્રિય હોય છે. ॥૯॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - રજોગુણપ્રધાન રાજસ મનુષ્યોને પ્રિય આહારો કહે છે.

અતિ કટુ- લીંબડો વિગેરે, અતિ અમ્લ-આંબલી વિગેરે, અતિ લવણ-ખારો અતિ ઉષ્ણ-ઉનો ઉનો, અતિ તીક્ષ્ણ-મરચા વિગેરે અતિ રૂક્ષ-ચીકાશ વિનાનો કાંગ અને કોદરા વિગેરે, દાહ ઉત્પન્ન કરનારો રાઈ-સરસવ વિગેરે, આવા આવા કટુ આદિક દુઃખ, શોક અને રોગને આપનારા, એટલે કે દુઃખ- તાત્કાલિક હૃદયને સંતાપ કરનારી પીડા, શોક-આહાર કર્યા પછી મનમાં થનારો ક્ષોભ અને રોગ, આ સર્વ વિકારોને વાત અને પિત્ત કફાદિક ધાતુઓના વૈષમ્ય દ્વારા આપે છે - ઉત્પન્ન કરે છે, આવા પ્રકારના આહારો - ભોજનો, રજોગુણ યુક્ત રાજસ મનુષ્યોને પ્રિય-અધિક રજોગુણને વધારનારા થાય છે. ॥૯॥

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
अच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥१०॥

**-: શ્લોકાર્થ :-**

રાંધ્યા પછી જેના ઉપર ઘણો વખત વીતી ગયો હોય, રસ વિનાનું, દુર્ગંધવાળું, વાસી અને ઉચ્છિષ્ટ તથા અપવિત્ર એવું જે ભોજન તે તામસ જનોને પ્રિય હોય છે. ॥૧૦॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - તામસ આહાર કહી બતાવે છે -

રાંધ્યા પછી બે પ્રહર જેના ઉપર વીતી ગયા હોય એવાં ભાત-દાળ વિગેર ભોજનો, જેમાંથી રસ સુકાઈ ગયો હોય એવું નિરસ ભોજન, બહુ વખત જેના

ઉપર વીતવાથી જેમાં દુર્ગંધ ઉત્પન્ન થયો હોય, રાંધ્યા પછી જેના ઉપર રાત્રિ વીતિ ગઈ હોય, શ્લોકમાં ચકાર છે માટે ગાંજો, ભાંગ, અફીણ, તમાકુ અને ધંતુરાનાં બીજ વિગેરે જાણવાં, તેમજ ઉચ્છિષ્ટ-સાત્ત્વિક દેવ અને ગુરુ આદિક પૂજ્ય પુરુષો સિવાયના બીજાઓનું જમતાં અવશેષ રહેલું હોય તે, શ્લોકમાં અપિ શબ્દ છે તેથી આર્યુવેદમાં કહેલું કુપથ્ય પણ જાણી લેવું. તેમજ-**અમેધ્ય** યજ્ઞમાં અનુપયોગી અપવિત્ર પદાર્થ, આવા પ્રકારનું જે ભોજન તે તમોગુણપ્રધાન તામસ જનોને પ્રિય-ઈષ્ટ હોય છે. ॥૧૦॥

**अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।**
**यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥११॥**

**-: શ્લોકાર્થ :-**

શાસ્ત્રવિધિ પ્રમાણે કરવામાં આવતો અને કરવો જ જોઈએ એ આપણી ફરજ-કર્તવ્ય છે, એમ મનમાં સમાધાન-નિશ્ચય કરીને ફળાનુસંધાન નહિ રાખનારા નિષ્કામ માણસોએ કરેલો યજ્ઞ તે સાત્ત્વિક યજ્ઞ છે. ॥૧૧॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - ત્રણ પ્રકારના યજ્ઞો કહે છે.

કોઈપણ પ્રકારના ફળની આકાંક્ષા નહિ રાખનારા નિષ્કામ જનોએ, વિધિદૃષ્ટ-શાસ્ત્રમાં જોયેલા- કહેલા મંત્રો અને દ્રવ્યાદિક તેણે યુક્ત અને મારે ઈશ્વરની આરાધના કરવા માટે જ યજ્ઞ કરવો છે. પણ નહિ કે કોઈ ફળની પ્રાપ્તિ માટે, આવા પ્રકારથી મનનું સમાધાન-સ્થિરતા કરીને જે યજ્ઞ કરાય છે. તે સાત્ત્વિક-સત્ત્વગુણયુક્ત યજ્ઞ કહેવાય છે. ॥૧૧॥

**अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत् ।**
**इज्यते भरतश्रेष्ठ ! तं यज्ञं विद्धि ! राजसम् ॥१२॥**

**-: શ્લોકાર્થ :-**

હે ભરતશ્રેષ્ઠ ! ફળનું અનુસંધાન રાખીને તો, તેમજ દંભને-ખાલી મોટાઈને પોષવાને માટે જ જે યજ્ઞ કરવામાં આવે છે. તેને તું રાજસ યજ્ઞ જાણ! ॥૧૨॥

**-: ભાષ્યાર્થ :-**

સાત્ત્વિક યજ્ઞ કહીને હવે રાજસ યજ્ઞ કહી બતાવે છે.

અને જે તો ફળાનુસંધાન રાખીને-અમુક ફળનો ઉદ્દેશ કલ્પીનેજ અને વળી પોતાની શ્રેષ્ઠતા પ્રસિદ્ધ કરવા માટે પણ યજ્ઞ કરનારાએ જે યજ્ઞ કરાય છે. હે ભરતશ્રેષ્ઠ ! તે યજ્ઞને રજોગુણપ્રધાન રાજસ યજ્ઞ જાણ ! ॥૧૨॥

विधिहीनमसृष्टानं मन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥१३॥

**-: શ્લોકાર્થ :-**

શાસ્ત્રવિધિ સિવાયનો, અન્નનું પણ દાન જેમાં ન હોય, મંત્રનું ઉચ્ચારણ કર્યા સિવાયનો, દક્ષિણાઓ પણ જેમાં ન અપાય અને જેમાં શ્રદ્ધા પણ ન હોય એવા યજ્ઞને તામસ યજ્ઞ કહેવામાં આવે છે. ॥૧૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - તામસ યજ્ઞ કહે છે.

સચ્છાસ્ત્રમાં કહેલા વિધિએ રહિત, એટલે કે - સચ્છાસ્ત્રમાં દૃઢ નિષ્ઠાવાળા પરમ દયાળુ શિષ્ટ-મહાપુરુષોએ બતાવેલા વિધિએ રહિત, જેમાં સત્પાત્રોને અન્ન આપવામાં નથી આવતું, મંત્રોચ્ચારણપૂર્વક જેમાં કર્મ કરવામાં નથી આવતું, શાસ્ત્રમાં કહેવા પ્રમાણે જેમાં દક્ષિણાઓ આપવામાં નથી આવતી. યજ્ઞ કરે પણ તેમાં શ્રદ્ધા-વિશ્વાસ તો હોય જ નહિ. આવા યજ્ઞને યજ્ઞવિધિને જાણનારા સુજ્ઞ જનો તમો ગુણયુક્ત તામસ યજ્ઞ કહે છે. ॥૧૩॥

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥१४॥

**-: શ્લોકાર્થ :-**

દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને પ્રાજ્ઞ-સાધુજનો વિગેરેનું પૂજન કરવું, પવિત્રતા રાખવી, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા, આ શરીર સંબંધી-શરીર સાધ્ય તપ કહેવાય છે. ॥૧૪॥

**-: ભાષ્યાર્થ :-**

તપમાં સાત્ત્વિકાદિક ભેદ કહી જણાવવા માટે તેની શારીરાદિક ભેદથી ત્રિવિધતા કહી બતાવે છે.

વિષ્ણુ આદિક દેવો, બ્રાહ્મણો, સદ્ધર્મના સમુપદેષ્ટા ગુરુ, **પ્રાજ્ઞ**-ભગવાનના સ્વરૂપને જાણનારા સાધુપુરુષો, આ સર્વનું પૂજન કરવું, બાહ્ય-આભ્યન્તર બે પ્રકારનું

શૌચ, સ્વભાવથી સરળતા રાખવી, શાસ્ત્રનિષિદ્ધ મૈથુનથી નિવૃત્ત થવું અને અહિંસા-યજ્ઞાદિકમાં પણ દેહધારીઓને પીડા ન કરાય એમ વર્તવું. આવાં લક્ષણે યુક્ત જે તપ તે શારીર–શરીરસાધ્ય–શરીર સંબંધી તપ કહેવાય છે. ॥૧૪॥

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥१५॥

**-: શ્લોકાર્થ :-**

કોઈને પણ ઉદ્વેગ નહિ કરનારું, સાંભળતાં પ્રિય લાગે અને હિત કરે, એવું જે સત્ય-યથાર્થ ભાષણ, સચ્છાસ્ત્રનું પઠન-પાઠન, તેમજ ભગવન્નામ-મંત્રાદિકના જપનો અભ્યાસ કરવો, એ વાઙ્મય-વાણીથી સિદ્ધ થતું તપ કહેવાય છે. ॥૧૫॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે શારીર તપ કહીને હવે - વાઙ્મય તપ કહે છે.

જેનું શ્રવણ થવાથી બીજાઓને ઉદ્વેગ ન થાય તેવું, સત્ય -પોતાના અને પારકા દ્રોહે રહિત જેવું હોય તેવું યથાર્થ બોલવું, પ્રિય-સાંભળનારાઓને પ્રીતિ ઉત્પન્ન કરનારું અને હિત કરનારું, આવું જે વાક્ય બોલવું, તથા સચ્છાસ્ત્રનો-અભ્યાસ કરવારૂપ સ્વાધ્યાયનો અભ્યાસ-પરિશીલન કરવું, એ વાઙ્મય-વાચિક તપ કહેવાય છે. એટલે કે -વાણીથી નિષ્પન્ન થતું તપ કહેવાય છે. એ અર્થ જાણવો. ॥૧૫॥

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥१६॥

**-: શ્લોકાર્થ :-**

મનની પ્રસન્નતા, સૌમ્યતા-શાંતસ્વભાવતા, મૌન-ભગવત્સ્વરૂપમાં એકાગ્રતા, મનનો સર્વથા નિગ્રહ અને અંતઃકરણની સમ્યક્શુદ્ધિ, આ સઘળું માનસ-મનઃસાધ્ય તપ કહેવામાં આવે છે. ॥૧૬॥

**-: ભાષ્યાર્થ :-**

હવે-માનસ તપ કહે છે.

મનઃપ્રસાદ-કામ, ક્રોધ અને લોભાદિક માનસિક મળની નિવૃત્તિપૂર્વક મનની વિશુદ્ધતા-નિર્મળતા, સૌમ્યત્વ-ક્રૂરતાએ રહિત વર્તવું, ''અક્રૂર-ક્રૂરતાએ રહિત

દયાવાનને સૌમ્ય કહેલો છે.'' એવું શાસ્ત્રવચન છે. મૌન-મનનશીલતા, આત્મવિનિગ્રહ- મનને અસત્-તુચ્છ વિષયો થકી પાછું વાળવું, ભાવસંશુદ્ધિ-ભાવ જે હૃદ્ગત ચિત્તવૃત્તિ તેની શુદ્ધિ બીજા વિષયો થકી ક્ષોભ ન પામવો તે, અર્થાત્ આત્મા- પરમાત્મા સિવાયના વિષયોના ધ્યાનથી રહિતપણું એ અભિપ્રાય છે. આ કહ્યું એવા પ્રકારનું તપ તે માનસ-મનથી સાધવા યોગ્ય તપ કહેલું છે. ''તપ યજ્ઞ કરતાંય શ્રેષ્ઠ છે. એ પ્રમાણે કહેનારી આ પરમ-શ્રેષ્ઠ પ્રસિદ્ધ શ્રુતિ છે.'' ''મન અને ઈન્દ્રિયોની પરમાત્મસ્વરૂપમાં પરમ એકાગ્રતા કરવી એ જ મોટામાં મોટું તપ છે.'' ઈત્યાદિક વચનોમાં પણ આવું જ તપનું લક્ષણ કહ્યું છે. ॥૧૬॥

श्रद्धया परया तप्तं तपस्तत् त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥१७॥

**-: શ્લોકાર્થ :-**

ફળની આકાંક્ષા નહિ રાખનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલા મનુષ્યોએ પરમશ્રદ્ધાથી કરવામાં આવતું ઉપર બતાવેલું એ ત્રણેય પ્રકારનું તપ સાત્ત્વિક તપ કહેવાય છે. ॥૧૭॥

**-: ભાષ્યાર્થ :-**

બીજા પ્રકારે તપના ભેદોને ત્રણ શ્લોકથી કહે છે.

ફળની આકાંક્ષા-ઈચ્છા જ નહિ રાખનારા અને મારી આરાધનાએ સંપન્ન મનુષ્યોએ પરમ ઉત્કૃષ્ટ શ્રદ્ધાથી તપેલુ-કરેલું જે શારીરાદિક ભેદથી ત્રણ પ્રકારનું તપ તે સાત્ત્વિક તપ છે. એમ તપના પ્રકારને જાણનારા જ્ઞાની તપસ્વી જનો કહે છે. ॥૧૭॥

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥१८॥

**-: શ્લોકાર્થ :-**

સત્કાર માટે, માન-મરતબા માટે અને લોકમાં પૂજા થાય તે માટે અને તે પણ દંભથી જ કરવામાં આવતું આવું જે તપ આ લોકમાં કરવામાં આવે છે તે રાજસ તપ કહેવાય છે. અને તે ચળ-ક્ષણિક અને અસ્થિર-બહુ લાંબો સમય ન નભે એવું હોય છે. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

રાજસ તપ કહી બતાવે છે.

સત્કાર-અન્તઃકરણનો આદર, માન-મનને પ્રિય લાગે એવાં સુંદર વાક્યોથી કરાતો આદર, પૂજા-અર્થના લાભવાળો સત્કાર વિગેરે, આ બધાને માટે દંભથી જ જે તપ કરવામાં આવે છે. અને તેથી જ તે અસ્થિર ફળવાળું હોય છે. આવું જે તપ ક્ષણિક-લાભ-પૂરતું જ કરવામાં આવે છે. તે આ લોકમાં રાજસ તપ કહેલું છે. ॥૧૮॥

मूढग्राहेणात्मनो यत् पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥१९॥

-: શ્લોકાર્થ :-

મૂઢપણે દુરાગ્રહથી અને શરીરને તેમજ મનને પણ કલેશ પડે તેવું જે તપ કરાય છે તથા પરનો વિનાશ-ભુંડુ કરવા માટે કરવામાં આવતું તપ તે તામસ તપ કહેવાય છે. ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

તામસ તપ કહે છે -

મૂઢ-શાસ્ત્રોક્ત વિવેકે રહિત પુરુષોએ દુરાગ્રહથી કરવામાં આવતું અને પોતાને સ્વસામર્થ્ય જાણ્યા સિવાય કરવામાં આવે તેથી તેમાં બહુજ કલેશ પડતો હોય આવું જે તપ કરાય છે. અથવા બીજા-શત્રુ આદિકના ઉત્સાદન-હિંસનને માટે જે તપ કરવામાં આવે છે. તે તામસ તપ કહેલું છે. ॥૧૯॥

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥२०॥

-: શ્લોકાર્થ :-

દાન આપવું જ જોઈએ એમ ધારીને જે દાન દેશ, કાળ અને પાત્ર-સુપાત્ર જોઈને તેમાં જેના તરફથી ઉપકારરૂપ બદલાની આશા પણ ન હોય એવાને આપવામાં આવતું જે દાન તે સાત્ત્વિક દાન કહેવાય છે. ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

હવે - ત્રણ શ્લોકથી દાનની ત્રિવિધતા કહે છે.

પવિત્ર-કુરુક્ષેત્ર કે દ્વારિકા આદિક તીર્થરૂપ પવિત્ર દેશમાં, સૂર્ય-ચંદ્રના ગ્રહણાદિક પવિત્ર કાળમાં, સચ્છાસ્ત્રમાં કહેલા લક્ષણોએ સંપન્ન સત્પુરુષમાં, મારે

ઈશ્વર પ્રસન્નતાર્થે દેવાને યોગ્ય છે જ અને આપવું જ જોઈએ એવા વિવેકથી, જેના તરફથી ઉપકારના બદલાની ઈચ્છા પણ ન હોય, એવા પાત્રભૂત સત્પુરુષને વસ્ત્ર, અન્ન, ધન, આદિક વસ્તુઓનું યથાયોગ્ય જે દાન દેવાય છે. તે સાત્ત્વિક દાન કહેવામાં આવે છે. મૂળશ્લોકમાં "પાત્રે" એમ સપ્તમી વિભક્તિ છે, ત્યાં સંપ્રદાનને આધારપણે કહેવાની ઈચ્છાથી એ સપ્તમી છે. એમ જાણવું. ॥૨૦॥

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्राजसमुदाहृतम् ।।२१।।

**-: શ્લોકાર્થ :-**

જે દાન તો પ્રત્યુપકાર થવાને માટે અથવા ફળનો ઉદ્દેશ કલ્પીને કલેશપૂર્વક આપવામાં આવે છે. તે રાજસ દાન કહેવાય છે. ॥૨૧॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - રાજસ દાનનું લક્ષણ કહે છે.

"આ પુરુષ મારો સામો ઉપકાર કરશે જ" એવા અર્થનું - પ્રયોજનનું અનુસન્ધાન રાખીને, અથવા સ્વર્ગ, પુત્ર કે પશુ આદિક દાનના બદલાનું ફળ ઉદ્દેશીને, અંતઃકરણમાં ક્લેશ પામવાપૂર્વક જેમ હોય તેમ દ્રવ્યાદિકનું જે દાન દેવાય છે. તે રાજસ દાન કહેવામાં આવે છે. ॥૨૧॥

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ।।२२।।

**-: શ્લોકાર્થ :-**

સારા-નરસા દેશ-કાળનો વિચાર કર્યા વિના જ, અપાત્રોને, સત્કાર સિવાય, અથવા તિરસ્કાર કરીને જે દાન આપવામાં આવે છે, તે તામસ દાન કહેવાય છે. ॥૨૨॥

**-: ભાષ્યાર્થ :-**

અપવિત્ર સ્થાનમાં, સૂતકાદિક અપવિત્ર કાળમાં, તેમાંય અસત્પુરુષોને જે દાન દેવાય છે. વળી - દેશ, કાળ, પાત્રાદિક સારાં પ્રાપ્ત થયાં હોય તો પણ ચંદન-પુષ્પાદિકથી સત્કારે રહિત, અથવા તો એ બધુંય કરે પણ પ્રેમ ન હોય અને વળી જે કાંઈ આપે તે જો તિરસ્કારપૂર્વક આપે, આવું જે દાન અપાય છે, તે તામસ દાન કેહવાય છે. ॥૨૨॥

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥२३॥

-: શ્લોકાર્થ :-

"ॐ तत् અને सत्" એમ ત્રણ પ્રકારે બ્રહ્મનો નિર્દેશ કહેલો છે. અને તેનાથી જ પૂર્વે-સૃષ્ટિના આરંભમાં બ્રાહ્મણો, વેદો અને યજ્ઞો રચેલા છે. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

હવે - ॐ तत् सत् આવા ત્રણ જે ભગવદ્વાચક શબ્દો તેમના વૈદિક યજ્ઞ-દાનાદિક સત્કાર્યોમાં અન્વય-ઉચ્ચારણ રૂપ સંબંધથી તેમનું શ્રેષ્ઠત્વ કહી સમજાવે છે - ॐ तत् सत् આવો ત્રણ પ્રકારનો પરબ્રહ્મ એવા મારા સ્વરૂપભૂત વેદનો, નિર્દેશ મારા સ્વરૂપને પ્રતિપાદન કરનારો સાક્ષાત્ શબ્દ વેદવિત્ પુરુષોએ કહેલો છે.

અભિપ્રાય એ છે કે - વેદમાં કહેલાં યજ્ઞાદિક સત્કર્મો ॐ तत् सत् આવા આ ત્રણ શબ્દોથી - શબ્દોનું ઉચ્ચારણ કરવાથી સર્વશ્રેષ્ઠ થાય છે. અને તે ॐ तत् सत् એવા ત્રણ પ્રકારના શબ્દથી, બ્રાહ્મણો એ શબ્દથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણેય વર્ણના મનુષ્યો સમજવા. તેથી વેદોક્ત કર્મનું અનુષ્ઠાન કરનારા બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના મનુષ્યો, વેદો-વેદમાં કહેલાં યજ્ઞ-દાનાદિક કર્મનું સ્વરૂપ-વિધાન વગેરે સમજાવનારા ઋગ્વેદાદિક ચાર વેદો અને યજ્ઞો એટલે વેદમાં કહેલાં યજ્ઞ, તપ અને દાન વિગેરે કર્મો, પૂર્વે સૃષ્ટિ સમયે મેં રચેલા છે – ઉત્પન્ન કરેલાં છે. ॥૨૩॥

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥२४॥

-: શ્લોકાર્થ :-

માટે જ બ્રહ્મવાદી સત્પુરુષોની વેદના વિધાનથી કહેલી યજ્ઞ, દાન અને તપ વિગેરે ક્રિયાઓ "ॐ" એવા ઉચ્ચારણપૂર્વક જ પ્રવર્તે છે. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

તેમાં પ્રથમ ॐ એ શબ્દનો મહિમા કહે છે.

ઉપર કહ્યું તે પ્રમાણે હોવાથી ॐ એવું પ્રથમ ઉચ્ચારણ કરીને, વેદવાદને અનુસરનારા બ્રહ્મવાદી જનોની વેદવિધાનથી કહેવામાં આવેલી યજ્ઞ-દાન, તપ વિગેરે ક્રિયાઓ સત્કર્મો સદાય પ્રવર્તે છે - આરંભ કરાય છે. ॥૨૪॥

तदित्यनभिसन्धाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥२५॥

-: શ્લોકાર્થ :-

"तत्" તે પરમેશ્વર જ આ સઘળું છે. એમ ધારીને ફળનું અનુસંધાન નહિ રાખતાં મોક્ષાર્થીજનોએ યજ્ઞ અને તપ વિગેરે ક્રિયાઓ તથા વિવિધ પ્રકારની દાન-ક્રિયાઓ કરવામાં આવે છે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

હવે तत् એ શબ્દનો મહિમા કહે છે.

तत् એ પ્રમાણે ઉચ્ચારણ કરીને, કોઈ ફળનું અનુસન્ધાન નહિ રાખીને, નાના પ્રકારની યજ્ઞ-તપ વિગેરે ક્રિયાઓ અને દાનરૂપ ક્રિયાઓ, મોક્ષની ઈચ્છાવાળા બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના જનોએ કરાય છે. અર્થાત્ યજ્ઞાદિક સઘળી ક્રિયાઓ પરબ્રહ્મની પ્રાપ્તિને માટે પરબ્રહ્મનો વાચક એવા तत् શબ્દના ઉચ્ચારણપૂર્વક મુમુક્ષુ જનોએ કરાય છે. ॥૨૫॥

सद्भावे साधुभावेच सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ ! युज्यते ॥२६॥

-: શ્લોકાર્થ :-

"सत्" એ શબ્દનો સારા સત્યભાવમાં તેમજ સાધુ-શ્રેષ્ઠભાવમાં પ્રયોગ કરાય છે. તેમજ હે પાર્થ ! પ્રશસ્ત-શ્રેષ્ઠ કર્મમાં પણ "सत्" શબ્દનો પ્રયોગ કરાય છે. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

હવે सत् શબ્દનો મહિમા કહે છે.

સદ્‌ભાવમાં- કોઈ વસ્તુ છે. એમ કહેવારૂપ અસ્તિત્વ લક્ષણવાળા અર્થમાં અને સાધુ-સત્પુરુષમાં તેમજ સારા કાર્યમાં सत् એ શબ્દનું રૂપ પ્રયોગ કરાય છે. અને હે પાર્થ ! તે જ પ્રમાણે લોકમાં વખાણવા લાયક કોઈક માંગલિક કાર્ય કરાતું હોય તેમાં આ સત્કર્મ-સારું કાર્ય છે. એમ सत् શબ્દનો પ્રયોગ શાસ્ત્રજ્ઞ પુરુષોએ કરાય છે. ॥૨૬॥

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥२७॥

-: શ્લોકાર્થ :-

તથા યજ્ઞમાં, તપમાં અને દાનમાં જે સ્થિતિ-સ્થિરતાપૂર્વક વર્તવું તે "સત્" એવા શબ્દથી કહેવાય છે. તેમજ તે યજ્ઞાદિક માટે કરવામાં આવતું કર્મ તે પણ "સત્" એવા શબ્દથી જ કહેવાય છે. ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

અને યજ્ઞમાં તપમાં તથા દાનમાં બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના મનુષ્યોને જે તત્પરપણે વર્તવારૂપ સ્થિતિ તે મંગળને આપનારી હોવાથી તેને सत् સારી એમ જ કહેવાય છે. શ્લોકમાં ચકાર છે માટે યજ્ઞાદિક ત્રણ શબ્દથી કહેવામાં આવેલું જે ત્રણ પ્રકારનું કર્મ તે પણ सत्कर्म એમ જ કહેવાય છે. અને તે યજ્ઞ, તપ અને દાનરૂપ અર્થ નિમિત્તે, એટલે કે તેને સંપાદન કરવા માટે જે કરેલું કર્મ તે પણ સત્કર્મ એમજ કહેવાય છે. માટે યજ્ઞાદિક સર્વકર્મ આ પૂર્વે કહ્યા પ્રમાણે ૐ तत् सत् એવા નિર્દેશપૂર્વક સત્ શબ્દથી કહેવાતું સત્કર્મ છે માટે એ પ્રમાણે શ્રદ્ધાથી કરવું. ॥૨૭॥

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ ! न च तप्रेत्य नो इह ॥२८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे गुण कर्मविभागयोगोनाम सप्तदशोऽध्यायः ॥१७॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! શ્રદ્ધા વિનાનું હોમેલું, દાન આપેલું, તપ તપેલું અને બાકીનું પણ જે કાંઇ કરેલું કર્મ તે અસત્ એમ કહેવાય છે. અને તે કર્મનું ફળ મર્યા પછી તેમજ મર્યા પહેલાં આ લોકમાં પણ નથી જ મળતું. ॥૨૮॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ગુણકર્મવિભાગયોગો નામ સપ્તદશોડધ્યાયઃ ॥૧૭॥

-: ભાષ્યાર્થ :-

હવે શ્રદ્ધા વિનાનું જે કરેલુ કર્મ તેને નિંદતાં કહે છે.

અશ્રદ્ધાથી- શ્રદ્ધા સિવાય અગ્નિમાં હોમેલું જે હવિ, શ્રદ્ધા વિનાનું જે બ્રાહ્મણાદિકને આપેલું વસ્ત્ર-અન્નાદિક વસ્તુ, શ્રદ્ધા સિવાય જે કરેલું તપ, તેમજ શ્રદ્ધા સિવાય જે કાંઈ બીજું કર્મ કરવામાં આવતું હોય, હે પાર્થ ! તે સઘળુંય અસત્ એ પ્રમાણે કહેવાય છે. અને તે આ લોકમાંય ફળ આપનારું થતું નથી. તેમ મરણ પામ્યા પછી લોકાન્તરમાં પણ ફળ આપનારું નથી થતું. ॥૨૮॥

*ઇતિ શ્રી પરવિદ્યૈકગોચરપરભક્તિસમારાધ્ય ભગવત્સહજાનંદસ્વામિ*
*શિષ્યાગ્રગણ્ય સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદ-મુનિવિરચિતે*
*શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે સપ્તદશોઽધ્યાયઃ ॥૧૭॥*

## अथ अष्टादशोऽध्यायः

अर्जुन उवाच

सन्न्यासस्य महाबाहो ! तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश ! पृथक्केशिनिषूदन ! ॥१॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન પૂછે છે હે મહાબાહો ! હું સંન્યાસનું તત્ત્વ-યથાર્થ સ્વરૂપ જાણવા ઈચ્છું છું. અને હે હૃષીકેશ ! હે કેશિનિસૂદન ! ત્યાગનું તત્ત્વ પણ સંન્યાસથી ભિન્નપણે જાણવા ઈચ્છું છું. ॥૧॥

**-: ભાષ્યાર્થ :-**

પૂર્વે સત્તરમાં અધ્યાયમાં સાત્ત્વિકી, રાજસી અને તામસી એવી ત્રણ પ્રકારની શ્રદ્ધાએ યુક્ત પુરુષનું સ્વરૂપ, એ જ પ્રમાણે ત્રણ પ્રકારના આહારનું સ્વરૂપ અને ત્રણ પ્રકારના યજ્ઞ, તપ અને દાનનું સ્વરૂપ પણ કહી બતાવ્યું.

હવે આ અઢારમાં અધ્યાયમાં ત્યાગ અને સન્ન્યાસની એકાર્થતા, સત્ત્વાદિક ગુણભેદથી ત્યાગની ત્રિવિધતા, જ્ઞાન, કર્મ, બુદ્ધિ, ધૃતિ અને સુખ, એ સર્વની સત્ત્વાદિક ગુણોના ભેદને લીધે થયેલી ત્રિવિધતા, બ્રાહ્મણાદિક ચારેય વર્ણોના કર્મનો ભેદ, જ્ઞાનાદિક સાધનોએ સહિત ભગવાનમાં પરા ભક્તિ, તથા પરમેશ્વર-પરબ્રહ્મને સર્વથા શરણે થવું તે રૂપ શરણાગતિ - પ્રપત્તિ પણ કહેવામાં આવે છે.

તેમાં પ્રથમ ત્યાગ અને સંન્યાસના સ્વરૂપને જાણવાની ઈચ્છાવાળો અર્જુન પૂછે છે.

અર્જુન કહે છે નિજ ભક્તોના મનોરથ પૂરા કરવામાં મોટા લાંબા ભુજવાળા હે પ્રભો ! અને વળી સર્વ ક્ષેત્રજ્ઞોનાં ઈન્દ્રિયોના અંતરાત્માએ નિયામકરૂપે રહેલા હે

હૃષીકેશ ! અને કેશિનિષૂદન ! સન્ન્યાસનું તત્ત્વ-યથાર્થ સ્વરૂપ જાણવાને હું ઇચ્છું છું. અને ત્યાગનું પણ સન્ન્યાસથી પૃથક્પણે યથાર્થ સ્વરૂપ જાણવાને ઇચ્છું છું. ॥૧॥

श्री भगवानुवाच

काम्यानां कर्मणां न्यासं सन्न्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥२॥

-: શ્લોકાર્થ :-

શ્રીભગવાન કહે છે-કેટલાક કવિ-પંડિતો કામ્ય કર્મના ત્યાગને જ સંન્યાસ જાણે છે. અને કેટલાક વિચક્ષણ જ્ઞાની જનો સર્વ કર્મના ફળત્યાગને ત્યાગ એ પ્રમાણે કહે છે. ॥૨॥

-: ભાષ્યાર્થ :-

શ્રી ભગવાન કહે છે કવિઓ - કેટલાક પંડિતો, કામ્ય-સ્વર્ગ-પુત્રાદિક ફળની કામનાથી કરેલાં અને જે - ''પુત્રની કામનાવાળો યજ્ઞ કરે.'' ''સ્વર્ગની કામનાવાળો યજ્ઞ કરે.'' ઇત્યાદિક શ્રુતિઓએ કહેલાં કર્મનો, ન્યાસ-સ્વરૂપથી જ ત્યાગ કરવો, અર્થાત્ એ સઘળાં કર્મ મૂળગાં છોડી દેવાં, તેને સન્ન્યાસ એ પ્રમાણે જાણે છે અને કેટલાક વિચક્ષણ-વિશાળ બુદ્ધિવાળા જ્ઞાનીજનો છે, તે તો સર્વ-નિત્ય, નૈમિત્તિક અને કામ્ય, એ સઘળાં કર્મના ફળની ઇચ્છાનો જ ત્યાગ કરવો, એ જ ત્યાગ છે એમ કહે છે. પરંતુ નહિ કે સ્વરૂપથી જ સમૂળગો ત્યાગ કરવો. ॥૨॥

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥३॥

-: શ્લોકાર્થ :-

કેટલાક સૂક્ષ્મ બુદ્ધિવાળા ડાહ્યા માણસો દોષવાળાં કર્મ ત્યાગ કરવાં એમ કહે છે. ત્યારે બીજાઓ કેટલાક એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપ એવાં એવાં કર્મ તો ન જ તજવાં. ॥૩॥

-: ભાષ્યાર્થ :-

હવે ત્યાગની બાબતમાં મતભેદ કહી બતાવતાં કહે છે.

કેટલાક ઝીણી બુદ્ધિવાળા ડાહ્યા મનુષ્યો હિંસા આદિક દોષે યુક્ત યજ્ઞાદિક કર્મ ત્યાગ કરવા યોગ્ય છે. એમ કહે છે. અથવા કર્મ જ દોષની માફક તજી દેવા

જેવાં છે એમ અર્થ કરવો. ત્યારે બીજા કેટલાક ડાહ્યા માણસો યજ્ઞ, દાન કે તપ, એવાં સત્કર્મ તો કરવાં, પણ તજી દેવા જેવાં નથી એમ કહે છે. ॥૩॥

निश्चयं श्रृणु मे तत्र त्यागे भरतसत्तम् ! ।
त्यागो हि पुरुषव्याघ्र ! त्रिविधःसम्प्रकीर्तितः ॥४॥

-: શ્લોકાર્થ :-

હે ભરતસત્તમ ! તે ત્યાગના સંબંધમાં મારો નિશ્ચય સાંભળ ! હે પુરુષવ્યાઘ્ર ! તે ત્યાગ તો ત્રણ પ્રકારનો વિગતવાર કહેલો છે. ॥૪॥

-: ભાષ્યાર્થ :-

હવે - ત્યાગની બાબતમાં પોતાનો નિશ્ચય કહી જણાવે છે.

ભરત કુળમાં જન્મેલાંઓમાં સર્વશ્રેષ્ઠ હે અર્જુન ! તે પૂર્વે કહેલા ત્યાગમાં મેં કહેલો મારો પોતાનો નિશ્ચય સાંભળ ! પુરુષોમાં વાઘ જેવા શૂરવીર હે અર્જુન! કર્મનો ત્યાગ ત્રણ પ્રકારનો વિગતવાર રૂડે પ્રકારે કહેલો છે, નિશ્ચેજ. ॥૪॥

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥५॥
एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ ! निश्चितं मतमुत्तमम् ॥६॥

-: શ્લોકાર્થ :-

યજ્ઞ, દાન અને તપ, એવાં કર્મ તો તજવા લાયક નથી, માટે એ તો કરવાં જ. કેમકે યજ્ઞ, દાન અને તપ, એ તો બધાં સૂક્ષ્મ બુદ્ધિવાળા મનુષ્યોને પણ પાવન કરનારાં જ છે. ॥ ૫ ॥

અને આ સઘળાંય કર્મ પણ હે પાર્થ ! સંગ—આસક્તિ અને ફળની આશા પણ છોડી દઈને જ કરવાં. એમ મારો ઉત્તમ નિશ્ચિત મત-અભિપ્રાય છે. ॥૬॥

-: ભાષ્યાર્થ :-

તેમાં પ્રથમ ત્યાગનો પ્રકાર કહે છે.

યજ્ઞ, દાન અને તપ એ વિગેરે સઘળાં સત્કર્મ તો કરવાં જ કરવા યોગ્ય જ છે. તે યજ્ઞાદિક કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી, કારણ કે યજ્ઞ, દાન કે તપ, એ

વિગેરે સઘળાં સત્કર્મ મનને કાબુમાં રાખનારી સૂક્ષ્મ બુદ્ધિવાળા મનુષ્યોને પાવન કરનારાં છે. એટલે કે - અંતઃકરણની શુદ્ધિ કરનારાં જ છે !!પા!

આ શ્લોકમાં રહેલો ''તું'' શબ્દ તે યજ્ઞાદિક સઘળાં કર્મ કરવા યોગ્ય છે કે નહિ, એવી શંકાના નિરાસને માટે જ છે. અર્થાત્ કરવા યોગ્ય જ છે. હવે - એ કરવા યોગ્ય યજ્ઞાદિક કર્મ પણ સંગ એટલે કર્મ કરવામાં મમત્વ અને સ્વર્ગ-પુત્રાદિક ફળની ઇચ્છાઓ, એ સઘળાનો પરિત્યાગ કરીને ભગવાનની પ્રસન્નતા માટે દરરોજ-જીવિત પર્યન્ત મોક્ષની ઇચ્છાવાળા મુમુક્ષુઓએ કરવાં જ. હે પાર્થ! આ કહ્યું એ પ્રકારે મેં નિશ્ચય કરીને કહેલો મારો મત-સિદ્ધાન્ત સર્વોત્તમ છે. તે જ પ્રમાણે શ્રુતિ પણ કહે છે - ''આ લોકમાં કર્મ કરતા રહેતાં જ સો વરસ જીવવાની ઇચ્છા રાખે - રાખવી.'' ॥૬॥

नियतस्य तु सन्न्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥७॥

**-: શ્લોકાર્થ :-**

નિયત-અવશ્ય પ્રાપ્ત કર્મનો તો ત્યાગ કરવો ઘટતો જ નથી. અને જો મોહથી-વિપરીત સમજણથી તેનો પરિત્યાગ કરે છે. તો તે તામસ-અધોગતિ આપનારો ત્યાગ કહેલો છે. ॥૭॥

**-: ભાષ્યાર્થ :-**

હવે ત્રણ શ્લોકથી ત્યાગના ત્રણ પ્રકાર કહી બતાવે છે.

નિયત કર્મનો એટલે કે - અવશ્ય કર્તવ્યપણે કહેલા મારી આરાધનારૂપ નિત્ય-નૈમિત્તિક સઘળા કર્મનો સન્ન્યાસ જે ત્યાગ તે ''કર્મ છોડી દેનાર તારે શરીરનો નિર્વાહ પણ સિદ્ધ ન થાય.'' ''યજ્ઞનું શેષ પ્રસાદીભૂત અન્નાદિક જમનારા સત્પુરુષો જ સર્વ પાપ થકી મુકાય છે. અને જે પોતાને માટે જ અન્ન પકાવીને ખાય છે તે પાપીજનો તો કેવળ પાપ જ ખાય છે.'' આમ પહેલાં કહી આવ્યા છીએ જ. માટે નથી ઘટતો-યોગ્ય નથી. અને વિપરીત જ્ઞાનરૂપ મોહથી તે વર્ણાશ્રમસમુચિત કર્મનો જે પરિત્યાગ કરવો, તે તામસ ત્યાગ કહેલો છે. તમોગુણમાં રહીને એ ત્યાગ કરેલો હોવાથી અધોગતિ પમાડનારો છે. એમ અભિપ્રાય છે. ॥૭॥

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥८॥

-: શ્લોકાર્થ :-

કર્મ તો દુઃખરૂપ જ છે. એમ જાણીને શરીરકલેશના ભયથી જે કર્મનો ત્યાગ કરે છે. તે પુરુષ એવો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને નથી પામતો. એ ત્યાગનો કાંઈ અર્થ જ નથી. ॥૮॥

-: ભાષ્યાર્થ :-

હવે-રાજસ ત્યાગ કહે છે.

દ્રવ્ય સંપાદન કરવાના પ્રયાસથી અને નિયમોનું પાલન કરવાથી પોતાને દુઃખ કરનારું છે, એમ જાણીને શરીરકલેશના ભયથી જે શાસ્ત્રાવિહિત વર્ણાશ્રમોચિત યજ્ઞ, તપ અને દાનાદિક સત્કર્મનો જે પુરુષ ત્યાગ કરે છે. તેનો ત્યાગ રાજસ ત્યાગ છે. અને તે ત્યાગ કરનારો પુરુષ તે રાજસ ત્યાગ કરીને તે ત્યાગનું જ્ઞાનનિષ્ઠારૂપ ફળને ન જ પામે. ॥૮॥

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ! ।
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥९॥

-: શ્લોકાર્થ :-

કર્મ કરવું જ જોઈએ એમ સમજીને હે અર્જુન ! જે નિયત કર્મ કર્યા કરે છે. અને તેમાં સંગ-આસક્તિ અને ફળ પણ છોડી દઈને કરે છે. તો તે સાત્ત્વિક ત્યાગ માનેલો છે. ॥૯॥

-: ભાષ્યાર્થ :-

હવે - સાત્ત્વિક ત્યાગ કહે છે.

હે અર્જુન ! "નિયત-અવશ્ય કર્તવ્યપણે કહેલું છે. માટે કરવું જ જોઈએ" એમ જાણીને કર્મમાં મમત્વરૂપ સંગ અને સ્વર્ગ-પુત્રાદિક ફળેચ્છાનો પણ પરિત્યાગ કરીને જ મનુષ્યોએ જે કર્મ કરાય છે. તે ત્યાગ સાત્ત્વિક ત્યાગ માનેલો છે. સત્ત્વગુણમૂળક હોવાથી મોક્ષ આપનારો એ ત્યાગ છે. એમ અભિપ્રાય છે. ॥૯॥

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥१०॥

-: શ્લોકાર્થ :-

સત્ત્વગુણે સંપન્ન, યથાર્થ સમજણવાળો અને સંદેહ વિનાનો-નિઃસંશય, કર્મફળ ત્યાગ કરનારો પુરુષ અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો તેમ કુશળ કર્મમાં આસક્ત પણ થતો નથી. ॥૧૦॥

-: ભાષ્યાર્થ :-

સત્ત્વગુણયુક્ત ફળત્યાગીનો સ્વભાવ કહે છે.

આ પ્રમાણે સત્ત્વ-ગુણે સંપન્ન અને એથી જ યથાવસ્થિત વસ્તુજ્ઞાનથી સંપન્ન ઝીણીં બુદ્ધિવાળો અને એથી જ સંશય વિનાનો યજ્ઞાદિક સત્કર્મના ફળનો ત્યાગ કરનારો મુમુક્ષુ જન પુત્ર-દ્રવ્યાદિક વસ્તુઓની હાનિ કરનારા દુઃખોત્પાદક કર્મનો નથી દ્વેષ કરતો, તેમજ પુત્ર-ધનાદિક વસ્તુઓ દ્વારા સુખ કરનારા કર્મમાં નથી આસક્ત થતો. આવા સ્વભાવથી સાત્ત્વિક ત્યાગીને જાણવો - ઓળખવો. ॥૧૦॥

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषत ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥११॥

-: શ્લોકાર્થ :-

કારણ કે-દેહધારીઓએ સર્વથા તો કર્મ છોડી શકાતાં જ નથી. માટે જે કર્મના ફળનો ત્યાગ કરે છે, એ જ ખરો ત્યાગી એમ કહેવાય છે. ॥૧૧॥

-: ભાષ્યાર્થ :-

હવે - વર્ણાશ્રમને સમુચિત કર્મની અવશ્ય કર્તવ્યતા કહે છે.

કરણ-કલેવર ધારનારાં જનોએ સમગ્રપણે તો કર્મનો ત્યાગ કરવાને, એટલે કે - કોઈ પણ પ્રાણી ક્યારેય પણ કર્મ કર્યા સિવાય એક ક્ષણ પણ રહી શકતો જ નથી.'' ઈત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે દેહધારણમાં ઉપયોગી અશન-પાનાદિક કર્મ ત્યાગ કરવાને જે કારણથી અશક્ય છે- બની શકે તેવું જ નથી. માટે જે જન તો યજ્ઞ, તપ કે દાન વિગેરે સઘળાં સત્કર્મના ફળનો ત્યાગી હોય, અર્થાત્ સઘળાં સત્કર્મ મારી પ્રસન્નતા માટે જ કરવામાં આવતાં હોવાથી તે સિવાયના બીજા ફળમાત્રની ઈચ્છાનો ત્યાગ કરવાના સ્વભાવાળો હોય, તે જ ખરો ત્યાગી એમ કહેવાય છે. ॥૧૧॥

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य न तु सन्न्यासिनां क्वचित् ॥१२॥

-: શ્લોકાર્થ :-

કર્મફળનો ત્યાગ નહિ કરનારાઓને અપ્રિય, પ્રિય, અને પ્રિય-અપ્રિય-મિશ્ર, એવાં ત્રણ પ્રકારનાં ફળ મરીને ભોગવવાં પડે છે. પરંતુ—જે કર્મફળનો ત્યાગ કરનારા છે. તેમને તો ક્યારેય એવું ફળ ભોગવવાનું હોતું જ નથી. ॥૧૨॥

-: ભાષ્યાર્થ :-

હવે કર્મના ફળમાં આસક્તિ છોડી દેવામાં ફળ કહે છે.

કર્મનું એટલે કે શુભ, અશુભ અને શુભ-અશુભ - મિશ્ર, એવા ત્રણ પ્રકારના કર્મનું, નરક પ્રાપ્તિ વિગેરે અપ્રિય ફળ, સ્વર્ગાદિક પમાડનારું પ્રિય ફળ અને મધ્યમ માનવ લોકને પમાડનારું - પ્રિય અપ્રિય મિશ્ર ફળ, આ પ્રમાણેનું ત્રણ પ્રકારનું ફળ, કર્મના ફળમાં આસક્તિ રાખનારા અત્યાગી પુરુષોને જ મરણ થયા પછી પ્રાપ્ત થાય છે.

અને કર્મના ફળની ઈચ્છા નહિ રાખનારા સંન્યાસી જનોને તો ક્યારેય - આ લોકમાં કે પરલોકમાં ત્રણેય પ્રકારના કર્મનું ફળ નથી થતું. અહીંઆ ત્યાગી એ શબ્દને સ્થાને સંન્યાસી એવો શબ્દ કહેલો છે. તેથી સન્ન્યાસ અને ત્યાગ એ બન્નેની અનન્યાર્થતા- એકાર્થતા જ કહેલી છે. અને પ્રથમ પણ કહ્યું છે - ''કર્મના ફળને નહિ આશરતાં કરવા યોગ્ય કર્મ જે કર્યા કરે છે તે જ સંન્યાસી છે. અને યોગી-ત્યાગી પણ તે જ છે.'' એમ ॥૧૨॥

पञ्चैतानि महाबाहो ! कारणानि निबोध मे ! ।
सांख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥१३॥

-: શ્લોકાર્થ :-

હે મહાબાહો ! હવે સઘળા કર્મની સિદ્ધિને માટે આ પાંચ કારણો કર્મનો અંત લાવવાની યુક્તિ શીખવનાર સાંખ્ય શાસ્ત્રમાં કહેવામાં આવ્યાં છે, તેને મારા થકી તું સમજ. ॥૧૩॥

-: ભાષ્યાર્થ :-

જીવાત્માને કર્મમાં કર્તાપણાના અભિમાનની નિવૃત્તિ માટે કર્મમાં પાંચ હેતુઓ કહી બતાવે છે.

હે મહાબાહો ! કર્મમાત્રની સિદ્ધિને માટે, કર્મની સમાપ્તિ જ્ઞાનદ્વારા જેમાં થઈ જાય છે, એવું પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપને યથાર્થ બોધ દ્વારા પ્રકાશ કરનારું જે સાંખ્યશાસ્ત્ર, તેમાં કહેલાં પાંચ કારણો મેં કહેવા માંડેલાં તેને મારા વાક્યથી તું જાણ ! સમજ ! ॥૧૩॥

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधा च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥१४॥

-: શ્લોકાર્થ :-

અધિષ્ઠાન-શરીરરૂપ સ્થાન, કર્તા-જીવાત્મા, જુદા જુદા પ્રકારનાં કરણ-મન અને ઇન્દ્રિયો, અનેક પ્રકારની ચેષ્ટા-વ્યાપાર અને એમાં પાંચમું દૈવ-ફળદાતા ભગવાન. ॥૧૪॥

-: ભાષ્યાર્થ :-

ક્યાં તે પાંચ ? તે કહે છે -

જેમાં જીવાત્મા એકરૂપ થઈને નિવાસ કરે છે એવું પૃથિવ્યાદિક પંચભૂતના સમુદાયરૂપ શરીર, તથા કર્મનો કર્તા ક્ષેત્રજ્ઞ જીવાત્મા, જીવાત્માનું કર્તાપણું અને જ્ઞાતાપણું વ્યાસસૂત્રમાં કહ્યું છે - ''એથી જ એ જ્ઞાતા છે'' ''એ કર્તા છે. શાસ્ત્રમાં કહેલો અર્થ-પુરુષાર્થ એને છે માટે'' ''કર્મ અને કર્તા એમ જુદો જુદો વ્યપદેશ છે માટે પણ'' જુદા જુદા પ્રકારનું કારણ- મને સહિત ઇન્દ્રિયોનો સમૂહ અને નાના પ્રકારની જુદી જુદી ચેષ્ટા એટલે કે - દેહ ઇન્દ્રિયો આદિકનો નિર્વાહક અને પ્રાણ-અપાનાદિક ભેદોએ યુક્ત એવા વાયુના જુદા જુદા વ્યાપારો અને આ કર્મના કારણસમૂહમાં દૈવ-પરંબ્રહ્મ સર્વાન્તર્યામી એવો હું પાંચમું કર્મની ઉત્પત્તિમાં - સિદ્ધિમાં કારણ છું. ॥૧૪॥

शरीरवाङ्मनोभिर्यत् कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ॥१५॥

-: શ્લોકાર્થ :-

માણસ શરીર, વાણી અને મનથી જે કંઈ સારું કે ખોટું કર્મ આરંભે છે. તેમાં આ અધિષ્ઠાનાદિક પાંચ હેતુઓ-કારણો છે. ॥૧૫॥

-: ભાષ્યાર્થ :-

હવે સર્વ કર્મમાં તે પાંચેયનું સ્પષ્ટપણે કારણત્વ કહી બતાવે છે.

દેહધારી માણસ શરીર, વાણી વિગેરે ઇન્દ્રિયો અને મન આ બધાંની સાથે મળીને ન્યાયવાળું કે તેથી વિપરીત - અન્યાયવાળું જે જે કર્મ આરંભે છે - કરે છે. તે સઘળા કર્મનાં આ શરીર આદિક પાંચ કારણો છે. તેમાં શરીર જીવાત્માના અધિષ્ઠાન-આધારરૂપે કર્મમાં હેતુ થાય છે. જીવાત્મા પોતે કર્મના કર્તાપણે હેતુ

થાય છે. મને સહિત ઈન્દ્રિયોનો સમૂહ કરણ-સાધનરૂપે કર્મમાં હેતુ થાય છે. વાયુ નાના પ્રકારના અનેક વ્યાપાર-હલન-ચલનાદિક ચેષ્ટાઓ ઉત્પન્ન કરવા દ્વારા કર્મમાં હેતુ થાય છે, અને પાંચમું દૈવ-સર્વના અન્તર્યામિપણે રહેલો પરંબ્રહ્મ હું અધિષ્ઠાનાદિક ચારેયના નિયામકપણે કર્મનો હેતુ થાઉં છું. શ્રુતિ પણ કહે છે - "જે આત્મામાં રહે છે." "જે ચક્ષુમાં રહે છે." ઈત્યાદિક ॥૧૫॥

तत्रैवं सति कर्तारमात्मानं केवलन्तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥१६॥

-: શ્લોકાર્થ :-

તેમાં આમ સ્પષ્ટ હોવા છતાં જે અશિક્ષિત બુદ્ધિવાળો હોવાથી દુર્મતિ માણસ કેવળ એકલા જીવાત્માને જ કર્તા જુએ છે-માને છે. તો તે ખરું જોતો-જાણતો નથી. ॥૧૬॥

-: ભાષ્યાર્થ :-

કર્મમાં હેતુભૂત પાંચેયનું ઉપર કહેવા પ્રમાણે હેતુપણું નહિ જાણતાં, કેવળ-એકલા આત્માને જ જે હેતુ જાણે છે, તે તો અજ્ઞાની છે અને દુર્મતિ છે. એમ કહે છે-

સમગ્ર કર્મમાં-ક્રિયામાત્રમાં અધિષ્ઠાનાદિક પાંચેય હેતુ છે. તો એમ છતાં પણ કેવળ-એકલા આત્માને-જીવાત્માને કર્તા તરીકે જે જુએ છે. તે દુર્મતિ માણસ સચ્છાસ્ત્રમાં કહેલાં લક્ષણોએ સંપન્ન સત્પુરુષો થકી અશિક્ષિત બુદ્ધિવાળો હોવાથી કર્મમાં હેતુભૂત પાંચેયને નથી જોતો. અથાર્થ- યથાવસ્થિત-ખરેખરી રીતે નથી જાણતો. એ અર્થ છે. ॥૧૬॥

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमांल्लोकान्न हन्ति न निबध्यते ॥१७॥

-: શ્લોકાર્થ :-

જે પુરુષને અહંકૃત ભાવ નથી. અને જેની બુદ્ધિ સારા-નરસાથી લેપાતી નથી. તે પુરુષ આ સઘળા લોકને મારીને-મારે છે. તો પણ તે મારતો ય નથી અને બંધાતોય નથી. ॥૧૭॥

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે કર્મમાં હેતુભૂત પાંચ છે, એમ કહીને હવે મુમુક્ષુને કર્મમાં નિર્લેપપણું કહે છે.

જે મુમુક્ષુ જનને અહંકારે યુક્ત કર્તાપણાના અભિનિવેશરૂપ ભાવ-મનોવૃત્તિ નથી. અને વળી જે મુમુક્ષુ જનની બુદ્ધિ કર્તાપણાના અભાવને લીધે તે કર્મના ફળમાં અને તે કર્મના મમત્વમાં પણ લેપાતી નથી. તે પુરુષ આ આગળ સામે રહેલા લોકોને ભીષ્મદુર્યોધનાદિક રાજલોકોને સમરાંગણમાં મારી નાખીને પણ તે મારતોય નથી અને તે પછી સંગ્રામમાં રાજલોકોના હનનરૂપ કર્મથી બંધાતોય નથી. અર્થાત્ તે કર્મથી બંધન નથી પામતો એ અર્થ છે, આ વચન અર્જુનને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. ॥૧૭॥

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसङ्ग्रहः ॥१८॥

-: શ્લોકાર્થ :-

જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા-જાણનારો, એમ ત્રણ પ્રકારે કર્મની ચોદના (પ્રેરણા) વિધિ છે. અને કરણ-સાધન, કર્મ અને કર્તા, એમ ત્રણ પ્રકારનો કર્મનો સંગ્રહ-નિરૂપણ છે. ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

હવે - હમણાં સત્ત્વગુણની ઉપાદેયતા-ગ્રાહ્યતા જણાવતાં કર્મવિધિ અને કર્મના આશ્રયનું ત્રિવિધપણું કહે છે.

જ્ઞાન-કરવા યોગ્ય કર્મની કર્તવ્યતાના પ્રકારનું જ્ઞાન, જ્ઞેય-કરવા યોગ્ય કર્મ અને પરિજ્ઞાતા - તે કર્મનો જાણનારો, આમ ત્રણ પ્રકાર જેમાં છે. એવી - વેદન, વેદિતવ્ય અને વેદિતાપણે કરીને ત્રણ પ્રકારે કર્મચોદના-કર્મનો વિધિ રહેલો છે. અને કરણ-યજ્ઞનાં સાધનભૂત દ્રવ્યાદિક વસ્તુઓ, યજ્ઞાદિક કર્મ અને તે કર્મનો કર્તા પુરુષ, એ પ્રકારે ત્રણ પ્રકારનો કર્મનો સંગ્રહ રહેલો છે. ॥૧૮॥

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥१९॥

-: શ્લોકાર્થ :-

હવે-સત્ત્વાદિક ગુણભેદને લીધે જ્ઞાન, કર્મ અને કર્તા તે પણ ત્રણ-ત્રણ પ્રકારનાં છે. એમ ગુણકાર્યના ભેદને નિરૂપણ કરનાર શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. તેને પણ મારા થકી જ તું યથાર્થપણે સાંભળ ! ॥૧૯॥

-: ભાષ્યાર્થ :-

ઉપર કહેલાં જ્ઞાનાદિક ત્રણનું સાત્ત્વિકાદિક ભેદોથી ત્રૈવિધ્ય બતાવે છે.

જ્ઞાન કરવા યોગ્ય કર્મસંબંધિ જ્ઞાન, કરવામાં આવતું કર્મ અને યજ્ઞાદિક કર્મનો કર્તા, આ ત્રણેયને, સત્ત્વ, રજ અને તમ એ ત્રણેય ગુણોને તેના તેના કાર્યભેદથી જેમાં યથાર્થપણે પ્રતિપાદન કરવામાં આવે છે. એવા ગુણકાર્ય પ્રતિપાદક શાસ્ત્રમાં, સત્ત્વાદિક ગુણોના ભેદથી ત્રણ પ્રકારે જ કહેવામાં આવે છે. તે પણ યથાર્થ રીતે મેં કહેવા માંડેલાં તેને સાંભળ ? ॥૧૯॥

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥२०॥

-: શ્લોકાર્થ :-

બ્રાહ્મણાદિક વિભાગથી રહેલાં સર્વ ભૂત-પ્રાણીમાત્રમાં, અવિભકત-બ્રાહ્મણાદિક વિભાગવ્યવસ્થા જેમાં નથી. એવા-એક અવિષમ અવ્યય-અવિનાશી આત્માને જે જ્ઞાને કરીને જુએ છે-જાણે છે. તે જ્ઞાનને સાત્ત્વિક જ્ઞાન જાણ ! ॥૨૦॥

-: ભાષ્યાર્થ :-

તેમાં પ્રથમ સાત્ત્વિકાદિક જ્ઞાનના ભેદો ત્રણ શ્લોકથી કહે છે.

ભિન્ન ભિન્ન શાસ્ત્રીય કર્મના વિભાગે યુક્ત રહેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને વર્ણી, ગૃહી, વાનપ્રસ્થાદિક ભેદવાળા સર્વ મનુષ્યોમાં, જે જ્ઞાનથી, એક-જ્ઞાનરૂપ એક આકારને લીધે અવિષમ, અવિભક્ત-બ્રાહ્મણાદિક જાતિભેદોથી જણાતા વિભાગે રહિત, અવ્યય-વ્યય સ્વભાવવાળા બ્રાહ્મણાદિક દેહોમાં વ્યય સ્વભાવે રહિત, અર્થાત્ વિકારશૂન્ય અવિનાશી એવા ભાવને-આત્મારૂપ વસ્તુને કર્મના આરંભસમયમાં જુએ છે - વિચારે છે. તે જ્ઞાનને સાત્ત્વિક જ્ઞાન એમ જાણ ? એ એકાદશ સ્કન્ધમાં કહ્યું છે - "કેવળ આત્માનું જ્ઞાન સાત્ત્વિક જ્ઞાન છે. દેહ-આત્માનું વૈકલ્પિક જ્ઞાન રાજસ જ્ઞાન છે. પ્રાકૃત-માયિક પદાર્થનું જ્ઞાન તામસ છે. અને મારા સ્વરૂપનું જ્ઞાન નિર્ગુણ જ્ઞાન છે." ॥૨૦॥

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान् पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥२१॥

-: શ્લોકાર્થ :-

બ્રાહ્મણાદિક સર્વ ભૂતોમાં ભિન્ન ભિન્ન પ્રકારના જુદા જુદા ભાવોને પૃથક્ પૃથક્પણે જે જ્ઞાનથી જાણે છે. તે જ્ઞાનને રાજસ જ્ઞાન જાણ ! ॥૨૧॥

-: ભાષ્યાર્થ :-

હવે - રાજસ જ્ઞાન કહે છે.

તુ શબ્દ પ્રથમ કહેલ સાત્ત્વિક જ્ઞાનથી વિલક્ષણતા જણાવે છે. બ્રાહ્મણાદિક કર્માધિકારી સર્વ ભૂતોમાં રહેલા જીવાત્મારૂપ ભાવોને, જુદી જુદી જાતિરૂપે કરીને, અને જુદા જુદા આશ્રમરૂપે કરીને નાના પ્રકારના કર્તૃત્વ, મમત્વ અને ફળના સંગમાં અર્હ એવાને કર્મના આરંભ સમયમાં જે જ્ઞાનથી જાણે છે - સમજે છે. તે જ્ઞાનને રાજસ જ્ઞાન જાણ ! ॥૨૧॥

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ।।२२।।

-: શ્લોકાર્થ :-

અને જે જ્ઞાન તો એક જ કાર્યમાં સમગ્ર ફળવાળામાં જ જેમ, એમ આસક્ત થાય, ઇચ્છિત ફળનું અનુસંધાન પણ જેમાં ન હોય, તત્ત્વાર્થ સિવાયનું અને જે તુચ્છ ફળ પમાડનારું હોય, તે તામસ જ્ઞાન કહેલું છે. ॥૨૨॥

-: ભાષ્યાર્થ :-

હવે - તામસ જ્ઞાન કહે છે.

આ શ્લોકમાં પણ તુ શબ્દ રાજસ જ્ઞાનથી વૈલક્ષણ્ય જણાવે છે. એક જ કાર્ય જે કરવા માંડ્યું હોય એવા ભૈરવ, યક્ષ અને ભૂતના ગણો, એ આદિકના ઉપાસનરૂપ અતિ ઉતરતા તુચ્છ ફળ આપનારા કર્મમાં સઘળા - મોટા ફળને આપનારા કર્મમાં જ અને જેમ એમ આસક્ત થયેલું, પોતાના ઇચ્છિત ફળનું અનુસંધાન પણ જેમાં ન હોય, મિથ્યાભૂત નકામા અર્થવાળું હોય અને તામસ દેવની ઉપાસનારૂપ હોવાથી અતિ અલ્પ ફળ આપનારું હોય, આવું જે જ્ઞાન તે તામસ જ્ઞાન કહેલું છે. ॥૨૨॥

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ।।२३।।

-: શ્લોકાર્થ :-

નિયત-અવશ્ય પ્રાપ્ત, સંગ-આસક્તિએ રહિત અને ફળની ઈચ્છા નહિ રાખનારા નિષ્કામ પુરુષે રાગ-દ્વેષ સિવાય કરેલું જે કર્મ તે સાત્ત્વિક કર્મ કહેવાય છે. ॥૨૩॥

-: ભાષ્યાર્થ :-

હવે - સાત્ત્વિકાદિક ભેદોથી કર્મમાં રહેલા ત્રણ પ્રકારનાં ભેદો ત્રણ શ્લોકથી કહે છે.

નિયત-પોતાના વર્ણાશ્રમના કર્તવ્યપણે કહેલું હોવાથી નિત્યપ્રાપ્ત, કર્તૃત્વમમત્વાદિક આસક્તિએ રહિત, ફળપ્રાપ્તિના આકાંક્ષાએ રહિત નિષ્કામ પુરુષે આચરેલું અને તે પણ સત્કીર્તિમાં પ્રીતિરૂપ રાગ અને અસત્કીર્તિમાં અપ્રીતિરૂપ દ્વેષ આ બન્નેથી રહિતપણે જે કર્મ અનુષ્ઠાન કરવામાં આવતું હોય, તે સાત્ત્વિક કર્મ કહેવાય છે. આવા કર્મના ભેદો એકાદશમાં કહ્યા છે "કર્મની ઈચ્છા નહિ રાખતાં મદર્પણ બુદ્ધિથી કરેલું પોતાનું કર્મ સાત્ત્વિક કર્મ છે. ફળની કલ્પના કરીને કરેલું કર્મ રાજસ કર્મ છે. અને હિંસા પ્રધાન જેમાં હોય એવાં કર્મ તામસ કર્મ છે." ॥૨૩॥

यत्तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥२४॥

-: શ્લોકાર્થ :-

જે કર્મ તો ફળની ઈચ્છાથી પ્રેરાઈને કરેલું હોય અને અહંકાર-અભિનિવેશ પણ જેમાં પૂરો હોય, તેમ બહુ પ્રયાસવાળું જે કર્મ હોય, આવું કર્મ તે રાજસ કર્મ કહેલું છે. ॥૨૪॥

-: ભાષ્યાર્થ :-

રાજસ કર્મનો ભેદ કહે છે.

તુ શબ્દ સાત્ત્વિક કર્મથી વૈલક્ષણ્યને જણાવનારો છે. જે યજ્ઞાદિક કર્મ અનિયતપણે ફળની ઈચ્છાવાળા અને કર્તૃત્વાદિકના અભિનિવેશે યુક્ત સકામ પુરુષે કરેલું અને તે પણ ઘણો જ પ્રયાસ જેમાં વારંવાર પડતો હોય, એ પ્રમાણે કરેલું કર્મ તે રાજસ કર્મ કહેલું છે. ॥૨૪॥

अनुबन्धं क्षयं हिंसामनवेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥२५॥

-: શ્લોકાર્થ :-

પરિણામે થનારું ફળ, અર્થાદિકનો થતો વિનાશ, પ્રાણીઓની થતી હિંસા, તેમજ પોતાનું સામર્થ્ય, આ સઘળાનો વિચાર-વિવેક કર્યા સિવાય જ કેવળ મોહ-મમતાથી જે કર્મ આરંભાય છે. તે તામસ કર્મ કહેવાય છે. ॥૨૫॥

-: ભાષ્યાર્થ :-

તામસ કર્મ કહી બતાવે છે.

પાછળથી થનારા સારા-નરસા ફળને, તેમાં થતા અર્થવિનાશને -દ્રવ્યની ખુવારીને, પ્રાણીઓને થતી પીડાને અને પોતાના સામર્થ્યને પણ કોઈ પ્રકારે નહિ વિચારતાં વિપરીત જ્ઞાનથી પ્રેરાઈને મનુષ્યોએ જે કાર્ય આરંભાય છે, તે તામસ કર્મ કહેલું છે. ॥૨૫॥

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥२६॥

-: શ્લોકાર્થ :-

ફળમાં આસક્તિ જેણે છોડી દીધી છે, અહંકારભર્યું વચન પણ નહિ બોલનારો, ધૈર્ય અને સતત ઉત્સાહ રાખનારો, કાર્યની સિદ્ધિ-અસિદ્ધિમાં પણ શોક-મોહાદિક વિકાર નહિ પામનારો, આવો કર્તા સાત્ત્વિક કર્તા કહેવામાં આવે છે. ॥૨૬॥

-: ભાષ્યાર્થ :-

હવે- ગુણભેદથી કર્તાનું ત્રૈવિધ્ય કહે છે.

કર્મના ફળની આસક્તિએ રહિત વર્તનારો, કોઈ પ્રકારના ગર્વ ભરેલું વચન પણ નહિ ઉચ્ચારનારો, અથવા પોતાના ગુણની શ્લાઘા પોતે નહિ કરનારો, પોતે આરંભેલા કાર્યનો પરિત્યાગ ન કરવારૂપ ધૃતિ-ધૈર્ય રાખનારો, આ કાર્ય મારે પાર પાડવું જ છે. એવા નિશ્ચયપૂર્વકની બુદ્ધિવાળો, અને સિદ્ધિ-અસિદ્ધિમાં નિર્વિકાર, એટલે કે—સંગ્રામ યજ્ઞાદિક કર્મમાં અને તેના સાધનભૂત દ્રવ્યસંપાદનાદિક કર્મમાં, સિદ્ધિ-અસિદ્ધિમાં હર્ષ-શોકરૂપ વિકારે શૂન્ય એવો જે પુરુષ તે સાત્ત્વિક કર્તા મેં

કહેવાય છે - હું કહું છું. તે જ પ્રમાણે કર્તાના ભેદો એકાદશ સ્કંધમાં કહ્યા છે "આસક્તિ વિનાનો કર્તા સાત્ત્વિક છે. રાગે કરીને અંધ બની ગયેલો કર્તા રાજસ કહ્યો છે. સાર-અસારની સ્મૃતિથી ભ્રષ્ટ થયેલો તામસ કર્તા છે. અને મારો આશ્રય રાખીને કર્મ કરનારો નિર્ગુણ કર્તા છે." ॥૨૬॥

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥२७॥

-: શ્લોકાર્થ :-

આસક્તિવાળો, કર્મના ફળને ઇચ્છનારો, ઉચિત દ્રવ્ય પણ નહિ ખર્ચનારો, હિંસામાં રૂચિવાળો, અપવિત્રપણે વર્તનારો અને વારંવાર હર્ષ-શોક પામનારો, આવો કર્તા રાજસ કર્તા કહેલો છે. ॥૨૭॥

-: ભાષ્યાર્થ :-

હવે રાજસ કર્તા કહે છે.

સ્ત્રી, પુત્ર અને ધનાદિક પદાર્થોમાં સ્નેહે યુક્ત-રાગવાળો, કર્મફળની પ્રબળ અભિલાષાવાળો, આરંભેલા કાર્યમાં ઉચિત દ્રવ્યોનો વ્યય કરવાના સ્વભાવે રહિત, બીજાઓને દુઃખ કરવારૂપ હિંસામાં આત્મા-મન અથવા સ્વભાવ જેનો છે. અર્થાત્ બીજાઓને પીડા કરીને યજ્ઞાદિક કર્મ કરનારો, શાસ્ત્રીય કર્મ કરવામાં કહેલી પવિત્રતા નહિ રાખનારો અને યુદ્ધ કે યજ્ઞાદિક આરંભેલા કાર્યની સિદ્ધિ-અસિદ્ધિમાં હર્ષ-શોક પામનારો, આવો જે કર્તા તે રાજસ કર્તા કહેલો છે. ॥૨૭॥

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥२८॥

-: શ્લોકાર્થ :-

શાસ્ત્રીય કર્મ આચરવામાં ગાફલ વર્તનારો, પ્રાકૃત-વિવેકશૂન્ય, પામર, ગુરુ-દેવાદિકની આગળ પણ અનમ્ર વર્તનારો, શઠ, ઠગારો, આળસ્ય રાખનારો પ્રમાદી, સદાય અસંતુષ્ટ રહીને ખેદ પામનારો અને દીર્ઘસૂત્રી, આવો કર્તા તામસ કર્તા કહેવાય છે. ॥૨૮॥

-: ભાષ્યાર્થ :-

હવે તામસ કર્તા કહે છે.

શાસ્ત્રીય કર્મના આચરણથી વિરૂદ્ધ આચરણવાળો હોવાથી તે કાર્ય - કરવામાં અસાવધાન વર્તનારો, સચ્છાસ્ત્રમાં કહેલા વિવેકે શૂન્ય હોવાથી પામર જેવો, સ્તબ્ધ- ગુરુ અને દેવ આદિકની સમીપમાં પણ અનમ્ર-ઉદ્ધત, શઠ- અભિચાર વિગેરે કર્મ કરવામાં રાગવાળો, મનુષ્યોને ઠગવામાં તત્પર વર્તનારો, આરંભ કરી દીધેલા કાર્યોમાં પણ પ્રવૃત્તિ નહિ કરનારો- આળસુ, સદાય અસંતોષી સ્વભાવને લીધે દીર્ઘ કાળ સુધી શોક કરવાના સ્વભાવવાળો અને દીર્ઘસૂત્રી જે કાર્ય તત્કાળ કે એકાદ દિવસમાં કરવાનું હોય તેને એકમહિને કે બે મહિને પણ ન કરે, આવા સ્વભાવવાળો જે પુરુષ હોય તે તામસ કર્તા કહેલો છે. ॥૨૮॥

**बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं श्रृणु ।**
**प्रोच्यमानमशेषेण पृथक्त्वेने धनञ्जय ! ॥२९॥**

**-: શ્લોકાર્થ :-**

હવે બુદ્ધિના અને ધૃતિના પણ ગુણે કરીને થતા ત્રણ પ્રકારના ભેદ હે ધનંજય ! હું જુદા-જુદા વિક્તિપૂર્વક કહીશ તેને સમગ્રપણે તું સાવધાન થઈને સાંભળ ! ॥૨૯॥

**-: ભાષ્યાર્થ :-**

હવે બુદ્ધિ અને ધૃતિ એ બેની ગુણથી ત્રિવિધતા સાત શ્લોકથી કહી બતાવે છે.

હે ધનજંય ! વિવેકે સહિત નિશ્ચયાત્મક જ્ઞાનરૂપ બુદ્ધિનો, અને આરંભ કરી દીધેલાં કાર્યોમાં વિઘ્ન આવી પડે તો પણ તેને હરકોઈ પ્રકારે પાર પાડવાના સામર્થ્ય રૂપ ધૈર્યનો, પૃથક્-પૃથક્પણે મેં કહેલો સત્ત્વાદિક ગુણોથી પડતો ત્રણ પ્રકારનો ભેદ સમગ્રપણે સાંભળ !- સાંભળવાને સાવધાન થઈ જા ! ॥૨૯॥

**प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।**
**बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ ! सात्त्विकी ॥३०॥**

**-: શ્લોકાર્થ :-**

હે પાર્થ ! જે બુદ્ધિથી મનુષ્યો પ્રવૃત્તિ અને નિવૃત્તિને જાણે છે. તેમજ કાર્ય-અકાર્યને, ભય-અભયને, તથા બંધ-મોક્ષને પણ જાણે છે. તે સાત્ત્વિકી ઉત્તમ બુદ્ધિ છે. ॥૩૦॥

-: ભાષ્યાર્થ :-

તેમાં પહેલાં સાત્ત્વિકાદિક ભેદોથી બુદ્ધિનું ત્રૈવિધ્ય કહે છે.

હે પાર્થ ! પ્રવૃત્તિને - અર્થ અને કામના સાધનભૂત પ્રવૃત્તિ - ધર્મને, નિવૃત્તિને મોક્ષમાં ઉપાયભૂત નિવૃત્તિ -ધર્મને, તથા કાર્ય-અકાર્યને - પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મમાં નિષ્ઠાવાળા વર્ણાશ્રમમાં રહેલા મનુષ્યોનો દેશ, કાળ અને અવસ્થાઓના ભેદને લીધે કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય એવાં કર્મને, તથા ભય-અભયને- શાસ્ત્રમાં વિહિત નહિ એવા ધર્મનું આચરણ કરવાને લીધે ભય આપનારું અને શાસ્ત્રમાં વિહિત એવા ધર્મને આચરનારને અભય આપનારું, આવા બન્ને પ્રકારના કર્મને, તથા બંધનરૂપ સંસારને અને તેનાથી છૂટા થવા રૂપ મોક્ષના સ્વરૂપને જે બુદ્ધિ જાણે છે. તે સાત્ત્વિકી બુદ્ધિ છે. અહીંયાં यया ! એમ તૃતીયાને બદલે या! એમ પ્રથમા વિભક્તિથી જે નિર્દેશ કર્યો છે. તે તો કારણરૂપ અર્થમાં કર્તાપણાનો ઉપચાર-વ્યવહાર કરેલો છે, એમ જાણવું. અને તેથી જે બુદ્ધિ જાણે છે એને સ્થાને જે બુદ્ધિથી જાણે છે. એમ અર્થ કરવો. આ પ્રયોગ ઇન્ધનોથી રાંધે છે એને સ્થાને ઇન્ધનો રાંધે છે. એના જેવો છે. ॥૩૦॥

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।<br>
अयथावत् प्रजानाति बुद्धिः सा पार्थ ! राजसी ॥३१॥

-: શ્લોકાર્થ :-

હે પાર્થ ! જે બુદ્ધિથી ધર્મ-અધર્મને, તથા કાર્ય-અકાર્યને પણ અયથાર્થપણે જાણે છે. અર્થાત્ ખરી રીતે વાસ્તવિકપણે નથી સમજતો તે રાજસી મધ્યમ બુદ્ધિ છે. ॥૩૧॥

-: ભાષ્યાર્થ :-

હવે રાજસી બુદ્ધિ કહે છે.

માણસ જે બુદ્ધિથી પૂર્વ શ્લોકમાં કહેલા બન્ને પ્રકારના ધર્મને તથા તેથી વિરૂધ્ધ આચરણરૂપ અધર્મને, તથા વર્ણાશ્રમ-મર્યાદામાં રહેલા મનુષ્યોને દેશ, કાળ અને બાલ્યાદિક અવસ્થાઓના પ્રમાણમાં કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય, આ બધાને અયથાર્થપણે જાણે છે. અર્થાત યથાર્થ્ સમજી શકાતો નથી. હે પાર્થ ! તે બુદ્ધિ રાજસી બુદ્ધિ જાણવી. આ શ્લોકમાં यया એમ તૃતીયાને નિર્દેશ છે. માટે આગળના શ્લોકમાં પણ કરણ અર્થમાં જ કર્તારૂપ અર્થનો આરોપ જાણવો. ॥૩૧॥

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥३२॥

-: શ્લોકાર્થ :-

અને હે પાર્થ ! તમોગુણથી આવરણ પામેલી જે બુદ્ધિથી અધર્મને ધર્મ એમ માને છે. તેમજ સઘળા અર્થોને-શાસ્ત્રમાં કહેલા સદર્થોને પણ વિપરીત જ માને છે. તે બુદ્ધિ તો તામસી અધમ બુદ્ધિ જાણવી. ॥૩૨॥

-: ભાષ્યાર્થ :-

હવે તામસી બુદ્ધિ કહે છે.

તમોગુણથી આવરણ પામેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ એમ માને છે. તેમજ સઘળા જાણવા યોગ્ય અર્થોને પણ વિપરીત-અવળા જ માને છે. અર્થાત્ અધર્મને ધર્મ માને છે. અને ધર્મને અધર્મ માને છે. સાધુ પુરુષને અસાધુ માને છે. અને અસાધુને સાધુ માને છે. એમ સઘળું વિપરીત જ જાણે છે. હે પાર્થ ! તે બુદ્ધિ તામસી બુદ્ધિ જાણવી. ॥૩૨॥

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ ! सात्त्विकी ॥३३॥

-: શ્લોકાર્થ :-

બીજા વિષયોમાં વ્યભિચાર નહિ પામનારી એવી જે ધૃતિથી મન, પ્રાણ અને ઈન્દ્રિયોની ક્રિયાઓને ભક્તિયોગની સિદ્ધિ માટે વશ કરાય છે. હે પાર્થ ! તે સાત્ત્વિકી ધૃતિ જાણવી. ॥૩૩॥

-: ભાષ્યાર્થ :-

હવે ગુણના ભેદથી ત્રણ પ્રકારની ધૃતિ કહે છે.

અવ્યભિચારિણી- મારા સિવાય બીજા કોઈ વિષયોમાં વ્યભિચાર નહિ પામનારી, અર્થાત્ બીજા વિષયોને નહિ જ ધારણ કરનારી, એવી જે ધૃતિથી-ધૈર્યથી, પુરુષ મન, પ્રાણ અને ચક્ષુ આદિક ઈન્દ્રિયોથી ક્રિયાઓરૂપ કર્મને, મારા ભક્તિયોગ-નિમિત્તે જ ધારણ કરે છે. એટલે કે મારી ઉપાસના કરવાની પ્રવૃત્તિમાં જ વશ કરીને રોકે છે. હે પાર્થ ! તારે તેને સાત્ત્વિકી ધૃતિ જાણવી. ॥૩૩॥

यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ! ।
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ ! राजसी ॥३४॥

-: શ્લોકાર્થ :-

હે અર્જુન ! જે ધૃતિથી તો ફળની આકાંક્ષાવાળો પુરુષ ધર્મ, અર્થ અને કામ, તેને અતિ આસક્તિપૂર્વક ધારે છે-મૂકી શકતો નથી, હે પાર્થ ! તે રાજસી ધૃતિ જાણવી. ॥૩૪॥

-: ભાષ્યાર્થ :-

સાત્વિકી ધૃતિ કહીને હવે રાજસી ધૃતિ કહે છે.

શ્લોકમાં રહેલો તુ શબ્દ સાત્ત્વિકી ધૃતિથી રાજસી ધૃતિની વિલક્ષણતા જણાવે છે. હે અર્જુન ! જે ધૃતિથી - ધૈર્ય કર્મફળની અભિલાષાવાળો પુરુષ ધર્મ, અર્થ અને કામ, તેને બહુ જ આસક્તિથી ધારણ કરે છે. એટલે કે - મોક્ષ પમાડનારા ધર્મનું જ્ઞાન હોવા છતાં પણ એ ધર્મ, અર્થ અને કામને છોડતો નથી. હે પાર્થ ! તે રાજસી ધૃતિ જાણવી. ॥૩૪॥

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ ! तामसी ॥३५॥

-: શ્લોકાર્થ :-

કુબુદ્ધિવાળો મનુષ્ય જે ધૃતિથી સ્વપ્ન-નિદ્રા, ભય, શોક, વિષાદ—ખેદ અને મદ-ગર્વ, આ સર્વને છોડી શકતો નથી, હે પાર્થ ! તે તામસી ધૃતિ જાણવી. ॥૩૫॥

-: ભાષ્યાર્થ :-

હવે તામસી ધૃતિ કહે છે.

દુષ્ટ-બહુ જ અવિવેકવાળી બુદ્ધિ જેને છે. એવા પ્રકારનો જે પુરુષ જે ધૃતિથી, સ્વપ્ન-ખૂબ નિદ્રા, ભય-ભય પમાડનારું ખરાબ કર્મ, શોક-ધન કે પુત્રાદિકનો નાશ થવાથી અતિશય ઘણો વખત શોક કર્યા કરવો, વિષાદ-ખેદ અને મદ-વિદ્યા, ધન અને કુળાભિમાનથી થયેલું ઉદ્ધતપણું, આવા દુર્ગુણોને છોડે જ નહિ, સદાય રાખ્યા જ કરે. હે પાર્થ ! તે તામસી - તમોગુણપ્રધાન ધૃતિ જાણવી. ॥૩૫॥

सुखं त्विदानीं त्रिविधं श्रृणु मे भरतर्षभ ! ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥३६॥

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥३७॥

**-: શ્લોકાર્થ :-**

હે ભરતર્ષભ ! હવે-હમણાં મારા થકી ત્રણ પ્રકારનું સુખ તું સાંભળ ! જે સુખમાં સહજ અભ્યાસથી જ રમે છે-સ્થિતિ પામે છે, અને સાંસારિક કલેશના અંતને પણ પામે છે. ॥૩૬॥

વળી-જે અભ્યાસ વખતે વિષ સમાન લાગે છે. અને પરિણામે અમૃતને તુલ્ય નીવડે છે. આવું પોતાની આત્મનિશ્ચયક બુદ્ધિની પ્રસન્નતાથી થયેલું સુખ તે સાત્ત્વિક સુખ કહેલું છે. ॥૩૭॥

**-: ભાષ્યાર્થ :-**

હવે ગુણને લીધે ત્રણ પ્રકારનું સુખ ચાર શ્લોકથી કહે છે.

હે ભરતર્ષભ ! હવે- હમણાં મેં કહેવા માંડેલું ત્રણ પ્રકારનું સુખ તું સાંભળ! તેમાં પ્રથમ સાત્ત્વિક સુખ નિરૂપણ કરે છે. જે સુખમાં બહુ કાળના પરિચયરૂપ અભ્યાસથી જે પુરુષ આનંદ પામે છે. તે પુરુષ દુઃખ-મરણાદિક સાંસારિક ક્લેશના અંતને પારને સર્વથા પામે છે. ॥૩૬॥

જે સુખ પ્રથમ ધ્યાનનો અભ્યાસ કરવાના સમયમાં, ઇન્દ્રિયો અને મનની વિષયમાં પ્રવણતાને લીધે એકાગ્રતા નહિ રહેવાથી દુઃસાધ્ય હોવાથી અને પ્રત્યગાત્માનો અનુભવ પણ પ્રાપ્ત થયો ન હોય, તેથી વિષ જેવું જ - દુઃખ જ આપનારું હોય એવું જણાય છે. અને પરિણામે-અંતે તો ઇન્દ્રિયો અને મનના નિયમનરૂપ અતિ દૃઢ અભ્યાસના બળથી ધ્યાનનો પરિપાક-સિદ્ધ દશા પ્રાપ્ત થઈ ગયા પછી તો અમૃત જેવું લાગે છે. આવું આત્મનિશ્ચયક બુદ્ધિની રજોગુણ-તમોગુણરૂપ મળની નિવૃત્તિરૂપ પ્રસન્નતા-નિર્મળતા થકી થયેલું, જે સુખ તે સાત્ત્વિક સુખ કહેલું છે. તે જ પ્રમાણે સુખના ભેદો એકાદશમાં કહેલા છે - "આત્મસ્વરૂપના અનુભવથી થયેલું સુખ સાત્ત્વિક સુખ છે. વિષયાનુભવથી થયેલું સુખ રાજસ છે. મોહ અને દીનતાથી પ્રાપ્ત કરેલું સુખ તામસ છે. અને મારા સંબંધવાળું સુખ નિર્ગુણ સુખ છે. ॥૩૭॥

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥३८॥

-: શ્લોકાર્થ :-

વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી જે અનુભવ વખતે અમૃતને તુલ્ય મીઠું લાગે છે. પણ પરિણામે વિષની માફક દુઃખદાયી નીવડે છે. તે રાજસ સુખ કહેલું છે. ॥૩૮॥

-: ભાષ્યાર્થ :-

હવે રાજસ સુખ કહે છે.

શબ્દાકિ વિષયો અને ઈન્દ્રિયોના સંબંધથી થતું જે સુખ તે સુખ તેનો પરિણામ થતા પહેલાં ભોગ સમયમાં તો અમૃત જેવું મીઠું-સુસ્વાદુ લાગે છે. પણ પરિણામે ફળદશામાં તો પાપાચરણે યુક્ત હોવાથી વિષયસુખને નરકના દુઃખનું હેતુપણું છે માટે હલાહલ વિષ જેવું જ થાય છે. તે સુખ આત્મસુખને જાણનારા જ્ઞાની જનોએ રાજસ સુખ કહેલું છે. ॥૩૮॥

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ।।३९।।

-: શ્લોકાર્થ :-

જે સુખ ભોગવતી વખતે અને પરિણામે પણ જીવાત્માને કેવળ મોહને જ કરનારું થાય છે. તેમજ નિદ્રા, આલસ્ય અને પ્રમાદ, તેનાથી પ્રાપ્ત થતું સુખ તે તામસ સુખ કહેલું છે. ॥૩૯॥

-: ભાષ્યાર્થ :-

હવે તામસ સુખ કહે છે.

અનુભવ વખતે અને પાછળથી પરિપાક-ફળદશા વખતે પણ જીવાત્માને જ્ઞાનના વિપરીતપણારૂપ મોહને જ ઉત્પન્ન કરનારું એવું નિદ્રા, ઈન્દ્રિયોના ઉદ્યમની શિથિલતારૂપ આલસ્ય અને કર્તવ્યને ભૂલવારૂપ પ્રમાદ, તેમાંથી ઉત્પન્ન થયેલું જે સુખ તેને આત્મસુખને જાણનારા જ્ઞાનીજનોએ તામસ સુખ કહેલું છે.

આ કહ્યું એ પ્રમાણે રજોગુણ-તમોગુણનાં કાર્યોને દુઃખ ઉત્પન્ન કરવાપણું છે. તેથી મુમુક્ષુ જનોએ રજોગુણ-તમોગુણને જીતીને બ્રહ્મસુખને પમાડનારું શુદ્ધ સત્ત્વ જ ગ્રહણ કરવા યોગ્ય છે. એમ સર્વસચ્છાસ્ત્રનો સિદ્ધાન્ત છે. જુઓ તે પ્રમાણે ભાગવતમાં કહે છે - ‘‘પૃથ્વીના વિકારભૂત કાષ્ટમાંથી ધૂમ ઉત્પન્ન થાય છે. તેમાંથી વેદત્રયીમાં કહેલાં યજ્ઞાદિક કર્મની સિદ્ધિ કરનારો અગ્નિ થાય છે. તે જ પ્રમાણે તમોગુણમાંથી રજોગુણ અને તેમાંથી સત્ત્વગુણ કે જે સત્ત્વગુણની સંપત્તિમાં બ્રહ્મ દર્શન પ્રાપ્ત કરાય છે.’’ ॥૩૯॥

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥४०॥

-: શ્લોકાર્થ :-

હે અર્જુન ! પૃથ્વી ઉપર મનુષ્યોમાં અથવા તો સ્વર્ગમાં દેવતાઓમાં એવું કોઈ પ્રાણી નથી કે જે આ પ્રકૃતિથી ઉપજેલા ત્રણ ગુણોથી રહિત હોય. ॥૪૦॥

-: ભાષ્યાર્થ :-

ગુણકાર્યના નિરૂપણનું પ્રકરણ સંકેલી લેતાં કહે છે.

પાતાળાદિક સાતેય લોકે યુક્ત પૃથ્વી લોકમાં રહેલા મનુષ્યાદિક જનોમાં અને બ્રહ્મલોક સુધીના સ્વર્ગમાં રહેલા બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવતાઓમાં પણ, આ સત્ત્વાદિક—પ્રકૃતિમાંથી થયેલા ત્રણ ગુણોથી રહિત હોય એવો જે જીવ-પ્રાણીમાત્ર તે છે જ નહિ અર્થાત્ ત્રણ ગુણોથી બંધાયેલો જ છે. ॥૪૦॥

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परन्तप ! ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥४१॥

-: શ્લોકાર્થ :-

હે પરંતપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોનાં તેમજ શૂદ્રોનાં પણ કર્મ સ્વભાવથી થયેલા ગુણોને લીધે-ગુણો પ્રમાણે જ જુદાં જુદાં વિભાગથી કહેલાં છે. ॥૪૧॥

-: ભાષ્યાર્થ :-

સત્ત્વાદિક ગુણોએ યુક્ત બ્રાહ્મણાદિક ચારેય વર્ણના મનુષ્યોનાં, મોક્ષની પ્રાપ્તિ માટે પ્રથમના છ અધ્યાયમાં કર્તવ્યપણે કહેલાં-પોત-પોતાના ગુણને અનુસારે રહેલાં તેમનાં જુદાં જુદાં કર્મ, પોતાની ઉપાસનાની સિદ્ધિને માટે ભગવાન શ્રીકૃષ્ણપરમાત્મા કહે છે.

હે પરંતપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, કે જેઓ વૈદિક કર્મમાં અધિકાર વાળા છે. તેમનાં, તથા શૂદ્ર જાતિના મનુષ્યોનાં પણ, કર્મો, સ્વભાવથી થયેલા ગુણોથી, એટલે કે -પોતાને બ્રાહ્મણાદિક જન્મ પ્રાપ્ત થવામાં કારણભૂત એવાં પ્રાચીન કર્મ તેનાથી પ્રગટ થયેલા સત્ત્વાદિક ગુણોને અનુસારે શાસ્ત્રમાં જુદાં જુદાં વિભાગપૂર્વક કહેલાં છે.

બ્રાહ્મણાદિક ત્રણેય વર્ણના વાચક શબ્દોનો સમાસ કરીને એક ભેગું પદ કહેવામાં આવ્યું છે. તે તો તેમને દ્વિજત્વ હોવાથી વેદાધ્યયનાદિક સમાન ધર્મવાળાપણું જણાવવા માટે છે. ॥૪૧॥

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥४२॥

-: **શ્લોકાર્થ** :-

શમ, દમ, તપ, બે પ્રકારનું શૌચ, ક્ષમા, આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકતા, આ સઘળાં બ્રાહ્મણને સ્વભાવપ્રાપ્ત કર્મ કહેલાં છે. ॥૪૨॥

-: **ભાષ્યાર્થ** :-

તેમાં પ્રથમ બ્રાહ્મણને સત્ત્વગુણને અનુસારે રહેલાં કર્મ કહે છે.

**શમ**-અન્તઃકરણનો સંયમ, **દમ**-ઈન્દ્રિયોનો સંયમ, તપ-પૂર્વે કહ્યું છે તેવું, **શૌચ**-બાહ્ય આભ્યન્તરપણે કરીને બે પ્રકારનું, **ક્ષાન્તિ**-ક્ષમા, **આર્જવ**-અવક્રતા-સરલતા, **જ્ઞાન**-શાસ્ત્રશ્રવણથી કે અધ્યયનથી થયેલું જ્ઞાન, **વિજ્ઞાન**-સાક્ષાત્ અનુભવાત્મક જ્ઞાન, અને **આસ્તિકય**-જે ભગવાન પુરુષોત્તમ સર્વકારણપણે કરીને સર્વ વેદાદિક સચ્છાસ્ત્રોમાં પ્રતિપાદન કરવામાં આવ્યા છે. તે ભગવાન પુરુષોત્તમ જ અનાદિ અવિદ્યારૂપ અજ્ઞાનથી બંધાયેલા જીવાત્માઓએ ભજવા-સેવવા યોગ્ય છે. અને તેના જ ભજન-ઉપાસનથી મનુષ્યો ધર્માદિક ચતુર્વર્ગની સિદ્ધિને પામે છે. આવો જે દૃઢ-અડગ નિશ્ચય, તે આ પોતાના સાત્ત્વિક-સત્ત્વગુણ પ્રધાન સ્વભાવને અનુસારે જ બ્રાહ્મણ જાતિના મનુષ્યનું કર્મ છે ! બ્રાહ્મણના ધર્મો અને આજીવિકાના પ્રકાર સ્કન્દપુરાણમાં કહેવામાં આવ્યા છે- "**શમ, દમ, શૌચ, આસ્તિકતા,** સર્વ નિયંતા પ્રભુની **ભક્તિ, તપ, જ્ઞાન** અને **વિજ્ઞાન,** આ બધો બ્રાહ્મણનો સ્વાભાવિક ધર્મ છે. **અધ્યાપન**-ભણવું-ભણાવવું, **યાજન**-યજ્ઞ કરવા અને કરાવવા અને વિશુદ્ધ વર્તનવાળા ન્યાયથી દ્રવ્ય સંપાદન કરનારા પુરુષ થકી પ્રતિગ્રહ કરવો. તે વિપ્ર જાતિના પુરુષને આજીવિકા કહેલી છે.તેમાં છેલ્લી-પ્રતિગ્રહ વૃત્તિ તો આપત્કાળમાં જ માનેલી છે. વળી - જે દ્વિજોત્તમ યાજન અને અધ્યાપનમાં પણ દોષદર્શી હોય તો તેને બીજી પણ ચાર પ્રકારની વૃત્તિ-આજીવિકા મેળવવાનું સાધન કહેલ છે. **શીલોચ્છ**-ક્ષેત્રમાંથી સલો કરવો, તેમજ દુકાનોમાંથી વેરાયેલા કણ વીણી લાવવા, **નિત્યયાચ્ચા**-દરરોજ યાવદપેક્ષિત અન્ન માગી લાવવું, **શાલીન**-માગ્યા સિવાય મળેલું અન્નાદિક અને પોતાને ઉચિત **કૃષિ**-ખેડ કરવી. આ

ચાર વૃત્તિઓમાં પૂર્વ-પૂર્વની એક-બીજા કરતાં શ્રેષ્ઠ છે. એમ દ્વિજાતિમાં શ્રેષ્ઠ પુરુષોએ જાણવી.'' એમ. ॥૪૨॥

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥४३॥

**-: શ્લોકાર્થ :-**

શૌર્ય, તેજ, ધૈર્ય, દક્ષતા, યુદ્ધમાં પણ પલાયન ન કરી જવું, દાન અને ઈશ્વરભાવ, આ બધાં ક્ષત્રિયોને સ્વભાવથી જ પ્રાપ્ત થયેલાં સહજ કર્મ છે. ॥૪૩॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - ક્ષત્રિયોને પોતાની પ્રકૃતિને અનુકૂળ કર્મ કહી બતાવે છે.

**શૌર્ય**-યુદ્ધમાં નિર્ભયતા રાખવી, **તેજ**-બીજાઓથી દબાવાય નહિ એવું **પ્રાગલ્ભ્ય**-ગંભીરતા, **ધૃતિ**-આરંભેલા સત્કર્મમાં વિક્ષેપ આવી પડે તો પણ તેને સમાપ્ત કરવાના સામર્થ્યરૂપ ધૈર્ય, **દાક્ષ્ય**-સઘળા કાર્યની સિદ્ધિ કરવાની કુશળતા, પોતાનું મૃત્યુ ઉપજાવે એવા સંગ્રામમાં પણ નાસી ન જવું એવું **સ્થૈર્ય, દાન**-પોતાના દ્રવ્યનું સત્પાત્રને અર્પણ કરવારૂપ ઔદાર્ય અને **ઈશ્વરભાવ**-મનુષ્યોનું નિયમન કરવાની શક્તિ, આ સ્વાભાવિક જ ક્ષત્રિય જાતિના પુરુષોનું કર્મ છે. ક્ષત્રિય જાતિના મનુષ્યોના ધર્મ અને જીવિકા સ્કન્દ પુરાણમાં કહ્યાં છે - ''શૂરવીરતા, ધૈર્ય,ઔદાર્ય, બળ, તેજ, શરણે આવેલાની રક્ષા કરવાનો સ્વભાવ, ગાયો, વિપ્રો અને સાધુપુરુષોની રક્ષા કરવી અને ઈજ્યા-યજ્ઞ કરવા, આ બધા ધર્મો ક્ષત્રિયના કહેલા છે. ક્ષત્રિય જાતિનો માણસ સર્વ પ્રકારે ધર્મનું રક્ષણ કરવાપૂર્વક શસ્ત્રથી પોતાની જીવિકા મેળવે અને તેમાં રાજા હોય તેને તો દેશ-કાળાદિકને સમજીને તે પ્રમાણે સઘળી પ્રજાઓને રક્ષા આદિક ગુણોથી રંજન કરીને બ્રાહ્મણ સિવાયના મનુષ્યો થકી કર લેવા એ આદિક વૃત્તિ-જીવિકા કહેલી છે.'' એમ. ॥૪૩॥

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥४४॥

**-: શ્લોકાર્થ :-**

ખેડ કરવી, ગાયો વિગેરે પશુઓનું રક્ષણ કરવું અને વાણિજ્ય-વેપાર કરવો. આ વૈશ્યોનાં સ્વભાવપ્રાપ્ત કર્મ છે. અને ત્રણ વર્ણની પરિચર્યા કરવી એ રૂપ શૂદ્રોનું પણ સ્વભાવપ્રાપ્ત કર્મ છે. ॥૪૪॥

-: ભાષ્યાર્થ :-

હવે - વૈશ્ય અને શૂદ્રનાં પોત-પોતાની પ્રકૃતિને અનુકૂળ કર્મ કહી બતાવે છે-

અનાજને ઉત્પન્ન કરવામાં કારણભૂત ખેતી કરવી, ગાય બળદ વિગેરે પશુઓનું પાલન કરવું અને ધન ઉત્પાદન કરવામાં કારણભૂત ક્રયવિક્રયરૂપ કર્મ, આ ઉપરાંત કુસીદ-વ્યાજ વટાવનો વ્યવહાર કરવો, આ બધું પોતાની પ્રકૃતિને અનુકૂળ એવું વૈશ્ય જાતિના મનુષ્યોનું કર્મ છે. અને બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના મનુષ્યોની સેવા-ચાકરી કરવી એ શૂદ્રોને પણ સ્વભાવસિદ્ધ પોતાની પ્રકૃતિને અનુકૂળ કર્મ છે. વૈશ્ય અને શૂદ્રના ધર્મ અને જીવિકાઓ સ્કન્ધ પુરાણમાં કહેલી છે - ''આસ્તિકતા, દાન આપવાની સ્વાભાવિક વૃત્તિ, સાધુ-બ્રાહ્મણોની સેવા-પૂજા કરવી, અર્થ વધારવામાં અસન્તોષ અને ઉચિત ઉદ્યમ કરવો, એ વૈશ્ય જાતિના મનુષ્યોના ધર્મ કહ્યા છે. અને કૃષિ-ખેડ કરવી, વાણિજ્ય-વેપાર કરવો, ગોરક્ષા કરવી અને ચોથી વૃદ્ધિ-વ્યાજ વટાવથી દ્રવ્ય લેવું, આ વૈશ્ય જાતિના મનુષ્યોની જીવિકા કહેલી છે. તથા આપત્કાળમાં શૂદ્રવૃત્તિથી જીવવું એમ પણ કહેલુંછે. અને હે મુનિસત્તમ ! દ્વિજાતિઓની તથા દેવતાઓની તથા ગાયોની નિષ્કપટ ભાવે સદાય સેવા કરવી, એ શૂદ્રનો વિશેષ ધર્મ કહેલો છે. માટે શૂદ્ર જાતિનો મનુષ્ય દ્વિજાતિઓની સેવા કરવામાં મળેલા દ્રવ્યથી જીવિકા કરે, અને આપત્કાળમાં તો કાર્વાદિકની જીવિકાવૃત્તિને આશરીને જીવન ચલાવે, અને ચારેય વર્ણના મનુષ્યો સત્પુરુષોનો સંગ-સમાગમ કરે પણ અસત્પુરુષોનો સંગ તો ક્યારે પણ ન કરે, કારણ કે સત્સંગ તો મુક્તિને આપનારો છે. અને કુસંગ નિરય-નરકને આપનારો છે.'' એમ. ॥૪૪॥

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।<br>
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥४५॥<br>
यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।<br>
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥४६॥

-: શ્લોકાર્થ :-

સર્વ મનુષ્યો પોત-પોતાના કર્મમાં જ અભિરત-રચ્યા-પચ્યા રહીને સંસિદ્ધિને પામે છે. હવે તે પોતાના જ કર્મમાં નિરત રહીને જેમ સિદ્ધિને પામે છે. તે તું સાંભળ ! ॥૪૫॥

જેના થકી આ ભૂત-પ્રાણીમાત્રની પ્રવૃત્તિ-આરંભ થાય છે, અને જેણે આ સઘળું જગત્ વ્યાપેલું છે. તે પરમાત્માને પોતાના કર્મથી પૂજીને-પ્રસન્ન કરીને માણસો સિદ્ધિને પામે છે. ॥૪૬॥

-: ભાષ્યાર્થ :-

શંકા-બ્રાહ્મણાદિકને કર્તવ્યપણે કહેલાં કર્મથી શું ફળ થાય ? એ શંકાના સમાધાનમાં કહે છે.

પોત-પોતાના વર્ણને સમુચિત કર્મમાં જ પ્રીતિવાળો-મંડ્યો રહેનારો પુરુષ, સંસિદ્ધિને-આત્મા-પરમાત્માના સ્વરૂપમાં જ્ઞાનનિષ્ઠાને પામે છે. તે જ્ઞાનનિષ્ઠાને કેવી રીતે પામે છે ? તે દોઢ શ્લોકથી કહે છે - પોતાના જ કર્મમાં અત્યંત પ્રેમ યુક્ત વર્તનારો ચારેય વર્ણનો મનુષ્ય જે પ્રકારે જ્ઞાનનિષ્ઠારૂપ સિદ્ધિને પામે છે. તે પ્રકાર હું કહી બતાવું છું તેને સાંભળ ! ॥૪૫॥

જે પરમેશ્વર એવા મારા થકી સર્વ ભૂત-પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને સ્થિતિ વિગેરે થાય છે. અને વળી જે પરમેશ્વર એવા મેં અંતર્યામીપણે સર્વ-અક્ષરથી લઈને સઘળું ચેતનવૃન્દ અને આ - પ્રત્યક્ષ વર્તતું પૃથ્વી વિગેરે સઘળું અચેતનવૃન્દ-જડસમુદાય, તે વ્યાપેલું છે. આ ઉપર કહ્યા એવા પોતાના સહજ કર્મથી તે પરમેશ્વર એવા મને પૂજીને-ઉપાસના કરીને જ મનુષ્ય આત્મા-પરમાત્માના સ્વરૂપથી જ્ઞાનનિષ્ઠારૂપ સિદ્ધિને પામે છે. ॥૪૬॥

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥४७॥

-: શ્લોકાર્થ :-

સારી રીતે અનુષ્ઠાન કરેલા પર ધર્મ કરતાં પણ ન્યૂન ગુણવાળો હોય તોય પોતાનો ધર્મ સારો-શ્રેય આપનારો છે, કેમકે-સ્વભાવથી જ નિયત કરેલું કર્મ કરતાં માણસ ક્યારેય કિલ્બિષ-દુઃખ અગર તો પાપ નથી પામતો. ॥૪૭॥

-: ભાવાર્થ :-

આમ વસ્તુસ્થિતિ હોવાથી કર્મયોગ જ કરવા યોગ્ય છે. એમ કહે છે -

પ્રાચીન, કર્મની વાસનાવાળા મનુષ્યને દુષ્કર હોવાથી પરધર્મ કરતાં, અર્થાત્ ઈન્દ્રિયો અને મનને સંયમમાં રાખનાર જ્ઞાની પુરુષના ધર્મભૂત જ્ઞાનયોગ નામે ધર્મ કરતાં, ક્યારેક સારી રીતે અનુષ્ઠાન કરેલા, એટલે કે - ઈન્દ્રિયોના વ્યાપારે રહિતપણાને લીધે સારા ગુણવાળા કરતાંય પણ, વિગુણ-ઈન્દ્રિયોના વ્યાપારની વિરતિરૂપ ગુણે રહિત એવોય પણ, સ્વધર્મ-પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવાથી સુખેથી કરી શકાય એવો હોવાથી સ્વધર્મભૂત કર્મયોગ, અંદર જ્ઞાન રહેલું હોય છે. માટે શ્રેયાન્-બહુ જ

વખાણવા યોગ્ય છે. અથવા- સુખેથી કરેલા-આચરેલા, પરાધર્મ કરતાં- પર જે બ્રાહ્મણ તેનો ધર્મ-શમદમાદિક પ્રધાન જેમાં છે. તે કરતાં વિગુણ-શમાદિ ગુણવર્જીત એવો સ્વધર્મ-ક્ષત્રિયધર્મ તે શ્રેયાન્- ઘણો જ સારો છે. માટે સ્વભાવથી જ નિયત-પોતાની પ્રકૃતિને અનુકૂળ સર્વે કહેલું કર્મ મારી પ્રસન્નતા માટે કરનારો પુરુષ યુદ્ધાદિક કર્મથી થયેલા હિંસારુપ કિલ્વિષને નથી પામતો. ॥૪૭॥

सहजं कर्म कौन्तेय ! सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥४८॥

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! દોષવાળું-ન્યૂન ગુણવાળું હોય તોય પોતાનું સહજ કર્મ માણસોએ તજવું જોઈએ નહિ, કેમકે-સર્વ કર્મના આરંભો જ ધૂમાડાથી અગ્નિ જ જેમ એમ દોષથી જ આવરેલા-ભરેલા છે. ॥૪૮॥

-: ભાષ્યાર્થ :-

હવે- હમણાં અલ્પ દોષવાળું હોય તો પણ પોતાનું સહજ ધર્મભૂત કર્મ ન તજવું જોઇએ. એમ કહે છે.

હે કૌન્તેય ! સહજ- બ્રાહ્મણાદિક વર્ણભેદોને લીધે તથા બ્રહ્મચારી આદિક આશ્રમભેદને અનુસરીને સાથે જ નિર્માણ થયેલું એવું કર્મ દોષવાળું હોય તો પણ ત્યાગ ન કરે. કારણ કે - સર્વ કર્મના આરંભો જ કાંઈક પણ અલ્પ દોષથી ધૂમાડાથી અગ્નિ જ જેમ એમ આવરણવાળા-વ્યાપ્ત હોય છે.

અથવા હવે હમણાં જ્ઞાનયોગ કરતાં કર્મયોગ જ ઘણો સારો છે. માટે કર્મયોગ મુમુક્ષુઓએ ત્યાગ ન કરવો એમ કહે છે -

આ દેહી-જીવાત્માને ત્રિગુણમય દેહયોગની સાથે જ ઉત્પન્ન થયેલું અને તેથી જ સુખેથી કરી શકાય એવું કર્મ દોષવાળું હોય અને તેમાં બહુ દુઃખ રહેલું હોય તો પણ ત્યાગ ન કરવું, કારણ કે - સર્વ આરંભો-કર્મયોગના કે જ્ઞાનયોગના આરંભો જ ધૂમાડાથી અગ્નિની માફક દોષોથી વીંટાયેલા છે. જ્ઞાનયોગના આરંભમાં પણ મહાન્ પ્રયાસ તો છે જ. ॥૪૮॥

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां सन्न्यासेनाधिगच्छति ॥४९॥

-: શ્લોકાર્થ :-

સર્વત્ર-વસ્તુમાત્રમાં આસક્તિએ રહિત બુદ્ધિવાળો, મનને જીતનારો અને સ્વર્ગાદિકના સુખમાં પણ સ્પૃહા વિનાનો પુરુષ કર્મફળના સંન્યાસથી જ સર્વોત્કૃષ્ટ નૈષ્કર્મ્યસિદ્ધિને પામે છે. ॥૪૯॥

-: ભાષ્યાર્થ :-

હવે નિષ્કામ કર્મયોગનું ફળ કહે છે.

સર્વત્ર-આત્મા-પરમાત્મા સિવાયનાં પુત્ર-ધનાદિક પદાર્થોમાં, અસક્ત-પ્રીતિએ રહિત બુદ્ધિ જેની છે. અને તેથી જ સ્વર્ગાદિક ફળમાં પણ જેને અભિલાષા નષ્ટ થઈ ગઈ છે. અને તેથી જ વશ કરેલા મનવાળો પુરુષ, ત્યાગ શબ્દના પર્યાયભૂત-જેવા જ સંન્યાસથી-કર્મફળના ત્યાગથી, સર્વોત્કૃષ્ટ નૈષ્કર્મ્યસિદ્ધિ જે જ્ઞાનનિષ્ઠાની સિદ્ધિ—ફળરૂપ એવી, પરમેશ્વર એવા મારા ધ્યાનની સિદ્ધિને પામે છે. ॥૪૯॥

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौन्तेय ! निष्ठा ज्ञानस्य या परा ॥५०॥

-: શ્લોકાર્થ :-

નૈષ્કર્મ્યસિદ્ધિના ફળરૂપ ધ્યાનયોગને પામેલો પુરુષ જેવી રીતે બ્રહ્મને-પરબ્રહ્મને પામે છે, તે સંક્ષેપથી કહેલો પ્રકાર મારા થકી તું જાણ ! -સમજ ! કે જે પરમાત્મ પ્રાપ્તિરૂપ જ્ઞાનની પરાકાષ્ઠા-ઉત્કૃષ્ટ સ્થિતિ કહેલી છે. ॥૫૦॥

-: ભાષ્યાર્થ :-

હવે ધ્યાનરૂપ સ્મૃતિનું ફળ કહે છે.

દરરોજ નિયમિતપણે કરેલા નિષ્કામયોગના ફળરૂપ ધ્યાનની સિદ્ધિને પામેલો પુરુષ જે પ્રકારે બ્રહ્મને પામે છે તે પ્રકારે મેં કહેલા ઉપાયને સંક્ષેપથી મારા વચનથી તું જાણ-સમજ ! હે કૌન્તેય ! તે બ્રહ્મપ્રાપ્તિ જ સ્મૃતિરૂપ જ્ઞાનની પરા-સર્વોત્કૃષ્ટ નિષ્ઠાસ્થિતિ છે. ॥૫૦॥

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन् विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥५१॥
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥५२॥

अहङ्कारं बलं दर्प कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥५३॥

-: શ્લોકાર્થ :-

સર્વથા વિશુદ્ધ બુદ્ધિએ યુક્ત થઈને, ધૈર્યથી મનને નિયમમાં રાખીને, શબ્દાદિક વિષયોનો ત્યાગ કરીને અને રાગ-દ્વેષનો પણ સર્વથા પરિત્યાગ કરીને, ॥૫૧॥

એકાંત સેવન કરવાના સ્વભાવવાળો થઈને, લઘુ આહાર કરીને, વાણી, શરીર અને મનને નિયમમાં રાખીને, પરમ વૈરાગ્યને સર્વથા આશર્યો થકો નિરંતર ધ્યાનયોગપરાયણ વર્તતો. ॥૫૨॥

તેમજ-અહંકાર, બળ, દર્પ, કામ, ક્રોધ અને પરિગ્રહનો પરિત્યાગ કરીને નિર્મમત્વ થઈને શાંત થયેલો પુરુષ બ્રહ્મરૂપ થવાને યોગ્ય થાય છે. ॥૫૩॥

-: ભાષ્યાર્થ :-

હવે ત્રણ શ્લોકથી બ્રહ્મપ્રાપ્તિનો ઉપાય કહે છે.

આત્માનુભવમાં યોગ્ય વિશુદ્ધ બુદ્ધિએ નિરંતર યુક્ત વર્તતો પુરુષ, ધૈર્યથી મનને વશમાં કરીને શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચેય વિષયોનો પરિત્યાગ કરીને, પ્રાકૃત એવા તે પ્રિય-અપ્રિય સારા-નરસા વિષયોમાં રાગ-દ્વેષનો પણ પરિત્યાગ કરીને, બ્રહ્મરૂપ થવાને કલ્પાય છે - સમર્થ થાય છે. એમ આગળના ત્રીજા શ્લોકની સાથે અર્થનો સંબંધ છે. ॥૫૧॥

વિવિક્ત-મનુષ્યોના વારંવારના ઘસારા સિવાયના એકાન્ત સ્થાનને સેવવાના સ્વભાવવાળો, અલ્પ પરિમાણવાળું, પવિત્ર ભોજન કરવાના સ્વભાવવાળો, અર્થાત્ અતિ આહાર તેમજ નિરાહાર એ બન્નેથી રહિત-મિતાહર કરનારો, વાણી, શરીર અને મનને વશ કરનારો, અને તેથી જ નિરંતર જીવિતપર્યન્ત ધ્યાનયોગ-પરાયણ વર્તનારો અને આત્મા પરમાત્મા સિવાયની વસ્તુઓમાં વિરામ-નિવૃત્તિ પામવારૂપ વૈરાગ્યને સંપૂર્ણ પામેલો. ॥૫૨॥

દેહાભિમાનને, અસત્ - તુચ્છ વસ્તુઓમાં દુરાગ્રહને, ગર્વને વિષયોની ઈચ્છાને, ક્રોધને, શરીરોપયોગી સિવાયનાં વધારાનાં બાહ્ય ઉપકરણોને, આ સઘળાંને ત્યાગ કરી દઈને, નિર્મળ-આ લોકમાં મમતાએ રહિત થયેલો અને સ્વસ્વરૂપમાં શાંતિપૂર્વક વર્તનારો, આ ત્રણ શ્લોકથી કહેલાં લક્ષણોએ સંપન્ન પુરુષ બ્રહ્મ ભાવને માટે કલ્પાય છે. -શુદ્ધ ક્ષેત્રજ્ઞસ્વરૂપના સાક્ષાત્કાર માટે યોગ્ય થાય છે. ॥૫૩॥

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।५४।।

**-: શ્લોકાર્થ :-**

આવો બ્રહ્મભૂત થયેલો, પ્રસન્ન ચિત્તવાળો પુરુષ પ્રિય વસ્તુના નાશથી નથી શોક કરતો, કે નથી પ્રિય વસ્તુની આકાંક્ષા કરતો, સર્વ ભૂત-પ્રાણીમાત્રમાં સમભાવ પામેલો પુરુષ મારી પરા-પ્રેમલક્ષણા ભક્તિને પામે છે. ।।૫૪।।

**-: ભાષ્યાર્થ :-**

આવા બ્રહ્મભાવને પામ્યા પછીથી જ મારી એકાંતિકી-પરાભક્તિને પામે છે, એમ કહે છે- બ્રહ્મભૂત - અક્ષરભાવને - સ્થિતિને પામેલો, માટે જ પ્રસન્નાત્મા - દેહ - દૈહિક - સઘળાં પદાર્થોથી થતા ક્લેશે રહિત હોવાથી અતિ પ્રફુલ્લ આનંદિત મનવાળો, મારા સિવાય અને મારા એકાંતિક ભક્ત સંતો સિવાય બીજા પદાર્થોનો શોકેય કરતો નથી. તેમ એની આકાંક્ષાય રાખતો નથી, અને તેથી જ સર્વભૂતમાં સમ-સઘળાં પ્રાણીઓમાં પોતાને નિઃસ્પૃહપણું હોવાથી, તેમજ આદરે રહિતપણું હોવાથી સમતા રાખીને વર્તનારો, એટલે કે - મારાથી અને મારા ભક્ત સંતોથી બીજાં સઘળાં પદાર્થને અતિશય તુચ્છ માનતો. એ અર્થ છે. આ પ્રમાણે બ્રહ્માત્મભાવે વર્તતો યોગી પુરુષ, પરા-સઘળાં મારી પ્રસન્નતાનાં સાધનો થકી અતિ શ્રેષ્ઠ એવી એકાંતિકી, મદ્ભક્તિને- મારામાં- સર્વનો નિયંતા, સર્વ કારણનો પણ કારણભૂત, ભક્તોના ઉપર વાત્સલ્યનો તો મહાસાગરસમો- પૂર્ણ ઉદાર, સમગ્ર દોષગંધથી - દોષના અતિ અલ્પ સંબંધથી પણ રહિત, નિરવધિકાતિશય અગણિત કલ્યાણ ગુણગણોનો તો મહાસાગરસમો-પૂર્ણ ભરેલો, લાવણ્યરૂપ અમૃતનો ભરેલો સમુદ્ર, નવીન મેઘને સમાન અતિ મનોહર શ્યામ-સુંદર રૂપ વર્ણ જેનો છે. નવીન પ્રફુલ્લિત સુંદર કમળની શોભાને હરી લે એવાં અતિ મનોહર નેત્રો જેનાં છે. અક્ષરાદિક સર્વને સર્વથા ઉપાસના કરવા યોગ્ય-મહાસમર્થ, એવો ધર્મસ્વરૂપ-ધર્મદેવના અવતારભૂત વસુદેવના નંદનરૂપે- પ્રસિદ્ધ હું, તે મારે વિષે અતિશય પ્રેમપૂર્વક અખંડ ધ્યાનરૂપ પરા ભક્તિને પામે છે. ।।૫૪।।

भक्त्या मामभिजानाति यावन् यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।।५५।।

-: શ્લોકાર્થ :-

હું જેવડો છું અને જે છું તેવો તો મને તત્ત્વથી ભક્તિથી જ જાણે છે. અને એમ તત્ત્વથી મને જાણી-સમજીને તે પછી મારા પ્રત્યે પ્રવેશ કરે છે-મને જ પામે છે. ॥૫૫॥

-: ભાષ્યાર્થ :-

યાવાન્ - સ્વરૂપથી અને સ્વાભાવાદિકથી પણ હું જેવા પરિણામવાળો છું. અને ક્ષર અક્ષર એ સર્વનો નિયંતા પરિપૂર્ણ જ્ઞાન આનંદાદિક ગુણોથી પૂર્ણ ભરેલો પુરુષોત્તમ એવો જે હું છું. તેવા મને પ્રેમપૂર્વકના અવિરત ધ્યાનરૂપ પરા ભક્તિથી, તે યોગી યથાર્થપણે જાણે છે. અને તત્ત્વથી - સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિઓથી યથાર્થ-જેવો હું છું તેવો મને જાણી-સમજીને, તે પ્રમાણે તત્ત્વથી જ્ઞાન થયા પછી, તે ભક્તિથી જ, મને-અનવધિકાતિશય આનંદમય એવા મને અનુભવે છે. તે પ્રમાણે આ ગીતામાં જ કહ્યું છે - હે પરંતપ-અર્જુન ! હું આવા પ્રકારનો તત્ત્વથી જાણવાને, દેખવાને અને પ્રવેશ કરવાને તો અનન્ય ભક્તિથી જ શક્ય થાઉં છું. ॥૫૫॥

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥५६॥

-: શ્લોકાર્થ :-

વર્ણાશ્રમને સમુચિત પોત-પોતાનાં કર્મ સદાય કરતો અને મારો દૃઢ આશ્રય રાખનારો પુરુષ મારી પ્રસન્નતા મેળવીને તે દ્વારા અવિનાશી શાશ્વત પદને-બ્રહ્મધામને પામે છે. ॥૫૬॥

-: ભાષ્યાર્થ :-

પોત-પોતાના વર્ણાશ્રમનાં સમુચિત કર્મને પણ નિરંતર નિષ્કામપણે અનુષ્ઠાન કરનારો, હું ભગવાન પુરુષોત્તમ વાસુદેવ એ જ એક મુખ્ય આશ્રય-શરણ જેને છે **मद्व्यपाश्रितः** એવો પાઠ હોય ત્યારે મારા અતિ દૃઢ આશ્રયને પામેલો એવો અર્થ કરવો. અર્થાત્ મારો આશ્રિત હોવાથી મારી ભક્તિએ યુક્ત જ સર્વ કર્મો કરે છે. આવા પ્રકારનો પુરુષ મારી પ્રસન્નતારૂપ અનુગ્રહને પામીને સનાતન અવ્યય અક્ષર નામે પ્રસિદ્ધ પદને મારા ધામને પામે છે. ॥૫૬॥

चेतसा सर्वकर्माणि मयि सन्न्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ! ।।५७।।

-: શ્લોકાર્થ :-

જ્ઞાને કરીને સર્વ કર્મો મારામાં સમર્પણ કરીને મત્પરાયણ થઈને બુદ્ધિયોગનો સમાશ્રય કરીને અખંડ મારામાં જ ચિત્તવૃત્તિ રાખનારો થઈ જા ! ।।૫૭।।

-: ભાષ્યાર્થ :-

આ પ્રમાણે છે માટે મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાને યુક્ત ચિત્તથી પોતાના વર્ણને સમુચિત સમગ્ર કર્મને મારામાં નિષ્કામ ભાવે સમર્પણ કરીને,

અથવા - સઘળી ઈન્દ્રિયોના વ્યાપારરૂપ સઘળાં કર્મને, મારામાં-પૃથ્વી ઉપર સઘળા ભક્તજનોએ કરેલી પરિચર્યાને સ્વીકારવા માટે બ્રહ્મપુર ધામ થકી આવિર્ભાવ પામેલો એવો ધર્મમૂર્તિ વસુદેવનો પુત્ર હું તે મારામાં, સમર્પણ કરીને, એટલે કે વાણીથી મારા ગુણનું કીર્તન કરવું, નેત્રોથી મારું દર્શન કરવું, પગે કરીને મારા દર્શન માટે જવું, ત્વચા ઈન્દ્રિયથી મારો સ્પર્શ કરવો. ઈત્યાદિક પ્રકારથી સમર્પણ કરીને, મત્પર- હું જ પર - પરમ અંતિમ ફળપણે પ્રાપ્યભૂત જેને છું. તેવો થઈને પૂર્વે કહેલા બુદ્ધિ યોગને આશરીને સદાય વસુદેવનંદન એવા મારામાં દૃઢ અન્તઃકરણ જેનું વળગેલું છે. એવો મારો અનન્ય ભક્ત તું થા ! ।।૫૭।।

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ।।५८।।

-: શ્લોકાર્થ :-

મારામાં ચિત્ત રાખવાથી સર્વ દુસ્તર દુઃખોને પણ મારી પ્રસન્નતાથી તરી જઈશ. અને જો તું અહંકાર રાખીને મારું વચન નહિ સાંભળે તો તું વિનાશને માર્ગે જઈને ભ્રષ્ટ થઈ જઈશ. ।।૫૮।।

-: ભાષ્યાર્થ :-

અર્જુન પૂછે છે તમારામાં ચિત્તનું સમર્પણ કરવાથી શું ફળ થાય ? એના ઉત્તરમાં ભગવાન કહે છે.

મારામાં અંતઃકરણ અર્પણ કરનારો તું મારા-પરમેશ્વરના પ્રસાદરૂપ અનુગ્રહથી, એટલે કે મારામાં ચિત્તવાળો હોવાથી મારી પ્રસન્નતા પામીને સઘળાં દુસ્તર સંસારથી થયેલાં દુઃખમાત્રને તું તરી જઈશ. અને જો તું અહંકારથી કાર્ય-અકાર્યના જાણકાર

તરીકેના અભિમાનથી, મારૂ વચન નહિ સાંભળું- સાંભળીને નહિ ધારું તો તું નાશ પામી જઈશ. અર્થાત્ સર્વ પુરુષાર્થથી વિભ્રષ્ટ થઈ જઈશ. ॥૫૮॥

यदहङ्कारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥५९॥

-: શ્લોકાર્થ :-

અહંકારને આશરીને "હું યુદ્ધ નહિ કરું" એમ જો તું માનતો હોય તો તે તારો મનનો ઠરાવ મિથ્યા-નકામો છે. તારી પ્રકૃતિ જ-સ્વભાવ જ તને યુદ્ધ કરવામાં પ્રેરશે. ॥૫૯॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, મારો વિનાશ થવાનો હોય તો ભલે થાય, પણ હું મારા બંધુઓનું હનન તો નહિ જ કરું, એમ જો તું માનતો હોય તો હું કહું છું.

કાર્ય-અકાર્યના વિવેકપૂર્વકના જ્ઞાતાપણાના અભિમાનને આશરીને "હું યુદ્ધ નહિ કરૂ" એમ જે તું ઠરાવ કરે છે. એ તારો વ્યવસાય-ઠરાવ તું અસ્વતંત્ર હોવાથી મિથ્યા-નકામોજ છે. કારણ કે - પ્રકૃતિ - રજોગુણયુક્ત ક્ષત્રિયનો સ્વભવા જ, તને જોડશે—સંગ્રામમાં બળાત્કારે તને પ્રવર્તાવશે. એ અર્થ છે. ॥૫૯॥

स्वभावजेन कौन्तेय ! निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥६०॥

-: શ્લોકાર્થ :-

હે કૌન્તેય ! પૂર્વ સંસ્કારરૂપ સ્વભાવથી જ પ્રાપ્ત સ્વકર્મથી બંધાયેલો તું મોહને વશ થઈને જે કાર્ય કરવા નથી ઇચ્છતો તે જ કાર્ય તું પરવશ થકો પણ જરૂર કરીશ. ॥૬૦॥

-: ભાષ્યાર્થ :-

ફરીથી એજ વાત વિવેચન કરીને કહે છે.

હે કૌન્તેય ! પૂર્વ કર્મના સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલાં ક્ષત્રિય જાતિના શૌર્યાદિક કર્મથી બંધાયેલો અને એથી જ અવશ-પરવશ થકો શત્રુઓએ કરેલા તિરસ્કારને સહન નહિ કરતો તું જ, તે યુદ્ધ કરવારૂપ કર્મ કરવા મંડી પડીશ. કે જે

કર્મને હમણાં તુ તને મોહ પ્રાપ્ત થયેલો હોવાથી કરવાને ઇચ્છતો નથી અને ના પાડે છે. આ બે શ્લોકોથી મનુષ્યોને સ્વભાવથી જ પરતંત્રપણું છે. એમ કહ્યું ॥૬૦॥

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन ! तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥६१॥

**-: શ્લોકાર્થ :-**

હે અર્જુન ! સર્વના સ્વામી ભગવાન સર્વ ભૂતોના હૃદય—પ્રદેશમાં પોતાની માયા-શક્તિથી સંસૃતિ-ચક્રરૂપ યંત્ર ઉપર આરૂઢ થયેલાં સર્વ ભૂત-પ્રાણીમાત્રને તેના તેના કર્મ પ્રમાણે સંસારમાં ભમાવતા થકા રહે છે. ॥૬૧॥

**-: ભાષ્યાર્થ :-**

હવે - હમણાં પૂર્વ કર્માનુસારે પ્રાપ્ત થયેલો સ્વભાવ જ શું સ્વતંત્રપણે કરીને સર્વનો પ્રેરક થાય છે ? એવી આશંકા ઉઠાવીને તેનું સમાધાન કરતાં પૂર્વ કર્માનુસારે પ્રાપ્ત થતા સ્વભાવનો પ્રેરક તો સર્વાન્તર્યામી સર્વનો નિયંતા ઈશ્વર હું જ છું. એમ કહે છે.

હે અર્જુન ! સર્વના સ્વામી શ્રી નારાયણ જે ઈશ્વર તે સઘળા જનોના હૃદય પ્રદેશમાં - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, તેના સાધનભૂત બુદ્ધિ તત્ત્વને રહેવાના સ્થાનરૂપ હૃદયરૂપ પ્રદેશમાં, સર્વાન્તર્યામીપણે નિવાસ કરીને રહે છે. શું કરતા - કેમ કરતા રહે છે ? એના સમાધાનમાં કહે છે - પ્રારબ્ધ કર્માનુસારે ભગવાને નિર્માણ કરેલા લાકડાના બનાવેલા યંત્ર જેવા આ શરીરમાં આરૂઢ થયેલાં- વસી રહેલાં સમગ્ર ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં વૃંદોને - સમુદાયોને, પૂર્વ કર્માનુસારે વર્તતી સત્ત્વાદિક ગુણમયી પોતાની માયારૂપી શક્તિથી ભમાવતા - તેના તેના કર્માનુસારે સંસારમાં પ્રવર્તાવતા થકા રહે છે.

અથવા - યંત્રારૂઢ એ દૃષ્ટાન્ત સમજવું. અને અર્થ એમ કરવો કે - યંત્ર જે કાષ્ટ-નિર્મિત સૂત્રસંચાર વિગેરે સાધનવાળું પદાર્થ તેના ઉપર બેસારેલાં કૃત્રિમ મનુષ્યાદિકનાં પૂતળાં વિગેરે ભૂતોને સૂત્રધાર જેમ ભમાવે છે - નચાવે છે. તે જ પ્રમાણે સર્વભૂત-પ્રાણી માત્રને સર્વેશ્વર ભગવાન પોતાની માયારૂપ શક્તિથી પ્રાણીઓનાં કર્મ પ્રમાણે ભમાવતા થકા સર્વ ભૂતોના હૃદય પ્રદેશમાં રહે છે. એમ સમજવું. તે પ્રમાણે આ ગીતામાં જ કહેલું છે - "હું સર્વના હૃદય પ્રદેશમાં અંતર્યામીરૂપે રહેલો છું. અને પ્રાણીઓને સ્મૃતિ, જ્ઞાન અને જ્ઞાનનો ભૂલાવો એ

બધું મારા થકી જ થાય છે.'' એમ. વળી શ્રુતિઓ પણ કહે છે - ''જે સર્વ ભૂતોમાં રહેતો થકો જે સર્વ ભૂતોનું અંદર રહીને નિયમન કરે છે. એ અમૃતસ્વરૂપ આત્મા-પરમાત્મા તારા અન્તર્યામી છે.'' ''જે આત્મામાં રહેવા છતાં આત્માથી જુદો છે. જેને આત્મા જાણતો નથી, જે આત્માનું અંદર રહ્યા થકા નિયમન કરે છે.'' ઈત્યાદિક ઘણી છે. ॥૬૧॥

तमेव शरणं गच्छ ! सर्वभावेन भारत ! ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥६२॥

-: શ્લોકાર્થ :-

હે ભારત ! તેથી તું સમગ્ર ભાવથી-પ્રકારથી તે પરમેશ્વરને જ શરણે જા-રહે, તે પરમાત્માની પ્રસન્નતાથી જ તું પરમ શાંતિને અને અવિચળ પદને પામીશ. ॥૬૨॥

-: ભાષ્યાર્થ :-

સર્વેશ્વર એવા પોતાનું જ શરણ પ્રકૃતિનું નિવર્તન થવામાં હેતુભૂત છે એમ કહી બતાવે છે.

હે ભારત ! આ કહ્યું એમ છે, માટે સર્વ ભાવથી - સર્વેશ્વર ભગવાન એ જ મારે ગુરુ, મિત્ર, ભ્રાતા, પિતા અને માતા, જે કહો તે સઘળું છે, એવા સમગ્ર ભાવથી. તે પરમેશ્વર એવા મને જ, શરણે-સર્વ વિઘ્નો થકી રક્ષા કરનારાને શરણે જા ! અર્થાત્ તું મને જ અનુસરીને વર્તન કર ! અને તે પછી તે પરમેશ્વર એવા મારા જ અનુગ્રહ થકી, સર્વ પ્રકૃતિનાં બંધનોનો વિનાશ થવા પૂર્વકની પરા સર્વોત્કૃષ્ટ શાંતિરૂપ-મારા સ્વરૂપના અનુભવસુખને પામીશ. તે શ્રુતિ-સ્મૃતિઓએ કહેલું છે - ''એ સત્ય-અવિનાશી બ્રહ્મપુર ધામ છે. તે ઉપાસક એ સર્વોત્કૃષ્ટ બ્રહ્મ ધામને જાણે છે.'' ''તે વિષ્ણુ ભગવાનના પરમ પદને જ્ઞાનીભક્તો સદાય જુએ છે - અનુભવે છે.'' ''જે ધામને પામીને પાછા ફરતા નથી તે મારું સર્વોત્કૃષ્ટ ધામ છે.'' ''સર્વાત્મા મહાત્મા પુરુષ પરમાત્માનું એ સાક્ષાત્ પરમ ધામ છે.'' ઈત્યાદિક ઘણીક છે. ॥૬૨॥

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ! ॥६३॥

-: શ્લોકાર્થ :-

આ પ્રમાણે મેં તને ગુહ્યમાં અતિ ગુહ્ય પરમ રહસ્યરૂપ જ્ઞાન કહી બતાવ્યું. માટે એ સઘળું સમગ્રપણે વિચારીને જેમ તારી ઇચ્છા હોય તેમ કર ! ॥૬૩॥

-: ભાષ્યાર્થ :-

કહેલા અર્થનો ઉપસંહાર કરતાં કહે છે.

આ પૂર્વે કહ્યું એ પ્રકારે મારો પરમ સખા, પરમ એકાંતિક ભક્તરાજ અને મારામાં પરમ વિશ્વાસ પામેલા તને, ભક્તવત્સલ, સર્વ વસ્તુને યથાર્થ રીતે જાણનારા અને પરમ દયાવાન્ એવા મેં, ગુહ્ય-છાનાં રાખવા લાયક મંત્રજપ અને દેવોની ઉપાસનાઓના વિધિનું જ્ઞાન કરતાં પણ અતિ ગુહ્ય એવું આ જ્ઞાન-કર્મયોગ અને જ્ઞાનયોગનું જ્ઞાન, મારા માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિયોગનું જ્ઞાન અને જીવાત્માનું યથાર્થ જ્ઞાન, એ સઘળું ઉપદેશ કરી કહ્યું. તેને સમગ્રપણે સારી રીતે પોતાના અધિકાર પ્રમાણે વિચારીને પછીથી જેમ ઇચ્છતો હોય તેમ પોતાના અધિકાર પ્રમાણે કર ! પણ અધિકારથી વિરુદ્ધ તો નહિ જ. એમ અભિપ્રાય છે. ॥૬૩॥

सर्वगुह्यतमं भूयः श्रृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमतिस्ततो वक्ष्यामि ते हितम् ॥६४॥

-: શ્લોકાર્થ :-

વળી-ફરીથી પણ સર્વ રહસ્યમાં પણ પરમ રહસ્યરૂપ મારું સર્વોત્કૃષ્ટ હિત કરનારું વચન સાંભળ ! તું મને અત્યંત વ્હાલો છું. અને અતિ દૃઢ મતિવાળો છું. માટે તારા હિતનું વચન હું તને કહીશ-કહું છું. ॥૬૪॥

-: ભાષ્યાર્થ :-

અતિશય - ગુહ્ય-રહસ્યાર્થને ફરીથી કહી સમજાવતાં કહે છે.

અતિ રહસ્યરૂપ એવા જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ, એ સર્વમાં પણ અતિશય રહસ્યરૂપ એવું સર્વોકૃષ્ટ એકાંતિક ભક્તિયોગમાં નિષ્ઠાવાળું મારું વચન ફરીથી કહીશ તેને સાંભળ ! કારણ કે તું દૃઢ મારામાં નિશ્ચળ મતિવાળો છે. અને એથી જ મને તું અતિ પ્રિય-વ્હાલો છું. માટે તારા પરમ હિતને કરનારું વચન કહીશ. दृढमिति એવો પાઠ હોય ત્યારે - તું મને ઇષ્ટ પ્રિય છું. માટે દૃઢ અતિ પ્રમાણે યુક્ત એમ નિશ્ચય કરીને તે પછી તારું હિત થાય એમ કહું છું. એમ અર્થ કરવો. ॥૬૪॥

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥६५॥

-: શ્લોકાર્થ :-

મારામાં જ મન રાખનારો થા ! મારો જ ભક્ત થા ! મારું જ પૂજન કરનારો થા ! અને મને જ નમસ્કાર કર ! આમ કરવાથી તું મને જ પામીશ. તું મને અતિ પ્રિય છું. માટે તારી આગળ હું સત્ય પ્રતિજ્ઞા-વચન કહું છું. ॥૬૫॥

-: ભાષ્યાર્થ :-

તે હિતવચન જ કહે છે.

મન્મનાઃ - ક્ષર અક્ષરનો નિયંતા, અપાર જનોનો સમુદ્ધાર કરવા માટે મનુષ્યોનાં નયનગોચર વર્તતો, નવા મેઘ સરખો શ્યામ સુંદરમૂર્તિ અને ધર્મસ્વરૂપ એવા વસુદેવના પુત્રરૂપે પ્રગટ થયેલો એવા મારામાં મન-અતિશય પ્રેમગર્ભિત સ્મૃતિસંતાન - તૈલ ધારાવદવિચ્છિન્ન સ્મૃતિપરંપરા જેને છે. એવો તું થા ! મારો ભક્ત-અનન્ય સેવક તું થા ! નાના પ્રકારના યજ્ઞો વડે મારું જ યજન-પૂજન સદાય કરવાના સ્વભાવાળો થા ! અથવા - સમય સમય પ્રમાણે મળી આવે એવા ઉપચારોથી નિરંતર મારું જ પૂજન કરવામાં તત્પર થા ! શરીર, વાણી અને મનથી મને જ નમસ્કાર કર ! અર્થાત્ મારામાં જ નમ્રભાવ-આદરભાવ કર ! આ પૂજન વંદન વિગેરે કહ્યું તેથી બીજા પણ ભાગવત ધર્મો પાલન કરવાપણે સમજી લેવા. તે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે - "વિષ્ણુ ભગવાનની કથાઓનું શ્રવણ કરવું, ભગવાનનું નામ કીર્તન કરવું, સ્મરણ કરવું, પાદસેવન કરવું, ભગવાનનું પૂજન, વંદન, દાસત્વ, સખાપણું અને આત્મનિવેદન, આ પ્રમાણે ભગવદ્‌ભક્ત પુરુષે નવ પ્રકારની ભક્તિ સાક્ષાત્ વિષ્ણુ ભગવાન શ્રીહરિને વિષે જો કરાય છે, તો તે અતિ ઉત્તમ ભણતર હું માનું છું." આ પ્રમાણે નિરંતર મારું પૂજન-વંદનાદિક કરવારૂપ ભાગવત ધર્મનું અનુષ્ટાન કરવાથી મારામાં ગાઢ પ્રીતિ કરનારો તું નિરવધિકાતિશય આનંદના સાગરસમા એવા મને જ તું પામીશ. હું આ તને સત્યભૂત જ વચન પ્રતિજ્ઞા કરીને કહું છું. પણ કેવળ કહેવામાત્ર તું ન સમજીશ. કારણ કે તું મને અતિશય પ્રિય પ્રેમપાત્ર છું. તે જ પ્રમાણે આ ગીતામાં જ કહ્યું છે - "મારા જ્ઞાની ભક્તને હું અત્યંત પ્રિય છું. અને તે મને અત્યંત પ્રિય છે." એમ. ॥૬૫॥

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ! ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥६६॥

-: શ્લોકાર્થ :-

તું સર્વ ધર્મને-ધર્મના બળને છોડી દઈને મને એકને જ શરણ પામ ! હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું કાંઇ શોક કરીશ મા. ॥૬૬॥

-: ભાષ્યાર્થ :-

હવે ભગવાન - પોતાની શરણાગતિરૂપ મોક્ષનો સહેલો અને સર્વશ્રેષ્ઠ ઉપાય કહે છે.

કલ્યાણના સાધનપણે શાસ્ત્રમાં કહેલા સઘળા ધર્મોને પરિત્યાગ કરીને - તેનું બળ કે તેનો ભય છોડી દઈને, મને એકને જ શરણે આવી જા ! હું સર્વેશ્વર ભગવાન, તને સર્વ પાપ-અનાદિ કાળથી ભેગાં કરેલાં અપરિમિત કરવાનાં નહિ કરેલાં અને નહિ કરવાનાં કરેલાં આવાં સઘળાં પાપ થકી મુકાવીશ. તું કોઈ પ્રકારે શોક નકરીશ. ॥૬૬॥

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥६७॥

-: શ્લોકાર્થ :-

આ મેં તને કહેલું જ્ઞાન જે તપ કરવામા રૂચિવાળો ન હોય, તેમજ જે મારો ભકત ન હોય તેને ક્યારેય કહેવું નહિ, તેમજ જે આ જ્ઞાન સાંભળવા ન ઈચ્છતો હોય, અગર સેવાવૃત્તિ સિવાયનો હોય તેને પણ ન કહેવું. અને જે મારા તરફ અભ્યસૂયા કરતો હોય તેને તો ક્યારેય ન જ કહેવું. ॥૬૭॥

-: ભાષ્યાર્થ :-

હવે-હમણાં ઉપર કહેલા જ્ઞાનના અધિકારીઓને કહી જણાવતાં તેમાં અનધિકારી પુરુષોને કહી બતાવે છે.

આ - મેં કહેલું શાસ્ત્ર જેણે તપ કરવા પૂર્વક પોતાનાં ઈન્દ્રિયો વશ ન કર્યાં હોય એવા માણસને તારે ક્યારેય ન કહેવું. અભક્ત-ઉપદેશ કરનારો એવા તારામાં અને સર્વોપાસ્ય એવા મારામાં પણ ભક્તિએ-મહિમાપૂર્વકના સ્નેહે રહિત હોય અને કદાચ જો તે તપ તપનારો હોય તોય તેને પણ ક્યારેય ન કહેવુ. સેવા-અનુવૃત્તિ નહિ સાચવનારો, અથવા તો સાંભળવાની ઈચ્છા જ જેને ન હોય એવાને

પણ ક્યારેય ન કહેવું. તેમજ જે મને અભ્યસૂયા કરતો હોય, એટલે કે - મારી દિવ્ય કલ્યાણકારી મૂર્તિમાં, મારાં કલ્યાણકારી પરાક્રમયુક્ત ચરિત્રોમાં, અને મારા કલ્યાણકારી ગુણોમાં પણ, કોઈક મહિમાપૂર્વક કહેવા લાગે ત્યારે તેમાં દોષનું આરોપણ જે કરતો હોય તેવા અભ્યસૂયા કરનારને ક્યારેય પણ ન કહેવું. ॥૬૭॥

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥६८॥

-: શ્લોકાર્થ :-

જે પુરુષ આ પરમ રહસ્યરૂપ જ્ઞાન મારા ભક્તોમાં કહીને પ્રવર્તાવશે તો તે મારે વિષે પરા-પ્રેમલક્ષણા ભક્તિ કરીને મને જ પામશે. એમાં લવ-લેશ શંકા જ નથી. ॥૬૮॥

-: ભાષ્યાર્થ :-

હવે - આ જ્ઞાનને પાત્રમાં નાખવામાં ફળ કહી બતાવે છે.

મેં કહેલા આ જ્ઞાનથી સંપન્ન એવો જે પુરુષ, પરમ-સર્વશ્રેષ્ઠ અને ગુહ્ય-પરમ રહસ્યરૂપ, એવું આ મેં કહેલું જ્ઞાન-શાસ્ત્ર તેને મારામાં ભક્તિયુક્ત એવા મારા ભક્તજનોમાં સ્થાપન કરશે. એટલે કે -ભક્ત-જનોને આપશે. તે પુરુષ મારામાં- પરાત્પર પરમેશ્વર પુરુષોત્તમ એવા મારે વિષે પરા-પ્રેમલક્ષણા એકાંતિકી ભક્તિ કરીને મને અનવધિકાતિશય આનંદમય ભગવાનને જ પામશે. આ વાતમાં સંદેહ જ નથી. ॥૬૮॥

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥६९॥

-: શ્લોકાર્થ :-

એવા મારું જ્ઞાન ફેલાવનારા ભક્ત પુરુષ કરતાં મારું અત્યંત પ્રિય કરનાર મનુષ્યોમાં બીજો કોઈ છે જ નહિ. અને આ પૃથ્વી ઉપર તેના કરતાં બીજો કોઈ મને અતિશય વ્હાલો પણ થનાર નથી જ. ॥૬૯॥

-: ભાષ્યાર્થ :-

વળી - મારા સેવકોને આ પરમ રહસ્યરૂપ શાસ્ત્ર કહેનાર મારા ભક્ત પુરુષ કરતાં આ લોકના મનુષ્યો મધ્યે કોઈ પણ બીજો મને અતિશયપણે પ્રસન્ન કરનારો છે જ નહિ.

અભિપ્રાય એ છે કે - જે મારો ભક્ત છે તે મારું પ્રિય કરનારો છે. તેથી મારો એકાંતિક ભક્ત મારું અધિક પ્રિય કરનારો છે. અને તેના કરતાંય પણ મારા ભક્તોને આ શાસ્ત્રનું વ્યાખ્યાન કરનારો અતિ અધિક પ્રિય કરનારો છે. માટે મેં કહેલું આ શાસ્ત્ર મારા ભક્તોને વ્યાખ્યાન કરીને સમજાવનાર ભક્ત પુરુષ કરતાં બીજો કોઈ મારું પ્રિય કરનારો મને અતિશય વ્હાલો મારો એકાંતિક ભક્ત પૃથ્વી ઉપર થનારો નથી જ. ॥૬૯॥

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयो: ।
ज्ञानयज्ञेन तेनाहमिष्ट: स्यामिति मे मति: ॥७०॥

-: શ્લોકાર્થ :-

આપણા બેના આ મોક્ષ આપનારા ધર્મ સંબંધી સંવાદનો જે પાઠ કરશે, તો તે પુરુષે હું સર્વોત્કૃષ્ટ જ્ઞાનયજ્ઞથી પૂજેલો થઈશ એમ મારો નિશ્ચય છે. ॥૭૦॥

-: ભાષ્યાર્થ :-

ઉપાસ્ય - ઉપાસક અને સારથી-રથી એવા આપણા બેના આ ધર્મયુક્ત સંવાદને જે પુરુષ કહેશે - સાંભળશે. તે પુરુષે સઘળા યજ્ઞોમાં અતિ ઉત્કૃષ્ટ એવા જ્ઞાન-યજ્ઞથી, હું શ્રીનારાયણ ભગવાન પૂજેલો થાઉં-થાઉં છું જ. એમ મારો દૃઢ મત-નિશ્ચય છે. ॥૭૦॥

श्रद्धावाननसूयश्च श्रृणुयादपि यो नर: ।
सोऽपि मुक्त: शुभांल्लोकान् प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥७१॥

-: શ્લોકાર્થ :-

આ જ્ઞાન-શાસ્ત્રમાં જે શ્રદ્ધાવાન્ થઈને સાંભળે, અને વળી જે આમાં અભ્યસૂયા ન કરે, તો તે પુરુષ પણ પુણ્ય કર્મ કરનારા પવિત્ર ભક્ત પુરુષોના લોકને પામે છે. ॥૭૧॥

-: ભાષ્યાર્થ :-

આ જ્ઞાન-શાસ્ત્રના શ્રવણમાં પણ ફળ રહેલું છે તેને કહે છે.

જે માણસ શ્રદ્ધાવાળો એટલે કે- ભગવાન શ્રીકૃષ્ણે જે કહ્યું છે તે સત્ય જ છે. અને તે જ કર્તવ્ય છે. એમ વિશ્વાસપૂર્વક ત્વરાવાળો થઈને આ શાસ્ત્ર સાંભળે, અને જે પુરુષ અસૂયાએ રહિત એટલે કે આ મહાગુણવાળા જ્ઞાનશાસ્ત્રમાં

દોષારોપણ નહિ કરતો એવો થકો આ શાસ્ત્રને સાંભળે, તો તે પુરુષ પણ મારી ઉપાસનામાં વિરોધી એવા દોષમાત્રથી રહિત થઈને, પુણ્ય કર્મ કરનારા મારા ઉપાસક જનોએ પામવા યોગ્ય અતિ વખાણવા યોગ્ય શ્રેષ્ઠ લોકોને-નિવાસસ્થાનોને પામે છે. ॥૭૧॥

कच्चिदेतच्छ्रुतं पार्थ ! त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसम्मोहः प्रणष्टस्ते धनञ्जय ! ॥७२॥

**-: શ્લોકાર્થ :-**

હે પાર્થ ! આ મેં કહ્યું તે તેં એકાગ્ર-સાવધાન ચિત્તથી સાંભળ્યું ? અને હે ધનંજય ! તારો અજ્ઞાનથી થયેલો મોહ સર્વથા નષ્ટ થયો ? ॥૭૨॥

**-: ભાષ્યાર્થ :-**

આ મેં કહેલા શાસ્ત્રથી અર્જુનને બોધ થયો કે નહિ વારૂ ? એમ વિચારતાં ભગવાન પૂછે છે.

હે પૃથાપુત્ર અર્જુન ! તે એકાગ્ર-વ્યગ્રતાએ રહિત નિશ્ચળ ચિત્તથી આ મેં કહેલું એકાંતિક ધર્મનું અવબોધન કરનારું શાસ્ત્ર. સાંભળ્યુ વારૂ ? અને હે ધનંજય! ધર્મ-અધર્મના અવિવેકરૂપ અજ્ઞાનથી થયેલો સંમોહ - “હું યુદ્ધ નહિ કરું” એવું મૂઢપણું, તે નાશ પામ્યું ? કે નહિ વારૂ ? ॥૭૨॥

अर्जुन उवाच

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ! ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥७३॥

**-: શ્લોકાર્થ :-**

અર્જુન કહે છે હે અચ્યુત ! તમારી પ્રસન્નતાથી મારો મોહ નષ્ટ થઈ ગયો છે. અને હું પૂરેપૂરી સ્મૃતિમાં-સાવધાનીમાં આવ્યો છું. હું સંદેહ વિનાનો થઈને ઉભો છું. અને તમારું વચન પાળીશ. ॥૭૩॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ભગવાને પૂછેલો અર્જુન કહે છે.

અર્જુન કહે છે - સ્વરૂપથી અને સ્વભાવથી પણ અખંડ-સ્વરૂપ એવા હે અચ્યુત પ્રભો ! સઘળા તત્ત્વાર્થને યથાર્થ જાણનારા એવા આપ-ભગવાનના પ્રસાદથી

- આ શાસ્ત્રનો બોધ કરવારૂપ અનુગ્રહ થવાથી, મારો વિપરીત જ્ઞાનરૂપ મોહ સર્વથા નાશ પામ્યો છે. એટલે કે દેહને વિષે આત્માભિમાનરૂપ વિપરીતજ્ઞાન, સકળ ધર્મના સ્થાપન માટે આવિર્ભાવ પામેલા અને ધર્મ તો જેને અત્યંત વ્હાલો છે. એવા તમારી પરમ ધર્મરૂપ આજ્ઞાને વિષે અધર્મની બુદ્ધિરૂપ વિપરીત જ્ઞાન, તેમજ-ચેતન-અચેતન સમુદાયના આત્માપણે રહીને તેના પ્રવર્તાવનારા એવા તમારે આધીનપણે રહેલાં હોવા છતાં સ્વતંત્ર કર્યવ્યતાની બુદ્ધિરૂપ વિપરીત જ્ઞાન, એ સઘળુંય નાશ પામી ગયું છે. અને ક્ષીણ થઈ ગયો છે મોહ જેનો એવા મેં યથાર્થ જ્ઞાનરૂપ સ્મૃતિ પામી છે.એટલે કે - આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન, આપની આજ્ઞા એ જ પરમ ધર્મ રૂપ છે, એવું યથાર્થ જ્ઞાન સર્વાત્મા સર્વનિયંતા-ક્ષર-અક્ષર થકી અતિ ઉત્કૃષ્ટસ્વરૂપ, દિવ્ય દેહ ધારી રહેલા અને બ્રહ્મ ભાવને પામેલા મુક્તાત્મા ભક્તજનોએ સહિત અક્ષર ધામમાં જે સદાય અખંડ વિરાજમાન છે. એ જ આપ પોતે છો એવું યથાર્થ જ્ઞાન, તેમજ - કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ એમના સ્વરૂપનું યથાર્થ-જ્ઞાન, એ સઘળું પ્રાપ્ત થયું છે. માટે હવે સર્વથા નષ્ટ થઈ ગયા છે સંશય જેના એવો થકો હું યુદ્ધ કરવા તૈયાર ઉભો છું. પરમ ધર્મરૂપ આપનું વચન હું કરીશ-પાળીશ. ॥૭૩॥

सञ्जय उवाच

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिमश्रौषमद्भुतं रोमहर्षणम् ।।७४।।

**-: શ્લોકાર્થ :-**

સંજય કહે છે-આ પ્રમાણે મહાત્મા વાસુદેવ અને પાર્થ એ બન્નેનો રોમાંચ કરે એવો આ અદ્ભુત સંવાદ મેં સાંભળ્યો. ॥૭૪॥

**-: ભાષ્યાર્થ :-**

આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપ આ શાસ્ત્રને કહીને ફરીથી ધૃતરાષ્ટ્રના પ્રત્યે સંજય કહેવા લાગ્યો - સંજય કહે છે.

વસુદેવના પુત્ર મહાત્મા વાસુદેવ અને પૃથાના પુત્ર મહાત્મા અર્જુન આ બેનો સાંભળતાં અતિ આશ્ચર્ય ઉપજાવે એવો અને શરીરનાં રોમ ઉભાં કરે એવો આ તમોને મેં કહ્યું એ શાસ્ત્રનો સંવાદરૂપ વૃત્તાંત આ પ્રમાણે મેં સાંભળ્યો છે. ॥૭૪॥

व्यासप्रसादाच्छुतवानेतद्गुह्यमहं परम् ।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥७५॥

-: શ્લોકાર્થ :-

સકળ યોગના સ્વામી સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન પોતે જ અર્જુનને કહેતા હતા તેમના થકી આ પરમ રહસ્યરૂપ સંવાદ મેં વ્યાસમુનિની પ્રસન્નતાથી સાંભળ્યો. ॥૭૫॥

-: ભાષ્યાર્થ :-

નનુ-શંકા, અતિ દૂર રહેલા તેં કેવી રીતે સાંભળ્યો ? એમ જો તમને શંકા થતી હોય તો કહું છું.

વ્યાસ-દ્વૈપાયનમુનિના, દિવ્ય ચક્ષુ અને દિવ્ય શ્રોત્રાદિક સાધનો આપવારૂપ અનુગ્રહથી - અનુગ્રહ પામીને, પરમ-અતિ ઉત્કૃષ્ટ, પરમ ગોપનીય-રહસ્યરૂપ, એવા કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગરૂપ યોગ, સકળ યોગૈશ્વર્યના સ્વામી યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવ જે સાક્ષાત્ પોતે જ કહેતા હતા તેમના થકી પ્રત્યક્ષપણે તે યોગ મેં સાંભળ્યો હતો. ॥૭૫॥

राजन् ! संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि मुहुर्मुहुः ॥७६॥

-: શ્લોકાર્થ :-

હે રાજન્ ! કેશવ ભગવાન અને અર્જુનના આ અતિ પવિત્ર અદ્‌ભુત સંવાદને સંભારી સંભારીને હું વારંવાર અતિ હર્ષ પામું છું. ॥૭૬॥

-: ભાષ્યાર્થ :-

ભગવાને કહેલા આ યોગને સાંભળીને પોતાનામાં ઉભરાઈ આવેલા આનંદભરને જણાવતાં કહે છે.

હે રાજન્ ! બ્રહ્માદિક સર્વ દેવોના પણ દેવ એવા સર્વનિયંતા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનો પરમ પવિત્ર અદ્‌ભુત-અતિ સમનીય મનોહર એવા આ વ્યાસમુનિએ આપેલા દિવ્ય શ્રવણથી મેં સાંભળેલો સંવાદ તેને વારંવાર અતિ આદરપૂર્વક સંભારી સંભારીને હું વારંવાર અતિશય હર્ષ પામું છું. ॥૭૬॥

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान्राजन् हृष्यामि च पुनः पुनः ॥७७॥

-: શ્લોકાર્થ :-

હે રાજન્ ! શ્રીહરિકૃષ્ણનું તે અતિ અદ્ભુત રૂપ સંભારી સંભારીને મને બહુ જ મોટો વિસ્મય થાય છે. અને હું વારંવાર અતિ હર્ષ પામું છું. ॥૭૭॥

-: ભાષ્યાર્થ :-

ભગવાને આશ્ચર્યકારી જે વિશ્વરૂપ અર્જુનને બતાવ્યું હતું તે રૂપનું અનુસંધાન સ્મરણ કરીને કહે છે.

અતિ આશ્ચર્ય ઉપજાવે એવું અર્જુનને બતાવેલું ભગવાનનું જે રૂપ તે મેં પ્રત્યક્ષ અનુભવેલું રૂપ અત્યંતપણે વારંવાર સંભારી સંભારીને અતિ પ્રસન્ન થયેલા મને મહાન્ વિસ્મય-અતિ આશ્ચર્ય થાય છે. અને હે રાજન્ ! હું તો એને સંભારી સંભારીને વારંવાર આનંદ પામું છું - હર્ષઘેલો થાઉં છું. ॥૭૭॥

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥७८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे सन्न्यासयोगो नामाष्टादशोऽध्यायः ॥१८॥

-: શ્લોકાર્થ :-

હે રાજન્ ! જ્યાં-જે પક્ષમાં સાક્ષાત્ યોગેશ્વર કૃષ્ણ છે. અને ધનુર્ધારી પૃથાપુત્ર અર્જુન છે. ત્યાં જ શ્રી-લક્ષ્મી, વિજય અને ભૂતિ-ઐશ્વર્ય છે. અને અચળ નીતિ પણ ત્યાં જ છે. એમ મારી મતિ-નિશ્ચય છે. ॥૭૮॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સંન્યાસયોગો નામાષ્ટાદશોઽધ્યાયઃ ॥૧૮॥

-: ભાષ્યાર્થ :-

હવે - આમ હોવા છતાં પોતાના પુત્રો એવા દુર્યોધનાદિકના શોભા, વિજય, ભૂતિ અને નીતિમાનપણામાં ધૃતરાષ્ટ્રની બુદ્ધિમાં રહેલા સંદેહને ટાળતાં છેવટ સંજય કહી દે છે.

હે રાજન્ ! જે પક્ષમાં શ્રી-લક્ષ્મી, વિજય, ભૂતિ-ઐશ્વર્ય અને નીતિ, આ સર્વને પામવાના ઉપાયરૂપ સકળ યોગના સ્વામી-સ્થિતિ અને પ્રવૃત્તિના કારણભૂત યોગેશ્વર ભગવાન ધર્મમૂર્તિ વસુદેવના નંદન શ્રીકૃષ્ણ રહેલા છે. અને વળી જે સૈન્યમાં ગાંડીવ ધનુષને ધરનારો કુંતીપુત્ર અર્જુન રહેલો છે. તે પક્ષમાં જ વિજય-શત્રુપરાજય અથવા પોતાનો સમુત્કર્ષ, નિશ્ચયપણે અવશ્ય પ્રાપ્ત થનારી શ્રી વિજય શોભા અથવા રાજ્યલક્ષ્મી તથા અવિચળ ભૂતિ-સમૃદ્ધિ તથા અવિચળ સત્ય અને ન્યાય આ સઘળું રહેલું છે. એમ મારો દૃઢ નિશ્ચય છે.

માટે સ્વપુત્રોના વિજયની મિથ્યા, આશા છોડી દઈને ભગવાનના અનુગ્રહપાત્ર અને રાજ્યલક્ષ્મી અને વિજય આદિક સદ્‌ગુણોને સેવનારા પાંડવો સાથે સંધિ જ કરો !

એમ સંજય પોતાનો આશય-અભિપ્રાય જાહેર કરે છે. ॥૭૮॥

આ છેલ્લા છ અધ્યાયમાં - ક્ષેત્રજ્ઞ-જીવાત્મા આદિકના સ્વરૂપનો નિર્ણય, સત્ત્વાદિક ગુણોનો વિભાગ, પરાત્પર પુરુષોત્તમનો મહિમા જાણવા માટે ક્ષર-અક્ષરના સ્વરૂપનો નિર્ણય, દૈવી અને આસુરી સંપદ્‌વાળા પુરુષોના સ્વરૂપ અને સ્વભાવનો નિર્ણય, સાત્ત્વિક આહારાદિકનું સ્વરૂપ, ઓંકારાદિક શબ્દની પ્રવૃત્તિનો નિર્ણય અને ત્યાગ-સન્યાસની એકાર્થતાનો નિશ્ચય, એ વિગેરે ઘણા અર્થોનો સમુદાય વર્ણન કરી બતાવ્યો છે.

હવે - આ આખા ગીતાશાસ્ત્ર થકી સારનો સમુદ્ધાર કરીને કહે છે.

આ અઢાર અધ્યાયના વિભાગવાળા ગીતાશાસ્ત્રમાં - બંધુઓ ઉપરનો સ્નેહ અને તેથી જ થઈ આવેલા કારુણ્યને લીધે મોહ પામેલા અર્જુનને બોધ કરવા માટે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ તે નિરૂપણ કર્યો છે. અને તે ત્રણેયની સિદ્ધિને માટે પ્રથમ જીવાત્મસ્વરૂપનું નિરૂપણ કરેલું છે. પછી પ્રકૃતિના સ્વરૂપનું નિરૂપણ, અક્ષર ધામના સ્વરૂપનું નિરૂપણ, તથા ભગવાનના સ્વરૂપનું પણ નિરૂપણ કરેલું છે.

હવે તેમાં - ''હે કૌન્તેય ! કલ્પને અંતે સર્વ ભૂત-પ્રાણીમાત્ર મારી પ્રકૃતિમાં લય પામી જાય છે. અને પાછો કલ્પના આદિ ભાગમાં તેમને હું જ સર્જું છું. - વિસ્તારું છું'' આ વિગેરે વચનોથી નિત્ય, નૈમિત્તિક અને પ્રાકૃત પ્રલયોમાં, પ્રાકૃત-માયાજન્ય ભોગોમાં આસક્ત એવા ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કરણ, ક્લેવર, ભોગ અને ભોગનાં સ્થાન એ સર્વનું નાશવંતપણું કહેલું છે.

"આ જીવાત્મા ક્યારેય ઉત્પન્ન થતો નથી, તેમ ક્યારેય મરતો પણ નથી, વળી-આ જીવાત્મા ભૂતકાળમાં ઉત્પન્ન  થઈને-હોઈને ભવિષ્યમાં નહિ હોય એમ પણ નથી. એ અજ-અજન્મા જન્માદિક વિકારે રહિત અને તેથી જ નિત્ય-સનાતન અવિનાશી છે." "શરીરને ધારણ કરનાર અવિનાશી નિત્યસિદ્ધ જીવાત્માના આ જોવામાં આવતા દેહો અન્તવાળા-નાશવંત છે." ઈત્યાદિક વાક્યોથી જીવાત્માઓના સ્વરૂપનું અજત્વ, નિત્યત્વ અને અવિનાશીપણું વિગેરે પ્રતિપાદન કરેલું છે.

"ૐ એવા એક અક્ષરરૂપ બ્રહ્મને" ઈત્યાદિક વચનોથી કૈવલ્યર્થીઓને અક્ષરના તેજમાં નિરવયવ-નિરાકારપણે લીન થવાપણું કહેલું છે.

"આ મેં કહેલા જ્ઞાનને આશરીને મારા સાધર્મ્યને પામેલા મુક્ત પુરુષો સર્ગ વખતે ઉત્પન્નેય થતા નથી અને પ્રલય વખતે કોઈ વ્યથાનેય પામતા નથી." "ઘણાય આત્માઓ જ્ઞાનરૂપ તપ-ઉપાસનાથી પવિત્ર થઈને મારા ભાવને-સ્વરૂપને પામી ગયા છે." "મારા ભક્તો મને જ પામે છે." "અમૂઢ-જ્ઞાની ભક્તો તે અવિનાશી સનાતન પદને પામે છે." "જે સ્થાનને પામીને ત્યાંથી આ તરફ પાછા ફરતા નથી, તે મારું પરમ-સર્વોપરિ ધામ છે." ઈત્યાદિક વચનોથી જ્ઞાની ભક્ત-ઉપાસક ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કરણ, કલેવર, સ્થાન અને ભોગ, એ આદિકનું અવિનાશીપણું અને અક્ષર ધામમાં ભગવાન પુરુષોત્તમની સાથે નિવાસ પામવાપણું એ વિગેરે કહેલું છે.

"પ્રકૃતિ-માયા અને પુરુષ-જીવાત્મા એ બન્નેયને અનાદિ જાણ !" "પુરુષ-જીવાત્મા પ્રકૃતિમાં રહીને-બંધાઈને પ્રકૃતિના ગુણોને-વિષયોને ભોગવે છે. માટે આ જીવાત્માને સારી-નરસી યોનિઓમાં જન્મ પામવામાં કારણભૂત સત્ત્વાદિક ગુણનો સંબંધ જ છે." "જેઓનું તે અજ્ઞાન તો આત્મા-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનથી નાશ પમાડ્યું છે." "જે મને જ શરણ પામે છે. તે પુરુષો જ એ મારી દુરત્યય માયાને તરી જાય છે." "અને વળી મને જે વ્યભિચાર વિનાના -અવિચળ ભક્તિયોગથી સેવે છે - ભજે છે. તે પુરુષ એ માયાના ગુણોને ઉલ્લંઘીને" "ઈત્યાદિક વચનોથી જીવસમૂહને અનાદિ અવિદ્યારૂપ અજ્ઞાનથી અનાદિ બદ્ધપણું છે. કર્મને આધીનપણું છે. અને પરમાત્માને પરતંત્ર-આધીન રહેવાપણું છે. એમ કહ્યું છે. અને પ્રકૃતિનું - માયાનું પણ અનાદિપણું અને સાન્તપણું કહ્યું છે.

ભગવાન શ્રીહરિનો અખંડ નિવાસ થવાથી સકળ શોભાએ સંપન્ન એવા વૃત્તાલય પુરમાં નિવાસ કરીને રહેલા મેં ગોપાલાનન્દમુનિએ મારા ઈષ્ટદેવ શ્રીનારાયણમુનિ ભગવાનની પ્રસન્નતા માટે આ ગીતાભાષ્ય રચ્યું છે. આ ભાષ્ય વેદાંતના સંપૂર્ણ સિદ્ધાંતને પ્રકાશ કરનારું છે. અને આ ભૂમંડળમાં પૂર્વે કેટલાક પૂર્ણ જ્ઞાન નહિ એવા સંપ્રદાયપ્રવર્તક મતવાદીઓએ પ્રવર્તાવેલા જુદા જુદા અદ્વૈત વિગેરે મત-મતાંતરરૂપ અંધકારના સમૂહમાં સૂર્યની માફક પ્રકાશમાન સર્વશ્રેષ્ઠ વર્તે છે. માટે તે ભાષ્યથી શ્રીમદુદ્ધવ-સંપ્રદાયમાં અત્યંત પ્રીતિવાળા શ્રીહરિના અનુયાયીઓ સઘળા સંતો અને ભક્તજનો મારા ઉપર સદાય પ્રસન્ન થાઓ !

મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ અને શ્રીકૃષ્ણ એ બન્નેના અભિપ્રાયને પ્રકાશ કરનારું અને અજ્ઞાનરૂપ અંધકારને હરનારું એવું આ ભાષ્ય મેં ગોપાળાનંદમુનિએ વડતાલમાં રહીને રચ્યું છે. ॥૭૮॥

*ઈતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્ગુરુવર્ય શ્રીગોપાળાનંદમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે અષ્ટાદશોઽધ્યાયઃ ॥૧૮॥*

## टीकाग्रन्थः समाप्तः



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
આયોજીત

200

શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ
संवत १८८१ से २०८१

# દ્વિશતાબ્દી મહોત્સવ

7 to 15
Nov. 2024

શ્રી સ્વામિનારાયણ મંદિર
વડતાલ ધામ
॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

-: પ્રકાશક :-


વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારીશ્રી શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D.Litt.)

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

પીન. - ૩૮૭૩૭૫.



**E-mail :** vadtaldhamvikas@gmail.com ❇ **Website :** www.vadtalmandir.org